રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૨–૧૩ થી **મુખ્યમંત્રી અમૃતમ યોજના** અમલમાં મુકી છે. રાજ્યના ગરીબી રેખા નીચે જીવતા લોકો પણ હૃદય રોગ, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગોની સારવાર ખાનગી હૉસ્પીટલોમાં મેળવી શકે તે માટે કુટુંબ દિઠ વાર્ષિક ` **૨,૦૦,૦૦૦** (અંકે રૂપિયા બે લાખ) સુધીની સહાય યોજના અમલમાં મૂકી છે.

- **મિશન બલમ્ સુખમ્**

રાજ્ય સરકારે બાળ અને માતાના કુપોષણની સમસ્યાને નાથવા **મિશન બલમ્ સુખમ્** ની સ્થાપના કરેલ છે. આ યોજના માં **કુપોષણ અટકાવવા** અને **નિવારણ** એમ બંને પાસાઓને કેન્દ્ર માં રાખી દ્વીપાંખીયો વ્યુહ અપનાવવામાં આવ્યો છે.

- **૧૦૮ એમ્બ્યુલન્સ સેવા**

૧૦૮ એમ્બ્યુલન્સોની સંખ્યા વધારીને **૫૦૬** કરવામાં આવી છે.આ એમ્બ્યુલન્સ સેવાના ઉપયોગથી વર્ષ ૨૦૧૨માં **૧ લાખ ૮૯ હજાર** પ્રસૂતા સ્ત્રીઓને હૉસ્પીટલ પહોંચાડી સુરક્ષિત પ્રસૂતિ થઈ શકી છે જયારે **૨ લાખ ૨૯ હજાર** ઈમર્જન્સી કેસોમાં દર્દીઓને સમયસર સારવાર મળવાથી તેઓના જીવ બચાવી શકાયા છે.

- **ચિરંજીવી યોજના**

ચિરંજીવી યોજના શરુ થયાથી સંસ્થાકીય પ્રસુતિનું પ્રમાણ વધીને હવે **૯૫** ટકા જેટલું ઉંચુ લઇ જઇ શકાયું છે.રાજયમાં વર્ષ ૨૦૦૧માં બાળ મૃત્યુદર પ્રતિ હજાર જીવિત

જન્મે **૬૦** હતો, જે ઘટીને **૪૧** થયો છે. માતા મૃત્યુદર પ્રતિ એક લાખ જીવિત જન્મે વર્ષ ૨૦૦૧માં **૧૭૨** હતો, તે છેલ્લા સર્વે મુજબ **૧૪૮** છે.

➢ **બાળ સખા યોજના**

આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળના તેમજ આદિવાસી કુટુંબના તમામ ૧ માસ સુધીના **૨.૭ લાખ**થી વધુ નવજાત શિશુઓને બાળરોગ નિષ્ણાતોની સારવાર આપવામાં આવી.

➢ **ખિલખિલાટ**

શિયાળાની ઠંડીમાં, ઉનાળાની ગરમીમાં કે ચોમાસાના વરસાદમાં માતા તથા બાળકને સુરક્ષિત ઘેર પહોંચવાની વ્યવસ્થા એટલે ખિલખિલાટ યોજના.આવો એકદમ નવતર પ્રયોગ કરવાનું મારી સરકાર જ વિચારી શકે. વાહનની અંદર સલામત બાળ ઉછેર અને રસીકરણનાં સંદેશા વિડીયોના માધ્યમ દ્વારા માતા અને તેની સાથે જતાં તેના કુટુંબીજનોને આપવામાં આવે છે.

➢ **બેટી બચાવો અભિયાન**

૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ૦–૬ વય જુથમાં પ્રતિ હજાર છોકરાઓએ **૮૮૩** છોકરીઓ હતી. તે ૨૦૧૧ની વસતિ ગણતરીમાં આ સંખ્યા **૮૮૬** થઇ છે. જાતિય પ્રમાણના આ હકારાત્મક પરિણામો રાજ્યને તેના પ્રયત્નો વધુ સઘન બનાવવામાં પ્રેરક બન્યા છે.

➢ **શાળા આરોગ્ય કાર્યક્રમ**

દર વર્ષે રાજયના અંદાજે **૧.૫** કરોડ બાળકોને શાળા આરોગ્ય તપાસ હેઠળ આવરી લેવામાં આવે છે, જેમાં ગંભીર રોગોથી પીડાતા કિડનીની બિમારી જણાઈ હોય તેવા **૧,૩૬૭** બાળકોના તથા હૃદયરોગ જણાયો હોય તેવા **૪,૨૪૪** બાળકોના ઑપરેશનો કરવામાં આવ્યાં છે.મને જણાવતાં આનંદ થાય છે કે આ કાર્યક્રમમાં રાજ્યનો કોઈ ભેદભાવ રાખવમાં આવતો નથી. આ કાર્યક્રમને માન. વડાપ્રધાનશ્રીના પુરસ્કાર માટે નોમીનેટ કરવામાં આવ્યો છે.

➢ **સીકલસેલ એનીમીયા**

આદિજાતી જીલ્લાઓમાં સીકલસેલ એનીમીયા નિયંત્રિત કરવા માટે કુલ **૨૪.૫૮ લાખ** વ્યક્તિઓનું સ્કીનીંગ કરવામાં આવ્યું છે.

➢ **તબીબી શિક્ષણ**

રાજયમાં તબીબી અને પેરામેડીકલ સ્ટાફની ઉણપને પહોંચી વળવા ગુજરાત મેડીકલ એજયુકેશન અને રીસર્ચ સોસાયટી હેઠળ સોલા (અમદાવાદ), પાટણ, ગોત્રી (વડોદરા),ગાંધીનગર અને વલસાડ ખાતે **૩૦૦** પથારીની ક્ષમતાવાળી હોસ્પિટલો અને મેડીકલ કોલેજો શરૂ થઇ ગઇ છે. સિવિલ હોસ્પિટલ, અમદાવાદને માસ્ટર પ્લાન પ્રમાણે એશિયાની ઉત્તમ હોસ્પિટલ બનાવવા તબકકાવાર કામગીરી શરૂ થઇ છે. નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સ્ટેમ સેલ સારવાર કેન્દ્ર કાર્યાન્વિત કરવામાં આવી રહ્યું છે.

➢ **ખોરાક અને ઔષધ નિયમન તંત્ર**

ભેળસેળ કે અપ્રમાણસર નમૂનાઓનો વપરાશ જાહેર પ્રજામાં અટકે તે માટે તાત્કાલીક અસરથી તમામ કેમિસ્ટોને એસ.એમ.એસ. ના માધ્યમથી જાણ કરાય છે.

પ્રજાના આરોગ્યની સુખાકારી માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે. ખાસ કરીને રાજ્યનું યુવાધન,કે જેઓ પર ભવિષ્યનો મદાર છે, તેઓ વ્યસનોના આડા માર્ગે જઈ

તેઓનું,તેઓના કુટુંબનું, સમાજનું તથા રાષ્ટ્રનું ભાવિ બરબાદ ન કરે તે માટે સમગ્ર રાજ્યમાં ગુટકા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ કરવાથી રાજ્યમાં કેન્સર જેવી બિમારીઓ અટકાવી શકાશે.

## ➢ ભારતીય તબીબી અને હોમીયોપેથી

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના આદિજાતિ વિસ્તાર દાહોદ અને વાંસદા ખાતે બે નવી સરકારી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પીટલ તથા રાજપીપળા ખાતે નવી સરકારી હોમીયોપેથી કોલેજ તથા હોસ્પીટલ શરૂ કરાશે. ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે ` **૧૫૦ કરોડ**ના ખર્ચે મૉડેલ આયુર્વેદ કોલેજ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે ` **૭૫ કરોડ**ના ખર્ચે **૧૦૦** બેઠકો માટે નવી સરકારી હોમીયોપેથી મેડીકલ કોલેજ તથા **૫૦** પથારી– સ્પેશયલ રૂમની સુવિધા સાથેની હોસ્પીટલ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**જળસંપત્તિ**

ગુજરાત અછત અને અર્ધ અછતવાળું રાજ્ય રહ્યું છે. બારમાસી નદીઓનો અભાવ અને અપૂરતા વરસાદનો ભોગ બનતું હોવા છતાં ઉત્તમ જળ વ્યવસ્થાપન, જળસંચય અને ઉપલબ્ધ જળસ્ત્રોતોના કાર્યક્ષમ ઉપયોગથી નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મેળવી શકાયાં છે. જળસંચય ક્ષેત્રે રાજ્યે કરેલી કામગીરીને સમગ્ર દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. જળસંચયના કામો અંતર્ગત એક વર્ષમાં **૩૨,૦૦૦** હેક્ટર વિસ્તારને સિંચાઇ હેઠળ લાવવા માટે **૪,૧૫૭** ચેકડેમોનું બાંધકામ હાથ ધરીને **૧,૬૩૧** ચેકડેમો પૂર્ણ થયા છે. લક્ષિત તમામ **૧૫૭૫** તળાવો ઉંડા કરવામાં આવ્યા. આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે સિંચાઇ સુવિધા વધારવા માટે હયાત જળાશયો આધારિત પાનમ હાઇલેવલ કેનાલ, ઉકાઇ–પૂર્ણા હાઇલેવલ કેનાલ, જળસંચયના કામો, લીફ્ટ ઈરીગેશન યોજના તથા હયાત યોજનાઓની નહેર સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે.

### સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના (સૌની યોજના)

પાણીની કાયમી અછત અને અર્ધઅછતનો ભોગ બનતા સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદા નદીના વધારાના પૂરના એક મીલીયન એકર ફુટ પાણી **૧,૧૧૫** કિલોમીટર લંબાઇની ચાર લીન્ક કેનાલ બાંધીને સૌરાષ્ટ્રના **૧૧૫** ડેમો ભરવામાં આવશે અને તેના થકી **૧૦,૨૨,૦૦૦** એકર જમીનની સિંચાઇ માટે પાણી પૂરૂં પાડવા માટે ` **૧૦,૦૦૦ કરોડ**ના અંદાજીત ખર્ચવાળી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના(સૌની યોજના) હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**સરદાર સરોવર**

યોજનામાં સરદાર સરોવર ડેમ ઉપર દરવાજા ઈન્સ્ટૉલ કરવા નર્મદા કંટ્રોલ સબગૃપની મંજૂરી માટે અસરકારક રજૂઆત કરવામાં આવી છે. સરદાર સરોવર યોજનાના બંને પાવરહાઉસ કાર્યરત થતાં **૧,૪૫૦** મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે. આ પાવર હાઉસમાંથી ડીસેમ્બર–૨૦૧૨ સુધીમાં કુલ **૨,૬૨૦ કરોડ** વીજ યુનિટનું ઉત્પાદન થયું છે. હાલ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, તથા કચ્છ વિસ્તારમાં ` **૭,૭૦૦ કરોડ**ના **૧૮૬** કામો પ્રગતિમાં છે, જે કામો પૂર્ણ થતાં **૧૦ લાખ** હેક્ટર વિસ્તારમાં વધારાની સિંચાઇ ક્ષમતા ઉપલબ્ધ થશે. યોજનાનો ઝડપથી અમલ થઇ શકે તે માટે સંપાદિત થનાર જમીન માલિક / ખેડુતોને યોગ્ય વળતર મળી રહે તે માટે રાજ્ય સરકારે ઉદાર વલણ અપનાવી જંત્રી આધારિત કિંમતે સંમતિ એવોર્ડથી વળતર આપવાનું નક્કી કર્યું છે. અત્યાર સુધીમાં

**૮૩,૦૦૦** થી વધુ ખેડુતોએ **૧૬,૦૦૦** હેક્ટર જેટલી જમીન સંપાદન માટે સંમતિ આપી છે અને ` **૭૬૦ કરોડ**ની રકમ ખેડૂતોને ચુકવી છે, જુન ૨૦૧૩ સુધીમાં મોટા ભાગની કેનાલોનું કામ પૂર્ણ થશે.

**પાણી પુરવઠો** રાજ્યના વિકાસ માટેનું મહત્વનું ચાલકબળ એવા **પીવાના પાણીની** મુશ્કેલીઓ કાયમી ધોરણે દૂર કરવા રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ હાથ ધરીને ગુજરાતની જનતાને પીવાના પાણીની સમસ્યાઓમાંથી મહદ્અંશે મુક્તિ અપાવી છે.

- લાંબાગાળાના સફળ આયોજન તરીકે **રાજ્ય વ્યાપી વોટર ગ્રીડ** નું અમલીકરણ કર્યું હતું જેના થકી પાણી પુરવઠા યોજનાઓને ભૂગર્ભ જળ ઉપર અવલંબન ન રાખતા, તેને સરફેસ સોર્સ આધારીત યોજનામાં તબદીલ કરવાની અનેરી સિધ્ધિ મેળવી છે.
- સરદાર સરોવર કેનાલ અને પાણીના અન્ય પ્રાપ્તિ સ્થાનો આધારીત પાણી પુરવઠા યોજનાઓ હેઠળ કુલ **૨,૫૦૦** કી.મી મુખ્ય પાઈપલાઈન તથા **૧,૨૧,૦૦૦** કી.મી. ડિસ્ટ્રીબ્યુશન પાઈપલાઈનનું વિશાળ નેટવર્ક પૂર્ણ કરી દીધું છે. **દેશમાં સર્વપ્રથમ** એવા રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજયના **૧૧,૨૩૫** ગામો અને **૧૩૧** શહેરોની **૩.૮૫ કરોડ** (રાજયની આશરે **૭૬ ટકા**) વસ્તીને પીવાના પાણીનો લાભ મળતો થયો છે. રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં **૬૬ લાખ** કુટુંબ સામે **૫૦ લાખ** કુટુંબોને **(૭૫.૬૯ ટકા)** ઘરમાં નળ કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે .
- આદિવાસી વિસ્તારોમાં **૧૫ લાખ** કુટુંબ સામે **૬.૮૦ લાખ** કુટુંબોને **(૪૪.૫૨ ટકા)** ઘરોને નળ કનેકશન દ્વારા પીવાના પાણીની સુવિધા આપવામાં આવી.
- પંચાયતી રાજ સંસ્થાઓને પીવાના પાણીના વ્યવસ્થાપનમાં સક્ષમ બનાવવા ગામની આંતરિક પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ, સંચાલન અને નિભાવણીની કામગીરી લોકભાગીદારી દ્વારા કરવામાં આવી રહી છે. વાસ્મો યોજનાની આ સફળતાની નોંધ સમગ્ર રાષ્ટ્રની સાથે સાથે વિશ્વમાં લેવાઈ રહી છે.
- શુધ્ધ અને પુરતા પાણીની સુનિશ્ચિતતા દ્વારા મહિલાઓ અને બાળકોને પાણી ભરવાની હાડમારીમાંથી મહદઅંશે મુક્તિ મળી છે તેનાથી માનવ વિકાસ સુચકાંકમાં રાજયે હરણફાળ ભરી છે.

**કલ્પસર યોજના** મીઠા પાણીનું સરોવર એવી કલ્પસર યોજનામાં **૩૦** કિ.મી. લંબાઈનો બંધ બનાવી નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી અને સૌરાષ્ટ્રની નદીઓના **૧૦,૦૦૦** મીલીયન ઘનમીટર આવરાનો સંગ્રહ કરવાનું આયોજન છે. યોજના માટેના શકયતાદર્શી અહેવાલ અંગે મોટા ભાગના અભ્યાસો પૂર્ણ થવામાં છે, જે વર્ષ ૨૦૧૩-૧૪ માં પૂર્ણ કરી યોજનાનું કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**ભાડભૂત બૅરેજ** ભરૂચ જિલ્લાના ભાડભૂત ખાતે લોકભાગીદારી ધોરણે બૅરેજ બનાવાશે અને ડાયવર્ઝન કેનાલ દ્વારા નર્મદા નદીના પાણીને યોજનાના જળાશયમાં વાળવાનું આયોજન છે. બૅરેજ માટેના અભ્યોસોની કામગીરી માર્ચ-૨૦૧૩ પહેલાં પૂર્ણ કરી યોજનાનું બાંધકામ વર્ષ ૨૦૧૩-૧૪ માં હાથ ધરવાનું આયોજન છે.

**કૃષિ** મારી સરકારે કૃષિમહોત્સવના માધ્યમથી ગુજરાતના કિસાનોને વૈજ્ઞાનિક ખેતી અને વધુ ઉત્પાદન માટે પ્રેરિત કર્યા છે. જુન ૨૦૧૨માં આઠમો કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. મને જણાંવતાં આનંદ થાય છે કે કપાસ,મગફળી અને દિવેલાના પાકમાં ગુજરાત રાજ્ય સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ છે. જીરાના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર વિશ્વમાં મોખરે છે. દેશના **૩.૨**

**ટકા** સરેરાશ કૃષિ વિકાસ દર સામે રાજ્યનો કૃષિ વિકાસ દર **૧૦.૮૦** ટકા રહ્યો છે.

રાજ્યમાં ઘઉંનુ ઉત્પાદન વર્ષ ૨૦૦૧–૦૨ માં **૧૦ લાખ** મેટ્રીક ટન થી ચારગણું વધીને વર્ષ ૨૦૧૧–૧૨ માં **૪૧ લાખ** મેટ્રીક ટન થયું. ઘઉં સિવાયના ધાન્ય પાકોનું ઉત્પાદન ૨૦૦૧–૦૨માં **૩૮ લાખ** મેટ્રિક ટન હતું તે વર્ષ ૨૦૧૧–૧૨માં **૪૪ લાખ** ટન થયું છે. રાજયના ખેડુતો સુધારેલ જાતોનુ બિયારણ વાપરે અને રાજ્યની ઉત્પાદક્તામાં વધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા વધારાની સહાય આપવા સીડ વીલેજ યોજના ચાલુ વર્ષથી અમલમાં મુકી છે. ચાલુ વર્ષે વિવિધ **૧૨** પાકોમાં **૧૪** નવી જાતોના બિયારણ ખેડુતોને પુરાં પડયાં છે. કૃષિ ક્ષેત્રે શ્રમયોગીઓની અછતને ધ્યાને લઇ કૃષિ યાંત્રિકીકરણ માટે પાવર ઓપરેટેડ સુધારેલા ખેત ઓજારો/ફાર્મ મશીનરી સહાયિત દરે આપવાની યોજના રાજ્ય સરકારે બનાવી છે, કૃષિ યાંત્રિકીકરણ માટે વર્ષ ૨૦૧૧–૧૨માં ` **૨૧૦ કરોડ**ની જોગવાઈ હતી, જે વધારીને વર્ષ ૨૦૧૨–૧૩માં રૂ.**૨૮૫ કરોડ** કરવામાં આવી હતી.

કૃષિ ક્ષેત્રે મહિલાઓને તાલીમ અને દેશ–વિદેશમાં ચાલતા કૃષિ કાર્યક્રમની જાણકારી અને પ્રવાસ માટે ચાલુ વર્ષે ` **૫ કરોડ**ની યોજના શરૂ કરી છે. એક વર્ષમાં ખેતીની નવી **૧૦** કોલેજો શરૂ થતાં હવે ખેતીની કુલ **૩૧** કોલેજો થઇ છે.

મારી સરકાર રાજ્યના ઔદ્યોગિક વિકાસ અર્થે ઉદ્યોગોને જમીન ઉપલભ્ધ થાય તે જોવાની સાથે સાથે રાજ્યમાં ખેતી માટે સિંચાઈની સુવિધા સાથેની પૂરતી જમીન ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરે છે.રાજ્યમાં દસ વર્ષ અગાઉ **૧૦૮ લાખ** હેક્ટર વિસ્તારમાં ખેતી થતી હતી,તેની સામે હાલમાં **૧૪૫ લાખ** હેક્ટર વિસ્તાર જમીનમાં ખેતી થાય છે.

ગુજરાતને વર્ષ ૨૦૧૧–૧૨ માં અનાજ ઉત્પાદન ક્ષેત્રે કરેલ કામગીરી અને મેળવેલ સિધ્ધીને ધ્યાને લેતાં ભારત સરકારશ્રી દ્વારા કૃષિ કર્મણ પુરસ્કાર શ્રેણીમાં '' કમાન્ડેશન એવોર્ડ'' થી નવાજીત કરવામાં આવ્યું છે. રાજયને આ અતર્ગત '' કમાન્ડેશન એવોર્ડ'' અને ` ૨૫ લાખનું ઇનામ મળ્યું છે.

**બાગાયત**

બાગાયત ક્ષેત્રે આધુનીક ટેકનોલોજીના ઉપયોગને અને માળખાકીય સુવિધાઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે જેને કારણે બાગાયત ઉત્પાદનમાં સતત વધારો થતો જાય છે. આધુનિક કોલ્ડસ્ટૉરેજ, પ્રીકૂલિંગ એકમો, ગ્રેડિંગ સોર્ટિંગ એકમો ઉપરાંત સ્વાસ્થ્યપ્રદ રાઇપનીંગ ચેમ્બરો ઉભી કરવામાં આવી છે, જેથી ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિનો લાભ મળી રહે. મારી સરકાર દ્વારા પોલીહાઉસ તથા શેડનેટહાઉસ માટે દેવીપૂજક ખેડૂતોને. કૂલ ખર્ચના **૪૦** ટકા, અનુસુચિત જાતિ અને અનુ.જનજાતિના ખેડૂતોને **૨૫** ટકા તથા અન્ય ખેડૂતોને **૧૫** ટકા સહાય આપવામાં આવે છે. ઈઝરાઇલ, નેધરલેંડ વિગેરે દેશોના ટેકનોલોજીકલ સહયોગમાં કેરી, ખારેક, શાકભાજી વિગેરે પાકોના સંશોધન તથા અભ્યાસ માટે સેંટર્સ ઓફ એક્સલંસ ઉભા કરવામાં આવી રહ્યા છે.

**પશુપાલન**

વૈજ્ઞાનિક પશુઉછેરના અભિયાનથી ગુજરાતમાં દૂધ ઉત્પાદનમાં દશ વર્ષમાં **૬૬** ટકા વધારો થયો છે. દેશની રાજધાની દિલ્હીને પણ હવે દૂધ ગુજરાત પૂરું પાડે છે. રાજયમાં પ્રતિદિન **૧,૪૧,૦૦,૦૦૦** લીટર દૂધનું ઉત્પાદન થાય છે. પશુપાલન ક્ષેત્રના વિકાસથી ગ્રામિણ જીવનમાં આર્થિક સમૃધ્ધિ આવી છે. કૃષિ મહોત્સવ–૨૦૧૨ દરમ્યાન **૪,૫૦૫** પશુ આરોગ્ય મેળાઓનું આયોજન થયું હતું, **૧૮,૦૦,૦૦૦** થી વધુ પશુઓને સારવાર આપી, જેનો **૩,૦૦,૦૦૦** જેટલા પશુપાલકોએ લાભ લીધો છે.મને જણાવતા આનંદ થાય છે કે હવે

પશુઓના પણ મોતિયાના અને દાંતના ઑપરેશનો કરવામાં આવે છે.રાજ્યમાં પશુઓમાં અગાઉ જે **૧૫૦** જેટલી બિમારીઓ પ્રવર્તતી હતી તેમાંથી **૧૧૨** જેટલા પશુ રોગો સદંતર નાબુદ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં ગૌવંશ હત્યા અટકાવવા તેને સંબંધિત કાયદાનો અમલ કડક અને અસરકારક થઇ રહ્યો છે.

**એનીમલ હોસ્ટેલ**

સમગ્ર દેશમાં પ્રથમ એવો નવીનતમ એનીમલ હોસ્ટેલનો પાયલોટ પ્રોજેક્ટ આશરે ` **૫.૩૦** કરોડના ખર્ચે લોકભાગીદારી સાથે આકોદરા, તા.હિંમતનગર જિ.સાબરકાંઠા મુકામે શરૂ કરવામાં આવ્યો. આ હોસ્ટેલમાં પશુઓની સામૂહિક સારસંભાળથી થોડા સમયમાં આ પશુઓના દૂધ ઉત્પાદનમાં **૧૫** ટકાનો વધારો જોવા મળ્યો છે. એનીમલ હોસ્ટેલ આકોદરાની સફળતાને ધ્યાને લઇ આ વર્ષમાં રાજયમાં વધુ **૫** નવી એનીમલ હોસ્ટેલ સ્થાપવા માટે ` **૨૦.૭૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી.

**મત્સ્યોદ્યોગ**

મારી સરકાર દ્વારા માછીમાર જુથ અકસ્માત વીમા યોજના તળે તમામ **૨,૧૮,૦૦૦** સક્રિય માછીમારોને આવરી લઇ `. **૧,૦૦,૦૦૦/-** ના વીમા કવચનો લાભ આપવામા આવ્યો છે. સાગર ખેડુઓ માટે ડીઝલ વેટ રાહતની યોજના મંજૂર કરવામા આવી છે. પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા પકડવામાં આવેલા માછીમારોના કુટુંબોને આર્થિક સહાય દૈનિક `. **૫૦** લેખે ચુકવવામા આવતી હતી જે વધારીને `. **૧૫૦** કરવામા આવી છે. ઉપરાંત પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા આ માછીમારોને અને તેઓની કિંમતી યાંત્રિક બોટોને સત્વરે મુક્ત કરવામાં આવે તે માટે કેન્દ્ર સરકારમાં સતત અસરકારક અને સાતત્યપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે બાયોમેટ્રીક્સ કાર્ડ બનાવવા માછીમારોના ડેટા કલેકશનમાં દેશમાં ગુજરાત રાજયએ પહેલ કરી છે.

**સહકાર**

ગ્રામીણ સહકારી ક્ષેત્રે ગુજરાતને આગવી પ્રતિષ્ઠા મળેલ છે. આર્થિક ઉત્થાન માટે લોકશાહી ઢબે ચાલતી **૬૭,૦૦૦** સહકારી મંડળીઓ રાજયમાં કાર્યરત છે. વીઝન ડોકયુમેન્ટ અંતર્ગત **ટાફકબ** ની રચના કરી કામગીરી હાથ ધરવાની બાબતમાં ગુજરાત પ્રથમ નંબરે રહયું છે તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે એમ.ઓ.યુ. સાઈન કરવામાં ગુજરાત અગ્રીમ હરોળમાં રહયું છે. રાજયની કુલ **૨૬** નબળી નાગરિક સહકારી બેંકોને અન્ય સદ્ધર નાગરિક સહકારી બેંકો સાથે જોડાણ કરવામાં આવી છે.

**શિક્ષણ**

**સાક્ષરતા**

સાક્ષરતાનું પ્રમાણ કોઈ પણ સમાજની પ્રગતિની પારાશીશી છે.રાજ્યમાં ૨૦૦૧માં સાક્ષરતાનું પ્રમાણ **૬૯.૯૭** ટકા હતું તે મારી સરકારના કન્યા કેળવણી રથયાત્રા, શાળાપ્રવેશોત્સવ વિગેરે જેવા નાવિન્યપૂર્ણ પગલાંને કારણે **૭૯.૩૧** ટકા સુધી લઈ જઈ શકાયું છે.

**પ્રાથમિક શિક્ષણ**

પ્રાથમિક શાળાઓમાં **૧૦૦** ટકા નામાંકનનું ધ્યેય સિધ્ધ કરી શકાયું છે.ધોરણ ૫ સુધીમાં ડ્રોપ આઉટ રેટ **૨.૦૭** ટકા તથા ધોરણ **૭** સુધીમાં **૭.૫૬** ટકા સુધી લઈ જઈ શકાયો છે.કન્યાઓને કેળવણી માટે ખાસ પ્રોત્સાહન માટે રચવામાં આવેલ મુખ્યમંત્રી કન્યા

કેળવણી નિધિ દ્વારા **૫૦,૦૦૦** કન્યાઓને ` **૨૦ કરોડની** સહાય કરવામાં આવી છે. કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન માટે **૧૧,૮૫,૦૦૦** કન્યાઓને ` **૧૧૮ કરોડના** વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યાં છે. ગુણોત્સવ કાર્યક્રમ એ દેશમાં પ્રાયમરી સ્કુલ એસેસમેન્ટ માટેનો સૌથી મોટો કાર્યક્રમ છે. રાષ્ટ્રીય કક્ષાએ આ કાર્યકમની બેસ્ટ પ્રેકટીસ તરીકે ગણના કરવામાં આવે છે. રાજયના દરેક તાલુકાની ૧૫ શાળામાં જ્ઞાન-પ્રજ્ઞા કાર્યક્રમ કાર્યરત છે.શાળાના મકાનને શૈક્ષણિક ઉપકરણ તરીકે રજૂ કરતો Building as Learning Aids (BALA) કાર્યક્રમ **૧૬૨૦** શાળાઓમાં અમલમાં છે.રાજયમાં અત્યાર સુધીમાં **૧,૩૭,૦૦૦** વિદ્યા સહાયકો અને **૫,૦૦૦** મુખ્ય શિક્ષકોની ભરતી કરી છે. છેલ્લા **૧૦** વર્ષમાં **૯૦,૫૦૦** વર્ગ ખંડો, **૫૯,૦૦૦** સ્વછતા સંકુલોના બાંધકામ કરવામાં આવ્યા છે તથા **૨૦,૫૦૦** શાળાઓને કોમ્પ્યુટર લેબની સુવિધા આપવામાં આવી છે.રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું છે.

**માધ્યમિક શિક્ષણ**

શિક્ષકો અદ્યતન શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ થાય તે અત્યંત જરૂરી છે.તે માટે ` **૨.૯૦ કરોડ**ના ખર્ચે કર્મયોગી યોજના હેઠળ માધ્યમિક શાળાઓના **૨૦,૦૦૦** શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે. કન્યાઓ માધ્યમિક શાળાનું શિક્ષણ લેવા પ્રોત્સાહિત થાય તે માટે **૮,૩૦૦** વિદ્યાર્થીનીઓને ` **૧૦૭** લાખના ખર્ચે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યાં છે. ચાલુ વર્ષે **૩૩૦** જેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. આદિવાસી તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની **૯૫** શાળા કાર્યરત કરી છે.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

- વધુને વધુ યુવાનોને ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે મારી સરકારે પ્રયાસો કર્યા છે.તેના પરીણામ સ્વરૂપ ઇજનેરી વિદ્યાશાખામાં ડીપ્લોમા કક્ષાએ ચાલુ શૈક્ષણિક વર્ષે **૧૦,૦૦૦** બેઠકોના વધારા સાથે કૂલ બેઠકો **૫૯,૦૦૦** થઈ છે, ડીગ્રી કક્ષાએ ચાલુ શૈક્ષણિક વર્ષે **૧૨,૦૦૦** બેઠકોના વધારા સાથે કૂલ બેઠકો **૫૬,૦૦૦** થઈ છે તથા અનુસ્નાતક કક્ષાએ **૨,૩૦૦** બેઠકોના વધારા સાથે કૂલ બેઠકો **૩,૯૦૦** થઈ છે.
- રાજ્યની સરકારી ઈજનેરી સંસ્થાઓમાં બેઠકોમાં થયેલ વધારાને લક્ષમાં લઈ રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સભર શિક્ષણ આપી શકાય તે હેતુથી ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે પસંદગી પામેલ **૧,૦૦૦** વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવામાં આવી છે.આ ઉપરાંત **૬૫૦** વ્યાખ્યાતાઓની કરાર આધારે નિમણૂંક કરવામાં આવી છે.
- રાજ્યના એન્જિનિયરિંગ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ વધુને વધુ on site અનુભવ મેળવીને કાબેલ ઈજનેરો નીવડે તે માટે મારી સરકારે પ્રયાસો કર્યા છે.આ માટે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ચાલતા બાંધકામોમાં આ વિદ્યાર્થીઓને અનુભવ મળે તે માટે ટેક્નોસેવા યોજના તથા ગ્રામ્ય કક્ષાએ હાથ ધરાયેલ બાંધકામોમાં અનુભવ મળે તે માટે વિશ્વકર્મા યોજના અમલમાં મૂકી છે.

**ઉદ્યોગો**

કોઈપણ પ્રદેશમાં થતા વૈશ્વિક મૂડીરોકાણો વૈશ્વિક મૂડીરોકાણકારો દ્વારા થતા આ પ્રદેશના સુશાસન અને રાજકીય સ્થિરતાના આકલન અને માળખાકીય સુવિધાઓનું પરિણામ હોય છે. આ આકલન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, વહીવટની ગુણવત્તા, ઔદ્યોગિક શાંતિ અને જાહેર નીતિઓની સ્થિરતા પર અવલંબે છે. ગુજરાત ઔદ્યોગિક

પરિયોજનાઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે, કારણ કે ઉપરના તમામ પરિમાણોમાં તે અજોડ રહ્યું છે.

ગુજરાત આપણા દેશના કાપડ ઉદ્યોગનું અગ્ર રાજય છે. તાજેતરમાં મારી સરકાર દ્વારા નવી ટેક્ષટાઇલ પોલીસી ૨૦૧૨ જાહેર કરવામાં આવી છે. રાજ્યને ઔદ્યોગિક વિકાસના નવા આયામો પર લઈ જવા ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેંટ રીજીઅન સ્થાપવાની દિશામાં નક્કર પ્રયાસો થયા છે.

દેશમાંના મીઠાના ઉત્પાદનમાં રાજયનો હિસ્સો **૭૭** ટકા નો છે. અગરીયાઓ માટે વર્ષ– ૨૦૧૨–૧૩માં જનશ્રી વીમા યોજના અમલ માં મુકવામાં આવી છે. જે અંતર્ગત અગરીયાઓ ને ` **૩૦,૦૦૦** નું વીમારક્ષણ પુરૂ પાડવામાં આવે છે.

**લઘુ–કુટિર ઉદ્યોગોનો ગતિશીલ વિકાસ**

સમગ્ર દેશમાં લઘુ ઉદ્યોગોના મેન્યુફેકચરીંગ સેકટરમાં સાતત્યપૂર્વક પ્રોત્સાહક નીતિઓથી વિકાસને ગતિશીલ બનાવવામાં ગુજરાત અગ્રેસર છે. દેશના **૧૯** ટકાના લઘુ–મધ્યમ ઉદ્યોગોના વિકાસદર સાથે ગુજરાતનો દર **૮૫** ટકા રહ્યો છે.

ગુજરાતમાં લઘુ ઉદ્યોગ અને મેન્યુફેકચરીંગના એન્સીલીયરી એકમો કલસ્ટર બેઇઝ વિકસી રહયા છે. ઓટોમોબાઇલ્સ અને શીપ–બિલ્ડિંગ જેવા નવા સેકટરને આનુષંગિક લઘુ–મેન્યુફેકચરીંગ ઉદ્યોગોના વિકાસને શકિત મળી છે.

**ખનિજો**

- ખનિજ વહીવટમાં ટેકનોલોજીના ઉપયોગના અભિગમ થકી અપનાવવામાં આવેલ ઇ–ગવર્નસના ભાગ રૂપે ઇ–પેમેન્ટ, ઇ–રોયલ્ટી પાસ, ઇ–રીટર્ન જેવી સુવિધાઓ અમલમાં મુકવામાં આવી છે. જેનાથી પ્રભાવિત થઇને કેન્દ્ર સરકારે અન્ય રાજ્યોને પણ ગુજરાત પેટર્નનો અમલ કરવા જણાવ્યું છે.
- રાજયમાં પ્રાઇમ લોકેશન ધરાવતા રેતી ખનીજના વિસ્તારોને હરાજી દ્વારા પારદર્શક પધ્ધતિથી ફાળવવામાં આવે છે, જેનાથી રાજય સરકારને પણ રોયલ્ટીની વધુ રકમ પ્રાપ્ત થઇ છે.

બિન અધિકૃત ખનિજ ખોદકામ /વહન/ સંગ્રહ અટકાવવા લીધેલ કડક પગલાંની ભારત સરકારના માન. જસ્ટીસ શાહ પંચ દ્વારા નોંધ લેવામાં આવી છે અને અન્ય રાજ્યોને અનુસરવા જણાવવામાં આવ્યું છે.

**પ્રવાસન**

- મારી સરકારે પ્રવાસનને નવીન દ્રષ્ટીબિંદુથી મુલવ્યું છે.રાજ્યના વન વિસ્તાર, વન્ય સૃષ્ટી, રાજયનો રણ વિસ્તાર તથા રાજ્યના સાંસ્કૃતિક વારસાને વણી લઈને પ્રવાસનનો એક નવો જ અભિગમ વિકસાવ્યો છે.સાપુતારા ખાતે મોન્સુન ફેસ્ટીવલ્સ યોજીને સાપુતારાની અલૌકિક વનરાજીને દુનિયા સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. **'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'** એવા સૂત્રની સાથે કચ્છના રણમાં રણ ઉત્સવો યોજીને રણ વિસ્તારની દિવ્ય સૃષ્ટીને ઉજાગર કરી છે. નવરાત્રી મહોત્સવમાં જગદંબાની આરાધનાની સાથે પ્રવાસનના તત્વને ઉમેર્યું છે. વિદેશીઓ ખાસ નવરાત્રિ મહોત્સવ વખતે ગુજરાતની મુલાકાત લેવાનું પસંદ કરે છે.વર્ષોથી ગુજરાત જેનું શોખીન રહ્યું છે તેવા ઉત્તરાયણના પર્વને મારી સરકારે મહોત્સવનો આયામ આપ્યો છે. ચાલુ વર્ષે ૭મી થી ૧૩મી જાન્યુઆરી સુધી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ અને દિલ્હીથી શરૂ કરીને તબક્કાવાર રાજયના જુદા જુદા સ્થળોએ આ પર્વની ઉજવણી કરીને ઉત્તરાયણના દિવસે અમદાવાદની પોળોમાં પતંગ ચગાવવાની સાથે આ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ. ચાલુ વર્ષે યોજવામાં આવેલી બીજી ગ્લોબલ બર્ડ

વોચર્સ કોન્ફરન્સમાં **૧,૭૦૦** જેટલા ટ્રાવેલ એજન્ટ, ટ્રાવેલ રાઈટર્સ તેમજ પક્ષીવિદોએ ભાગ લીધો હતો. રાજ્યમાં મેડીકલ ટુરીઝમ પણ વિકાસ પામે તે માટે રાજ્યની સરકારી તથા ખાનગી હૉસ્પીટલોમાં અદ્યતન સવલતો શરૂ થઈ છે. રાજયના વિશાળ સાગરકાંઠાનો પણ પ્રવાસન ક્ષેત્ર વિકસાવવામાં લાભ લીધો છે. રાજયના સાગરકાંઠે સુવાલી તિથલ, નારગોલ, સરકેશ્વર, માંડવી(કચ્છ), પિંગલેશ્વર, અહેમદપુર–માંડવી, માધવપુર, મીયાણી, ભવાની(મહુવા)તથા ગોપનાથ બીચને વિકસાવવામાં આવી રહયા છે. મારી સરકારના પ્રવાસન ક્ષેત્રને વિકસાવવાના પ્રયાસોથી દેશના પ્રવાસનના **૭** ટકા વિકાસ દરની સામે રાજ્યનો પ્રવાસનનો વિકાસદર **૧૬** ટકા રહ્યો છે. પ્રવાસીઓની સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં **૩૦** ટકા વધીને વાર્ષિક **૨૨૪ લાખ** થઈ છે.

**ઊર્જા વિકાસ**

**બિન પરંપરાગત ઊર્જા**

- ચાલુ વર્ષ દરમિયાન રાજયમાં વધુ **૧૨૭** મેગાવોટ ક્ષમતાના વિન્ડફાર્મ ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં ઉભા કરીને કાર્યરત કરાતાં રાજયની કુલ પવનવિદ્યુત ઉત્પાદનક્ષમતા **૩,૦૧૧** મેગાવોટ થઇ છે.
- ગુજરાતમાં સૌર ઊર્જા માટે અનુકૂળ વાતાવરણ હોવાથી ગુજરાત સરકારે ગામ ચારણકા તા. સાંતલપુર જી. પાટણમાં એક સોલાર પાર્ક બનાવવાનું આયોજન કર્યુ હતું અને તેની શરૂઆત ડિસેમ્બર–૨૦૧૦માં કરવામાં આવી હતી. સમગ્ર રાજયમાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં **૮૨૪** મે.વો. ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત થયા છે. મને જણાવતાં આનંદ થાય છે કે દેશની સોલાર પાવરની કૂલ ઇન્સ્ટોલ્ડ કેપેસીટી **૧,૧૬૦** મેગાવોટ પૈકી **૭૧** ટકા કેપેસીટી ગુજરાતમાં છે. ગુજરાત એ દેશનું સોલાર કેપીટલ બન્યું છે.

**કેનાલ સોલાર પાવર (નહેર આધારીત સૌર ઉર્જા) – એક વાસ્તવિક અને ટકાઉ ઉપાર્જન**

સામાન્ય રીતે સૌર ઉર્જા મથકોની સ્થાપના જમીન ઉપર કરવામાં આવે છે. ગુજરાતે નવિન વિચાર અમલમાં મુકીને વિશ્વને એક નવી રાહ બતાવી છે. તા. ૨૪મી એપ્રિલ ૨૦૧૨ ના રોજ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચંદ્રાસણ ગામ નજીક આવેલ નર્મદા શાખા નહેર પર સ્થાપિત કરાયેલ **૧** મેગાવોટનો સોલાર ફોટોવોલ્ટેઈક પાવર પ્રોજેક્ટ (સૌર ફોટોવોલ્ટેઈક ઉર્જા યોજના) વિશ્વનો સૌપ્રથમ નહેર આધારિત સૌર ઉર્જા પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આશરે **૧૬ લાખ** યુનિટ વીજ ઉત્પાદન હાથ ધરાશે.

આ પ્રકારના સૌર ઉર્જા મથક સ્થાપવાનો એક નોંધનીય ફાયદો એ છે કે તે વપકાશકર્તા/ઉપભોક્તાની નજીકમાંજ હોવાથી વીજ પરીવહન અને વહેંચણી(ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન)માં વેડફાતી વીજળી અટકાવી શકાય છે. આ યોજના સંપુર્ણપણે પ્રદુષણરહિત છે. એક અંદાજ પ્રમાણે એક મેગાવોટની આ યોજના દર વર્ષે લગભગ **૯૦ લાખ** લીટર પાણીને બાષ્પીભવન થતાં બચાવશે.

ગુજરાત સરકારની સ્વચ્છ અને હરિયાળી ઉર્જાની નીતિ અંતર્ગતનો આ પ્રોજેક્ટ અમલમાં આવવાથી પર્યાવરણને પણ ઘણો ફાયદો થયો છે. તે ફાયદો માત્ર ગુજરાતને નહિ, પરંતુ આખા રાષ્ટ્રને મળે છે.

**શ્રમ અને રોજગાર**

- રાજયનો યુવાવર્ગ કોમ્પ્યુટર તથા ઈન્ફરમેશન ટેકનોલોજીની પ્રાથમિક જાણકારી તેમજ પ્રમાણપત્ર મેળવે તે માટે રાજય સરકારની **'eMPOWER'** (ઇલેકટ્રોનીક મેન પાવર) યોજના અંતર્ગત રાજયની **કુલ– ૬૨૫** સંસ્થાઓ ખાતે તાલીમ આપવાની સુવિધા ઉપલબ્ધ કરી છે

- રાજ્યના યુવાનોને તાલીમબદ્ધ કરવા વર્ષ ૨૦૧૨–૧૩માં રાજ્યમાં **૧૦** નવી આઇ.ટી.આઇ. શરૂ કરવામાં આવી છે તથા રાજ્યની **૧૦** આઇ.ટી.આઇ.ને રાજ્યના ભંડોળમાંથી રાજ્ય પુરસ્કૃત યોજના તરીકે સેન્ટર ઓફ એક્સલન્સમાં અપગ્રેડ કરવા વર્ષ ૨૦૧૨–૧૩માં આવરી લેવામાં આવી છે
- સંરક્ષણ દળોમાં યુવાનોની ભાગીદારી વધે તે માટે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે રાજ્યમાં ૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવેકાનંદ સ્પોર્ટ સંકુલ શરૂ કરવામાં આવ્યાં છે.
- ગ્રામ્યકક્ષાએ તાલીમની સુવિધા પહોંચાડવાના ઈરાદા સાથે **૩૦૦** કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. ચાલુ વર્ષે નવેમ્બર–૨૦૧૨ સુધીમાં **૧,૭૨,૦૦૦** લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે.
- રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતી મેળાઓ તથા અન્ય રીતે બિનસરકારી એકમોમાં **૨,૩૧,૦૦૦** જેટલા યુવાનોને નોકરી આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અંતર્ગત **સંરક્ષણ દળો, પેરામીલીટ્રી ફોર્સીસ તથા પોલીસફોર્સમાં** જોડાવા માટે રાજયમાં **૭૦** તાલીમ વર્ગોનું આયોજન કરી **૨,૨૭૦** ઉમેદવારોને તાલીમ આપવામાં આવી છે.
- ભારત સરકારના લેબર બ્યુરો દ્વારા પ્રકાશિત અહેવાલ અનુસાર ભારતમાં બેરોજગારીનો દર **૩.૮** ટકા છે, પરંતુ ગુજરાતમાં બેરોજગારીનો દર ફક્ત **૧** ટકો છે, જે દેશમાં ન્યૂનતમ સપાટીએ છે. વધુમાં ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા પ્રકાશિત થતા અહેવાલ અનુસાર રોજગાર કચેરી મારફતે રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય વર્ષ **૨૦૦૨** થી સમગ્ર દેશમાં સતત અગ્ર ક્રમાંકે રહયું છે.
- રાજ્યમાં ઓકટોબર-૧૨ સુધીમાં કૂલ **૧,૪૩,૦૦૦ શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવી છે. ૨૮,૦૦૦** શ્રમયોગીઓને સેફટી ટૂલ્સની કીટ આપવામાં આવી છે.

રાજયમાં ચાલતી તમામ કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓમાં સંખ્યાત્મક તથા ગુણાત્મક વધારો થાય તે હેતુથી ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન રચવામાં આવ્યું છે. સતત બદલાતી જતી ટેકનોલોજી સાથે કુશળ માનવબળની જરૂરિયાત પુરી પાડવા મારી સરકારના અલગ અલગ વિભાગો વચ્ચે કો–ઓર્ડીનેશનની કામગીરી સ્કીલ ડેવલપમેન્ટ મિશન દ્વારા કરવામાં આવે છે.

રાજયના યુવાનોની ક્ષમતા પર વિશ્વાસ ધરાવતા માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાને જયારે એમ આવ્યું કે રાજયના કેટલાક યુવાનો ગેરન્ટરના અભાવે સ્વરોજગાર માટે આર્થિક સહાય મેળવી શકતા નથી, ત્યારે તેઓએ બુલંદ રીતે જાહેર કર્યું કે મારી સરકાર એ મારા રાજયના યુવાનની ગેરન્ટર બનશે. આ રીતે રાજયના યુવાનો માટે સ્વરોજગાર માટે આર્થિક સહાય મેળવવાનું સરળ બન્યું છે.

**વહીવટી સુધારણા**

**સ્વાગત**

પ્રજાના પ્રશ્નોનો સત્વરે અને અસરકારક નિકાલ થાય તેવા ધ્યેયને મારી સરકાર વરેલી છે. આ ધ્યેય હાંસલ કરવામાં ટેકનોલોજીના ઉપયોગ પર આધારિત મુખ્ય મંત્રીશ્રીના ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ–સ્વાગત (State Wide Attention on Grievances By Application of Technology) દ્વારા નોંધપાત્ર સફળતા મળી છે. આ કાર્યક્રમમાં સ્વયં મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહી લોકોના પ્રશ્નો સાંભળે છે અને તેના ઉકેલ માટે સુચનાઓ આપે

છે. આ કાર્યક્રમ અંતર્ગત ડીસેમ્બર ૨૦૧૨ અંતિત કૂલ **૨,૬૭,૦૦૦** રજૂઆતો મળી છે, જે પૈકીની **૨,૪૨,૦૦૦** રજુઆતોનો એટલે કે **૯૦** ટકા કરતાં પણ વધુ રજુઆતોનો ઉકેલ લાવવામાં આવ્યો છે. સ્વાગત કાર્યક્રમને યુનાઈટેડ નેશન્સ દ્વારા પારિતોષિકથી નવાજવામાં આવ્યો છે.

**પંચાયત**

**રહેઠાણની સુવિધા**

રાજય સરકાર દ્વારા ઘર વિહોણા કુટુંબોને મકાન મળે તે માટે જુદી જુદી આવાસ યોજનાઓ અમલમાં છે. જે અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા **૦ થી ૧૬** ગુણાંક ધરાવતા તમામ કુટુંબોને આવાસ પૂરાં પાડવામાં આવ્યાં છે, આ સિધ્ધી મેળવવામાં ગુજરાત પ્રથમ છે. ઉપરાંત દેશમાં પહેલી વખત **૧૭ થી ૨૦** ગુણાંક ધરાવતાં ગરીબી રેખા હેઠળ જીવતાં ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણા **૬૭,૦૦૦** અને કાચા મકાન ધરાવતા **૩,૮૭,૦૦૦** એમ કુલ મળીને **૪,૫૪,૦૦૦** લાભાર્થીઓ માટે ` **૨૦૪૧ કરોડની** રકમ ફાળવી આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

**સમરસ પંચાયતો**

'વાદ નહિ, વિવાદ નહિ, પરંતુ સંવાદ'ના સૂત્રને અનુસરી ગ્રામવાસીઓ એકઠા મળી સર્વસંમતિથી ગ્રામ પંચાયતના વહીવટ માટે પ્રતિનિધિઓ નકકી કરે છે. સર્વસંમતિથી ચૂંટાતી સમરસ ગ્રામ પંચાયતોને મારી સરકાર પ્રોત્સાહક અનુદાન આપે છે. આ યોજના શરૂ કરવામાં આવી ત્યારથી ડીસેમ્બર ૨૦૧૨ સુધીમાં **૧૦,૮૦૦** સમરસ ગ્રામ પંચાયતોને કુલ ` **૧૪૦ કરોડનું** અનુદાન આપવામાં આવ્યું છે. ડીસેમ્બર ૨૦૧૨ સુધીમાં કુલ **૩૬૨** મહિલા સમરસ ગ્રામ પંચાયતો થયેલ છે.

**રૂર્બન પ્રોજેકટ**

'આત્મા ગામનો અને સુવિધા શહેરની' એ મંત્રને કાર્યાન્વિત કરી આદિજાતિ વિસ્તારોમાં **૭,૦૦૦** થી વધુ વસ્તી અને અન્ય વિસ્તારોમાં **૧૦,૦૦૦** થી વધુ વસ્તી ધરાવતાં કુલ મળીને **૨૫૫** ગામો પસંદ કરી ચાલુ નાંણાકીય વર્ષમાં ` **૧૨૦ કરોડની** જોગવાઇ કરી છે તે અંતર્ગત **૬૧** ગામોમાં ભુગર્ભ ગટર વ્યવસ્થાના કામો શરુ કરવામાં આવ્યા છે.

**ગરીબ કલ્યાણ મેળા**

મારી સરકાર ગરીબોના કલ્યાણને વરેલી છે.વ્યક્તિલક્ષી યોજનાના લાભાર્થીઓને પારદર્શીય રીતે સીધી સહાય મળે અને વચેટીઆઓ નાબુદ થાય તે માટે ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમ અંતર્ગત **૯૭૧** મેળાઓ યોજી **૭૪ લાખ** લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત ` **૧૧,૦૫૭ કરોડની** નાંણાકીય સહાય ચુકવવામાં આવી છે.

**ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના**

આ સુવિધા શરૂ કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. આ સુવિધા અંતર્ગત મહેસુલી નમુના નં.૭/૧૨ ના ઉતારા,જાહેર વિતરણ વ્યવસ્થાની ઇ–કુપન, ખેલમહાકુંભ મહોત્સવની ઓનલાઇન ડેટા એન્ટ્રી,વીજળી બીલોનું કલેકશન, બેન્કીંગ સુવિધા, સરકારી નોકરી માટેના અરજીફોર્મ ભરવા, ધો–૧૦ અને ધો–૧૨ના પરિણામ જાણવા તથા આગળના અભ્યાસ માટેના પ્રવેશપત્ર ભરવા જેવી સુવિધાઓ ઈ–ગ્રામ દ્વારા ઉપલબ્ધ થઈ

છે. વધુમાં ખેડૂતો ખેતપેદાશોના વિશ્વબજારોમાં પ્રવર્તમાન ભાવો ઘરાઅંગણે જાણી શકે છે.

**વન અને પર્યાવરણ**

- રાજયના વન મહોત્સવની ઉજવણીમાં લોકોને સક્રિય રીતે સામેલ કરી **૯** (નવ) સાંસ્કૃતિક વનોની શ્રૃંખલા તૈયાર કરવામાં આવી છે.
- વન વિસ્તાર બહાર વૃક્ષ આચ્છાદિતતાનું પ્રમાણ ભારતમાં કૂલ ભૌગોલિક વિસ્તારના **૨.૮૨** ટકા જેટલું છે**,** જયારે ગુજરાતમાં **૪.૨૮** ટકા જેટલું છે.
- ગુજરાત સરકાર દ્વારા સિંહોના સંરક્ષણ માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવ્યા છે**,**જે થકી સિંહોની સંખ્યામાં વધારો થયો છે. મિતિયાલા તથા ગિરનાર અભયારણ્યની જાહેરાત કરવામાં આવી છે.
- રાજ્યમાં ચેર વનોનો વિસ્તાર સતત વધીને **૧,૧૫૭** ચો.કી.મી થયો છે. સમગ્ર દેશમાં ચેર વનોના વિસ્તારમાં થયેલ **૫૮** ચો.કિ.મી વધારા પૈકી **૫૫** ચો.કિ.મી નો વધારો ફકત ગુજરાત રાજયનો છે.
- રાજયમાં હાલ **૩,૨૦૦** જેટલી સમિતિઓ દ્વારા **૪.૧૫ લાખ** હેકટર વનવિસ્તારનું રક્ષણ થઇ રહયું છે. સહભાગી વન વ્યવસ્થાના અમલીકરણની વિવિધ પ્રવૃત્તિઓથી જંગલ વિસ્તારના સ્થાનિક લોકોને કાયમી ધોરણે આજિવિકા મળે તેવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે.

**મહેસુલી વહીવટ**

રાજયના વિવિધ વિકાસલક્ષી સોપાનોમાં મહેસૂલ વિભાગનું આગવું અને મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. જેના પરિણામે જમીન જેવા વિકાસના સંસાધન સાથે સુસંગત મહેસુલ વિભાગ સમગ્ર રાજયના ઔદ્યોગિક અને કૃષિ વિકાસને સમગ્ર વિશ્વના નકશામાં સ્થાન આપવામાં અગ્રેસર રહયો છે.

જમીનના દસ્તાવેજોની નોંધણી અને ખરીદ–વેચાણમાં છેતરપીંડી ન થાય તે રીતે પારદર્શી વ્યવસ્થા ગોઠવી છે. ઇ–ધરા પ્રોજેકટ દ્વારા ખેડૂતને જમીનના વિવિધ દાખલાઓ તુરંત ઉપલબ્ધ થઇ શકે છે. **'આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો'** અભિગમ સત્તાના વિકેન્દ્રીકરણ અને વિકાસ માટેનું મહત્વપૂર્ણ અને વિકાસશીલ દિશાસૂચક કદમ છે. આ અભિગમ હેઠળ **૫૭** નવી પ્રાંત કચેરીઓ અમલમાં આવી છે અને એ સાથે કૂલ **૧૧૨** પ્રાંત કચેરીઓ આજની સ્થિતિએ કાર્યશીલ છે.

નવી જમીન ખરીદવાની સમયમર્યાદા **૧૮૦** દિવસથી વધારીને **3** વર્ષની કરવાથી ખેડૂત રાજયમાં કોઇપણ વિસ્તારમાં જમીન ખરીદતો થયો છે.

રાજયના **૧૦** જિલ્લાઓમાં જમીનોની ફેરમોજણી અંગેની કામગીરી લેટેસ્ટ ટેકનોલોજીથી હાથ ધરવામાં આવી છે. ગુજરાતના દરેક જિલ્લાઓની જમીનોનું સંપૂર્ણ દસ્તાવેજી રેકર્ડ ડીઝીટાઇઝેશન–કોમ્પ્યુટરરાઇઝેશન થાય તે અંગેની સઘળી વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

**કાયદો અને વ્યવસ્થા**

રાજ્યમાં **૧૩૦૦** મહિલા પોલીસ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. દરેક જિલ્લામાં એક મહિલા પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ શહેરમાં **૨** મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યાં છે. પરીણામે સમગ્ર દેશમાં મહીલાઓ સૌથી વધુ સુરક્ષિત ક્યાંય હોય તો તે ગુજરાતમાં છે.રાષ્ટ્રીય ગુન્હા આંકલન બ્યુરોના અહેવાલ અનુસાર સ્ત્રીઓ વિરૂધ્ધના અપરાધમાં બળાત્કારના કિસ્સાઓમાં ૨.૦ ટકા ની રાષ્ટ્રીય સરેરાશ સામે ગુજરાતમાં ૦.૭ ટકા તેમજ મહિલાઓની છેડતીના કિસ્સાઓમાં ૩.૫ ટકાની રાષ્ટ્રીય સરેરાશ સામે ગુજરાતમાં ૧.૧ ટકા ની સરેરાશ છે. દરિયાઇ સુરક્ષાદળને ૨૦ સ્પીડ બોટ (૧૨ ટન)

અને ૧૦ નાની સ્પીડ બોટ (૫ ટન) થી સુસજ્જ કરવામાં આવ્યું છે. તેમજ ભારતીય કોસ્ટગાર્ડ સાથે ખભેખભા મિલાવી સંકલનથી સુરક્ષાની કામગીરી કરી શકે તે માટે રાજ્યમાં ૨૨ મરીન પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યાં છે.

નવી રક્ષાશક્તિ યુનિવર્સિટી તથા ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરીને તથા લૉ યુનિવર્સિટીમાં સાયબર ક્રાઈમ વિગેરે સંબંધિત અભ્યાસક્રમો દાખલ કરીને ગુજરાતમાં ગુન્હાખોરી ડામવાનો ત્રિપાંખિયો વ્યુહ અપનાવવામાં આવ્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં એક પણ દિવસ કર્ફ્યુ નાખવાની જરૂરીયાત ઉપસ્થિત થઈ નથી.ગુજરાતમાં પ્રવર્તતી ઔદ્યોગિક શાંતિ સહીતની સમગ્રતયા શાંતિ એ ગુજરાતના અપ્રતિમ વિકાસનું એક કારણ છે.

**ન્યાયતંત્ર**

જે વર્ષમાં કોર્ટમાં કેસ દાખલ થાય તે વર્ષમાં તેનો નિકાલ થાય તેવો નિર્ધાર મારી સરકારે કર્યો છે અને તે માટે જુદા જુદા સંવર્ગની **૭૦૦** કોર્ટોની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાંધ્ય અદાલતો શરૂ કરનાર આપણું રાજય દેશભરમાં પ્રથમ છે. હાલ ૮૮ સાંધ્ય અદાલત કાર્યરત છે. ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં કુલ **૮ લાખ ૮૭ હજાર** કેસોનો નિકાલ થયો છે.તેનાથી આમ જનતાના નાણાં અને સમય બચાવી શકાયા છે તથા તેઓને અત્યંત રાહત થઈ છે. મહિલાઓ પરના અત્યાચારોના કેસો ઝડપથી ચલાવવા ફાસ્ટટ્રેક કોર્ટો શરૂ કરવા મારી સરકાર કટિબદ્ધ છે.

**નાણા**

આજે ગુજરાત વિકાસશીલ પ્રદેશો માટે ઉદાહરણરૂપ બની ગયુ છે.વિકાસની ધારાને વિશ્વના પ્રવાહો અને સતત બદલાતી જતી આર્થિક સ્થિતિઓની વચ્ચે રહીને કેવી રીતે અવિરત રાખવી તે કળા ગુજરાતે હસ્તગત કરી છે.આ જ કારણ છે કે આજે દેશ –વિદેશની કંપનીઓ અને રોકાણકારો ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા પ્રેરાયા છે.અને આવી કંપનીઓ અને રોકાણકારોએ પૂરા વિશ્વાસ સાથે લાખો–કરોડો રૂપિયાનું ગુજરાતમાં રોકાણ કર્યુ છે.જેને કારણે આજે ગુજરાતની એક વૈશ્વિક ઓળખ ઉભી થઈ છે. આપણી અપ્રતિમ સફળતાના પાયામાં બે પરિબળો છે,એક ગુજરાતની પ્રજાનો અતૂટ વિશ્વાસ અને બીજુ આપણું શિસ્તબદ્ધ નાણાકીય સુવ્યવસ્થાપન અને સુચારૂ આયોજન. રાજયના દેવાની સ્થિતિને કાબુમાં રાખવા માટે એકત્રિત ડૂબત નિધિની રચના કરી કુલ ` **૬,૪૦૮ કરોડનું** ભંડોળ ઉભુ કરવામાં આવ્યુ છે. રાજય સરકારે આપેલ બાંયધરી અન્વયે ભવિષ્યમાં ઉભી થનાર આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા બાંયધરી ફેડણી નિધિની રચના કરી વિવિધ જામીનગીરીઓમાં ` **૧,૮૫૨ કરોડનું** માતબર રોકાણ કર્યું છે. વ્યાજનું ભારણ ઘટાડવા લોનનું પુનઃગઠન કરી અંદાજે ` **૧,૭૧૦ કરોડનું** વ્યાજ ભારણ ઘટાડી શકાયુ છે.

## સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ (Integrated Financial Management System -IFMS)

ગુજરાત સરકાર દ્વારા સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ (Integrated Financial Management System-IFMS) નું અમલીકરણ કરવામાં આવે છે.આ પદ્ધતિ હેઠળ પ્રજાજનોને તેઓના વેરાઓની ઓનલાઇન ચુકવણી તથા સરકાર સાથેના હકદાવાઓની ઓનલાઇન ક્રેડીટ મળે તે મુજબનું આયોજન કર્યું છે.

## વાણિજિયક વેરા અંગે વિકાસલક્ષી કામગીરી

વેપારીવર્ગની સુવિધા માટે તેઓને ભરવાનો થતો વેરો ઇ–પેમેન્ટથી ભરી શકે તે માટે

કૂલ **૧૧** બેંકો મારફતે ઇ–પેમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે .વર્ષ ૨૦૧૨/૧૩માં VAT અને CST કાયદા મુજબ કુલ રૂ. **૨૧,૨૦૦ કરોડ** ઇ–પેમેન્ટ દ્વારા મળ્યા છે. આમ વર્ષ ૨૦૧૨/૧૩ની કુલ આવક ` **૨૮,૪૦૦ કરોડ ના ૭૪.૬૬** ટકા આવક ઇ–પેમેન્ટ મારફતે થઇ છે.

**અકસ્માત વળતર વીમા યોજના**

આ યોજના હેઠળ **૨૦૧૨–૧૩** ના વર્ષ માટે **૩ કરોડ ૪૯ લાખ** લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે અને આ યોજનામાં દરવર્ષે લગભગ **૩,૦૦૦** થી વધારે દાવાઓ ચુકવવામાં આવે છે.

**પેન્શનરોની સુવિધા**

રાજયના પેન્શનર્સ તેઓના પેન્શનની વિગતો ઘેર બેઠા ઓન લાઇન જોઇ શકે તે માટે સાઇબર ટ્રેઝરી અંતર્ગત **" પેન્શન પોર્ટલ "** કાર્યરત કરવામાં આવ્યાં છે.

**બંદરો**

ગુજરાત સરકારની નિતીને કારણે રાજ્યનાં બંદરો રાજ્યના વિકાસનાં દ્વાર બન્યાં છે.રાજય સરકાર હસ્તકના બંદરો પરથી વર્ષ ૨૦૧૧–૧૨માં **૨,૫૯૦ લાખ** મેટ્રિક ટન **(MMT)** માલ પરિવહન થયો છે અને છેલ્લા દાયકા દરમ્યાન વાર્ષિક ૧૨ ટકા જેટલો નોંધપાત્ર વૃધ્ધિદર હાંસલ થયો છે. દેશના તમામ બંદરો ઉપરથી થતા માલ–સામાન પરિવહનમાં રાજય સંચાલિત બંદરોનો ફાળો વર્ષ–**૨૦૦૦** માં **૧૫** ટકા હતો જે વધીને વર્ષ ૨૦૧૨ માં **૨૮** ટકા જેટલો થયો છે.

રાજય સરકારના નિયંત્રણ હેઠળના બંદરો પરની માલ–સામાન પરિવહન ક્ષમતા, કે જે વર્ષ ૨૦૦૧ માં **૧,૩૫૦ લાખ** મેટ્રિક ટન હતી તે વધીને **૧૩૯** ટકાની નોંધપાત્ર વૃધ્ધિ સાથે વર્ષ ૨૦૧૨માં **૩,૨૩૦ લાખ** મેટ્રિક ટન થઈ છે. છેલ્લાં એક વર્ષમાં પરિવહનની ક્ષમતામાં આશરે **૩૯૦ લાખ** મેટ્રીક ટન નો વધારો થયો છે.

ઘોઘા (ભાવનગર) અને દહેજ (ભરુચ)ને દરિયાઈ માર્ગે જોડતી રો–રો ફેરી સુવિધાના કામો પ્રગતિમાં છે. જેમાં ટર્મિનલનું કામકાજ, ડ્રેજીંગની કામગીરી અને ફેરીના સંચાલનનો સમાવેશ થાય છે.

**વાહન વ્યવહાર**

મારી સરકારે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ મારફત રાજયના **૯૮** ટકા ગામડાઓને પરિવહનની સેવા પુરી પાડીને ગ્રામ્ય કનેકટીવીટી મજબૂત કરી છે. છેલ્લા **૭** વર્ષમાં જૂની બસો બદલીને **૧૧,૦૦૦** નવી બસો મુસાફર જનતાની સેવામાં મુકવામાં આવી છે. વિદ્યાર્થીઓની જરુરીયાત ધ્યાને લઇ લગભગ **૭૦૦** નવીન ટ્રી પો શરુ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં સગવડતા પુરી પાડવાના હેતુથી **૩૫૩** મીની બસો સંચાલનમાં મુકવામાં આવી છે.

**માર્ગ વિકાસ**

- માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના સર્વગ્રાહી અને ઝડપી વિકાસ તેમજ ઉદ્યોગ ક્ષેત્રે વધુને વધુ મૂડી રોકાણ થાય તે માટે ` **૩,૬૭૫ કરોડની** ફાળવણી કરવામાં આવી છે.
- આદિજાતિ વિસ્તાર ધરાવતા વિજયનગર, દાહોદ, સાગબારા તાલુકા અને ડાંગ જિલ્લા માટે ` **૧૩૧ કરોડનાં** કામો પ્રગતિ હેઠળ છે.
- જુદા જુદા જિલ્લાઓમાં રાજય ધોરીમાર્ગોમાં પુલો બાંધવા માટે ` **૪૦૦ કરોડ**થી વધુ રકમના કામો હાલ પ્રગતિ હેઠળ છે. તેમજ અમદાવાદ–ધોલેરા એસ.આઇ.આર ને

જોડતા **૧૧૬** કિ.મી. ના પ્રથમ એકસપ્રેસ–વે નું કામ ` **૨૮૦૦ કરોડના** ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે.

- ગ્રામ્ય માર્ગો પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગે મરૂન વિલેઝ નો પ્રોજેકટ અમલમાં મૂકયો હતો જે પૂર્ણતાના આરે છે.
- રાજય સરકાર ઉચ્ચ કક્ષાના કાર્યક્ષમ રોડ નેટવર્ક પરત્વે પ્રતિબધ્ધ છે અને તે માટે ચાર/છ માર્ગીયકરણ, દ્વીમાર્ગીય પેવ્ડ સોલ્ડર, રસ્તાને **૧૦** મીટર પહોળા અને મજબૂતીકરણ, સપાટી સુધારણા, ગામ/પરાને નવા જોડાણ આપવા ઉપરાંત નોનપ્લાન રસ્તા, તેમજ વિશેષ કરીને આદિજાતિ તેમજ જંગલ વિસ્તારની કામગીરી હાથ ધરી રાજયમાં ઉત્તમ કક્ષાના નેટવર્ક પુરૂં પાડયું છે.
- વિશ્વ બેંકના અહેવાલ " Reform in the road sector Learning from Gujarat " માં વિશ્વ બેંક દ્વારા ગુજરાતના રસ્તાની સપાટી આંતરરાષ્ટ્રીય કક્ષાની હોવા અંગેનું પ્રમાણપત્ર આ બાબતની પુષ્ટિ આપે છે. રાજય સરકારે આ માટે ` **૩,૬૭૫ કરોડ** જેટલી જોગવાઈ રસ્તા માટે કરેલ છે જે ગત વર્ષ કરતાં ૨૫ ટકા કરતાં વધારે છે અને છેલ્લા દાયકાથી **૪૫૦** ટકા વધારે છે.
- વર્ષ દરમિયાન **૧૮,૬૫૯** કિ.મી.ના રસ્તા પહોળા/ મજબૂતીકરણ/નવિનીકરણ/ નવા બાંધકામની કામગીરી હાથ ધરેલ છે.
- રાજયના રસ્તાના કામોને વિશ્વ બેંક દ્વારા ઉચ્ચકક્ષાનું રેટીંગ આપવામાં આવ્યું છે.

**પાટનગર યોજના**

પાટનગર ગાંધીનગર પણ રાજય વિકાસની પ્રતિતિ કરાવવા માટેનું એક ઉત્તમ સ્થળ બની રહે તે હેતુસર હાથ ધરવામાં આવેલા ` **૪૫૦ કરોડના** કામો હાલ પ્રગતિમાં છે. ડૉ. જીવરાજ મહેતા ભવન અને સચિવાલય કેમ્પસનું નવિનીકરણ, વરસાદી પાણીનો નિકાલ, રેલ્વે સ્ટેશનથી વિધાનસભા સુધી સ્વર્ણિમ પાર્કના વિકાસનું કામ, શહેરી પાણી પુરવઠા પધ્ધતિને અદ્યતન બનાવવી, ઝુંપડાવાસીઓના પુનઃસ્થાપનની કામગીરી, બહુમાળી મકાનો, ગટરનું પાણી શુધ્ધ કરી બગીચાઓને આપવા અંગેનું તથા હાંસોલ બ્રીજને છ માર્ગીય કરવાનું કામ હાલ પ્રગતિમાં છે.

અત્યાધુનિક અને સુનિયોજિત તથા સુદૃઢ જિલ્લા સેવા સદનો, તાલુકા સેવા સદનો તથા નવરચિત તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે આકાર આપેલ ''ગ્રીન બિલ્ડિંગ'' જિલ્લા સેવા સદન તેમજ કર્મચારી આવાસો અને હયાત મકાનોના આધુનિકીકરણ દ્વારા વિભાગે સરકારી બિનરહેણાંક તેમજ રહેણાંક મકાનોમાં સંખ્યાત્મક અને ગુણાત્મક વેગ પુરો પાડેલ છે. ગાંધીનગરને સોલાર સીટીની ઓળખ આપવા મારી સરકાર પ્રતિબધ્ધ છે.

**શહેરી વિકાસ**

ગુજરાતમાં **૪૨.૫૮** ટકા જેટલા લોકો શહેર વિસ્તારોમાં રહે છે. શહેરીજનોને સુવિધાપૂર્ણ સગવડો અને શ્રેષ્ઠતમ સેવાઓ પુરી પાડવા, પ્રજાનું જીવનધોરણ ઉંચું લાવવા વિવિધ યોજનાઓ શરૂ કરી છે.

રાજય સરકારશ્રીએ રાજયની સ્થાપનાના **૫૦** વર્ષની ઉજવણીના ભાગરૂપે ` **૭,૦૦૦ કરોડની** સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી છે. આ યોજના

અંતર્ગત આગામી પાંચ વર્ષ માટે ` **૧૫,૦૦૦ કરોડની** જોગવાઇ કરવામાં આવી છે.

- મહાનગરપાલિકાઓમાં ` **૨૩૦૦ કરોડની** ગ્રાંટ ચુકવી હતી. જેમાંથી ` **૨,૨૪૦ કરોડના** ગૌરવપથ, બ્રીજ, રસ્તા, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાના **૯૦૮** કામો પૂર્ણ થયા છે તથા **૯૭૯** કામો પ્રગતિ હેઠળ છે.
- નગરપાલિકાઓમાં ` **૬૯૦ કરોડના** ગૌરવપથ, બ્રીજ, રસ્તાના **૨૨૦૦** કામો પૂર્ણ થયા છે તથા ૧૪૭૦ કામો પ્રગતિ હેઠળ છે. જે પરત્વે કુલ ખર્ચ ` **૨૯૨ કરોડ** કરવામાં આવ્યો છે.
- રાજયની **૧૧૫** નગરપાલિકાઓને ` **૧૧૦૦ કરોડની** યોજનાઓની મંજૂરી આપવામાં આવી છે. આ પૈકી **૪૭** નગરપાલિકાઓમાં સુવિધા અને સુખાકારીની કામગીરી પૂર્ણ, **૮૫** નગરપાલિકાઓમાં પ્રગતિ હેઠળ છે.
- રાજયની **૧૫૯** નગરપાલિકાઓને ભુગર્ભ ગટર યોજના અંતર્ગત **૧૦૮** નગરપાલિકાઓની ` **૩૦૦ કરોડની** ભુગર્ભ ગટર યોજનાને મંજૂરી આપવામાં આવી છે, **૩૩** નગરપાલિકાઓમાં કામગીરી પ્રગતિમાં છે, **૭૫** નગરપાલિકાઓમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.
- મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારોમાં ખાનગી સોસાયટીઓમાં રસ્તાઓ, સ્ટ્રીટ લાઇટ તથા પાણીની પાઇપ લાઇનના કામો માટે ` **૬૮૯ કરોડ** ફાળવવામાં આવ્યા છે.
- નિર્મળ ગુજરાત શૌચાલય યોજનામાં **૪.૧૯ લાખ** જેટલા વ્યકિતગત શૌચાલય પૂર્ણ કર્યા છે. ` **૧૮૪ કરોડ** જેટલી સહાય ચુકવવામાં આવી છે.
- ઇન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજના અંતર્ગત રાજય સરકારનો ફાળો જે ` **૧૦,૦૦૦** હતો જેને વધારીને ` **૪૫,૦૦૦** સુધી મહત્તમ મર્યાદામાં નકકી કરવામાં આવ્યો છે.

**ગુજરાત ઇન્ટર નેશનલ ફાયનાન્સ ટેકસીટીમાં આવેલ ટાવર 'ગીફટ વન'**

૧૪ માસના ટુંકા ગાળામાં તૈયાર થયેલું ૨૮ માળનું બિલ્ડીંગ, જે ગુજરાતનું સૌથી ઊંચું બિલ્ડીંગ છે, તેનું તાજેતરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.આ બિલ્ડીંગ ગિફ્ટ સીટી (GIFT city–Gujarat International Finance Tech sity), ગાંધીનગર, કે જે એક વિશ્વ કક્ષાનું આર્થિક શહેર તથા ભારતની સંપત્તિ નિર્માણની રાજધાની બનવા જઇ રહ્યું છે અને આધુનિક શહેરોના નિર્માણની પ્રેરણા બની શકે એમ છે, ત્યાં આવેલું છે. આ એક અત્યાધુનિક વ્યવસાયિક ભવન છે

**સાબરમતી રીવર ફ્રન્ટ, બી.આર.ટી.એસ. જનમાર્ગ પ્રોજેકટ, કાંકરીયા લેક ડેવલપમેન્ટ**

રાજયના ઐતિહાસિક શહેર એવા અમદાવાદની રમણીયતામાં વધારો થાય અને અમદાવાદ વિશ્વના આધુનિક શહેરોની હરોળમાં સ્થાન પામે તે માટે મારી સરકારે સાબરમતી રીવર ફ્રન્ટ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં હકારાત્મક ભૂમિકા ભજવી છે. અમદાવાદ શહેરના લાખો નાગરિકોની એક સ્થળેથી બીજે સ્થળે રોજીંદી અવરજવર ઝડપી અને સુગમતાભરી રહે તે જન માર્ગ BRTSના (Bus Rapid Transport System) માધ્યમથી મારી સરકારે સુનિશ્ચિત કર્યું છે. અમદાવાદમાં વર્ષોથી સ્થિત એવા કાંકરિયા તળાવને એક આગવા પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો મારી સરકારે વિચાર કર્યો, અને

આ વિચારનું પરીણામ આજે આપણે સૌ જોઈ શકીએ છીએ. કાંકરિયા તળાવ અમદાવાદ શહેરની યશકલગી સમાન બન્યું છે.

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે પરિવહન વ્યવસ્થા ઉભી કરવા ` **૧૫,૦૦૦ કરોડ**ની માતબર રકમના ખર્ચે મેટ્રો રેલ પરિયોજના અમલમાં મુકવામાં આવી રહી છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને અન્ન સલામતી પુરી પાડે છે. ભારત સરકાર ગુજરાત રાજ્યના **૨૧.૨૦ લાખ** ગરીબ કુટુંબો માટે અનાજની ફાળવણી કરે છે. પરંતુ જાહેર વિતરણ વ્યવસ્થાના કુશળ સંચાલનના કારણે રાજ્ય સરકાર **૩૨ લાખ** ગરીબ કુટુંબોને માસિક ૩૫ કિલોગ્રામ અનાજ કુટુંબ દીઠ વિતરણ કરે છે.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

**ખેલ મહાકુંભ**

'જીતેગા ગુજરાત'ના સૂત્ર સાથે ખેલમહાકુંભની શરૂઆત વર્ષ ૨૦૧૦ થી કરવામાં આવી હતી.. ખેલમહાકુંભમાં તમામ વય જુથના ખેલાડીઓ તથા ૪૫ વર્ષથી ઉપરના વેટ્રન્સ અને ૬૦ વર્ષથી ઉપરના સીનીયર સીટીજન્સના સમાવેશ સાથેની કુલ ૨૦ રમતોનો સમાવેશ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ ના ખેલમહાકુંભની શરૂઆત થઇ ગઇ છે, જેમાં અંદાજે **૨૪,૦૦,૦૦૦** ખેલાડીઓએ નોંધણી કરાવેલ છે. છે.મને જણાવતાં આનંદ થાય છે કે ખેલમહાકુંભમાં ભાગ લીધેલ ખેલાડીઓ પૈકી ૨૨ ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી મેળવી છે.મારી સરકારના રમતગમતને પ્રોત્સાહન આપવાના પ્રયાસોના ભાગરૂપ તાજેતરમાં રાજકોટમાં ક્રીકેટ સ્ટેડીયમ કાર્યાંવિત થયું છે.

**મહિલા ચેસ મહોત્સવ**

મહિલા ચેસ મહોત્સવ–૨૦૧૨માં એક જ સ્થળે **૪,૦૦૦** થી પણ વધારે મહિલા ચેસ પ્લેયર્સ એક સાથે ચેસ રમ્યાં હતા. આટલા મહિલા ચેસ પ્લેયર્સ એક સાથે એક સ્થળે ચેસ રમ્યા હોય તેવો વિશ્વમાં આ પ્રથમ પ્રસંગ હતો જેમાં ફીજીકલી ચેલેન્જડ મહિલા સ્પર્ધકોએ પણ વધુ સંખ્યામાં ભાગ લીધો હતો. જેની નોંધ લીંમ્કા બુક ઓફ રેકોર્ડસમાં લેવામાં આવી છે.

**સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી**

સ્વામી વિવેકાનંદની જન્મ તારીખ ૧૨ મી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સ્વામી વિવેકાનંદ યુવા પરિષદ યોજવામાં આવી હતી, આ પરિષદમાં લગભગ **૧૦,૦૦૦** જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણીના ભાગરૂપે સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા થકી સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરવામાં આવ્યું.સ્વૈચ્છિક સંસ્થાઓને રાજયના વિવિધ વિસ્તારોમાં સ્વામી વિવેકાનંદના જીવન, સંદેશ અને ફિલોસોફી આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો તથા નાટકો માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્વામી વિવેકાનંદના જીવન, સંદેશ અને ફિલોસોફી આધારિત Google India Pvt. Ltd. દ્વારા Live Interaction Programme of Hon'ble Chief Minister of Gujarat with youths **'Hangout with CM'** કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું, જેમાં વિશ્વના અનેક લોકો સાથે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વાર્તાલાપ કર્યો.

**સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર**

- ગ્રામ કક્ષાએ **૧૫,૭૩૬ ,** તાલુકા કક્ષાએ **૨૨૪,** જીલ્લા કક્ષાએ **૨૬** અને નગરપાલિકા

કક્ષાએ **૧૫૯** , મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વોર્ડ કક્ષાએ **૨૧૪** સ્વામી વિવેકાનંદ મંડળ/કેન્દ્રોની રચના.

- ગ્રીમ્કો મારફતે **૩૫,૦૦૦** ક્રીકેટ કીટ્સ, **૩૫,૦૦૦** વોલીબોલ કીટ્સ, **૩,૫૦૦** કેરમ કીટ્સ અને **૫,૫૦૦** ચૅસ કીટ્સની ખરીદી કરવામાં આવેલ છે.
- ગ્રામ્ય, તાલુકા, નગરપાલિકા કક્ષાએ અને મહાનગરપાલિકા (વોર્ડ) કક્ષાએ નીચે મુજબ રમતગમતનાં સાધનોની કિટસ્ ફાળવવામાં આવેલ છે.
- ગ્રામ્ય કક્ષાએ ક્રિકેટની **૨૫,૧૨૨** અને વૉલીબોલની **૨૫,૧૨૨** કિટ્સ,
- તાલુકા કક્ષાએ ક્રિકેટની **૧,૧૨૦** અને વૉલીબોલની **૧,૧૨૦** કિટ્સ,
- નગરપાલિકા કક્ષાએ ક્રિકેટની **૨,૩૮૫**, વૉલીબોલની **૨,૩૮૫** કિટ્સ અને કેરમની **૩,૫૦૦** કિટ્સ, અને
- મહાનગરપાલિકા કક્ષાએ ક્રિકેટની **૨,૧૪૦** અને વૉલીબોલની **૨,૧૪૦** કિટ્સ અને ચેસની **૫,૫૦૦** કિટ્સ વિતરણ કરવામાં આવેલ છે.

**સદ્ભાવના મિશન**

મારી સરકાર છ કરોડ ગુજરાતીઓના વિકાસ માટે કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ પોતાના જન્મ દિવસ ૧૭–૯–૧૧થી શરૂ કરી ત્રણ દિવસના અનશન અમદાવાદથી શરૂ કરી જ્ઞાતિ–કોમ વચ્ચે સદ્ભાવના વધે તે માટે એક હાર્દિક અપીલ કરી હતી. આને અભુતપૂર્વ પ્રતિસાદ મળતાં સદ્ભાવના–મિશનના ૩૬ જેટલા જિલ્લા મહાસંમેલનો કર્યા. આનાથી રાજયમાં શંતિ,એકતા અને અદ્વિતીય સદ્ભાવનાનું નિર્માણ થયું – જે દેશના ઈતિહાસનું એક ગૌરવપૂર્ણ પ્રકરણ છે.

**માહિતી અને પ્રસારણ**

મને જણાવતાં આનંદ થાય છે કે મારી સરકાર દ્વારા પ્રસિધ્ધ થતું પાક્ષિક 'ગુજરાત' ગુજરાતનું સૌથી વધુ સર્ક્યુલેશન ધરાવતું સામયિક બન્યું છે, જેનું સર્ક્યુલેશન ૧૧ લાખ ૫૦ હજાર છે.

**વૈધાનિક અને સંસદીય બાબતો**

આ સત્રમાં ગુજરાત સિંચાઈ અને ગટર વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩ ઉપરાંત ગૃહની વિચારણા માટે નાણાકીય બાબતોને લગતાં વિધેયકો સહિતનું અન્ય વૈધાનિક કામકાજ કરવાનું આયોજન છે.

**ઉપસંહાર**

તેરમી વિધાનસભાના આ સન્માનીય ગૃહના સભ્યોને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને એ કહેવાનું મન થાય છે કે ગુજરાતની પ્રજાની અપેક્ષા ગુજરાત શકિતશાળી, સમૃધ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજય બને,રાષ્ટ્રભાવના બળવત્તર બને એવી છે, જે આપણે સૌએ પૂર્ણ કરવાની છે. છ કરોડ ગુજરાતીઓની શકિત અને સામર્થ્યને વિકાસમાં જોડવાનો તથા ગુજરાતની વૈશ્વિક ઓળખ ઉભી કરવાનો મારી સરકારનો નિર્ધાર છે.

મારી સરકાર માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક પ્રગતિ અને માનવશકિતના વિકાસને વરેલી છે અને તે માટે સામાજિક અને આર્થિક પરિવર્તનને નવો મોડ આપવા મારી સરકાર પ્રતિબધ્ધ રહેવાની છે.

એકેએક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઈ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતની આવતીકાલનું નિર્માણ કરવાની જવાબદારી

જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાજીવનની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં દિવ્ય ગુજરાત-ભવ્ય ગુજરાતના જન પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું.

**જય હિંદ, જય જય ગરવી ગુજરાત**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,
રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

"અમો આ સત્રમાં એકત્રિત થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ"

**શ્રી મોહનભાઇ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમારે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શોકદર્શક ઉલ્લેખ**

**ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રીમતી સવિતાબેન વેચાતભાઇ ખાંટના અવસાન અંગે.**

શ્રી નરેન્દ્ર દા. મોદી (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય શ્રીમતી સવિતાબેન વેચાતભાઇ ખાંટનું તારીખ ૨૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ ૫૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રીમતી ખાંટનો જન્મ સન ૧૯૫૬માં પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ભુવર મુકામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ ૭ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી સામાજિક ક્ષેત્રે મોરવા હડફ વિસ્તારમાં કાર્યરત રહ્યા હતા. તેઓશ્રી આરોગ્ય, શિક્ષણ, રોજગાર, પછાત વર્ગોનો વિકાસ અને કામદારોનું કલ્યાણ વિગેરે માટે ખાસ રસ ધરાવતા હતા.

સ્વર્ગસ્થ શ્રીમતી ખાંટ તેરમી ગુજરાત વિધાનસભામાં મોરવા હડફ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ઇન્દ્રકુમાર ગુજરાલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ઇન્દ્રકુમાર ગુજરાલનું તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ૯૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગુજરાલનો જન્મ ચોથી ડિસેમ્બર, ૧૯૧૯ના રોજ અવિભાજીત પંજાબના ઝેલમ મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ., બી.કોમ., પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી ગુજરાલ આઝાદીના લડવૈયા કુટુંબના હતા. તેઓશ્રીએ ૧૯૩૧માં સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો હતો અને ધરપકડ વહોરી હતી. તેઓશ્રીએ ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળમાં ભાગ લીધો હતો અને જેલવાસ ભોગવ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી ગુજરાલે યુ.એસ.એસ.આર.માં ભારતના રાજદૂત તરીકે ૧૯૭૬થી ૧૯૮૦સુધી જવાબદારી સંભાળી હતી તેમજ ગેબોન, કેમરુન, કોન્ગો, બલ્ગેરીયા જેવા દેશોમાં ખાસ દૂત તરીકે પણ સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ગુજરાલ ૧૯૬૪થી ૧૯૭૬ સુધી રાજયસભાના અને ૧૯૮૯ થી ૧૯૯૧ સુધી લોકસભાના સભ્ય રહ્યા હતા. તેઓશ્રી ફરીથી ૧૯૯૨માં રાજયસભાના અને ૧૯૯૮માં લોકસભાના સભ્ય બન્યા હતા. તેઓશ્રીએ ૨૧મી એપ્રિલ ૧૯૯૭ થી ૧૯મી માર્ચ, ૧૯૯૮ સુધી દેશના વડાપ્રધાન પદે રહી દેશની જનતાની સેવા કરી હતી. તેઓશ્રીએ વિદેશ, જળસંપત્તિ, માહિતી અને પ્રસારણ, સંદેશાવ્યવહાર અને સંસદીય બાબતો, બાંધકામ અને ગૃહ નિર્માણ તથા આયોજન વિગેરે મંત્રાલયોના મંત્રી પદે રહી તેમની સેવાઓનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાષ્ટ્રએ વિદેશ નીતિના જાણકાર એવા સંનિષ્ઠ રાજકારણીને ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી કૈલાસપતિ મિશ્રના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી કૈલાસપતિ મિશ્રનું તારીખ ૩જી નવેમ્બર, ૨૦૧૨ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મિશ્રનો જન્મ પાંચમી ઓકટોબર, ૧૯૨૬ના રોજ બિહાર રાજયના બકસર જિલ્લાના દુધાર્યક મુકામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર મીડિએટ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજ સેવાના કાર્ય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી મિશ્રએ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો અને ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં ભાગ લેવા બદલ જેલની સજા પણ થઇ હતી.

સ્વર્ગસ્થશ્રી મિશ્રએ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી બિહાર સરકારમાં નાણામંત્રી તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ ૧૯૮૪ થી ૧૯૯૦ સુધી રાજયસભામાં લોક પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી મિશ્રએ તારીખ ૭–૫–૨૦૦૩ થી તારીખ ૨–૭–૨૦૦૪ સુધી ગુજરાત રાજયના રાજયપાલ તરીકે કુશળતાપૂર્વક કાર્યભાર સંભાળ્યો હતો. તેઓશ્રીએ રાજસ્થાન રાજયના રાજયપાલ તરીકે પણ ચાર માસ માટે ફરજો બજાવી હતી.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી પંડિત નવલકિશોર શર્માના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજયપાલશ્રી પંડિત નવલકિશોર મૂળચંદ શર્માનું તારીખ આઠમી ઓકટોબર, ૨૦૧૨ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ પંડિત શર્માનો જન્મ પાંચમી જુલાઇ, ૧૯૨૫ના રોજ રાજસ્થાન રાજયના દૌસા જિલ્લાના દૌસાનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. એલ.એલ.બી, સાહિત્ય વિશારદ સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાત તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ પંડિત શર્મા ગાંધી વિચારધારાને વરેલા હતા. તેઓશ્રીએ ગાંધી વિચાર સાથે શિક્ષણ અને સામાજિક કાર્યોમાં સક્રિય રહી આજીવન ખાદી તેમજ ગાંધી વિચારની સંસ્થાઓને પ્રેરિત કરવાના કાર્યને તેમના જીવનનું મિશન બનાવ્યું હતું.

સ્વર્ગસ્થ પંડિત શર્માએ રાજસ્થાન રાજયમાંથી ચોથી, પાંચમી, સાતમી, આઠમી અને અગિયારમી એમ પાંચ વખત લોકસભામાં અને ૧૯૯૮માં રાજસ્થાન વિધાનસભામાં લોક પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ કેન્દ્ર સરકારમાં નાણાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે ફરજો બજાવી હતી તથા તેમના જીવનકાળ દરમ્યાન રાજસ્થાન તેમજ કેન્દ્ર સરકારમાં વિવિધ હોદ્દાઓ પર રહી તેમના દાયિત્વનું કુશળતાપૂર્વક નિર્વહન કર્યું હતું.

સ્વર્ગસ્થ પંડિત શર્માએ તા. ૨૪–૭–૨૦૦૪ થી તા. ૨૯–૭–૨૦૦૯ સુધી ગુજરાતના રાજયપાલ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો અને યાદગાર અને બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રી સંવૈધાનિક

સંસ્થાઓનું અને બંધારણીય મૂલ્યોનું જતન કરવા માટે સતત જાગૃત રહ્યા હતા. તેઓશ્રીએ જનહિતના કાર્યોમાં યશસ્વી પ્રદાન કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી માત્ર ગુજરાતને જ નહિ પરંતુ સમગ્ર રાષ્ટ્રને એક સાચા ગાંધીવાદી, નિષ્ઠાવાન દેશભકત, કુશળ પ્રશાસક અને કર્મઠ આગેવાનની ખોટ પડી છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાશીરામ રાણાના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાશીરામ છબીલદાસ રાણાનું તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૨ ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી રાણાનો જન્મ ૭મી એપ્રિલ ૧૯૩૮ના રોજ સુરત મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી રાણાએ બી.કોમ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી રાણાએ પાંચમી ગુજરાત વિધાનસભામાં સુરત (પૂર્વ) મત વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રજા હિતના કાર્યો કર્યા હતા અને વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના ચેરમેન તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રીએ નવમી થી ચૌદમી લોકસભામાં સતત છ વાર સુરત મત વિસ્તારમાંથી સંસદ સભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી તથા ભારત સરકારમાં ટેક્સટાઇલ અને ગ્રામ વિકાસ મંત્રાલયના મંત્રી તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી પોપટલાલ વ્યાસના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસનું તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ ૯૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી વ્યાસનો જન્મ ૧૮મી ડિસેમ્બર, ૧૯૧૮ના રોજ સુરત મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી વ્યાસે બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને મુદ્રણાલયના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી વ્યાસે ત્રીજી ગુજરાત વિધાનસભામાં સુરત શહેર (ઉત્તર) અને પાંચમી ગુજરાત વિધાનસભામાં સુરત શહેર (પશ્ચિમ) મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ તા. ૧૮-૬-૧૯૭૫ થી તા. ૧૨-૩-૧૯૭૬ તથા તા. ૧૧-૪-૧૯૭૭ થી તા. ૧૭-૨-૧૯૮૦ દરમ્યાન ગુજરાત સરકારમાં ગૃહ, ન્યાયતંત્ર, માહિતી, પ્રવાસન સાંસ્કૃતિક બાબતો, જેલ, વાહન વ્યવહાર અને સરકારી કર્મચારીઓના કલ્યાણની બાબતો વિગેરે વિષયોના મંત્રી પદે રહીને સુંદર કામગીરી કરેલ છે. તેઓશ્રીના અવસાનથી રાજયએ સમાજ સેવાની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા એક ગાંધીવાદી નેતા ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી બરજુલભાઇ પટેલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી બરજુલભાઇ નવલાભાઇ પટેલનું તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ૮૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ સન ૧૯૩૧ માં વલસાડ જીલ્લાના કપરાડા તાલુકાના સુખાલા ગામે થયો હતો. તેઓશ્રીએ સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે ૧૯૪૭ની સ્વતંત્રતાની લડતમાં ભાગ લીધો હતો તેમજ ધરમપુર રાજય સામે પ્રજા મંડળની સ્થાપના કરી હતી. તેઓશ્રીએ ૧૯૫૨ માં સુરત જિલ્લાના ભાગલા માટેના આંદોલનમાં ભાગ લેવા બદલ તથા ૫મી સપ્ટેમ્બર, ૧૯૫૩ના રોજ ખેડૂત સત્યાગ્રહની આગેવાની લેવા બદલ જેલવાસ ભોગવેલ હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે છઠ્ઠી, સાતમી, આઠમી તથા દશમી ગુજરાત વિધાનસભામાં મોટાપોંઢા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું અને પોતાના વિસ્તારમાં પ્રજાહિતના કામો કરી લોક ચાહના મેળવી હતી. તેઓશ્રીએ તા.૧૧–૩–૧૯૮૫ થી તા. ૫–૭–૧૯૮૫ અને તા. ૧૦–૧૨–૧૯૮૯ થી તા. ૩–૩–૧૯૯૦ સુધી આદિજાતિ કલ્યાણ અને વન વિભાગના રાજયકક્ષાના મંત્રી તરીકે તેમજ તા. ૨૨–૪–૧૯૯૪ થી તા. ૧૩–૩–૧૯૯૫ સુધી કુટિર ઉદ્યોગ અને ખાદી ગ્રામોદ્યોગના મંત્રી તરીકે સુંદર સેવાઓ આપી હતી.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી રમણિકભાઇ કાબાભાઇ ધામીના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી રમણિકભાઇ કાબાભાઇ ધામીનું તા. બીજી જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ધામીનો જન્મ દશમી જાન્યુઆરી, ૧૯૩૪ ના રોજ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગણોદ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી., એસ.એસ.ઇ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાત, ખેતી અને ઉદ્યોગની કામગીરી સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ધામીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે તેમની સેવાઓનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ ઉમદા સમાજ સેવક અને સહકારી ક્ષેત્રના આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ફતેસિંહ સોઢાના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ફતેસિંહ ગાંડાભાઇ સોઢાનું તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૧૨ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી સોઢાનો જન્મ ૧૫મી જુન, ૧૯૩૪ના રોજ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના હરણીઆવ મુકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી સોઢાએ ઇન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી સોઢા વાંચન, પ્રવાસ અને ઘોડેસવારીનો શોખ ધરાવતા હતા. સ્વર્ગસ્થ શ્રી સોઢાએ છઠ્ઠી તેમજ સાતમી ગુજરાત વિધાનસભામાં દસક્રોઇ મત વિસ્તારના ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્ત્વ કર્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**પૂર્વ સભ્યશ્રી દિલીપસિંહ ઠાકોરના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દિલીપસિંહ જુવાનસિંહ ઠાકોરનું તારીખ ૧૬મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી ઠાકોરનો જન્મ તારીખ ૩૧મી જુલાઇ ૧૯૪૦ના રોજ સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના દેરોલી મુકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી ઠાકોરે બી.એસસી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓશ્રી ગરીબ દર્દીઓની સહાય જેવી સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થ શ્રી ઠાકોરે આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે કઠલાલ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વર્ગસ્થ શ્રી ઠાકોરના અવસાનથી રાજયએ એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઇન્દ્રનાથ પરમારના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઇન્દ્રનાથ મધુસુદન પરમારનું તારીખ નવમી મે, ૨૦૧૨ના રોજ ૫૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી પરમારનો જન્મ પાંચમી જુલાઇ, ૧૯૫૬ના રોજ આણંદ જિલ્લાના સોજીત્રા મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજ સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી પરમારે નવમી ગુજરાત વિધાનસભામાં સોજીત્રા મત વિસ્તારમાંથી ચુંટાઇ આવી ધારાસભ્ય તરીકે સમાજસેવાના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થ શ્રી પરમારના અવસાનથી રાજયએ એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી)**ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિગતથી પોતાનું દુઃખ અને આખા ગૃહની લાગણી આપની સમક્ષ વ્યક્ત કરી છે તે તેમના પરિવારજનોને આપ પહોંચાડશો, તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

સવિતાબેન વેચાતભાઇ ખાંટ જેમની સાથે મારે વ્યક્તિગત પરિચય હતો. કમભાગ્યે અગિયારે અગિયાર મિત્રો મારા પર્સનલ નામ સાથે ઓળખાણવાળા મિત્રો હતા જે આજે આપણી વચ્ચે નથી રહ્યા, એવા પરિચિત પરિવારના કહી શકાય એવા આ બધાયનો શોકસંદેશો અત્યારે આપણે પહોંચાડીએ છીએ એનું આપણને દુઃખ છે.

કુદરતની નિયતિ જેને આપણે કહીએ છીએ. જે બહેન મત ગણતરીમાં એક ઉમેદવાર તરીકે કાઉન્ટીંગની જગ્યા પર જાય છે અને ત્યાં જ તેમને એટેક આવે છે અને પોતાનું પરિણામ પણ જાણી શક્યા નથી આને નિયતિ કહેવાય. એ નિયતિના ભાગરૂપે સવિતાબેન વેચાતભાઇ ખાંટ ટ્રાયબલ પરિવાર, મોરવાહડફ જેવો જે પંચમહાલ જિલ્લાનો પછાત વિસ્તાર જેને કહી શકાય ત્યાંના તેઓ પોતે વતની હતા. સારા સામાજિક કાર્યકર હતા. પોતાના પતિ સાથે તેમની જે શૈક્ષણિક સંસ્થાઓ વિગેરે ચાલતી હતી, તેમાં પણ સહભાગી હતા.

એવી જ રીતે ગૃહ સાથે જેમને સંબંધ નહિ, પણ દેશના વડાપ્રધાન તરીકે રહી ચૂકેલા ઇન્દ્રકુમાર ગુજરાલ, સામ્યવાદી વિચારસરણીવાળા હતા, રશિયા અને બીજા અનેક દેશોમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરીને પોતાના દેશના સારા વિચારો અને સારા સંબંધો એ દેશ સાથે રહે એવા કાર્ય કરનાર એક પ્રમાણિક મહાપુરૂષ કહી શકાય એવા હતા. છેલ્લે છેલ્લે વડાપ્રધાન પદનો પણ સરસ મોકો એમના જીવનમાં એમને મળેલો, પંજાબમાંથી એ લોકસભામાં આવ્યા હતા અને બહુ સારા વિનમ્ર–નમ્ર કહી શકાય એવા હતા, એમને ક્યારેય ઉંચા અવાજે સાંભળ્યા નથી અને એમની વાત ક્યારેય ગુસ્સે થઇને કરી હોય એવું મારા જાણવામાં નથી. મારા સારા મિત્ર કહી શકાય એવા હતા. માણસને આવ્યો હોય ત્યાંથી હાથ પકડીને રીસીવ કરીને લાવે અને હાથ પકડીને બહાર મૂકવા પણ આવે આવા વિનમ્ર વડાપ્રધાન ઇન્દ્રકુમાર ગુજરાલ, જૂના હિંદુસ્તાન અખંડ ભારતના જૂના પંજાબમાં પોતે જન્મેલા પણ પાછળથી આપણે ત્યાં રહીને દેશનું જે ઉચ્ચ પદ કહી શકાય એવું વડાપ્રધાનનું પદ તેમણે હાંસલ કરેલું. તેઓ આજે આપણી વચ્ચે નથી એનું આપણને દુઃખ છે.

એવી જ રીતે બે આપણા માનનીય ગવર્નરશ્રી નવલકિશોર શર્માજી અને કૈલાસપતિ મિશ્ર, હું જયપુરમાં એમની ખબર કાઢવા ગયો હતો, મને લાગ્યું કે બહુ લાંબુ નહિ ખેંચી શકે. નવલકિશોરજી શર્મા, દેશના સારા કહી શકાય એવા એડમિનિસ્ટ્રેટર અને પેટ્રોલિયમ જેવું ખાતું કે જે બહુ મહત્વનું હોય છે, હિંદુસ્તાનમાં શરૂઆતમાં જ્યારે ઓ.એન.જી.સી., નેચરલ ઓઇલ ગેસ, તેના શરૂઆતમાં પાયોનીયર કહી શકાય એવા નવલકિશોર શર્માજી ભારત સરકારના તે વખતે મંત્રી પણ હતા બહુ સારા કહી શકાય એવા, બહુ જ ઓછા બોલા પણ અનુભવી સાચા ગાંધીયન કહી શકાય એવા નવલકિશોરજી શર્મા. કૈલાસપતિજી બિહારથી અહીં ગુજરાતમાં આવેલા. બહુ વ્યકતિગત પરિચય મને એમની સાથે ઘણો નજીકથી અને રાજયસભામાં પણ મને એમની સાથે બેસવાનો મોકો મળેલો એ પણ અતિશય વિનમ્ર, કયારેય ગુસ્સે થયા સિવાય પોતાની જે વાત કહેવી હોય તે કહી શકે એવા એ મિતભાષી હતા એ પણ આપણાં વચ્ચે નથી રહ્યાં.

એવા જ સુરતના બે મહાનુભાવો કાશીરામ રાણા જે એક બહુ સામાન્ય પરિવારમાંથી આવી ભારત સરકારના ટેકસટાઇલ મિનિસ્ટર સુધી પહોંચીને સુરતની, ગુજરાતની અને દેશની સાચી સેવા પણ કરેલી. સામાન્ય પરિવારમાંથી માણસ જયારે આગળ આવતો હશે ત્યારે તેઓના ઘણા અનુભવો બીજા લોકોના કામમાં આવે તેના માટે પોતે પ્રયોગ કરતા હોય છે. કાશીરામભાઇ એમાનાં એક હતા જે આપણી વચ્ચે આજે નથી રહ્યાં. પોપટલાલ વ્યાસ આ રાજયના ગૃહમંત્રી હતા. એમનું જન્મસ્થાન સુરત લખેલું છે, પણ મારી માહિતી પ્રમાણે એ પારોલ ખાનદેશ, જૂના મુંબઇ રાજયમાં જનમ્યા હતા અને ત્યાંથી પછી સાબરકાંઠાના વતની, પણ સુરતને કાર્યક્ષેત્ર બનાવેલું અને છેક જીવ્યા ત્યાં સુધી સામાજીક સેવાઓમાં પછી તે દવાખાનું હોય, બીજી પ્રવૃત્તિ હોય, તેમાં પ્રદાન આપ્યું. અતિશય સાચા ગાંધીયન કહી શકાય એવા પોપટલાલ વ્યાસ ગુજરાત રાજયના ૧૯૭૫માં ગૃહમંત્રી હતા. મને યાદ છે આજે તેમની સક્રિયતા અને બહુ સારા કહી શકાય એવા કાર્યકર્તાઓ સાથેના સંગઠનના માણસ કહી શકાય એવા પોપટલાલ વ્યાસ પણ આપણી વચ્ચે નથી. રમણીકભાઇ ધામી હાઉસના ઉપાધ્યક્ષ હતા સહકારી ક્ષેત્રમાં ઘણી સારી સક્રિયતા કહી શકાય એવા એક નવા ચીલા ચીતરનાર માણસ છેલ્લે છેલ્લે કદાચ પેરેલાઇસના એટેકથી, ચાલી શકવાની તકલીફ હોવા છતાં પણ દિલ્હી જવાનું હોય કે કોઇ પણ જગ્યાએ જવાનું હોય, નાદુરસ્ત તબિયત હોય તો પણ માણસ પોતાની જવાબદારી છેક જીવ્યા ત્યાં સુધી તેમણે સહકારી ક્ષેત્રમાં નિભાવેલી એવા રમણીકભાઇ ધામી પણ આપણી વચ્ચે નથી રહ્યાં. બરજુલભાઇ એ એક ટ્રાયબલ ક્ષેત્રમાં સારું કહી શકાય એવું જેમણે કામ કર્યુ છે. એવા એ પણ આપણી વચ્ચે નથી રહ્યા. દિલીપસિંહભાઇ જે મારા મત વિસ્તાર કઠલાલના સક્રિય ધારાસભ્ય તરીકે કઠલાલમાંથી જીતેલા. માણસ સાચા બોલો, આખા બોલો જેને કહી શકાય, આટલી બધી ડિગ્રી બી. એસ. સી. હોવા છતાં પણ સામાન્ય પરિવાર જેમના પિતાજી જુવાનસિંહભાઇ ખેડા જિલ્લાના સહકારી ક્ષેત્રમાં બહુ સારું નામ પણ જયારે આપણે તેમનું ઘર આજે જોઇએ તો આપણને એમ લાગે કે જાહેર જીવનનો માણસ કેટલો સાચો સેવક હતો તે દિલીપસિંહના ઉપરથી કહી શકાય. એમની સ્મશાન યાત્રામાં એટલા બધા માણસો ઉમટી પડેલા. એટલી બધી લોકપ્રિયતા માણસે ચાહના પ્રાપ્ત કરેલી કે આજે પણ આપણને દુઃખ થાય કે આવા આગેવાનો આપણી વચ્ચેથી વહેલા જાય એનો આપણને વસવસો થાય. એવા દિલીપસિંહ જુવાનસિંહ એ બહુ સારા કહી શકાય એવા કાર્યકર્તા હતા. ફતેસિંહ સોઢા અમદાવાદની બાજુમાં દસક્રોઇમાંથી વિધાનસભામાં જીતતા હતા. વિનમ્ર કહી શકાય, ઓછાબોલા લો પ્રોફાઇલ એવા એ કાર્યકર્તા હતા. ધારાસભ્ય બન્યા તો પણ ધારાસભ્યનું અભિમાન એમને નહોતું અને છેલ્લે અનામત વિસ્તારમાં ઇન્દ્રનાથભાઇ પરમાર પણ સોજીત્રા બેઠક જયારે અનામત હતી ત્યારે તેમાંથી સમાજના સામાન્ય માણસોનું કામ કરતા કરતા લગભગ આખું જીવન એમાં વિતાવ્યું. આવા અગિયાર મિત્રો આપણી વચ્ચે નથી રહ્યાં. હું આપના માધ્યમથી એમના પરિવારને આશ્વાસન મળે અને સદગતના આત્માને મોક્ષ મળે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સભાગૃહ સમક્ષ જે ૧૧ શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યાં છે તેમાં મારો સૂર પૂરાવું છું.

ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી પંડિત નવલકિશોર શર્માનું ૮૮ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી શર્મા ગાંધી વિચારધારાને વરેલા હતા. તેઓશ્રીએ વિદ્યાર્થી જીવનમાં સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો. ગાંધી વિચારધારા અને રચનાત્મક કાર્યોથી રંગાયેલા શ્રી શર્માએ આદિવાસીઓના ઉત્કર્ષ અને અસ્પૃશ્યતાના નિવારણમાં મહત્વનું યોગદાન આપ્યું હતુ. ગાંધી વિચારોના પ્રચાર અને પ્રસાર કરતી સંસ્થાઓને પ્રેરિત કરવાનું કાર્ય તેમના જીવનનો ધ્યેય હતો. ખાસ કરીને સ્વર્ગસ્થ શ્રી શર્માજી, તેમણે તેમના ગુજરાતના રાજયપાલશ્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાતના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. તેઓશ્રી ગુજરાતના વિકાસથી ખૂબ જ પ્રભાવિત હતા અને રાજયના વિકાસના કામોની હંમેશા સરાહના કરતા હતા. રાજયના ઝડપી વિકાસમાં તેઓએ આપેલ યોગદાન અને સહયોગને ગુજરાત કયારેય ભૂલી શકશે નહીં. તેઓશ્રીના અવસાનથી રાષ્ટ્રએ પ્રખર ગાંધીવાદી અને નિષ્ઠાવાન દેશભકત ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના સભ્ય સ્વર્ગસ્થ શ્રીમતી સવિતાબેન વેચાતભાઇ ખાંટનું ૨૧મી ડિસેમ્બરના રોજ ૫૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. શ્રીમતી

ખાંટનો જન્મ ૧૯૫૬માં પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના ભુવર મૂકામે થયેલ હતો. તેઓશ્રી સામાજીક ક્ષેત્રે વિસ્તારમાં કાર્યરત હતા. તેઓશ્રી આરોગ્ય, શિક્ષણ, રોજગાર, પછાતોનું કલ્યાણ અને ખાસ કરીને આદિજાતિ વિસ્તારના લોકોના વિકાસમાં ખૂબ જ રસ લેતા હતા. તેઓશ્રી કામદારોના કલ્યાણ માટે પણ રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થ શ્રીમતી ખાંટ ૧૩મી ગુજરાત વિધાનસભાના મોરવાના મત વિસ્તારમાંથી ધારાસભ્યશ્રી તરીકે ચૂંટાઇ આવ્યા હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી કેશુભાઇ સ. પટેલ (જી.પી.પી.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ૧૧ લોકોના, જે આ ગૃહ સાથે વિવિધ રીતે સંકળાયેલા હતા, ગૃહના સભ્ય હતા અથવા તો રાજયપાલશ્રીઓ હતા, એ અંગેના શોક પ્રસ્તાવ અહીંયા લાવ્યા છે અને જેને વિરોધ પક્ષના નેતા ભાઇ શંકરસિંહભાઇએ ટેકો આપ્યો છે, અનુમોદન આપ્યું છે, એમની સાથે હું સૂર પૂરાવું છું અને મારું અનુમોદન આપું છું.

આમાંના આટલા બધા લોકો સાથે મને પ્રત્યક્ષ કામ કરવાનો મોકો મળ્યો. અહીંયા ઉલ્લેખ થયો, ભાઇ શ્રી કાશીરામ રાણાનો. વર્ષોના વર્ષો સુધી જેમની સાથે, સાથે મળીને કામ કર્યુ છે. હમણા કહેવાયુ તેમ એક નાની, અતિ પછાત એવી જ્ઞાતિમાંથી એ આગળ આવ્યા, ધારાસભ્ય બન્યા. એ ધારાસભ્ય બન્યા એ જ વખતે હું પણ પહેલી વખત ધારાસભ્ય બન્યો. અને એમની સાથે કામગીરી ઉઠાવી. ૬ વખત લોકસભાના સભ્ય રહ્યાં, કેન્દ્રના મંત્રી રહ્યાં. સતત કાર્યશીલ એવી આ વ્યકિત પ્રજાની સેવા કરતા કરતા આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. ઉપરાંત બન્ને આપણા ગવર્નરશ્રીઓ, જેમનો અહીંયા ઉલ્લેખ થયો છે એવા સ્વર્ગસ્થ આપણા ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી કૈલાસપતિ મિશ્ર અને સ્વર્ગસ્થ શ્રી નવલકિશોર શર્મા. એમના કાર્યકાળ દરમ્યાન પણ મારા સંબંધો રહ્યાં છે અને હું કહી શકું કે આવા એક નિષ્ઠાવાન, પ્રજા પ્રત્યેની ભાવના ધરાવનારા અને યોગ્ય રીતે વહીવટી કુશળતાવાળા એવા બન્ને રાજયપાલશ્રીઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. દેશના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ શ્રી આઇ. કે. ગુજરાલ. સ્વર્ગસ્થ શ્રી પોપટલાલ વ્યાસ, એમની સાથે તો મારે ૧૪ મહિના સુધી એકી સાથે જેલમાં રહેવાનો પ્રસંગ બન્યો. અમે ૧૪ મહિના સુધી સાબરમતી જેલમાં સાથે રહ્યાં, ઇમરજન્સીના સમય ગાળા દરમિયાન જે વ્યાપક ધરપકડો થઇ હતી, એમાં સ્વર્ગસ્થ પોપટલાલ વ્યાસ અને મારી પણ ધરપકડ થયેલી હતી, તેઓ કોંગ્રેસ (ઓ) ના એ વખતે સંગઠનના આગેવાન હતા, એમની પણ ધરપકડ થઇ હતી અને મારી પણ ધરપકડ થઇ હતી, અન્ય લોકોની પણ થઇ હતી, એ વખતે સાબરમતી જેલમાં અમારા ઘનિષ્ઠ સંબંધો બંધાયા હતા, તેઓ ગૃહમંત્રી હતા એ જ વખતે હું પણ ઈરિગેશન અને કૃષિ મંત્રી હતો, સ્વર્ગસ્થ બાબુભાઇ જશભાઇ પટેલ મુખ્યમંત્રી હતા. એ વખતે સ્વર્ગસ્થ પોપટભાઇ એક એવા મજબૂત માણસ હતા કે જે વખતે એક ચકલું પણ ફરકી ન શકે તેવી છાપ ઇમરજન્સીની લોકોમાં બેસી ગઇ હતી, એ દિવસોમાં કોઇ પત્રિકા પણ બહાર ન પાડી શકે, કોઇ છાપું પણ છાપી ન શકે, કોઇ ભાષણ પણ ન કરી શકે તેવી પરિસ્થિતિ હતી. જેમણે ઇમરજન્સી નથી જોઇ, એમના માટે તે સમયની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. એવા સંજોગોમાં સ્વર્ગસ્થ પોપટલાલ વ્યાસ અને અમે સાથે સભાઓ, જાહેર સભાઓ કરતા કરતા પોપટલાલ વ્યાસની ધરપકડ થઇ. મારી પણ ધરપકડ થઇ, એવા આજીવન પ્રજાના સેવક ભાઇ શ્રી પોપટલાલ વ્યાસ, એવા જ એક ભાઇ શ્રી બરજુલભાઇ નવલાભાઇ પટેલ જેમના પણ પરિચયમાં આવ્યો હતો, ભલે ઘનિષ્ઠતા નહોતી, તેવા જ વિધાનસભાના સદસ્ય શ્રી અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી રમણીકભાઇ ધામી, કે જેઓ આજીવન ગ્રામીણ પ્રજાના હિતો ખાતર સતત બુદ્ધિપૂર્વક લડતા આવ્યા હતા, એ જ રીતે સહકારી ક્ષેત્રમાં એક પણ વાત ખેડૂતોના હિતની વિરૂધ્ધમાં કે ગામડાંના વિરોધમાં એમના ધ્યાનની બહાર જાય તેવું બની શકે નહીં, એવા જાણકાર વ્યક્તિ, વર્ષો સુધી તેઓ સહકારી ક્ષેત્રમાં જ રહ્યા, સહકારી ક્ષેત્રમાં જ નહીં પણ રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેમણે પાંચ વર્ષ સુધી સેવાઓ આપી હતી, અન્ય સહકારી ક્ષેત્રે સહકારી બેંકોમાં પણ સક્રિય રહ્યા એ રીતે શહેરી ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન રહ્યું હતું. આ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે માનનીય શંકરસિંહજી બેઠા છે તેની બાજુની સીટમાં તેઓ પણ બેસતા હતા, અને એમની બાજુમાં હું બેસતો હતો, વિરોધપક્ષનો નેતા હતો એ નાતે, એટલે અમે બન્ને લોકો બાજુ બાજુમાં બેસતા હતા અને ઘણા બધા પરિચયમાં પણ આવ્યા હતા, એક નિષ્ઠાવાન આગેવાન,

પેરાલીસીસનો હુમલો આવ્યો તો શું થયું, એવું કહેનારા જેમ હમણાં માનનીય શંકરસિંહજીએ કહ્યું તેમ, જેમણે પણ એમને જોયા છે એ ચાલી કઇ રીતે શકે, વિમાનની મુસાફરીમાં, ગાડીમાં મુસાફરીમાં, કોઇ પણ કાર્ય સતત કરતા રહ્યા હતા, એવા એક આગેવાન આપણે ગુમાવ્યા છે, એ જ રીતે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ફતેસિંહભાઇ સોઢા, સ્વર્ગસ્થ શ્રી દિલીપસિંહ જુવાનસિંહ ઠાકોર અને ઇન્દ્રનાથ મધુસુદન પરમાર જેમની સાથે પણ પાંચ વર્ષ સાથે કામ કરવાનો મોકો મળ્યો છે, તેઓ દલિત હતા, જુવાન વ્યકિત હતા અને જોમ વાળા હતા, સમાજ માટે મારે કંઇક કરી છૂટવું છે તેવું સમજતા ભાઇ શ્રી ઇન્દ્રનાથભાઇ પરમારનું અવસાન થયું છે ત્યારે આ તમામ લોકો આપણી વચ્ચેથી ગયા છે અને આજે હયાત નથી તે તમામ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગેનો જે શોક પ્રસ્તાવ મૂકયો છે એમાં મારું અનુમોદન આપું છું અને એમના કુટુંબીજનોને સાંત્વના આપું છું. સાથે સાથે ઇશ્વર એમના આત્માને મોક્ષગતિ આપે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહના ૧૧ જેટલા સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ માટે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ એમાં સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવા માટે ઉભો થયો છું.

સ્વ. શ્રી રમણીકભાઇ ધામી સાથે મારે ઘણા વરસોથી સબંધ હતો. ઉપલેટા તાલુકાના ગણોત ગામમાં એમનો જન્મ થયો હતો. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવીને તેઓ એ ગામના સરપંચ બન્યા, ઉપલેટા તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ બન્યા, રાજકોટ સહકારી બેંકના અધ્યક્ષ પણ બન્યા, રાજકોટમાં રાજ સહકારી બેંકના નામે એક માતબર સહકારી સંસ્થાની સ્થાપના પણ કરી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ કામ કર્યુ એવા શ્રી રમણીકભાઇ ધામી કેળવણી ક્ષેત્રે પણ ખૂબ રસ લેતા. સમાજ સુધારણા, કેળવણી, પંચાયત, ગ્રામ વિકાસ અને ખેડૂતોના ઉત્કર્ષ માટે દિવસ અને રાત ચિંતા કરનાર રમણીકભાઇ ધામીની શારીરિક સ્થિતિ ખરાબ હતી તેમ છતાં દ્રઢ માનસિકતા ધરાવવાના કારણે એ જીવ્યા ત્યાં સુધી કામ કરતા રહ્યાં આપણા જાહેર જીવનની મૂડી કહી શકાય તેવાઓના જવાથી ગુજરાતને મોટી ખોટ પડી છે, આ ખોટ કદી પણ પૂરી શકાય તેવી નથી. હું આ તબક્કે મારો દિલસોજીનો સંદેશો પાઠવું છું. સાથેસાથે એમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આફત જીરવવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના સાથે આપની મારફતે આ દિલસોજીનો સંદેશો સ્વ. રમણીકભાઇ ધામીના કુટુંબીજનો તથા તમામ સ્વ. મહાનુભાવોના કુટુંબીજનોને પહોંચે તેવી વિનંતી.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપેલ છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

અગિયાર–અગિયાર મોટા નેતાઓ કે જેમણે ગુજરાતની સેવા કરી છે એ બધા નેતાઓનું પ્રદાન ગુજરાતના વિકાસમાં રહ્યું છે આપણે સૌ એમને યાદ કરીએ છીએ. પરંતુ જેમની સાથે રાજનીતિમાં રહેવાનો મોકો મળ્યો તેવા મુરબ્બી શ્રી કાશીરામભાઇ રાણા જેઓ સુરતના વતની હતા. એમણે જીંદગીભર ભેખ ધારણ કર્યો, સુરત શહેર, દક્ષિણ ગુજરાત અને ગુજરાતના વિકાસમાં એમનું યોગદાન ભૂલી શકાય તેમ નથી. એમણે પૂરી જીંદગી ભારતીય જનતા પક્ષ માટે ખર્ચી નાખી હતી. અને જે રીતે એમણે કામ કર્યુ હતું એક ઓલીયાપીર જેવું કામ કરતા રહ્યા. એમની દીકરીના લગ્ન આવેલા ત્યારે અમારા મુરબ્બી નાથાલાલ ઝઘડાએ કહ્યું કે તેઓ એમની દીકરીના લગ્ન કેવી રીતે કરશે, તમે કાર્યકર્તાઓ ભેગા થઇને એમને મદદરૂપ થાવ. નાની મોટી રકમ ભેગી કરીને અમે એમને આપવા ગયા હતા, મને આજે પણ યાદ છે અમે એમને આપવા માટે ગયા ત્યારે એમણે કહ્યું કે મારે નાણાંની વ્યવસ્થા થઇ ગઇ છે. અમે કહ્યું કે તમારી કઇ આવક છે ત્યારે તેઓએ કહ્યું કે ગાંધીનગરમાં મેં જે પ્લોટ વેચ્યો હતો એમાંથી મને આવક થઇ હતી એની બચતમાંથી મારી દીકરીના લગ્ન થઇ જશે. એમના જીવનમાંથી આપણે સૌ રાજકીય નેતાઓએ એમનો આ ગુણ શીખવો જોઇએ. એમણે જીંદગીભર ભારતીય જનતા પક્ષનું કામ કર્યુ હતું પરંતુ પાછળના દિવસોમાં કઇંક વિચાર ભેદ આવવાને કારણે

જરાક એમાંથી ખસી પડ્યા, એમને એક આઘાત લાગ્યો કે આવડા મોટા પક્ષને ઉભો કરવા જીંદગી ખર્ચી નાખી હતી અને એક નાના ડિસ્ટર્બન્સને લીધે આઘાત લાગ્યો, સુરતના લોકો કહે છે કે એ આઘાતને લીધે હાર્ટ એટેક આવ્યો અને પરિણામે એમનું મરણ થયું.ગમે તે પણ તેમની સેવા ભૂલી શકાય તેવી નથી અને ભારતીય જનતા પાર્ટીના લીડર તરીકે ગૃહમાં બેઠેલાં તમામ મોટા નેતાઓની સાથે સહયોગ કરીને ભારતીય જનતા પાર્ટીને, અમારા પક્ષને બેઠો કરવામાં અને પક્ષનું કામ કરવામાં એમનું પ્રદાન રહ્યું છે. સાથે સાથે શ્રી પોપટભાઇ વ્યાસને પણ મેં નજીકથી જોયા છે. ૯૩ વર્ષની ઉંમર સુધી, છેલ્લી મિનિટ સુધી, અપંગ જેવા થઇ ગયા હતા છતાં પણ જયાં જઇ શકાય એવી સંસ્થાઓમાં જઇને સુરતમાં સેવા કરતા હતા, એ પણ એક મિસાલ હતા. અમે એમને મળતા ત્યારે હંમેશા કામ કરવાની વાતો કરતા હતા. આવા સંનિષ્ઠ આગેવાનો આપણી વચ્ચે નથી. એ સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગૃહ એમને આપના દ્વારા દિલસોજીનો સંદેશો મોકલે તેવી આશા રાખું છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે જેને વિરોધપક્ષના નેતાશ્રીએ ટેકો આપ્યો છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

આ ગૃહના ૧૧ જેટલા સભ્યો જેમણે સતત ગુજરાતની સેવા કરી છે તેમનું અવસાન થયું છે ત્યારે તેમાંના એક અમારા મોટાપોંઢા મત વિસ્તારના આદરણીય બરજુલભાઇ પણ હતા. તેમનું તા. ૯-૧૨-૨૦૧૨ના દિવસે દુઃખદ અવસાન થયું. સ્વ.બરજુલભાઇનો જન્મ ૧૯૩૧માં જૂનો ધરમપુર તાલુકો સુખાલા ગામે એક નાનકડા કુટુંબમાં થયો હતો. તેમણે ૧૯૪૭માં પ્રજામંડળની લડતમાં સતત ભાગ લઇને જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૫૩ના દાયકામાં " ખેડે તેની જમીન " ની લડતમાં ભાગ લઇને ત્યારે પણ જેલવાસ ભોગવવાનો વારો આવ્યો હતો. તેમણે સમાજની સેવા કરવા માટેની શરૂઆત ૧૯૭૨-૭૩ના દાયકામાં એલ.આઇ.સી. ઓફિસર તરીકે કરી. ત્યાર બાદ ૧૯૭૫માં જિલ્લા પંચાયતના સભ્ય ચૂંટાયા બાદ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન તરીકે તેમણે ફરજનિષ્ઠા બજાવી. તે સમયે ધરમપુર તાલુકો એટલે એશિયા ખંડનો મોટામાં મોટો તાલુકો કહેવાય. એ તાલુકામાં કામ કરવાનો એમને મોકો મળ્યો અને તે સમયે રસ્તા, પાણી અને શિક્ષણ જેવી સુવિધા માટે સતત ઝઝૂમતા રહ્યા. ત્યારબાદ ૧૯૮૦માં છઠ્ઠી વિધાનસભા, સાતમી વિધાનસભા, આઠમી વિધાનસભા અને દસમી વિધાનસભામાં સતત વીસ વર્ષ સુધી એમણે સમાજને, કપરાડા અને ધરમપુર તાલુકાને જે સેવા આપી તેમના જ અમે ચેલા છીએ એમ કહીએ તો ખોટું નથી. એમના પરિવાર પર આવી પડેલી આફતમાં આપણે સૌ અને ખાસ કરીને અમારા આદિવાસીઓમાં, જેમની આગેવાનીમાં વર્ષો સુધી અમે સતત કામ કર્યું એવા બરજુલભાઇના પરિવારને આ ગૃહ વતી દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી છત્રસિંહ પૂં. મોરી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતા આ ગૃહમાં ૧૧ જેટલા સન્માનનીય આગેવાનોનો શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. આમાં અડધાથી વધારે લોકો એવા છે કે મારે પણ આ વિધાનસભા ગૃહમાં તેમની સાથે કયાંક બેસવાનું, કોઇકને કોઇક જગ્યાએ તેમને મળવાનું પણ થયું છે. આમાંના દક્ષિણ ગુજરાતના અમારા આગેવાન અને સુરતના વતની પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ ધારાસભ્ય મુરબ્બી શ્રી કાશીરામ રાણા સાથે હું પહેલી પેટા ચૂંટણી ૧૯૯૨માં લડયો ત્યારે દક્ષિણ ગુજરાતની પરિસ્થિતિ ખૂબ કપરી હતી અને તે સંજોગોમાં ભરૂચ જિલ્લામાં તેમણે અમારી સાથે કામ કર્યું છે. સતત અમને જે હૂંફ આપી છે અને અમારી સાથે એકેએક કાર્યક્રમમાં અમારા માર્ગદર્શક બનીને આખા દક્ષિણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી માટે આખું જીવન ખર્ચી નાખ્યું છે. તેમના પરિવરજનોને આ આફત સહન કરવા માટેની શકિત પરમ કૃપાળુ પરમાત્મા આપે અને સદગતના આત્માને સદ્ગતિ મળે તેવી હું પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી દિલીપસિંહ જુવાનસિંહ ઠાકોર પણ મારા પરમ મિત્ર હતા. બે વિધાનસભામાં મારી સાથે બેસવાનું થયું છે. એ કોંગ્રેસના હોવા છતાં પણ એમના સ્વભાવના કારણે એમનું મારા ઘેર રોજ આવવાનું અને સાથે જમવાનું. તેઓ કોંગ્રેસના હોવા છતાં પણ સારી બાબતોનો તેઓ જાહેરમાં

સ્વીકાર કરતા. એમનામાંથી બે ગુણો લેવાનું મન થાય છે. તેઓ પોતે નહીં પણ પોતાના કામને બોલવા દેતા આ એમની પ્રકૃતિ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી ઈન્દ્રનાથ મધુસુદન પરમારના મોટાભાઇ જનાર્દન પરમાર આ વિધાનસભાગૃહના સભ્યની પેટા ચૂંટણીમાં મારા પ્રચારમાં આવ્યા પછી જયારે ચૂંટણીમાં તેમના પ્રચાર દરમિયાન તેમનું અવસાન થયેલ. પછી સ્વ. ઈન્દ્રનાથને વિધાનસભામાં આવવાનું થયું હતું. મને આ પરિવાર સાથે આ ચૂંટણી પ્રચારના પારિવારીક સંબંધોને કારણે ઘણા નિકટના સંબંધો થઇ ગયા હતા. જ્યારે સ્વ.ઈન્દ્રનાથનો પરિવાર ચૂંટણી લડતો ત્યારથી મારા એમની સાથે સંબંધો હતા. હું જ્યારે ચૂંટણી લડ્યો અને વિધાનસભાગૃહમાં આવ્યો ત્યારે આ ગૃહની કાર્ય પદ્ધતિથી અજાણ હોવા છતાં સાથે રહીને કામ કર્યું છે. એમના પરિવાર ઉપર આફત આવી પડી છે એને સહન કરવાની પ્રભુ શકિત આપે. જે અન્ય મહાનુભાવોના શોકદર્શક ઉલ્લેખો લાવ્યા છે. તે સૌને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ જેમાં સૂર પૂરાવ્યો છે એમાં મારો પણ સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ફતેસિંહ ગાંડાભાઇ સોઢા મારા મત વિસ્તારમાં ૧૯૮૦ અને ૧૯૮૫ એમ બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ ગૃહમાં પ્રશ્નો લઇને આવતા હતા. તેઓ જીવનમાં ખૂબ સાદા અને સિમ્પલ હતા. કેટલું જીવ્યા એ મહત્વનું નથી પણ કેવું જીવ્યા એ મહત્વનું છે. એ એમના જીવનમાંથી જાણવા મળે એવું છે. જેનું જીવન સાદું તે સાધુ. એ સ્વ.શ્રી ફતેસિંહ સોઢામાંથી જોવા મળતું હતું. તેઓ સરપંચ તરીકે અને તાલુકા પંચાયતના સભ્ય તરીકે આવ્યા. પછી વિધાનસભામાં બે ટર્મ સુધી લોકોના પ્રશ્નોને ખૂબ જ વાચા આપી. એમના પરિવારમાં ૩ દિકરા અને ૧ દિકરી છે. જેમના દુ:ખદ અવસાન થયા છે એ સર્વેને શ્રદ્ધાંજલિ આપું છું અને એમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી ભગવાનને પ્રાર્થના કરું છું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને જેને વિપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે એવા શોકદર્શક ઉલ્લેખોમાં મારો સૂર પૂરાવું છું. આ પૈકી પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી કાશીરામ છબીલદાસ રાણાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે, તેમાં મારી લાગણી જોડું છું. સ્વ.શ્રી કાશીરામ રાણા અમારા સમાજના મોભી હતા. અને સુરત રાણા સમાજ અને અખિલ ભારત રાણા સમાજ સંગઠનના તેઓ પ્રમુખ હતા. રાણા સમાજમાં પ્રવર્તમાન દુઃષણો નાબૂદ કરવા તેઓએ આજીવન ઝુંબેશ ચલાવી હતી. અને સમાજમાં શિક્ષણનો દર વધે એ માટે પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી કાશીરામભાઇ રાણાના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી હું પ્રાર્થના કરુ છું. અને આપશ્રી મારફત તેઓના સ્વજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોક પ્રસ્તાવ રજૂ કરેલ અને માનનીય વિપક્ષના નેતા શ્રી શંકરસિંહભાઇએ જેને સમર્થન આપ્યું છે અને ત્યારબાદ માનનીય કેશુભાઇ, માનનીય રાઘવજીભાઇ, માનનીય છત્રસિંહભાઇ, માનનીય વસાવાસાહેબ, માનનીય બાબુભાઇ, તમામ સભ્યશ્રીઓએ વિવિધ વ્યકિતઓના જીવન માટે થઇને જે કંઇ એમના શ્રેષ્ઠ ગુણોને બિરદાવી અને જે અંજલિ આપી છે એમાં હું પણ મારો સૂર પૂરાવુ છું. સ્વાભાવિક રીતે આ વિધાનસભામાં આટલી મહાન વ્યકિતઓને એક સાથે શોકાંજલિ આપવાનો આ પહેલો પ્રસંગ હશે કે જેની અંદર આ દેશના વડાપ્રધાન હોય, બે બે ગવર્નર હોય, કેન્દ્ર સરકારના આટલા મિનિસ્ટરો હોય, રાજય સરકારની અંદર ઉપાધ્યક્ષ હોય, રાજય સરકારની અંદર ધારાસભ્ય તરીકે જેમણે કામગીરી કરી છે આ બધા લોકોએ પોતાનું સમસ્ત જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યુ છે, પ્રજાના હિતમાં જે લોકોએ રાત દિવસ જોયા વગર કામ કર્યુ છે આવા દિવંગત આત્માઓ છે એને આ હાઉસે આજે જે શોકાંજલિ આપેલ છે તો આ તમામ વ્યકિતઓના પરિવારોને આ હાઉસ તરફથી આપણે આ શોકાંજલિનો સંદેશો પાઠવીએ. આ દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા મોક્ષ ગતિ પ્રદાન કરે એવી હું મારા વતી

પણ ભાવના વ્યકત કરુ છું. આ સદ્ગત આત્માઓના મોક્ષગતિ માટે આપણે સૌ આપણી જગ્યા ઉપર ઉભા રહી અને બે મિનિટ મૌન પાળીશું.

( બે મિનિટ મૌન બાદ )

દિલસોજીનો આ સંદેશો તમામ દિવંગત આત્માઓના પરિવારોને આપણે મોકલી આપીશું.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વર્તમાન સભ્ય શ્રીમતી સવિતાબેન ખાંટનું દુઃખદ અવસાન થયેલ હોઇ ગૃહની આજની બેઠકનું બાકી રહેલ કામકાજ અને બેઠક મુલતવી રાખવા માટે હું પ્રસ્તાવ રજૂ કરુ છું. હું આશા રાખુ છું કે વિરોધ પક્ષના નેતાશ્રી આ પ્રસ્તાવને ટેકો આપે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું ટેકો આપુ છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? ( થોડીવાર બાદ ) સભાગૃહની આજના દિવસની બેઠકનું કામકાજ મુલતવી રાખીએ છીએ. સભાગૃહની બેઠક હવે પછી બુધવાર, તારીખઃ ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ બપોરના ૧–૧૪ વાગ્યે પૂરું થતાઅધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તારીખઃ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બુધવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
## ફાલ્ગુન ૧, ૧૯૩૪ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું

**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો
## નર્મદા યોજનાની લીંબડી કેનાલની કામગીરી

* ૯૩૭ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે? | (૩) તા. ૨૭–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે. |

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષ મહોદ્ધય મંત્રીશ્રીને મારો એ સવાલ છે કે શું એ વાત ખરી છે કે મુદત વીતી ગયા છતાં કામ પૂરું થયેલ નથી. કરારની જોગવાઇ મુજબ કંપનીને બ્લેકલિસ્ટ કરી, ડિપોઝીટ જપ્ત કરીને કંપનીના ખર્ચે અને જોખમે કામ કરાવવું જોઇએ. એ નહિ કરાવવા પાછળના કારણો શું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પ્રશ્નના જવાબમાં સ્પષ્ટ જણાવ્યું છે કે આ કામ મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઇનુ ટેન્ડર મંજૂર કરવામાં આવેલ હતું. દરમિયાન ૧૮ માસની મુદતમાં આ કંપનીએ કામ પૂર્ણ ન કરતાં અને એ દરમિયાન અમારા નિરીક્ષણમાં અમારા રીવ્યુમાં નર્મદા નિગમના ધ્યાન ઉપર આવ્યું. દરેક કોન્ટ્રાકટર કેટલા સમયમાં કેટલું ભૌતિક કામ કરવું એની આખી પદ્ધતિ, નક્કી કર્યા પ્રમાણેની એક વ્યવસ્થા છે. એ વ્યવસ્થા પ્રમાણે સમયસર કામ નથી થતું, શિડયુલ પ્રમાણે આ કોન્ટ્રાકટર દ્ધારા કામ નથી થતું એવું જણાતા નર્મદા નિગમ તરફથી સદર કોન્ટ્રાકટરને કામમાં ઝડપ લાવવી એ અંગેની નોટિસ આપવામાં આવેલી. એ નોટિસ આપ્યા પછી પણ કોન્ટ્રાકટર દ્ધારા કામમાં ઝડપ ન લાવતા નર્મદા નિગમ તરફથી એમને ફરીથી કામ સમયસર પૂર્ણ કરવામાં નહિ આવે તો બ્લેક લિસ્ટ કરવામાં આવશે એ પ્રકારની ચેતવણી સહિતની કામગીરી કરવામાં આવેલી છતાં કોન્ટ્રાકટરે કામ શરૂ ન કરતાં આ કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવાની અને આ ટેન્ડર માટેની એમની જે ડિપોઝીટ હોય એ જપ્ત કરવાની કાર્યવાહી નર્મદા નિગમ તરફથી હાથ ધરવામાં આવી. આ કાર્યવાહી સામે ઈજારાદાર કોર્ટમાં ગયા, છતાં પણ આપણે આપણી કાર્યવાહી ચાલુ રાખી અને ઈજારદારને બ્લેકલિસ્ટ કર્યા. બ્લેકલિસ્ટ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, ટૂંકો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે એ આપી રહ્યો છું. એ ઇજારદારને બ્લેકલિસ્ટ કર્યા અને નામદાર હાઇકોર્ટમાં ઇજારદાર ગયા, નામદાર હાઇકોર્ટે નર્મદા નિગમને સૂચન કર્યું કે ઇજારદારને સાંભળીને ત્રણ મહિનામાં નિર્ણય કરવો અને ત્રણ મહિનામાં એમને સાંભળીને નિર્ણય કરીને ફરીથી આ કામ શરૂ કરવા માટે કોન્ટ્રાકટરને કામ આપવામાં આવ્યું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોર્ટ પાસે આ કામ પેન્ડિંગ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે, એમણે જે રીતે વાત કરી, આ કંપનીને બ્લેક લિસ્ટ કરવામાં આવેલ, કોર્ટમાં પણ ગયા. આ કંપનીને બ્લેક લિસ્ટ કર્યા પછી એમના ગુજરાતમાં બીજા જિલ્લા કે તાલુકામાં નર્મદા કેનાલના કામો ચાલુ હશે.

અધ્યક્ષશ્રી : બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવે, એટલે એ પછી આ કંપનીને નવા કોઇ કામો ન આપવામાં આવે, પણ આ કંપનીના બીજા કોઇ કામો ચાલુ હોય એ બંધ કરાવવા એવું ન હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો આ કંપનીને લગતો પ્રશ્ન છે. બીજે જયાં કંપનીએ કામ કર્યું હોય, ત્યાં પ્રોબ્લેમ હોય તે માટે સરકાર શું વિચારણા કરી રહી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપે કહ્યું તે પ્રમાણે પદ્ધતિ છે. કોઇ પણ કંપની કોઇ પણ કામ માટે બ્લેક લિસ્ટ થાય ત્યારે ભવિષ્યમાં નવા કામો તેને ન અપાય પણ અન્ય વિભાગના જે કામો ચાલુ હોય એ તો ચાલુ જ રહે. નવા ટેન્ડર બહાર પડે અને કંપની બ્લેક લિસ્ટ થયેલ હોય તો નવા ટેન્ડરોમાં તેને ઇજારો આપી શકાય નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે આ કંપનીને બ્લેક લિસ્ટમાં મૂકવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ કાર્યવાહી કઇ તારીખે કરવામાં આવી? કંપની સામે પગલાં લેવા માટેની કાર્યવાહી કઇ તારીખથી શરૂ કરવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વિગતવાર જવાબ આપતો હતો ત્યારે તમે બધાએ મને રોકયો કે આ જવાબ અત્યારે આપો નહીં, હું હવે આખો જવાબ આપું તો શાંતિથી સાંભળો.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ, હજી આપને નથી સમજી શકયા. વાંધો નહીં, તમે આગળ ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ ટેન્ડરથી તા. ૨૦-૪-૨૦૧૧ના રોજ હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપનીને આ કામનો ઇજારો આપવામાં આવ્યો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મારો સ્પષ્ટ સવાલ છે કે કંપનીએ સમયસર કામ નથી કર્યું, તો તેને બ્લેક લિસ્ટમાં મૂકી પગલાં લેવાનું કામ કઇ તારીખથી શરૂ કરવામાં આવ્યું?

અધ્યક્ષશ્રી : પગલાં લેવાનું નહીં, પરિણામ કહે છે. પછી કયાં સવાલ છે? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તારીખ આપું છું..

અધ્યક્ષશ્રી : તારીખ લેવાથી કોઇ ફાયદો નથી. તેને બ્લેક લિસ્ટ કર્યો છે. કઇ તારીખે કર્યો એ કહે છે. (અંતરાય) એ અંગે કોઇ સવાલ નથી. તમારો પ્રશ્ન પૂછો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, તા. ૨૭-૨-૨૦૧૨ના રોજ કંપનીને નોટિસ આપી અને આપણે એમને બ્લેક લિસ્ટ કર્યા. તેની સામે ૧૨-૩-૨૦૧૨ ના રોજ કંપનીએ ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ દાખલ કરી. એ અપીલનો સરકારની તરફેણમાં ચુકાદો આવ્યો. તેની અપીલ નીકળી ગઇ. તેના ઉપર ઇજારદાર નામદાર હાઇકોર્ટમાં ગયા, હાઇકોર્ટમાં પણ ગુજરાત સરકારની તરફેણમાં જ ચુકાદો આવ્યો છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પર સાત મિનિટ થઇ. બીજો પ્રશ્ન પણ સરખો છે એટલે આપણે રદ કરીએ છીએ. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૨. ગેંદાલભાઇ ડામોર.

## નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ

*** ૮૪૪ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિલો મીટર લંબાઈનું કામ સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૩૦-૧-૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે? | (૩) તા. ૩૦-૦૧-૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે. |

અધ્યક્ષશ્રી : આની ચર્ચા થઇ ગઇ છે. પ્રશ્ન ક્રમાંક–૩ ઉપર આવીએ છીએ. (અંતરાય) એક જ પ્રકારના બે પ્રશ્નો છે. તમે વાંચી જૂઓ. સવાલ પણ એનો એ જ છે અને જવાબ પણ એ જ છે. અત્યાર સુધીની પદ્ધતિ એ છે કે જે સવાલની હાઉસમાં એક વાર ચર્ચા થઇ ગઇ હોય એની બીજી વાર ચર્ચા ન થાય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જેનો પ્રશ્ન છે એને પૂછવાનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં, પ્રશ્ન પૂછો.

શ્રી ગેંદાલભાઈ મો. ડામોર : કોન્ટ્રાકટર સામે પગલાં લેવાનો હુકમ કર્યો હોય તો કઇ તારીખે હુકમ કર્યો અને એનો અમલ કરવામાં આવ્યો છે કે કેમ?

અધ્યક્ષશ્રી : વાંધો નહીં. એ જ જવાબ આપી દો પાછો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ બન્ને માહિતી મેં આપી. હું જરા પૂર્વભૂમિકા મૂકી દઉં.

અધ્યક્ષશ્રી : ના, ના, તારીખ જ આપોને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એક જ મિનિટમાં એમના બધા સંશયો દૂર કરી દઉં. આ કોન્ટ્રાકટરે સમયસર કામ પૂરું ન કરતા નિયમો પ્રમાણે નર્મદા નિગમે એમને નોટિસ આપી. કામમાં ઝડપ લાવવા એમને સૂચના આપી. અગાઉ કહ્યું તેમ ન કર્યું. ફરીથી તેમને નોટિસ આપી. પછી આપણે તેમને આ કામમાંથી ફારેગ કર્યા. ફારેગ કર્યા પછી આ કોન્ટ્રાકટર ડિસ્ટ્રીકટ કોર્ટમાં ગયા. તેમનો કેસ નીકળી ગયો. હાઇકોર્ટમાં ગયા, હાઇકોર્ટે કેસ કાઢી નાખ્યો. હાઇકોર્ટે ગુજરાત સરકારને એવું સૂચન કર્યું કે આ કોન્ટ્રાકટરને ત્રણ મહિનાની અંદર સાંભળી તમે યોગ્ય નિર્ણય કરો અને એ યોગ્ય નિર્ણય આપણે કર્યો છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું. પ્રશ્ન ક્રમાંક–૩.

## ગૌશાળા–પાંજરાપોળની આંતર માળખાકીય સુવિધા માટે સહાય

* ૨૫૩ **શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)** (શહેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળની આંતર માળખાકીય સુવિધા માટે તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય કરવામાં આવી? | ૨,૨૭,૯૨,૩૬૩/- |

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ગૌશાળા અને પાંજરાપોળોને માળખાકીય સુવિધાઓ કઇ યોજના નીચે પૂરી પાડવામાં આવે છે? તેની વિગતો અને કયા ધોરણો છે. ૨૦૧૧–૧૨માં કુલ કેટલી ગૌશાળાઓ અને પાંજરાપોળોએ સહાય માટે અરજી કરી અને એમને કેટલી રકમ ચૂકવી આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : મૂળ પ્રશ્નને આનુષંગિક પ્રશ્ન પૂછો. તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? સહાયને આનુષંગિક કાંઇ હોય તો પૂછો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) :૨૦૧૧–૨૦૧૨માં કુલ કેટલી ગૌશાળાઓ અને પાંજરાપોળોએ સહાય માટે અરજી કરી? અરજીમાં કેટલી રકમની માગણી હતી અને તેમને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧માં ગૌશાળાઓની કુલ ૨૧ અરજીઓ આવી અને પાંજરાપોળની કુલ ૨૯ અરજીઓ આવી. આ બન્ને મળીને કુલ ૫૦ અરજીઓ આવી. ૨૦૧૨માં ગૌશાળાઓની ૪૭ અને પાંજરાપોળોની ૪૦ અરજીઓ મળી કુલ ૮૭ અરજીઓ અને બન્ને વર્ષની કુલ ૧૩૭ અરજીઓ આવેલી. આ બધી જ અરજીઓમાં માગણી કરેલ કુલ રૂ.૨,૨૭,૯૨,૩૬૩/– ચૂકવવામાં આવેલ છે.

શ્રી સી. કે. રાઉલજી :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગૌશાળાઓની જમીન ઓછી થવાના કારણે પાંજરાપોળો અને ગૌશાળાઓમાં પશુઓની સંખ્યા વધતી હોવાના કારણે રાજય સરકારને સહાયની રકમ વધુ ચૂકવવી પડે છે એ વાત સાચી છે**?**

શ્રી બાબુભાઇ બોખીરીયા : સૂચન છે.

અધ્યક્ષશ્રી : આમાં આપનો સવાલ આવતો નથી. ગૌશાળાઓને કેટલી સહાય કરવામાં આવેલી છે? એટલું જ છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ સરકાર સમગ્ર ભારત વર્ષમાં પ્રથમ સરકાર હશે..

અધ્યક્ષશ્રી : ડીટેઇલમાં નહીં જાઓ.

શ્રી રાકેશ જ. શાહ : ગુજરાત સરકારે બે કરોડથી વધારે સહાય કરેલ છે ત્યારે આપના માધ્યમથી મૂક પશુઓ અને ગૌમાતાઓની સુરક્ષા કરતી આ સરકાર…

અધ્યક્ષશ્રી : પ્રિએમ્બલ નહીં, વિકાસની કઇ યોજનાઓ છે**?**

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ પાલનની આંતરમાળખાકીય સગવડો ઉભી કરવા માટે છાણમાંથી નિરદ્રવી પદ્ધતિથી સેન્દ્રીય ખાતર બનાવવાની યોજના, ગૌરક્ષા એવોર્ડ યોજના, ગેરકાયદેસર ગૌવંશના પશુઓને કતલખાને જતા બચાવવા અને તેને નિભાવવાની પ્રોત્સાહન આપવા માટેની યોજના, ગૌચર જમીનના સર્વાંગી વિકાસ માટેની યોજના, ગાયોના સંવર્ધન માટેની યોજના, ગૌસેવા આયોગ હેઠળ એક પ્રદર્શન એકમ અને લાઇબ્રેરી શરૂ કરવા માટેની યોજના, રાજયની શ્રેષ્ઠ ગૌશાળા અને પાંજરાપોળને પ્રોત્સાહન ઇનામ આપવા માટેની યોજના, ગૌશાળા અને પાંજરાપોળોના વિકાસ માટે જિલ્લા

કક્ષાએ સેમીનાર યોજવા માટેની યોજના, ગૌસંવર્ધન માટે સુદ્રઢ સાંઢ આપવા માટેની યોજના, પશુઓના છાણમાંથી સેન્દ્રીય જૈવિક ખાતર ઉત્પાદન કરવા માટેની યોજના.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી યોજનાઓ કઇ સાલમાં આવી?

અધ્યક્ષશ્રી : જુદી જુદી યોજનાઓ જુદી જુદી સાલમાં આવેલી હોય. યોજનાઓની તારીખ હોય તો કહો, નહીં તો ટેબલ ઉપર મૂકજો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : ટેબલ ઉપર મૂકીશ.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે, સૌરાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ છે. આવી પરિસ્થિતિમાં પાંજરાપોળોને રૂપિયા બે કરોડ સત્તાવીસ લાખની યોજનાની વાત કરી. એમાં પાંજરાપોળો અને ગૌશાળાઓની સંખ્યા જો વધારવામાં નહીં આવે તો અત્યારથી જ પીવાના પાણીનો પ્રશ્ન ઉભો થયો છે અને વિકટ પરિસ્થિતિ પેદા થઇ રહી છે. તો તેમાં આપણે આયોજન કરીને ખર્ચ કરવાની અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અને ઉત્તર ગુજરાતમાં આ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ભવિષ્યનું આયોજન શું છે એ પૂછે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જેટલી પણ પાંજરાપોળો અને ગૌશાળાઓએ સહાય માગી હતી એ તમામ રકમ રાજય સરકારે મંજૂર કરેલ છે. માનનીય ધારાસભ્યશ્રીનો જે પ્રશ્ન છે એ ભવિષ્યનો છે. એના માટે સરકાર વિચારશે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પાંજરાપોળ અને ગૌશાળાની અંદર અલગ-અલગ સ્કીમ નીચે રાજય સરકાર માળખાકીય સુવિધા માટે સહાય કરે છે. મારે સ્પષ્ટ એક વાત પૂછવી છે કે ગૌશાળા અને પાંજરાપોળની અંદર જે ગાયો રહે છે, વાછરડા, વાછરડી, દુઃખી ઢોર, બિમાર ઢોર, હાથ-પગ વિનાના ઢોર એમના ઘાસચારા માટે રાજય સરકાર કોઇ સહાય કરે છે કે કેમ? અને જો ઘાસચારા માટે આપતા હોય તો એક પશુદીઠ આપણે એને શું સહાય આપીએ છીએ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બધી સહાય આપવામાં આવે છે એ આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે, એના માટે ઘાસચારા માટે સહાય જે હોય છે, એ સામાન્ય વર્ષની અંદર આપવામાં નથી આવતી. અછતનું વર્ષ હોય ત્યારે બધું કરવામાં આવે છે. આની અંદર મેં જેમ કીધું હતું અગાઉ એમ કમ્પાઉન્ડ વોલ બનાવવાની છે, પાણીના હવાડા બનાવવાના છે. એ રીતે દર વર્ષે એક ગૌશાળાને અથવા તો પાંજરાપોળને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. એ જ કહે છે, જશુભાઇ, (સતત અંતરાય) એમ કહે છે કે ઘાસચારા માટે કોઇ રકમ અપાતી નથી. અત્યારે આપે છે એ ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આપે છે જયારે આનાવારી પછી દુષ્કાળ ડીકલેર થાય ત્યારે પશુદીઠ સહાયનો વિચાર કરશે. (અંતરાય) ભાઇ , બધાય ગૌપ્રેમી જ બેઠા છે અહીં.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હમણા જ માનનીય જશુભાઇએ પ્રશ્ન પૂછયો એમાં આ સરકારે આટલા વર્ષોમાં પહેલી વખત જે રોજની પાંજરાપોળોને સહાય આપવામાં આવતી હતી એ અગાઉ દસ રુપિયા આપવામાં આવતી હતી અત્યારે એમાં વધારો કરીને કેટલા રુપિયા આપવાનો સરકારે નિર્ણય કર્યો છે?

અધ્યક્ષશ્રી : આવો નિર્ણય કર્યો છે તમે? જશુભાઇ એમ કહે છે. ઇન્ફ્રાસ્ટ્રકચર છે અને આ એમ કહે છે કે નિર્ણય કર્યો છે. બે ય સાચા છે હમણા કહેશે. થોડા વખત માટે બધાને આપી હતી.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે મૂળ સવાલ હતો, એ ગૌશાળાઓને આંતર માળખાકીય સુવિધાઓ વધારવા માટે શું શું સહાય આપી એના માટેનો હતો.
આ જે પ્રશ્ન છે એ અલગ છે. એના માટે અલગથી નોટીસ આપશે તો જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : (અંતરાય) ભાઇ, નવ મિનિટ થઇ આ પ્રશ્નમાં. પાંચ પાંચ મિનિટ આપીએ છીએ. આમાં વધુ સમય આપ્યો છે.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા યોજાયેલ કાર્યક્રમો

*૨૮૬ શ્રીઅજયકુમાર જ. ચોક્સી(સુરત–ઉત્તર): માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન**

(૧)ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સન ૨૦૧૨–૧૩ના નાણાકીય વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં વિજ્ઞાનને લગતાં કયા કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સન ૨૦૧૨–૨૦૧૩ના નાણાકીય વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં વિજ્ઞાનને લગતાં નીચે મુજબનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર. |
| ૨. | ગણિત–વિજ્ઞાન પ્રશ્નોતરી કાર્યક્રમ. |
| ૩ | સેમિનાર/સિમ્પોઝીયા/ વર્કશોપ/ ટ્રેઈનીંગ/પ્રદર્શનો/ પેપર પ્રેઝન્ટેશન. |
| ૪. | સાયન્સ કવીઝ તેમજ રૂરલ આઈટી કવીઝ, સાયન્સ ડ્રામા, સાયન્સ સેમિનાર, નેશનલસાયન્સ ડે. |
| ૫. | સ્કૂલ સાયન્સ કલબ. |
| ૬. | પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમની સ્થાપના અને વિકાસ |
| ૭. | વિજ્ઞાનના ઉભરતા ક્ષેત્રોમાં સેન્ટર એકસલન્સની સ્થાપના. |
| ૮. | નેનો ટેકનોલોજી પ્રમોશન. |
| ૯. | માઈનોર રીસર્ચ પ્રોજેકટસ. |
| ૧૦ | પેટન્ટ ઈન્ફોર્મેશન અને અવેરનેસ. |

(૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં કેટલો ખર્ચ થયો?

(૨) ઉક્ત કાર્યક્રમો અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ` ૨૬૫.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

---

શ્રી અજયકુમાર જ. ચોક્સી : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક પ્રશ્ન પૂછવા માગુ છું. ગુજકોસ દ્વારા વિજ્ઞાનનો પ્રચાર, પ્રસાર કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓની અંદર અને ખાસ કરીને સાયન્સના જ્ઞાનનો પ્રભાવ અને એ અંગે આપણે એની સ્કીલ ડેવલપમેન્ટ કરી શકીએ એના માટે રાજય સરકાર દ્વારા ગુજરાતના જુદાજુદા જિલ્લાઓમાં, એટલે કે ૧૮ જિલ્લાઓમાં લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા લગભગ ૨૩૮૫ જેટલા કાર્યક્રમો કરવામાં આવ્યા. આ કાર્યક્રમોની અંદર ૧૬ લાખ જેટલા વિદ્યાર્થીઓને સાંકળીને ગુજરાતના વિદ્યાર્થીઓની અંદર

શિક્ષણમાં વિજ્ઞાનનું પ્રમાણ વધારે સારી રીતે આપણે પહોંચાડી શકીએ એના માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે પેટન્ટ ઇન્ફર્મેશન અને અવેરનેસમાં શું કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પેટન્ટ ઇન્ફર્મેશન અને અવેરનેસ માટે જે પ્રશ્ન પૂછયો છે, ગુજરાતની અંદર રીસર્ચ અને ડેવલપમેન્ટના કારણે કેટલાય ઇન્ડસ્ટ્રીયાલીસ્ટો નવી શોધ કરે છે અને આ નવી શોધ કરાવવા માટે એમણે જો પોતાના ઇન્ટેલેકચ્યુઅલ રાઇટસનું જો રજીસ્ટ્રેશન ના કરાવ્યું હોય તો એના કારણે એમને મળતી જે રોયલ્ટીની આવક હોય એમાં નુકસાન થાય છે, એટલે પોતાની ઇન્ટેલેક્ચ્યુઅલ રાઇટ માટેની રોયલ્ટી પોતાને મળે એની અવેરનેસ ઉભી થાય એના માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા જુદા જુદા સેમિનારો યોજવામાં આવ્યા છે અને આ સેમિનારો દ્વારા એમનામાં જાગૃતિ કેળવાય અને પોતાની પેટન્ટની સમયસર નોંધણી થાય એના માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** આપણે સાયન્સ અને ટેકનોલોજીની મોટી મોટી વાતો કરીએ છીએ પણ વિરમગામ એક તાલુકો છે અને ૪૦-૪૫ હજારની વસતિ ધરાવતો એરિયા છે છતાં સાયન્સ કોલેજ પણ નથી, ૧૨ સાયન્સ પણ નથી. સાયન્સની સ્કૂલ પણ નથી.

**અધ્યક્ષશ્રી :** આ કોઇ વિસ્તારની વાત નથી. આ આખા ગુજરાતનો પ્રશ્ન છે. તમારું કોઇ સૂચન હોય તો કહો. (અંતરાય) બહેન પહેલીવાર આવ્યા છે. આ બાબતમાં આપને કાંઇ કહેવાનું હોય કે મારા વિસ્તારમાં તમારે આ કરવું જોઇએ એ કહો.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** સાયન્સ કોલેજ નથી, ૧૨ સાયન્સ પણ નથી એટલે આપણે કેટલા બધા પછાત છીએ. વિરમગામ તાલુકો ગુજરાતમાં આવે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** ગુજરાતમાં હોય તો જ આપણે એમાંથી ચૂંટાયા હોય. વિરમગામમાં તમે કરવા માગો છો કે કેમ, એ એમનો સવાલ છે. વિરમગામ તાલુકો અતિ પછાત તાલુકો છે. એમાં મોર્ડન ટેકનોલોજીનું જ્ઞાન આપવા માટેનો પ્રયાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ આ સવાલ છે. પણ હું એટલું કહેવા માગું છું કે ગુજરાતના બાળકોનું ગણિત અને વિજ્ઞાનનું જ્ઞાન વધે એના માટે રાજ્ય સરકારે બાયસેફના માધ્યમથી, કે.યુ. બેન્ડના માધ્યમથી, દૂરદર્શનના માધ્યમથી શિખવાડવા માટેનો પ્રયાસ કર્યો છે. માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે કે.યુ. બેન્ડની માગણી કરી છે. જો આપણને કે.યુ. બેન્ડ મળે તો આખા ગુજરાતમાં એ ટ્રાન્સપોન્ડના આધારે જુદી જુદી ૧૬ ચેનલો કરીને ગુજરાતના ગામડા સુધીના તમામ લોકોને શિક્ષણ, ખેડૂતોને જાણકારી મળે. એ બધી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આ કે.યુ. બેન્ડ મળે તો કરી શકાય એમ છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સાયન્સ ક્વીઝ અને રુરલ આઇ.ટી. ક્વીઝનું આયોજન થયું છે તો એની ઉપલબ્ધિ જણાવશો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** આપણે ગામડે ગામડે વીજળી પહોંચાડી એના કારણે ગામડાના વિદ્યાર્થીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ સારું થયું છે. આજે ધોરણ ૧૦ અને ૧૨ માં ગામડાના વિદ્યાર્થીઓ ૯૦-૯૦ ટકા લાવે છે. આ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા જુદી જુદી ક્વીઝ કરવામાં આવે છે અને આ ક્વીઝમાં જિલ્લા કક્ષાની આઇ.ટી. ક્વીઝ હોય છે અને રાજ્ય કક્ષાની આઇ.ટી. ક્વીઝ હોય છે. ગામડામાં એટલું બધું ટેલેન્ટ પડ્યું છે કે આ ક્વીઝમાં બાળકો જવાબ આપે છે ત્યારે આપણને આનંદ થાય છે. મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે જે રુરલ આઇ.ટી. ક્વીઝ ગોઠવાઇ હતી એમાં આપણી ગુજરાતની ટીમ છે એ નેશનલ લેવલે પણ વિજેતા બની છે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ગઇ વખતના બજેટમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીની બાબતમાં પ્રદર્શન, વિજ્ઞાનના મ્યુઝિયમની સ્થાપના પાટણમાં કરવા

માટે ૧૮ કરોડની જોગવાઇ કરેલ હતી. આજે એમણે ક્રમ–૬માં જવાબ આપેલ નથી. મારે જાણવું છે કે ગઇ વખતે જોગવાઇ કરી હતી તો એ જોગવાઇ મુજબ પાટણમાં આ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી છે કે કેમ? એનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** આ ૨૧મી સદી વિજ્ઞાનની સદી છે અને આજે ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓને સાંકળીને એના માટે સરકારે કોઇ કચાશ નથી રાખી. આપણે આખા દેશમાં ન હોય એવું સાયન્સ સિટી અમદાવાદમાં ડેવલપ કર્યું છે.

**અધ્યક્ષશ્રી :** એમનો સવાલ છે કે પાટણમાં તમે ગઇ વખતે પ્રોમિસ આપ્યું હતું એ ચાલું થયું છે કે કેમ? ન થયું હોય તો કરવા માગો છો કે કેમ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** આના માટેની જમીન સંપાદન અને બાકીની પ્રક્રિયા અત્યારે (અંતરાય) પણ મારે એટલું કહેવું છે કે પાટણનો યુવાન હોય કે કચ્છનો હોય, ત્યાં સાયન્સ સિટીમાં આખા ગુજરાતના વિદ્યાર્થીઓને લાવીને શિખવાડવામાં આવે છે.

વડોદરા જિલ્લામાં ટ્રાયબલ કાર્યક્રમ હેઠળ મંજૂર કરાયેલા હેન્ડપંપ

*૨૭૧ શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૨–૧૩માં વડોદરા જિલ્લામાં ટ્રાયબલ કાર્યક્રમ હેઠળ કેટલા હેન્ડપંપ મંજૂર કરવામાં આવેલ છે, | (૧)૮૦૦ હેન્ડપંપ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨)તે પૈકી તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલા હેન્ડપંપના કામો પૂર્ણ કરેલ છે, અને | (૨)સારેલ ૪૩૦ હેન્ડપંપ પૈકી સફળ ૪૦૩ હેન્ડપંપના કામો પૂર્ણ કરેલ છે. |
| (૩)બાકી રહેતા હેન્ડપંપના કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩)બાકી રહેતા ૩૭૦ હેન્ડપંપના કામો માર્ચ–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગુ છું કે વડોદરા જિલ્લાના ૧૨ તાલુકા છે એમાં ટ્રાયબલ તાલુકા કેટલા, કયા કયા અને આ તાલુકામાં હેન્ડપંપ કેટલા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એ ટ્રાયબલ કાર્યક્રમ અંતર્ગત આ બધા કામો છે. રાજ્ય સરકાર પીવાના પાણીને ખૂબ જ અગ્રતા આપે છે. જ્યાં જ્યાં પાણીના સોર્સ ના હોય ત્યાં હેન્ડપંપ દ્વારા પાણીનો પુરવઠો પૂરો પાડે છે અને હવે તો ગુજરાત સરકારે લોકલ સોર્સ, સરફેસ સોર્સ અને એની સાથોસાથ ડ્યુઅલ સોર્સ તરીકે દરેક ગામની અંદર આદિવાસી વિસ્તારોમાં હેન્ડપંપ પૂરા પાડ્યા છે. વડોદરા જિલ્લામાં ૧૨ તાલુકાઓ આવેલા છે એ ૧૨ તાલુકાઓ પૈકી ૫ તાલુકાઓ ટ્રાયબલ છે. એમાં જેતપુર–પાવી, છોટાઉદેપુર, કવાંટ, નસવાડી અને સંખેડાનો સમાવેશ થાય છે. આ પાંચ તાલુકાઓની અંદર કુલ ૧૫૬૩૭ હેન્ડપંપ કાર્યરત છે. તે પૈકી જેતપુર–પાવી તાલુકામાં ૨૧૨ ગામડા આવેલા છે એમાં ૪૦૩૬ હેન્ડપંપ, છોટાઉદેપુરમાં ૧૪૫ ગામડા આવેલા છે એમાં ૩૬૭૬ હેન્ડપંપ, કવાંટ તાલુકામાં ૧૩૩ ગામડા આવેલા છે એમાં ૩૯૬૧ હેન્ડપંપ, નસવાડીમાં ૧૯૯ ગામડા આવેલા છે એમાં ૨૫૮૫ હેન્ડપંપ, સંખેડા તાલુકામાં ૧૮૨ ગામડા આવેલા છે એમાં ૧૩૭૯ હેન્ડપંપ એમ કુલ પાંચ તાલુકાના ૮૭૧ ગામડામાં ૧૫૬૩૭ હેન્ડપંપ છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, એક તો હેન્ડપંપનું સ્પેસિફિકેશન શું છે? બીજું, ૪૭૦ બોરમાંથી ૪૦૩ બોર સફળ થયા છે તો ૬૭ બોરનો ખર્ચ કોણ ભોગવશે? અને ત્રીજું, હેન્ડપંપ બનાવ્યાં પછી એકાદ મહિનામાં જ પંપ બગડી જાય છે તો એની ગેરંટી અને વોરંટી લેવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સવાલ છે કે જે હેન્ડપંપ

બન્યાં અને જે અત્યારે સફળ નથી એનો અર્થ એવો થયો છે કે બોરીંગ થયું છે પણ એની અંદર પાણી નથી. મેં જે અત્યારે આંકડા આપ્યા છે એ બધા કાર્યરત હેન્ડપંપના આંકડા આપ્યા છે. એટલે સફળ થાય એનો અને નિષ્ફળ જાય એનો ખર્ચ સરકાર ભોગવે છે. રાજ્ય સરકાર દ્વારા જે હેન્ડપંપો ખરીદવામાં આવ્યાં છે એમાં ઇન્ડિયા માર્ક–૨..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સવાલ એટલો છે કે હેન્ડપંપ બનાવો છો એ તાત્કાલિક બંધ થઇ જાય છે એવી સ્થિતિ છે કે નહિ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે અહીંયા ફિગર આપવામાં આવ્યા છે એ બધા જ હેન્ડપંપ કાર્યરત છે.

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પાણી માટે હેન્ડપંપ કરવામાં આવે છે એમાં કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીના ધારા–ધોરણો શું છે? અને વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં કેટલી વસ્તીએ હેન્ડપંપ બનાવવાનું લક્ષ્યાંક આપવામાં આવ્યું છે અને આ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને હું જણાવું છું કે પીવાના પાણીના જે હેન્ડપંપો છે એમાં કેન્દ્ર સરકારશ્રીના ધોરણો મુજબ જનરલ કેટેગરીમાં ૨૫૦ વ્યકિતએ એક હેન્ડપંપનું ધોરણ છે. જયારે ગુજરાત સરકારનું જનરલ વસ્તીએ, પહેલી દોઢસો વ્યકિતએ એક હેન્ડ પંપ છે, અને ત્યારબાદ પ્રતિ સો વ્યકિતએ એક હેન્ડ પંપનું ધોરણ છે, જયારે આદિવાસી વિસ્તારમાં પચાસ વ્યકિતએ એક હેન્ડ પંપનું ધોરણ છે અને ગુજરાત સરકારે એ પચાસ વ્યકિતએ એક હેન્ડ પંપનું ધોરણ અત્યારે પૂર્ણ કરેલું છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ એવું કહ્યું કે, પચાસની વસ્તીએ એક હેન્ડ પંપ કરવા માગીએ છીએ, મારો પ્રશ્ન એ છે કે, રાજય સરકાર પરિપત્ર બહાર પાડીને ૧૯૯૧ની વસ્તી ગણતરીના આધારે પચાસ વ્યકિતએ એક હેન્ડ પંપ કરે છે તો નવી ગણતરી કરીને જે આદિવાસીઓમાં વસ્તીનો વધારો થયો છે, ૧૯૯૧ની વસ્તી ગણતરીના આધારે નહીં, એ પરિપત્રના આધારે નહીં પણ નવી જે વસ્તી વધી છે એ આધારે હેન્ડ પંપ કરવા માગે છે કે કેમ અને ૧૯૯૧માં જે પરિપત્ર બહાર પાડ્યો એને રદ કરવા માગો છે કે નહીં ?

અધ્યક્ષશ્રી : ૨૦૧૧ના સેન્સસ પ્રમાણે કરવા માગો છે કે નહીં, પચાસના પંચોતેર કરો પણ નવા સેન્સસ પ્રમાણે કરો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીનું આ સૂચન છે અને છતાં પણ..

અધ્યક્ષશ્રી : સૂચન છે કહી દીધું પછી શું હોય? માનનીય ધીરુભાઇ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, ટ્રાયબલ વિસ્તારમાં ૧૫,૬૩૭ હેન્ડ પંપો છે, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આ ટ્રાયબલ વિસ્તારના જે હેન્ડ પંપો છે, હવે ઉનાળો આવવાનો છે, આજે ટોટલી હેન્ડપંપોમાં સો ફૂટથી નીચે પાણી જતું રહ્યું છે, આપણે હેન્ડ પંપ નાખીએ છીએ સો ફૂટ, તો એ હેન્ડ પંપની પાઇપને લંબાવવા માટે આપણે કોઇ આયોજન કરેલું છે કે, કેમ અને હાલ તમે જે કહ્યું છે કે, નસવાડીમાં ૨,૫૮૫ હેન્ડ પંપો થયેલા છે. આજે મારા વિસ્તારની પરિસ્થિતિ હું જાણું છું કે, આજે પચાસ ટકા હેન્ડ પંપો ચાલુ નથી, જેના પાણીના તળ નીચા જતા રહ્યા છે તો એનું કંઇ કાર્ય કરવા કે એના બજેટમાં કોઇ સુધારો કરવા માગો છો કે કેમ? કાં તો આ ઉંડાણમાં પાણી જતુ રહ્યું હોય તો અન્ય કોઇ યોજના બનાવીને પાણી આપવા માગો છો કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, ટ્રાયબલ વિસ્તારની અંદર જે હેન્ડ પંપો લાગેલા છે, એમાંથી અમુક હેન્ડ પંપો કાં તો પાણીના સોર્સ નીચે જવાથી બંધ છે અગર તો ટેકનિકલ કારણોથી બંધ છે? મારે સભ્યશ્રીને જણાવવું છે કે, મેં વડોદરા જિલ્લાના તાલુકા જે આદિવાસી વિસ્તાર છે એમાં કેટલા હેન્ડ પંપોની સંખ્યા છે, એ નથી જણાવી, કેટલા હેન્ડ પંપો કાર્યરત છે એ સંખ્યા જણાવી છે. જો કેટલા હેન્ડ પંપો અસ્તિત્વમાં છે એ હું જણાવું તો એનો આંકડો મોટો આવે એમ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો સવાલ એટલો જ છે કે, જે હેન્ડ પંપ ત્યાં અસ્તિત્વ ધરાવે છે અને આજની તારીખે બંધ છે, એ રિપેરીંગ કરાવવા માગો છો કે કેમ ? એટલું જ છે ને ? કયાંય ઉંડા કરવાના હોય, ૧૫૦ ના ૨૦૦ કરવાના હોય તો એટલું કરવા માગો છો કે નહીં, સંખ્યાનો સવાલ નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીનું એ સૂચન છે તેમ છતાં..

અધ્યક્ષશ્રી : એમ નહીં, સૂચન નહીં. હેન્ડ પંપ બંધ છે, એને ચાલુ કરવા માગો છો કે નહીં, લોકોની સુવિધા માટે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જે જે જગ્યાએ અભ્યાસ કરી, સરવે કરીને જયાં જયાં જરૂરી લાગશે ત્યાં વધુ પાઇપ લંબાવી અને એને કાર્યરત કરવાના મારા પ્રયત્ન હશે.

દાહોદ જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ દારૂ

શ્રીમતી *૮૬૪ ચંદ્રિકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧)તા.૧-૧-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી અને વિદેશી દારૂ પકડવામાં આવ્યો,

**જવાબ**

(૧)

| **તાલુકો** | **સને ૨૦૧૨** | |
|---|---|---|
| | **પકડાયેલ દેશી દારૂ `** | **પકડાયેલ વિદેશી દારૂ `** |
| દાહોદ | ૨૦,૬૦૦ | ૪૨,૯૭,૬૪૬ |
| ગરબાડા | ૬,૦૨૦ | ૪,૬૮,૩૫૦ |
| ધાનપુર | ૭,૧૨૦ | ૨,૫૯,૩૦૦ |
| દેવગઢબારીયા | ૪,૪૪૦ | ૩૪,૫૭,૦૧૦ |
| લીમખેડા | ૯,૬૮૦ | ૩૨,૮૬,૬૩૩ |
| ઝાલોદ | ૨૨,૫૪૦ | ૯,૫૧,૪૨૦ |

(૨)કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૨) ૩,૦૪૬

(૩)પરપ્રાંતમાંથી દારૂ આવતો અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

(૩) દાહોદ જીલ્લામાં પરપ્રાંતમાંથી દારૂની હેરાફેરી થતી અટકાવવા દાહોદ જીલ્લાને અડીને આવેલ રાજસ્થાન, મધ્યપ્રદેશ બોર્ડર ઉપરના ખંગેલા, ધાવડીયા, ચાકલીયા ગામોએ મેઈન રોડ ઉપર વાહન ચેકીંગ માટે ચેક પોસ્ટ કાર્યરત છે તેમજ અવાર નવાર ચેકીંગ રાખી દારૂની હેરાફેરી થતી અટકાવવા પ્રયાસો કરવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, દાહોદ જિલ્લામાં અડીને આવેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ બોર્ડર ઉપરના ખંગેલા, ધાવડીયા, ચાકલીયા ગામોમાં મેઇન રોડ ઉપર વાહન ચેકીંગ માટે ચેક પોસ્ટ કાર્યરત છે તો ચેકીંગ રાખીને દારૂની હેરાફેરી અટકાવવામાં આવી છે, છતાં દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ૧,૭૦,૬૪,૭૦૯ રૂપિયાનો દારૂ

પકડાયો છે, તો આ ચેક ચોસ્ટ કાર્યરત હોવા છતાં આ કેવી રીતે બની શકે છે ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દારૂબંધી માટે અને અન્ય જગ્યાએથી દારૂ આવતો હોય તો એને પકડવા માટે ખૂબ જ કટિબદ્ધ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, તમે બેઠાબેઠા બોલો નહીં, જે હોય એ ઉભા થઇને પ્રશ્ન પૂછજો. તમને પણ તક મળશે. પછી શું થશે કે સામેથી પણ એવું આવે. એક વાર એક દિવસ હાઉસ ફ્રીલી રાખી દઇએ. જેને જે બોલવું હોય એ બોલે. બધાનો ઉભરો નીકળી જાય.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, એના માટે જે ચેકપોસ્ટો છે એ સંપૂર્ણપણે કાર્યરત છે. દાહોદ જિલ્લામાં કુલ ત્રણ ચેકપોસ્ટ ખંગેલા, ચાકલીયા અને ધાવડીયા મુકામે આવેલી છે અને આ પ્રકારની કોઇ પ્રવૃત્તિ થતી હોય તો એના ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવે છે અને સાહેબ, દારૂ પકડાયો છે એનો અર્થ જ એ થાય છે કે અમે કાર્યરત છીએ.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે નશાબંધીની નીતિનું કડક અમલીકરણ કરાવવા માટે રાજય સરકાર દ્વારા કોઇ કાયદાકીય સુધારા કરવામાં આવ્યા છે કે કેમ? અને જો હોય તો તેની વિગત આપો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધીની જે નીતિ છે એનું કડક અમલીકરણ થાય એના માટે આ સરકાર પૂરેપૂરી કટિબદ્ધ છે અને ભૂતકાળમાં અમારી સરકાર વખતે જ એના માટે કાયદા પણ કરવામાં આવ્યા છે. નશાબંધી ધારાના કડક અમલ માટે ગુજરાત નશાબંધી ધારો– ૧૯૪૯ માં રાજય સરકારે એક બિલ રજૂ કર્યું તા. ૨૮–૭–૨૦૦૯ના રોજ અને વિધાનસભાએ મંજૂર પણ કર્યું પણ કમનસીબી એ રહી કે લાંબા સમય સુધી આ બિલ પડયુ રાખવામાં આવ્યુ. છેવટે તા. ૧૩–૧૨–૨૦૧૧ ના રોજ...

અધ્યક્ષશ્રી : ભૂતકાળની ભૂલ સુધારી લેજો. આવી ગયો જવાબ. કેન્દ્રમાં પડતર છે. રામસિંહભાઇ,

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંધીના ગુજરાતની અંદર સરકારના વહીવટનો નમૂનો છે. એક વર્ષની અંદર સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે એક કરોડનો માલ વિદેશનો આવ્યો. મારું માનવું છે કે ગુજરાતની અંદર દરરોજ એક કરોડનો માલ...

અધ્યક્ષશ્રી : એ હશે. તમારું માનવું નહીં, તમારો સવાલ પૂછો. તમે એક શું કરવા, પાંચ કરોડ કહો, પચ્ચીસ કરોડ કહો. એ છૂટ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : હું પૂછુ છું. સવાલ ઉપર આવું જ છું. આ તો એક જિલ્લાની વાત છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીમાંથી ઉભા થતા પ્રશ્નો તમે પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે કેટલા ઇસમો પકડવામાં આવ્યા તો ૩૦૪૬ બતાવ્યા તો મારે પૂછવું છે કે એમાં ડ્રાઇવર નોકરી કરતો હોય. ડ્રાઇવરને પકડે પણ ગાડીના માલિક સામે શું કાર્યવાહી કરી, ડ્રાઇવર સામે શું કાર્યવાહી કરી અને જે હેરાફેરી કરે છે એમની સામે શું કાર્યવાહી કરી એની મને માહિતી આપો.

અધ્યક્ષશ્રી : તહોમતદારો સામે શું કાર્યવાહી કરી?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, તમામ તહોમતદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે પણ વિચિત્રતા તો એ છે કે મેં અગાઉ કહ્યું એ પ્રકારે આ નશાબંધીનું બિલ લાવવામાં આવ્યું અને •(xxxxxx) અને એને કારણે અમે અમલ ન કરી શકીએ (અંતરાય) સાહેબ, આપે કહ્યું કે આજે આ સ્મુધલી ચાલવા દેવું છે એટલે હું નહોતો કહેતો પણ સાહેબ, મારે એ વાત ધ્યાન ઉપર લાવવી છે કે હમણાં ફકત બે દિવસ પહેલા સત્તરમી તારીખે એ ચેકપોસ્ટ ઉપરથી દારૂ પકડાયો અને એમાં જે ત્રણ લોકોની ધરપકડ થઇ, સાહેબ, (xxxxxx) કે આમને છોડી દો. એકબાજુ એ એવી વાતો કરે છે.(અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

## શબ્દો રેકર્ડ પરથી દુર કરવા અંગે

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શાંતિ રાખો. (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવામાં આવે છે. (અંતરાય) રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા હવે બેસો. તમે બધા બેસો. એ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા. આક્ષેપ કર્યો એટલે જ રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા. શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા છે. કોઇને પણ આક્ષેપ કરવો હોય તો આક્ષેપ કરવાની છૂટ છે. પહેલા પરવાનગી લેવી પડે, સભ્યને પણ કહેવું પડે. આ સભ્ય ઉપરના આક્ષેપના શબ્દો છે, એ રેકર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે છે. માફી ન માગવાની હોય, શબ્દો કાઢી નાખ્યા છે. કોઇ માફી માગવાની પદ્ધતિ જ નથી. (અંતરાય) એક મિનિટ, શાંતિ રાખો. બેસો બધા. એક મિનિટ. બીજા બેસી જાઓ. તમે બેસી જાઓ. શાંતિ રાખો. બે રીતે માનનીય મંત્રી મહોદયશ્રીએ વાત કરી. (xxxxxx) એ શબ્દ કાઢી નાખીએ છીએ. •(xxxxxx) એ શબ્દ કાઢી નાખીએ છીએ. હવે આગળનો પ્રશ્ન.(અંતરાય) કોઇ દિલગીરી ન હોય. રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા. માનનીય ગણપતભાઇ બેસો. પ્રશ્ન ક્રમાંકઃ૮ શ્રી પુનાભાઇ ગામીત (અંતરાય) જે ગેરવાજબી કહ્યું હતું તે રેકર્ડ ઉપરથી કઢાવી નાખ્યું છે. રામસિંહભાઇ, તમે માગણી કર્યા પહેલા શબ્દો કઢાવી નાખ્યા. (xxxxxx) ની વાત હતી. કોઇની માગણી નહોતી, છતાં શબ્દો કઢાવી નાખ્યા છે. સામેથી શબ્દો કઢાવી દઉં છું.(અંતરાય) રમણભાઇ (અંતરાય) પુરાવા હોય તો પહેલા નોટિસ અપાય. તમને છૂટ છે. ભાઇ, શાંતિથી સાંભળો. કોઇપણ સભ્ય ઉપર કોઇપણ આક્ષેપ કરવો હોય તો પહેલા પરવાનગી લેવી પડે. આક્ષેપ કરવાની છૂટ. સભ્યને પણ જાણ કરવી પડે. આ પ્રોસિજર છે. તમને છૂટ નથી એવું નહિ, એટલા માટે રેકર્ડમાંથી આ શબ્દો કઢાવી નાખ્યા છે. આપણે આગળની કાર્યવાહી કરવા દોને. પાછા ખેંચે એના બદલે મેં સીધું કહ્યું અને કઢાવી નાખ્યા છે. એક મિનિટ (અંતરાય) તમે બેસો. એક મિનિટ, રજનીભાઇ, એટલે આ શબ્દો પાછા ખેચું છું એમ કહી દો. (અંતરાય) આક્ષેપ કરો તો તમારે કહેવું જોઇએ. આક્ષેપ કરવાની છૂટ. હું કયાં ના પાડુ છું. એક મિનિટ, હાઉસને ચાલવા દેવું છે કે ચર્ચા કરવી છે? ભુપેન્દ્રભાઇ બેસો. બધા સભ્યોને વિનંતિ છે કે કોઇ ઉપર કોઇએ આક્ષેપ કરવાનો નથી. આક્ષેપ કરતા પહેલા પરવાનગી લેવી પડે. એક મિનિટ, તમે બેસો તો ખરા. રામસિંહભાઇની વાત હતી. એમણે વાત કરી દીધી. રજનીભાઇ, આ શબ્દો છે એ આક્ષેપાત્મક કહેવાય કે (xxxxxx) અધિકાર છે આ ડિકલેર કરવાનો. એની સામે એલીગેશન કરવાનો, પણ એની પણ પદ્ધતિ છે. તમારે અધ્યક્ષશ્રીની પરવાનગી લેવી પડે. સભ્યશ્રીને જાણ કરવી પડે કે જે તમે આક્ષેપ કરો. એને બચાવ કરવા માટે કાંઈ કહેવું હોય તો કહી શકે. એવા આપણા વિધાનસભાના નિયમો છે. એટલે આ જે બિનસંસદીય શબ્દો કહેવાય, આક્ષેપાત્મક છે તે શબ્દો આપણે પાછા ખેંચી લેવા જોઇએ. બેસો તમે. એમાં એ જ છે તમારું કહેવાનું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : મારી પાસે જે ઉપલબ્ધ માહિતી હતી એ આપી છે. આક્ષેપ કર્યો નથી.

અધ્યક્ષશ્રી : ઉપલબ્ધ માહિતી રજૂ કરવા માટેની રીત છે એ રીત હું કહું છું. (અંતરાય) શ્રી ગણપતભાઇ વે. વસાવા : ત્યારપછી વિપક્ષે કોઇ ડિમાન્ડ કરવાની રહેતી નથી.

અધ્યક્ષશ્રી : (ક્રમશઃ)નહીં નહીં, જુઓ માનનીય ગણપતભાઇ તેમણે કહ્યું કે શબ્દો પાછા ખેંચો. મેં સામેથી કહ્યું કે શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખું છું. સાંભળો, રેકર્ડ ઉપરથી દૂર કરી નાંખ્યા છે શબ્દો. તેથી હવે કંઇ રહેતું નથી. ગણપતભાઇ, બેસો તમે માનનીય મંત્રીશ્રી. રેકર્ડ ઉપરથી દૂર કર્યા છતાં તેઓ એમ કહે છે કે એ શબ્દો તમે પાછા ખેંચી લો, પછી દૂર કરાવો તેવી પદ્ધતિ છે, પણ હું આપને પણ કહું છું કે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા ના કહ્યું હોય તો બીજી વાત છે. શું છે? ભાઇ, જુઓ એક મિનિટ. ભવિષ્યની અંદર એ વાતનો ખ્યાલ રાખશું. બાકી એક વાર અધ્યક્ષે કહી દીધું કે આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવે છે, પછી કોઇ સવાલ નથી. પછી બાકીના આ તરફ હશે કે આ તરફ પરંતુ ભવિષ્યમાં હું કહીશ કે તમે શબ્દો પાછા ખેંચો પછી હું ઓર્ડર કરીશ. મેં અત્યારે ડાયરેકટ ઓર્ડર કરી દીધો છે. તે રેકર્ડ ઉપર આવી ગયો છે અને અધ્યક્ષે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

એકવાર આપેલો નિર્ણય છે, તેમાં ફેરફાર કરવો તે યોગ્ય નથી. આ પદ્ધતિ છે તેમાં કોઇ સવાલ નથી. પ્રશ્ન ક્રમાંકઃ૮. રામસિંહભાઇ, બેસો હવે બહું થયું. એક મિનિટ, પણ તે પહેલાં મે ડિસિસન આપી દીધું છે. ભવિષ્યમાં ધ્યાન રાખશું. બાકીના બધા બેસો. તમે બેસો. આક્ષેપ હતો તે સિવાયનું રાજ્યપાલ અંગેની જે વાત કરી તે પણ મેં રેકર્ડ ઉપરથી કાઢી નાંખ્યા છે. તે શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. આ હાઉસને શાંતિથી ચાલવા દો. એક મિનિટ. તમારે દંડક છે. એગ્રીમ પાર્ટી છે. દંડક છે. હા, બોલો. બાકીના બેસો. તમારા દંડકશ્રી બોલે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપે કીધું તેના પછી આપે ફરીથી સૂચના આપી કે માનનીય મંત્રીશ્રી તેમના શબ્દો પાછા ખેંચી લે. અમારું માત્ર એટલું જ કહેવું છે કે આપનું કહેવું પણ માનનીય મંત્રીશ્રી ના માને આ ગૃહમાં**?** આપ હમણાં બોલ્યા છો.

અધ્યક્ષશ્રી :માનનીય બલવંતસિંહજીભાઇ, મેં જ સ્પષ્ટતા કરી કે ભવિષ્યની અંદર હું ડાયરેકટલી કહું કે આ શબ્દો પાછા ખેંચી લીધા છે. તેના બદલે હું જ પ્રોસીજર રાખીશ. તમે બોલો અને પછી હું કહીશ કે પાછા ખેંચવામાં આવે છે. અત્યારે એકવાર પાછા ખેંચવાનો ઓર્ડર અધ્યક્ષે આપી દીધો તેમાં ફેરફાર કરવો વાજબી નથી. જે કહેવું જોઇએ તે હું કહું છું. આ વસ્તુ પણ રેકર્ડ ઉપર રહે એટલા માટે. માનનીય સભ્યશ્રી પ્રશ્ન ક્રમાંકઃ ૮. હવે પૂરું થઇ ગયું. તેનો જવાબ આવી ગયો.

**ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩નો ખર્ચ**

*** ૮૧૩ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી–૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી–૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં ` ૩.૪૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે. |

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૧, ૧૨, ૧૩, જાન્યુઆરી, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમ્મિટમાં ૩.૪૬ કરોડ ખર્ચનું ચુકવણું થયેલ છે. મારો પેટા પ્રશ્ન એ છે કે વાયબ્રન્ટ સમ્મિટ પાછળ રૂ.૩.૪૬ કરોડ ખર્ચનું ચુકવણું કયા કયા હેડ પાછળ કરવામાં આવ્યું? બીજો મારો પેટા પ્રશ્ન છે કે વાઇબ્રન્ટ સમ્મિટમાં કઇ કઇ કંપનીઓને કોન્ટ્રાકટ આપવામાં આવ્યા અને કયા ધોરણે પસંદગી કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : આ તો લાંબુ લિસ્ટ થશે. કઇ કઇ કંપનીઓને કેટલા રૂપિયા આપ્યા તે કહો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓને જણાવવું છે કે જુદા જુદા હેડ નીચે જુદી જુદી કામગીરી થાય છે અને તે પ્રમાણે જુદા જુદા ખર્ચ બુક કરવામાં આવ્યા છે. દરેકમાં પદ્ધતિ જુદી હોય છે. પહેલું પ્રમોશન, લીટરેચર અને પ્રિન્ટીંગ મટિરિયલનું હેડ છે. આ હેડની અંદર બ્રોસર્સ, સીડી, બુકલેટ, પ્રિન્ટેડ પેન ફોર ડેલીગેટસ, રાઇટીંગ પેન ફોર ડેલીગેટસ, પ્લાસ્ટીક ફોલ્ડર્સ, એમ.ઓ.યુ. ફોલ્ડર્સ એન્ડ સર્ટિફીકેટસ, ઇન્વીટેશન કાર્ડસ ફોર સેમીનાર, ઇન્વીટેશન કાર્ડસ ફોર સમ્મિટ, ઇન્વીટેશન કાર્ડસ ફોર એકઝીબીશન, પ્રોગ્રામ ડીટેઇલ્સ, ઇન્ટરનેશનલ ડેલીગેશન માટે જે પ્રોફાઇલ બુકલેટ બનાવ્યા છે તે અને જે ટ્રાન્સલેશન ચાર્જીસ ફોર પ્રમોશન મટિરિયલ્સ. જે ડેલીગેટ બહારના આવે છે તે લોકો માટે જે ટ્રાન્સલેશન કરીએ છીએ તેનો પણ ખર્ચો આની અંદર આવે છે. આ જે ખર્ચ આપ્યા છે તેમાં ૪૨ લાખ અને ૭૮ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એની અંદર જે પ્રિન્ટર છે એ ઇન્ડેક્સ–બીએ એમ્પરલમેન્ટ કરી હતી અને આજ પ્રિન્ટરના એમ્પરલમેન્ટના જરૂરિયાત પ્રમાણે એ લોકોને ઓર્ડર આપવામાં આવતા હતા. આવી જ રીતે બીજા જે મિડીયા એકસપેન્સ છે એ મિડીયાની અંદર એડવર્ટાઇઝમેન્ટ છાપાની અંદર વેબ એડવર્ટાઇઝમેન્ટ, ઇલેકટ્રોનિકસ મિડીયાની એડવર્ટાઇઝમેન્ટ, મેગેઝીન્સની અંદર એડવર્ટાઇઝમેન્ટ. આ

ઉપરાંત જે હોર્ડીંગ્સ અને એ બધું કર્યું છે એ બધાનો આની અંદર સમાવેશ થતો હોય છે આનો ખર્ચ કુલ ૧ કરોડ ૧ લાખ રૂપિયાનો થયો છે તેનો આની અંદર સમાવેશ થયેલો છે. જે ત્રીજું હેડ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આની અંદર આ બધા હેડ બોલશે, જે જોઇએ છે તમારે?

શ્રી સૌરભભાઇ પટેલ : બધા વિષયો માગેલા છે તમારા સભ્યશ્રીએ, એટલે શાંતિથી બેસીને સાંભળો.

અધ્યક્ષશ્રી : આની અંદર એમણે બધી વિગત માગી છે

શ્રી સૌરભભાઇ પટેલ : બધું માગેલ છે, તો એમને ના પાડો પૂછે નહીં. એમણે વિગત પૂછી છે એ જ આપુ છું.

અધ્યક્ષશ્રી : એને હેડ જ કહી દો ને.

શ્રી સૌરભભાઇ પટેલ : ના બધું માગેલ છે તો આપવા દોને સાહેબ. એટલે બીજી વાર આ પ્રશ્ન ઉભો જ ન થાય.

અધ્યક્ષશ્રી : હવે બીજી વાર નહીં પૂછે. હેડ જ આપી દોને. કયા કયા હેડ નીચે કેટલો ખર્ચ થયો એ આપી દો.

શ્રી સૌરભભાઇ પટેલ : સોવિનર રીલેટેડ ખર્ચ, વેબસાઇડ ક્રીએશન વાય ફાઇ ફેસેલીટીઝ, ઇવેન્ટ મેનેજમેન્ટ, થીમ પેવેલિયન, એડમીનીસ્ટ્રેટીવ ખર્ચ, ટ્રન્સપોર્ટેશન એન્ડ હોસ્પિટાલીટીઝ, સેમિનાર એન્ડ ડીસ્કશન ફોરમ્સ, નૌલેજ પાર્ટનર, રીલેશનશીપ પાર્ટનર, ઇન્ટરનેશન રોડ શો અને અધર ખર્ચ કરવામાં આવ્યો છે. અને મીસેલેનીઅસ એકસ્પેન્ડીચર આ પ્રમાણે કુલ ૩ કરોડ ૭૬ લાખ રૂપિયાનું ચૂકવણું કરેલ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગુ છું કે, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૩માં ભાગ લીધેલ વિદેશી પ્રવાસીઓ માટે રાજય સરકારે ખૂબ મોટો ખર્ચ કરેલ છે?

શ્રી સૌરભભાઇ પટેલ : ના, ના કોઇ ખર્ચો રાજય સરકારે કરેલ નથી. બધા ફોરેન ડેલિગટસ જે આવ્યા હતા એ સંપૂર્ણપણે પોતાના ખર્ચે આવ્યા છે. આપણે સેમિનારની અંદર જેમને બેલાવ્યા છે એ પણ પોતાના ખર્ચે આવ્યા છે. માત્ર એરપોર્ટ પર ઉતરે એટલે હોસ્પિટાલીટીઝના ભાગરૂપે એમને આઇધર કોર્પોરેશન દ્વારા, સરકાર દ્વારા કે પી.પી.પી. મોડ ઉપર આપણે એમને લેવા જઇએ છીએ અને એમાંથી કોઇ કોઇ સભ્યશ્રીની આપણે રહેવાની પણ વ્યવસ્થા કરીએ છીએ.એટલે એ મહેમાનોને રહેવાનો જે એક બે દિવસનો ખર્ચો થાય એટલો જ આપણો ખર્ચો છે બાકીનો કોઇ ખર્ચો આ વિદેશી મેહેમાનો માટે આપણે કરતા નથી.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગુ છું કે, વાઇબ્રન્ટ ગુજરાતની અંદર જે જે ઉદ્યોગપતિઓ ગુજરાતના કાર્યક્રમમાં આવ્યા હતા એ ઉદ્યોગપતિઓ ઉપર કેન્દ્રની સરકારે ઇન્કમટેક્સ દ્વારા નોટિસો મોકલાવી છે એ વાત સાચી છે?

અધ્યક્ષશ્રી : આ આમાંથી ઉપસ્થિત થતો સવાલ નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં વાઇબ્રન્ટ ગુજરાતમાં નોંધાયેલ ઉદ્યોગો પૈકી કુલ કેટલી રોજગારી વાસ્તવિકપણે ઉભી થઇ છે? અને ઉદ્યોગોમાં એનાથી કોઇ ફાયદો ગુજરાતના રોકાણકારોને મળ્યો છે કે નહીં?

અધ્યક્ષશ્રી : આ આમાંથી ઉપસ્થિત થતો સવાલ નથી. આ ફકત ખર્ચ માટેનો જ સવાલ છે, રોજગારી વિષય જૂદો છે. છતાં તમારી પાસે આંકડા હોય તો કહો.

શ્રી સૌરભભાઇ પટેલ : ના, ના. આના માટે બીજી નોટિસ આપે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ માનનીય સભ્યશ્રીના સવાલમાં જે જવાબ આપ્યો છે, એમાં સવાલ બહુ સ્પષ્ટ પૂછ્યો છે કે, વાઇબ્રન્ટ સમ્મિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? એની સામે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ વાઇબ્રન્ટ સમ્મિટમાં ૩.૭૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે એમ કહ્યું છે. આ બંને બાબત વિરોધાભાસી છે. ખરેખર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? જે રકમનું ચૂકવણું થયેલ છે એ સિવાયની બાકીની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧–૧૨–૧૩માં જે વાઇબ્રન્ટ સમ્મિટ હતી એ ત્રણ દિવસનો ખર્ચ ૩.૪૬ કરોડ છે. બાકીના ચૂકવણા બાકી છે.

અધ્યક્ષશ્રી : આ છેલ્લું જે છે એનો જેટલો ખર્ચ થયો એટલું ચૂકવણું થઇ ગયું છે, આગળનું બાકી છે. આગળનું જે છે એનો કોઇ સવાલ જ નથી. એમ જ છેને?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનો સવાલ બહુ સ્પષ્ટ છે. ૨૭–૧ ની તારીખનો છે. ૨૭–૧ની તારીખે ૩.૪૬ કરોડનું ખર્ચ થયું છે એ પછી જે બધા બીલો આવવાના હશે એનું ઓડિટ થશે ઓડિટ થઇને નિયમ પ્રમાણે જે હશે એ પ્રમાણે ચૂકવણું કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : સવાલ તારીખ ૨૭–૧–૧૩નો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચ કર્યો અને ચૂકવણું કર્યું તેની વાત છે

અધ્યક્ષશ્રી : એ એમાં જ કહ્યું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બાકીના બિલો છે એનું શું?

અધ્યક્ષશ્રી : એ અગાઉના છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બાકીના બિલો બાકી છે એમ માનનીય મંત્રીશ્રી કહે છે તો

અધ્યક્ષશ્રી : એ અગાઉના છે, છેલ્લાં વાયબ્રન્ટના બિલો બાકી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : સવાલ સ્પષ્ટ છે કે, વાયબ્રન્ટ તા.૧૧, ૧૨ અને ૧૩એ થઇ, એમનો સવાલ ૨૭–૧–૧૩નો છે, જરૂરી નથી કે બધા બિલો દસ દિવસમાં આવે અને દસ દિવસની અંદર આવ્યા પછી એની ચકાસણી થાય, (અંતરાય) અરે ભાઇ સાંભળો, એની ચકાસણી થાય, એ ચકાસણી કર્યા પછી બિલનું ચૂકવણું થાય, એટલે વાયબ્રન્ટના ૧૧, ૧૨ અને ૧૩ના અત્યારસુધીમાં ૩.૪૬ કરોડ રૂપિયા ચૂકવ્યા છે, બાકીના બિલો ચકાસણી કરીને ચૂકવવામાં આવશે.

અધ્યક્ષશ્રી : એ એમ જ કહે છે કે બાકીના બિલો હજી પેન્ડિંગ છે, એનો કોઇ અંદાજ હોય તો કહો ના હોય તો કંઇ નહિ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બાકીના બિલો આવશે એમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું..

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ, મારી પાસે કોઇ માહિતી નથી.

## દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો

* ૭૮૩ **શ્રી જોઈતાભાઈ ક. પટેલ** (ધાનેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લાનાં દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો ચાલુ કરવા સરકાર દ્વારા ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો ઉપરોક્ત તાલુકાના કયા કયા ગામોએ એવા પશુ સારવાર કેન્દ્ર થનાર છે, અને | (૨) આ બાબત સરકારની વિચારણામાં છે. |
| (૩)આ પશુ સારવાર કેન્દ્રો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે? | (૩) નિર્ણય થયેથી શરૂ થશે. |

**શ્રી જોઇતાભાઇ ક. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, વીજળી મોંઘી થવાથી ખેડૂતોને ખેતી કરવી દુષ્કર થઇ છે, એવા સંજોગોમાં બનાસકાંઠા જિલ્લામાં કોઇ મોટા ઉદ્યોગો નથી, ફક્ત ડેરીનો ઉદ્યોગ..

અધ્યક્ષશ્રી : આ સવાલ પશુ સારવાર કેન્દ્રોનો છે,

**શ્રી જોઇતાભાઇ ક. પટેલઃ** પણ હું પ્રશ્નની ભૂમિકા સમજાવું છું,

અધ્યક્ષશ્રી : ભૂમિકા નહિ તમારો સવાલ છે કે પશુ સારવાર કેન્દ્રો ક્યાં શરૂ કરવામાં આવનાર છે, પશુ સારવારમાં વીજળી ક્યાંથી આવે?

**શ્રી જોઇતાભાઇ ક. પટેલઃ** મારું કહેવાનું એટલું જ છે કે બનાસકાંઠા જિલ્લામાં લોકો ડેરી ઉદ્યોગ પર આધારિત છે અને પશુ સારવાર કેન્દ્રો કરવા માટેના મારા પ્રશ્નના જવાબમાં ગોળ ગોળ જવાબ આપવામાં આવ્યો છે, મારો સ્પષ્ટ પ્રશ્ન છે કે, આ બજેટમાં મેં પૂછ્યા પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના ચાર તાલુકાઓમાં કેટલા ગામોમાં પશુ સારવાર કેન્દ્રો આપ કરવા માગો છો?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ દવાખાના કરવા માટેના ધોરણો નક્કી થયેલા છે, આ ધોરણોની અંદર એક તો જે તે વિસ્તારમાં પશુ દવાખાનાની આવેલી માંગણીઓ, એના સિવાય ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ, પછી પશુધનની વસતિ, બજેટ જોગવાઇ અને છ કે સાત કિલોમીટરના એરિયાની અંદર કોઇ પશુ દવાખાના છે કે નહિ તે, આના સિવાય સંબંધિત જિલ્લાની તાંત્રિક સંકલન સમિતિ હોય છે, આ જે કોઇ માગણીઓ આવી હોય છે એની તાંત્રિક ચર્ચા વિચારણા કરીને, ત્યારબાદ સ્થળની ભલામણ અહીંયા રાજય સરકારને કરવામાં આવે છે, એના પછી એના સિવાય પણ સ્થળની પસંદગીમાં શૈક્ષણિક તથા આરોગ્યલક્ષી સવલતો, માર્ગો સાથેનું જોડાણ, ગ્રામ્ય સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળનારી સહાય, અનુદાન આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને પશુ દવાખાના જે તે જગ્યાએ કરવામાં આવે છે. અત્યારે આ ચારેય તાલુકાઓમાં ૨૭ પશુ દવાખાના આવેલા છે, આ મેં જે ધોરણો કહ્યા એ મુજબ માગણીઓ આવશે અને નક્કી થશે ત્યારે બજેટ જોગવાઇ મુજબ ત્યાં પશુ દવાખાના કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી :જોઇતાભાઇ તમારી કોઇ ચાર તાલુકાઓમાં માગણી હોય તો આના નોર્મ્સ લઇ લેજો, નોર્મ્સ પ્રમાણે તમારે જ્યાં જરૂરિયાત હશે ત્યાં તમને પશુ દવાખાના કરી આપશે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી ત્યાં આવવાના કારણે ઘાસચારો વધુ થયો, જેને કારણે પશુપાલનનો વ્યવસાય ત્યાં આગળ ખૂબ સારી રીતે ડેવલપ થઇ રહ્યો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ૨૦૧૨ની સ્થિતિએ દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં અત્યારે હાલ પશુઓની સારવાર કરવા માટેની કેટલી સંસ્થાઓ ચાલુ છે? બીજું આ અને આ સિવાયની પણ કોઇ સંસ્થાઓ ચાલુ કરવી હોય, નવા કેન્દ્રો ચાલુ કરવા હોય તો એના માટેના ધારાધોરણો શું છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પશુઓની સારવાર માટે ત્યાં વેટરનરી પોલિક્લીનીક હોય છે, પશુ દવાખાનાઓ, ફરતું દવાખાનું અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આ રીતે પશુઓની સારવાર માટેની વ્યવસ્થા દરેક તાલુકામાં અથવા જિલ્લામાં હોય છે. દાંતીવાડા તાલુકામાં અત્યારે એક પશુ દવાખાનું અને એક પ્રાથમિક સારવાર કેન્દ્ર છે, આમ દાંતીવાડાની અંદર કુલ બે સારવાર કેન્દ્રો છે, ધાનેરાની અંદર છ પશુ દવાખાના આવેલા છે.

અધ્યક્ષશ્રી :પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## **તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ**

### **રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાનાં નહેર સુધારણાનાં કામો**

**૨૪૭ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાના નહેર સુધારણાના કામો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) નહેર સુધારણાંના પ્રથમ તબક્કાના કામ જુન–૨૦૧૨માં પૂર્ણ કરેલ છે. બીજા તબક્કાના ૭ (સાત) કામ શરૂ થવામાં છે, અને એક કામ ટેન્ડર તબક્કે છે. |
| (૨) તે પાછળ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) ` ૭૩૩.૧૩ લાખ. |

---------

**હાંસોટ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળની યોજનાઓ**

૨૬૯ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ સન ૨૦૧૧–૧૨માં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) એક યોજના મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ? | (૨) ` ૧૧.૧૨ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં પશુ જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન**

૩૧૯ **શ્રી ભરતસિંહ ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પશુ જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૨૭ |
| (૨) આ જાતિય આરોગ્ય સારવાર કેમ્પમાં કઈ–કઈ સેવાઓ પૂરી પાડવામાં આવી? | (૨) આ જાતીય આરોગ્ય સારવાર કેમ્પમાં મુખ્યત્વે પશુ વંધ્યત્વ નિવારણ માટેની સારવાર કરવામાં આવી. તદઉપરાંત જરૂરીયાતનાં કેસોમાં બીમાર પશુઓની સારવાર, રસીકરણ, ખસીકરણ અને કૃત્રિમ બીજદાનની સેવાઓ તથા કૃમિનાશક દવાઓ આપવામાં આવી. |

---------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો**

૨૫૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા કયા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, અને | (૧) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં સ્થપાયેલ ત્રણ ઈન્સ્ટીટ્યુટમાં નીચે મુજબના અભ્યાસક્રમો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ચલાવવામાં આવે છે.<br>૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો<br>a ) એમ. એસ. ફોરેન્સીક ફાર્મસી<br>b ) એમ. એસ. ફોરેન્સીક નેનોટેકનોલોજી<br>c ) પી.એચ. ડી.<br>૨) ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીયરલ સાયન્સ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો<br>a ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સિક સાઈકોલોજી (પી.જી.ડી.એફ.પી)<br>b ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ<br>c ) માસ્ટર ઈન સાઈકોલોજી (કિલનિકલ સાઈકોલોજી (એમ.પી.એસ.વાય.)<br>d ) એમ.ફિલ. ઈન ફોરેન્સિક સાઈકોલોજી<br>e ) એમ.ફિલ. ઈન કિલનિકલ સાઈકોલોજી (આર.સી.આઈ. માન્ય)<br>૩) ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા ચલાવવામાં |

આવતા અભ્યાસક્રમો

a ) એમ.એસ.સી. ફૉરેન્સીક સાયન્સ

b ) એમ.એસ. ડીઝીટલ ફોરેન્સીક એન્ડ ઈન્ફરમેશન એસ્યોરન્સ

c ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફીંગર પ્રીન્ટ સાયન્સ

d ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફૉરેન્સીક ડોક્યુમેન્ટ એકઝામીનેશન

e ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફૉરેન્સીક મેનેજમેન્ટ

f ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફૉરેન્સીક એકાઉંટીંગ

g ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન એન્ડ કોમ્પ્યુટર ફૉરેન્સીક્સ (ઓન લાઈન કોર્સ)

h ) સર્ટીફીકેટ ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી (ઓન લાઈન કોર્સ)

i ) સર્ટીફાઈડ ઈન્ફોરમેશન સીક્યોરીટી પ્રોફેશનલ (ઓન લાઈન કોર્સ)

j ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સીક્યોરીટી એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લો (ઓન લાઈન કોર્સ)

k ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સાયબર લો (ઓન લાઈન કોર્સ)

l ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (ઓન લાઈન કોર્સ)

m ) જીએફએસયુ સર્ટીફાઈડ સાયબર સીક્યોરીટી એકસપર્ટ (ઓન લાઈન કોર્સ)

n ) જીએફએસયુ સર્ટીફાઈડ સેલફોન ફૉરેન્સીક પ્રોફેશનલ (ઓન લાઈન કોર્સ)

o ) જીએફએસયુ સર્ટીફાઈડ કોમ્પ્યુટર ફૉરેન્સીક એકસપર્ટ (ઓન લાઈન કોર્સ)

p ) જીએફએસયુ સર્ટીફાઈડ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેટર (ઓન લાઈન કોર્સ)

q ) પી. જી. ડીપ્લોમા ઈન ક્રીમીનોલોજી એન્ડ ફૉરેન્સીક મેનેજમેન્ટ.

એચબી–૬૫૮–૨

(૨) આ યુનિવર્સિટીમાંથી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ પૂર્ણ કરીને બહાર નીકળેલ વિદ્યાર્થીઓની સંખ્યા અભ્યાસવાર કેટલી?

(૨) ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટીમાંથી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં બહાર પડેલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **ઈન્સ્ટીટયુટનું નામ** | **વર્ષ** | **વર્ષ** |
|---|---|---|---|
| | | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
| ૧ | ઈન્સ્ટીટયુટ ઓફ ફૉરેન્સીક સાયન્સ | ૫૧ | ૧૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ઈન્સ્ટીટયુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ | ૨૨ | ૨૯ |
| ૩ | ઈન્સ્ટીટયુટ ઓફ બીહેવીયરલ સાયન્સ | ૧૪ | ૦૯ |

---------

**આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કેમ્પનું આયોજન**

૩૧૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કુલ કેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા ગામોને લાભ આપવામાં આવ્યો, અને

(૩) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨નાં પશુ આરોગ્ય મેળાઓ કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમિયાન કુલ ૧૫૭ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું તેમજ અન્ય પશુ સારવાર કેમ્પ ૭૩ કરવામાં આવ્યાં.

(૨) પશુ આરોગ્ય મેળામાં - ૩૬૯
પશુ સારવાર કેમ્પોમાં - ૮૬

(૩) પશુ આરોગ્ય મેળામાં - ૩૭૧૦૭
પશુ સારવાર કેમ્પોમાં - ૧૩૫૨૧

---------

**જલાલપોર તાલુકાનાં દાંતી ખાતે દરિયાઈ ધોવાણનાં કામો**

૨૪૨ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દાંતી ખાતે દરિયાઈ ધોવાણને અટકાવવા માટેના કામો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

તા. ૨૮-૫-૨૦૧૨ના રોજ રૂા. ૩૭૯.૬૦ લાખના ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ**

૮૫૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું,

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને

(૩) તા. ૩૦-૧-૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ.

(૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું.

(૩) તા. ૩૦-૧-૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશતઃ કામગીરી થયેલ છે.

---------

**ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા થયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરેલ સંસ્થાઓ**

૨૫૭ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૪-૧-૨૦૧૩ની સ્થિતિએ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સાથે કઈ કઈ સંસ્થાએ મેમોરેન્ડમ ઓફ અંન્ડરસ્ટેન્ડીંગ કર્યા છે, અને

(૨) તે અંગેની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨) :

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી સાથે તા. ૨૪-૧-૨૦૧૩ની સ્થિતિએ કુલ-૨૨ સંસ્થાઓએ કરારો કરેલ છે. જે પૈકી બહારના ૩ દેશોની ૯ સંસ્થાઓ તથા

ભારત સરકારની બે સંસ્થાઓએ અને દેશની પ્રતિષ્ઠીત અન્ય ૧૧ સંસ્થાઓ એમ કુલ-૨૨ સંસ્થાઓએ શૈક્ષણિક કામગીરી તથા સંશોધન અને વિકાસની કામગીરી માટે તેમજ સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના માટે કરારો કરેલ છે. આ તમામ સંસ્થાઓની વિગત નીચે મુજબ છે.

૧. ડિફેન્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયકોલોજીકલ રિસર્ચ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્હી. (Defense Institute of Psychological Research (DIPR), Defense Research & Development Organization (DRDO), Ministry of Defense-Government of India,New Delhi)

૨. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ, ભારત સરકાર, ફરીદાબાદ (National Institute of Financial Management (Govt. of India),faridabad)

૩. ગેલીલી ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, ઈઝરાઈલ (Galilee International Management Institute-Israel)

૪. સેન્ટર ફોર ગ્લોબલ એડવાન્સમેન્ટ ઓફ કોમ્યુનિટી કોલેજસ, યુએસએ. (Center for Global Advancement of Community Colleges,USA)

૫. ફલોરીડા યુનિવર્સિટી, યુએસએ (University of Florida-USA)

૬. હ્યુસ્ટન યુનિવર્સિટી, યુએસએ (University of Houston-USA)

૭. સેન્ટર ફોર નેનો બાયોટેકનોલોજી રિસર્ચ, અલાબામા સ્ટેટ યુનિવર્સિટી, યુએસએ (Center for Nano

Biotechnology Research, Alabama State University–USA)

૮. નેમીસીસ્કો લીમીટેડ, ઈઝરાઈલ (Nemesysco Ltd – Israel)

૯. ફોરેન્સીક ટેકનોલોજી ઈન્કોર્પોરેટેડ, કેનેડા (Forensic Technology Inc.–Canada)

૧૦. સસ્પેકટેડ ડીટેકશન સીસ્ટમ, ઈઝરાયલ (Suspect Detection System(SDS),Israel)

૧૧. સ્ટ્રાએડ ઈન્કોર્પોરેટેડ, યુએસએ (StraEd Inc.–USA)

૧૨. જે.એસ.એસ. યુનિવર્સિટી, મૈસુર, કર્ણાટક (J.S.S. University Mysore,Karnataka)

૧૩. રાંચી ઈન્સ્ટિટ્યુટ ઓફ ન્યુરો સાઈકીયાટ્રીક એન્ડ એલાઈડ સાયન્સીસ, ઝારખંડ. (Ranchi Institute of Neuro–Psychiatry & Allied Sciences (RINPAS) – Jharkhand)

૧૪. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર (Gujarat National Law University (GNLU),Gandhinagar)

૧૫. ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજીકલ મીશન, ગુજરાત સરકાર (Gujarat State Biotechnology Mission, DST – Govt. of Gujarat)

૧૬. મેન્ટલ હોસ્પિટલ, અમદાવાદ (Hospital for Mental Health, Ahmadabad (Govt.of Gujarat)

૧૭. ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ (Government Dental College,

Civil Hospital, Ahmedabad)
૧૮. ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ (Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad)
૧૯. રક્ષા શક્તિ યુનિવર્સિટી, અમદાવાદ (Raksha Shakti University– Ahmedabad)
૨૦. કેર ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, અમદાવાદ (Care Institute of Medical Sciences – Ahmedabad)
૨૧. સ્કૂલ ઓફ સિક્યુરિટી એન્ડ બીહેવીયરલ ઈન્ટેલીજન્સ ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદ (School of Security & Behavioural Intelligence Institute– Ahmedabad)
૨૨. એશીયન સ્કૂલ ઓફ સાયબર લો, પુના. (Asian School of Cyber Laws (ASCL) – Pune)

---------

**અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળની યોજનાઓ**

૨૬૮ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતીઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ।. ૨૧૧.૪૫ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**ઉનાળામાં પાણીની સમસ્યા દુર કરવાં શેત્રુંજી, રજાવળ, હણોલ તથા ખારો ડેમ પાણીથી ભરવા બાબત**

૭૫૪ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા લીન્ક–૧ થી ૪ સુધીને શેત્રુંજી ડેમ, રજાવળ ડેમ, હણોલ ડેમ તથા ખારો ડેમ ભરવા સરકારે વિચારણા કરી હતી તે મુજબ શી કાર્યવાહી હાથ ધરી છે? | સૌરાષ્ટ્રમાં સિંચાઈ અને પીવાના પાણી માટેની સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ યોજના (સૌની યોજના)ના કામના સર્વેક્ષણ, આલેખન, અંદાજ અને ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓ માટે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં થયેલા એમ.ઓ.યુ.**

૧૦૨૮ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઉદ્યોગો માટે સન ૨૦૦૯ અને ૨૦૧૧ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ થયા તેમાં સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓ માટે કેટલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ થયા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ ૨૦૦૯ અને ૨૦૧૧માં સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં કુલ ૧૧ એમ.ઓ.યુ. થયેલ છે. |
| (૨) એમાંથી કેટલા ઉદ્યોગો કાર્યરત થયા? | (૨) આ પૈકી ૧૦ પ્રોજેક્ટ અમલીકરણ માટેના વિવિધ તબક્કા હેઠળ છે. તે પૈકી ૪ પ્રોજેક્ટ કાર્યરત થયેલ છે. |

---------

**જામનગર અને રાજકોટ જિલ્લામાં પાક વીમાની ચૂકવણી**

૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને રાજકોટ જિલ્લામાં ખરીફ–૨૦૧૨માં અનિયમિત તથા અપૂરતો વરસાદ થવાથી ખરીફ–મગફળી તથા કપાસ પાકનો પાક વિમો ચૂકવવાની કાર્યવાહી ડીસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) યોજનાની જોગવાઈ મુજબ કૃષિ વિભાગ દ્વારા પાક કાપણી અખતરાની કામગીરી તેમજ ઈન્સ્યુરન્સ કંપની દ્વારા બેંકોએ આપેલ પાક ધિરાણની માહિતી અને કૃષિ પાક હેઠળના ખરેખર વાવેતર વિસ્તારની માહિતી ચકાસવાની કામગીરી ચાલુ છે. |
| (૨) ઉપરોક્ત પાક વિમો નિયત સમયમર્યાદામાં ચૂકવાય તે માટે ઉચ્ચ કક્ષાએ શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૨) પાક કાપણી અખતરા અને માહિતી સંકલનની કામગીરી પુર્ણ થયેલ છે. કૃષિ વિમા કંપની દ્વારા બેંકોએ આપેલ પાક ધિરાણ તેમજ ખરેખર પાક હેઠળના વાવેતરના વિસ્તારની ચકાસણી વગેરે ચાલુ છે. |
| (૩) ખેડૂતોને આ વિમાની રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે? | (૩) પાક વિમા નિયત સમયમાં ચુકવવા માટેની કામગીરી રાજ્ય સરકાર દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે. બેંકોએ આપેલ ધિરાણ/પાક હેઠળનો વાવણી વિસ્તાર ઈત્યાદીની ચકાસણી કૃષિ પાક વિમા કંપની દ્વારા સમયબદ્ધ રીતે ચાલુ છે. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ**

૮૨૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિલો મીટર લંબાઈનું કામ અને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૩૦–૧–૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે ? | (૩) તા. ૩૦–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશતઃ કામગીરી થયેલ છે. |

---------

એચબી–૬૫૮–૩

**કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપલાઈન આધારિત યોજનાથી જોડાયેલ ગામો**

૨૬૭ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપ લાઈન આધારિત યોજનાથી કેટલા ગામોને જોડવામાં આવેલ છે, | (૧) ૮૦૧ ગામોને જોડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા ગામો જોડવાના બાકી રહે છે, અને | (૨) ૭૯ ગામો જોડવાના બાકી છે. |
| (૩) આ ગામોને ક્યારે જોડવાનું આયોજન છે ? | (૩) ક્રમશઃ ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં જોડવાનું આયોજન છે. |

---------

**વાંકાનેર તાલુકામાં પીવાના પાણીની સમસ્યાઓ**

૧૭૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે તે હકીકત થી સરકાર વાકેફ છે, અને<br>(૨) જો હા, તો આગામી ઉનાળામાં આ તાલુકાની જનતાને પીવાનું પાણી દરરોજ નિયમિત મળે તે માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૧) અને (૨) ના. જી, પરંતુ આગામી ઉનાળામાં પીવાના પાણીની સંભવિત સમસ્યાને પહોંચી વળવા ટેન્કરથી, પીવાના પાણીના સ્ત્રોતોનું નવીનીકરણ, નવા બોર તેમજ પંપીંગ મશીનરીને લગતા કામોનું આયોજન કરેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ખરીફ પાકોને નુકસાન થતા ચૂકવવા પાત્ર વીમો**

૧૦૯૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૨ની વરસાદી ઋતુમાં અનિયમિત અને ઓછા વરસાદના કારણે ખરીફ પાકોને નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કપાસ, મગફળી વગેરે ખરીફ પાકોમાં તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતા કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે, | (૨) પાક ઉત્પાદનની ગણતરી ચાલુ છે. યોજનાની જોગવાઈ મુજબ ઈન્સ્યુરન્સ કંપની દ્વારા બેંકોએ આપેલ પાક ધિરાણની માહિતી અને કૃષિ પાક હેઠળના ખરેખર વાવેતર વિસ્તાર, પિયત અને બિન પિયત પાકની ઉત્પાદકતાની માહિતી ચકાસવાની કામગીરી ચાલુ છે. |
| (૩) તે માટે પાક વીમો ચૂકવવા પાત્ર થાય છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો પાક વીમો ચૂકવવા પાત્ર થાય તેમ હોય તો ક્યારે ચૂકવવાનું આયોજન છે ? | (૪) એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લી. દ્વારા ચૂકવવા પાત્ર થતાં દાવા અંગે ચકાસણી પૂર્ણ કર્યા બાદ વહેલામાં વહેલી તકે પાક વિમાના દાવાનું ચૂકવણું કરવામાં આવશે. |

---------

**ગૌશાળા–પાંજરાપોળની આંતર માળખાકીય સુવિધા માટે સહાય**

૨૫૪ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજયની ગૌશાળા અને પાંજરાપોળની આંતર માળખાકીય સુવિધા માટે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય કરવામાં આવી ? | ` ૨,૨૭,૯૨,૩૬૩/– |

ફાલ્ગુન ૧, ૧૯૩૪ શાકે
અતારાંકિત પ્રશ્નો

---------

**વેરાવળ તાલુકામાં આદ્રી–સીમાર–વડોદરા–ડોડીયા ગામોની કેનાલનું કામકાજ**

૨૧૦ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં મેઘલ નદીથી આદ્રી–સીમાર–વડોદરા ડોડીયા ગામોમાંથી પસાર થતી કેનાલનું શરૂ કરેલ કામ કેટલા સમયમાં પૂર્ણ કરાશે, અને | (૧) કેનાલનું કામ માહે મે–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ કેનાલનું કામ કયાં સુધી લંબાવવામાં આવશે, અને કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) કેનાલ મેઘલ નદીના ડાબા કાંઠેથી શરૂ થઈ સીડોકર ગામની સીમમાં પૂર્ણ થાય છે. કામ માહે મે–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ઘોઘા અને દહેજ વચ્ચે રો–રો ફેરી સેવા**

૯૦૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખંભાતના અખાતમાં ઘોઘા અને દહેજ વચ્ચે રો–રો ફેરી સેવા શરૂ કરવા માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, | (૧) ` ૩૩.૧૩ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને | (૨) દહેજ–ઘોઘા ખાતે ટર્મિનલનું બાંધકામ પ્રગતિમાં છે. |
| (૩) આ કામમાં વૈશ્વિક ટેન્ડરો મંગાવવામાં આવ્યા હતા કે કેમ ? | (૩) રો– રો ટર્મિનલના બાંધકામ તથા ફેરી ઓપરેશન માટે વૈશ્વિક ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે. |

---------

**અન્ય રાજયોમાં ગુજરાતી સમાજભવનના બાંધકામ માટે સહાય**

૩૦૬ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બિનનિવાસી પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અન્ય રાજયોમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રાજય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, કેટલી રકમ સુધીની સહાય આપવામાં આવે છે, અને | (૨) ` ૧૦.૦૦ લાખ (દશ લાખ) સુધીની. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ` ૧૩,૮૬,૬૨૫. |

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર ચોરી, લૂંટ, ધાડ, ખૂન, બળાત્કાર, છેડતી, રાયોટીંગ, મહિલા અત્યાચારનાં ગુનાઓ**

૧૮૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ચોરી, લુંટ, ધાડ, ખૂન, બળાત્કાર, છેડતી, રાયોટીંગ અને મહિલા અત્યાચારના કેટલા ગુનાઓ નોંધાયેલ છે, | (૧) **પત્રક** સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કેસોમાં ગુનેગારો પકડવામાં આવેલ છે, અને | (૨) ૧૦૦૭. |
| (૩) કેટલા ગુનેગારો પકડવાના બાકી છે ? | (૩) ૧૦૩. |

**પત્રક**

| **તાલુકાનું નામ** | **ચોરી** | **લુંટ** | **ધાડ** | **ખુન** | **બળાત્કાર** | **છેડતી** | **રાયોટીંગ** | **મહીલા અત્યાચાર** |
|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૫૦૫ | ૭ | ૩ | ૨૨ | ૮ | ૧૭ | ૧૩ | ૨૮૦ |
| ઉમરેઠ | ૩૫ | ૦ | ૦ | ૨ | ૨ | ૪ | ૨ | ૩૬ |
| પેટલાદ | ૬૮ | ૧ | ૧ | ૮ | ૦ | ૩ | ૯ | ૫૧ |
| બોરસદ | ૧૦૧ | ૨ | ૨ | ૪ | ૩ | ૯ | ૯ | ૭૪ |
| આંકલાવ | ૩૯ | ૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૨ | ૩૨ |
| ખંભાત | ૫૧ | ૧ | ૦ | ૪ | ૪ | ૫ | ૫ | ૫૫ |
| સોજીત્રા | ૧૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૧ |
| તારાપુર | ૩૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૯ | ૧૫ |

---------

## દાંતીવાડા–સીપુ બંધની પાઈપલાઈન નાંખવાની કામગીરી

**૨૪૮ શ્રી શંકરભાઇ લ. પટેલ (ચૌધરી)(વાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાંતીવાડા–સીપુ બંધની પાઇપ લાઇન નાંખવાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૩) આ પાઈપ લાઈનથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે, અને

(૪) તેના થકી કેટલા તળાવો જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રગતિ હેઠળ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ ` ૨૫૩/– કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) ૯૦૦૦ હેકટર.

(૪) ૨૨.

---------

## જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૨માં યોજાયેલ પશુ સારવાર કેમ્પ

૩૦૯ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૨માં જામનગર જિલ્લામાં કેટલા પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા પશુઓને કયા–કયા પ્રકારની સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૦૦.

(૨) ૧૨૩૬૧ પશુઓને તબીબી પ્રકારની સારવાર, ૩૯૮૪ પશુઓને જાતીય આરોગ્ય સારવાર, ૨૩૪૯૫૭ પશુઓને કૃમિના રોગની સારવાર, ૧૨૭૭ પશુઓને શસ્ત્રક્રિયા,

આમ કુલ ૨,૫૨,૫૭૯ પશુઓને સારવાર આપવામાં આવી.

---------

**પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા અને માઈનોર નહેરોનાં કામ**

૨૯૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા વિશાખા અને માઈનોર નહેરના કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા અને માઈનોર નહેરના ૩૩ કામો કુલ ` ૧૧૧૯.૭૪ કરોડના પ્રગતિમાં છે. |
| (૨) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ? | (૨) આ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલની કામગીરી**

૯૬૬ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે ? | (૩) તા. ૨૭–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશતઃ કામગીરી થયેલ છે. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલની કામગીરી**

૯૪૬ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાના લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે ? | (૩) તા. ૨૭–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશતઃ કામગીરી થયેલ છે. |

---------

**રાજયમાં કાર્યરત પશુરોગ અન્વેષણ એકમો**

**૩૨૨ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજયમાં કેટલા પશુ રોગ અન્વેષણ એકમ કાર્યરત છે, અને | (૧) ૧૭ (સત્તર) |
| (૨) તેમાં કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ? | (૨) પશુરોગ અન્વેષણ એકમ એ જે તે જીલ્લાની પશુ રોગ નિદાન માટેની લેબોરેટરી છે. આ લેબોરેટરી ખાતે વિવિધ સાધનો–ઉપકરણોના ઉપયોગથી વૈજ્ઞાનિક ઢબે પશુ–પક્ષીઓનાં વિવિધ રોગોનું નિદાન કરીને પશુ સારવાર સંસ્થાઓને પશુઓની સચોટ સારવાર થઈ શકે તે અર્થે પૂરતું માર્ગદર્શન આપવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે. |

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ અંતર્ગત મહેમાનો માટે બુક કરાવેલ હોટલના રૂમ**

૬૯૩ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં કેટલા મહેમાનોને રહેવા માટે કઈ હોટલના કેટલા રૂમ બુક કરાવ્યા હતા, અને

(૨) આ હોટેલોમાં ઉતારા–રહેવા જમવાની વ્યવસ્થા પાછળ તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જાન્યુઆરી, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલા વાયબ્રન્ટ સમિટમાં મહેમાનો ખાસ કરીને આમંત્રીત વક્તાઓના રહેવા માટે જુદી જુદી હોટેલોમાં ૩૭૮ રૂમ બુક કરાવવામાં આવેલ, જેની વિગત આ સાથે **પરિશિષ્ટમાં** દર્શાવેલ છે

(૨) આ અંગે તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ હિસાબ આખરી થઈ શકેલ નથી. તેથી કોઈ ખર્ચ આકારાયેલ નથી.

**પરિશિષ્ટ**

| **ક્રમ** | **હોટલનું નામ** | **રૂમની સંખ્યા** | **ક્રમ** | **હોટલનું નામ** | **રૂમની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧. | હોલીડેઈન એક્સપ્રેસ | ૮૫ | ૨. | એસોસિએટ હોટલ પ્રા.લિ. લે મેરીડીયન | ૧૦ |
| ૩. | લેમન ટ્રી | ૧૫ | ૪. | રોયલ ઓરચીડ | ૨૦ |
| ૫. | ઈન્દર રેસીડેન્સી | ૧૫ | ૬. | પ્રેસ્ટાઈન રેસીડેન્સી | ૩૫ |
| ૭. | હોટલ કમ્ફર્ટ ઈન સનસેટ | ૧૫ | ૮. | હોટલ શ્રીમદ રેસીડેન્સી | ૦૨ |
| ૯. | હોટલ ગેટ વે ઉમેદ | ૦૪ | ૧૦. | હોટલ રમાડા | ૦૧ |
| ૧૧. | રાજપથ કલબ | ૧૪ | ૧૨. | કર્ણાવતી કલબ | ૦૧ |
| ૧૩. | કેમ્બેસ સ્પા., ગાંધીનગર | ૮૫ | ૧૪. | કેમ્બે ગ્રાન્ડ, અમદાવાદ | ૬૦ |
| ૧૫. | ફોરચ્યુન હવેલી, ગાંધીનગર | ૧૬ | **કુલ** | | **૩૭૮** |

---------

**વાંસદા તાલુકામાં પોલીસ સ્ટેશન અને આઉટપોસ્ટ માટેનાં મકાનનાં બાંધકામ**

૧૪૧ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં પોલીસ સ્ટેશનનું મકાન તેમજ આઉટ પોસ્ટ માટે મકાન બાંધવા માટે ક્યારે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ચાલુ વર્ષે પોલીસ સ્ટેશનના મકાન માટે ` ૬૫.૮૫ લાખ, જયારે આઉટપોસ્ટ માટે હાલમાં કોઈ જોગવાઈ નથી.

(૨) હાલ પોલીસ સ્ટેશનના બાંધકામ માટેના ટેન્ડરો જાહેર નિવિદાથી મંગાવવામાં આવેલ છે.

(૩) બનતી ત્વરાએ.

---------

## ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટેની સગવડ

૨૮૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રિસર્ચ (આઈ.એસ.આર) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે કયા કયા પ્રકારની સગવડો ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ (આઈ.એસ.આર.) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે નીચે મુજબની સગવડો ઉપલબ્ધ છે.

(૧) ભૂકંપ સંશોધન માટે નીચે જણાવેલ વિવિધ પ્રકારની લેબૉરેટરી સ્થાપવામાં આવી છે.

૧. સીસ્મોલોજીકલ મોનીટરીંગ લેબ (સિસ્મીક ડેટા સેન્ટર)
૨. જીપીએસ–લેબ
૩. માઇક્રોઝોનેશન–લેબ
૪. જીયોટેકનીકલ–લેબ
૫. ગ્રેવીટી–લેબ
૬. મેગ્નટો–ટેલોરીક–લેબ
૭. ઓ.એસ.એલ.–લેબ
૮. એન્જીનિયરીંગ–જીયોફિઝીકલ–લેબ
૯. બ્રોડબેન્ડ–સિસ્મોલોજી–લેબ
૧૦. એમપીજીઓ

(૨) સિસ્મીક ડેટા સેન્ટર ચોવીસ કલાક કાર્યરત હોય છે. ગુજરાતમાં સ્થાપેલા ૫૦ ધરતીકંપ માપન કેન્દ્રોમાંથી વી–સેટ મારફતે ડેટા સેન્ટરમાં સતત ડેટા આવે છે. તેનું પરિક્ષણ કરીને પાંચ કે દસ મીનીટમાં ભૂકંપની તિવ્રતા એપીસેન્ટર અને ફોક્સની જાણકારી ઉચ્ચ કક્ષા, મીડીયા અને લોકોને પૂરી પાડવામાં આવે છે.

(૩) ક્રસ્ટલ ડિફર્મેશન સ્ટડી માટે ૩૦ જગ્યાએ જીપીએસ સ્ટેશન સ્થાપવામાં આવેલ છે. તેનો ડેટા પરિક્ષણ કરીને નાનામાં નાની હિલચાલ (૫ મીમી)જાણવા મળે છે.

(૪) અનેક પ્રકારના ઈન્સ્ટ્રુમેન્ટ મારફતે જીયોફીઝીકલ સર્વે કરીને ગુજરાતની જમીન નીચેનું ક્રસ્ટલ સ્ટ્રકચર અને ફોલ્ટસનો અભ્યાસ કરવામાં આવે છે.

(૫) ઓએસએલ સાધન મારફતે પેલિયો સિસ્મોલોજીકલ સ્ટડી કરવામાં આવે છે.

(૬) જીયોટેકનીકલ લેબૉરેટરીથી સોઈલ ઈન્વેસ્ટીગેશન અને જીયોટેકનીકલ સ્ટડી કરવામાં આવે છે.

(૭) એન્જીનીયરીંગ સિસ્મોગ્રાફ. અને પીએસ લોગ–ઈન દ્વારા સાઈટ એમ્પ્લીફીકેશન અને જમીન અને મકાનોમાં ભૂકંપનો રિસ્પોન્સ જાણવા મળે છે તેથી અર્થકવેક રેઝીસ્ટન્સ ડિઝાઈન્સ બનાવવામાં આવે છે.

(૮) ભૂકંપની આગાહી માટે કચ્છમાં સ્થાપેલા ૩ એમપીજીઓ લેબમાંથી આવેલા ડેટાનું પરિક્ષણ કરીને રીસર્ચ કરવામાં આવે છે.

(૯) આઈ.એસ.આર.માં ભૂકંપ આકારણીનાં નિષ્ણાંતો ઉપલબ્ધ છે. ગુજરાતનાં ઘણાં શહેરોનાં વિગતવાર

નકશા પણ બનાવવામાં આવેલ છે. ખૂબજ અગત્ય ધરાવતી ઉંચી ઈમારતો, એલએનજી સ્ટોરેજ ટર્મીનલ્સ, ન્યુકલીયર પાવર પ્લાન્ટસ, સોલાર પાર્ક, સીમેન્ટ પ્લાન્ટસ વિ. માટે ભૂકંપથી થતી નુકસાનીની આકારણીમાં નિપુણતા પ્રાપ્ત કરેલ છે.

---------

**નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૨માં પશુપાલન શિબિરનું આયોજન**

૩૧૪ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૨માં નર્મદા જિલ્લામાં કેટલી પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૦ (ત્રીસ) |
| (૨) તેના લાભાર્થીઓ કેટલા ? | (૨) ૧,૯૦૮ |

---------

**માંગરોલ તાલુકામાં કીમ નદીનાં પુર સંરક્ષણનાં કામો**

૨૪૩ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં માંગરોલ તાલુકામાં કીમ નદીના પૂર સંરક્ષણનાં કામો તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) સુરત જિલ્લામાં માંગરોલ તાલુકામાં કીમ નદીના પૂર સંરક્ષણનાં કામો તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામગીરી કયાં સુધી પૂર્ણ થશે ? | (૨) આ કામગીરી જૂન-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સરદાર સરોવર નર્મદા યોજનાનાં મુખ્ય બંધનું કામકાજ**

૩૦૦ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૧૨૧.૯૨ મીટર (છલતી લેવલ) પર છે. |
| (૨) તે પૂર્ણ કરવા સારૂં કોઈ મંજૂરી મેળવવાની બાકી રહે છે કે કેમ? | (૨) હા, જી.<br>તે પૂર્ણ કરવા માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજુરી મળવાની બાકી છે. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ**

૮૩૫ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૩૦/૧/૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે? | (૩)તા. ૩૦-૦૧-૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે. |

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ માટે કરવામાં આવેલ ખર્ચ**

૭૩૨ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી–૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં ` ૩.૪૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે.

---------

**વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ માટે કરવામાં આવેલ ખર્ચ**

૯૭૨ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી–૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં

` ૩.૪૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે.

---------

**ભરૂચ–જૂનાગઢ જિલ્લાઓમાં યોજાયેલા પ્રદર્શનો**

૨૭૫ **શ્રી અરવીંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભની જાણકારી વ્યાપક રીતે લોકોને મળી રહે તે માટે પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને જૂનાગઢ જિલ્લામાં કેટલા પ્રદર્શનો યોજવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભરૂચ જિલ્લામાં ૩૨૮ પ્રદર્શનો અને જૂનાગઢ જિલ્લામાં ૯૮૭ પ્રદર્શનો યોજવામાં આવ્યા.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના કિસ્સાઓ**

૭૬૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના તાલુકાવાર કેટલા કિસ્સાઓ પોલીસમાં નોંધાયા,

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં ગુનેગારો પકડાયા,

(૩) દિનપ્રતિદિન આવા બનાવો વધવાનું કારણ શું છે, અને

(૪) આવા બનાવો બનતા રોકવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) **પત્રક–૧**

(૨)

| **ખૂન** | | **લૂંટ** | | **ધાડ** | | **અપહરણ** | | **બળાત્કાર** | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૧** | **૨૦૧૨** |
| ૪૨ | ૩૪ | ૪૬ | ૩૨ | ૫ | ૧૪ | ૬૧ | ૮૨ | ૩૩ | ૪૧ |

(૩) આવા બનાવો વધવા પાછળના કારણોમાં જમીન, મિલકત અને નાણાકીય લેવડદેવડના ઝગડા, પરપ્રાંતીય ગુનેગાર ટોળકીઓ, ગુનાહિત માનસ ધરાવતા ઈસમો, વગર મહેનતે ધનવાન થવાની વૃત્તિ, દારૂની કુટેવ, બેકારી, પ્રેમ પ્રકરણ લગ્ન કરવાનો ઈરાદો વગેરે મુખ્ય છે.

(૪) આવા બનાવો અટકાવવા માટે પોલીસને મળતી ફરીયાદોની ત્વરિત તપાસ કરી, અટકાયતી પગલાં લેવામાં આવે છે. બાતમીદારો રોકી, બાતમી મળ્યેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. નાસતા–ફરતા આરોપીઓની વિગતો જીલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં

એચબી–કૃ૫૮–૫

પ્રસિધ્ધ કરવામાં આવે છે. વાહન ચેકીંગ ઝૂંબેશ ચલાવવામાં આવે છે. દિવસ અને નાઈટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મુકવામાં આવે છે. હીસ્ટ્રીશીટર, એમસીઆર કાર્ડવાળા ઈસમોને ચેક કરી, જરૂર જણાયે તેમના વિરુધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવે છે. અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી, ગુનેગારોના આશ્રય સ્થળો, હોટેલ, ગેસ્ટ હાઉસો વગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે. અને 'અ' રોલ તથા 'બી' રોલ ભરવામાં આવે છે. ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડિક મંગાવી, સીનીયર સુપરવાઈઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. શહેરોમાં ચાલતા ખાનગી ટયુશન કલાસીસના સંચાલકો, સ્કૂલ/કોલેજોના સંચાલકો અને વાલીઓનો સંપર્ક કરી તેમની સાથે બેઠકો યોજી માર્ગદર્શન આપવામાં આવે છે.

આમ આવા ગુનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તકેદારીરૂપે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

**પત્રક-૧**

| **હેડ** | **ખૂન** | | **લૂંટ** | | **ધાડ** | | **અપહરણ** | | **બળાત્કાર** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ |
| પાલનપુર | ૭ | ૧૧ | ૧૭ | ૧૬ | ૨ | ૪ | ૨૪ | ૩૯ | ૮ | ૮ |
| વડગામ | ૬ | ૨ | ૨ | ૧ | ૨ | ૩ | ૪ | ૮ | ૪ | ૧ |
| દાંતા | ૩ | ૮ | ૪ | ૨ | ૧ | ૦ | ૩ | ૭ | ૦ | ૫ |
| ડીસા | ૧૧ | ૪ | ૫ | ૯ | ૦ | ૩ | ૨૨ | ૨૪ | ૮ | ૯ |
| અમીરગઢ | ૧ | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૩ | ૦ | ૨ |
| દાંતીવાડા | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૨ | ૨ |
| ધાનેરા | ૫ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૨ |
| થરાદ | ૮ | ૪ | ૮ | ૧ | ૦ | ૫ | ૮ | ૧ | ૨ | ૩ |
| વાવ | ૨ | ૪ | ૭ | ૩ | ૦ | ૩ | ૩ | ૪ | ૩ | ૧ |
| દિયોદર | ૦ | ૧ | ૨ | ૫ | ૧ | ૨ | ૧૦ | ૧૪ | ૫ | ૮ |
| ભાભર | ૧ | ૧ | ૮ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ | ૨ | ૨ |
| કાંકરેજ | ૪ | ૩ | ૪ | ૫ | ૧ | ૧ | ૯ | ૯ | ૪ | ૬ |

---------

**ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કેમ્પનું આયોજન**

૩૧૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કુલ કેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) પશુ આરોગ્ય મેળા દરમ્યાન કયા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી?

**જવાબ**

(૧) ૧૦૦

(૨) વિવિધ પશુરોગની સારવાર, કૃમિ રોગોની સારવાર, પશુ વંધ્યત્વ નિવારણની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુપાલન પ્રદર્શન, ગ્રામ સભાના આયોજનની કામગીરી કરવામાં આવી.

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩, ગાંધીનગર પાછળ કરવામાં આવેલ ખર્ચ**

૭૪૧ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી–૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં ` ૩.૪૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે. |

---------

**જામનગર જિલ્લાની ઉંડ નદી પર ચેકડેમ બાંધવાની કામગીરી**

૨૫૦ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાની ઉંડ નદી પર જીવાપર ગામ પાસે મોટો ચેકડેમ બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) આ કામનું ટેન્ડર મંજૂર થયેલ છે. અને વર્ક ઓર્ડર આપવાના તબક્કે છે. |
| (૩) તે કામ માટે કેટલો ખર્ચ મંજૂર કરેલ છે? | (૩) ` ૪૬૭.૨૫ લાખ. |

---------

**રાજ્યમાં આવેલ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય**

૨૫૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલાં વિવિધલક્ષી પશુચિકિત્સાલય કાર્યરત છે, અને | (૧) ૨૩ (ત્રેવીસ) |
| (૨) તેમાં કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે? | (૨) વિવિધલક્ષી પશુચિકિત્સાલય વેટરનરી પોલિકલીનીક એ જે તે જીલ્લા ખાતેની પશુઓની રેફરલ હોસ્પીટલ છે. જ્યાં તાંત્રિક તજજ્ઞો દ્વારા ઈન–ડોર પેશન્ટ સારવાર, આઉટ ડોર પેશન્ટ સારવાર શસ્ત્રક્રિયા, વંધ્યત્વ નિવારણ સારવાર, ખસીકરણ, રસીકરણ, કૃત્રિમ બીજદાન, આકસ્મિક સારવાર જેવી પશુ આરોગ્યને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તદ્ ઉપરાંત, જીલ્લાનાં આંતરિયાળ ગામોમાં પશુ સારવાર તથા સર્જીકલ કેમ્પો યોજી પશુ સારવારની કામગીરી કરવામાં આવે છે. |

---------

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

## ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચની કામગીરી

૨૮૪ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ અને મોનિટરીંગની કામગીરી માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કેવડીયા ખાતે આવેલ સરદાર સરોવર નવાગામ ડેમ અને તેની આજુબાજુની સિસ્મીસીટી મોનીટરીંગ અને રીઝર્વોયર તથા જુના સિસ્મોલોજીકલ સેટ અપનું અપગ્રેડેશન.
(૨) કચ્છ જિલ્લામાં એક્ટીવ ફોલ્ટ્સનો અભ્યાસ.
(૩) ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનમાં ભૂકંપીય માઈક્રોઝોનેશનનો અભ્યાસ
(૪) પેલીયો સિસ્મોલોજીકલ, કચ્છ
(૫) માઈક્રોઝોનેશન ગાંધીનગર અને કચ્છ જિલ્લાના ગાંધીધામ, ભચાઉ અને રાપરનું માઈક્રોઝોનેશન.
(૬) મુન્દ્રાની આસપાસ સિસ્મો ટેકનોનીક અભ્યાસ.
(૭) ગીફ્ટ સીટી, ગાંધીનગરમાં સિસ્મીક માઈક્રોઝોનેશનની કામગીરી.
(૮) કચ્છ અને નર્મદા વિસ્તારમાં ક્રસ્ટલ ડીફોર્મેશનનો અભ્યાસ.
(૯) ગુજરાતના દરિયાકાંઠે આવેલા બંદરો અને મોટા બાંધકામના સિસ્મીક વલ્નરેબીલીટી અભ્યાસ.
(૧૦) અમદાવાદમાં સિસ્મીક માઈક્રોઝોનેશનની કામગીરી.
(૧૧) ઈનસારનો ઉપયોગ કરી કચ્છના વાગડ વિસ્તારમાં સર્ફેસ ડીફોર્મેશનનો અભ્યાસ.
(૧૨) ગુજરાતમાં અમુક અમુક જગ્યા ઉપર વીએસ-૩૦ અને પી એસ લોગ ઈન મેઝરમેન્ટ લઈને એટેન્યુએશન રીલેશન બનાવવા માટેની કામગીરી.

---------

## દાંતા તથા અમીરગઢ તાલુકામાં પાણીની સમસ્યાગ્રસ્ત ગામોમાં મુશ્કેલી નિવારક કાર્યવાહી

૭૯૮ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલીનાં ભોગ બનેલ ગામોએ નવીન ટયુબવેલ, પાણીની ટાંકી તથા પાઈપલાઈન દ્વારા પાણીની મુશ્કેલી નિવારવા સરકારશ્રીએ ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, | (૧) ના, જી. પરંતુ બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તાલુકાના કોઈપણ ગામે પીવાના પાણીની તંગી નથી. જરૂરિયાત ઉપસ્થિત થયે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાનું આયોજન કરેલ છે. |
| (૨) જો હા, તો એવી સુવિધા ઉપરોક્ત તાલુકામાં કયા કયા ગામોએ થનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે સુવિધાઓ ક્યારે પૂર્ણ થવાની શક્યતા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ શહેર અને તાલુકામાં પીવાના પાણીની સમસ્યા**

૧૭૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ શહેર અને તાલુકામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે અને આમ જનતાને ભારે હાડમારી વેઠવી પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ગત વર્ષે થયેલ ઓછા વરસાદ થવાથી તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જુનાગઢ તાલુકાના ૩ ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી ઉપસ્થિત થતાં, ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે. |
| (૨) જો હા, તો આગામી ઉનાળામાં ગંભીર સમસ્યાઓ નિવારવા અને દરરોજ નિયમિત પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) જુનાગઢ શહેરને નર્મદાનું પાણી આપવાનું શરૂ કરવામાં આવેલ છે. જુનાગઢ શહેર તેમજ તાલુકાના ગામો માટે નવા બોર હેન્ડ પંપ સાથે, જૂથ યોજનાના સુધારણાની કામગીરી, કુવા ઉંડા ઉતારવા, હેન્ડપંપ રીપેરીંગ તથા ટેન્કરથી પીવાનું પાણી પૂરૂ પાડવાની કામગીરી હાથ ધરવાનું આયોજન કરેલ છે. |

---------

**જસદણ તાલુકાનાં ગામોમાં પીવાના પાણીની સમસ્યા**

૧૬૦ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગામોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને<br>(૨) જો હા, તો આ તાલુકાના ગામોને આગામી ઉનાળાને ધ્યાને લઈ નિયમિત પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૧) અને (૨) : ના, જી. પરંતુ, આગામી ઉનાળામાં પીવાના પાણીની સંભવિત મુસ્કેલીને ધ્યાને લઈ, જસદણ તાલુકાના ગામોમાં ટ્યુબવેલ/બોર – પાવર પંપ તેમજ જરૂર જણાયે ટેન્કરથી પીવાનું પાણી પૂરૂ પાડવાનું આયોજન કરેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓ**

૨૬૨ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર પાવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં ડિસે–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ ટ્રાયબલ કાર્યક્રમ હેઠળ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૨૩૦ મીની પાણી પુરવઠા યોજનાઓ ટ્રાયબલ કાર્યક્રમ હેઠળ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ મીની પાણી પુરવઠા યોજનાઓ પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ કરી છે, અને | (૨) ૬૩ મીની પાણી પુરવઠા યોજના |
| (૩) બાકી રહેતી મીની પાણી પુરવઠા યોજનાઓ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) બાકી રહેતી ૧૬૭ મીની પાણી પુરવઠા યોજનાઓ માર્ચ–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**રાજ્ય સરકાર દ્વારા બહાર પડતાં કારકિર્દી વિષયક પ્રકાશનો**

૨૭૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના યુવાનોને કારિકર્દી વિષયક માર્ગદર્શન મળી રહે તે માટે સરકાર દ્વારા કોઈ પ્રકાશન બહાર પાડવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, કયું પ્રકાશન બહાર પાડવામાં આવે છે, અને | (૨) ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક. |

| | |
|---|---|
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તેનો ફેલાવો કેટલો છે ? | (૩) ૭૦,૦૦૦ નકલો. |

---------

**રાજ્યમાં આવેલ પશુરોગ અન્વેષણ એકમ**

૨૫૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલા પશુરોગ અન્વેષણ એકમ કાર્યરત છે, અને | (૧) ૧૭ (સત્તર) |
| (૨) તેમાં કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ? | (૨) પશુરોગ અન્વેષણ એકમ એ જે તે જીલ્લાની પશુ રોગ નિદાન માટેની લેબોરેટરી છે. આ લેબોરેટરી ખાતે વિવિધ સાધનો–ઉપકરણોના ઉપયોગથી વૈજ્ઞાનિક ઢબે પશુપક્ષીઓનાં વિવિધ રોગોનું નિદાન કરીને પશુ સારવાર સંસ્થાઓને પશુઓની સચોટ સારવાર થઈ શકે તે અર્થે પૂરતું માર્ગદર્શન આપવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે.<br>આ ઉપરાંત, પશુ આરોગ્ય મેળા, કૃષિ મહોત્સવ તેમજ પશુ સારવાર કેમ્પ, સર્જીકલ કેમ્પ તથા જાતિય સારવાર કેમ્પોમાં આવતા કેસોમાં રોગ નિદાનની કામગીરી કરવામાં આવે છે. |

---------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો**

૨૫૯ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કયા કયા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, અને | (૧) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં ત્રણ ઈન્સ્ટીટ્યુટમાં નીચે મુજબના અભ્યાક્રમો તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ચલાવવામાં આવે છે.<br>4) ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો<br>a ) એમ. એસ. ફોરેન્સીક ફાર્મસી<br>b ) એમ. એસ. ફોરેન્સીક નેનોટેકનોલોજી<br>c ) પી.એચ. ડી.<br>5) ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીયરલ સાયન્સ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો<br>a ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સિક સાઇકોલોજી (પી.જી.ડી.એફ.પી.)<br>b ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ<br>c ) માસ્ટર ઈન સાઈકોલોજી (કિલનિકલ સાઈકોલોજી (એમ.પી.એસ.વાય.)<br>d ) એમ.ફિલ. ઈન ફોરેન્સિક સાઈકોલોજી<br>e ) એમ.ફિલ. ઈન કિલનિકલ સાઈકોલોજી (આર.સી.આઈ. માન્ય)<br>6) ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો<br>a ) એમ.એસ.સી. ફોરેન્સીક સાયન્સ<br>b ) એમ.એસ. ડીઝીટલ ફોરેન્સીક એન્ડ ઈન્ફરમેશન |

એસ્યોરન્સ

c ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફીંગર પ્રીન્ટ સાયન્સ

d ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સીક ડોક્યુમેન્ટ એકઝામીનેશન

e ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સીક મેનેજમેન્ટ

f ) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સીક એકાઉંટીંગ

g ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન એન્ડ કોમ્પ્યુટર ફોરેન્સીકસ (ઓન લાઈન કોર્સ)

h ) સર્ટીફીકેટ ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી (ઓન લાઈન કોર્સ)

i ) સર્ટીફાઈડ ઈન્ફોરમેશન સીક્યોરીટી પ્રોફેશનલ (ઓન લાઈન કોર્સ)

j ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સીક્યોરીટી એન્ડ ઇંવેસ્ટમેન્ટ લો (ઓન લાઈન કોર્સ)

k ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સાયબર લો (ઓન લાઈન કોર્સ)

l ) પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (ઓન લાઈન કોર્સ)

m ) જીએફએસયુ સર્ટીફાઈડ સાયબર સીક્યોરીટી એકસપર્ટ (ઓન લાઈન કોર્સ)

n ) જીએફએસયુ સર્ટીફાઈડ સેલફોન ફોરેન્સીક પ્રોફેશનલ (ઓન લાઈન કોર્સ)

o ) જીએફએસયુ સર્ટીફાઈડ કોમ્પ્યુટર ફોરેન્સીક એકસપર્ટ (ઓન લાઈન કોર્સ)

p ) જીએફએસયુ સર્ટીફાઈડ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેટર (ઓન લાઈન કોર્સ)

(૨) આ યુનિવર્સિટીમાંથી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ પૂર્ણ કરીને બહાર નીકળેલ વિદ્યાર્થીઓની સંખ્યા અભ્યાસવાર કેટલી ?

(૨) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાંથી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં નીચે દર્શાવેલ અભ્યાસક્રમમાંથી બહાર પડેલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|
| ૧ | એમ.એસ.ફોરેન્સીક ફાર્મસી | ૧૫ | ૧૫ |
| ૨ | એમ.એસ.ફોરેન્સીક નેનોટેકનોલોજી | ૭ | ૧૦ |
| ૩ | પી. એચ. ડી. | ૦ | ૪ |
| ૪ | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફોરેન્સિક સાઈકોલોજી | ૧૪ | ૪ |
| ૫ | માસ્ટર ઈન સાઈકોલોજી | ૦ | ૫ |
| ૬ | એમ.એસ.સી. ફોરેન્સીક સાયન્સ | ૨૩ | ૩૨ |
| ૭ | પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન એન્ડ કોમ્પ્યુટર | ૦૧ | ૨૩ |

| | | | |
|---|---|---|---|
| | ફોરેન્સીકસ (ઓન લાઈન કોર્સ) | | |
| ૮ | સર્ટીફીકેટ ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી (ઓન લાઈન કોર્સ) | ૦ | ૨૭ |
| ૯ | સર્ટીફાઈડ ઈંફોરમેશન સીક્યોરીટી પ્રોફેશનલ (ઓન લાઈન કોર્સ) | ૦ | ૧ |
| ૧૦ | પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સીક્યોરીટી એન્ડ ઈંવેસ્ટમેન્ટ લો (ઓન લાઈન કોર્સ) | ૦ | ૧ |
| ૧૧ | પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમા ઈન સાયબર લો (ઓન લાઈન કોર્સ) | ૦ | ૨ |

---------

**પાટણ જિલ્લામાં પશુ ધનને ખરવા–મોવાસા રોગથી રક્ષણ આપવા માટે રસીકરણ**

૩૧૮ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પાટણ જિલ્લામાં પશુધનને ખરવા–મોવાસો રોગથી રક્ષણ માટે કેટલું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) આ રસીકરણથી શા ફાયદા થયા ?

**જવાબ**

(૧) ૧૬,૨૬,૧૬૦

(૨) પશુઓોમાં ખરવા–મોવાસાનો રોગચાળો નિયંત્રિત થયેલ છે અને દુધ ઉત્પાદનમાં વધારો થયેલ છે.

---------

**રક્ષા શકિત યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો**

૨૬૦ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રક્ષા શકિત યુનિવર્સિટીમાં કયા પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, અને

(૨) આ યુનિવર્સિટીની સ્થાપના બાદ પ્રથમ વર્ષે કેટલા વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા હતા ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ યુનિવર્સીટીમાં નીચે મુજબના ૩ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

(૧) એમ.એ. (ક્રિમિનોલોજી)
(૨) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ
(૩) ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ

(૨) પ્રથમ વર્ષ ૨૦૧૦–૧૧માં ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સમાં કુલ–૧૪૧ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયેલ હતાં.

---------

**સરદાર સરોવર નર્મદા યોજનાનાં મુખ્યબંધનું કામકાજ**

૩૦૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) તે પૂર્ણ કરવા સારૂં કોઈ મંજૂરી મેળવવાની બાકી રહે છે કે કેમ?

**જવાબ**

(૧) સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૧૨૧.૯૨ મીટર (છલતી લેવલ) પર છે.

(૨) તે પૂર્ણ કરવા સારુ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજૂરી માંગેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨માં યોજાયેલ પશુપાલન શિબિર**

૩૧૩ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૨માં બનાસકાંઠા જિલ્લામાં કેટલી પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૦૩ (એકસો ત્રણ) |
| (૨) તેમાં કેટલા પશુપાલકોએ ભાગ લીધેલ છે? | (૨) ૫,૯૧૭ |

---------

**ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨માં પશુઓને અપાયેલ રસી**

૩૦૮ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૨માં ગાંધીનગર જિલ્લામાં પશુઓને કેટલા પ્રકારની રસી આપવામાં આવી, અને | (૧) ત્રણ પ્રકારની (ગળસુંઢો, ખરવા–મોવાસા તથા આંત્રવિષજવર). |
| (૨) તેના લાભ કેટલા પશુઓને આપવામાં આવ્યો? | (૨) ૩,૨૩,૬૭૭ પશુઓને. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ**

૮૫૬ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિ.મી. લંબાઇનું કામ સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા. ૩૦/૧/૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે? | (૩) તા. ૩૦–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે. |

---------

**આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કેમ્પનું આયોજન**

૩૨૦ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કુલ કેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) શૂન્ય |
| (૨) આ પશુ આરોગ્ય મેળામાં કઈ કઈ સેવાઓ પૂરી પાડવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા અને કચ્છ જિલ્લામાં યોજાયેલા પ્રદર્શનો**

૨૭૩ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભની જાણકારી વ્યાપક રીતે લોકોને મળી રહે તે માટે પ્રદર્શનો યોજવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ | (૨) મહેસાણા જિલ્લામાં ૪૪ પ્રદર્શનો અને કચ્છ |

છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને કચ્છ જિલ્લામાં કેટલા પ્રદર્શનો યોજવામાં આવ્યા?

જિલ્લામાં ૪૧૮ પ્રદર્શનો યોજવામાં આવ્યા.

---------

**વલસાડ તાલુકાના ચીંચાઈ ગામની પાર નદી ઉપરની સિંચાઈ ઉદવહન પરિયોજના**

૧૫૦ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વલસાડ તાલુકાના ચીંચાઈ ગામની પાર નદી ઉપરની સિંચાઈ ઉદવહન પરિયોજનાનું કામ કયા તબક્કે છે, અને

(૨) આ યોજનાનું પાણી ખેડૂતોને કેટલા સમયમાં આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ચીંચાઈ ઉદવાહન સિંચાઈ યોજનાના પ્રથમ બે તબક્કાના કામો પૂરા થયા છે. ત્રીજા તબક્કાના કામો પૂર્ણતાના આરે છે.

(૨) ચીંચાઇ ઉદવહન સિંચાઈ યોજના પૂર્ણ થશે ત્યારે વલસાડ તાલુકાના ૧૮ ગામોના ૭૦૦૦ હેક્ટર વિસ્તારને પિયત લાભ મળશે.

હાલમાં બે તબક્કાના કામો પૂર્ણ થતાં ૪૪૨૭ હેક્ટર વિસ્તારમાં પિયતનો લાભ મળે છે.

ત્રીજા તબક્કાના કામો પૂર્ણ થતાં બાકીના વિસ્તારને પાણી મળશે.

---------

**સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલીઓ**

૧૯૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૭-૧-૨૦૧૩ની સ્થિતિએ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અપૂરતા વરસાદના કારણે પીવાના પાણીની મુશ્કેલીઓ ઊભી થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આગામી ઉનાળાની સ્થિતિને ધ્યાને લઈ પીવાનું પાણી નિયમિત આપવા માટે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અપૂરતા વરસાદના કારણે પીવાના પાણીની અંશતઃ મુશ્કેલી ઉભી થયેલ છે.

(૨) સૌરાષ્ટ્રના જીલ્લાઓના નર્મદા/મહી પાઈપ લાઈન સાથે જોડાયેલ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારો માટે વધારાનું પાણી પુરૂ પાડવા વધારાની પંપીંગ મશીનરી તેમજ સમાંતર પાઇપ લાઈનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં કન્ટીજન્સી પ્લાન હેઠળ જરૂરીયાત મુજબ ટુંકા ગાળામાં કરવાના થતા કામો જેવા કે, નવા બોર, વ્યક્તિગત તેમજ જુથ યોજના સુધારણા, કુવા ઉંડા ઉતારવા, હેન્ડ પંપ રીપેરીંગ તથા ટેન્કરથી પાણી પુરવઠો પુરો પાડવા વિગેરેનું આયોજન હાથ ધરેલ છે.

---------

**કડી તાલુકામાં નર્મદા કેનાલોમાંથી થતા પર કોલેશનથી ખેતીને નુકસાન**

૧૧૪ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કડી તાલુકામાંથી નર્મદાની કચ્છ તરફ અને સૌરાષ્ટ્ર જતી બે કેનાલો પસાર થાય છે તે કેનાલોના નબળા બાંધકામને લીધે પાણીનું પરકોલેશન થાય છે અને કાંઠા પરના ખેતરોમાં પાણી ભરાઈ જવાના કારણે ખેતી થઈ શકતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) કડી તાલુકામાંથી નર્મદાની કચ્છ તરફ મુખ્ય નહેર અને સૌરાષ્ટ્ર તરફ સૌરાષ્ટ્ર શાખા નહેર પસાર થાય છે. કચ્છ તરફ જતી મુખ્ય નહેરમાંથી પાણીનું પરકોલેશન થતું નથી. જયારે સૌરાષ્ટ્ર તરફ જતી સૌરાષ્ટ્ર શાખા નહેરની નજીક જયાં નહેરનો કેટલોક ભાગ જમીનથી ઉંચો છે, ત્યાં નજીવા ઝમણને કારણે ખેતરમાં ભેજ હોવાનું ધ્યાને આવેલ છે, પરંતુ તેને કારણે ખેતી થઈ શકતી નથી તે હકિકત સાચી નથી. |
| (૨) આ પરકોલેશન ન થાય તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૨) સૌરાષ્ટ્ર શાખા નહેરનું ઝમણ અટકાવવા માટે નહેરની બન્ને બાજુ આવેલ ગટરમાં સફાઈ કરવામાં આવેલ છે. આ ઝમણ કાયમી ધોરણે અટકાવવા માટે બોર્ડ ઓફ કન્સલટન્ટ સાથે પરામર્શ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**ભાવનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨માં યોજાયેલ પશુ સારવાર કેમ્પ**

૩૧૦ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૨માં ભાવનગર જિલ્લામાં કેટલા પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૧૩. |
| (૨) તેમાં કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૬૭૫. |
| (૩) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૩) ૧૪૬૬૮૯. |

---------

**ઉકાઈ જળાશયમાં માછીમારોનો ઈજારો**

૮૮૬ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉકાઈ જળાશયમાં માછીમારી માટેનો ઈજારો કોને આપવામાં આવ્યો છે, ઈજારેદાર આપેલ શરતોને આધીન માછીમારી કરે છે કે કેમ, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉકાઈ જળાશયમા માછીમારી માટેનો ઈજારો શ્રી ટોકરવા વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. ટોકરવા તા. ઉચ્છલ જિ. તાપીને આપવામાં આવ્યો છે. જે આપેલ શરતોને આધીન માછીમારી કરે છે. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રૂપિયાની માછીમારીની ઉપજ થઈ, રોયલ્ટી કેટલી વસુલવામાં આવી, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈજારાની આવક ` ૨૦.૦૦ લાખની થયેલ છે. સદર જળાશય રોયલ્ટીના ધોરણે આપવામાં આવતો ન હોવાથી રોયલ્ટી વસુલ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) સોનગઢ તાલુકાની અસરગ્રસ્ત વિસ્તારની સ્થાનિક મંડળી કે સભાસદોને માછીમારના કામ નથી આપવામાં આવતા તેના કારણો શા છે, અને | (૩) તાપી જિલ્લામાં આવેલ ઉકાઈ જળાશયનો માછીમારી અંગેના ઈજારા હુકમની શરતો અને બોલીઓ પ્રમાણે ઈજારદાર મંડળી કે જે પોતે અસરગ્રસ્ત વિસ્તારની સ્થાનિક મંડળી છે તેમણે સોનગઢ તાલુકાની અસરગ્રસ્ત વિસ્તારની સ્થાનિક મંડળી સહિતની મત્સ્યોદ્યોગ સહકારી મંડળીના સભાસદો તથા સ્થાનિક માછીમારોને ઉકાઈ |

જળાશયમાં માછીમારના કામો આપવાના રહે છે. હાલ સોનગઢ તાલુકાની અસરગ્રસ્ત વિસ્તારની સ્થાનિક મંડળી કે સભાસદો ઉકાઈ જળાશયમાં માછીમારીનું કામ કરે છે.

(૪) આવી સ્થાનિક મંડળી કે સભાસદોને માછીમારના કામ આપવા શી વિચારણા/કાર્યવાહી થઈ છે ?

(૪) આંતરદેશીય જળાશય ઈજારાનીતિ તા.૨૫–૨–૨૦૦૪ મુજબ આદિજાતી વિસ્તારમાં આવતા તમામ જળાશયો આદીવાસી સંઘ, આદિવાસી મંડળીઓ, વ્યકિતગત આદિવાસી લાભાર્થી માટે અનામત રાખવામાં આવે છે. તાપી જિલ્લામાં આવેલ ઉકાઈ ડેમનો માછીમારી અંગેના ઈજારા હુકમની શરતો અને બોલીઓ પ્રમાણે ઈજારદાર મંડળીના સભાસદો તથા સ્થાનિક માછીમારોને જળાશયમા માછીમારીના કામો આપવાના રહે છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ડેમ અને લોકલ સોર્સ આધારિત જૂથ યોજનાઓ**

૨૬૪ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ડેમ તથા લોકલ સોર્સ આધારિત કેટલી જૂથ યોજનાઓ કાર્યાન્વિત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ દ્વારા કેટલા ગામોને પીવાનું શુધ્ધ પાણી પૂરૂં પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૧૯ જૂથ પાણી પુરવઠા યોજનાઓ.

(૨) ૧૯ જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા ૨૫૭ ગામોને પીવાનું શુધ્ધ પાણી પૂરૂં પાડવામાં આવે છે અને યોજનામાં સમાવેશ ૧૫૬ ગામો સ્થાનિક સોર્સથી હાલ પાણી મેળવે છે.

---------

**નર્મદા યોજનાની કેનાલોનો લાભ મેળવનાર ભાવનગર જિલ્લાના તાલુકાઓ**

૨૯૫ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નર્મદા યોજનાની કેનાલો દ્વારા ભાવનગર જિલ્લાના કયા કયા તાલુકાને સિંચાઈનો લાભ મળનાર છે ?

**જવાબ**

નર્મદા યોજનાની કેનાલો દ્વારા ભાવનગર જિલ્લાના વલ્લભીપુર, ભાવનગર, ગઢડા, બોટાદ અને ઉમરાળા તાલુકાઓને સિંચાઈનો લાભ મળનાર છે.

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલની કામગીરી**

૯૫૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના લીંબડી કેનાલના ૧, ૦૮૧ કિ.મી. લંબાઈનું કામ સને ૨૦૧૧–૧૨ના વર્ષમાં કઈ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યું હતું,

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આયોજન હતું, અને

(૩) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ

(૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું.

(૩) તા. ૨૭–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે.

---------

**જામનગર જિલ્લાની ઉંડ નદી પર ચેકડેમ બાંધવાની કામગીરી**

૨૪૯ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ જામનગર જિલ્લાની ઉંડ નદી પર જીવાપર ગામ પાસે મોટા ચેકડેમ બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કામ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તે કામ માટે કેટલો ખર્ચ મંજૂર કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ કામનું ટેન્ડર મંજુર થયેલ છે. અને વર્ક ઓર્ડર આપવાના તબક્કે છે.

(૩) ` ૪૬૭.૨૫ લાખ

---------

**મહેસાણા અને કચ્છ જિલ્લામાં યોજાયેલા પ્રદર્શનો**

૨૭૨ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભની જાણકારી વ્યાપક રીતે લોકોને મળી રહે તે માટે પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને કચ્છ જિલ્લામાં કેટલા પ્રદર્શનો યોજવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મહેસાણા જિલ્લામાં ૪૪ પ્રદર્શનો અને કચ્છ જિલ્લામાં ૪૧૮ પ્રદર્શનો યોજવામાં આવ્યા.

---------

**અમદાવાદ જિલ્લામાં લુંટ, ધાડ, બળાત્કાર અને ચેઈન સ્નેચિંગના બનાવો**

૨૩૧ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ધાડ, બળાત્કાર અને ચેઈન સ્નેચિંગના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા,

**જવાબ**

(૧) **પત્રક-૧** સામેલ છે.

૨૦૧૧

| તાલુકો | લૂંટ | ધાડ | બળાત્કાર | ચેઈન સ્નેચિંગ |
|---|---|---|---|---|
| દશક્રોઈ | ૧૪ | ૧૧ | ૨ | ૨ |
| સીટી | ૫ | ૦ | ૧ | ૦ |
| સાણંદ | ૩ | ૧ | ૦ | ૧ |
| ધોળકા | ૪ | ૧ | ૧ | ૦ |
| બાવળા | ૨ | ૧ | ૧ | ૦ |
| ધંધુકા | ૧ | ૦ | ૦ | ૦ |
| બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ |
| રાણપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| વિરમગામ | ૩ | ૨ | ૦ | ૦ |
| માંડલ | ૩ | ૦ | ૦ | ૦ |
| દેત્રોજ | ૨ | ૦ | ૨ | ૦ |

૨૦૧૨

| તાલુકો | લૂંટ | ધાડ | બળાત્કાર | ચેઈન સ્નેચિંગ |
|---|---|---|---|---|
| દશક્રોઈ | ૧૩ | ૫ | ૦ | ૧ |
| સીટી | ૩ | ૧ | ૦ | ૦ |
| સાણંદ | ૮ | ૩ | ૨ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ધોળકા | ૨ | ૦ | ૦ | ૦ |
| બાવળા | ૧ | ૪ | ૦ | ૦ |
| ધંધુકા | ૧ | ૦ | ૦ | ૧ |
| બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ |
| રાણપુર | ૦ | ૦ | ૧ | ૦ |
| વિરમગામ | ૧ | ૨ | ૧ | ૧ |
| માંડલ | ૦ | ૧ | ૦ | ૦ |
| દેત્રોજ | ૧ | ૦ | ૧ | ૦ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા ગુનાઓના ભેદ ઉકેલવામાં આવ્યા અને કેટલા આરોપીઓને ઘરપકડ કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | ભેદ ઉકેલવામાં આવ્યો | ઘરપકડ કરવામાં આવી. |
|---|---|---|
| ૨૦૧૧ | ૪૩ | ૧૦૭ |
| ૨૦૧૨ | ૩૮ | ૧૨૧ |

(૩) વર્ષવાર કેટલા ગુનાઓના ભેદ ઉકેલવાના બાકી છે ?

(૩)

| વર્ષ | ભેદ ઉકેલવામાં બાકી |
|---|---|
| ૨૦૧૧ | ૨૦ |
| ૨૦૧૨ | ૧૬ |

---------

**રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાનાં નહેર સુધારણાનાં કામો**

૨૪૬ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની ભાદર સિંચાઈ યોજનાના નહેર સુધારણાના કામો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) તે પાછળ તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) નહેર સુધારણાનાં પ્રથમ તબક્કાના કામ જુન-૨૦૧૨ માં પૂર્ણ કરેલ છે. બીજા તબક્કાના ૭ (સાત) કામ શરૂ થવામાં છે. અને એક કામ ટેન્ડર તબક્કે છે.

(૨) ` ૭૩૩.૧૩ લાખ

---------

**વડોદરા જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં બનાવેલ ચેકડેમ**

૮૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૧-૨૦૧૩ની સ્થિતિએ ૨ વર્ષમાં વડોદરા જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં ૮૦:૨૦ અને ૧૦૦ ટકાની સહાયથી જળસંપત્તિ વિભાગે તાલુકાવાર કેટલા ચેકડેમ બનાવ્યા,

**જવાબ**

(૧) તા. ૧૫-૧-૧૩ની સ્થિતિએ બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં ૮૦:૨૦ અને ૧૦૦ ટકાની સહાયથી જળસંપત્તિ વિભાગે તાલુકાવાર નીચે મુજબના ચેકડેમ બનાવ્યા.

| ક્રમ | તાલુકો | ૮૦:૨૦ હેઠળની સંખ્યા | ૧૦૦ ટકા હેઠળની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૪૨ | ૬ |
| ૨ | પાવી જેતપુર | ૩૪ | ૨૨ |
| ૩ | ક્વાંટ | ૯૮ | ૧૫ |
| ૪ | નસવાડી | ૪૯ | ૫ |
| ૫ | સંખેડા | ૪૨ | ૩ |
| | **કુલ** | **૨૬૫** | **૫૧** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ

(૨) બે વર્ષમાં બિનસરકારી સંગઠનોએ બનાવેલ ચેકડેમ

બિનસરકારી સંગઠનોએ કેટલા ચેકડેમ બનાવ્યા,

| ક્રમ | બિનસરકારી સંગઠનોનું નામ | બનાવેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોક સમર્પણ મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૧ |
| ૨ | મારૂતિ સેવા મંડળ ટ્રસ્ટ, વડોદરા | ૧ |
| ૩ | નહેરૂ યુવા કલબ, વડોદરા | ૨ |
| ૪ | દિનબંધુ હિન્દુક્રાંતિ સેના, હાલોલ | ૧ |
| ૫ | નીરવ મહિલા ટ્રસ્ટ, સુરત | ૨ |

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ક્રમાંક બે હેઠળના ચેકડેમો માટે રૂ।. ૫૧.૯૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) કેટલા ચેકડેમ તૂટી ગયા ?

(૪) ક્રમાંક-૨માં દર્શાવેલ ચેકડેમો પૈકી કોઈ ચેકડેમ તૂટી ગયેલ નથી.

---------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તાપી જિલ્લામાં બનાવેલ ચેકડેમો**

૨૩૯ **શ્રી પ્રકુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા ?

(૧) ૮૪ ચેકડેમ.

---------

**અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજભવનના બાંધકામ માટે સહાય**

૩૦૭ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા તો, કેટલી રકમ સુધીની સહાય આપવામાં આવે છે, અને

(૨) રૂપિયા ૧૦.૦૦ લાખ (દશ લાખ) સુધીની.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ. ૧૩,૮૬,૬૨૫/-.

---------

**બાઇસેગ સંસ્થાને મળેલ એવોર્ડ**

૨૮૯ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સન-૨૦૧૧-૧૨ના નાણાકીય વર્ષમાં બાઇસેગ સંસ્થાને કામગીરી બદલ કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ સંસ્થા દ્વારા આ એવોર્ડ આપવામાં આવેલ છે, અને

(૩) આ એવોર્ડની વિગતો શી છે?

(૨) અને (૩) હૈદરાબાદ ખાતે જી.આઈ.એસ. ડેવલપમેન્ટ દ્વારા યોજાયેલ જીઓ-સ્પાશ્યલ વર્લ્ડ ફોરમ-૨૦૧૧ દરમિયાન "ધી સ્ટેટ ઓફ ગુજરાત, ઇન્ડીયા એઝ

ધી પ્રિમીયર જીઓ–સ્પાશ્ચલ સ્ટેટ" નો એવોર્ડ મળેલ છે.

---------

**ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના પોલીસ સ્ટેશનનું મંજૂર થયેલ મહેકમ**

૧૦૯૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના પોલીસ સ્ટેશનોનું તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલું મહેકમ કેડરવાર મંજૂર થયેલ છે, | ખંડ (૧, ૨ અને ૩) **પત્રક–૧** મુજબ |
| (૨) તે પૈકી કેટલું ભરાવેલ છે, | |
| (૩) અને કેટલું ખાલી છે, અને | |
| (૪) ખાલી જગ્યા ભરવા શું આયોજન છે? | (૪) પોલીસ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા કરવામાં આવી છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે જ્યારે મદદનીશ સબ ઈન્સ્પેક્ટરની તેમજ હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

**પત્રક–૧**

| **ક્રમ** | **પો. સ્ટે.નું નામ** | **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | બિન હ.પોસઇ | 1 | 1 | 0 |
| | | બિન હ.એએસઆઇ | 6 | 4 | 2 |
| | | હથિ.એએસઆઇ | 2 | 1 | 1 |
| | | બિન હ.હેકો. | 10 | 9 | 1 |
| | | હથિયારી.હેકો | 2 | 2 | 0 |
| | | બિન હ.પોકો | 21 | 16 | 5 |
| | | હથિયારી પોકો | 12 | 12 | 0 |
| | | **કુલ** | **54** | **45** | **9** |
| ૨ | વિજયનગર | બિન હ. પોસઇ | 1 | 1 | 0 |
| | | બિન હ.એએસઆઇ | 5 | 4 | 1 |
| | | હથિ. એએસઆઇ | 2 | 2 | 0 |
| | | બિન હ. હેકો | 8 | 6 | 2 |
| | | હથિયારી હેકો | 2 | 2 | 0 |
| | | બિન હ. પોકો | 14 | 10 | 4 |
| | | હથિયારી પોકો | 12 | 10 | 2 |
| | | **કુલ** | **44** | **35** | **9** |
| ૩ | પોશીના | બિન હ. પો.સ.ઈ. | 1 | 1 | 0 |
| | | બિન હ.એએસઆઇ | 5 | 3 | 2 |
| | | બિન હ. હેકો | 7 | 2 | 5 |
| | | હથિયારી હેકો | 1 | 1 | 0 |
| | | બિન હ. પોકો | 17 | 7 | 10 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | હથિયારી પોકો | 3 | 3 | 0 |
| | | **કુલ** | **34** | **17** | **17** |
| | | **T o t a l** | **132** | **97** | **35** |

---------

## વડોદરા જિલ્લામાં પકડાયેલ વિદેશી અને દેશી દારૂનો જથ્થો

૧૨૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં વિદેશી અને દેશી દારૂનો તાલુકાવાર કેટલી રકમનો કેટલો જથ્થો પકડાયો, અને

(૨) આવા તત્વોને અંકુશમાં લેવા અને દારૂનું વેચાણ સંપૂર્ણ બંધ કરવા સરકાર સખ્તાઈથી શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) **પત્રક મુજબ**

(૨) આવા તત્વોને અંકુશમાં લેવા અને દારૂનું વેચાણ સંપૂર્ણ બંધ કરવા માટે આવી પ્રવૃત્તિ સંકળાયેલ ઈસમો સામે પાસા, હદપારી અને પ્રોહીબીશન એક્ટની કલમ–૯૩ મુજબ કાર્યવાહી કરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

**પત્રક**

| હેડ | | વ તાલુકા | કરજણ | શિનોર | સાવલી | પાદરા | વાઘોડીયા | સંખેડા | નસવાડી | ડભોઇ | છોટાઉદેપુર | ક્વાંટ | જેતપુર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિદેશી દારૂ | બોટલ નંગ | ૭૯૨૦ | ૭૩૦૨ | ૨૩૫૩ | ૨૨૯૯૨ | ૧૨૮૪૯ | ૭૮૯૧૪ | ૧૮૪૦૮૭ | ૨૪૧૬૫ | ૧૧૦૨૬ | ૧૩૯૫૩૨ | ૩૩૫૩૮ | ૬૫૫૮૬ |
| | કિંમત | ૧૫૩૧૪૩૦ | ૧૨૩૮૫૭૦ | ૨૭૩૩૫૦ | ૨૪૨૪૪૭૦ | ૧૭૯૯૧૧૫ | ૭૦૮૪૧૨૫ | ૧૦૭૪૪૮૨૦ | ૪૨૯૦૬૫૫ | ૧૨૫૦૮૯૦ | ૧૨૫૬૩૭૬૮ | ૨૫૨૧૯૦૫ | ૪૫૪૬૭૫૦ |
| દેશી દારૂ | દારૂ લીટર | ૨૧૨૭૧૨ | ૬૪૭૫૫૭ | ૨૦૨૨૩ | ૨૫૫૬૭૮ | ૧૫૩૯૬૬ | ૧૭૨૫૯૭ | ૧૦૬૯૧૦ | ૨૩૬૮૮ | ૨૭૯૬૯૮ | ૨૫૨૫૪ | ૫૯૪૮ | ૪૬૯૪૨ |
| | કિંમત | ૮૧૫૫૨૩ | ૩૫૫૪૧૪ | ૧૨૬૨૩૦ | ૯૩૩૮૧૯ | ૨૦૯૭૫૬૫ | ૫૭૩૬૧૦ | ૫૦૦૨૨૭ | ૧૫૧૦૨૧ | ૧૬૧૯૧૩૦ | ૧૯૬૨૭૦ | ૫૬૨૪૦ | ૨૫૦૦૦૦ |

---------

## ખેડા જિલ્લાની શેઢી શાખાની કેનાલોની કામગીરી

૧૬૬ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાની શેઢી શાખાની કેટલી કેનાલોની કામગીરી બાકી છે, અને

(૨) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાની શેઢી શાખાની પ્રપ્રશાખાઓની (સબ માઈનોરની) કામગીરી બાકી છે.

(૨) આ કામો લેવાની બાબત વિચારણા હેઠળ છે.

---------

## નર્મદા તથા દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન

૩૨૧ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને નર્મદા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા, અને

(૨) તેમાં કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લો–૨૧૯.
નર્મદા જિલ્લો–૧૬૬.

(૨) વિવિધ પશુરોગોની સારવાર, કૃમિના રોગોની સારવાર, પશુ વંધ્યત્વ નિવારણની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુપાલન પ્રદર્શન, ગ્રામસભાના આયોજનની કામગીરી કરવામાં આવી.

---------

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**નર્મદા તથા દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

* ૩૧૭ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને દાહોદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળા યોજવામાં આવ્યા, અને | (૧) નર્મદા જિલ્લો–૧૬૬. દાહોદ જિલ્લો–૨૧૯. |
| (૨) તેમાં કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી? | (૨) વિવિધ પશુરોગોની સારવાર, કૃમિના રોગોની સારવાર, પશુ વંધ્યત્વ નિવારણની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુપાલન પ્રદર્શન, ગ્રામસભાના આયોજનની કામગીરી કરવામાં આવી. |

એચબી–૬૫૮–૯

---------

**સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં બનાવેલ ચેકડેમ**

૨૪૦ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) ૧૧૮ ચેકડેમ. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂા.૬૦૮.૧૫ લાખ. |

---------

**નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સેકટર રીફોર્મ હેઠળની યોજનાઓ**

૨૭૦ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સેકટર રીફોર્મ યોજના હેઠળ સન ૨૦૧૧–૨૦૧૨માં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતીઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૪.૭૫ લાખનું ફંડ ફાળવવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર શહેર તથા જિલ્લામાં લૂંટ, ચોરી, બળાત્કારના પોલીસ દફતરે નોંધાયેલ કેસ**

૬૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીમાં છેલ્લા એક વર્ષમાં શહેર અને જિલ્લામાં લૂંટ, ચોરી, બળાત્કારના કેટલા કેસો પોલીસ દફતરે નોંધાયા,

(૧)

| લૂંટ | | ચોરી | | બળાત્કાર | |
|---|---|---|---|---|---|
| શહેર | જિલ્લો | શહેર | જિલ્લો | શહેર | જિલ્લો |
| ૫ | ૧૮ | ૨૦૯ | ૨૭૩ | ૫ | ૧૬ |

(૨) તે અન્વયે કેટલા ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો, અને

(૨)

| લૂંટ | | ચોરી | | બળાત્કાર | |
|---|---|---|---|---|---|
| શહેર | જિલ્લો | શહેર | જિલ્લો | શહેર | જિલ્લો |
| ૪ | ૧૫ | ૪૭ | ૯૯ | ૫ | ૧૬ |

(૩) કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી?

(૩)

| લૂંટ | | ચોરી | | બળાત્કાર | |
|---|---|---|---|---|---|
| **શહેર** | **જિલ્લો** | **શહેર** | **જિલ્લો** | **શહેર** | **જિલ્લો** |
| ૧૨ | ૩૮ | ૮૮ | ૧૬૮ | ૬ | ૨૪ |

--------

**ભરૂચ અને જૂનાગઢ જિલ્લામાં યોજાયેલા પ્રદર્શનો**

૨૭૪ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભની જાણકારી વ્યાપક રીતે લોકોને મળી રહે તે માટે પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા તો, તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને જૂનાગઢ જિલ્લામાં કેટલા પ્રદર્શનો યોજવામાં આવ્યા ? | (૨) ભરૂચ જિલ્લામાં ૩૨૮ પ્રદર્શનો અને જૂનાગઢ જિલ્લામાં ૯૮૭ પ્રદર્શનો યોજવામાં આવ્યા. |

---------

**રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૨માં પશુપાલન કીટનું વિતરણ**

૩૧૧ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૨માં રાજકોટ જિલ્લામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૩૪૫. |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ છે ? | (૨) ૮૬૯. |

---------

**વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩ ગાંધીનગર માટે કરવામાં આવેલ ખર્ચ**

૭૧૪ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | તા.૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી ૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં રૂ.૩.૪૬ કરોડ ખર્ચનું ચુકવણું થયેલ છે. |

---------

**ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા શરૂ કરાયેલ સંશોધન કેન્દ્રો**

૨૮૧ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) દ્વારા ક્યા કયા જિલ્લાઓમાં નવા સંશોધન કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે ? | કચ્છ જિલ્લામાં. |

---------

**ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સાયન્સ મ્યુઝીયમ સ્થાપવાની યોજના**

૨૩૫ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના હાથ ધરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિમાં આ કામગીરી કયા તબક્કે છે ? | (૨) પ્રાદેશિક કક્ષાના સાયન્સ મ્યુઝીયમ ભુજ, રાજકોટ, વડોદરા, ભાવનગર અને પાટણ ખાતે સ્થાપવાનું આયોજન છે. |

---------

**સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામકાજ**

૨૯૧ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા અને માઈનોર નહેરોના કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા, વિશાખા અને માઈનોર નહેરોના ૩૩ કામો કુલઃ રૂા. ૧૧૧૯.૭૪ કરોડના પ્રગતિમાં છે. |
| (૨) આ કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ? | (૨) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચની કામગીરી**

૨૮૫ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ અને મોનિટરીંગની કામગીરી માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવેલ છે ? | (૧) કેવડીયા ખાતે આવેલ સરદાર સરોવર નવાગામ ડેમ અને તેની આજુબાજુની સિસ્મીસીટી મોનીટરીંગ અને રીઝર્વોયર તથા જુના સિસ્મોલોજીકલ સેટ અપનું અપગ્રેડેશન.<br>(૨) કચ્છ જિલ્લામાં એકટીવ ફોલ્ટસનો અભ્યાસ.<br>(૩) ધોલેરા સ્પેશીયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનમાં ભૂકંપીય માઇક્રોઝોનેશનનો અભ્યાસ.<br>(૪) પેલીયો સિસ્મોલોજીકલ, કચ્છ.<br>(૫) માઇક્રોઝોનેશન ગાંધીનગર અને કચ્છ જિલ્લાના ગાંધીધામ, ભચાઉ અને રાપરનું માઇક્રોઝેનેશન.<br>(૬) મુન્દ્રાની આસપાસ સિસ્મો ટેકનોનીક અભ્યાસ.<br>(૭) ગીફ્ટ સીટી, ગાંધીનગરમાં સિસ્મીક માઇક્રોઝોનેશનની કામગીરી.<br>(૮) કચ્છ અને નર્મદા વિસ્તારમાં ક્રસ્ટલ ડીફોર્મેશનનો અભ્યાસ.<br>(૯) ગુજરાતના દરિયાકાંઠે આવેલા બંદરો અને મોટા બાંધકામના સિસ્મીક વલ્નરેબીલીટી અભ્યાસ.<br>(૧૦) અમદાવાદમાં સિસ્મીક માઇક્રોઝોનેશનની કામગીરી. |

(૧૧) ઈનસારનો ઉપયોગ કરી કચ્છના વાગડ વિસ્તારમાં સર્ફેસ ડીફોર્મેશનનો અભ્યાસ.

(૧૨) ગુજરાતમાં અમુક અમુક જગ્યા ઉપર વીએસ–૩૦ અને પી એસલોગ ઈન મેઝરમેન્ટ લઈને એટેન્યુએશન રીલેશન બનાવવા માટેની કામગીરી.

---------

**ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા યોજાયેલ કાર્યક્રમો**

૨૮૭ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સન–૨૦૧૨–૨૦૧૩ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં વિજ્ઞાનને લગતાં કયા કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સન ૨૦૧૨–૨૦૧૩ ના નાણાકીય વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં વિજ્ઞાનને લગતાં નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યા.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર. |
| ૨. | ગણિત–વિજ્ઞાન પ્રશ્નોતરી કાર્યક્રમ. |
| ૩. | સેમિનાર/સિમ્પોઝીયા/વર્કશોપ/ટ્રેઈનીંગ/પ્રદર્શનો/પેપર પ્રેઝન્ટેશન. |
| ૪. | સાયન્સ ક્વીઝ તેમજ રુરલ આઈટી ક્વીઝ, સાયન્સ ડ્રામા, સાયન્સ સેમિનાર, નેશનલસાયન્સ ડે. |
| ૫. | સ્કૂલ સાયન્સ કલબ. |
| ૬. | પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝીયમની સ્થાપના અને વિકાસ. |
| ૭. | વિજ્ઞાનના ઉભરતા ક્ષેત્રોમાં સેન્ટર એક્સલન્સની સ્થાપના. |
| ૮. | નેનો ટેકનોલોજી પ્રમોશન. |
| ૯. | માઈનોર રીસર્ચ પ્રોજેક્ટસ. |
| ૧૦. | પેટન્ટ ઈન્ફોર્મેશન અને અવેરનેસ. |

(૨) ઉક્ત કાર્યક્રમો અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં રૂ.૨૬૫.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ફતેવાડી વિસ્તારને નર્મદા કેનાલના કમાન્ડ વિસ્તારમાં ભેળવવાની કાર્યવાહી**

૧૬૨ **શ્રી કરમશીભાઈ વિ. પટેલ(સાણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સાણંદ–બાવળા તાલુકાના ફતેવાડી વિસ્તારને નર્મદા કેનાલના કમાન્ડ વિસ્તારમાં ભેળવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

મુળ આયોજનમાં આ બાબત સામેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં આવેલ વિવિધલક્ષી પશુચિકિત્સાલય**

૨૫૧ **શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલા વિવિધલક્ષી પશુચિકિત્સાલય કાર્યરત છે, અને

(૨) તેમાં કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૨૩ (ત્રેવીસ).

(૨) વિવિધલક્ષી પશુચિકિત્સાલય–
વેટરનરી પોલિક્લીનીક જે તે જિલ્લા ખાતેની પશુઓની રેફરલ હોસ્પીટલ છે. જ્યાં, તાંત્રિક તજજ્ઞો દ્વારા ઇન–ડોર પેશન્ટ સારવાર, આઉટ ડોર પેશન્ટ સારવાર, શસ્ત્રક્રિયા, વંધ્યત્વ નિવારણ સારવાર, ખસીકરણ, રસીકરણ, કૃત્રીમ બીજદાન, આકસ્મિક સારવાર જેવી પશુ આરોગ્યને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તદઉપરાંત, જિલ્લાનાં આંતરીયાળ ગામોમાં પશુ સારવાર તથા સર્જીકલ કેમ્પો યોજી પશુ સારવારની કામગીરી કરવામાં આવે છે.

---------

**મહેસાણા જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૨ દરમિયાન પશુઓમાં કરાયેલ બીજદાન**

૩૧૨ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

કૃષિ મહોત્સવ–૨૦૧૨ દરમિયાન મહેસાણા જિલ્લામાં કેટલા પશુઓમાં બીજદાન કરવામાં આવ્યું ?

**જવાબ**

૩૯૮૯.

---------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ કરેલ સંસ્થાઓ**

૨૫૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૨૪–૧–૨૦૧૩ની સ્થિતિએ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સાથે કઈ કઈ સંસ્થાએ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કર્યા છે, અને

**જવાબ**

(૧) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી સાથે તા. ૨૪–૧–૨૦૧૩ની સ્થિતિએ નીચે મુજબની સંસ્થાઓએ સંયુક્ત શૈક્ષણિક તથા સંશોધન ક્ષેત્રમાં કામગીરી માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરેલ છે.

1. ફલોરીડા યુનિવર્સિટી, યુએસએ. (University of Florida,USA)
2. ગેલીલી ઈન્ટનેશનલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઈઝરાઈલ (Galilee International Management Institute–Israel)
3. સેન્ટર ફોર ગ્લોબલ એડવાન્સમેન્ટ ઓફ કોમ્યુનિટી કોલેજસ, યુએસએ (Center for Global Advancement of Community Colleges,USA)

4. હ્યુસ્ટન યુનિવર્સીટી, યુએસએ (University of Houston USA)
5. સેન્ટર ફોર નેનો બાયોટેકનોલોજી રિસર્ચ, અલાબામા સ્ટેટ યુનિવર્સિટી, યુએસએ. (Center for Nano Biotechnology Research Alabama State University-USA)
6. નેમીસીસ્કો લીમીટેડ, ઈઝરાઈલ (Nemesysco Ltd-Israel)
7. ફોરેન્સીક ટેકનોલોજી ઈન્કોર્પોરેટેડ, કેનેડા (Forensic Technology Inc-Canada)
8. સસ્પેટેડ ડીટેકશન સીસ્ટમ, ઈઝરાયલ (Suspect Detection System(SDS),Israel)
9. સ્ટ્રાએડ ઈન્કોર્પોરેટેડ, યુએસએ. (StraEd Inc.-USA)
10. ડિફેન્સ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયકોલોજીકલ રિસર્ચ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલ્પમેન્ટ ઓર્ગેનાઈઝેશન, સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી (Defense Institute of Psychological Research (DIPR), Defense Research & Development Organization (DRDO), Ministry of Defense Government of India,New Delhi)
11. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ, ભારત સરકાર, ફરીદાબાદ (National Institute of Financial Management (Govt.of India),Faridabad)
12. જે.એસ.એસ. યુનિવર્સિટી, મૈસુર, કર્ણાટક

(J.S.S. University Mysore, Karnataka)

13. રાંચી ઈન્સ્ટિટ્યૂ ઓફ ન્યુરો સાઈકીયાટ્રીક એન્ડ એલાઈડ સાયન્સીસ, ઝારખંડ, (Ranchi Institute of Neuro Psychiatry & Allied Sciences (RINPAS)-Jharkhand)
14. ગુજરાત નેસનલ લો યુનિવર્સિટી ગાંધીનગર Gujarat National Law University (GNLU), Gandhinagar)
15. ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજીકલ મીશન, ગુજરાત સરકાર(Gujarat State Biotechnology Mission, DST-Govt. of Gujarat
16. મેન્ટલ હોસ્પીટલ, અમદાવાદ (Hospital for Mental Helth, Ahmedabad (Govt. of Gujarat)
17. ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજ, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ (Government Dental College, Civil Hospital, Ahmedabad)
18. ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ (Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad)
19. રક્ષા શકિત યુનિવર્સિટી, અમદાવાદ (Raksha Shakti University - Ahmedabad)
20. કેર ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, અમદાવાદ (Care Institute of Medical Sciences-Ahmedabad)
21. સ્કૂલ ઓફ સિક્યુરિટી એન્ડ બીહેવીયરલ ઈન્ટેલીજન્સ

ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ (School of Security & Behavioural Intelligence Institute–Ahmedabad)

22. એશીયન સ્કૂલ ઓફ સાયબર લો, પુના, (Asian School of Cyber Laws (ASCL–Pune)

(૨) તે અંગેની વિગતો શી છે ?

(૨) કુલ ૨૨ સંસ્થાઓ દ્વારા કરાયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પૈકીની મોટા ભાગની સંસ્થાઓએ શૈક્ષિણક અને સંશોધન તથા વિકાસની કામગીરી સંયુક્ત રીતે કરવાના હેતુથી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરેલ છે. જ્યારે ક્રમાંક ૬ અને ૭ પરની સંસ્થાઓ દ્વારા કરાયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે અનુક્રમે એલ.વી.એ. (LVA) ટેકનોલોજી માટે અને આઈબીસ ટેકનોલોજીના સેન્ટર ઓફ એકસલન્સ (Centre of excellence) ઊભા કરવા માટે છે.

---------

**પારડી તાલુકાનાં ટુકવાડા ખાતે કોલક નદી પર ચેકડેમ બાંધવાની કામગીરી**

૨૪૧ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ટુકવાડા ખાતે કોલક નદી પર મોટો ચેકડેમ બાંધવાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થવા પામેલ છે ? | (૨) આ ચેકડેમ પાછળ તા. ૩૧–૧–૨૦૧૩ અંતિત રૂપિયા ૭૪.૬૭ લાખ ખર્ચ થવા પામેલ છે. |

---------

**ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટેની સગવડ**

૨૮૨ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે કયા કયા પ્રકારની સગવડો ઉપલબ્ધ છે ?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈ.એસ.આર) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે નીચે મુજબની સગવડો ઉપલબ્ધ છે.

(૧) ભૂકંપ સંશોધન માટે નીચે જણાવેલ વિવિધ પ્રકારની લેબોરેટરી સ્થાપવામાં આવી છે.

૧. સિસ્મોલોજીકલ મોનીટરીંગ લેબ (સિસ્મીક ડેટા સેન્ટર)
૨. જી.પી.એસ.–લેબ
૩. માઈક્રોઝોનેશન–લેબ
૪. જીયોટેકનીકલ–લેબ

૫. ગ્રેવીટી–લેબ
૬. મેગ્નેટો–ટેલોરીક–લેબ
૭. ઓ.એસ.એલ.–લેબ
૮. એન્જીનિયરીંગ–જીયોફિઝીકલ–લેબ
૯. બ્રોડબેન્ડ–સિસ્મોલોજી–લેબ
૧૦. એમપીજીઓ

(૨) સિસ્મીક ડેટા સેન્ટર ચોવીસ કલાક કાર્યરત હોય છે. ગુજરાતમાં સ્થાપેલા ૫૦ ધરતીકંપ માપન કેન્દ્રોમાંથી વી–સેટ મારફતે ડેટા સેન્ટરમાં સતત ડેટા આવે છે. તેનું પરિક્ષણ કરીને પાંચ કે દસ મીનીટમાં ભૂંકપની તિવ્રતા એપીસેન્ટર અને ફોકસની જાણકારી ઉચ્ચ કક્ષા, મીડીયા અને લોકોને પૂરી પાડવામાં આવે છે.

(૩) ક્રસ્ટલ ડિફર્મેશન સ્ટડી માટે ૩૦ જગ્યાએ જીપીએસ સ્ટેશન સ્થાપવામાં આવેલ છે. તેનો ડેટા પરિક્ષણ કરીને નાનામાં નાની હિલચાલ (૫ મીમી) જાણવા મળે છે.

(૪) અનેક પ્રકારના ઈન્સ્ટુમેન્ટ મારફતે જીયોફીઝીકલ સર્વે કરીને ગુજરાતની જમીન નીચેનું ક્રસ્ટલ સ્ટ્રકચર અને ફોલ્ટસનો અભ્યાસ કરવામાં આવે છે.

(૫) ઓએસએલ સાધન મારફતે પોલિયો સિસ્મોલોજીકલ સ્ટડી કરવામાં આવે છે.

(૬) જીયોટેકનીકલ લેબોરેટરીથી સોઈલ ઈન્વેસ્ટીગેશન અને જીયોટેકનીકલ સ્ટડી કરવામાં આવે છે.

(૭) એન્જીનીયરીંગ સિસ્મોગ્રાફ અને પીએસ લોગ–ઈન દ્વારા સાઈટ એમ્પ્લીફીકેશન અને જમીન અને મકાનોમાં ભૂકંપનો રિસ્પોન્સ જાણવા મળે છે તેથી અર્થક્વેક રેઝીસ્ટન્સ ડિઝાઈન્સ બનાવવામાં આવે છે.

(૮) ભૂકંપની આગાહી માટે કચ્છમાં સ્થાપેલા ૩ એમપીજીઓ લેબમાંથી આવેલા ડેટાનું પરિક્ષણ કરીને રીસર્ચ કરવામાં આવે છે.

(૯) આઈ.એસ.આર.માં ભૂકંપ આકારણીના નિષ્ણાંતો ઉપલબ્ધ છે. ગુજરાતનાં ઘણા શહેરોનાં વિગતવાર નકશા પણ બનાવવામાં આવેલ છે. ખૂબજ અગત્ય ધરાવતી ઉંચી ઈમારતો, એલએનજી સ્ટોરેજ ટર્મીનલ્સ, ન્યુકલીયર પાવર પ્લાન્ટસ, સોલાર પાર્ક, સીમેન્ટ પ્લાન્ટસ વિ. માટે ભૂકંપથી થતી નુકસાનીની આકારણીમાં નિપુણતા પ્રાપ્ત કરેલ છે.

---------

## વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩માં ભરૂચ જિલ્લા માટે કરારબધ્ધ થયેલ ઉદ્યોગો

૩૫ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩માં ભરૂચ જિલ્લા માટે તાલુકાવાર કેટલા ઉદ્યોગો કરારબધ્ધ થયા છે,

(૨) તાલુકાવાર અંદાજીત કેટલા કરોડનું રોકાણ થનાર છે, અને

(૩) આ ઉદ્યોગોને કારણે કેટલા લોકોને રોજગારી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩માં ભરૂચ જિલ્લામાં રોકાણકારોના કુલ ૧૫૨૮ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન છે જેની તાલુકાવાર માહિતી આ સાથે **પત્રક**માં સામેલ છે.

(૨) વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩માં સૂચિત મૂડીરોકાણની વિગતો ઘ્યાને લેવાયેલ નથી.

(૩) વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩માં મોટા કક્ષાના એકમોની સૂચિત રોજગારીની વિગતો ઘ્યાને લેવાયેલ નથી. ભરૂચ જિલ્લામાં સૂક્ષ્મ, લઘુ અને મઘ્યમ કદના ૧૨૪૦ ઉદ્યોગોમાં કુલ ૩૭૮૦૪ રોજગારી અપેક્ષિત છે.

**પત્રક**

વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૩
ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન
લાર્જ સેકટર–ભરૂચ જિલ્લો

| **અનુ. નં.** | **તાલુકો** | **પ્રોજેક્ટ** |
|---|---|---|
| ૧ | અમોડ | ૨ |
| ૨ | અંકલેશ્વર | ૪૨ |
| ૩ | ભરૂચ | ૧૭ |
| ૪ | હંસોટ | ૧૪ |
| ૫ | જંબુસર | ૧૪ |
| ૬ | ઝગડીયા | ૧૮ |
| ૭ | વગારા | ૧૦૭ |
| ૮ | વાલિયા | ૫ |
| ૯ | સ્થળ નિશ્ચિત કરેલા નથી તેવા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન | ૬૯ |
| | **કુલ** | **૨૮૮** |

એચબી–૬૫૮–૧૧

**પત્રક**

વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૩
ઉકત **પત્રકમાં** જણાવેલ મંત્રીશ્રીઓ સિવાયના અન્ય મંત્રીશ્રીઓના કાર્યાલય તથા સરકારી નિવાસસ્થાને માત્ર સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (SI CN) પ્રોજેકટ હેઠળ ટેલિફોન સુવિધા આપવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| **ક્રમ નં.** | **મંત્રીશ્રીનું નામ** | **હોદ્દો** | **મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં)** | **મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં)** | **ટેલિફોન બિલની કુલ રકમ કાર્યાલય + નિવાસસ્થાન (રૂપિયામાં)** |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૫૬૧૯૯ | ૨૫૩૯૨૪ | ૩૧૦૧૨૩ |
| ૨ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા | મંત્રીશ્રી | ૧૧૨૦૨ | ૧૦૭૫૮ | ૨૧૯૬૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૨૦૭૬૨ | ૪૩૫૩૮ | ૬૪૩૦૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ | મંત્રીશ્રી | ૬૩૩૮૧ | ૧૮૮૪૫ | ૮૨૨૨૬ |

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | ટેલિફોન બિલની કુલ રકમ કાર્યાલય + નિવાસસ્થાન (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| | પટેલ | | | | |
| ૫ | શ્રી નીતિનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૪૯૨૯ | ૧૬૫૮૯ | ૩૧૫૧૮ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૯૫૩૦ | ૩૨૫૬૭ | ૫૨૦૯૭ |
| ૭ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા | મંત્રીશ્રી | ૪૪૭૯૯ | ૨૨૯૨૦ | ૬૭૭૧૯ |
| ૮ | શ્રી જનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૨૯૧૩૨ | ૧૪૧૫૪ | ૪૩૨૮૬ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૮ | ૭૩૯૯૯ | ૮૪૯૮૭ |
| ૧૦ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૯૩૪૮ | ૧૯૦૬૫ | ૩૮૪૧૩ |
| ૧૧ | શ્રી સૌરભભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૩૭૪૦૫ | ૫૨૭૭ | ૪૨૬૮૨ |
| ૧૨ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક.મંત્રીશ્રી | ૯૧૫૩ | ૨૨૨૭૮ | ૩૧૪૩૧ |
| ૧૩ | શ્રી જયસિંહ માનસિંહ ચૌહાણ | રા.ક.મંત્રીશ્રી | ૧૪૩૪૪ | ૩૯૨૪૩ | ૫૩૫૮૭ |
| ૧૪ | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | રા.ક.મંત્રીશ્રી | ૦ | ૧૫૩૬૭ | ૧૫૩૬૭ |
| ૧૫ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | રા.ક.મંત્રીશ્રી | ૧૧૨૩૪ | ૦ | ૧૧૨૩૪ |
| ૧૬ | શ્રી પ્રફુલ ખોડભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૫૬૭૫૧ | ૦ | ૫૬૭૫૧ |
| | **કુલ** | | **૪૧૯૧૫૭** | **૫૮૮૫૨૪** | **૧૦૦૭૬૮૧** |

---------

**માનનીય મુખ્ય મંત્રીશ્રી તથા દરેક માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય અને રહેણાંકના ટેલિફોન બીલનો ખર્ચ**

૯૭૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રત્યેક માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંક ખાતે ફાળવવામાં આવેલ ટેલિફોન બિલો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) માન.મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા તેમના સ્ટાફ સહિત સમગ્ર કાર્યાલયમાં અને તેમના નિવાસસ્થાને ફાળવેલ બી.એસ.એન.એલ. ટેલિફોનના બિલની વિગત સામેલ **પત્રક** મુજબ છે.

ઉકત **પત્રકમાં** જણાવેલ મંત્રીશ્રીઓ સિવાયના અન્ય મંત્રીશ્રીઓના કાર્યાલય તથા સરકારી નિવાસસ્થાને માત્ર સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (SI CN) પ્રોજેકટ હેઠળ ટેલિફોન સુવિધા આપવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | ટેલિફોન બિલની કુલ રકમ કાર્યાલય+ નિવાસસ્થાન (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૫૬૧૯૯ | ૨૫૩૯૨૪ | ૩૧૦૧૨૩ |
| ૨ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા | મંત્રીશ્રી | ૧૧૨૦૨ | ૧૦૭૫૮ | ૨૧૯૬૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૨૦૭૬૨ | ૪૩૫૩૮ | ૬૪૩૦૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ | મંત્રીશ્રી | ૬૩૩૮૧ | ૧૮૮૪૫ | ૮૨૨૨૬ |
| ૫ | શ્રી નીતિનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૪૯૨૯ | ૧૬૫૮૯ | ૩૧૫૧૮ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૯૫૩૦ | ૩૨૫૬૭ | ૫૨૦૯૭ |
| ૭ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા | મંત્રીશ્રી | ૪૪૭૯૯ | ૨૨૯૨૦ | ૬૭૭૧૯ |
| ૮ | શ્રી જનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૨૯૧૩૨ | ૧૪૧૫૪ | ૪૩૨૮૬ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૮ | ૭૩૯૯૯ | ૮૪૯૮૭ |
| ૧૦ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૯૩૪૮ | ૧૯૦૬૫ | ૩૮૪૧૩ |
| ૧૧ | શ્રી સૌરભભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૩૭૪૦૫ | ૫૨૭૭ | ૪૨૬૮૨ |
| ૧૨ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક.મંત્રીશ્રી | ૯૧૫૩ | ૨૨૨૭૮ | ૩૧૪૩૧ |
| ૧૩ | શ્રી જયસિંહ માનસિંહ ચૌહાણ | રા.ક.મંત્રીશ્રી | ૧૪૩૪૪ | ૩૯૨૪૩ | ૫૩૫૮૭ |
| ૧૪ | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | રા.ક.મંત્રીશ્રી | ૦ | ૧૫૩૬૭ | ૧૫૩૬૭ |
| ૧૫ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | રા.ક.મંત્રીશ્રી | ૧૧૨૩૪ | ૦ | ૧૧૨૩૪ |
| ૧૬ | શ્રી પ્રફુલ ખોડભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૫૬૭૫૧ | ૦ | ૫૬૭૫૧ |
| | **કુલ** | | **૪૧૯૧૫૭** | **૫૮૮૫૨૪** | **૧૦૦૭૬૮૧** |

---------

**માનનીય મુખ્ય મંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રી દીઠ કાર્યાલય અને રહેઠાણ ખાતાનાં ટેલિફોન બીલનો ખર્ચ**

૭૪૩ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રત્યેક માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંક ખાતે ફાળવવામાં આવેલ ટેલિફોન બિલો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) માન.મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા તેમના સ્ટાફ સહિત સમગ્ર કાર્યાલયમાં અને તેમના નિવાસસ્થાને ફાળવેલ બી.એસ.એન.એલ. ટેલિફોનના બિલની વિગત સામેલ **પત્રક** મુજબ છે.

ઉકત **પત્રકમાં** જણાવેલ મંત્રીશ્રીઓ સિવાયના અન્ય મંત્રીશ્રીઓના કાર્યાલય તથા સરકારી નિવાસસ્થાને માત્ર સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (S I C N) પ્રોજેકટ હેઠળ ટેલિફોન સુવિધા આપવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | ટેલિફોન બિલની કુલ રકમ કાર્યાલય + નિવાસસ્થાન (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૫૬૧૯૯ | ૨૫૩૯૨૪ | ૩૧૦૧૨૩ |
| ૨ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા | મંત્રીશ્રી | ૧૧૨૦૨ | ૧૦૭૫૮ | ૨૧૯૬૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૨૦૭૬૨ | ૪૩૫૩૮ | ૬૪૩૦૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ | મંત્રીશ્રી | ૬૩૩૮૧ | ૧૮૮૪૫ | ૮૨૨૨૬ |
| ૫ | શ્રી નીતિનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૪૯૨૯ | ૧૬૫૮૯ | ૩૧૫૧૮ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૯૫૩૦ | ૩૨૫૬૭ | ૫૨૦૯૭ |
| ૭ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા | મંત્રીશ્રી | ૪૪૭૯૯ | ૨૨૯૨૦ | ૬૭૭૧૯ |
| ૮ | શ્રી જનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૨૯૧૩૨ | ૧૪૧૫૪ | ૪૩૨૮૬ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૮ | ૭૩૯૯૯ | ૮૪૯૮૭ |
| ૧૦ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૯૩૪૮ | ૧૯૦૬૫ | ૩૮૪૧૩ |
| ૧૧ | શ્રી સૌરભભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૩૭૪૦૫ | ૫૨૭૭ | ૪૨૬૮૨ |
| ૧૨ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક.મંત્રીશ્રી | ૯૧૫૩ | ૨૨૨૭૮ | ૩૧૪૩૧ |
| ૧૩ | શ્રી જસિંહ માનસિંહ ચૌહાણ | રા.ક.મંત્રીશ્રી | ૧૪૩૪૪ | ૩૯૨૪૩ | ૫૩૫૮૭ |
| ૧૪ | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | રા.ક.મંત્રીશ્રી | ૦ | ૧૫૩૬૭ | ૧૫૩૬૭ |
| ૧૫ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | રા.ક.મંત્રીશ્રી | ૧૧૨૩૪ | ૦ | ૧૧૨૩૪ |
| ૧૬ | શ્રી પ્રફુલ ખોડભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૫૬૭૫૧ | ૦ | ૫૬૭૫૧ |
| | **કુલ** | | **૪૧૯૧૫૭** | **૫૮૮૫૨૪** | **૧૦૦૭૬૮૧** |

---------

## દાંતા તથા અમીરગઢ તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો

૮૦૦ **શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો ચાલુ કરવા સરકારશ્રીએ ડીસેમ્બર-૨૦૧૨ ની સ્થિતિએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત તાલુકાના કયા ક્યા ગામોએ એવા પશુ સારવાર કેન્દ્ર થનાર છે, અને | (૨) દાંતા તાલુકામાં-બામણીયા ખાતે અમીરગઢ તાલુકામા-સુરેલા ખાતે. |
| (૩) આ પશુ સારવાર કેન્દ્રો ક્યાં સુધીમાં શરૂ થવાની શક્યતા છે? | (૩) તા.૧-૧-૧૩ થી શરૂ કરેલ છે. |

---------

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

## વિરમગામ તાલુકામાં અને તાલુકાના ગામોમાં નર્મદાના પાણી સિંચાઈ માટે આપવા માટેની માંગણીઓ

૨૩૩ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય જળસપત્તિ મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં તા. ૧૫–૦૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં તાલુકા અને તાલુકાના ગામોમાં નર્મદાના પાણી સિંચાઈ માટે આપવા માટે કેટલી માંગણીઓ કોના તરફથી સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ પાણીનો કેટલો જથ્થો અપાય છે, અને આ પાણી નિયમિત પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં તા.૧૫–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કુલ ૨૯ માંગણીઓ મળેલ છે. જે પૈકી ૭ ગ્રામ પંચાયતો, ૨ સરપંચશ્રીઓ (મૌખિક) ૧ (એક) માન.ધારાસભ્યશ્રી–વિરમગામ અને ૧૯ ગામના ખેડૂતો (મૌખિક) તરફથી સરકારશ્રીને માંગણીઓ મળેલ છે.

(૨) તા.૧૫–૧–૨૦૧૩ ની સ્થિતિએ વિરમગામ–૧ શાખામાંથી ૧૦ ક્યુસેક, વિરમગામ–૨ શાખામાંથી ૨૦ ક્યુસેક, ગૌરૈયા શાખામાંથી ૩૫ ક્યુસેક અને નરસિંહપુરા શાખામાંથી ૧૫૦ ક્યુસેક પાણીનો જથ્થો અપાય છે. વિશાખા અને પ્રશાખાના કામો ચાલુ છે તે પૂર્ણ થતાં પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.

---------

એચબી–૬૫૮–૧૮

## નસવાડી અને સંખેડા તાલુકાઓમાં નર્મદા કેનાલથી સિંચાઈ હેઠળનો વિસ્તાર

૧૨૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નસવાડી તેમજ સંખેડા તાલુકાઓમાં નર્મદા કેનાલથી સિંચાઈ હેઠળ કેટલા હેક્ટર જમીન આવરી લેવાઈ છે,

(૨) આ બંને તાલુકાઓમાં કેટલી જમીનને કઈ કઈ માઈનોર કેનાલથી સિંચાઈનો લાભ મળે છે,

(૩)નસવાડી અને સંખેડા તાલુકામાં કમાન્ડ વિસ્તારમાં આવતી કેટલી જમીન સિંચાઈથી વંચિત છે, અને

(૪) સિંચાઈથી વંચિત રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) નર્મદા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નસવાડી તાલુકાનો ૬૭૩૨ હેક્ટર વિસ્તાર અને સંખેડા તાલુકાનો ૩૧૫૨૩ હેક્ટર વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવાયેલ છે.

(૨) નસવાડી તાલુકામાં કુલ–૧૬ માઇનોર નહેરો થકી ૬૭૩૨ હેક્ટર વિસ્તારમાં અને સંખેડા તાલુકામાં કુલ–૮૫ માઇનોર નહેરો થકી ૩૧૫૨૩ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળે છે. માઇનોરની યાદીનું પત્રક સામેલ છે.

(૩) નસવાડી તાલુકાનો નર્મદા યોજના હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર પૈકી કોઇ વિસ્તાર સિંચાઇથી વંચિત નથી. સંખેડા તાલુકામાં નર્મદા યોજના હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર પૈકી ૭૮૨ હેક્ટર વિસ્તાર સિંચાઇથી વંચિત રહેલ છે.

(૪) સંખેડા તાલુકામાં ૮૫ માઇનોર પૈકી ૪ માઇનોર નહેરના કામો પૂર્ણ થયેલ ન હોવાથી.

**પત્રક**

| અનુ. નં. | તાલુકાનું નામ | માઈનોર નહેરનું નામ |
|---|---|---|
| **જિલ્લો – વડોદરા, તાલુકો – નસવાડી** | | |
| ૧ | નસવાડી | અલવા |
| ૨ | નસવાડી | વડદલી |
| ૩ | નસવાડી | અમરેલી |
| ૪ | નસવાડી | પલ્સર |
| ૫ | નસવાડી | પાલા |
| ૬ | નસવાડી | વાડિયા |

| | | |
|---|---|---|
| ૭ | નસવાડી | સોદત |
| ૮ | નસવાડી | અલવા–૧ |
| ૯ | નસવાડી | અકોના |
| ૧૦ | નસવાડી | ઘોડી સિમલ |
| ૧૧ | નસવાડી | આનંદપુરી–૧ |
| ૧૨ | નસવાડી | પીપલજ |
| ૧૩ | નસવાડી | કાકડિયા |
| ૧૪ | નસવાડી | ચામેઠા |
| ૧૫ | નસવાડી | આનંદપુરી–૨ |
| ૧૬ | નસવાડી | અકોના |
| **જિલ્લો – વડોદરા, તાલુકો – સંખેડા** | | |
| ૧ | સંખેડા | ભીમપુરા |
| ૨ | સંખેડા | ભૂલવણ |
| ૩ | સંખેડા | લોટિયા–૧ |
| ૪ | સંખેડા | લોટિયા–૨ |
| ૫ | સંખેડા | ગોલાગામડી–૨ |
| ૬ | સંખેડા | ગોલાગામડી–૩ |
| ૭ | સંખેડા | માંજરોલ |
| ૮ | સંખેડા | કવિઠા બ્રાંચ |
| ૯ | સંખેડા | બહાદરપુર |
| ૧૦ | સંખેડા | હરેશ્વર |
| ૧૧ | સંખેડા | ગોલાગામડી–૧ |
| ૧૨ | સંખેડા | કન્તેશ્વર |
| ૧૩ | સંખેડા | ઊંડી |
| ૧૪ | સંખેડા | કવિઠા–૧ |
| ૧૫ | સંખેડા | ફાંટા |
| ૧૬ | સંખેડા | કવિઠા–૨ |
| ૧૭ | સંખેડા | પચીસગામ |
| ૧૮ | સંખેડા | માલુ–૧ |
| ૧૯ | સંખેડા | માલુ–૨ |
| ૨૦ | સંખેડા | હરેશ્વર |
| ૨૧ | સંખેડા | ભદરાલી |
| ૨૨ | સંખેડા | કુંડી |
| ૨૩ | સંખેડા | સુર્યા |
| ૨૪ | સંખેડા | કુંડી ઉચાકલમ |
| ૨૫ | સંખેડા | લવેડ |
| ૨૬ | સંખેડા | જોજવા |
| ૨૭ | સંખેડા | પાટના |
| ૨૮ | સંખેડા | બામરોલી (રદ કરવાની થાય છે. |
| ૨૯ | સંખેડા | બામરોલી ટેઇલ |
| ૩૦ | સંખેડા | લુંનાદ્રા |
| ૩૧ | સંખેડા | કસુમ્બીઆ |
| ૩૨ | સંખેડા | ચિખોદરા |
| ૩૩ | સંખેડા | લુંનાદરા |
| ૩૪ | સંખેડા | ઘંટોલી |
| ૩૫ | સંખેડા | પરવેતા |
| ૩૬ | સંખેડા | શાહપુર |
| ૩૭ | સંખેડા | ખુંટવાડ |

| | | |
|---|---|---|
| ૩૮ | સંખેડા | ગરડા |
| ૩૯ | સંખેડા | ગીડીયા |
| ૪૦ | સંખેડા | પ્રતાપુરા |
| ૪૧ | સંખેડા | કાશીપુરા–૧ |
| ૪૨ | સંખેડા | કાશીપુરા–૨ |
| ૪૩ | સંખેડા | કાશીપુરા–૩ |
| ૪૪ | સંખેડા | વાસણ |
| ૪૫ | સંખેડા | અસગોલ |
| ૪૬ | સંખેડા | અરનીયા |
| ૪૭ | સંખેડા | ગામડી |
| ૪૮ | સંખેડા | ગુંડીચા |
| ૪૯ | સંખેડા | મોભીયા |
| ૫૦ | સંખેડા | તણખલા |
| ૫૧ | સંખેડા | બીહોરા |
| ૫૨ | સંખેડા | સવજીપુરા |
| ૫૩ | સંખેડા | છછાદરા |
| ૫૪ | સંખેડા | સર્સીન્ડા |
| ૫૫ | સંખેડા | ચોરન્ગલા |
| ૫૬ | સંખેડા | માનપુર |
| ૫૭ | સંખેડા | ગુંડેર |
| ૫૮ | સંખેડા | ભાટપુર |
| ૫૯ | સંખેડા | વાડિયા |
| ૬૦ | સંખેડા | માનપુર–૨ |
| ૬૧ | સંખેડા | ખુંટવાડ–૧ |
| ૬૨ | સંખેડા | હાંડોદ |
| ૬૩ | સંખેડા | અરીઠા |
| ૬૪ | સંખેડા | મોભીયા |
| ૬૫ | સંખેડા | રતનપુર કામરેજ |
| ૬૬ | સંખેડા | કોટાલી |
| ૬૭ | સંખેડા | ધેલપુર |
| ૬૮ | સંખેડા | તાંદલજા |
| ૬૯ | સંખેડા | છછાદરા–રાયટ |
| ૭૦ | સંખેડા | છછાદરા–લેફ્ટ |
| ૭૧ | સંખેડા | વડદલા |
| ૭૨ | સંખેડા | ગેહારપુરા |
| ૭૩ | સંખેડા | કુબા |
| ૭૪ | સંખેડા | તાંદલજા–લેફ્ટ |
| ૭૫ | સંખેડા | ગણેશવાડ |
| ૭૬ | સંખેડા | જોગીપુરા |
| ૭૭ | સંખેડા | લડોધ |
| ૭૮ | સંખેડા | અંબાપુરા–લેફ્ટ |
| ૭૯ | સંખેડા | ધોલપુર |
| ૮૦ | સંખેડા | કચ્છાટા |
| ૮૧ | સંખેડા | ખાન્દીપુર |
| ૮૨ | સંખેડા | વડેલી |
| ૮૩ | સંખેડા | ધોળી |
| ૮૪ | સંખેડા | સંખેડા |
| ૮૫ | સંખેડા | નાગરવાડા |

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંકના ટેલિફોન બીલનો ખર્ચ**

૭૧૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રત્યેક માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંક ખાતે ફાળવવામાં આવેલ ટેલિફોન બિલો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) માન. મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા તેમના સ્ટાફ સહિત સમગ્ર કાર્યાલયમાં અને તેમના નિવાસ્થાને ફાળવેલ બી.એસ.એન.એલ. ટેલિફોનના બિલની વિગત સામેલ પત્રક મુજબ છે.

(૨) ઉકત પત્રકમાં જણાવેલ મંત્રીશ્રીઓ સિવાયના અન્ય મંત્રીશ્રીઓના કાર્યાલય તથા સરકારી નિવાસસ્થાને માત્ર સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (S I C N) પ્રોજેક્ટ હેઠળ ટેલિફોન સુવિધા આપવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | ટેલિફોન બિલની કુલ+ રકમ કાર્યાલય નિવાસસ્થાન (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૫૬૧૯૯ | ૨૫૩૯૨૪ | ૩૧૦૧૨૩ |
| ૨ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા | મંત્રીશ્રી | ૧૧૨૦૨ | ૧૦૭૫૮ | ૨૧૯૬૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૨૦૭૬૨ | ૪૩૫૩૮ | ૬૪૩૦૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ | મંત્રીશ્રી | ૬૩૩૮૧ | ૧૮૮૪૫ | ૮૨૨૨૬ |
| ૫ | શ્રી નીતિનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૪૯૨૯ | ૧૬૫૮૯ | ૩૧૫૧૮ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૯૫૩૦ | ૩૨૫૬૭ | ૫૨૦૯૭ |
| ૭ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા | મંત્રીશ્રી | ૪૪૭૯૯ | ૨૨૯૨૦ | ૬૭૭૧૯ |
| ૮ | શ્રી જયનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૨૯૧૩૨ | ૧૪૧૫૪ | ૪૩૨૮૬ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૮ | ૭૩૯૯૯ | ૮૪૯૮૭ |
| ૧૦ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૯૩૪૮ | ૧૯૦૬૫ | ૩૮૪૧૩ |
| ૧૧ | શ્રી સૌરભભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૩૭૪૦૫ | ૫૨૭૭ | ૪૨૬૮૨ |
| ૧૨ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક.મંત્રીશ્રી | ૯૧૫૩ | ૨૨૨૭૮ | ૩૧૪૩૧ |
| ૧૩ | શ્રી જયસિંહ માનસિંહ ચૌહાણ | રા.ક.મંત્રીશ્રી | ૧૪૩૪૪ | ૩૯૨૪૩ | ૫૩૫૮૭ |
| ૧૪ | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | રા.ક.મંત્રીશ્રી | ૦ | ૧૫૩૬૭ | ૧૫૩૬૭ |
| ૧૫ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | રા.ક.મંત્રીશ્રી | ૧૧૨૩૪ | ૦ | ૧૧૨૩૪ |
| ૧૬ | શ્રી પ્રફુલ ખોડભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૫૬૭૫૧ | ૦ | ૫૬૭૫૧ |
| | **કુલઃ** | | **૪૧૯૧૫૭** | **૫૮૮૫૨૪** | **૧૦૦૭૬૮૧** |

---------

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

## અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનાં ગામોમા મળતું ક્ષારયુક્ત પાણી

૧૦૪૦ **શ્રી છબીલભાઈ ના. પટેલ(અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનાં કયા કયા ગામોને ક્ષારયુક્ત પીવાનું પાણી મળે છે,

(૨) પીવાનું શુઘ્ધ પાણી મળે તે માટે ગામવાર કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યા છે, અને

(૩) કેટલા સમયમાં ઉક્ત ગામોને શુઘ્ધ પાણી આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) બધા જ ગામોને પીવા લાયક પાણી મળે છે.

(૨)અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓના રહેણાંક અને કાર્યાલયના ટેલિફોન બીલનો ખર્ચ

૭૦૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રત્યેક માનનીય મંત્રીશ્રી દીઠ તેમના કાર્યાલય તથા રહેણાંક ખાતે ફાળવવામાં આવેલ ટેલિફોન બિલો પાછળ કેટલો ખર્ચ થયો?

એચબી–૬૫૮–૧૯

**જવાબ**

(૧) માન. મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા તેમના સ્ટાફ સહિત સમગ્ર કાર્યાલયમાં અને તેમના નિવાસ્થાનને ફાળવેલ બી.એસ.એન.એલ. ટેલિફોનના બિલની વિગત સામેલ પત્રક મુજબ છે.

(૨) ઉકત પત્રકમાં જણાવેલ મંત્રીશ્રીઓ સિવાયના અન્ય મંત્રીશ્રીઓના કાર્યાલય તથા સરકારી નિવાસસ્થાને માત્ર સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક (S I C N ) પ્રોજેકટ હેઠળ ટેલિફોન સુવિધા આપવામાં આવેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના સમગ્ર કાર્યાલયમાં ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | મુખ્ય મંત્રીશ્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાને ફાળવાયેલ બી.એસ.એન.એલ. ના ટેલિફોનના બિલની વિગતો (રૂપિયામાં) | ટેલિફોન બિલની કુલ+ રકમ કાર્યાલય નિવાસસ્થાન (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૫૬૧૯૯ | ૨૫૩૯૨૪ | ૩૧૦૧૨૩ |
| ૨ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા | મંત્રીશ્રી | ૧૧૨૦૨ | ૧૦૭૫૮ | ૨૧૯૬૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઈ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૨૦૭૬૨ | ૪૩૫૩૮ | ૬૪૩૦૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ | મંત્રીશ્રી | ૬૩૩૮૧ | ૧૮૮૪૫ | ૮૨૨૨૬ |
| ૫ | શ્રી નીતિનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૪૯૨૯ | ૧૬૫૮૯ | ૩૧૫૧૮ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૯૫૩૦ | ૩૨૫૬૭ | ૫૨૦૯૭ |
| ૭ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ | મંત્રીશ્રી | ૪૪૭૯૯ | ૨૨૯૨૦ | ૬૭૭૧૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | વાઘેલા | | | | |
| ૮ | શ્રી જયનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૨૯૧૩૨ | ૧૪૧૫૪ | ૪૩૨૮૬ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૮ | ૭૩૯૯૯ | ૮૪૯૮૭ |
| ૧૦ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | મંત્રીશ્રી | ૧૯૩૪૮ | ૧૯૦૬૫ | ૩૮૪૧૩ |
| ૧૧ | શ્રી સૌરભભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૩૭૪૦૫ | ૫૨૭૭ | ૪૨૬૮૨ |
| ૧૨ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક.મંત્રીશ્રી | ૯૧૫૩ | ૨૨૨૭૮ | ૩૧૪૩૧ |
| ૧૩ | શ્રી જયસિંહ માનસિંહ ચૌહાણ | રા.ક.મંત્રીશ્રી | ૧૪૩૪૪ | ૩૯૨૪૩ | ૫૩૫૮૭ |
| ૧૪ | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી | રા.ક.મંત્રીશ્રી | ૦ | ૧૫૩૬૭ | ૧૫૩૬૭ |
| ૧૫ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | રા.ક.મંત્રીશ્રી | ૧૧૨૩૪ | ૦ | ૧૧૨૩૪ |
| ૧૬ | શ્રી પ્રફુલ ખોડભાઈ પટેલ | રા.ક.મંત્રીશ્રી | ૫૬૭૫૧ | ૦ | ૫૬૭૫૧ |
| | **કુલઃ** | | **૪૧૯૧૫૭** | **૫૮૮૫૨૪** | **૧૦૦૭૬૮૧** |

---------

**ઉદ્યોગના પ્રોત્સાહન માટે જાપાનના પ્રવાસમાં ગયેલા માન. મુખ્યમંત્રીશ્રી/અધિકારીઓ પાછળ ખર્ચ**

૬૯૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧–૬–૧૨ થી તા. ૨૭–૧–૧૩ દરમિયાન કઈ કઈ તારીખે માન. મુખ્યમંત્રીશ્રી તથા તેમની સાથે કયા કયા અધિકારીઓ રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા જાપાનના પ્રવાસે ગયા હતા, | (૧) તા.૧ જૂન, ૨૦૧૨ થી તા.૨૪મી જાન્યુઆરી, ૨૦૧૩ના સમયગાળા દરમિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ તા.૨૨–૨૭ જૂલાઈ, ૨૦૧૨ દરમિયાન જાપાનની મુલાકાતે નીચેના સરકારી અધિકારીઓ ગયા હતા.<br>(૧) અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવ અને મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી, ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ.<br>(૩) દિલ્હી ખાતેના ગુજરાત રાજ્યના નિવાસી આયુક્તશ્રી<br>(૪) માનનીય મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક અધિકારીશ્રી |
| (૨) તેમના આ પ્રવાસ દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રી સાથે ગયેલ દરેક અધિકારીઓ પાછળ તા. ૨૭–૧–૧૩ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) આ પ્રવાસ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રી તથા સાથે ગયેલ અધિકારીઓ પાછળ પ્રવાસ, દૈનિક ભથ્થું અને વીઝાના ખર્ચ પેટે કુલ ` ૧૮,૭૦,૪૧૭.૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૩) આ ખર્ચ ખરેખર બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ? | (૩) (૧) માન. મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રી માટેનો ખર્ચ ઉદ્યોગ અને ખાણ વિભાગના બજેટ સદર– મુખ્ય સદર–૨૮૫૨–ઉદ્યોગો (૮૦૦), અન્ય ખર્ચ, ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો (પ્લાન) હેઠળ.<br>(૨) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવ કે જેઓ જીઆઇડીબીના મુખ્ય કાર્યકારી અધિકારી પણ છે, તેમનો ખર્ચ જીઆઇડીબી દ્વારા મુખ્ય સદર–૨૮૫૦, પેટા મુખ્ય સદર–૮૦, સામાન્ય, ગૌણ સદર–૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર–૦૯, |

આઇ.એન.ડી.-૪૦, જીઆઇડીબી હેઠળ.

(૩) ગુજરાતના દિલ્હી ખાતે નિવાસી આયુક્તશ્રી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવાલય વિદેશ પ્રવાસ ખર્ચ, સામાન્ય સેવાઓ-૦૯૧, સંલગ્ન કચેરીઓ-૪૧, નિવાસી આયુક્તની કચેરી, ગુજરાત સરકાર, નવી દિલ્હી (આયોજન બહાર) હેઠળ.

(૪) માન. મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક અધિકારી માટે ગુજરાત રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા માહિતી અને પ્રચાર (૦૧) ચલચિત્રો (૦૦૧) નિર્દેશ અને વહીવટ (૦૧), માહિતી નિયામકની કચેરી (આયોજન બહાર) હેઠળ ખર્ચ ઉધારવામાં આવ્યો.

---------

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ **(** ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની,

(અ) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી તાઃ૩૧-૮-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃજીએચયુ-૨૦૧૨(૧૧૧)-જીયુવી-૧૧૨૦૧૧-૨૮૬૧-ક

(બ) સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની (૧) તાઃ૨૦-૬-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃજીઇઆરસી-ટેક-૧૨૨૯-૨૦૧૨ (૨) તાઃ૩-૯-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ-૧/૨૦૧૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અનુમતિ મળેલ વિધેયક**

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૮ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**સને ૨૦૧૨–૨૦૧૩ના નાણાકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

અંદાજપત્રની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા ): માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૩–૨૦૧૪ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા ઉભો થયેલ છું.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતની જનતાએ **સૌનો સાથ સૌનો વિકાસ** સૂત્રને સાર્થક કર્યું છે. આધુનિક ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પક્ષને આ ગૃહમાં સતત ત્રીજી વખત અભૂતપૂર્વ લોકપ્રિયતા સાથે સ્થાન આપ્યું છે. લોકોનો જનાદેશ અમારી વિકાસલક્ષી વહિવટની નીતિનું સમર્થન કરે છે.

**અગિયાર વર્ષના અદકેરા પ્રવાસની આ વાત છે,**
**સૌની સાથે સૌના માટે વિકાસની આ વાત છે.**
**લોકશાહીનું પર્વ છે, સત્યની અગનકસોટી છે,**
**છ કરોડની જનતાના વિશ્વાસની આ વાત છે.**
**જનસેવા અને જનહિતના વિચાર જેના હૈયે હોય,**
**તેવા આયોજન, પ્રયોજનના પ્રકાશની આ વાત છે.**

ગત દાયકાના લોકાભિમુખ વહિવટ, સ્થિર સુશાસન તથા જનભાગીદારીના સમન્વયથી ગુજરાતે ૧૦ ટકાનો સરેરાશ વિકાસદર જાળવી રાખ્યો છે. છેલ્લા દસ વર્ષોમાં સરકારના હિંમતપૂર્વક અને દીર્ઘદ્રષ્ટિભર્યા નિર્ણયોને રાજ્યના લોકોએ અભૂતપૂર્વ સમર્થન આપેલ છે.

ગુજરાતનો દરેક નાગરિક એ વાતનું ગૌરવ લઈ શકે છે કે, ભારત અને વિશ્વભરમાં ગુજરાતની વિકાસયાત્રા અને સિદ્ધિઓની નોંધ લેવાયેલ છે. વિકાસ અને સમૃદ્ધિ એ ગુજરાતની ઓળખ બની ચુકેલ છે. ગુજરાતને મળેલા ૨૫૦ કરતાં પણ વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય એવોર્ડસ તેની સાબિતી છે. વિધાનસભાની ચૂંટણીના પરિણામોના માત્ર દસ દિવસ પછી છઠ્ઠી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૩નું સફળ આયોજન, સરકાર દ્વારા ઉભી કરેલ મજબૂત કાર્યક્ષમતાનો પુરાવો છે. ગુજરાતના જનમાનસ અને સરકારમાં વિકાસનો વિચાર આત્મસાત્ થઇ ગયો છે.

**વાત સાવ સાદી છે, અધરો કોઇ પ્રકલ્પ નથી,**
**કરવા જેવો સંકલ્પ છે, વિકાસનો વિકલ્પ નથી.**

અમારી સરકાર રાજ્યના દરેક વિસ્તાર અને સમાજના દરેક વર્ગના વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધ છે. સર્વસમાવેશક અને સર્વાંગી વિકાસ એ અમારો મંત્ર છે. ઔદ્યોગિક, કૃષિ અને સેવાકીય ક્ષેત્રોમાં સંતુલિત વિકાસ એ અમારી વ્યૂહરચના છે. તેના ભાગરૂપે અમે વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના જેવા ગરીબોના કલ્યાણલક્ષી કાર્યક્રમો અમલમાં મુકેલ છે.

આજે આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે, ગુજરાત મજબૂત પાયા ઉપર ઉભું છે. પરંતુ, આટલાથી સંતોષ માને એ ગુજરાત નહીં. હજુ મોટી હરણફાળ ભરવા, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અસરકારક પરિણામ

મેળવવા અને સામાન્યમાં સામાન્ય માનવી વિકાસના ફળ ચાખે પણ ખરો તેમજ વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બને તેવા મહત્વાકાંક્ષી આયોજનનું પ્રતિબિંબ આ બજેટમાં જોવા મળશે. જેમાં....

- કૃષિ, ઉદ્યોગ અને સેવાકીય આ ત્રણે ક્ષેત્રોમાં સંતુલિત–ઝડપી વિકાસ
- સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતિના વર્ષે, વૈશ્વિક અવસરોને આત્મસાત્ કરી શકે તેવી યુવાશક્તિની સજ્જતા કેળવવી,
- વિકાસની યાત્રામાં નવી આશા જન્માવતા નવોદિત મધ્યમ વર્ગની ક્ષમતાને અનુરૂપ આયોજન,
- ગુણવત્તાસભર ગ્રામીણ અને શહેરી જીવન,
- શિક્ષણ, પોષણ અને આરોગ્ય દ્વારા સમાજશક્તિનું દ્રઢીકરણ
- વિકાસમાં લોકભાગીદારી, વહીવટમાં ટેકનોલોજી અને શાસનમાં વિકેન્દ્રીકરણ;

......એ તમામ પાસાઓને અમારી સરકાર આ વર્ષમાં પ્રાધાન્ય આપશે.

ગુજરાત સરકારના સર્વસ્પર્શી તથા સર્વાંગી વિકાસનો અભિગમ આવતાં વર્ષોમાં વધુ મજબૂત બનશે. જનતા જનાર્દને અમને સોંપેલ જવાબદારીને ધ્યાને રાખીને વિકાસના એજન્ડાને આગળ ધપાવવાના આશય સાથે હું ગુજરાતનું વિકાસલક્ષી અંદાજપત્ર રજૂ કરું છું.

ગુજરાત સરકારનું વાર્ષિક અંદાજપત્ર રાજ્યના વિકાસના દર્શનને અનુરૂપ છે, તેમજ નાગરિકોની આકાંક્ષા પરિપૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવે છે. સને ૨૦૧૩–૧૪ના અંદાજપત્રનું કદ ` **૧,૧૪,૪૫૦ કરોડ**નું રહેશે. જેમાં વિકાસના તમામ પાસાઓને આવરી લઈને વિવિધ વિભાગો હેઠળના આયોજન અને આયોજન બહારના ખર્ચ માટે પૂરતી જોગવાઈઓ રાખવામાં આવેલ છે.

**રાજ્યની વાર્ષિક યોજના**

૧૧મી પંચવર્ષિય યોજનામાં ` **૧,૧૧,૧૧૧ કરોડ**નો લક્ષ્યાંક હતો, જેને વટાવી આપણે ` **૧,૨૮,૫૦૦ કરોડ**ની વિકાસ સિદ્ધિઓ હાંસલ કરી. ૧૨મી પંચવર્ષિય યોજનામાં તો ૧૧મી પંચવર્ષિય યોજનાના ` **૧,૨૮,૫૦૦ કરોડ**થી બમણી રકમનું, એટલે કે **`૨,૮૩,૬૨૩ કરોડ**નું આયોજન કરીને ગુજરાતે પોતાની ક્ષમતાનું દર્શન કરાવ્યું છે.

૧૨મી પંચવર્ષિય યોજનાનું પહેલું વર્ષ ૨૦૧૨–૧૩ પૂર્ણ થવામાં છે. આ વર્ષ ઉપર એક નજર કરીએ તો ગુજરાતની આર્થિક ક્ષમતા અને લોકકલ્યાણની દિશામાં કરેલા સફળ આયોજનો ઉડીને આંખે વળગે તેવા છે. ઉદાહરણ તરીકે, વર્ષ ૨૦૧૨–૧૩ માં દેશના તમામ રાજ્યોના સરેરાશ માથાદીઠ આયોજન **` ૪૬૫૩** ની સામે ગુજરાતનું માથાદીઠ આયોજન **`૮૪૪૬**નું રાખવામાં આવેલ હતું, જે રાજ્યની આર્થિક સક્ષમતા પ્રસ્થાપિત કરે છે.

વર્ષ ૨૦૧૩–૧૪ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ ` **૫૮,૫૦૦ કરોડ**નું નિયત કરવામાં આવેલ છે, જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

| **ક્રમ** | **સદર** | **જોગવાઈ (` કરોડમાં)** |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૩૭૬૩.૫૭ |
| ૨ | ગ્રામિણ વિકાસ | ૧૬૬૪.૧૩ |
| ૩ | ખાસ વિસ્તાર કાર્યક્રમ | ૨૨૯.૪૫ |
| ૪ | સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૧૨૬૬૦.૧૨ |
| ૫ | ઊર્જા | ૪૯૯૬.૧૦ |
| ૬ | ઉદ્યોગ અને ખનિજ | ૨૪૫૫.૦૦ |

| ક્રમ | સદર | જોગવાઈ (` કરોડમાં) |
|---|---|---|
| ૭ | પરિવહન (વાહન વ્યવહાર) | ૫૦૦૬.૭૦ |
| ૮ | સંદેશા વ્યવહાર | ૭૯૫.૮૧ |
| ૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૪૨૩.૦૬ |
| ૧૦ | સામાન્ય આર્થિક સેવાઓ | ૧૭૮૬.૦૩ |
| ૧૧ | સામાજિક સેવાઓ | ૨૪૫૮૬.૩૪ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૧૩૩.૬૯ |
| | **કુલ** | **૫૮,૫૦૦.૦૦** |

વર્ષ ૨૦૧૩–૧૪ ની વાર્ષિક વિકાસ યોજના માટે તેમજ અન્ય ચાલુ બાબતોની જરૂરિયાત માટે વિવિધ વિભાગો હેઠળ અંદાજપત્રમાં પૂરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

**કૃષિ વિકાસ અને કિસાન કલ્યાણ**

કૃષિ, પશુપાલન, ડેરી વિકાસ, સહકાર અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે **` ૩૨૦૦ કરોડના** આયોજન સહિત **` ૪૧૩૯ કરોડ**ની જોગવાઈ. આ ઉપરાંત, ખેતીમાં પાણી પૂરું પાડવા માટે વિવિધ સિંચાઈ યોજનાઓ માટે **` ૩૧૯૫ કરોડ**, સૂક્ષ્મ સિંચાઈ યોજના માટે **` ૪૬૫ કરોડ** અને નર્મદા યોજના માટે **` ૯૦૦૦ કરોડ**નું આયોજન.

છેલ્લા દાયકામાં ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળેલ છે, જેનું સંપૂર્ણ શ્રેય રાજ્યના ખેડૂતોની મહેનત અને નવા અભિગમને અપનાવવાની સરકારની તત્પરતાને જાય છે. જો કે, વર્ષ ૨૦૧૨માં કેટલાક વિસ્તારોમાં વરસાદની અછતે ગુજરાત સમક્ષ મોટો પડકાર ઊભો કર્યો છે. તેથી, ખેતીની સજ્જતાને વધુ ધ્યાન આપીને આવતા વર્ષે કૃષિલક્ષી આયોજનો કરવામાં આવ્યા છે.

**ઉત્પાદકતામાં વધારો**

કૃષિની ઉત્પાદકતામાં વધારો, ખેતીમાં મૂલ્યવૃદ્ધિ તેમજ ફાર્મ સેક્ટરના આધુનિકરણ પર અમારી સરકાર વધુ ભાર મૂકવા માંગે છે. આ તમામ પાસાઓનો અભ્યાસ કરી દીર્ઘદ્રષ્ટિયુક્ત સર્વગ્રાહી નીતિઓના ઘડતર માટે રાજ્ય સરકાર **ગુજરાત એગ્રીકલ્ચર કમિશન (ગુજરાત કૃષિ પંચ)**ની રચના કરશે.

- કૃષિની ઉત્પાદકતા વધારવા માટે કાર્યરત રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના માટે રાજ્યના ફાળા પેટે જોગવાઈ **`૬૦૪ કરોડ**.
- કૃષિ ઉત્પાદન બિયારણની ગુણવત્તા ઉપર આધારિત છે. **સીડ ડેવલપમેન્ટ મિશન**ની રચના તેમજ **બીજ વિકાસ ગ્રામ યોજના** દ્વારા ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા માટે જોગવાઈ **` ૭૩ કરોડ**.
- ડાંગર, બાજરી, મકાઈ, કઠોળ જેવા ખાદ્યાન્ન પાકોનું ઉત્પાદન વધારવા **રાજ્ય ખાદ્ય મિશન** માટે જોગવાઈ **` ૧૦ કરોડ**. ડાંગરની નવી વિકસાવેલ જાતોનું બિયારણ ખેડૂતોને મોટા પાયે ઉપલબ્ધ કરાવાશે.
- ગરીબ ખેડૂતોને વિના મૂલ્યે કૃષિ કિટ્સ આપવા **` ૪૬ કરોડ**ની જોગવાઈ.
- યુનિવર્સિટી દ્વારા સંશોધિત બીજના પ્રાયોગિક ધોરણે ઉત્પાદન માટે

` **૫ કરોડ**ની જોગવાઈ.

## કૃષિ–જ્ઞાન વર્ધન

- ગુજરાતના ખેડૂતને આધુનિક ખેતપદ્ધતિનું જ્ઞાન મળે તો જ આજના વૈશ્વિક અર્થતંત્રમાં ગુજરાતનો ખેડૂત ટકી શકે. ખેતીમાં ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે ગયા વર્ષે આયોજિત એગ્રી–સમિટને મળેલ આવકારને જોતાં દર બે વર્ષે **આંતરરાષ્ટ્રિય કક્ષાના કૃષિ પ્રદર્શન કમ મેળા**ના આયોજન કરવા માટે **`૧૫ કરોડ**ની જોગવાઈ.
- કૃષિના ઋષિઓને સાંકળી ખેડૂતોને કૃષિ વિષયક અદ્યતન માહિતી પહોંચાડવા **પીઅર લર્નિંગ**ના કોન્સેપ્ટને કૃષિક્ષેત્રે પ્રાયોગિક ધોરણે શરૂ કરવા માટે યોજનાકીય જોગવાઈ ` **૬ કરોડ**.
- આઈ.ટી.નો આ યુગ છે. ખેડૂતને **ઓનલાઇન પોર્ટલ**થી માહિતી પહોંચાડવા, કૃષિ શિક્ષણના આધુનિકીકરણ અને ક્ષમતાવર્ધન, ઈ–એજ્યુકેશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન, કૃષિ યુનિવર્સિટીઓમાં એપ્લાઈડ સંશોધન, વિગેરે યોજનાઓ માટે જોગવાઈ ` **૨૯.૫૦ કરોડ**.

## એગ્રોટેક અને એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- **કૃષિ યાંત્રિકરણ**ને પ્રોત્સાહનના ભાગરૂપે ખેડૂતોને નવા ટ્રેક્ટર અને અન્ય સાધનોની ખરીદી માટે સહાય પેટે ` **૫૩ કરોડ**ની જોગવાઈ.
- ગ્રીન હાઉસ/પોલિહાઉસ/નેટ હાઉસના કલસ્ટર બેઝડ વિકાસ તેમજ વિવિધ પ્રકારના કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈન ઊભા કરવા ` **૫૯ કરોડ**ની જોગવાઈ.

## કિસાનની આવકનું રક્ષણ

આખા દસકામાં પહેલીવાર, ગત વર્ષે વરસાદની અનિયમિતતાને કારણે ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં અછતની પરિસ્થિતિ જોવા મળી હતી. ભવિષ્યમાં આવી પરિસ્થિતિને નિવારવાની મથામણમાંથી કિસાન કલ્યાણના વિચારને બળ મળેલ છે. વર્ષ ૨૦૧૨ના નબળા ચોમાસાની અસરોથી ખેડૂતોને રાહત આપવા, **કૃષિ ક્ષેત્રે જોખમો સામે રક્ષણ** માટે ` **૬૫૭ કરોડ**ની જોગવાઇ, જે પૈકી–

- પાક વીમા પેટે ` **૩૭૪ કરોડ**.
- કપાસના વીમા પ્રિમિયમમાં સહાય પેટે જોગવાઇ ` **૨૦ કરોડ**.
- ભવિષ્યમાં ઊભી થતી આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા પાક વીમા નિધિ ઊભી કરવા માટે જોગવાઇ ` **૧૦૦ કરોડ**.
- કૃષિ ધિરાણ ઉપર વ્યાજ રાહત પેટે જોગવાઇ ` **૧૨૭ કરોડ**.
- ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત આદિજાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે વિશેષ વ્યવસ્થા સહિત જોગવાઇ ` **૩૪ કરોડ**.

## સિંચાઈ વ્યવસ્થા

- સરદાર સરોવર બંધનું બાંધકામ **૧૨૧.૯૨ મીટર** એટલે કે છલતીના લેવલ સુધી પૂર્ણ થયેલ છે. ડેમની ઊંચાઈ **૧૩૮.૬૮ મીટર** સુધી વધારવા માટે પર્યાવરણ સબ–ગ્રુપની મંજૂરીને આધારે કેન્દ્રીય નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની મંજૂરી મેળવવા માટે ગુજરાતમાં સૌ કોઈ સતત પ્રયત્નશીલ છે.
- નર્મદા નહેરોના વિકાસ માટે આગામી નાણાકીય વર્ષમાં વધારાના ત્રણ લાખ હેક્ટરમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે, જેનાથી રાજ્યના **૧૪** જિલ્લાઓના આશરે **૨૦૩૦** ગામોને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થશે. આ સાથે, નર્મદા યોજનાનો લાભ કુલ **૧૦.૭૦ લાખ** હેક્ટરમાં મળતો થશે.
- નર્મદા નહેરના કામો માટે જંત્રી ભાવે ખાનગી જમીન સંપાદન કરવાના નિર્ણયના પગલે **`૭૬૧ કરોડ**નું વળતર લગભગ **૮૩,૦૦૦** ખેડૂતોને ચુકવવામાં આવેલ છે. આગામી વર્ષે વધુ જમીન સંપાદન કરવા વળતર પેટે **` ૫૦૦ કરોડ**નું આયોજન છે.
- નર્મદા યોજના હેઠળ નહેરના માળખા પાછળ સૌરાષ્ટ્ર (સુરેન્દ્રનગર, ભાવનગર અને રાજકોટ) વિસ્તારમાં અંદાજે **` ૧૧૯૬ કરોડ,** ઉત્તર ગુજરાત (મહેસાણા, પાટણ અને બનાસકાંઠા)માં **`૧૩૪૩ કરોડ** તેમજ કચ્છ વિસ્તાર માટે **`૮૦૧ કરોડ**ના કામો કરવાનું આયોજન છે.
- પ્રગતિ હેઠળના **૪૨૬ કિલોમીટર** લંબાઈના આઠ શાખા નહેરોના કામો, **૨૦૬૮ કિલોમીટર** લંબાઈના વિશાખા નહેરોના કામો, **૮૬૦૦ કિલોમીટર** જેટલી લંબાઈના પ્રશાખાના કામો અને અન્ય બાકી કામો કરવા માટે **` ૨૬૦૦ કરોડ**નું આયોજન.

## સૌની યોજના

- નર્મદા યોજના હેઠળ નહેરોના માળખાની કામગીરી ખૂબ ઝડપથી પૂર્ણ થવા તરફ જઈ રહેલ છે. સાથોસાથ, એક નવતર અભિગમ અપનાવીને રાજ્ય સરકાર અંદાજિત **` ૧૦,૦૦૦ કરોડ**ના ખર્ચવાળી **સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના (SAUrashtra Narmada avataran Irrigation scheme)** શરૂ કરેલ છે. ખેડૂતોના પાકની સુરક્ષા માટે સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવાયેલ નર્મદા નદીના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીને **૧૧૧૫ કિલોમીટર** લંબાઈની ચાર લીન્ક કેનાલો દ્વારા જરૂરિયાતના સમયે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો સુધી પહોંચાડવા માટે જોગવાઈ **` ૧૦૦૦ કરોડ.**
- ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ફાળવાયેલ નર્મદા નદીના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીને સાબરકાંઠા જિલ્લાના વાત્રક, માઝમ અને મેશ્વો જળાશય સુધી પાઈપલાઈન દ્વારા પહોંચાડવાના કામો આગળ ધપાવવા માટે **` ૧૫૦ કરોડ**ની જોગવાઈ, કાકોસી વિસ્તારના **૩,૦૦૦ હેકટર** વિસ્તારમાં સિંચાઈના લાભ માટે પાટણથી ડીંડરોલ પાઈપલાઈનના કામો

આગળ ધપાવવા માટે ` **૬૩ કરોડ**ની જોગવાઈ અને કરણનગરથી ધાંધુસણ સુધીની નવી પાઈપલાઈન માટે ` **૭૮ કરોડ**ની જોગવાઈ.

- કચ્છ વિસ્તાર માટે ફાળવાયેલ નર્મદા નદીના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીના ઉપયોગ માટે બંધારા અને સારણ જળાશયના નવા કામો માટે જોગવાઈ ` **૨૬ કરોડ**.

**અંબાજી થી ઉમરગામ સુધીના ડુંગરાળ વિસ્તાર માટે સિંચાઈનું સંકલિત આયોજન**

- અંબાજીથી ઉમરગામ સુધીના ડુંગરાળ અને ઊંચાઇએ આવેલ સ્ત્રાવ ક્ષેત્રનો લાભ સિંચાઈ માટે આદિજાતિ વિસ્તારમાં પહોંચાડવા તેમજ આદિજાતિ બંધુઓના વિકાસ માટે આ વિસ્તારમાંથી વહી જતાં વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરવાના હેતુથી આ વિસ્તાર માટે એક સંકલિત સિંચાઈ વિકાસ તેમજ જળ સંરક્ષણ યોજના તૈયાર કરવામાં આવેલ છે. આ વ્યૂહરચના અંતર્ગત ` **૩૮૫૦ કરોડ**ના ખર્ચે આવતા ચાર વર્ષમાં આદિવાસી વિસ્તારમાં જળસંચયના વિવિધ કામો, ઉદવહન સિંચાઈ યોજનાઓ તેમજ પાઈપલાઈન આધારિત પાણી પહોંચાડવાના કામો વિગેરે હાથ ધરવાનું આયોજન છે. તે પૈકી, આગામી વર્ષે હાંફેશ્વરથી નર્મદા નહેરમાંથી નવી પાઈપલાઈન નાંખવાના કામ માટે, હાઈ–લેવલ કેનાલના કામો માટે, ચેકડેમ અને તળાવોના વિકાસ માટે તેમજ ઉદવહન સિંચાઈ માટે કુલ ` **૪૦૦ કરોડ**ના ખર્ચનું આયોજન.

**જળ અને જમીન સંરક્ષણ**

નહેર માળખાનો મહત્તમ ઉપયોગ તેમજ જમીન સંરક્ષણ અને જળ સ્ત્રોતના મજબૂતીકરણ માટે લગભગ ` **૮૬૦ કરોડ**ના વિવિધ આયોજન આગામી વર્ષ માટે સૂચવવામાં આવે છે. તે પૈકી–

- હયાત નહેરોની સુધારણા, નવીનીકરણ અને આધુનિકરણ માટે જોગવાઈ ` **૨૦૯ કરોડ.**
- સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ભૂગર્ભજળ રીચાર્જ અને નવા ચેકડેમો, તળાવો ઊંડા કરવા, નવા રીચાર્જ કૂવાઓ કરવા, ૧.૩૦ લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતોની જમીનના ભૂમિ અને જળ સંરક્ષણ, વગેરે માટે વિવિધ વિભાગો હેઠળ જોગવાઈ ` **૨૪૨ કરોડ.**
- ક્ષાર પ્રવેશ નિયંત્રણ દ્વારા સૌરાષ્ટ્ર, ઘેડ અને કચ્છના દરિયા કિનારાના વિસ્તારમાં ૭૫,૦૦૦ હેક્ટર જમીનને નવસાધ્ય કરવાના હેતુથી બંધારા અને સ્પ્રેડીંગ ચેનલ બનાવવા માટે ` **૬૭ કરોડ**ની જોગવાઈ.
- નર્મદા નદીમાં ક્ષાર પ્રવેશ રોકવા અને પાણીની સંગ્રહશક્તિ વધારવા ભરૂચ પાસે ભાડભૂત વિયરના બાંધકામ માટે ` **૫૦ કરોડ**ની જોગવાઈ.

**સૂક્ષ્મ સિંચાઇ યોજના**

- Per Drop, More Crop ના વિચારને ગુજરાતે સાર્થક કર્યો છે. સરકારની સહાયથી ખૂબ જ ટૂંકા ગાળામાં **ગુજરાતના પોણા ચાર લાખ ખેડૂતોએ છ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ (માઈક્રો ઈરીગેશન) અપનાવી છે,** જેથી એ વાત સ્પષ્ટ થાય છે કે મોટાભાગના લાભાર્થીઓ નાના અને સીમાંત ખેડૂતો છે. કુલ લાભાર્થીઓ પૈકી ૨૨ ટકા ખેડૂતો આદિવાસી વર્ગના છે, જે ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યનો શુભસંકેત છે. ભારતના એગ્રીકલ્ચર ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા આ યોજનાનું હાલમાં જ મૂલ્યાંકન કરવામાં આવેલ છે. સૂક્ષ્મ સિંચાઇ યોજના અપનાવવાથી સરેરાશ **૩૩ થી ૫૦ ટકા સુધી પાણી**ની બચત, **૧૬ થી ૨૨ ટકા વીજળી**ની બચત અને **૨૦ થી ૨૫ ટકા ખાતર**ની બચત થતી હોવાનું જણાઈ આવેલ છે. સાથોસાથ, ઉત્પાદનમાં પણ સરેરાશ ૨૫ થી ૩૦ ટકાનો માતબર વધારો જોવા મળેલ છે.
- આ યોજનાની લોકપ્રિયતા અને સફળતાને ધ્યાને લઈને આગામી વર્ષે લગભગ ૨.૫ લાખ હેક્ટર જમીનને સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવા માટે ` **૪૬૫ કરોડ**નું આયોજન.

### પશુપાલન અને મત્સ્યોદ્યોગ

ગુજરાત સૌથી વધુ પશુધન ધરાવતા રાજ્યોમાંનું એક ગણાય છે. દૂધ ઉત્પાદનથી લાખો ખેડૂત પરિવારોને પૂરક આવક થઈ રહેલ છે. પશુપાલકોની સમૃદ્ધિ વધે તે માટે સરકાર પશુસારવાર અને પશુઆહાર પ્રત્યે વિશેષ ધ્યાન આપશે.

- પર્યાપ્ત માત્રામાં લીલો ઘાસચારો મળી રહે તે હેતુથી, **ગૌ–સેવા અને ગૌચર વિકાસ બોર્ડ** દ્વારા ઘાસચારા વિકાસ અને ગૌ–સેવા પ્રવૃતિઓના વિસ્તરણ માટે જોગવાઇ લગભગ ` **૫૨ કરોડ.**
- પશુસારવાર માટે ૩૦ સ્થાયી અને ૧૦ નવા મોબાઇલ પશુ દવાખાના કાર્યરત કરવા તેમજ નવું અદ્યતન રસી ઉત્પાદન એકમ સ્થાપવા જોગવાઇ ` **૨૩ કરોડ.**
- રાજ્યની ઘરેલુ ગીર અને કાંકરેજ ઓલાદની જાળવણી અને દસ્તાવેજીકરણ માટે ઈલેક્ટ્રોનિક પશુઓળખ પદ્ધતિ અને રજિસ્ટ્રેશન માટે જોગવાઇ ` **૨૩ કરોડ.**
- જસદણ તાલુકાના હીંગોળગઢ ખાતે નમૂનારૂપ **અશ્વસંવર્ધન ફાર્મ** સ્થાપવા માટે જોગવાઇ ` **૬ કરોડ.**
- માછીમારો માટેના વિવિધ કલ્યાણલક્ષી કાર્યક્રમો ઉપરાંત, મત્સ્ય બંદરોના વિકાસ માટેની ટેકનિકલ કામગીરી પણ શરૂ કરવામાં આવશે. માછીમારી બોટોને સોલાર લાઈટની સુવિધા આપવામાં આવશે. બોટમાં એન્જીન બેસાડવા, ઉત્પાદનની જાળવણી અને પ્રોસેસીંગ તેમજ અન્ય સહાય વગેરે માટે કુલ જોગવાઈ ` **૧૪૫ કરોડ.**

**યુવાશક્તિ રાષ્ટ્રશક્તિ**

પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરા માટે વિશ્વવિખ્યાત ભારત દેશ હવે એક યુવા દેશ તરીકે વિશ્વમાં ઉભરી રહેલ છે. આવતાં વીસ વર્ષમાં વિશ્વના વિકસીત અને વિકસતા દેશોમાં હુન્નરયુક્ત રોજગારીની તકો ખૂબ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થનાર છે. ગુજરાત

આજે પણ દેશમાં સૌથી ઓછી બેરોજગારી ધરાવતા રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

નવોદિત મધ્યમ વર્ગના યુવકો અને યુવતીઓની આકાંક્ષાઓ તેમની આર્થિક સ્વ–નિર્ભરતા પર આધારિત છે. આ વર્ગના યુવાધનને જરૂર છે તો માત્ર અવસરની. આ અવસર તેમને શિક્ષણ અને કૌશલ્યવિકાસના માધ્યમથી પૂરો પાડવા અમારી સરકાર વચનબદ્ધ છે. કૌશલ્યવર્ધનના ક્ષેત્રે વૈશ્વિક માંગને અનુરૂપ માનવબળ તૈયાર કરી નવોદિત મધ્યમવર્ગની આકાંક્ષાઓને સંતોષવાની દિશામાં સરકાર એક મોટું અભિયાન આરંભવા માંગે છે.

**યુવાશક્તિના નિર્માણ માટે, પ્લાન અને નોન પ્લાન મળી, શિક્ષણ વિભાગમાં ` ૧૭૦૯૧ કરોડ, શ્રમ અને રોજગાર વિભાગમાં ` ૧૦૫૩ કરોડ તેમજ રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં `૩૪૯ કરોડની જોગવાઈ સૂચવેલ છે. શ્રમ અને રોજગારમાં પ્લાનમાં ૭૫ ટકાનો માતબર વધારો અને શિક્ષણ વિભાગમાં પ્લાનમાં ૪૩ ટકાનો વધારો સૂચવેલ છે.**

- વૈશ્વિક સ્પર્ધાના આ યુગમાં કૌશલ્ય વિકાસ એ સૌથી મહત્વની આવશ્યકતા છે. આપણા યુવાધનને હુન્નરયુક્ત બનાવવામાં આવે તો વિકાસની આ સ્પર્ધામાં આપણે આગળ નીકળી શકીએ. યુવાશક્તિ રાષ્ટ્રનિર્માણનો આધાર બને તે માટે ગુજરાતે **સ્કિલ યુનિવર્સિટી સ્થાપવા**ની પહેલ કરી છે.
- ગુજરાત રાજય વિવિધ ઉદ્યોગોમાં હરણફાળ ભરી રહયુ છે. રાજયમાં કેમિકલ્સ, પ્રેટ્રોકેમિકલ્સ, બંદરો, ઈન્ફ્રાસ્ટ્રકચર, એન્જિનિયરીંગ, ટેક્સટાઇલ્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ઈન્ડસ્ટ્રી રીસ્પોન્સીવ સ્કિલ ડેવલોપમેન્ટ થકી યુવાનોને રોજગારીનો લાભ મળી શકે તે હેતુસર **ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની** રચના કરવામાં આવી છે.
- આધુનિક વિકાસને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા માટે ચાર I.T.I. ના બહુમાળી ભવન બાંધવા, આદિજાતી વિસ્તારમાં ચાર I.T.I. સહિત કુલ ૨૦ I.T.I.ના બાંધકામ, વધારાના કલાસ રૂમ તથા વર્કશોપના બાંધકામ, તાલીમી ફર્નિચર પુરૂ પાડવા, ૧૦ લોકપ્રિય ટ્રેડોનું આધુનિકીકરણ, રો–મટીરીયલના દરમાં વધારા વગેરે માટે **`૧૧૬ કરોડ**ની જોગવાઈ.
- નવ રચિત જીલ્લા અને તાલુકાઓના યુવાનોને તાલીમ સુવિધા આપવા **૩૦ નવી આઇ.ટી.આઇ** તેમજ વિવિધ આઇ.ટી.આઇ ખાતે **૫૦૦૦ બેઠકો વધારવા** માટે **` ૧૨.૫૦ કરોડ**ની જોગવાઈ.
- I.T.I. માં તાલીમ લઇ કે ફ્રેશર તરીકે **૪૦,૦૦૦** યુવાનો ઉદ્યોગોમાં એપ્રેન્ટીસ તાલીમમાં જોડાય તે હેતુસર પ્રોત્સાહક સ્ટાઇપેન્ડ આપવા માટે **` ૨૦ કરોડ**ની જોગવાઈ.
- રાજયના **૨.૨૫ લાખ યુવાનો**ને કોમ્પ્યુટરના જ્ઞાનથી સુસજ્જ કરવા **eMPOWER** યોજના માટે **` ૨૬ કરોડની** જોગવાઈ.
- જનભાગીદારીના અભિગમ હેઠળ ઉદ્યોગ સાથે સંકલનમાં કૌશલ્યવર્ધન કાર્યક્રમોને વેગ આપવા **મોડયુલર એમ્પ્લોયેબલ સ્કિલ માટે ફંડ** ઊભું કરવા **` ૯ કરોડ**ની જોગવાઈ.
- વૈશ્વિક અર્થકારણની બદલાયેલી પરિસ્થિતિ ધ્યાને લઈ શિક્ષણ વિભાગ

દ્વારા જાપાનીઝ, ચાઈનીઝ અને જર્મન ભાષા શીખવા નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.

- I.A.S., I.P.S. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રાજ્યના વિદ્યાર્થીઓ વધુ સારો દેખાવ કરી શકે તે માટે તાલીમ આપવા ` **૧ કરોડ**ની જોગવાઈ.
- ટેકનિકલ શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા **ટેકનોસેવા** અને **વિશ્વકર્મા યોજના** મારફતે વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવ મળી રહે તેવી તાલીમ આપવા માટે ` **૧ કરોડ**ની જોગવાઇ.
- શહેરી વિસ્તારોમાં ગરીબ વર્ગના **એક લાખ યુવાનો**ને તાલીમ આપી રોજગારીમાં જોડવાના **ઉમ્મીદ કાર્યક્રમ** હેઠળ ` **૧૯ કરોડ**ની જોગવાઇ.
- સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગ તરીકે રમત–ગમત ક્ષેત્રે ગુજરાતના યુવાનો આગળ વધે તે હેતુથી વિવિધ કાર્યક્રમો માટે કુલ ` **૭૦ કરોડ**ની જોગવાઈ.
- વિકલાંગ તથા મંદબુદ્ધિના બાળકો રમત–ગમત ક્ષેત્રે સમાનતાના ધોરણે ભાગ લઈ શકે તથા તેમને પ્રોત્સાહન મળે તેવા આશય સાથે **સ્પેશ્યલ ઓલમ્પીક્સ**ના આયોજન માટે જોગવાઈ ` **૧૦ કરોડ.**
- દરેક જિલ્લામાં રમત–ગમત ક્ષેત્રે ક્ષમતા તેમજ જરૂરી સુવિધા ધરાવતી શાળાઓ પસંદ કરીને તેમને **સ્પોર્ટસ સ્કૂલ** તરીકે વિકસાવવા માટે ` **૧૫ કરોડ**ની જોગવાઇ.
- **વાંચે ગુજરાત**ના પરિણામે વિદ્યાર્થીઓ અને જનસામાન્યમાં જ્ઞાનપિપાસા જાગૃત થઈ છે. તેને સંતોષવા આપણે ઈ–લાયબ્રેરીનો નવતર અભિગમ અમલી કર્યો છે. ઈ–લાયબ્રેરી અંતર્ગત આશરે **૨૦ લાખ પુસ્તકો** અને **ત્રણ થી ચાર હજાર સામયિકો** લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આગામી વર્ષે પુસ્તકાલય, પુરાતત્વ અને સંગ્રહાલયોના સશક્તિકરણ માટે `**૨૫ કરોડ**ની જોગવાઇ.

**શિક્ષિત સમાજનું નિર્માણ**

**પ્રાથમિક શિક્ષણ**

રાજય સરકારે છેલ્લા દશકમાં હાથ ધરેલ **શાળા પ્રવેશોત્સવ** અને **કન્યા કેળવણી ઝુંબેશ**ના ફળસ્વરૂપે જે સ્ત્રી સાક્ષરતા દર વર્ષ **૨૦૦૧ માં ૫૮ ટકા હતો, તે વધીને ૨૦૧૧ માં ૭૧ ટકા** થયો છે. શિક્ષણની ગુણવત્તામાં સુધારણાના આશયથી રાજયે **ગુણોત્સવ**ની પહેલ કરી છે, જેનાથી શિક્ષકોમાં અને વાલીઓમાં ગુણવત્તા બાબતે જાગૃતિ આવેલ છે.

- આ અભિગમને આગળ ધપાવતાં, વધારાની **૭૦૦૦** શાળામાં **પ્રજ્ઞા** પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવશે.
- સર્વશિક્ષા અભિયાન અંતર્ગત જરૂરી સંખ્યામાં શિક્ષકો પૂરા પાડવા તેમજ લગભગ **૩૧,૮૦૦** શાળાના ઓરડા, આચાર્યખંડ, છોકરાઓ અને છોકરીઓ માટે લગભગ **૧૨,૮૦૦** અલગ શૌચાલયો, **૨૦૬૦** શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ, લગભગ **૭૦૦૦** કમ્પાઉન્ડ વોલ, ૨૬૪ રેસીડેન્સીયલ હોસ્ટેલ, વગેરે માટે ` **૧૨૫૪ કરોડ**ની જોગવાઈ.
- દરેક તાલુકામાં એક શાળાને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરી મોડેલ

**"સ્માર્ટ સ્કૂલ"** તરીકે વિકસાવવા ` **૨૦ કરોડ**ની જોગવાઇ.

- સ્માર્ટ સ્કૂલના કોન્સેપ્ટના ભાગરૂપે દરેક ઉચ્ચ પ્રાથમિક શાળા અને B.R.C અને C.R.C.ને કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, KU Band, અને LED ટી.વી.ની સુવિધાથી આવરી લેવા માટે ` **૪૪ કરોડની** જોગવાઇ.
- આનંદ સાથે ભણતર મળી રહે તે માટે ` **૧૦૨ કરોડ**ના ખર્ચે **૫૮૫૨** (**Building As Learning Aid –BALA) બાલા સ્કૂલો** વિકસાવવામાં આવશે.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને બિન–પરંપરાગત ઊર્જા અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી દરેક જિલ્લામાં બે શાળાઓને **"ગ્રીન સ્કૂલ"** તરીકે વિકસાવવા ` **૧૦ કરોડ**ની જોગવાઇ.
- **અંગ્રેજી માધ્યમની ૪૮ નવી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ** સ્થાપવામાં આવશે. જે પૈકી, ૧૮ શાળાઓ આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવાનું આયોજન છે.

**માધ્યમિક શિક્ષણ**

- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે વર્ષોવર્ષ વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ સરકારી તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વધારાના **૨૩૦૦** વર્ગો તેમજ સળંગ એકમ હેઠળ ધોરણ ૧૧ અને ૧૨ ના **૧૧૦૦** નવા વર્ગો શરૂ કરવા માટે ` **૬૨ કરોડ**ની જોગવાઇ.
- સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બાંધકામ માટે ` **૧૨૧ કરોડની** જોગવાઇ.
- **આવકની હાલની મર્યાદાને દૂર કરી** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ **૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકોનું વિતરણ** કરવા માટે જોગવાઈ ` **૭૩ કરોડ**.

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ માટે ` ૯૩૩ કરોડની જોગવાઈ.**

- સરકારે રાજયમાં વિશ્વકક્ષાની સંસ્થાઓ બનાવવાનો પ્રયાસ આરંભ કરેલ છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દરમિયાન થયેલ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપને અમલમાં મૂકવાનું કામ હાથ ધરાશે.
- રાજ્યની યુનિવર્સિટીઓ તથા અન્ય દેશોની અગ્રણી સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો સાથે સંશોધન તથા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના આદાન–પ્રદાન જેવા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા **ગુજરાત રીસર્ચ એન્ડ ઇનોવેશન ફંડ** ઊભું કરવામાં આવશે.
- રાજ્યની ડીગ્રી ઈજનેરી અને ફાર્મસી કોલેજો તથા પોલિ–ટેકનિકોના સુદ્રઢીકરણ માટે લેબોરેટરીની સાધન–સામગ્રી, ફર્નિચર અને પુસ્તકો માટે ` **૪૪ કરોડ**ની જોગવાઇ.

**મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ નિધિ**

વંચિત વર્ગોના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ફક્ત નાણાકીય ભીડના કારણે

અભ્યાસ છોડવો ન પડે, તે માટે વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, જે હાલમાં વિવિધ ધારાધોરણો મુજબ અને જુદાજુદા વિભાગો દ્વારા અમલમાં છે.

આ યોજનાઓને વધુ તાર્કિક અને વૈજ્ઞાનિક ઢબે અમલ કરવા અને શિષ્યવૃત્તિની તમામ યોજનાઓનું સંકલન એક છત્ર નીચે થાય તે માટે **મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ નિધિ**ની રચના કરવામાં આવશે. આર્થિક અને સમાજિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ ઉપરાંત નવોદિત મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પણ ભાવિલક્ષી કેળવણી માટે સહાય મળી રહે, તેવા શુભસંકલ્પ સાથે આ નિધિ અંતર્ગત પ્રારંભમાં ` **૧૦૦ કરોડનું કોર્પસ ફંડ** ઊભું કરવામાં આવશે.

**સ્વસ્થ ગુજરાતનું નિર્માણ**

**સ્વામી વિવેકાનંદ** કહેતા કે બળશાળી યુવાશક્તિના નિર્માણ માટે શારીરિક આરોગ્ય પ્રથમ પાયો છે. વ્યક્તિના તન અને મનની તંદુરસ્તી એક સ્વસ્થ સમાજની રચના માટે અનિવાર્ય છે.

જાહેર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ માટે પ્લાન અને નોન પ્લાન મળીને કુલ ` **૫૫૧૨ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨–૧૩ના આયોજનમાં **૨૪ ટકા**ના વધારા સાથે વર્ષ ૨૦૧૩–૧૪માં આયોજનનું કદ ` **૩૮૦૦ કરોડ**નું રાખવામાં આવેલ છે.

- રાજ્યમાં ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો પ્રસ્થાપિત કરવા અને આદિજાતી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા, પાયાના આરોગ્ય કર્મચારી સહિત ૪૦૦ પેટા–કેન્દ્રો ઊભા કરવા માટે જોગવાઈ ` **૧૯ કરોડ.**
- **શાળા આરોગ્ય કાર્યક્રમ** અંતર્ગત કોકલીયર ઇમ્પ્લાન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટ, કલબ ફૂટની સારવારના ઉમેરા સહિત જોગવાઇ ` **૨૩ કરોડ.**
- **સ્વસ્થ ગુજરાત**નું નિર્માણ તંદુરસ્ત માતા અને બાળકથી શરૂ થાય છે. રાજ્યમાં ખૂબ લોકપ્રિય બનેલ **ચિરંજીવી યોજના** તથા **બાલ સખા યોજના**નો અવિરત લાભ મળી રહે તે માટે **જોગવાઇ `૬૬ કરોડ**.
- રાજ્યનો સંસ્થાકીય પ્રસૂતિ દર વધીને ૯૫ ટકા થયો છે. આ પ્રગતિને ટકાવી રાખવા **જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ** હેઠળ ૨૨ હોસ્પિટલોમાં ખાસ નવજાત શિશુ સંભાળ કેન્દ્રો અને બાળ કુપોષણ સારવાર કેન્દ્રો શરૂ કરવા જોગવાઈ
  **` ૪ કરોડ**.
- પ્રસૂતિ બાદ માતા અને બાળકને વાહનો મારફત સલામત રીતે અને વિના મૂલ્યે ઘરે પહોંચાડવા માટે પ્રથમ ચરણની **ખિલખિલાટ સેવા** ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ઉચ્ચ કક્ષાની સારવાર માટે ખૂબ લોકપ્રિય એવી અમદાવાદ સિવિલ હોસ્પિટલની ક્ષમતા વધારવા, સ્પેશ્યાલીટી તેમજ સુપરસ્પેશ્યાલીટી સારવાર માટે નવા આધુનિક સાધનો અને સેવાઓ સહિત વિકાસ કરવા તેમજ **મેડીસીટી** તરીકે ઓળખ પ્રસ્થાપિત કરવા માટે જોગવાઇ ` **૧૨૨ કરોડ.**
- અમદાવાદ સિવિલ હોસ્પિટલની નજીકમાં આંખની હોસ્પિટલ તેમજ કિડની

ઈન્સ્ટીટ્યુટ અંતર્ગત ઈન્સ્ટીટયુટ ફોર ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ ઓર્ગન્સ સ્થાપવા માટે જોગવાઈ ` **૩૦ કરોડ.**

- સુરત, વડોદરા, રાજકોટ અને ઉત્તર ગુજરાતમાં કેન્સર, કિડની અને હૃદયરોગ જેવા ગંભીર રોગોની સારવાર માટે સ્પેશ્યાલીટી હોસ્પિટલો વિકસાવવા માટે જોગવાઈ ` **૬૭ કરોડ,** તેમજ અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં કેન્સરની આધુનિક સારવાર માટે જોગવાઈ ` **૧૫ કરોડ.**
- અતિ–આધુનિક સંશોધન અને સારવાર વિકસાવવા સુરત ખાતે **સ્ટેમ સેલ હોસ્પિટલ** સ્થાપવા માટે જોગવાઈ ` **૨૫ કરોડ.**
- જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોમાં કિડનીના ડાયાલીસીસ એકમ વગેરે સ્થાપવા માટે જોગવાઈ ` **૧૮ કરોડ**.
- ટેલીમેડીસીન અને ટેલીરેડીયોલોજીના માધ્યમથી છેવાડાના ગામોના દર્દીઓને સારવાર પુરી પાડવા માટે જોગવાઈ ` **૬ કરોડ.**
- રાજ્યમાં સેવા આપતી ૧૦૮ ઇમરજન્સી મેડીકલ સેવાઓ તેમજ ફેરબદલીથી નવી **૧૦૦ એમ્બ્યુલન્સ** વસાવવા માટે જોગવાઈ ` **૭૮ કરોડ.**
- ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોને ગંભીર રોગના કારણે થતી નાણાકીય હાલાકી નિવારવા માટે બનેલ **મુખ્ય મંત્રી અમૃતમ (MA) યોજના** હેઠળ BPL કુટુંબોને **નિઃશુલ્ક સારવાર** પૂરી પાડવા ` **૭૦ કરોડ** તેમજ રાજ્યના **રૂપિયા બે લાખથી ઓછી** વાર્ષિક આવક ધરાવતાં કુટુંબોના કેન્સર, હૃદયરોગ, કિડનીના દર્દીઓને અમદાવાદ સ્થિત હોસ્પિટલોમાં સારવાર માટે જોગવાઈ ` **૧૨ કરોડ.**
- રાજ્યમાં મેડીકલ અને પેરા–મેડીકલ અભ્યાસની બેઠકોમાં નોંધપાત્ર વધારો કરવા માટે નવરચિત મેડીકલ કોલેજોમાં કોલેજ તેમજ હોસ્ટેલના બાંધકામ, માનવ સંસાધન તથા સાધનો પૂરા પાડવા માટે જોગવાઈ ` **૮૬૧ કરોડ.**
- નવરચિત **ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લિમિટેડ** દ્વારા રાજ્યના ગરીબ અને નવોદિત મધ્યમ વર્ગના લોકોને ગુણવત્તાસભર જીવનરક્ષક જેનેરીક દવાઓ પર્યાપ્ત માત્રામાં નજીવી કિંમતે ઉપલબ્ધ કરાવવા તેમજ ડાયાબીટીસ, લીવર, કિડની તેમજ એક્સ–રે વગેરે માટે ડાઇગ્નોસ્ટીક સેન્ટર અને લેબોરેટરી ઊભી કરવા માટે જોગવાઇ ` **૧૦૪ કરોડ**.
- આયુર્વેદ, નેચરોપેથી, હોમિયોપેથી, યુનાની જેવી પરંપરાગત આરોગ્ય પદ્ધતિઓ વિસ્તારવા માટે જોગવાઈ ` **૨૧૬ કરોડ.**

**તંદુરસ્ત માતા અને બાળક.**

**મહિલા, બાળ વિકાસ અને પોષણ માટે ` ૧૩૦૦ કરોડના આયોજન સાથે પ્લાન અને નોન પ્લાનની કુલ જોગવાઈ ` ૨૧૧૩ કરોડ.**

આજે કુપોષણ રાષ્ટ્રીય સમસ્યા બની ગઇ છે. બાળકોના પોષણ અંગે વ્યાપક સામાજિક જાગૃતિ લાવવા અને વિવિધ સ્તરેથી આ પ્રશ્નને હલ કરવાની રાજ્ય સરકારની નેમ છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત **૫૨૧૩૭** આંગણવાડીઓ હેઠળ છ માસથી છ વર્ષની વયના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ, તથા કિશોરીઓ મળી કુલ **૪૪ લાખ** લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જેના માટે

આગામી વર્ષે ` **૧૦૯૪ કરોડ**નો આયોજન હેઠળ ખર્ચ.

- આંગણવાડીના સુદ્રઢીકરણ માટે `**૩૧ કરોડ**, આંગણવાડીના નવા મકાનોના બાંધકામ માટે ` **૧૦૭ કરોડ**ની જોગવાઈ સૂચવેલ છે.
- આંગણવાડીમાં આવતાં ઓછા વજનવાળા અને અતિશય ઓછા વજનવાળા બાળકોને પૂરકપોષણમાં વધારો કરવાનું વિચારાયેલ છે, જેના માટે ` **૭૮ કરોડ**ની જોગવાઈ કરી છે.
- આંગણવાડી કાર્યકરોની પોષણ અંગેની સમજ કેળવવાના હેતુથી, **૫૦૦૦** આંગણવાડી વર્કર અને **૧૦૦૦** મુખ્ય સેવિકાઓને ફુડ એન્ડ ન્યુટ્રીશનના ડીપ્લોમા અને સર્ટિફીકેટ કોર્સ દ્વારા ક્ષમતાવર્ધનનું આયોજન.
- પોષણનું સ્તર સુધારવા રાજય સરકાર દ્વારા **"મિશન બલમ્ સુખમ્"** માટે જોગવાઈ ` **૨૪ કરોડ.**
- પ્રાથમિક શાળાના ૪૨ લાખ વિદ્યાર્થીઓને આવરી લેતી મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ આગામી વર્ષે `**૭૫૪ કરોડ**ના ખર્ચની જોગવાઈ. પોષણનું સ્તર ઊંચું લાવવા માટે અઠવાડિયામાં એક દિવસ સુખડી આપવા માટે શિક્ષણ વિભાગ હેઠળ જોગવાઇ ` **૧૯ કરોડ**.

**મહિલા કલ્યાણ**

- નિરાધાર વિધવાઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ **૧,૫૦,૦૦૦ મહિલા**ઓને દર મહિને ` **૭૫૦** તેમજ તેમના બાળકો માટે બે બાળકોની મર્યાદામાં ` **૧૦૦** બાળક દીઠ આપવામાં આવે છે**,** જેના માટે જોગવાઈ
  **` ૧૬૫ કરોડ.**
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત **૨૫૭** વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોને સહાય પૂરી પાડવા તેમજ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા ચાલતી તાલીમ અને જનજાગૃતિની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ ` **૧૮ કરોડ.**
- નારી ગૌરવ નીતિ અન્વયે **નવી ૫૦ નારી અદાલતો** શરૂ કરવા માટે ` **૩ કરોડ**ની જોગવાઇ.

**ગ્રામ્ય અને શહેરી જીવનની ગુણવત્તા**

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ માટે આગામી વર્ષે ` **૨૪૫૦ કરોડ**ના આયોજન સાથે કુલ જોગવાઈ ` **૪૦૭૭ કરોડ**.

- ૨૫૫ ગામોને રર્બન પ્રોજેક્ટ હેઠળ આવરી લઈ **આત્મા ગામડાનો અને સુવિધા શહેરની** – આ વિચાર સાથે ભૂગર્ભ ગટર અને અન્ય ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે જોગવાઈ ` **૧૨૦ કરોડ**.
- રાજ્યમાં આવેલ **૧૮,૦૦૦** ગામોમાં લોકોના વિકાસ માટે સરકાર ટેકનોલોજી આધારિત ઉપાયોને પ્રાધાન્ય આપે છે. ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત વી–સેટ આધારિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી ધરાવતાં **૧૩,૬૮૫** ગ્રામ પંચાયતોના નેટવર્કને સુદ્રઢ કરવાનું તથા વધુ **૫૦૦૦** ગામોને આ સેવાથી જોડવાનું આયોજન અમલમાં મૂકાશે. આમ, ભૌતિક હાઇ–વે ની સગવડ સાથે દરેક ગામને **વર્ચ્યુઅલ હાઇ–વે** થી જોડવામાં

ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બની રહેશે. આ નવતર પ્રયોગ માટે જોગવાઈ ` **૮૦ કરોડ**.

- ગ્રામ્ય કક્ષાએ સંપ સાથે વિકાસને પ્રોત્સાહિત કરવા શરૂ કરેલ **સમરસ ગ્રામ પંચાયત** યોજનાની સફળતાના પગલે **પ્રોત્સાહક ગ્રાન્ટ** દ્વારા C.C.રોડ અને સોલાર લાઈટ માટે વધારેલ જોગવાઈ ` **૭૦ કરોડ**.
- તાજેતરમાં સંપન્ન થયેલા સરપંચ સંમેલનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરેલ જાહેરાત પ્રમાણે વહિવટી તથા સરભરા ખર્ચ માટે દરેક ગ્રામ પંચાયત દીઠ વાર્ષિક ` **૧૦,૦૦૦** આપવા માટે જોગવાઈ ` **૧૪ કરોડ**.
- ગ્રામજીવનની સુખાકારીમાં વૃદ્ધિ કરવાના ભાગરૂપે ગ્રામ્ય સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સફાઈના સાધનો પૂરા પાડવા માટે જોગવાઈ ` **૪૦ કરોડ**.
- ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા જાળવી રાખવા માટે **૪,૦૦૦** ગામોને નિર્મળ ગામ બનાવવા તથા સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન માટે જોગવાઇ ` **૮૫ કરોડ**.
- **મિશન મંગલમ્** હેઠળ લગભગ **૨૫** લાખ બહેનોને આર્થિક પ્રવૃત્તિનો લાભ મેળવે છે. બે લાખથી વધુ સખીમંડળો માટે જોગવાઈ ` **૧૭૭ કરોડ**.
- વોટરશેડના વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન માટે ગુજરાત દ્વારા વિકસાવેલ GIS આધારિત ટેકનોલોજીને તાજેતરમાં જ પ્રધાનમંત્રીશ્રી કક્ષાએથી પુરસ્કાર આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ **૩,૦૦૦** ગામોને આવરી લેતાં **૪૫૦ વોટર શેડના પ્રોજેકટ** શરૂ કરવા જોગવાઈ ` **૨૫ કરોડ**.

**પાણી પુરવઠા પ્રભાગ હેઠળ આયોજન ` ૨૭૦૦ કરોડ.**

- સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના અંતર્ગત ` **૧૬૫૦ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે, જેનાથી **બલ્ક પાઈપ લાઇન ગ્રીડ પ્રોજેકટ** દ્વારા સૌરાષ્ટ્રના આશરે **૩૦૦૦ ગામોની પાણીની વ્યવસ્થા** વધુ સુદ્રઢ કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠાની સુવિધાઓને વધુ મજબુત કરવા માટે

  ` **૪૬૦ કરોડના** ખર્ચે **૧૬** લાખની વસ્તી ધરાવતાં **૨૧૦૦ ફળીયાઓને** આવરી લેતી ૨૦ ગ્રામ્ય જૂથ યોજના અને દાહોદ શહેરની યોજનાને પૂર્ણ કરવામાં આવશે.
- રાજ્યના **સાગરકાંઠા વિસ્તારોના ૨૭૦૦ વસવાટી ગામો** માટે પાણી પુરવઠાની વ્યવસ્થાનો વ્યાપ વધારવા ` **૧૮૦ કરોડ**નું આયોજન.
- વિશ્વ આખાએ વખાણી છે, તેવી **વાસ્મો** યોજના હેઠળ જનભાગીદારી થકી **૮૦૦** ગામોમાં આંતરિક પાણી વિતરણ વ્યવસ્થા પૂર્ણ કરવા માટે ` **૫૦ કરોડ**ની જોગવાઈ.
- રાજકોટ, ભાવનગર તેમજ ગારીયાધાર **શહેરોમાં પાણીનો જથ્થો વધારવા** માટે ` **૧૦૦ કરોડ**ની જોગવાઈ.
- જળ એ જ જીવન છે. એ મંત્ર આપણા હૈયે વસેલો છે. પરંતુ, પાણીના મૂલ્યની વાત નિરંતર લોકો સુધી પહોંચાડવી જરૂરી હોઈ **જળ સંચય અને**

**જળ સિંચન માટેના લોક શિક્ષણના ખાસ અભિયાન માટે ` ૧ કરોડની જોગવાઈ.**

- પાણીના ગેરકાયદેસર વપરાશ ઉપર નિયંત્રણ લાવવા માટે પોલીસ, અને માજી સૈનિકો સહિત **વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રૉટેક્શન ટાસ્ક ફોર્સ**ની રચના કરવામાં આવશે, જે માટે જોગવાઈ ` **૫ કરોડ**.

**શહેરી વિકાસ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ માટે પ્લાન અને નોન પ્લાન હેઠળ જોગવાઈ ` ૯૩૯૧ કરોડ.**

- ગુજરાતની લગભગ **૪૫** ટકા જેટલી વસ્તી શહેરોમાં વસે છે. શહેરી વિકાસ માટે

  ` **૬૬૫૦ કરોડ**નું આયોજન.

- રાજય સરકારે **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** અમલમાં મૂકી છે.આ યોજના હેઠળ વિવિધ શહેરી સુવિધાઓ વિકસાવવાનું આયોજન આ પ્રમાણે છે.
- અર્બન મોબીલીટી, મૂળભૂત નાગરિક સુવિધાઓ, સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ માટે ` **૧૫૦૦ કરોડની જોગવાઇ**. જે પૈકી ` **૫૦૦ કરોડ**ની માતબર રકમ **શહેરની આગવી ઓળખ ઊભી થાય** તેવા પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવશે.
- રાજયના **મહાનગરોમાં** આંતરમાળખાકીય વિકાસના કામો માટે ` **૭૦૦ કરોડની જોગવાઇ**.
- દરિયા કિનારાના છાયા, રાણાવાવ, જુનાગઢ તેમજ પોરબંદર સહિત શહેરોમાં પીવાના શુદ્ધ **પાણી પુરવઠા તથા ભૂગર્ભ ગટરના કામો** માટે **` ૭૦૬ કરોડની જોગવાઇ.**
- ગાંધીનગર અને અમદાવાદમાં **૭૬** કિલોમીટરની લંબાઇના **મેટ્રો લીંક એક્સપ્રેસ (MEGA)**ના પ્રોજેકટ હેઠળ ` **૫૫૦ કરોડની જોગવાઇ**.
- શહેરી વિસ્તારોમાં **મિશન મંગલમ્** યોજના દ્વારા સખીમંડળોનું સશક્તિકરણ કરવા માટે ` **૧૦ કરોડની જોગવાઇ**.

**મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના**

**મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના** અંતર્ગત સરકારે શહેરી ગરીબોને ઝૂંપડપટ્ટીથી મુકત કરવા, નવોદિત મધ્યમવર્ગને પોતાના ઘરના સ્વપ્નને સાકાર કરવામાં મદદરૂપ થવા અને ગ્રામિણ ગુજરાતને કાચા આવાસ મુકત બનાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરેલ છે. આ યોજના અન્વયે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ` **૨૨૦૦ કરોડ**ની જોગવાઈ સહિત

` **૪૪૦૦ કરોડ**ની માતબર રકમના નાણાકીય સંસાધનોનું આયોજન છે.

સરકારી આવાસ યોજનાઓ ઉપરાંત ખાનગી ક્ષેત્રે મધ્યમવર્ગ અને નવોદિત મધ્યમવર્ગને પરવડે તેવા મકાનો ઉપલબ્ધ કરાવવાની નેમ છે. તે માટેની બહુલક્ષી વ્યૂહરચના અમલમાં મૂકાશે.

- પરવડે તેવા મકાનો મળી રહે તે માટે વિકાસ યોજનામાં ફેરફારો કરવામાં

આવશે. વિકસતાં વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં TP સ્કીમ મંજૂર કરવામાં આવશે.

- શહેરી વિસ્તારમાં જે કુટુંબો ઝૂંપડાઓમાં વસે છે, તેમનું તે જ સ્થળે પુનઃવસન કરવા ખાનગી જમીન ધારકોને પ્રોત્સાહન આપવાની નીતિ પણ અપનાવવામાં આવશે.
- આર્થિક રીતે પછાત અને ઓછી આવક ધરાવતાં વર્ગોને આવાસ સહાય માટે આવકનું ધોરણ સુધારવામાં આવશે.
- મર્યાદિત આવક ધરાવતાં ગરીબ અને નવોદિત મધ્યમ વર્ગના કુટુંબોને પોતાનું આવાસ વસાવવા માટે સહાયરૂપ યોજના અમલમાં મૂકવામાં આવશે.
- ગ્રામ્ય ક્ષેત્રે લગભગ **૬** લાખ કાચા મકાનોને પાકા કરવા માટે વ્યક્તિગત સહાયનું આયોજન.
- અનુસૂચિત જનજાતિના, અનુસૂચિત જાતિના, આદિમજૂથના કુટુંબો/હળપતિ કુટુંબોને વસવાટની મુશ્કેલીઓ દૂર કરવા માટે વ્યક્તિગત મકાન સહાયની જોગવાઈ.

**સર્વસમાવેશક વિકાસ**

અનુસૂચિત જનજાતિના વિકાસ માટે વિભાગની યોજનાઓમાં પૂરતી જોગવાઈ સૂચવવામાં આવેલ છે. આ ઉપરાંત, આદિજાતિ કલ્યાણ વિભાગ અંતર્ગત પ્લાન અને નોન પ્લાન હેઠળ ` **૧૮૩૨ કરોડ**નીજોગવાઈ કરી છે, જેમાં–

- રાજ્યના સરહદી વિસ્તારના **૪૦૧** જેટલા ગામોમાં વસતા આદિજાતિના લોકોને વધુ સારી પાયાની સુવિધા પૂરી પાડવા માટે ` **૫૮ કરોડ**ની જોગવાઈ.
- શિક્ષણ ક્ષેત્રે પૂર્વ SSCમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિ અને આદિમજૂથના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય માટે કુલ ` **૬૩ કરોડ**ની જોગવાઈ.
- જે ગામમાં માધ્યમિક શાળા ન હોય તે ગામની, માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવાની **વિદ્યા સાધના યોજના**માં **ભૌગોલિક અંતરની જે મર્યાદા હતી** તે હવે દૂર કરવામાં આવી છે.
- ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવાના હેતુથી કુલ ` **૪૦ કરોડ**ની જોગવાઇ.
- આદિમજૂથ તથા હળપતિ જાતિઓને પાયાની સુવિધાઓ પૂરી પાડવા માટે ` **૩૦ કરોડ**ની જોગવાઇ.
- માનવ ગરિમા યોજના હેઠળ **૧૩** હજારથી વધુ લાભાર્થીઓ માટે ` **૪ કરોડ**ની જોગવાઇ.

**અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ કલ્યાણ**

**સામાજિક ન્યાય અને અધિકારિતા માટે પ્લાન અને નોન પ્લાન હેઠળ ` ૧૮૩૮ કરોડની જોગવાઈ.**

- ખાસ અંગભૂત યોજના હેઠળ વિવિધ વિભાગો દ્વારા વિશેષ જોગવાઈ

કરવામાં આવે જ છે. તદ્ઉપરાંત, વિવિધ વ્યક્તિગત સહાય યોજનાઓ માટે જોગવાઈ સૂચવવામાં આવે છે.

- અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે સગવડયુક્ત સમરસ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઇ ` **૧૫૦ કરોડ.**
- અનુસૂચિત જાતિના પ્રિ–મેટ્રીકમાં અભ્યાસ કરતા **ત્રણ લાખ વીસ હજાર** વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે જોગવાઇ ` **૧૯ કરોડ.**
- SSC પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી **વીસ હજાર** કન્યાઓને શિષ્યવૃત્તિ આપવા માટે જોગવાઇ ` **૬ કરોડ.**
- ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા **એક લાખ એકાણું હજાર બાળકોને** બે જોડી ગણવેશની સહાય આપવા માટે જોગવાઇ ` **૬ કરોડ**.
- માનવ ગરિમા યોજના હેઠળ **૧૬,૦૦૦ લાભાર્થીઓને** સ્વ–રોજગારીના સાધનો આપવા માટે જોગવાઇ ` **૮ કરોડ**.

**સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી વિમુક્ત જાતિના **ધોરણ ૧ થી ૧૦** માં અભ્યાસ કરતાં **૪૫ લાખ વિદ્યાર્થીઓને** શિષ્યવૃત્તિ ચુકવવા ` **૧૩૧ કરોડ**ની જોગવાઈ.
- ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં **૪૧ લાખ વિદ્યાર્થીઓને** ગણવેશ સહાય ચુકવવા માટે ` **૧૨૩ કરોડ**ની જોગવાઈ.
- માનવ ગરિમા યોજના અંતર્ગત **૧૪,૬૦૦** લાભાર્થીઓને નાના પાયાના વ્યવસાય–રોજગાર માટે ટુલકીટ્સ આપવા માટે ` **૭ કરોડ**ની જોગવાઈ.

**સમાજ સુરક્ષા**

- ડિસેબલ પેન્શન અને સંત સુરદાસ યોજનાના **૪૬,૦૦૦** લાભાર્થીઓને ` ૨૦૦ થી ` ૪૦૦ ની સહાય આપવા માટે ` **૩૧ કરોડ**ની જોગવાઈ.
- વૃદ્ધ પેન્શન અને વયવંદના યોજના હેઠળ **૪,૩૮,૦૦૦** વૃદ્ધોને સહાય આપવા માટે ` **૨ કરોડ**ની જોગવાઈ.

**જમીન સંસાધનનું વ્યવસ્થાપન**

**મહેસૂલ વિભાગ માટે પ્લાન સદરે `૮૦૦ કરોડ સાથે કુલ જોગવાઈ ` ૨૪૬૮ કરોડ.**

- રાજ્યના નાગરિકો પોતાની જમીનને લગતું રેકર્ડ ઓન–લાઇન મેળવી શકે**,** તે અર્થે તમામ કલેક્ટર કચેરીઓને સાંકળી લેતી ઓન–લાઇન ઇન્ટીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરવા માટે ` **૭૮ કરોડ**ની જોગવાઇ.
- જમીનના સરવે માટે પ્રથમવાર અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી જીઆઇએસ બેઇઝડ ડીજીટલ જમીન રેકોર્ડ પૂરો પાડવાનો સંકલિત કાર્યક્રમ હાથ ધરવાની કામગીરી માટે ` **૧૧૨ કરોડ**ની જોગવાઇ.
- જમીનને લગતા દસ્તાવેજોને જાળવવા **૧૮૦૦ તલાટી**ની નવી જગ્યા સહિત વિવિધ સ્તરના મહેસૂલી તંત્રને સુદ્રઢ કરવામાં આવશે.
- રાજ્યની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં નવી સબ–રજિસ્ટ્રાર અને સીટી સરવે કચેરી માટે ` **૧૧ કરોડ**ની જોગવાઇ.
- નાગરિકોને જમીનનું **ટાઇટલ ક્લિયર** મળે તે હેતુથી પ્રાયોગિક પ્રોજેક્ટ માટે

` **૫ કરોડ**ની જોગવાઈ.

- જિલ્લા અને તાલુકા સેવાસદન તેમજ મહેસૂલ કચેરીઓ વિગેરેના બાંધકામ માટે ` **૧૮૫ કરોડ**ની જોગવાઇ.
- કુદરતી આપત્તિ સામે ગુજરાતની પ્રજાને રક્ષણ આપવા માટે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ માટે ` **૧૨૫ કરોડ**ની જોગવાઇ.

**જનસુરક્ષા**

નાગરિકોની સુરક્ષા માટે ગૃહ વિભાગ હસ્તકની વિવિધ વ્યવસ્થાઓ અસરકારક બનાવવા માટે પ્લાન અને નોન પ્લાન સદર હેઠળ **જોગવાઈ ` ૩૬૧૫ કરોડ.**

- પોલીસ આધુનિકીકરણ માટે હથિયાર અને અન્ય સલામતીના સાધનો, મેગાસિટી પોલીસીંગ, સરહદો ઉપર બોર્ડર ડેઝર્ટ પોલીસીંગ, ફોરેન્સિક સાયન્સ સાધનોની ઉપલબ્ધી માટે જોગવાઈ ` **૧૩૦ કરોડ**.
- સાયબર ટેરેરીઝમ સામે રક્ષણ તથા વ્યાવસાયિક એકમો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, એરપોર્ટ તેમજ અગત્યના સ્થાનો ઉપર સતત સતર્કતા રાખવા માટે જોગવાઈ ` **૨૫ કરોડ**.
- પોલીસ સ્ટેશનમાં બાળકો અને મહિલા સબંધી ગુન્હા અને સુરક્ષા માટે **મહિલા એકમ** અને જરૂરી સ્ટાફ ઉપલબ્ધ કરવા માટે ` **૨૨ કરોડ**ની જોગવાઈ.
- શહેરોની **ટ્રાફીક વ્યવસ્થા** માટે **૧૦૦૦** પોલીસ જવાનો વધારવામાં આવશે.
- સત્તર નવા પોલીસ સ્ટેશન બનાવવા તથા આઠ પોલીસ સ્ટેશનની વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે જોગવાઈ ` **૨૦ કરોડ**.
- આદિજાતિ વિસ્તાર સહિત નવનિર્મિત જિલ્લા મુખ્ય મથકો, સંલગ્ન કચેરીઓ અને પોલીસ કર્મચારી રહેઠાણના બાંધકામ તેમજ વહિવટી વ્યવસ્થા માટે ` **૯૫ કરોડ**ની જોગવાઇ.
- અદ્યતન પોલીસ તાલીમ અને વ્યાવસાયિક કૌશલ્યવર્ધન માટે જોગવાઈ ` **૬૨ કરોડ**.
- તાલુકા સબ–જેલ અને જેલના બાંધકામ અને સમારકામ તથા વીડીયો સર્વેલન્સ સહિતના આધુનિકીકરણ માટે જોગવાઈ ` **૪૦ કરોડ**.

**ન્યાય પ્રક્રિયા**

**કાયદા વિભાગ હેઠળ પ્લાન અને નોન–પ્લાન મળીને જોગવાઈ ` ૧૧૦૮ કરોડ.**

- મોડાસા અને અંકલેશ્વર ખાતે પૂર્ણ સમયની એડીશનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટની સ્થાપના તથા કડી ખાતે પૂર્ણ સમયની તેમજ લીમખેડા ખાતે ખંડ સમયની સિનીયર સિવિલ જજની કોર્ટની સ્થાપના કરવામાં આવશે.
- ગુજરાત હાઈકોર્ટના મહેકમ પર સિસ્ટમ ઓફિસરની અને સિસ્ટમ આસિસ્ટન્ટની ૬૦ જગ્યાઓ સાથે વર્ગ–૧ થી વર્ગ–૪ સુધીની વિવિધ જગ્યાઓ ઊભી કરવાનું આયોજન.
- વિવિધ જિલ્લા તાલુકાઓમાં કોર્ટના નવા મકાનો તેમજ રહેણાંકના મકાનો માટે ` **૩૪ કરોડ**ની જોગવાઈ.

**નાગરિક પુરવઠા** **અન્ન અને નાગરિક પુરવઠા માટે પ્લાન અને નોન પ્લાન સદરે જોગવાઈ ` ૪૭૬ કરોડ.**

- ગરીબ અને અંત્યોદય કુટુંબોને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ખાદ્યાન્ન પૂરું પાડવા માટે ` **૧૯૪ કરોડ**ની જોગવાઈ.
- ડોર સ્ટેપ ડિલિવરી દ્વારા ખાદ્યાન્નનો પૂરેપૂરો જથ્થો લાભાર્થી સુધી પહોંચે, તેવી વ્યવસ્થા માટે ` **૭૫ કરોડ**.
- સંગ્રહક્ષમતા વધારવા માટે ` **૨૩ કરોડ**ની જોગવાઈ.
- બી.પી.એલ./એ.એ.વાય. ના ગરીબ કુટુંબોને ચાર માસ માટે રાહત દરે ખાદ્યતેલના વિતરણ માટે ` **૩૧ કરોડ**.

**આર્થિક વિકાસનો પાયો** ગુજરાતમાં તમામ આર્થિક ક્ષેત્રે થયેલ પ્રગતિ માટે રાજ્યમાં તૈયાર કરવામાં આવેલ ભૌતિક આંતરમાળખાનું મોટું યોગદાન રહેલ છે. રસ્તા, વાહન વ્યવહારની સુવિધા, વીજળીની ઉપલબ્ધતા અને ઔદ્યોગિક માળખાના સુદ્રઢ પાયાને વધુ સંગીન બનાવવાના આશયથી આ તમામ પાસાઓ ઉપર આગામી વર્ષે પૂરતી નાણાકીય જોગવાઈઓ સૂચવવામાં આવી છે.

**માર્ગ અને મકાન ક્ષેત્રે પ્લાન અને નોન પ્લાન હેઠળ જોગવાઈ ` ૭૩૧૬ કરોડ.**

- ગુજરાતમાં કુલ **૧,૧૨,૩૩૧** કિલોમીટરનું જાહેર માર્ગોનું ગુણવત્તાયુક્ત માળખું તૈયાર છે. આગામી વર્ષે મુખ્ય જિલ્લા માર્ગો, અન્ય જિલ્લા માર્ગો અને ગ્રામ્ય માર્ગોના નવીનીકરણ માટે **૬૫૨૬ કિલોમીટર**ના રસ્તાના કામો માટે ` **૪૩૬ કરોડ**ની જોગવાઈ.
- વિકાસપથ, કિસાનપથ તેમજ પ્રવાસીપથની યોજનાઓ આગળ ધપાવવા માટે જોગવાઈ ` **૨૬૪ કરોડ**.
- અંતરિયાળ આદિજાતિ વિસ્તારમાં રસ્તા તેમજ પુલોના બાંધકામ અને સુધારણા માટે જોગવાઈ ` **૬૯૯ કરોડ**.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ન સમાવાયેલ આદિજાતિ વિસ્તારોમાં ૨૫૦ થી ઓછી તેમજ અન્ય વિસ્તારોમાં ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતાં ગામોને પાકા ડામર માર્ગોથી સાંકળી લેવા માટે જોગવાઈ ` **૨૫૨ કરોડ**.
- સાગબારા–દાહોદ અને વિજયનગરનાં જંગલ વિસ્તારના ગામોને પાકા રસ્તાથી જોડવા ૩૬૦ કિલોમીટરના રસ્તાના કામો પૂર્ણ કરવા માટે જોગવાઈ

  ` **૬૦ કરોડ**.
- પીપીપી હેઠળ **૪૮૪** કિલોમીટર લંબાઈના માર્ગોને ` **૪૩૦૭ કરોડ**ના ખર્ચે ફોર–લેન કરવામાં આવેલ છે તથા ` **૧૮૨૧ કરોડ**ના ખર્ચે **૨૨૭** કિલોમીટર લંબાઈના ચાર માર્ગીય અને છ માર્ગીય કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- બીઓટી–એન્યુઈટી ધોરણે ` **૭૪૬ કરોડ**ના ખર્ચે રાજ્યના ૩૪૦ કિલોમીટર લંબાઈના ૧૧ રાજ્ય ધોરીમાર્ગોને પેવ્ડ શોલ્ડર સાથે ૧૦ મીટર પહોળાઈના દ્વિમાર્ગીય રસ્તા કરવાની કામગીરી આગળ ધપાવવામાં આવશે.
- મહેસાણા બાયપાસની ` **૩૮ કરોડ**ની ૧૬ કિલોમીટર લંબાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી(GIFT CITY) ને જોડતાં

**સીગ્નેચર બ્રીજનાં** બાંધકામ માટે ` **૩૩ કરોડ**ની જોગવાઈ કરેલ છે.

- ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે **મહાત્મા મંદિર,** સચિવાલય–વિધાનસભા પરિસરને જોડતા **સ્વર્ણિમ પાર્ક**ના વિકાસ તેમજ **પંચામૃત ભવન** બનાવવા માટે જોગવાઈ ` **૬૭ કરોડ**.
- ગાંધીનગર ખાતે રાજય કક્ષાની સરકારી કચેરીઓ માટે **બહુમાળી મકાનો** બાંધવાના કામ માટે ` **૩૯ કરોડ**ની જોગવાઈ.

**બંદરો અને વાહન વ્યવહાર માટે પ્લાન અને નોન પ્લાન હેઠળ ` ૧૬૮૪ કરોડની જોગવાઈ.**

- ગુજરાતમાં માર્ગોના સુદ્રઢ નેટવર્કની ઉપલબ્ધી અને સમૃદ્ધિની સાથે વાહનોની નોંધણીમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે.
- જાહેર પરિવહન સેવાનો વ્યાપ વધારવા તેમજ ST માટે નવી બસો ખરીદવા કુલ ` **૫૫૦ કરોડ**ની જોગવાઈ.
- વાહન વ્યવહારની કચેરીઓમાં નવા મકાનોના બાંધકામ, સીંગલ વિન્ડો સીસ્ટમ દાખલ કરવા અને તબકકાવાર કોમ્પ્યુટરાઇઝેશન કરી વહિવટમાં પારદર્શકતા, સરલીકરણ અને આધુનિકીકરણ માટે ` **૧૩૬ કરોડ**ની જોગવાઇ.
- રસ્તા આધારિત વાહન વ્યવહારથી આગળ વધીને અમારી સરકારે આવાગમન માટે દરિયાઇ માર્ગે પણ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી છે. દહેજ–ઘોઘા વચ્ચેની રો–રો ફેરી સર્વિસ ગુજરાતની આગવી પહેલ બની રહી છે. આ ફેરી સર્વિસથી આ બન્ને સ્થળો વચ્ચેનું અંતર આશરે **૩૬૦** કિલોમીટરથી ઘટીને ફકત **૩૧** કિલોમીટર રહેશે. આ કામગીરીને આગળ ધપાવવા તેમજ અન્ય દરિયાઇ માર્ગોના વિકાસ માટે ` **૧૮૨ કરોડ**ની જોગવાઇ.

**ઊર્જા–વિષયક માળખું**

ઊર્જા ક્ષેત્રે પ્લાન અને નોન પ્લાન સદરે જોગવાઈ ` **૮૩૯૬ કરોડ. જ્યોતિગ્રામ** જેવી અનેક યોજનાઓના કારણે ગુજરાતે જે નામના મેળવી છે, તેનાથી રાજ્યની **એનર્જી હબ** બનવાની ક્ષમતા ઊભી થઈ છે.

વર્ષ ૨૦૧૨–૧૩ ના આયોજન સામે ૩૩ ટકાના વધારા સાથે ` **૪૯૬૭ કરોડ**નું આયોજન.

- ખેડૂતોને સિંચાઈ માટે અને નાગરિકોને ઘરવપરાશ માટે વાજબી ભાવે વીજળી પૂરી પાડવા માટે આગામી વર્ષે ` **૩૨૭૨ કરોડ**ની સહાયની જોગવાઇ.
- વર્ષ ૨૦૧૧–૧૨માં આપણે **૩૫૭૯** મેગાવોટની ઊર્જાક્ષમતા વધારી છે અને વર્ષ ૨૦૧૨–૧૩માં **૩૬૬૫** મેગાવોટની ઊર્જાક્ષમતા વધારવાનો નિર્ધાર છે.
- રાજ્યમાં ` **૨૧૭૨ કરોડના** ખર્ચે ૧૨૦ નવા સબ–સ્ટેશનો બનાવવા અને ૩૨૪૯ સર્કીટ કિલોમીટરની નવી વીજ પ્રવહન લાઇનો નાંખવાનું

આયોજન છે. જે પૈકી ૪૦ નવા સબ–સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.

- આગામી વર્ષે **કૃષિ વિષયક** એક લાખ વીજ જોડાણો આપવા ` **૫૫૦ કરોડ**ની જોગવાઈ.
- **કિસાન હિત ઊર્જા શક્તિ યોજના** હેઠળ **૯૫૦૦** ફીડરોની સુધારણા તથા એરિયલ બન્ચ કન્ડક્ટર વસાવવા માટે જોગવાઈ ` **૧૫૦ કરોડ**.
- **આદિજાતિ વિસ્તાર**માં ઊર્જા સંબંધિત આંતરમાળખાકીય સુવિધા, કૂવા તેમજ પેટા–પરાના વીજળીકરણ તેમજ સંબંધિત સહાય પેટે ` **૪૨૩ કરોડની** જોગવાઈ.
- **સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના** હેઠળ દરિયા કિનારાના વિસ્તારોમાં લગભગ **૩૨૦૦** કિલોમીટર કન્ડક્ટર્સ, સર્વીસ લાઈનો તથા ૨૧ સબ–સ્ટેશનો સ્થાપવા **માટે ` ૨૪૦ કરોડની** જોગવાઈ.
- **એક લાખ** કરતાં પણ વધારે **ગરીબ પરિવારોને** વિનામૂલ્યે **ઘરગથ્થુ વીજ જોડાણો** આપવા માટે ` **૬૦ કરોડ**ની સહાયની જોગવાઈ.
- ગુજરાતમાં જાહેર સાહસો દ્વારા આગામી વર્ષે ૧૦૦ CNG સ્ટેશન અને ૧૦૦ ગ્રામ્ય વિસ્તારો સહિત **૧ લાખ નવા ઘર વપરાશના ગેસ જોડાણ** આપવા માટે આયોજન.
- રાજ્યમાં હાલમાં કાર્યરત બંને **L.N.G ટર્મિનલ** તેની ક્ષમતા કરતાં વધારે કામગીરી કરી રહ્યા છે. મુન્દ્રા–કચ્છ ખાતે **એક નવા L.N.G ટર્મિનલનું** બાંધકામ કરવા માટે જોગવાઈ ` **૫૦ કરોડ**.
- રાજ્યમાં હાલમાં ૨૧૫૨ કિલોમીટરના **ગેસ ગ્રીડ નેટવર્ક**માં વધારાનું ૮૦૦ કિલોમીટરનું ગેસ ગ્રીડ નેટવર્ક ઊભું કરવા માટેનું આયોજન છે.
- વિવિધ શહેરોમાં **બિન–પરંપરાગત ઊર્જા** આધારિત પ્રોજેક્ટ હાથ ધરવા, નર્મદા બંધની **નહેર ઉપર ૨૦ મેગાવોટ સોલાર પાવર પ્રોજેક્ટ** સ્થાપવા તેમજ ભારતમાં સૌ પ્રથમવાર દરિયામાં પવન આધારિત ઊર્જાક્ષમતા વિકસાવવા **ઓફ–શોર વિન્ડ એનર્જી** પ્રોજેક્ટ માટે ` **૧૫૦ કરોડ**ની જોગવાઈ.

**ઔદ્યોગિક વિકાસ, કુટિર ઉદ્યોગ, ખનિજ, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ વિકાસ માટે ` ૩૦૫૫ કરોડ**નું આયોજન.

ગુજરાત સરકારની સકારાત્મક અને દીર્ઘદ્રષ્ટિભરી નીતિઓના પગલે છેલ્લા દાયકામાં ઔદ્યોગિક મૂડીરોકાણની સાથે રોજગારીની તકો અને માથાદીઠ આવકના ધોરણમાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે. રાજ્યમાં ઔદ્યોગિક એસ્ટેટ ઉપરાંત હવે S.I.R.ના માધ્યમથી ઔદ્યોગિક આંતરમાળખાકીય વ્યૂહરચનાને એક નવી દિશા મળેલ છે.

- દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરનો ૪૦ ટકા જેટલો ભાગ ગુજરાતમાં આવે છે. માંડલ–બહુચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવાની કામગીરી પણ હાલ પ્રગતિમાં છે. તેને સંલગ્ન વિકાસલક્ષી આયોજનો હાથ

ધરવા S.I.R ની રીજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કંપની અને ભારત સરકારની દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કંપની (D.M.I.C.D.C)ની ભાગીદારીથી બનનાર S.P.V માં શેર મૂડી માટે ` **૫૦૦ કરોડ**ની જોગવાઇ.

- રાજ્ય સરકારે આગામી પાંચ વર્ષમાં રાજ્યના ઘરેલુ ઉત્પાદનમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો ફાળો ૨૭.૬ ટકાથી વધારી ૩૨ ટકા કરવાના આશયથી જાહેર કરેલ **મેન્યુફેક્ચરીંગ નીતિ**ની અમલવારી માટે ` **૨૯૦ કરોડની** જોગવાઇ.
- કપાસના ઉત્પાદનની વેલ્યૂચેઇન મજબૂત બને તેમજ ખેડૂતોની આવક વધે તે માટે તાજેતરમાં જાહેર થયેલ **નવી કાપડ નીતિ** (Textile Policy)ની અમલવારી માટે ` **૫૪ કરોડની** જોગવાઇ.
- ઝડપી ઔદ્યોગિક વિકાસનો લાભ **બે લાખ જેટલા યુવાનોને** રોજગારી દ્વારા મળે તે માટે નવા કોર્સ સાથે **સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર**ની સંખ્યા **૧૦૦** થી વધારીને **૩૦૦** કરવાનું આયોજન.
- રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા **૨,૧૫,૦૦૦ પૂરક રોજગારીની** તકો ઊભી કરવા તેમજ અસંગઠિત ક્ષેત્રના કામદારોના વિકાસ માટે વિવિધ યોજનાઓના લાભો પહોંચાડવા માટે ` **૧૭૧ કરોડ**ની જોગવાઇ.
- દેશમાં મીઠાનાં કુલ ઉત્પાદનમાં રાજ્ય ૭૭ ટકા હિસ્સો ધરાવે છે. મીઠા એકમોમાં કામ કરતા અગરિયાઓની કલ્યાણકારી યોજનાઓને વધુ વેગ આપવામાં આવશે.

**ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ**

- વૈજ્ઞાનિક પદ્ધતિએ ખનિજ સ્ત્રોતોનું ખનન આગળ ધપાવવા માટે ` **૪૫ કરોડ**નું આયોજન.
- ખનિજ ક્ષેત્રમાં ઈ–પેમેન્ટ, ઈ–રોયલ્ટી પાસ પદ્ધતિનો અમલના કારણે બમણાથી વધુ આવક પ્રાપ્ત થઈ છે. આ પહેલને નેશનલ ઈ–ગવર્નન્સનો રાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. GIS એપ્લીકેશન દ્વારા ખાણકામ પ્રવૃત્તિઓ અને સંલગ્ન માહિતીની રીયલ ટાઇમ દેખરેખ માટે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ કેન્દ્ર ઊભું કરવામાં આવશે.
- આંતરરાષ્ટ્રિય નોલેજ શેરીંગના ધોરણે અંબાજીના સ્ટોન આર્ટીસન પાર્કના વિકાસ અને તાલીમ માટે ` **૭ કરોડ**ની જોગવાઈ.
- ખનિજ પ્રયોગશાળાના નવા મકાનના બાંધકામ માટે ` **૧૦ કરોડ**ની જોગવાઈ.

**પ્રવાસન અને યાત્રાધામ**

**પ્રવાસન, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ વિકાસ માટે ` ૫૯૫ કરોડ**નું આયોજન.

- રાજ્યમાં પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈ તેઓને વધુ સુવિધા આપવા માટે, પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસી સ્થળોએ આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ સ્વચ્છતાની જાળવણી

માટે કુલ ` **૧૯૫ કરોડ**ની જોગવાઇ.

- સાપુતારામાં વધતા જતાં પ્રવાસીઓને વધુ સુવિધા પુરી પાડવા માટે સાપુતારાના વિકાસ માટે ` **૧૩ કરોડ**ની જોગવાઇ.
- પ્રવાસન સંબંધિત પ્રચાર–પ્રસાર, પારંપરિક અને આધુનિક મેળાઓના આયોજનો, ટુરિસ્ટ ગાઇડ સેવાઓ, વગેરે માટે ` **૧૫૨ કરોડની** જોગવાઇ.
- **ટુરીસ્ટ ગાઈડ**ને **સ્કોપ**ના માધ્યમથી અંગ્રેજીમાં તાલીમબદ્ધ કરવા માટે જોગવાઇ ` **૧ કરોડ.**
- પ્રવાસીઓને ગુજરાતની પ્રણાલિગત રહેણીકરણી સાથે પ્રવાસન માણવા મળે, પારિવારિક પરંપરા જોવા જાણવા મળે અને પરિવારોની આવકનો સ્ત્રોત ઉભો થાય તે માટે **આત્મીય નિવાસ યોજના** શરૂ કરવામાં આવશે.
- દેશ–વિદેશના લાખો શ્રદ્ધાળુઓ ગુજરાતના યાત્રાધામોની મુલાકાત લેતાં હોય છે. આ યાત્રાધામોના આંતરમાળખાકીય કામો માટે કુલ જોગવાઇ ` **૧૦૦ કરોડ.**
- સરદાર સરોવર બંધનો વિસ્તાર એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયેલ છે. આ બંધ પાસે ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા **સ્ટેચ્યુ ઓફ યુનિટી**નું નિર્માણ વ્યાપક જનભાગીદારીથી કરવાનું આયોજન છે. તેના માટે જોગવાઇ ` **૧૦૦ કરોડ.**

**પર્યાવરણનું જતન**

**વન અને પર્યાવરણ માટે પ્લાન અને નોન પ્લાન હેઠળ જોગવાઈ ` ૯૩૦ કરોડ.**

- ગુજરાત રાજયમાં ૭.૪૬ ટકા સઘન વનવિસ્તાર છે. વનવિસ્તારની બહારના વૃક્ષોનો કુલ વિસ્તાર **૪.૮** ટકા છે. આગામી વર્ષે **સામાજિક વનીકરણ** માટે ` **૧૧૫ કરોડનો** ખર્ચ કરવામાં આવશે.
- વિપુલ સંખ્યામાં વૃક્ષોના વાવેતર દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે ` **૧૮૬ કરોડની** જોગવાઈ.
- રાજયના તમામ ગામોમાં વન સમિતિની રચના કરવાની દિશામાં ગુજરાત રાજ્ય પહેલ કરશે.
- **વન્યપ્રાણી સંરક્ષણ માટે ` ૮૩ કરોડની** જોગવાઈ સૂચવેલ છે. વાઈલ્ડ લાઈફ **જીનોમીકસ એન્ડ ડીએનએ બેન્કીંગ**ની રચના કરવામાં આવશે. વડોદરા ખાતે ક્રોકોડાઈલ પાર્કનો વિકાસ કરવામાં આવશે. ગુજરાતના ગૌરવ સમા **સિંહના રક્ષણ** માટે ` **૧૨ કરોડની** જોગવાઈ સૂચવેલ છે.
- **સાંસ્કૃતિક વનોના વિકાસ**માં ગુજરાત સરકારે પહેલ કરેલ છે. દાખલા તરીકે, પંચમહાલના માનગઢ ખાતે ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન, અંબાજી ખાતે માંગલ્ય વન, ગાંધીનગર ખાતે પુનીત વન, ચોટિલા ખાતે ભક્તિવન, તારંગા ખાતે તિર્થંકર વન અને શામળાજી ખાતે શ્યામલ વન બનાવવામાં આવેલ છે. તેવી રીતે રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ગુજરાતના સાંસ્કૃતિક વારસાને જોડી વન વિકાસ હાથ ધરવામાં આવશે.

- ગુજરાતમાં **ઘાસચારા**નું ઉત્પાદન વધારવા તથા **ઘાસ ગોડાઉન**ના બાંધકામ માટે ` **૧૩ કરોડની** જોગવાઈ.

**ક્લાઈમેટ ચેન્જ વિભાગ હેઠળ જોગવાઈ ` ૧૧૧ કરોડ.**

- રાજ્ય સરકાર રાજ્યમાં પુનઃ પ્રાપ્ય ઊર્જાના વપરાશને પ્રોત્સાહિત કરવા માટે પ્રતિબધ્ધ છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારી દ્વારા પવન ઊર્જા અને સૌર ઊર્જા ટેકનોલોજી દ્વારા પાવર જનરેશનને પ્રોત્સાહન પૂરું પડાશે.
- સોલાર સિટી ગાંધીનગર પ્રોજેકટને આગળ વધારવામાં આવશે. સરકારી મકાનો, વાણિજિયક એકમો, ઉદ્યોગો અને ઘરવપરાશમાં ઊર્જા બચત કરવાના હેતુથી ઊર્જા કાર્યક્ષમ પદ્ધતિઓના અને ઊર્જા કાર્યદક્ષ સાધનોના ઉપયોગ માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે.

**વિકાસલક્ષી જનજાગૃતિનું સર્જન**

**માહિતી અને પ્રસારણ હેઠળ જોગવાઈ ` ૧૨૨ કરોડ.**

- રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ લોકકલ્યાણની અને વિકાસલક્ષી યોજનાઓની સાચી, સત્તાવાર અને વિગતવાર માહિતી રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વસતા લોકો સુધી પહોંચાડી શકાય એ હેતુથી તમામ પ્રચાર માધ્યમોનો અસરકારક ઉપયોગ કરીને સમાજ અને શાસન વચ્ચે મજબૂત કડી બાંધવામાં આવેલ છે.
- કલ્યાણકારી યોજનાઓની માહિતી સાથે **ગુજરાત** પાક્ષિક, અંગ્રેજીમાં **ધી ગુજરાત** અને અન્ય પ્રકાશનો તેમજ બેરોજગાર યુવક યુવતિઓને રોજગારીની તકો વિશે માહિતી પૂરી પાડતા **ગુજરાત રોજગાર સમાચાર**નું પ્રકાશન અને વિતરણ કરવામાં આવશે.
- રાજ્ય સરકારની લોકપયોગી અને લોકકલ્યાણલક્ષી યોજનાઓને છેવાડાના માનવી સુધી LED પ્રચાર વાન, ઇલેકટ્રોનિક મિડીયા અને પરંપરાગત માધ્યમોના ઉપયોગ દ્વારા પહોંચાડવામાં આવશે.

**જનભાગીદારી આધારિત સ્થાનિક વિકાસ**

**વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ જોગવાઇ ` ૧૦૩૦ કરોડ.** જનભાગીદારીના અભિગમને વિકાસનો આધાર બનાવી અમારી સરકારે રાજ્યના તમામ જિલ્લાઓ અને ૪૧ વિકાસશીલ તાલુકાઓ માટે વિકેન્દ્રિત આયોજન અને વિવેકાધીન જોગવાઈ, તેમજ A.T.V.T. યોજના હેઠળ આગામી વર્ષે ` **૧૦૩૦ કરોડ**ની જોગવાઈ સૂચવેલ છે. આ કામોથી સ્થાનિક જરૂરિયાતોને વાચા મળશે અને ન્યૂનતમ જરૂરિયાતના ખૂટતા કડીરૂપ પાયાની સુવિધાઓના કામો અંગે સ્થાનિક કક્ષાએ નિર્ણયો લઈ શકાશે.

**સુશાસનમાં ઈ–ગવર્નન્સ તેમજ ટેકનોલોજી**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માટે જોગવાઈ ` ૨૦૭ કરોડ.**

ટેકનોલોજીના માધ્યમથી વિકાસ અને વહિવટને વધુ અસરકારક બનાવવાની સરકારની નેમ છે. આઇ.ટી અને ઇ–ગવર્નન્સ ક્ષેત્રે રાજ્ય સરકારને મળેલ ૫૫ જેટલા વિવિધ એવોર્ડઝ એ વાતની સાબિતી આપે છે.

- સરકારની વહિવટી કાર્યક્ષમતા અને લોકાભિમુખ સુશાસનને તકનિકી પીઠબળ પૂરું પાડતા અને તમામ જિલ્લા–તાલુકા અને ગામોને જોડતા

**ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક**(GSWAN)ને સુદ્રઢ બનાવવા ` **૩૦ કરોડ**ની જોગવાઈ.

- યુવાવર્ગમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ કેળવવા માટે કાર્યરત **સાયન્સ સિટી**ના વિસ્તૃતિકરણ માટે ` **૫ કરોડની** જોગવાઈ.
- **ગુજરાત બાયોટેકનોલોજી મિશન**ની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા ` **૧૮ કરોડ**ની જોગવાઈ.
- ભૂકંપ સંશોધનને લગતી ભારતભરની એકમાત્ર સંસ્થા, ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રીસર્ચ (I.S.R.)ને સબળ બનાવવા ` **૨૧ કરોડ**ની જોગવાઈ.

**કર્મચારી કલ્યાણ તેમજ વહિવટી સુધારણા**

**સામાન્ય વહિવટ વિભાગ હેઠળ** કર્મચારી કલ્યાણ તેમજ વહિવટી સુધારણા માટે **` ૧૪૧ કરોડ**નું આયોજન.

સ્પીપાની તાલીમ અને સંશોધનની વિવિધ પ્રવૃત્તિઓ માટે ` **૧૯ કરોડ**ની જોગવાઇ. સરકારના તમામ કર્મચારીગણ અંગે સંકલિત અને આધુનિક માનવ સંસાધન વ્યવસ્થાપન દાખલ કરવા, **HRMS** માટે જોગવાઈ ` **૧૦ કરોડ**.

**નાણાકીય વ્યવસ્થાપન**

રાજ્ય સરકારે પાછલા દશકમાં રાજવિત્તિય શિસ્તના અનુપાલન અને આર્થિક વિકાસના બેવડા લક્ષને સિદ્ધ કરેલ છે. વૈશ્વિક પ્રવાહોની અસર હેઠળ ભારતનો વિકાસ દર ઘટવા પામેલ છે, અને હવે પુનઃ ઊંચો વિકાસ દર પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપવાની રાજ્યની નેમ છે. રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના ૭૭.૬૫ ટકા રકમ રાજ્યના કર અને બિન–કર આવકમાંથી ઊભી થાય છે, જે રાજ્યના સ્વસ્થ અને વાઈબ્રન્ટ અર્થતંત્રને આભારી છે. રાજ્ય સરકાર રાજવિત્તિય નાણાકીય શિસ્ત જાળવવાની સાથેસાથે ઝડપી આર્થિક વિકાસ સાધવા કટિબદ્ધ છે.

**ઉપસંહાર**

સંતુલિત, સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસના સંકલ્પને વરેલી અમારી સરકાર વર્ષ ૨૦૧૩–૧૪ના અંદાજપત્ર થકી ખેડૂત, યુવા, મહિલાઓ અને બાળકો તેમજ સાગરખેડુ અને વનબંધુ ભાઈઓ અને બહેનો માટે વિવિધ યોજનાઓ દ્વારા વિકાસ અને લોક કલ્યાણના કામોને પૂરા ઉત્સાહ સાથે આગળ ધપાવતી રહેશે. ગરીબ વર્ગની જરૂરિયાતો અને નવોદિત મધ્યમ વર્ગની આશાઓને પરિપૂર્ણ કરવી, તે અમારી સરકારની નેમ છે. રાજ્યના બધા જ નાગરિકો સુખી, સમૃદ્ધ, સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવું એ જ અમારા આયોજનનું લક્ષ્ય છે. આ લક્ષ્યને સિદ્ધ કરવામાં આ ગૃહના દરેક માનનીય સભ્યશ્રી અને રાજ્યની સમગ્ર પ્રજાનો સહયોગ મળશે, તેવો અમને વિશ્વાસ છે.

**વર્ષ ૨૦૧૧–૧૨નો હિસાબ**

હવે હું ૨૦૧૧–૧૨ ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ–દેવડ ના કારણે ` **૨૭૪૫.૪૬ કરોડ**ની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. પરંતુ, ૨૦૧૧–૧૨ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે ` **૩૦૪.૭૮ કરોડ**ની ખાધ દર્શાવે છે.

(` **કરોડ**માં)

| | | **૨૦૧૧–૧૨ ના સુધારેલા અંદાજ** | **૨૦૧૧–૧૨ ના હિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | **૬૨૨૯૨.૨૨** | **૬૨૯૫૮.૯૯** |
| | મહેસૂલી ખર્ચ | ૬૦૩૭૧.૬૭ | ૫૯૭૪૪.૪૬ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+)૧૯૨૦.૫૫ | (+)૩૨૧૪.૫૩ |
| | મૂડીની આવક | ૧૮૭૭૮.૨૨ | ૧૭૭૧૦.૨૦ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૯૭૬૩.૩૧ | ૧૯૬૯૨.૨૪ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–)૯૮૫.૦૯ | (–)૧૯૮૨.૦૪ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (+)૯૩૫.૪૬ | (+)૧૨૩૨.૪૯ |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | – | (–)૭૯.૮૪ |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+)૧૮૧૦.૦૦** | **(–)૧૪૫૭.૪૩** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+)૨૭૪૫.૪૬** | **(–)૩૦૪.૭૮** |

**વર્ષ ૨૦૧૨–૧૩ ના સુધારેલા અંદાજ**

૨૦૧૨–૧૩ના અંદાજમાં ચોખ્ખી લેવડ–દેવડના કારણે ` **૭૨૭.૨૨ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. પરંતુ, વર્ષના અંતે ચોખ્ખી લેવડ દેવડના કારણે સુધારેલા અંદાજમાં ` **૨૮૧.૨૮ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

(` કરોડમાં)

| | | **૨૦૧૨–૧૩ ના અંદાજ** | **૨૦૧૨–૧૩ ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૭૫૯૦૩.૩૭ | ૭૫૭૯૦.૭૫ |
| | મહેસૂલી ખર્ચ | ૭૨૨૮૮.૦૫ | ૭૧૮૯૩.૭૬ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૩૬૧૫.૩૨ | (+) ૩૮૯૬.૯૯ |
| | મૂડીની આવક | ૨૨૩૩૧.૬૪ | ૨૨૩૩૧.૭૮ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૨૮૧૧૯.૭૪ | ૨૮૮૪૭.૪૯ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૫૭૮૮.૧૦ | (–)૬૫૧૫.૭૧ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું ) | (–) ૨૧૭૨.૭૮ | (–)૨૬૧૮.૭૨ |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું )** | – | – |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૨૯૦૦.૦૦** | **(+) ૨૯૦૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૭૨૭.૨૨** | **(+) ૨૮૧.૨૮** |

**વર્ષ ૨૦૧૩–૧૪ નો અંદાજ**

વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજ નીચે પ્રમાણે ` **૭૯૬.૪૫ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

(` કરોડમાં)

| | | **૨૦૧૩–૧૪ ના અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૮૫૭૫૨.૦૪ |
| | મહેસૂલી ખર્ચ | ૮૧૧૫૦.૪૩ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૪૬૦૧.૬૧ |
| | મૂડીની આવક | ૨૬૨૩૧.૬૪ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૧૫૩૬.૮૦ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) ૫૩૦૫.૧૬ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (–) ૭૦૩.૫૫ |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | – |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૧૫૦૦.૦૦** |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૭૯૬.૪૫** |

**હવે, હું મારા પ્રવચનનો ભાગ–ખ રજૂ કરીશ.**

------------

આદરણીય અધ્યક્ષશ્રી,

**સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ. ૭૯૬.૪૫ કરોડની રહેશે.**

**હવે હું સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરૂ છું.**

વેલ્યુ એડેડ ટેકસ
ઉચ્ચક વેરો

**ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ ની કલમ–૧૪ હેઠળની જોગવાઇ મુજબ રૂ. ૫૦ લાખ સુધીનું કુલ ટર્નઓવર ધરાવતાં વેપારીઓને અમુક શરતોને આધિન ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ મળે છે. ઉચ્ચક વેરા અંગેની આ જોગવાઇના લાભો રાજયના વધુ વેપારીઓને ઉપલબ્ધ થાય તે હેતુથી કલમ–૧૪ હેઠળની કૂલ ટર્નઓવરની મર્યાદા રૂ. ૫૦ લાખથી વધારી રૂ. ૭૫ લાખ કરવા દરખાસ્ત કરૂ છું. આ જોગવાઇથી રાજયના અંદાજીત વધુ ૨૩૦૦૦ વેપારીઓને ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ પ્રાપ્ત થશે. ઉચ્ચક કર હેઠળ વેપારી દરેક વેચાણ ઉપર વેરો ગણીને ભરવાના બદલે પોતાના વેરાપાત્ર ટર્નઓવર ઉપર ૦.૫ ટકા લેખે દર ત્રણ મહિને ઉચ્ચક વેરો ભરી શકે છે. આવા છે. આવા વેપારીએ સરળ પધ્ધતિથી ફકત ત્રિમાસિક પત્રક રજૂ કરવાનું રહે છે. આમ, રૂ. ૭૫ લાખ સુધીનો ટર્નઓવર ધરાવતા વેપારીઓને ઉચ્ચક કરની જોગવાઇનો લાભ મળવાપાત્ર થશે.**

સુક્ષ્મ સિંચાઇ
પધ્ધતિનાં સાધનો

**કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમોને પરિણામે રાજયના ખેડૂતો વધુ જાગ્રત બન્યા છે. તથા ખેતીમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવા લાગ્યા છે. આ પધ્ધતિના ઉપયોગથી પાણી અને વીજળીની બચત થાય છે તેમજ ઉત્પાદકતા વધે છે. આમ, સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનો પરના** હાલના વેરાના

દર વધારાના વેરાના દર સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી આપવા દરખાસ્ત કરૂ છું.

વિદ્યાર્થીઓના અભ્યાસ માટેની શૈક્ષણિક ચીજો

**રાજયમાં સાક્ષરતાનો વ્યાપ વધે તે માટે રાજય સરકાર દ્વારા સાક્ષરતા અભિયાન અને કન્યા કેળવણી જેવા અભિયાન અમલમાં મૂકવામાં આવેલ છે. અભ્યાસ માટે વિદ્યાર્થીઓને તમામ પ્રકારની પેન્સિલ્સ, ફૂટ રૂલ્સ, સલાઇડ રૂલ્સ, મેથેમેટિકલ ઇન્સ્ટ્રુમેન્ટસ અને તેનાં બોક્ષ, સ્કૂલ કલર બોકસ, રબ્બર ઈરેજર્સ તેમજ પેન્સિલ શાર્પનર્સની જરૂરિયાત રહે છે. રાજયના વિદ્યાર્થીઓને રાહત મળી રહે તે હેતુથી આ ચીજો પરના** હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી આપવા દરખાસ્ત કરૂ છું.

પ્લાસ્ટિકની નિવાર (ખાટલાની પાટી)

**ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોમાં પાટીવાળા પલંગનો વપરાશ થતો હોય છે. આ વર્ગને રાહત થાય તે હેતુથી પાટીવાળા પલંગમાં વપરાતી પ્લાસ્ટિકની નિવાર પરના હાલના વેરાના દર વધારાના વેરા સહિત ૫ ટકામાંથી સંપૂર્ણ વેરામાફી આપવા દરખાસ્ત કરૂ છું.**

અગરબત્તીનું ભૂસું

**હાલ રાજયમાં અગરબત્તી ઉપર કોઇ વેરો નથી. પરંતુ મોટા ઉત્પાદકો દ્વારા નાના ગૃહ ઉદ્યોગોને અગરબત્તી બનાવવા માટે ભુસું આપવામાં આવે છે. તેના ઉપર હાલ ૧૫ ટકાના રેસિડયુરી દરે વેરો લેવાપાત્ર થાય છે. હવે અગબત્તીના ભૂસાંને પણ** સંપૂર્ણ વેરામાફી **આપવા દરખાસ્ત કરૂ છું.**

કાર્બન કેડિટ

**કલાઈમેંટ ચેન્જની પ્રતિકૂળ વિશે ખૂબ જાગૃતિ આવી છે. ગુજરાતે આ દિશામાં પહેલ કરી છે અને પર્યાવરણની જાળવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. ઘણા એકમોને પુનર્પ્રાપ્ય ઉર્જાના સ્ત્રોતના ઉપયોગ બદલ કાર્બન ક્રેડિટ ઉપલબધ થાય છે. આવા એકમો તેમની પાસેની વધારાની કાર્બન ક્રેડિટના અન્ય એકમોને વેચાણો કરી શકે છે. કાર્બન ક્રેડિટ અંગે હાલમાં વેટના કાયદામાં કોઇ ચોકકસ એન્ટ્રી ન હોવાના કારણે કાર્બન ક્રેડિટના વેચાણના વ્યવહારો રેસિડયુરી એન્ટ્રી પ્રમાણે વધારાના વેરા સહિત ૧૫ ટકાના દરે વેરાપાત્ર થાય.** કાર્બન ક્રેડિટના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી કાર્બન ક્રેડિટને વેટના કાયદાના અનુસૂચિ–૨ ની એન્ટ્રી–૪૧ હેટઠ અદશ્ય કે અમૂર્ત પ્રકારના માલ તરીકે આવરી લઇ વધારાના વેરા સહિત ૫ ટકાનો દર **લાગુ પાડવા દરખાસ્ત કરૂં છું.**

સિગારેટ

**તમાકુમાંથી બનતી સિગારેટનું સેવન આરોગ્ય માટે હાનિકારક છે. સિગારેટનું સેવન અટકે તથા તેનો વપરાશ શકય તેટલો ઓછો થાય તે સમાજના હિતમાં જરૂરી છે. આ હેતુને ધ્યાનમાં રાખીને તમાકુમાંથી બનતી સિગારેટ પરનો** હાલનો વેરાનો દર વધારાના વેરા સહિત ૨૫ ટકા છે તે વધારીને વધારાના વેરા સહિત ૩૦ ટકા કરવા **હું દરખાસ્ત કરું છું.**

સેકન્ડ હેન્ડ(યુઝડ) ટુ વ્હીલર્સ અને સેકન્ડ હેન્ડ(યુઝડ)

**રાજયમાં વપરાયેલાં વાહનોના મોટી સંખ્યામાં વેચાણો થાય છે. હાલમાં યુઝડ અથવા સેકન્ડ હેન્ડ મોટરકારના વેચાણો ઉપર ૧ ટકાના દરે (મહત્તમ રૂ ૨૦૦૦ સુધી વેરાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જ પ્રકારની જોગવાઇ ઉમેરીને નોંધાયેલ વેપારી મારફતે થતાં** સેકન્ડ હેન્ડ (યુઝડ) ટુ વ્હીલર્સના વેચાણો ૧ ટકાના

કોમર્સિયલ વ્હીકલ્સ દરે (વધુમાં વધુ રૂ ૫૦૦ સુધી) અને સેકન્ડ હેન્ડ (યુઝડ) મિડિયમ અને હેવી ડયુટી કોમસિર્યલ વ્હીકલ્સના વેચાણો ૧ ટકાના દરે (વધુમાં વધુ રૂ ૫૦૦૦ સુધી) વેરાપાત્ર **બનાવવા હું દરખાસ્ત કરૂ છું.**

વીડિયોગૃહ માટે ઉચ્ચક મનોરંજન કર **વીડિયો ગૃહના માલિકોને ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ અન્વયે ઉચ્ચક કર ભરવાનો વિકલ્પ આપવામાં આવે છે. આ જોગવાઇ આવા વીડિયો ગૃહમાં મનોરંજન મેળવવા માટે આવતા ગરીબ અને મજદૂર વર્ગની આર્થિક ક્ષમતાને ધ્યાને રાખીને રાહત સ્વરૂપે કરવામાં આવેલ છે. પરંતુ આ જોગવાઇનો ગેરલાભ અમુક મોટા કદના થિયેટર, મલ્ટીપ્લેક્સ સિનેમાગૃહો વગેરે લેતાં હોવાનું ધ્યાને આવેલ છે. જેઓએ ખરેખર ટિકિટના દર ઉપર મનોરંજન કર ભરવાનો થાય છે.** ઉચ્ચક કર અંગેની રાહત જરૂરિયાતમંદ વર્ગને જે પહોંચે તે હેતુથી ઉચ્ચક કરની જોગવાઇ નીચે મુજબની શરતોને પરિપૂર્ણ કરતાં વીડિયોગૃહને પ્રાપ્ત થાય **તેવી દરખાસ્ત કરૂ છું.**

**૧.) મનોરંજન સ્થળમાં પ્રવેશના દર વ્યકિતદીઠ રૂ ૩૦ થી વધુ હોવા જોઇએ નહિ.**

**૨.) મનોરંજન સ્થળમાં કોઇપણ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મનોરંજન પૂરું પાડી શકાશે.**

**૩.) મનોરંજન સ્થળમાં મહત્તમ બેઠકોની સંખ્યા ૧૨૫ થી વધુ હોવી જોઇશે નહિં.**

**૪.) મનોરંજન સ્થળમાં એકથી વધુ પડદા (સ્ક્રીન) હોવા જોઇએ નહિ.**

વ્યવસાયવેરો **વ્યવસાયવેરા કાયદાની જોગવાઇઓ અનુસાર માસિક રૂ. ૩૦૦૦ થી ઓછો પગાર અથવા વેતન મેળવતા પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે. જયારે રૂ. ૩૦૦૦ થી રૂ. ૬૦૦૦નો માસિક પગાર અથવા વેતન મેળવનારને મહિના દીઠ રૂ. ૨૦ ના દરે વ્યવસાયવેરો ભરવાપાત્ર થાય છે.** નવોદિત મધ્યમ વર્ગને રાહત થાય તે હેતુથી રૂ. ૬૦૦૦ સુધીનો મસિક પગાર અથવા વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુકિત આપવા હું દરખાસ્ત કરૂ છું. આ સિવાયના કોઇ **દરોમાં ફેરફાર માટે કોઇ દખાસ્ત નથી.**

સ્વ–વીજ ઉત્પાદન ઉપર વીજકર **ઔદ્યોગિક હેતુ માટે થતા સ્વ–વીજ ઉત્પાદન ઉપર વીજકર ઉપર પાંચ વર્ષ સુધી વીજ કરમાંથી માફી મળે છે. વીજળીનું સ્વ–વીજ ઉત્પાદન કરી ઉપયોગ કરનાર ગ્રાહકોએ વીજ વપરાશની કિંમત ઉપર નહીં, પરંતુ યુનિટ દીઠ દરે ઇલેકિટ્રસિટી ડયુટી ભરવાની હોય છે. તેઓના માટેનો ઇલેકિટ્રસિટી ડયુટીનો દર યુનિટ દીઠ ૪૦ પૈસા છે, જે દર વર્ષ ૧૯૯૯માં નકકી થયા હતા. જેની સામે વીજ વિતરક કંપનીઓ પાસેથી વીજળી ખરીદનાર ઔદ્યોગિક એકમોને એચ.ટી. માં ૧૫ ટકા લેખે તથા એલ.ટી.માં ૧૦ ટકા લેખે વીજકર ભરવો પડે છે. આ બંને પ્રકારના ઉપયોગ કરતા એકમો દ્વારા ભરવાના થતા વીજકરમાં અંતર ઘટાડવાના હેતુથી** સ્વ–વીજ ઉત્પાદન કક્ષાના ગ્રાહકોના ઇલેકિટ્રીસિટી ડયુટીના હાલના દરમાં યુનિટ દીઠ ૧૫ પૈસાનો વધારો કરી, એલ.ટી. અને એચ.ટી. ગ્રાહકો માટે ઇલેકિટ્રસિટી ડયુટીનો દર યુનિટ દીઠ ૫૫ પૈસા **કરવા હું દરખાસ્ત કરું છું. આ વધારાનો બોજ**

**મર્યાદિત સંખ્યાના ઔદ્યોગિક એકમો ઉપર રહેશ.**

સમાપન **સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષના અંદાજપત્રની અમારી આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.**

| | | | (રકમ રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| **(૧)** | **અંદાજપત્ર અનુસારની પુરાંત** | | (+) ૭૯૬.૪૫ |
| **(૨)** | **કરવેરામાં સૂચિત રાહતો** | (-) ૨૪૫.૦૦ | |
| **(૩)** | **કરવેરામં સૂચિત વધારો** | (+) ૨૮૯.૦૦ | |
| **(૪)** | **એકંદર અંદાજીત પુરાંત** | | (+) ૮૪૦.૪૫ |

**માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરૂં છું.**

\-\-\-\-\-\-\-\-\-\-\-\-

**સન ૨૦૧૩–૧૪ ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**
**સભાગૃહનું કામકાજ બપોરના ૩–૦૦ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૨ ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩**
**ફાલ્ગુન ૨, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

**ટૂંકી મુદતનો પ્રશ્ન**
**રાજયમાં સ્વાઇનફલુ રોગને કાબુમાં લેવા લીધેલ પગલાં**

*** ટૂં.મુ. ૧ શ્રી મણીલાલ જે. વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) રાજયમાં સ્વાઇનફલુનો રોગચાળો વકરતા તેના દર્દીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૧૫–૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે મહિનામાં સ્વાઇનફલુથી કેટલા લોકોના મૃત્યુ થયાં,

(૩) ઉકત સ્થિતિએ કેટલા નવા દર્દીઓ નોંધાયા અને

(૪) આ રોગને કાબુમાં લેવા સરકારે શા પગલાં ભર્યા?

**આરોગ્ય મંત્રીશ્રીઃ**

(૧) હા,જી.

(૨) કુલ ૩૦ વ્યકિતઓના મરણ થયેલ છે.

(૩) કુલ ૧૨૨ નવા દર્દી નોંધાયેલા છે.

(૪) – રાજયની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઇન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)ના કેસો માટે વેન્ટીલેટર, કાર્ડિયાર્ક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઇન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

– રોગના ત્વરિત અને વિના મૂલ્યે નિદાન માટે રાજયમાં ત્રણ સરકારી ઉચ્ચસ્તરની લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

– ઇન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)ના પોઝીટીવ કેસ તેમજ ચિહ્નો ધરાવતા દર્દીના સંપર્કમાં રહેલ વ્યકિતને પણ એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

– ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયમાં માન્યતા પ્રાપ્ત પ્રાઇવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઇટ પર મૂકેલ છે.

– તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનો પ્રસાર અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ રાખવાની તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

– ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

– તા. ૧/૧૨/૨૦૧૨ તથા તા. ૮/૨/૨૦૧૩ના રોજ રાજય કક્ષાએ જિલ્લા એપીડેમીક મેડીકલ ઓફિસરશ્રીની મીટિંગ કરી પગલાં વધુ સઘન કર્યા છે.

– જિલ્લા આઇ.એમ.એ.ના સભ્યો સાથે કુલ–૩૪ વર્કશોપ કરવામાં આવ્યા છે.

- તા. ૧૮-૧-૨૦૧૩ના રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી તેમજ મેડીકલ કોલેજ સંલગ્ન કોલેજના સુપ્રિટેન્ડેન્ટ તેમજ વિભાગીય નાયબ નિયામક સાથે પરિસ્થિતિની અદ્યતન સમીક્ષા કરી કાર્યવાહી વેગવંતી કરવામાં આવી.
- જિલ્લાના લાયઝન ઓફિસરશ્રીઓની એક બેઠક અધિક નિયામકશ્રી (આરોગ્ય)એ તા. ૨૨/૧/૨૦૧૩ના રોજ યોજીને તેઓના લાયઝનના જિલ્લામાં ઇન્ફલ્યુએન્ઝા-એ(એચ૧એન૧) બાબતે યોગ્ય અટકાયત અને જાગૃતિ માટે પગલાં લેવાય તે જોવા તેમજ દવાઓ અને અન્ય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે તા. ૧-૨/૨/૧૩ના રોજ વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મિટિંગમાં ઇન્ફલ્યુએન્ઝા-એ(એચ૧એન૧)ની પરિસ્થિતિની સવિસ્તાર સમીક્ષા કરી.
- તા. ૧૪/૨/૨૦૧૩ના રોજ રાજયના આ વિષયના નિષ્ણાત તબીબો, પ્રાઇવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઇવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઇન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઇ.ઇ.સી. ટ્રીટમેન્ટ ગાઇડ લાઇન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યત્વે કયા કયા વિભાગોમાં સ્વાઇનફ્લુ રોગચાળાનો વ્યાપ વિશેષ પ્રમાણમાં છે અને તેના શા કારણો ધ્યાને આવ્યા છે? મંત્રીશ્રીએ ખંડ-જમાં જણાવ્યા પ્રમાણે રાજયમાં ફકત ત્રણ જ સરકારી ઉચ્ચ સ્તરની લેબોરેટરી છે તે આ રોગનો વ્યાપ જોતાં તે ખૂબ જ મર્યાદિત છે. તો રાજયના દરેક જિલ્લા મથકે આવી લેબોરેટરી કરવા માગો છો કે કેમ? મંત્રી મંડળના કોઇ પણ સભ્યને સ્વાઇનફ્લુની અસર છે કે કેમ?

અધ્યક્ષશ્રી : હવે પૂછતાં નહીં, બીજી શું શું અસર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી મંડળમાં તો અમે સતત સાથે રહીએ છીએ. એટલે મને ખબર છે કે કોઇ પણ મંત્રીશ્રીને કે ભાજપના કોઇ પણ ધારાસભ્યશ્રીને સ્વાઇનફ્લુ નથી. વિરોધપક્ષના મિત્રોનો ટેસ્ટ કરાવવો હોય તો કરાવી લઇશું. જેથી તેમનો ચેપ બીજાને ન લાગે.

અધ્યક્ષશ્રી : મૂળ પ્રશ્ન ઉપર આવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તેમણે પૂછ્યું એટલે કહ્યું. આ ગંભીર પ્રકારનો પ્રશ્ન છે. ઠંડીના કારણે ઉત્તર ભારતના રાજયો હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને ગુજરાત આ રાજયોના વિસ્તારોમાં શિયાળાની ઠંડીના કારણે સ્વાઇનફ્લુના જંતુઓ સતત હવામાં હોય છે. નિષ્ણાતોના અભિપ્રાય પ્રમાણે ઠંડીમાં એ વધુ સક્રિય બને છે અને જેમને શરદી થઇ હોય, ખાંસી થઇ હોય, કફ હોય, સગર્ભા મહિલા હોય કે આવા પ્રકારના બિમાર દર્દીઓ હોય તેને સ્વાઇનફ્લુ ઝડપથી લાગુ પડે છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું તે પ્રમાણે આપણાં ગુજરાતમાં જે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કર્યા છે તેમાં સરકારી હોસ્પિટલો પણ છે અને ખાનગી હોસ્પિટલો પણ છે. વધુમાં આપણાં ગુજરાતમાં સ્વાઇનફ્લુ કે અન્ય રોગોની સારવાર માટે બીજા દર્દીઓ પડોશી રાજય રાજસ્થાનથી તથા અન્ય રાજયોમાંથી પણ આપણે ત્યાં આવે છે. સ્વાઇનફ્લુના દર્દીઓ પણ રાજસ્થાનથી ગુજરાતની હોસ્પિટલોમાં સારવાર માટે આવેલા છે.

સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે કયા જિલ્લામાં કેટલા દર્દીઓ અત્યારે સારવાર હેઠળ છે,તો તેમાં રાજકોટ ૪૩, જામનગર ૧૧, કચ્છ ૧૧, જૂનાગઢ ૧૦, અમરેલી ૭ આ પ્રકારે અત્યારે ૮૨ દર્દીઓ સારવાર હેઠળ છે. આ જોતાં સ્વાભાવિક છે કે સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં આની અસર છે. અમદાવાદમાં પણ આના દર્દીઓ છે. અમદાવાદમાં બે પ્રકારના દર્દીઓ છે. એક તો અમદાવાદમાં અન્ય વિસ્તારમાંથી તાલુકા-જિલ્લામાંથી સારવાર માટે આવેલા દર્દીઓ અને બીજા પ્રકારમાં અમદાવાદ શહેરની આજુબાજુમાં વસવાટ કરતા દર્દીઓ અને વડોદરા હોસ્પિટલમાં પણ આજુબાજુના વિસ્તારના કેટલાક દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

બીજો પ્રશ્ન જે માનનીય સભ્યશ્રીએ કર્યો કે ફકત ત્રણ લેબોરેટરી આના માટે કેમ છે? આનું ટેસ્ટીંગ કરવાનું હોય છે એ ખૂબ વિશિષ્ટ પ્રકારનું અને અમુક વાતાવરણમાં જ કરી શકાય એ પ્રકારનું છે. આમ તો આરોગ્ય વિભાગની હોસ્પિટલોમાં, મોટી હોસ્પિટલોમાં અને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં અનેક પ્રકારના ટેસ્ટીંગ કરવાનું આખા રાજયમાં વ્યાપક રીતે નેટવર્ક છે. આનું ટેસ્ટીંગ કરવાનું થાય છે એ રાજકોટ, અમદાવાદ અને સુરતની હોસ્પિટલોમાં થાય છે. આનું ટેસ્ટીંગ કરનારાની પણ કાળજી રાખવી પડે છે. જેથી અન્ય લોકોને પણ આની અસર ન થાય. આ ટેસ્ટીંગ રાજય સરકાર તરફથી ખાનગી કે સરકારી હોસ્પિટલોમાં કોઇ પણ દર્દી આવ્યા હોય તો તેને વિના મૂલ્યે કરી આપીએ છીએ. બીજું આનો ટેસ્ટીંગ કરવાનો ખર્ચ રૂ.૫૦૦૦/– સુધીનો થાય છે. આપણે આ ખર્ચ માફ કરેલ છે અને ડોક્ટરોએ ટેસ્ટીંગ માટે સેમ્પલ મોકલ્યા હોય એનો ટેસ્ટ કરીએ છીએ અને પોઝીટીવ હોય તો તરત જ એસ.એમ.એસ., ઈ–મેઇલ વગેરે કે અન્ય રીતે તાત્કાલિક રિપોર્ટ દ્વારા એ દર્દીની સારવાર કરતા ડોક્ટરોને માહિતગાર કરીએ છીએ. જેથી તે ડોક્ટર તે ટેસ્ટ પોઝિટીવ છે કે નેગેટીવ છે તે જાણીને તાત્કાલિક સારવાર કરી શકે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, જેના સ્વાઇન ફ્લૂ ટેસ્ટ પોઝિટીવ આવ્યા હોય અને એ દર્દીનું અવસાન થાય તો એના ડેડ બોડીનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે? એના નિકાલની વ્યવસ્થા શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ દર્દીના બોડીને એના અંતિમ સંસ્કાર માટે એના સગાવહાલાંને સોંપવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

### રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક

*૪૨૭ શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ આર.ટી.ઓ. કચેરીની સને ૨૦૧૨–૧૩ માં ડિસેમ્બર –૨૦૧૨ના અંતે કેટલી આવક થઇ, | (૧) ` ૧૧૫.૮૭ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૩.૧૪ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) નવા વાહનોનું રજીસ્ટ્રેશનનું પ્રમાણ ઘટવાથી. |

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં માર્ચ ૨૦૦૧થી માર્ચ ૨૦૧૧ સુધીના દસ વર્ષમાં ક્યા પ્રકારના કેટલા વાહનોની નોંધણી કરવામાં આવી અને એમાં કેટલો ફાયદો થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો જે રીતે સતત વિકાસ થતો જાય છે, રાજયના નાગરિકોની સદ્ધરતા વધતી જાય છે, એ પ્રમાણે નાગરિકોની ખરીદ શક્તિ વધતી જાય છે, જરૂરિયાત પણ વધતી જાય છે. ઇન્ફ્રાસ્ટ્રકચર, રોડ, રસ્તા વગેરે ડેવલપ થયા છે. આ બધાને કારણે રાજયના નાગરિકો મોટર સાઇકલ, સ્કૂટર, મોટર કાર, અન્ય પ્રકારના વાહનો વસાવે છે તથા ખેડૂતો ટ્રેક્ટર વસાવે છે. આ પ્રકારના વાહનોની ખરીદી વધતી જાય છે અને આમાં રાજકોટ જિલ્લાનો આપણે દાખલો લઇએ તો માનનીય સભ્યશ્રી મોહનભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એની આપને માહિતી આપું. ૧૯૬૧થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન રાજકોટ જિલ્લામાં ટૂ વ્હીલર નોંધાયા હતા એની સંખ્યા ૩,૭૦,૫૮૧ હતી. જયારે

પાછલા દાયકા દરમિયાન આ સંખ્યા ૫,૪૭,૧૦૧ એટલે કે ૫૦ વર્ષમાં રાજકોટ જિલ્લામાં જેટલા વાહનો નહોતા ખરીદાયા એટલા પાછલા દસ વર્ષમાં નાગરિકોએ ખરીદ્યા છે. ૧૯૬૧થી ૨૦૦૦માં ફોર વ્હીલર વાહનો ૩૨,૪૦૦ ખરીદાયા હતા, આ દસ વર્ષના ગાળામાં ૬૦,૩૧૪ ખરીદાયાછે. એટલે કે લગભગ ડબલ ખરીદાયા છે. ૧૯૬૧ થી ૨૦૦૦માં ટ્રેક્ટર તથા ટ્રેલર ૩૧૭૧૭ ખરીદાયા તેની સામે ૨૫૭૭૨ ખરીદાયા હતા, ટ્રકો ૨૫૧૭૮, ઓટો રિક્ષા ૧૦૮૮૭ ખરીદાયા છે, અન્ય વાહનો ૩૨૫૮ નોંધાયા છે અને પેસેન્જર વાહનો ૪૪૦૫ નોંધાયા છે. આમ પાછલા દસ વર્ષમાં રાજકોટ આર.ટી.ઓ.માં ૬,૭૬,૮૬૫ વાહનોનું રિજસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ ખાતેની આર.ટી.ઓ. કચેરી છે તેના મકાનમાં આવતા અરજદારોની સુવિધા વધે એના માટે કોઇ ફેરફાર કરવામાં આવ્યા છે કે કેમ? તે ઉપરાંત રાજકોટ જિલ્લામાં નવા રજિસ્ટર્ડ થયેલા વાહનો છે, જેની આર.સી. બૂક છે તે કેવી રીતે આપવામાં આવે છે અને એમાં કેવા પ્રકારના ફેરફાર કરવામાં આવ્યા છે?

અધ્યક્ષશ્રી : આ સુવિધા માટેનો પ્રશ્ન નથી, આ એને રિલેવન્ટ નથી. આવક માટેનો પ્રશ્ન છે એના માટેની માહિતી હોય તે કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જે પ્રમાણે વાહનોનું રજીસ્ટ્રેશન વધતું જાય છે, એના કારણે કામનો બોજો વધે, આપણે અત્યારની ઓન લાઇન ટેકનોલોજી, કોમ્પ્યુટરાઇઝેશન આ બધાનો ઉપયોગ કરી, અને અગાઉના સમયમાં જયારે નાગરિક લાયસન્સ લેવા આવે ત્યારથી માંડીને રજીસ્ટ્રેશન કરાવે ત્યાં સુધીની જે બધી જ મેન્યુઅલ પ્રક્રિયા હતી હવે એ બધી જ મેન્યુઅલ પ્રક્રિયાનું આપણે કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ છે. ઓન લાઇન કામગીરી કરી છે, ડ્રાઇવરના ટેસ્ટીંગ માટેના લાયસન્સની પ્રક્રિયા પણ બદલી છે. અને ટેકનોલોજીનો ઉપયોગ કરી ઓછા ખર્ચે વધુ ઝડપથી કોઇપણ તકલીફ વગર નાગરિકને લાયસન્સ મળે એના વાહનનું રજીસ્ટ્રેશન થાય, એની ઓફિસમાં એને વ્યવસ્થિત બેસવાની સુવિધા મળે. આ બધું જ આર.સી. બુકથી માંડીને લાયસન્સ સુધીના કામનું આપણે કોમ્પ્યુટરાઇઝેશન કર્યુ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં એવું લખ્યું છે કે આવકમાં ૩.૧૪ કરોડનો ઘટાડો થયો છે. એટલે ૨૦૧૨-૧૩માં ૨૦૧૧-૧૨ની સરખામણીમાં આવકમાં ઘટાડો થયો છે. જવાબમાં લખ્યું છે કે નવા વાહનોનું રજીસ્ટ્રેશનનું પ્રમાણ ઘટવાથી, આ સરકાર રોજેરોજ પ્રગતિ વધારે કરે છે, તો આમાં આવકનો ઘટાડો અને કેટલા વાહનો ઘટયા છે? ૨૦૧૧-૧૨માં કેટલા વાહનો હતા, અને ૨૦૧૨-૧૩માં કેટલા વાહનોની વધઘટ થઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવકની જો આપણે વાત કરીએ તો મેં જે પાછલા પાંચેક વર્ષની વિગતો મેળવી છે, એમાં ૨૦૦૭-૦૮માં જે આવક હતી, એમાં અત્યારની આવકમાં ૧૮ ટકાનો વધારો થયો છે. વાહનોની ખરીદી નાગરિકો દ્વારા દા.ત. માર્ચ એન્ડીંગમાં કરવામાં આવે, તહેવારોમાં કરવામાં આવે, જયારે પણ નોંધણી કરાવવામાં આવે ત્યારે રજીસ્ટ્રેશન થાય, ત્યારે એની આવક આપણને મળતી હોય છે. એકંદરે રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક જે ૨૦૦૭-૦૮માં ૭૯ કરોડ હતી એ ૨૦૧૨-૧૩માં ડિસેમ્બર અંત સુધીમાં ૧૧૫ કરોડ થઇ છે, એટલે એમાં ૧૮ ટકા કરતા પણ વધુ ગ્રોથ થયો છે. આમ એમાં સતત ગ્રોથ ચાલુ છે.

રાજકોટ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

શ્રી * ૪૪૫ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય નાણામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)સને વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજય સરકારને મળી, | (૧) ૧૦૬૬.૧૪ કરોડ. |

| | |
|---|---|
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ની સ્થિતિએ કેટલો વધારો થયેલ છે, અને | (૨) ૨૨૯.૧૫ કરોડ. |
| (૩) જો ઘટાડો થયેલ હોય તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નવી રજીસ્ટ્રેશન પદ્ધતિ અમલમાં મૂકેલ છે, એથી વેપારીઓને શું શું ફાયદા થાય છે અને રાજય સરકારે ઓન લાઇન સી-ફોર્મ મેળવવાની પદ્ધતિ અમલમાં મૂકેલ છે એનાથી પણ વેપારીઓને શું શું ફાયદા થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના જવાબમાં મેં જેમ કહ્યું એમ આ સરકાર સાયન્સ, ટેકનોલોજી અને નવી આધુનિક પદ્ધતિઓનો સતત ઉપયોગ કરતી પ્રગતિશીલ સરકાર છે, આ કોઇ જૂનવાણી વિચારસરણી ધરાવતી, વાંશિકતા ધરાવતી સરકાર નથી. એ બધો સમય ગયો અને એના કારણે જે માનનીય સભ્યશ્રીએ પ્રથમ પ્રશ્ન પૂછયો છે એ રાજકોટ વાણિજય કચેરીમાં વેરાની આવકમાં કેટલો વધારો થયો તો, ગયા વર્ષના કરતા ૨૨૯ કરોડ રુપિયાનો વધારો થયો છે, બીજું અમે નાગરિકોને એક લાભાર્થી તરીકે એના હક્કદાર તરીકે જોઇએ છીએ, એવી રીતે નહીં કે એને ટેકસ ભરવો છે તો ભરી જશે, કયાં જવાનો છે, એટલા માટે નાગરિકોને, કોઇપણ લાભાર્થીને આમાં વેપારી લાભાર્થી છે તો વેપારીને એક કરદાતા તરીકે જોઇ એમને ઓછી તકલીફથી સરળતાથી ઘરે બેઠા ઓન લાઇન પદ્ધતિથી અને અન્ય રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરીને આકારણીથી માંડીને રજીસ્ટ્રેશન સુધી વેપારીને કોઇ નોંધણી નંબર લેવો હોય, કોઇ આકારણી કરાવવી હોય, કોઇ રજૂઆત કરવી હોય તો બધું જ અમે ઓન લાઇન કર્યુ છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું કે ૧-૧૨-૧૧થી મારા અગાઉના નાણામંત્રીશ્રીએ આ બધી ખૂબ સુંદર વ્યવસ્થાઓ ઉભી કરી છે એને જયારે હું આગળ વધારી રહ્યો છું ત્યારે એનો લાભ ગુજરાતના સવા ચાર લાખ જેટલા જે નોંધાયેલા વેપારીઓ છે એમને આપણે આપીએ છીએ.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વેપારી વર્ગને સારી ઇ-સર્વિસિસ પૂરી પાડવા માટે રાજ્ય સરકારને કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ? હાલમાં કેટલા વેપારીઓ બેન્ક મારફત ઇ-પેમેન્ટ કરી શકે છે અને તેના ફાયદા શું છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** ઇ-પમેન્ટ કરવું એ પણ અત્યારની ટેકનોલોજીમાં ખૂબ અગત્યની બાબત છે. દરરોજ દેશમાં અબજો રૂપિયાનું ટર્ન ઓવર આ ઇ-પેમેન્ટ પદ્ધતિથી થાય છે ત્યારે સરકારમાં પણ અમે આનો લાભ લઇએ છીએ. માનનીય ભાનુબેને પહેલો પ્રશ્ન પૂછયો કે સરકારને કોઇ એવોર્ડ મળ્યા છે કે કેમ? આ સરકાર માટે તો એવોર્ડ મેળવવા એ અમારી કામગીરીનો એક ભાગ છે. ગઇ કાલે પણ મેં મારા બજેટ પ્રવચનમાં કહ્યું હતું કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૨૫૦ કરતાં વધારે એવોર્ડ આ સરકારને મળ્યા છે. આ વેપારી વર્ગને ઇ-સર્વિસિસ પૂરી પાડવા માટે ભારત સરકાર દ્વારા અને ભારત સરકાર નિયુકત સંસ્થાઓ દ્વારા ૬ એવોર્ડ આપવામાં આવ્યા છે.

## ભિલાડ એ.આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક

*** ૪૩૦ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભિલાડ એ.આર.ટી.ઓ. ચેક પોસ્ટને તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) ` ૬૦.૭૬ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ-૨૦૧૧ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૯.૨૯ કરોડનો ઘટાડો થયો. |

| | |
|---|---|
| (૩)જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. |

**શ્રી કનુભાઇ મો. દેસાઇ :** ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યમાં ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં શું ફરક છે અને જો ઓવરલોડનો ફરક વધારે હોય તો ગુજરાતની સરહદે આવેલ ગુજરાતની ભિલાડ ચેકપોસ્ટ કરતાં મહારાષ્ટ્ર રાજ્યની ચેકપોસ્ટની આવક કેટલી વધારે છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** એ સ્વાભાવિક છે કે મહારાષ્ટ્ર રાજ્યની કેટલી આવક છે એની માહિતી મારી પાસે ન હોય. રાજ્યની ચેકપોસ્ટ ઉપર બે પ્રકારના અને અન્ય નાના મોટા ટેક્સ મુખ્યત્વે ઉઘરાવવામાં આવે છે. એક તો અન્ય રાજ્યમાંથી આપણા ગુજરાત રાજ્યમાં જે ભારવાહક વાહનો અથવા લકઝરી પ્રકારના પેસેન્જર વાહનો પ્રવેશ કરે તો એના ઉપર આપણે ટેક્સ મેળવીએ છીએ. ભૂતકાળમાં એવું હતું કે કોઇપણ વાહન રાજ્યમાં પ્રવેશ કરે એનું આર.ટી.ઓ.ના કાયદા પ્રમાણે જે વજન મંજૂર થયેલ હોય જેમ કે ૧૦ ટન, ૧૨, ટન, ૧૫ ટનની ટ્રક. આ પ્રમાણે જે ટ્રક આવે એમાં એમણે વધારે વજન ભર્યું હોય તો એના ઉપર આપણે અત્યાર સુધી પેનલ્ટી લેતા હતા. દા.ત. ૧૨ ટનનું વજન પાસ થયેલ હોય અને ૧૪ ટન ભરીને આવે તો જેટલું વધારે ભર્યું હોય એના ઉપર રાજ્ય સરકાર દંડ કરીને એ ટ્રાન્સપોર્ટર પાસેથી આપણે દંડ લેતા હતા. ભૂતકાળમાં એ દંડની રાજ્ય સરકારને મોટી આવક થતી હતી, પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટે ઓર્ડર કર્યો. આખા દેશમાં વધતા જતા અકસ્માતો નિવારવા માટે, ઓવરલોડ ટ્રકનું ભારણ નિવારવા માટે સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો કે દેશમાં હવે ઓવરલોડ ટ્રક ચલાવી શકાશે નહીં. ભૂતકાળમાં ગુજરાતમાં પણ આપણે ગોલ્ડન પાસ નામની પ્રથા દાખલ કરી હતી. ગોલ્ડન પાસ લે એ અગાઉથી દંડ ભરી જાય અને ગમે તેટલો ઓવરલોડ કરી શકતા હતા. એ પ્રથા આપણે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે રદ કરી. હવે કોઇપણ વાહન ઓવરલોડ કરીને આપણા રાજ્યમાં આવે તો ત્યાં જ રોકી લઇએ છીએ. જેટલો લોડ વધારે ભર્યો હોય એટલો ખાલી કરવો પડે છે. મહારાષ્ટ્રે પણ એવું કર્યું છે. એકંદરે ધીમે ધીમે આખા દેશમાં હવે રાજ્ય સરકારોને ઓવરલોડની આવકો મળતી હતી એ બંધ થઇ છે.

**શ્રી ભરતભાઇ કી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાડોશી રાજ્યની સરખામણીમાં ગુજરાત રાજ્યની ઇન્સ્પેકશન ફી દીઠ આવકમાં તફાવત છે કે કેમ? અને જો હોય તો કેટલો છે અને ચેકપોસ્ટ ખાતેના વે-બ્રીજ જૂના થઇ ગયા છે એ બદલવાનું આયોજન છે કે કેમ?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** ભારત સરકારે એક કમિટી બનાવી છે. આ કાયદાનું આખા દેશમાં પાલન થાય, કારણ કે એક રાજ્યમાં ઓવરલોડ ભરીને બીજા રાજ્યમાં આવે તો એ રાજ્યમાંથી પસાર થાય તો એ કાયદાનો અમલ ન કરે તો ન ચાલે. આ કમિટીમાં ચર્ચા થઇ એમાંથી આપણને જે માહિતી મળી છે એ પ્રમાણે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો એ માહિતી આખા દેશનું મેન્યુઅલ છે એમાંથી આપણે લીધેલ છે. આપણે ત્યાં સ્ટાફ મર્યાદિત છે. છતાં પણ એક ઇન્સ્પેકટર દીઠ આવક ૧૯ કરોડ ૨૪ લાખ છે. ૨૦૧૧-૧૨માં એ ૨૬ કરોડ ૮૦ લાખ હતી. જ્યારે મહારાષ્ટ્રમાં ૬ કરોડ ૧૫ લાખ અને ૨૦૧૧-૧૨માં ૫ કરોડ ૮૪ લાખ. પણ હવે એકંદરે ઓવરલોડની પ્રથા સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે અને ભારત સરકારની ગાઇડલાઇન પ્રમાણે આખા દેશમાં બંધ થવા ઉપર છે. એટલે ભવિષ્યમાં દંડની આવક મળવાની બિલકુલ બંધ થઇ જાશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ એવોર્ડ લેતી સરકારમાં ૯ કરોડ ૨૯ લાખ રૂપિયાનો ઘટાડો થયો છે તો આ બાબતે કોઇ ભ્રષ્ટ્રાચારની ફરિયાદ મળેલી? કેટલી ફરિયાદ મળી અને શું પગલા લીધા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વર્ણન કર્યુ એ આખા ગુજરાત રાજ્યની બધી ચેકપોસ્ટ ઉપર લાગુ પડે છે. ફરી સભ્યશ્રીને કહું તો અગાઉ ચેકપોસ્ટ ઉપર દંડની જે કરોડો રૂપિયાની આવક થતી હતી એ રાજ્યની તિજોરીમાં જમા થતી હતી પણ હવે ઓવરલોડ પ્રથા બંધ થઇ ગઇ છે. આ માટે કોઇ ફરિયાદ મળી નથી. કોઇ ફરિયાદ હોય તો આપજો. રાજ્યની તિજોરીને નુકસાન થાય એવી કોઇપણ પ્રવૃત્તિ

આ સરકાર ચલાવવા માગતી નથી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગુજરાતની સૌથી વધુ ટ્રાફિકવાળી ભિલાડ ચેક પોસ્ટ છે. ભિલાડ ચેક પોસ્ટ પર વર્ષ ૨૦૧૧ની અંદર આવક હતી એ કરતા ૨૦૧૨ માં ઘટી છે, તો માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી અપેક્ષા રાખું છું કે ભિલાડ ચેક પોસ્ટ ઉપર ફોલ્ડરીયા પ્રથા છે એ બંધ કરવા માગો છો કે નહિ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે એને અમે ગંભીરતાથી લઇએ છીએ.

કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ

* ૪૭૩ **શ્રી આર. સી. પટેલ** ( (જલાલપોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા કેન્સર હોસ્પિટલ, અમદાવાદને વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂ. ૩૮.૪૭ કરોડ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ. ૫૮.૮૨ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨)આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) આ સમય દરમ્યાન કુલ–૧૬૦.૧૬ કરોડ ખર્ચ થયેલ છે. |

શ્રી આર. સી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન હતો કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને આ સમય દરમ્યાન કેટલો ખર્ચ થયો? માનનીય મંત્રીશ્રીનો જવાબ હતો ૧૬૦.૧૬ કરોડ. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ગુજરાત કેન્સર સોસાયટી મેડિકલ કોલેજની વિગતો શું છે અને હોસ્પિટલમાં હાઇટેક સાધનોની સુવિધા કયા પ્રકારની છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે હોસ્પિટલો આવેલી છે એમાં કેટલીક બહુ પ્રતિષ્ઠા પ્રાપ્ત, સેવાભાવી અને ગુજરાતના દર્દીઓ સહિત આડોશી પાડોશી રાજ્યના દર્દીઓને પણ ખૂબ મોટા પ્રમાણમાં સારવાર અને સેવા આપે છે એ પ્રકારની જ આ ગુજરાત કેન્સર સોસાયટીની હોસ્પિટલ છે. આમ તો આ પ્યોરલી ૧૦૦% સરકારી હોસ્પિટલ નથી. સરકારે એને જમીન આપી, મદદ કરી, ગ્રાન્ટ આપે છે અને એનું આખું ટ્રસ્ટ છે, એ ટ્રસ્ટના નેજા હેઠળ ચાલે છે. છતાં રાજ્યની પણ ફરજ છે. સારી સેવાભાવી હોસ્પિટલો, ઉચ્ચ કક્ષાની સારવાર આપતી હોસ્પિટલોને રાજ્ય સરકાર તરફથી મદદ આપવી જોઇએ અને અગાઉથી ચાલતી પરંપરા પ્રમાણે અત્યારે અમે આ હોસ્પિટલને ખૂબ મોટા પ્રમાણમાં દર વર્ષે જરૂરિયાત પ્રમાણે ગ્રાન્ટ આપીએ છીએ. જેમ જેમ હોસ્પિટલની કેપેસિટી વધતી જાય, કામગીરી વધતી જાય, ખર્ચ વધતો જાય એમ એમ દર વર્ષે ગુજરાત સરકાર ગ્રાન્ટની રકમમાં પણ સતત વધારો કરે છે. હું સારવારના આંકડાથી માહિતગાર કરું તો બધા સભ્યશ્રીઓને ખ્યાલ આવશે કે આ હોસ્પિટલની અંદર જે સારવાર આપવામાં આવે છે એ ૨૦૦૯–૧૦માં ૨,૩૨,૬૩૪ કેન્સરના દર્દીઓને બહારના દર્દી તરીકે સારવાર આપી. એ વધીને ૨૦૧૦–૧૧માં ૨,૪૯,૬૫૦ દર્દી થયા અને ૨૦૧૧–૧૨માં ૨,૭૩,૬૬૭ દર્દીઓ ફકત બહારના દર્દી હતા. બહારના દર્દીઓને વિવિધ પ્રકારની સેવા આપે છે એ સમય મર્યાદાને કારણે નહિ કહું. આ હોસ્પિટલનો લાભ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના પણ કેટલાક કેન્સરવાળા દર્દીઓ છે, એ એની સારવારનો લાભ લે છે અને આપણે મોટા પ્રમાણમાં ગ્રાન્ટ અને અન્ય મદદ આપીએ છીએ. આ કેન્સર સોસાયટીએ પોતે મેડિકલ કોલેજ ચાલુ કરવા માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી હતી. તો અગાઉ સરકારે એને મંજૂરી પણ આપી છે અને એના માટે સરકારે કેન્સર હોસ્પિટલને જમીન પણ ફાળવી આપી છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ જે, અમદાવાદ સિવિલ કેમ્પસમાં આવેલ છે. ધેટ ઇઝ વન ઓફ ધ બેસ્ટ ઇન ઇન્ડિયા, નંબર આવે છે એવી સારી સારવાર અને એટલી નામના મેળવેલી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, જે બી.પી.એલ. કાર્ડ ધારક દર્દીઓ હોય છે, એને આપણે મફત સારવાર આ હોસ્પિટલમાં આપીએ છીએ કે કેમ ? અને બીજું, બી.પી.એલ. કાર્ડ ધારક ના હોય પણ જે લોકો ૧૬ થી ૩૬ સુધી કે એવા ગુણાંકમાં આવતા હોય અને ગરીબ દર્દીઓ હોય, કારણ કે કેન્સરની સારવાર ખૂબ જ ખર્ચાળ છે, તો આવા ગરીબ દર્દીઓ મદદ માટે ખૂબ બધે જતા હોય છે ત્યારે આવા દર્દીઓ માટે આપણે શું સગવડ રાખી છે એ હું જાણવા માગું છું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ડો. નીમાબેને ખૂબ અગત્યની વાત કરી. કેન્સરની સારવાર એ અતિ ખર્ચાળ સારવાર છે. ભૂતકાળમાં ધારાસભ્યની ચિઠ્ઠી લઇ જાય, થોડી રકમ ઓછી થાય, કોઇના ઉછીના પાછીના કરીને સગાવહાલાની સેવા કરવી પડે, સારવાર કરાવવી પડે. પણ મને આનંદ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે નવી પદ્ધતિ ચાલુ કરી, એમાં ત્રણ વ્યવસ્થાઓનો લાભ ગરીબ દર્દીઓને અને બી.પી.એલ.વાળાને અને બે લાખથી ઓછી આવક ધરાવતા જે રાજયના કોઇપણ વિસ્તારના, કોઇપણ જ્ઞાતિના, સમાજના દર્દી હોય એમને આપણે કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને હૃદયની યુ.એન.મહેતા હોસ્પિટલમાં ત્રણેયમાં સારવાર આપીએ છીએ. એક પદ્ધતિ એ છે કે, બે લાખ સુધીની આવક ધરાવતા કોઇપણ દર્દી હોય એમને આપણે આ લાભ આપીએ છીએ. બીજી ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ‘મા’ યોજના જે ચાલુ કરી, ગઇ કાલે પણ મેં બજેટમાં કહ્યું, એમાં પણ આપણે જોગવાઇ વધારી છે. તો બી.પી.એલ. કુટુંબના કોઇ પણ પરિવારના કોઇપણ વ્યક્તિ હોય, એને કોઇપણ પ્રકારનો રોગ થાય તો બિલકુલ વિનામૂલ્યે આ હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવે છે. ત્રીજી પદ્ધતિ જે છે કદાચ બે લાખથી વધુ આવક ધરાવતા હોય, કોઇ અન્ય પરિસ્થિતિ હોય, છતાં ખર્ચને પહોંચી વળાય એમ ના હોય તો મુખ્યમંત્રીશ્રીની રાહત નિધિમાંથી મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરવાથી એમાં પણ દર્દીને સારવાર માટેના ખર્ચમાં રાહત આપવામાં આવે છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૧૨–૧૩ના વર્ષમાં આ હોસ્પિટલમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારની ગ્રાન્ટથી કે મદદથી કેટલા દર્દીઓએ સારવાર લીધી અને બીજી એક માહિતી એવી જણાવવાની કે, માનનીય સભ્યશ્રી નીમાબેને કહ્યું કે, બી.પી.એલ. યાદીમાં જે સભ્યશ્રીઓના નામ હોય એમને જ મફત સારવાર આપવામાં આવે છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ એક વિનંતી સાથે માનનીય મંત્રીશ્રીને જણાવવાનું છે કે, કેટલાક લોકો પાસે બી.પી.એલ. કાર્ડ છે, પરંતુ જે બી.પી.એલ. યાદી જાહેર થઇ એમાં એમના નામ કમી થઇ ગયા છે તો આ બી.પી.એલ. કાર્ડ ધારકને ભલે યાદીમાં નામ કમી થઇ ગયું હોય પણ બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય તો સારવાર માટે માફી મળશે કે કેમ ?

અધ્યક્ષશ્રી : પહેલો રિલેવન્ટ નથી, બી.પી.એલ.ની યાદીનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા માનનીય સભ્યશ્રી, પ્રશ્નમાં બી.પી.એલ.વાળો એ મારો વિષય નથી, પણ બીજો જે માનનીય ભુષણભાઇએ પ્રશ્ન કર્યો કે, શાળા આરોગ્ય કાર્યક્રમમાં જે બાળકોને કેન્સર અથવા તો કોઇપણ પ્રકારના રોગ માલુમ પડે તો એની સારવાર રાજય સરકાર તરફથી વિના મૂલ્યે આપવામાં આવે છે. આપણને બધાને જાણીને આનંદ થશે કે, આખા દેશમાં એક માત્ર ગુજરાત સરકાર છે કે લગભગ સવા કરોડ બાળકોની વિદ્યાર્થીઓની ધોરણ–૧ થી માંડી કોલેજ સુધીના એમની સંસ્થામાં બેસી એમના આરોગ્યની ચકાસણી કરે છે, જરૂરિયાત પ્રમાણે વિવિધ તબક્કે એ બાળકોને સારવાર આપે છે અને કોઇને હૃદયનો વાલ્વ બદલવાનો હોય કે બીજી કોઇપણ તકલીફ હોય, કોઇ બાળકને કિડનીની તકલીફ હોય, તો એક પણ પૈસાનો ચાર્જ લીધા સિવાય, બહાર પણ મોકલીને મોંઘામાં મોંઘી સારવાર કરવી હોય તો પણ આપણે, સવા કરોડ વિદ્યાર્થીઓને શાળા તપાસણી કાર્યક્રમમાં આવરી લીધા છે અને અત્યારે ગુજરાતમાં આ કાર્યક્રમ શાળા તપાસણી આરોગ્યનો કાર્યક્રમ ચાલુ છે. મારી દરેક ધારાસભ્યશ્રીને વિનંતી છે કે, આપના વિસ્તારમાં આવી

કંઇ પણ જરૂરિયાત જણાય તો ચોકકસ કહેજો આપણે આ યોજનાનો લાભ દરેક પરિવારને, જેને જરૂરિયાત છે એને આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભૂષણભાઇએ વાત કરી, જયારે સારું કામ કરવા આપણે જઇ રહયા છીએ ત્યારે આનો લાભ ગરીબ માણસોને કેવી રીતે મળે એ તરફ જયારે સરકાર વિચારી રહી છે ત્યારે મંત્રીશ્રીએ જવાબ ટાળી દીધો હતો પણ આ ખૂબ ગંભીર અને અગત્યનો પ્રશ્ન છે. આપની પાસે ખાતરી લેવા માટે ઉભો થયો છું કે જે લોકો પાસે બી.પી.એલ.નું કાર્ડ છે એ લોકો કાર્ડ લઇને હોસ્પિટલમાં જાય છે પણ કોમ્પ્યુટરમાં યાદીમાં નામ ન હોવાને કારણે એમને લાભ મળતો નથી. તો બી.પી.એલ. કાર્ડવાળા લોકોને કિડની હોસ્પિટલમાં લાભ મળવાપાત્ર છે કે કેમ અને નામ ન હોવા છતાં એ લોકોને લાભ મળી શકે છે કે કેમ એ હું જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રાથમિક રીતે કહું તો આખા ગુજરાત રાજયમાં સરકારી હોસ્પિટલો પછી સિવિલ હોય કે સી.એચ.સી. હોય કે પી.એચ.સી. હોય કોઇપણ દર્દી માટે આપણે ચાર્જ કરતા નથી. બિલકુલ વ્યાજબી ભાવે નિઃશૂલ્ક રીતે દવાઓ પણ આપવામાં આવે છે. તમામ સારવાર ડીલીવરીથી માંડીને આપણે કરીએ છીએ. મારા આરોગ્ય વિભાગની ચર્ચા વખતે આ બધી વિગતો હું આપને આપીશ પણ આપે કહ્યું એ સૂચન છે. કોઇ બી.પી.એલ. કાર્ડ પહેલા લીધું હોય પણ પછી બી.પી.એલ.ની યાદીની બહાર નીકળી ગયા હોય તો સ્વાભાવિક છે કે અમારી હોસ્પિટલોમાં જે નોંધાયેલું કાર્ડ હોય એને જ અમે વાજબી ગણીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે બી.પી.એલ. કાર્ડ જે કુટુંબો ધરાવે છે એમને ફ્રી સારવાર આપવામાં આવે છે. રાજયમાં બી.પી.એલ. યાદીમાં નામની પાત્રતા ધરાવતા ઘણાબધા કુટુંબો બાકી રહી ગયા છે. આવા કુટુંબના કોઇપણ દર્દીઓને કેન્સર હોસ્પિટલમાં સારવાર કરવામાં ખૂબ મુશ્કેલી પડે છે તો જે લોકો આવા હોય એમના મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત દાખલો આપે અને એ દાખલાને આધારે ફ્રી સારવાર આપે. અસંખ્ય વિધવા મહિલાઓ છે એ પણ બી.પી.એલ. યાદીમાં નથી. એક વીઘો જમીન ન ધરાવતા હોય એવા કુટુંબો પણ છે.

અધ્યક્ષશ્રી : બી.પી.એલ.નું આપણે અહીંયા નથી કરતા એમણે એમ કહ્યું કે જુનુ બી.પી.એલ. કાર્ડ હોય અને નવી બી.પી.એલ. યાદીમાં નામ ન હોય તો જુનાને ન મળે. નવી યાદી પ્રમાણેના બી.પી.એલ.ને સગવડતા મળે. આપ એમ કહો છો કે જુનાને પણ આપો. કલેકટર પાસેથી કે મામલતદાર પાસેથી સરવે કરાવીને સગવડતા આપવી જોઇએ. આવું આપ કરી શકો કાંઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બધા સભ્યશ્રીઓને ખબર જ હશે કે બી.પી.એલ.ની યાદી, એના નોર્મ્સ, એના રુલ્સ, એની પદ્ધતિ, એ ભારત સરકાર નકકી કરે છે, તેથી તમે જરા ઝડપથી ત્યાં આ બધી વાત કહો તો બાકી રહેલાને આપણે લાભ આપી શકીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આના નોર્મ્સ ભારત સરકાર નકકી કરે છે આજે પણ રાજયની અંદર એવા અસંખ્ય કુટુંબો છે કે એક વીઘો જમીન ન હોય, ઘરે કોઇ વ્યવસ્થા ન હોય, વિધવા બહેનો હોય, આવા લોકોના પણ નામ બાકી રહી ગયા છે અને ભારત સરકાર ઉપર દોષનો ટોપલો ન ઢોળો.

અધ્યક્ષશ્રી : બી.પી.એલ.ની ચર્ચા અહીં નથી કરવાની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બી.પી.એલ.ની ચર્ચા નથી કરતો સાહેબ. એમને એક માહિતી આપી દઉં. (અંતરાય) પુંજાભાઇ, ધ્યાનથી સાંભળો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બી.પી.એલ.ની ચર્ચા આપણે અહીંયા નથી કરવાની. સગવડતાની વાત કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોને કિડની, કેન્સર અને હાર્ટ માટે આ ત્રણ હોસ્પિટલોમાં મફત સારવાર આપવાનો નિર્ણય કર્યો છે. અમલ ચાલુ થયો છે. તમે બધા જાણકારી રાખતા નથી એટલે તમારે આ પ્રશ્ન છે. એવા કોઇ હોય તો ત્યાં મોકલી આપજો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આપવામાં આવતો નથી એમ હું સ્પષ્ટપણે કહું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ સાહેબ આપીએ છીએ.

રાજયમાં નવા ટ્રોમા સેન્ટર સ્થાપવા બાબત.

*૪૯૯ શ્રી જનકભાઇ મ. કાછડીયા (કરંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કેટલા નવા ટ્રોમાં સેન્ટર સ્થાપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને | (૧) ૧૧ (અગિયાર). |
| (૨)તે પૈકી કેટલા ટ્રોમાં સેન્ટર કાર્યરત થયા ? | (૨) ૪ (ચાર) કાર્યરત, અન્ય (૫)નું બાંધકામ પૂર્ણ થયેલ છે. ટૂંક સમયમાં કાર્યરત થશે તથા ૨ (બે) નું બાંધકામ પ્રગતિમાં છે. |

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા કઇ કઇ જગ્યાએ નવા ટ્રોમા સેન્ટર સ્થાપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તે પૈકી કઇ કઇ જગ્યાએ ટ્રોમા સેન્ટર કાર્યરત થઇ ગયા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસેક વર્ષથી આ કન્સેપ્ટ આપણે સમગ્ર રાજયમાં અમલમાં મૂકયો છે. હોસ્પિટલમાં દર્દી આવે તો અગાઉ ઇમર્જન્સી અથવા તાત્કાલિક સારવાર એ પ્રમાણે વ્યવસ્થા હતી અને ત્યાં દર્દી દાખલ થાય, કોઇને અકસ્માત થયો હોય કે કોઇને ગંભીર ઇજા થઇ હોય તો અગાઉની પ્રણાલિ હતી. એ પછી જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીની વ્યવસ્થા આગળ વધતી ગઇ એમ એમ આપણે ટ્રોમા સેન્ટરની સુવિધાનો ઉમેરો કર્યો છે. રાજ્યની અંદર અત્યારે ૧૧ જેટલી જગ્યાએ ટ્રોમા સેન્ટરો હાઇવે ઉપર હોય, જ્યાં અકસ્માત વધુ થાય એવી જગ્યા ઉપર હોય કે મોટાં શહેરોમાં હોય, જિલ્લા મથક ઉપર હોય, મોટી હોસ્પિટલો અગાઉથી હોય, જેમાં ટ્રોમા સેન્ટરની સુવિધા વધારીએ તો આવનાર દર્દીને ઇમર્જન્સી સર્વિસ કરતા વધુ ઝડપથી વધુ આધુનિક સાધનોથી તપાસ કરીને સેવા આપવામાં આવે. જેથી કદાચ ૫–૧૫ મિનિટ ટ્રોમા સેન્ટરમાં વહેલા આવવાથી દર્દીનો જીવ બચી જાય તેવી ટ્રોમા સેન્ટરની આખી વ્યવસ્થા છે. અત્યારે ગુજરાતમાં કુલ ૧૧ ટ્રોમા સેન્ટરોનાં કામો મંજૂર થયેલ છે. એમાં મોટા ભાગનાનો આપણે ઉપયોગ ચાલુ કર્યો છે. જેમાં સર ટી હોસ્પિટલ ભાવનગર, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ. જયાં અદ્યતન પ્રકારની વ્યવસ્થા આધુનિક ઇકવીપમેન્ટ સાથેનું ટ્રોમા સેન્ટર પ્રસ્થાપિત કર્યુ છે. લીંબડી રોડ, સૌરાષ્ટ્રના ભાઇઓને ખબર છે કે લીંબડી હાઇવે ઉપર વારંવાર અકસ્માત થાય છે અને ભૂતકાળમાં ઘણા લોકોના મૃત્યુ પણ થયા છે. ઘણા લોકોને લીંબડી ઉપર સારી સારવાર ઝડપથી મળી રહે. નહિતર લીંબડીથી રાજકોટ લઇ જવા પડે, અથવા તો અમદાવાદ લાવવા પડે. અને ૧૦૦ કિ.મી.ના કારણે દર્દીને જે તકલીફ પડે એ નિવારવા માટે લીંબડીમાં ટ્રોમા સેન્ટર મંજૂર કર્યુ છે. એનું બાંધકામ અત્યારે ચાલુ છે. સિવિલ હોસ્પિટલ– મહેસાણા, સિવિલ હોસ્પિટલ– હિંમતનગર, સિવિલ હોસ્પિટલ–ભરૂચ, સિવિલ હોસ્પિટલ–પોરબંદર, સિવિલ હોસ્પિટલ–મોરબી, સરકારી હોસ્પિટલ જેતપુર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર– રાધનપુર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર– ભચાઉમાં બાંધકામ ચાલુ છે. બાકી બધી જગ્યાએ આધુનિક સાધનો સહિત ટ્રોમા સેન્ટરો સેવા આપી રહ્યા છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : ટ્રોમા સેન્ટરની સ્થાપના આ સરકાર માટે આશીર્વાદરૂપ છે એ વાત બરાબર છે, પરંતુ મારે જાણવું છે કે ધોરી માર્ગ ઉપર અકસ્માત થાય છે, ત્યારે એ દર્દીને તાત્કાલિક ટ્રોમા

સેન્ટરમાં લઇ જવા માટેની શી વ્યવસ્થા સરકારે કરી છે? બીજું, દર્દીને આધુનિક ટેકનોલોજીવાળાં સાધનો પૂરાં પાડવાં માટેની રાજ્ય સરકારે કેવા પ્રકારની વ્યવસ્થા કરી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કોઇપણ દર્દી હોય, અકસ્માત થયો હોય, ઇજા થઇ હોય તો ઝડપથી નજીકની હોસ્પિટલમાં પહોંચાડવા માટે આપણી ગુજરાતની અતિ લોકપ્રિય અને અતિ ઉપયોગી થયેલ અને હજારો લોકોનો જીવ બચાવ્યો છે, એવી ૧૦૮ સર્વિસ દ્વારા દર્દીને પ્રથમ તો હોસ્પિટલમાં લઇ જવામાં આવે છે. માનનીય નરોત્તમભાઇએ પ્રશ્ન કર્યો કે કેવી રીતે તો અકસ્માત થયો હોય, નજીકના પસાર થતા લોકો દર્દીને લઇ આવે છે, ૧૦૮ ઉપર ફોન કરે તો ૧૦૮ સર્વિસ પણ એમના માટે ઉપલબ્ધ છે. એ સિવાય સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે. ઘણી નગરપાલિકા, મહાનગરપાલિકા પોતે પણ ઇમર્જન્સી સર્વિસ સેવા આપે છે. કોઇપણ રીતે ઝડપથી દર્દી હોસ્પિટલમાં આવે એવો પ્રયત્ન હોય છે. જે જીવ બચાવવામાં મદદરૂપ થાય. આ હોસ્પિટલોમાં વિવિધ પ્રકારના સિટી સ્કેન, સોનોગ્રાફી અને એકસ–રે મશીનો અને નવાં નવાં આધુનિક સાધનો દર્દીઓને ઉપયોગી થાય એ પ્રકારના આપણે વસાવેલા છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને પૂછવું છે કે રાજયમાં ટ્રોમા સેન્ટરના બાંધકામ માટે રાજય સરકારે શી વ્યવસ્થા ગોઠવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલા સ્થળ નક્કી કરવામાં આવે છે અને જુદા જુદા વિસ્તારમાં કયા પ્રકારના ઝોન છે. કઇ સારવાર વાળા દર્દી વધુ આવે છે, તે આપણે નક્કી કરીએ છીએ. આપણા આરોગ્ય વિભાગમાંથી ગયા દસ વર્ષમાં મોટા પ્રમાણમાં મેડિકલ કોલેજો, હોસ્ટેલો, હોસ્પિટલો બનાવવાનું કામ ચાલું કરવામાં આવ્યું. અગાઉના વર્ષોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા આખા રાજ્યમાં સિવિલ હોસ્પિટલો વગેરેનું બાંધકામ થતું હતું. અત્યારે કામ ખૂબ વધી ગયુ અને હજારો, કરોડોના કામ જયારે ચાલી રહ્યા છે ત્યારે આપણે આરોગ્ય વિભાગ હસ્તક એક પી.આઇ.યુ. સેન્ટર ઉભું કર્યુ છે અને આ પી.આઇ.યુ. દ્વારા આ બધા બાંધકામો કરવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે ૧૧ ટ્રોમા સેન્ટરો સ્થાપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાંથી ૪ કાર્યરત થયા છે. ૫ નું બાંધકામ પૂર્ણ થયું છે અને ટૂંક સમયમાં ચાલુ થશે. બાકીના બે નું બાંધકામ પ્રગતિમાં છે. મારે જાણવું છે કે આની કોઇ ગાઇડ લાઇન કે તારીખ નકકી કરેલી છે કે આટલા સમય સુધીમાં બાકીના ૭ ટ્રોમા સેન્ટરો છે તે ચાલુ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટરમાં વિશિષ્ટ પ્રકારનું બાંધકામ કરવાનું જરૂરી છે. શરૂઆતમાં આપણે જયારે ચાલુ કર્યા ત્યારે હોસ્પિટલમાં જે વોર્ડ કે જગ્યા મળે તેમાં ટેમ્પરરી શરૂ કર્યા. પછી આધુનિક ડિઝાઇન, ડોકટરોની સલાહ અને આર્કિટેકની સલાહ અને મોટા મશીનો મૂકવાના હોય તે પ્રમાણે આપણે કામ ચાલુ કર્યુ છે અને બને તેટલા ઝડપથી બધા ટ્રોમા સેન્ટરોના બાંધકામ પૂર્ણ થાય અને કાર્યાન્વિત થાય તેવી આપણે કાળજી રાખીશું.

## રાજયમાં મેડિકલ કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની મંજૂર થયેલ બેઠકો

* ૪૮૭ શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં રાજયમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની કેટલી બેઠકો મંજૂરી થઈ? | તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં રાજયમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ કુલ ૧૦ વધારાની બેઠકો મંજૂર થયેલ છે. |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયમાં સરકારી તેમજ સ્વનિર્ભર મેડિકલ કોલેજની અંદર સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની સીટોની શું પરિસ્થિતિ છે? તેમજ રાજયમાં મેડિકલ કોલેજમાં સ્નાતક સીટોની સામે અનુસ્નાતક સીટોની શું પરિસ્થિતિ છે? તેમજ દેશની સરખામણીમાં ગુજરાતની શું પરિસ્થિતિ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો નંબર જ છે. તમે જાણો છો અને તમને ખબર જ છે બધુ પહેલું જ છે. રાજયમાં ભૂતકાળમાં ફકત સરકારી મેડિકલ કોલેજો હતી અને ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓને બહારના રાજ્યમાં અભ્યાસ કરવા માટે જવુ પડતું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી સરકારે નિર્ણય કર્યો કે ગુજરાતમાં મેડિકલની સીટો વધારવી, તેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ ડોકટરીનો અભ્યાસ કરવાની સગવડ મળે. તેની સાથે સાથે ખાસ અગત્યની બાબત એ છે કે સ્ટુડન્ટસને તો મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા મળે જ છે, પણ જયાં મેડિકલ કોલેજ બને ત્યાં ૩૦૦ થી માંડીને ૫૦૦ થી વધુ પથારીની હોસ્પિટલ, એ સ્વનિર્ભર હોય, સરકારી હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશનની હોય તે કરવાની, ચલાવવાની અને દર્દીઓની સેવા આપવાની ફરજ છે. તેવી એમ.સી.આઇ. અને ભારત સરકારની ગાઇડ લાઇન જ છે. એટલે ગુજરાતમાં મેડિકલ કોલેજ જેટલી બને એટલી નવી હોસ્પિટલો પણ આપોઆપ દર્દીઓની સુવિધા માટે ઉપલબ્ધ થાય છે. આ નીતિના કારણે ગુજરાતમાં માનનીય પ્રફુલ્લભાઇએ પ્રશ્ન કર્યો, તેમાં છ સરકારી કોલેજો છે. ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોલેજો છે. જેમાં બે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને એક સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની છે. ગુજરાત સરકારે પોતે નવી કોલેજો બનાવવા માટે એક સોસાયટીની સ્થાપના કરેલી છે. ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી. આ સોસાયટીના માધ્યમથી આપણે પાંચ મેડિકલ કોલેજો ચાલુ કરી દીધી છે. ત્રણ નવી મેડિકલ કોલેજોનું આયોજન છે. ખાનગી ચાર મેડિકલ કોલેજો અત્યારે રાજયમાં ચાલે છે. એક ડીમ્ડ યુનિવર્સિટીના નેજા નીચે ચાલે છે. એમ રાજયમાં અત્યારે કુલ ૧૯ મેડિકલ કોલેજ છે. ભૂતકાળમાં ફકત પાંચ જ મેડિકલ કોલેજ હતી. અત્યારે ૨૯૩૦ એમ.બી.બી.એસ. સીટો આપણે ગુજરાતમાં ઉપલબ્ધ કરાવી છે. બીજો જે માનનીય પ્રફુલ્લભાઇએ પ્રશ્ન કર્યો કે તેમાંથી અનુસ્નાતક સીટો કેટલી? તો જે એમ.સી.આઇ.ની ગાઇડ લાઇન છે તે પ્રમાણે પ્રોફેસર જોઇએ, અન્ય વ્યવસ્થા જોઇએ. તેના આધારે બીજી સીટો મંજૂર થતી હોય છે. અત્યારે ગુજરાતમાં ૧૧૫૪ પી.જી. સીટો છે અને ૨૮૭ ડિપ્લોમાં પી.જી.સીટો છે અને પી.જી.સીટો ઉપર જે સુપર સ્પેશિયાલિસ્ટી કહેવાય એવા પ્રકારની ડિગ્રી માટેની સીટો ગુજરાતમાં ૭૧ છે. આમ ૧૫૧૨ પી.જી.સીટો આપણી પાસે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગુ છું કે, ગુજરાત રાજયમાં જે મેડિકલ કોલેજો ચાલે છે, એ વાત સારી છે પરંતુ શિક્ષણનું જે ખાનગીકરણ કર્યુ છે એને કારણે ગુજરાતની અંદર જે ખાનગી કોલેજો ચાલે છે, એમાં ૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાની સીટો જે ભરવાની બાકી રાખતા હોય છે, એ સીટોમાં ૫૦ લાખ રૂપિયા ડોનેશન લઇ એ સીટો ભરવામાં આવતી હોય છે ત્યારે એમાં યોગ્ય કાર્યવાહી કરી એ ડોનેશન સરકાર બંધ કરાવવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી કોલેજો ભારત સરકાર મંજૂર કરે છે, એમ.સી.આઇ. મંજૂર કરે છે. અને અત્યારે આ પશ્નમાં આ વિષયનો સમાવેશ થતો નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો સરહદી અને પછાત જિલ્લો છે તો બનાસકાંઠા જિલ્લામાં તાત્કાલિક આપ મેડિકલ કોલેજ સરકારશ્રી દ્વારા મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અહીં આવતો નથી છતાં સભ્યશ્રીની જાણકારી માટે કહું કે, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તેની બોર્ડર ઉપર પાટણ નજીક ધાપુર ખાતે નવી મેડિકલ કોલેજ ચાલુ પણ થઇ ગઇ છે અને એનો લાભ વિદ્યાર્થીઓ અને દર્દીઓ લઇ રહ્યા છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની પરિસ્થિતિમાં મેડિકલ એજ્યુકેશનમાં ફકત ગ્રેજ્યુએશનથી સંતોષ થાય એ પ્રકારની પરિસ્થિતિ રહી નથી એટલે એમ.બી.બી.એસ. થયા પછી વિદ્યાર્થીઓને આગળના કોર્સો કરવાની એક જીજીવિષા હોય છે આવા સંજોગોમાં મારો પ્રશ્ન છે કે, આપણે જે

રીતે સેન્ટ્રલ કક્ષાએ ડી.એન.બી. કક્ષાના કોર્સ કરવાની એમ.સી.આઇ.ની જે પરવાનગી છે, એ રીતે ગત વર્ષે આપણે ગુજરાતમાં આવા કોર્સ શરૂ કરવાની, આફટર ગ્રેજ્યુએશનની પદ્ધતિ શરૂ કરવાનું જે વિચાર્યું હતું એ દિશામાં આપણે ક્યાં છીએ એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નની વિગતો અત્યારે મારી પાસે નથી.

દાહોદ આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક

*૪૨૧ શ્રીબચુભાઇ મ. ખાબડ (દેવગઢ બારીયા) : માનનીય **વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ આર.ટી.ઓ. ચેક પોસ્ટ સને ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલી આવક થઈ, | (૧) ` ૬.૧૨ કરોડ. |
| (૨) વર્ષ-૨૦૧૧-૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ` ૦૦.૫૮ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. |

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે ગુજરાત રાજય કરતા મધ્યપ્રદેશ રાજયમાં ઓવરલોડનો દંડ વધારે છે તો ગુજરાતની સરહદ પર આવેલ દાહોદ ચેક પોસ્ટ છે, એની નજીકના મધ્યપ્રદેશની ચેક પોસ્ટની આવક વધારે છે કે ઓછી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિગતવાર આની ચર્ચા કરી છે. વિવિધ ચેક પોસ્ટો કયા હાઇવે ઉપર આવેલી છે એ અગત્યનું છે. દા.ત. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજયને જોડતી રોડની ચેક પોસ્ટ હોય તો સ્વાભાવિક રીતે એની આવક વધારે હોય. અન્ય રાજયને કે અન્ય રસ્તાને જોડતી અથવા અન્ય વિસ્તારને જોડતી કોઇ ચેક પોસ્ટ હોય તો એની આવક ઓછી હોય. દા.ત. અમદાવાદ કે સુરત આર.ટી.ઓ. હોય તો નવા વાહનો મોટા પ્રમાણમાં લેવાતા હોય તો આવક વધુ હોય પણ કોઇ ગરીબ પછાત જિલ્લો હોય તો એની આવક સ્વાભાવિક ઓછી હોય. એમ આનો કોઇ ક્રાઇટેરિયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, બીજું મેં કહ્યું કે હવે ઓવરલોડનો દંડ લેવાની પદ્ધતિ ઓછી થઇ છે, એટલે એની આવકમાં હવે ભવિષ્યમાં આપણે મોટો વધારો કરી શકીશું નહીં.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નંબર ૩ અને પ્રશ્ન નંબર ૭ લગભગ સરખા જ છે ફકત સ્થળ બદલે છે. નામદાર સુપ્રીમ કોર્ટે બેન કર્યું છે કે ઓવરલોડ કોઇ વાહનમાં ભરવું નહીં. અને ત્યારથી કોઇ પણ રાજય સરકારો ઓવરલોડ કોઇ વાહનમાં ભરવા દેતી નથી. અને તેમ છતાં કોઇ ઓવરલોડ ભરીને આવે તો ચેક પોસ્ટ ઉપર એનો દંડ નથી કરવામાં આવતો પણ એ માલને ઉતારી લેવામાં આવે છે. એ પ્રથાથી જ્યારે કામ થાય છે ત્યારે મારે સરકારશ્રી પાસેથી એ જાણવું છે કે, ઘટાડો જે થયો અને આવક થઇ, આવક જે થઇ તેની અંદર રેગ્યુલર જે ટ્રાન્સપોર્ટીંગ થાય છે એમાં અન્ય રાજયનું વાહન આવ્યું, બસ આવી, ટેકસી આવી અને જેની પાસેથી આપણે ટેકસ લેતા હોઇએ તેમાં જે આ ૬.૧૨ કરોડની આવક થઇ છે તેમાં રેગ્યુલર આવક કેટલી છે? કે જે આપણા રાજયમાં આવે તો એણે પરમીટ લેવી પડે? બાકીનું વાહન તો આપણે કાઢી નાંખીએ છીએ. મારે ૭ નંબરમાં અને ૩ નંબરમાં જાણવું છે, માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. માંડવાળનો મુદ્દો જ નથી રહેતો. જ્યારે નામદાર સુપ્રીમ કોર્ટે આવતા વાહનને ઓવરલોડ ચલાવવાનું નથી

એમ કહ્યું છે એટલે આપણે માલ ઉતારી નાંખીએ છીએ એમ આપે કહ્યું છે તો આ માંડવાળ શું છે એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન નંબર–૨ અને ૩ વાંચીને એનું વિવરણ કર્યું પણ જો સાથે પ્રશ્ન નંબર–૧ વાંચ્યો હોત તો એમનો જવાબ એમને આપોઆપ મળી જાત, પહેલાં પ્રશ્નમાં એમ પૂછ્યું છે કે, ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આવક થઇ, પછી એમણે એમ પૂછ્યું છે કે, ઘટાડો થયો તો કેમ થયો અને કેટલો થયો? પહેલાં મેં જેમ અગાઉ કહ્યું તેમ ઓવરલોડ ટ્રકનો દંડ લઇને રાજ્યમાં વાહનને પ્રવેશ કરવા દેતા હતા, એટલે આવક વધારે હતી, જેમ સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવાની સખ્તાઇ, કડકાઇ ધીમે ધીમે વધતી ગઇ અને અન્ય રાજ્યોએ પણ એના કારણે સખ્તાઇ કરી. દા.ત. મધ્યપ્રદેશ રાજય જ આપણે ત્યાં ઓવરલોડ વાહન ન આવવા દે તો મધ્યપ્રદેશમાંથી આવતું વાહન આપણે ત્યાં ઓટોમેટિક ઓવરલોડમાં નથી આવવાનું, એટલે એ માંડવાળ કરવાનો પ્રશ્ન નથી, બીજું માંડવાળ ફી એટલે, એમનો પ્રશ્ન બરાબર છે કે પહેલાં આર.ટી.ઓ. અધિકારીને સત્તા હતી, કાયદાથી સત્તા હતી કે જેટલો ઓવરલોડ હોય એના વધારાના વજન પ્રમાણે એ પેનલ્ટી કરી શકે અને દંડ ભરે તો એ વાહન રાજયમાં આવી શકે, હવે જ્યારે સુપ્રીમ કોર્ટે એમ કહ્યું છે કે, દંડ લઇને પણ તમે, દંડ એટલે કે આ કેસમાં માંડવાળ, તો માંડવાળ કરીને પણ તમે વાહન નહિ લાવી શકો એટલે માંડવાળની આવક હવે બંધ થવાની છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ દાહોદ ચેકપોસ્ટનો પ્રશ્ન ઘણો ગંભીર છે, છેલ્લાં બે વરસથી હું આ પ્રશ્ન લઇને સંકલનમાં રજૂઆત કરું છું, ગરબાડાથી પુસળી જતા રસ્તા ઉપરથી આ ઓવરલોડની ટ્રકો બાયપાસ ચેકપોસ્ટથી છેલ્લાં બે વરસથી બે નંબરમાં કાઢવામાં આવે છે એના કારણે આ ૫૮ કરોડ રૂપિયાનો જે ઘટાડો થયો છે તેથી આ ચેકપોસ્ટમાં ચાલતો ભ્રષ્ટાચાર બંધ કરવા માગો છો કે કેમ? અને એની સામે શું પગલાં લેવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી પહેલાં સુધારો કરે. તમે એમ કહ્યું કે ૫૮ કરોડનો ઘટાડો થયો પણ ૫૮ કરોડ નહિ પણ ૫૮ લાખની વાત છે, કુલ આવક જ છ કરોડ પાંચ લાખ છે, એમાં આ માંડવાળ ફી અને ઓવરલોડનો દંડ લેવાનું બંધ થયું એના કારણે આ ઘટાડો થયો છે, બીજું આવા બાયપાસ કરીને મુખ્ય ચેકપોસ્ટને ટાળીને અન્ય જગ્યાએથી કોઇ અવરજવર થતી હશે તો અમે એની કાળજી રાખીશું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છેલ્લાં ઘણા સમયથી ચેકપોસ્ટ પર આવકો ઘટતી જાય છે, એનું કારણ એમણે એમ કહ્યું કે અમે જૂનવાણી વિચારસરણીના નથી પરંતુ આ કાંટાઓ જૂનવાણી વાળા છે, કાંટા ઉપર વેલ્ડીંગ કરવામાં આવે છે અને એના લીધે વજન વ્યવસ્થિત થતું નથી, એટલે મારો પહેલો પ્રશ્ન એ છે કે, તમે કાંટાઓ ક્યારે બદલવા માગો છો? બીજું દરેક ઇન્સ્પેક્ટર પોતાની સાથે સ્ટાફ લઇને આવે છે એને અમે મોટાભાગે ફોલ્ડિરયા કહીએ છીએ, સરકાર સ્ટાફ ભરતી નથી, છેલ્લાં બાવીસ વરસથી આમાં ભરતી થઇ નથી, ૧૯૮૯માં છેલ્લે ભરતી થઇ હતી અને તે પછી કોઇ ભરતી થઇ નથી, એના લીધે નાછૂટકે ઇન્સ્પેક્ટરો પોતાની સાથે માણસો લાવે છે અને એના પૈસા, એની રેવન્યુ સરકારને મળવી જોઇએ, એ રેવન્યુ સરકારને મળતી નથી, અને આ રેવન્યુ બહારના માણસો લઇ જાય છે એના લીધે પહેલી બાબત તો એ છે કે આપ ભરતી ક્યારે કરવા માગો છો કે જેથી રેવન્યુ સરકારને મળે અને અગાઉ કહ્યું તેમ આ વજનકાંટાઓ તમે ક્યારે બદલવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગમાં એ.આર.ટી.ઓ. અને એની ઉપરના અધિકારીઓ અને નીચેના અધિકારીઓ બધાની મોટા પ્રમાણમાં ભરતીની પ્રક્રિયા ચાલુ છે, પરીક્ષા લેવાઇ ગઇ છે અને એનું પરિણામ આવવાની તૈયારીમાં છે બીજું ગૌણ સેવા પસંદગી મંડળ અને અન્ય વ્યવસ્થાઓમાંથી અન્ય જાહેરાત થાય એટલે આપણે એની પણ ભરતી કરીશું, તાલીમ આપીશું અને કામે લગાવીશું.

## અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની આવક

**શ્રી * ૪૩૮ લાલજીભાઇ ચ. કોળી પટેલ (ધંધુકા) :** માનનીય **વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

**પ્રશ્ન**

(૧)સને ૨૦૧૨માં, અમદાવાદ જિલ્લા ખાતે આર.ટી.ઓ. કચેરીને તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨)ગત વર્ષની આવકના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩)જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧)

| કચેરીનું નામ | થયેલ આવક રૂપિયા કરોડમાં |
|---|---|
| અમદાવાદ આર.ટી.ઓ. | ૩૨૦.૨૦ |
| અમદાવાદ (પૂર્વ) એ.આર.ટી.ઓ. | ૫૮.૪૨ |
| કુલઃ- | ૩૭૮.૬૨ |

(૨) ગત વર્ષની આવકના પ્રમાણમાં આવકમાં એકંદરે નીચે મુજબ વધારો થયો.

| કચેરીનું નામ | રૂપિયા કરોડમાં |
|---|---|
| અમદાવાદ આર.ટી.ઓ. | (-) ૧૩.૫૯ |
| અમદાવાદ (પૂર્વ) એ.આર.ટી.ઓ. | (+) ૩૬.૫૯ |
| કુલઃ- | (+) ૨૩.૦૦ |

(૩) આવકમાં એકંદરે વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં માર્ચ ૨૦૦૧ની સ્થિતિએ કેટલાં વાહનો હતા અને ૨૦૦૧ની સ્થિતિથી ૨૦૧૧ના સમયગાળામાં કેટલાં વાહનો નોંધાયા અને અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૧થી એક દસકાની અંદર કયા પ્રકારના, કેટલા વાહનોની નોંધણીની સંખ્યા તેમજ કેટલો ફેરફાર થયેલ છે તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું.

અધ્યક્ષશ્રી : ખાલી વાહનોની સંખ્યા જ કહો. તમે પ્રશ્ન આવકનો પૂછો છો અને હવે વાહનની સંખ્યા ઉપર આવી ગયા. પ્રશ્ન છે તેને આનુષંગિક પેટા પ્રશ્ન પૂછવો જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ રાજકોટના જવાબમાં પણ જેમ કહ્યું, રિપિટ નહીં કરું, રાજયમાં વિકાસ અને સમૃદ્ધિ વધતી જાય છે એમ દેશની અને ગુજરાતની અંદર વાહનોની સંખ્યા વધતી જાય છે તો અમદાવાદ જિલ્લામાં ૧૯૬૧થી ૪૦ વર્ષમાં ૨૦૦૧ સુધી ૧૨ લાખ ૧૯ હજાર વાહનો નોંધાયા હતા, તેની સામે ૨૦૦૧થી અગિયાર વર્ષમાં ૧૩ લાખ ૮૦ હજાર વાહનો નોંધાયા છે અને આ વાહનોની વિવિધ પ્રકારની આવક રાજય સરકારને પ્રાપ્ત થઇ છે.

ભૂજ આર.ટી.ઓ.કચેરીની આવક

* ૪૧૮ ડો.નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સન ૨૦૧૨માં ભૂજ આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) ` ૧૪૫.૬૫ કરોડ. |
| (૨)ગત વર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ` ૦૮.૫૦ કરોડનો વધારો થયો. |
| (૩)જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માંગુ છું. આમ તો આ બાબતની ચર્ચા ઘણા બધા પ્રશ્નોમાં થઇ ગઇ છે. એટલે હું એક જાણવા માંગુ છું કે, જે ઓવર લોડનો પ્રશ્ન હોય છે ત્યારે આપે કહ્યું તે મુજબ વધારાનો જે માલ હોય એને આર.ટી.ઓ. ત્યાં ચેક પોસ્ટ ઉપર ઉતારી લેતાં હોય છે. વારંવાર આ પ્રશ્ન અમારી પાસે આવતો હોય છે કે જે ટ્રક ઓવર લોડમાં પકડાય છે તેનું રજિસ્ટ્રેશન ત્રણ મહિના માટે કેન્સલ કરવામાં આવતું હોય છે. તો આ બાબતમાં આપ શું કહેવા માંગો છો ?

અધ્યક્ષશ્રી : એટલે તમારું શું સૂચન છે ? પરમેનન્ટ કેન્સલ કરવું જોઇએ કે ઓછું કરવું જોઇએ ?

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ મહિના માટે રજિસ્ટ્રેશન કેન્સલ થતું હોય છે તો એવા જે ટ્રક ટ્રાન્સપોર્ટરો હોય છે કે જેની પાસે એક કે બે ટ્રક હોય અને ત્રણ મહિના માટે ત્યાં તેની ગાડી અટકી પડે તો એની રોજી-રોટી અટકી પડતી હોય છે. અને બધા ધારાસભ્યો પાસે આવા પ્રશ્નો આવતા હોય છે એટલે આ બાબતમાં ટ્રાન્સપોર્ટેશનની અંદર કંઇ નિર્ણય લેવા માગો છો ?

અધ્યક્ષશ્રી : કચ્છના ટ્રાન્સપોર્ટ એસોસિએશનનો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેનનું સૂચન છે, અભ્યાસ કરી લઇશું. ટ્રાન્સપોર્ટરોને પણ તકલીફ ના પડે, કાયદાનો પણ ભંગ ના થાય, રાજયની આવકને પણ અસર ના થાય એ પ્રમાણે કોઇ ઉપાય થતો હશે તો વિચારીશું.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આપન દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ભૂજ ખાતેની જે આર.ટી.ઓ.કચેરી છે, તેમાં લાયસન્સ લેવા માટે આવતા નાગરિકો માટે તૈયાર થયેલાં ડ્રાઇવીંગ લાયસન્સનું વિતરણ કેવી રીતે કરવામાં આવે છે અને તેનું વિતરણ ઝડપથી થાય તેના માટેની શું વ્યવસ્થા કરવામાં આવી છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે આખા રાજયની અંદર લાયસન્સથી માંડીને રજિસ્ટ્રેશનની દરેક કામગીરીમાં કોમ્પ્યુટરાઇઝેશનની સેવાઓ આપણે ઉમેરી છે. લાયસન્સ પણ આપણે સ્માર્ટ કાર્ડ ટાઇપનું આપીએ છીએ. એ લાયસન્સની અંદર પણ બધી જ વિગત ડ્રાયવરની અને આર.સી.બુક હોય તો વાહનની, વાહન માલિકની અને ગાડીની ચેસીસ વગેરેની પણ તેમાં સંપૂર્ણ માહિતી આવી જાય છે. લાયસન્સ લેવા માટે હવે ટેસ્ટ આપ્યાં પછી અથવા તો એની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી દરેક લાયસન્સદારને કે જેને લાયસન્સ મેળવવાનું છે તેમને ઘરે બેઠાં આપણે લાયસન્સ પહોંચાડીએ છીએ જેથી વચલો વર્ગ અથવા તો કોઇ ખોટાં માણસો અથવા દેશદ્રોહી માણસો, ભૂતકાળમાં એવા દાખલા પણ ધ્યાનમાં આવ્યાં હતા કે

ખોટાં નામે લાયસન્સ કઢાવી અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનારા પણ આવો દસ્તાવેજ મેળવતા હતાં. આ બધું જ અટકાવવા માટે હવે લાયસન્સદારના ઘરે ટપાલથી આપણે તેને લાયસન્સ પહોંચાડીએ છીએ.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે કચ્છની અંદર, જે મારા મત વિસ્તારની અંદર સિમેન્ટની ફેકટરીઓ છે. તેમાં સુપ્રીમ કોર્ટના આદેશના કારણે પહેલાં ફેકટરીઓને ફાઇન કર્યો કે તમે હવે આ ઓવરલોડ કરવાનું બંધ કરો. હવે અત્યારે સાહેબ મોડસ ઓપરેન્ડી એ ટાઇપની છે કે ફેકટરીની અંદરથી લોડમાં બરાબર ભરે અને બહાર આવી ઓવરલોડ કરી આગળ લઇ જાય છે તો આના માટે કંઇ કરવા માંગે છે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચકાસણી કરાવી લઇશું.

અધ્યક્ષશ્રી **: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ.

### રાજકોટ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૪૫૧ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૧૦૬૬.૧૪ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ની આવકો ધ્યાને લેતાં કેટલો વધારો થયેલ છે, અને | (૨) ` ૨૨૯.૧૫ કરોડ. |
| (૩) જો ઘટાડો થયેલ હોય તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ભિલાડ એ.આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક

૪૩૧ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભિલાડ એ. આર. ટી. ઓ ચેક પોસ્ટને તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) ` ૬૦.૭૬ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂા. ૦૯.૨૯ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. |

---------

### પાલીતાણા સરકારી હોસ્પિટલમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત

૭૫૨ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પાલીતાણા સરકારી હોસ્પિટલમાં છેલ્લા કેટલા વર્ષથી એમ.એસ. ડૉક્ટરોની જગ્યા તથા સ્ત્રી રોગ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાતની જગ્યા ભરાયેલ નથી, | (૧) એેમ.એસ. ડૉકટર (અધિક્ષક, વર્ગ-૧)ની જગ્યા તા. ૦૪-૧૨-૧૧થી ભરેલી છે.<br>-સ્ત્રી રોગ નિષ્ણાતની જગ્યા તા. ૨૪-૦૭-૧૨થી ખાલી છે.<br>-બાળરોગ નિષ્ણાતની જગ્યા તા. ૧૦-૦૬-૦૪ થી ખાલી છે. |

(૨) પાલીતાણા સરકારી હોસ્પિટલમાં એકસરે મશીન, ઓપરેશન થીયેટર, લેબોરેટરી, પ્રસુતિ ગૃહ કેટલા સમયથી બંધ છે, અને

(૨)એકસ-રે મશીન, ઓપરેશન થીયેટર, લેબોરેટરી ચાલુ છે.
-પ્રસુતિ ગૃહની પુન:નિર્માણની કામગીરી ચાલુ હોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી ચાલુ રાખવામાં આવેલ છે.

(૩) આ ડૉક્ટરોની નિમણૂક તથા મશીનરીઓ તથા પ્રસુતિ ગૃહ ક્યારે અને કેટલા સમયમાં શરૂ કરવામાં આવનાર છે ?

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તથા બાંધકામની કામગીરી પૂર્ણ થયેથી પ્રસુતિ ગૃહ મૂળ જગ્યાએ શરૂ કરવામાં આવશે.

---------

## સુરત જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની આવક

૪૩૫ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં આર.ટી.ઓ. કચેરીને તા. ૩૧-૧૨-૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ,

(૧)

| **કચેરીનું નામ** | **થયેલ આવક રૂપિયા કરોડમાં** |
|---|---|
| આર.ટી.ઓ., સુરત | ` ૧૮૭.૧૪ |
| એ.આર.ટી.ઓ., બારડોલી | ` ૨૧.૧૬ |
| **કુલ :-** | **` ૨૦૮.૩૦** |

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૨) આવકમાં નીચે મુજબ વધારો થયો

| **કચેરીનું નામ** | **રૂપિયા કરોડમાં** |
|---|---|
| આર.ટી.ઓ., સુરત | ` ૧૧.૨૦ |
| એ.આર.ટી.ઓ., બારડોલી | ` ૧.૭૧ |
| **કુલ :-** | **` ૧૨.૯૧** |

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ?

(૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ

૧૨૨ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં કેટલાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો આવેલાં છે,

(૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં આવેલા સા.આ. કેન્દ્ર અને પ્રા.આ. કેન્દ્ર નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લો** | **સા.આ. કેન્દ્ર** | **પ્રા.આ.કેન્દ્ર** |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૭ | ૮૦ |
| ૨ | નર્મદા | ૦૪ | ૨૨ |
| | **કુલ :-** | **૨૧** | **૧૦૨** |

(૨) આ બન્ને જિલ્લાઓમાં દવાખાના મુજબ મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) દરેક દવાખાનામાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) અને (૩)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સા.આ. કેન્દ્ર ખાતે મંજુર થયેલ મહેકમ** | **સા.આ.કેન્દ્ર ખાતે ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૬૨૧ | ૧૯૧ |
| ૨ | નર્મદા | ૧૩૬ | ૬૦ |

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **પ્રા.આ.કેન્દ્ર ખાતે મંજુર થયેલ મહેકમ** | **પ્રા.આ.કેન્દ્ર ખાતે ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૭૪૨ | ૧૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૨ | નર્મદા | ૨૪૨ | ૮૮ |

(૪) જો ખાલી જગ્યાઓ હોય તો કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૪) પ્રા.આ. કેન્દ્રો અને સા.આ. કેન્દ્રોની વર્ગ-૧ અને વર્ગ-૨ ની મેડીકલ સંવર્ગની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી /બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ-૩ની પેરામેડીકલ સંવર્ગની અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

---------

**કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ થયેલ**

૪૯૦ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્સર હોસ્પિટલ અમદાવાદને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા કેન્સર હોસ્પિટલ, અમદાવાદને વર્ષ ૨૦૧૦-૧૧માં ` ૩૮.૪૭ કરોડ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં ` ૫૮.૮૨ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) આ સમય દરમ્યાન કુલ-૧૬૦.૧૬ કરોડ ખર્ચ થયેલ છે.

એચબી-૬૬૩-૨

---------

**રીક્ષા ચાલકોની વારંવારની હડતાલ માટેનો ઉકેલ**

૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ તથા ગાંધીનગર સહિત ભાડા વધારા માટે રીક્ષા ચાલકો વારંવાર હડતાલ પર ઉતરી જાય છે અને પ્રજા હાલાકી ભોગવે છે તે ગંભીર હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ સમસ્યાના કાયમી ઉકેલ માટે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજયમાં નવા ટ્રોમા સેન્ટર સ્થાપવા બાબત**

૫૦૦ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા રાજયમાં કેટલા નવા ટ્રોમા સેન્ટર સ્થાપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ટ્રોમા સેન્ટર કાર્યરત થયા ?

**જવાબ**

(૧) ૧૧ (અગિયાર)

(૨) ૪ (ચાર) કાર્યરત.

અન્ય (૫) નું બાંધકામ પૂર્ણ થયેલ છે. ટૂંક સમયમાં કાર્યરત થશે. તથા ૨ (બે) નું બાંધકામ પ્રગતિમાં છે.

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩

તારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર આર.ટી.ઓ કચેરીની આવક**

૪૧૫ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની સને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આવક થઈ, | (૧) ` ૨૬.૧૭ કરોડની આવક થઈ. |
| (૨) ગત વર્ષની આવકના પ્રમાણમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૦.૦૯ કરોડનો ઘટાડો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) નવા વાહનોનું રજીસ્ટ્રેશનનું પ્રમાણ ઘટવાથી. |

---------

**રાજ્ય સરકારનું કુલ દેવું**

૪૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યનું કુલ કેટલું દેવું હતું.

(૧)

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | વર્ષના અંતે બાકી રહેતું કુલ દેવું. |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૧૦૮૭૪ |
| ૨૦૧૧–૧૨ | ૧૨૩૪૦૬ |

(૨) આ દેવાના ચૂકવણા પાછળ વ્યાજ અને હપ્તાની પાછળ કુલ કેટલું વાર્ષિક ચૂકવણું કરવામાં આવ્યું, અને

(૨) (` કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવાયેલ વ્યાજ | લોનના ચૂકવાયેલ હપ્તા | વ્યાજ અને હપ્તાની કુલ ચુકવણી |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૨ | ૩૮૧૭ | ૧૨૩૭૯ |
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ | ૫૨૭૫ | ૧૫૧૧૫ |

(૩) દેવું ઘટાડવા માટે રાજ્ય સરકાર કેવા પગલાંઓ લેવા માંગે છે?

(૩) રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે અન્વયે દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરિયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર લેવામાં આવે છે.

---------

**રાજ્યમાં મેડીકલ કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની મંજૂર થયેલ બેઠકો**

૪૮૦ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની કેટલી બેઠકો મંજૂર થઈ? | તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં રાજ્યમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ કુલ ૧૦ વધારાની બેઠકો મંજૂર થયેલ છે. |

---------

**રાજ્યમાં નવી મેડીકલ કોલેજોને આપેલ મંજૂરી**

૪૭૬ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી, અને | (૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬ નવી મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી. |
| (૨) આ નવી મેડીકલ કોલેજની મંજૂરી મળતા બે | (૨) આ નવી મેડીકલ કોલેજની મંજૂરી મળતા બે |

| | |
|---|---|
| વર્ષમાં કેટલી બેઠકોનો વધારો થયેલ છે ? | વર્ષમાં ૯૦૦ બેઠકોનો વધારો થયેલ છે. |

---------

**ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૪૧ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર એ.આર.ટી.ઓ કચેરીને સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ, | (૧) ` ૬૧.૮૫ કરોડની આવક થઈ. |
| (૨) ગત વર્ષની આવકની દૃષ્ટિએ આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૧.૦૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુના નોંધાયેલ કેસો**

૯૮૧ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧–૧–૨૦૧૨ થી ૨૭–૧–૨૦૧૩ સુધીમાં રાજકોટ શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુ તાવના કેટલા કેસો નોંધવામાં આવ્યા, | (૧) તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૨૭–૧–૨૦૧૩ સુધીમાં રાજકોટ શહેરમાં ૧૨૮ અને જીલ્લામાં ૬૩ ડેન્ગ્યુ તાવના કેસ નોંધવામાં આવેલ છે. |
| (૨) ડેન્ગ્યુ અન્વયે કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) રાજકોટ જીલ્લામાં ડેન્ગ્યુથી ૧ કન્ફર્મ મરણ નોંધાયેલ છે. |
| (૩)ડેન્ગ્યુના વધતા જતા ફેલાવાને રોકવા સરકારે શા પગલાં લીધા ? | (૩) હેલ્થવર્કરો દ્વારા તાવનું સર્વેલન્સ કરાવવું, અઠવાડીક ધોરણે પોરાનાશક કામગીરી હાથ ધરવી, ડેન્ગ્યુના કન્ફર્મ તેમજ શંકાસ્પદ કેસના વિસ્તારોમાં પુખ્ત મચ્છરોના નાશ માટે ફોગીંગ કરાવવુ તેમજ આરોગ્ય વિષયક શિક્ષણ પ્રવૃત્તિ હાથ ધરવા જેવા વિવિધ પગલાં લેવામાં આવેલાં હતાં. |

---------

**સુરત જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

૪૫૩ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૩૮૦૮.૨૧ કરોડ |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૪૨૧. ૨૩ કરોડ |
| (૩) આ બાકી રકમ વસુલ કરવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**દાહોદ.આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક**

૪૬૮ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ આર.ટી.ઓ ચેકપોસ્ટને સને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આવક થઈ, | (૧) ` ૬.૧૨ કરોડ |

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૨) ` ૦૦.૫૮ કરોડનો ઘટાડો થયો.

(૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

(૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી.

---------

**સુરત જિલ્લાના માંડવી અને તાપી જિલ્લાના સોનગઢ રેફરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા અંગે**

૮૮૧ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી અને તાપી જિલ્લાના સોનગઢ રેફરલ હોસ્પિટલમાં કેટલું મહેકમ છે,

(૨) તેની સામે કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સુરત જિલ્લાની માંડવી રેફરલ હોસ્પિટલમાં અને તાપી જિલ્લાના સોનગઢ રેફરલ હોસ્પિટલમાં સંલગ્ન **પત્રક-અ** મુજબનું મહેકમ છે.

(૨) ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત સંલગ્ન **પત્રક-બ** મુજબ છે.

(૩) સા.આ.કેન્દ્રોની વર્ગ-૧ અને વર્ગ-૨ની મેડીકલ સંવર્ગની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-અ**

**સા.આ.કેન્દ્ર માંડવી જી. સુરત**

| **સા.આ.કેન્દ્રનું નામ :- માંડવી** | | | | **તાલુકો :- માંડવી** | | | **જિલ્લો :- સુરત** | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | જગ્યાનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યા તારીખ | ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે | વૈકલ્પિક વ્યવસ્થા શું થયેલ છે. | વિશેષ નોંધ |
| ૧ | અધિક્ષક (વર્ગ-૧) | ૧ | ૦ | ૧ | ૩૧-૫-૨૦૦૫ | | ડો. પી એમ ચૌધરી (તબીબી અધિકારી વર્ગ ૨ ને ડી.જી.ઓ. ચાર્જ આપેલ છે. | |
| ૨ | તજજ્ઞ | ૪ | ૦ | ૪ | ૦૮-૦૫-૧૨ | ખાલી જગ્યા ભરવાની અત્રેની સત્તા નથી. | | |
| ૩ | તબીબી અધિકારી (વર્ગ-૨) | ૪ | ૩ | ૧ | ૦૮-૦૫-૧૨ | | | |
| ૪ | ડેન્ટલ (ફીકસ પગાર) | ૧ | ૦ | ૧ | ૧૮-૦૩-૧૧ | | | |
| ૫ | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | | | | |
| ૬ | એક્સ-રે ટેકનીશીયન (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | | | | |
| ૭ | લેબોરેટરી ટેકનીશીયન (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | | | આરસીએચ કરાર આધારિત | |
| ૮ | જુનીયર ફાર્માસીસ્ટ (વર્ગ-૩) | ૨ | ૨ | ૦ | | | ૧ રેડક્રોસ કરાર આધારિત | |
| ૯ | હેડનર્સ (વર્ગ-૩) | ૧ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૧૧ | | | |
| ૧૦ | સ્ટાફનર્સ (વર્ગ-૩) | ૧૦ | ૮ | ૨ | ૧૪-૫-૨૦૧૦<br>૩૦-૯-૨૦૧૧ | | | |
| ૧૧ | હેડ કલાર્ક (વર્ગ-૩) | ૨ | ૨ | ૦ | | | | |
| ૧૨ | સીનીયર કલાર્ક (વર્ગ-૩) | ૨ | ૦ | ૨ | ૨૬-૨-૨૦૦૮<br>૩૧-૭-૨૦૦૬ | | | |
| ૧૩ | ઓ. આસીસ્ટન્ટ (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | | | | |
| ૧૪ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૧ | ૧ | ૦ | | | | |
| ૧૫ | ડ્રેસર (વર્ગ-૪) | ૧ | ૦ | ૧ | ૦૭-૧૧-૧૯૮૬ | | | |
| ૧૬ | વોર્ડ બોય (વર્ગ-૪) | ૧૨ | ૧૧ | ૧ | ૩૦-૦૯-૨૦૧૨ | | | |
| ૧૭ | સ્વીપર (વર્ગ-૪) | ૬ | ૪ | ૨ | ૧૦-૪-૧૯૯૭<br>૧૩-૭-૨૦૧૧ | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | રસોયા (વર્ગ–૪) | ૧ | ૧ | ૦ | | | | |
| | કુલ | ૫૨ | ૩૬ | ૧૬ | | | | |

---------

એચબી – ૬૬૩–૩

**પત્રક–બ**

**સા.આ.કેન્દ્ર માંડવી જી. સુરત (પી. પી. યુનિટ)**

| **સા.આ.કેન્દ્રનું નામ :– માંડવી** | | | | **તાલુકો :– માંડવી** | | | **જિલ્લો :– સુરત** | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | જગ્યાનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ખાલી જગ્યા તારીખ | ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે | વૈકલ્પિક વ્યવસ્થા શું થયેલ છે. | વિશેષ નોંધ |
| ૧ | ગાયનેક | ૧ | ૦ | ૧ | ૧૩–૦૧–૦૩ | ખાલી જગ્યા ભરવાની અત્રેની સત્તા નથી. | | |
| ૨ | પીડીયાટીશીયન | ૧ | ૦ | ૧ | ૧૨–૦૯–૧૦ | | | |
| ૩ | સીની. કલાર્ક | ૧ | ૦ | ૧ | ૨૭–૧૦–૦૮ | | | |
| ૪ | લેબ. ટેકની. | ૧ | ૦ | ૧ | ૩૧–૦૮–૦૦ | | | |
| ૫ | ઓ. ટી. સ્ટાફ | ૧ | ૦ | ૧ | ૦૨–૧૧–૦૦ | | | |
| ૬ | ફીમેલ હેલ્થ સુપર | ૧ | ૦ | ૧ | ૦૧–૦૧–૧૨ | | | |
| ૭ | ફીમેલ હેલ્થ વર્કર | ૧ | ૦ | ૧ | ૦૭–૦૯–૦૯ | | | |
| ૮ | એ. એન. એમ. | ૧ | ૦ | ૧ | ૩૦–૬–૧૨ | | | |
| ૯ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | | | | |
| ૧૦ | ઓ. ટી. એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૦૭–૧૧–૮૬ | | | |
| | કુલ | ૧૦ | ૧ | ૯ | | | | |

---------

**સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં પ્રવેશ બેઠકોની સંખ્યા**

૫૦૨ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં ડિગ્રી અને ડીપ્લોમાની તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પ્રવેશ બેઠકો કેટલી છે, અને

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં કેટલો વધારો થનાર છે ?

**જવાબ**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પ્રવેશ બેઠકો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | પ્રવેશ બેઠકો |
|---|---|---|---|
| ૧ | સ્નાતક ડિગ્રી | એમ.બી.બી.એસ. | ૨૯૩૦ |
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી./એમ.એસ. | ૧૧૫૪ |
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સી.એચ./ડી.એમ. | ૭૧ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડિપ્લોમા | ૨૮૭ |

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં મંજૂર થયેલ પ્રવેશ બેઠકોનો સમાવેશ થયેલ હોય, થનાર વધારા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ની સરખામણીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩માં પ્રવેશ બેઠકોમાં થયેલ વધારો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ પ્રવેશ બેઠકો | શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ પ્રવેશ બેઠકો | થયેલ વધારો પ્રવેશ બેઠકો |
|---|---|---|---|---|---|
| ૧ | સ્નાતક ડિગ્રી | એમ.બી.બી.એસ. | ૨૩૮૦ | ૨૯૩૦ | ૫૫૦ |
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી./એમ.એસ. | ૧૧૪૪ | ૧૧૫૪ | ૧૦ |
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સી.એચ./ડી.એમ. | ૭૧ | ૭૧ | ૦ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડીપ્લોમા | ૨૮૭ | ૨૮૭ | ૦ |

---------

### ગોધરા આર.ટી.ઓ. કચેરીની આવક

૪૨૪**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૨માં ગોધરા આર.ટી.ઓ કચેરીને તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) ` ૩૦.૯૯ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૪.૩૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

૪૯૫ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રાજ્ય સરકારે ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને વર્ષ–૨૦૧૦–૧૧માં ` ૨૪.૪૬ કરોડ અને વર્ષ–૨૦૧૧–૧૨માં ` ૩૬.૧૪ કરોડ ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) આ સમય દરમ્યાન કુલ– ` ૧૭૪.૭૫ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

### સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં પ્રવેશ બેઠકોની સંખ્યા

૫૦૧ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં ડિગ્રી અને ડીપ્લોમાની તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પ્રવેશ બેઠકો કેટલી છે, અને

**જવાબ**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પ્રવેશ બેઠકો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | પ્રવેશ બેઠકો |
|---|---|---|---|
| ૧ | સ્નાતક ડિગ્રી | એમ.બી.બી.એસ. | ૨૯૩૦ |
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી./એમ.એસ. | ૧૧૫૪ |
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સી.એચ./ડી.એમ. | ૭૧ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડિપ્લોમા | ૨૮૭ |

**પ્રશ્ન**

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં કેટલો વધારો થનાર છે ?

**જવાબ**

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં મંજૂર થયેલ પ્રવેશ બેઠકોનો સમાવેશ થયેલ હોય, થનાર વધારા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ની સરખામણીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩માં થયેલ પ્રવેશ બેઠકોમાં વધારો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ પ્રવેશ બેઠકો | શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ પ્રવેશ બેઠકો | થયેલ વધારો પ્રવેશ બેઠકો |
|---|---|---|---|---|---|
| ૧ | સ્નાતક ડિગ્રી | એમ.બી.બી.એસ. | ૨૩૮૦ | ૨૯૩૦ | ૫૫૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી./એમ.એસ. | ૧૧૬૪ | ૧૧૫૪ | ૧૦ |
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સી.એચ./ડી.એમ. | ૭૧ | ૭૧ | ૦ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડીપ્લોમા | ૨૮૭ | ૨૮૭ | ૦ |

---------

**ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ**

૪૭૫ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને વર્ષ–૨૦૧૦–૧૧માં ` ૨૪.૪૬ કરોડ અને વર્ષ–૨૦૧૧–૧૨માં `૩૬.૧૪ કરોડ ગ્રાન્ટ ફાળવેલ છે.

(૨) આ સમય દરમ્યાન કુલ ` ૧૭૪.૭૫ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**અમદાવાદ સીવીલ હોસ્પિટલના નવીનીકરણ પાછળ થયેલ ખર્ચ**

૪૮૪ **શ્રી જગદીશભાઈ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પિટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પિટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ નવી કામગીરી હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૦–૧૧માં પેકેજ–૧ ના પાર્ટ–૧ અને પાર્ટ–૨ના કામ તેમજ વર્ષ ૨૦૧૧–૧૨માં પેકેજ–૩ ના ફેજ–૧ ની કામગીરી હાથ ધરેલ હતી

(૨)તા. ૩૧–૧૨–૧૨ સુધી કુલ ` ૨૩૩.૨૨ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**સિવિલ હોસ્પિટલ, અમરેલીમાં મંજુર થયેલ મહેકમ**

૧૧૦૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી શહેરમાં આવેલ સરકારી સિવિલ હોસ્પિટલમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજુર |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૬ |
| ૨ | વર્ગ–૨ | ૨૦ |
| ૩ | વર્ગ–૩ | ૧૦૪ |
| ૪ | વર્ગ–૪ | ૬૪ |
| | **કુલ** | **૨૧૪** |

**(પત્રક–અ** મુજબ**)**

(૨)

| ક્રમ | સંવર્ગ | ખાલી |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૮ |
| ૨ | વર્ગ–૨ | ૦૭ |
| ૩ | વર્ગ–૩ | ૪૧ |
| ૪ | વર્ગ–૪ | ૨૬ |
| | **કુલ** | **૯૧** |

(**પત્રક–બ** મુજબ)

* વર્ગ–૧ની ખાલી જગ્યાઓ ભરવા માટે કમિશ્નર કચેરી

આયોજન છે?

ખાતે દર સોમવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે અને તેમાં પસંદગી પામેલ તજજ્ઞોને નિમણુંક આપવામાં આવે છે.
* વર્ગ–૨ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
* વર્ગ–૩ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી પણ પ્રગતિમાં છે.

**પત્રક–અ**

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી | કઈ તારીખથી ખાલી છે. | ક્યા વિભાગની જગ્યા છે. |
|---|---|---|---|---|---|---|
| ૧ | મુ.જિ.ત.અ. સહ સિવિલ સર્જન | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૨ | આંખના સર્જન | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૩ | ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | ૨૦–૧૦–૦૨ | હોસ્પિટલ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ | ૩૦–૪–૧૧ (રાજીનામું આપતાં) | હોસ્પિટલ |
| ૫ | પૂર્ણકાલીન સર્જન | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૬ | સ્ત્રીરોગ નિષ્ણાત | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૭ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૨૬–૧૨–૧૧ (રાજીનામું આપતાં) | હોસ્પિટલ |
| ૮ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૪–૧૧–૦૫ | હોસ્પિટલ |
| ૯ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૦–૦૧–૨૦૦૪ | હોસ્પિટલ |
| ૧૦ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૧ | ૧ | ૧૨–૦૨–૨૦૦૩ | હોસ્પિટલ |
| ૧૧ | મનોચિકિત્સક | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ | હોસ્પિટલ |
| ૧૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૧૩ | માનદ ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | –– | હોસ્પિટલ |
| ૧૪ | માનદ ઈ.એન.ટી. | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૧૫ | માનદ ડર્મેટોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૪–૪–૯૪ | હોસ્પિટલ |
| ૧૬ | માનદ કાર્ડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ નવી મંજુર | હોસ્પિટલ |
| ૧૭ | માનદ નેફ્રોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ નવી મંજુર | હોસ્પિટલ |
| ૧૮ | સાઈકયાટ્રીક | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ નવી મંજુર | હોસ્પિટલ |
| ૧૯ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ નવી મંજુર | હોસ્પિટલ |
| ૨૦ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૨૧ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | –– | હોસ્પિટલ |
| ૨૨ | કલીનીકલ સાયકયાટ્રીક | ૧ | ૦ | ૧ | ૨૦૧૦ નવી મંજુર | હોસ્પિટલ |
| આર.ટી.ઓ., સુરત | ` ૧૧.૨૦ |
| એ.આર.ટી.ઓ., બારડોલી | ` ૧.૭૧ |
| **કુલ :-** | **` ૧૨.૯૧** |

(૩) આવકમાં વધારો થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભથી વંચિત બી. પી. એલ. કુટુંબો

૧૦૦૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી. પી. એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળે છે,

(૨) તાલુકાવાર નોંધાયેલ બી. પી. એલ. કુટુંબો પૈકી ૫૦% જેટલા કુટુંબોને આ યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો તેના કારણો શા છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | બી.પી.એલ. કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તારાપુર | ૦૧૯૦૭ |
| ૨ | સૌજીત્રા | ૦૩૬૧૧ |
| ૩ | ઉમરેઠ | ૦૦૭૮૬ |
| ૪ | આણંદ | ૧૩૦૯૭ |
| ૫ | પેટલાદ | ૧૧૪૪૨ |
| ૬ | ખંભાત | ૦૬૨૮૮ |
| ૭ | બોરસદ | ૨૦૯૪૪ |
| ૮ | આંકલાવ | ૦૬૪૮૩ |
| | **કુલ** | **૬૪૫૫૮** |

(૨) અને (૩) ના, જી.

(૪) તમામ બી. પી. એલ. કુટુંબોને લાભ આપવા શું આયોજન છે, અને

(૫) કેટલા સમયમાં યોજનાનો લાભ મળશે ?

(૪) અને (૫) તમામ બી.પી.એલ. કુટુંબોને લાભ આપવાનું ચાલુ છે.

---------

**રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની થયેલ આવક**

૪૪૭ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને વાણિજ્યિક વેરા પેટે કેટલી આવક થઈ,

(૨) રાજ્ય સરકારની આવકમાં કેટલો વધારો/ઘટાડો થયેલ છે,

(૩) જો ઘટાડો થયેલ હોય તો કારણો શા છે, અને

(૪) આવકની વૃધ્ધિ માટે કયા પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ` ૭૦૪૯૭.૭૦ કરોડ.

(૨) વર્ષ ૨૦૧૧ની સરખામણીએ વર્ષ ૨૦૧૨માં ` ૧૦૧૫૦.૮૨ કરોડનો વધારો થયેલ છે.

(૩) ઘટાડો થયેલ નથી.

(૪) કાયદા અનુસાર પગલાં લેવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવા બાબત**

૨૦૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ–૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨ માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા છે,

(૨) કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને

(૩) બાકી રહેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શા પગલાં લેવાનું વિચાર્યુ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબ (૧) ભૌતિક સુવિધા (૨) સાધન સામગ્રી (૩) માનવ સંસાધન અને તાલીમનું તબક્કાવાર આયોજન કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લાના ૧૭ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી આ પહેલા ૧૪ સામુહીક આરોગ્ય કેન્દ્રોને ભૌતિક સુવિધા માટે આવરી લેવામાં આવેલ તેમાં ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ભૌતિક સુવિધા પુરી પાડવામાં આવેલ છે અને ૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કામ પ્રગતિમાં છે.

૨૦૧૧ તથા ૨૦૧૨માં બાકી રહેતા ૩ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ ભૌતિક સુવિધા માટે આવરી લેવામાં આવેલ છે.

૨૦૧૧ તથા ૨૦૧૨માં ૧૧ સામુહિક આરોગ્ય કેન્દ્રોને સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે.

બાકી રહેતા ૬ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ચાલુ વર્ષે સાધન સામગ્રી પુરી પાડવાનું આયોજન છે.

માનવ સંસાધન અને તાલીમ વગેરેની કાર્યવાહી હવે પછી હાથ ધરવાનું આયોજન કરેલ છે.

---------

**બનાસકાંઠા આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૪૦ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા આર.ટી.ઓ. કચેરીને સને ૨૦૧૨ માં કેટલી આવક થઈ, | (૧) ` ૩૯.૪૮ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૪–૪૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન**

૮૭૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) દાહોદ જિલ્લામાં આવેલ પ્રા.આ.કેન્દ્ર અને સા.આ.કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર અને ખાલી જગ્યાઓની વિગત ***પત્રક** મુજબની છે. આ જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત દર્શાવતું ***પત્રક–અ** અને ***પત્રક–બ** સામેલ છે. |
| (૨) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨)પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગોધરા આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૨૩ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૨ માં ગોધરા આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) ` ૩૦.૯૯ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૧ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) આવકમાં ` ૦૪.૩૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**રાજ્ય સરકારને વાણિજિયકવેરા પેટે થયેલ આવક**

૪૫૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને વાણિજિયકવેરા પેટે કેટલી આવક થઈ, | (૧) ` ૭૦૪૯૭.૭૦ કરોડ. |
| (૨) રાજ્ય સરકારની આવકમાં કેટલો વધારો/ઘટાડો થયેલ છે, | (૨) વર્ષ ૨૦૧૧ની સરખામણીએ વર્ષ ૨૦૧૨માં ` ૧૦૧૫૦.૮૨ કરોડનો વધારો થયેલ છે. |
| (૩) જો ઘટાડો થયેલ હોય તો શા કારણે, અને | (૩) ઘટાડો થયેલ નથી. |
| (૪) આવકની વૃધ્ધિ માટે ક્યા પગલાં લેવામાં આવેલ છે? | (૪) કાયદા અનુસાર પગલાં લેવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૪૫૨ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૩૮૦૮.૨૧ કરોડ. |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૪૨૧.૨૩ કરોડ. |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધાં ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**સરકારી અને સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં પ્રવેશ બેઠકોની સંખ્યા**

૪૮૯ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં ડીગ્રી અને ડીપ્લોમાની તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ પ્રવેશ બેઠકો કેટલી છે, અને

**જવાબ**

(૧) રાજ્યની સરકારી અને સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ પ્રવેશ બેઠકો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | પ્રવેશ બેઠકો |
|---|---|---|---|
| ૧ | સ્નાતક ડીગ્રી | એમ.બી.બી.એસ. | ૨૯૩૦ |
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી/એમ.એસ. | ૧૧૫૪ |
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સીએચ./ડી.એમ. | ૭૧ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડિપ્લોમા | ૨૮૭ |

**પ્રશ્ન**

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં કેટલો વધારો થનાર છે ?

**જવાબ**

(૨) આ બેઠકોમાં ૨૦૧૨–૧૩ ના વર્ષમાં મંજૂર થયેલ પ્રવેશ બેઠકોનો સમાવેશ થયેલ હોય, થનાર વધારા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ની સરખામણીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩માં પ્રવેશ બેઠકોમાં થયેલ વધારો નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા | ડિગ્રી/ડિપ્લોમા | શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ પ્રવેશ બેઠકો | શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ પ્રવેશ બેઠકો | થયેલ વધારો પ્રવેશ બેઠકો |
|---|---|---|---|---|---|
| ૧ | સ્નાતક ડીગ્રી | એમ.બી.બી.એસ. | ૨૩૮૦ | ૨૯૩૦ | ૫૫૦ |
| ૨ | અનુસ્નાતક ડિગ્રી | એમ.ડી/એમ.એસ. | ૧૧૪૪ | ૧૧૫૪ | ૧૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | સુપર સ્પેશીયાલીટી | એમ.સીએચ./ ડી.એમ. | ૭૧ | ૭૧ | ૦ |
| ૪ | અનુસ્નાતક ડિપ્લોમા | ડિપ્લોમા | ૨૮૭ | ૨૮૭ | ૦ |

---------

**ભાવનગર આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૨૦ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર આર.ટી.ઓ. કચેરીની સને ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી આવક થઈ, | (૧) ` ૪૫.૧૬ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૧–૧૨ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ` ૦૧.૬૦ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં મેડિકલ કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની મંજૂર થયેલ બેઠકો**

૪૭૯ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૧૨ સુધીમાં રાજ્યમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ વધારાની કેટલી બેઠકો મંજૂર થઈ ? | તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૧૨ સુધીમાં રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ કુલ ૧૦ વધારાની બેઠકો મંજૂર થયેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૭૬૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, | (૧) ૮૧ (એક્યાંસી) |
| (૨) તેમા ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની જગાઓ ખાલી છે, | (૨) નીચે મુજબ કુલ–૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દાંતીવાડા | ૧૦ | મોટીપાવડ | ૧૯ | નારોલી |
| ૨ | લોવાણા | ૧૧ | ભાચર | ૨૦ | માવસારી |
| ૩ | તિર્થગામ | ૧૨ | મોરવાડા | ૨૧ | અસારાવાસ |
| ૪ | સણવાલ | ૧૩ | સામઢી | ૨૨ | મડાણાગઢ |
| ૫ | ભુતેડી | ૧૪ | ડાભેલા | ૨૩ | મીઠી પાલડી |
| ૬ | ફોરણા | ૧૫ | ઉબરી | ૨૪ | ખિમાણા |
| ૭ | આંગણવાડા | ૧૬ | ઉણ | ૨૫ | જીતપુર |
| ૮ | ગોરાડ | ૧૭ | નવાવાસ | ૨૬ | રૂણિ |
| ૯ | આગથળા | ૧૮ | ભડથ | ૨૭ | સાવિયાણા |

| | |
|---|---|
| (૩) જગાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૩) તબીબોની જરૂરિયાતના પ્રમાણમાં ઓછા તબીબો ઉપલબ્ધ થતા હોવાના કારણે. |
| (૪) તે ખાલી જગાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી પસંદગીથી, કરાર આધારીત નિમણૂંકથી તથા બોન્ડેડ તબીબોની નિમણૂંકથી જગ્યાઓ ભરવામાં આવે છે. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩

તારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૪૬૯ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરીને સને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ના અંતે કેટલી આવક થઈ, | (૧) ` ૬૧.૮૫ કરોડ. |
| (૨) ગત વર્ષની આવકની દ્રષ્ટિએ આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ` ૦૧.૦૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં બાળ સખા યોજના હેઠળ ગરીબોને મળેલ લાભ**

૮૮૯ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧મી જાન્યુઆરી–૨૦૧૩ની સ્થિતિએ બાળસખા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના કુલ કેટલા ગરીબોને કેટલા ખર્ચે લાભ આપવામાં આવ્યો, | (૧) તા. ૩૧મી જાન્યુ. ૨૦૧૩ સ્થિતિએ બાળસખા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના કુલ ૩૨૪૨ ગરીબોને કુલ ` ૫૧,૮૭,૨૦૦/– ના ખર્ચે લાભ આપવામાં આવેલ છે. |
| (૨) કેટલા ગરીબોને લાભ આપવાનો પડતર છે, અને | (૨) કોઈ પડતર નથી. |
| (૩) તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૪૪૯ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૩૮૦૮.૨૧ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ની સ્થિતિએ કેટલો વધારો થયેલ છે, અને | (૨) ` ૪૨૨.૧૬ કરોડ. |
| (૩) જો, ઘટાડો થયેલ હોય તો તેનાં શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૪૫૦ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૩૮૦૮.૨૧ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ની સ્થિતિએ કેટલો વધારો થયેલ છે, અને | (૨) ` ૪૨૨.૧૬ કરોડ. |
| (૩) જો, ઘટાડો થયેલ હોય તો શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ સીવીલ હોસ્પિટલના નવીનીકરણ પાછળ થયેલ ખર્ચ**

૪૭૮ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પિટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર દ્વારા તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી હાથ | (૧) અમદાવાદ ખાતેની સીવીલ હોસ્પીટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર દ્વારા તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ નવી કામગીરી હાથ |

ધરવામાં આવી, અને

ધરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૦–૧૧માં પેકેજ–૧ ના પાર્ટ–૧ અને પાર્ટ–૨ના કામ તેમજ વર્ષ ૨૦૧૧–૧૨માં પેકેજ–૩ ના ફેજ–૧ ની કામગીરી હાથ ધરેલ હતી.

(૨) ઉકત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) તા. ૩૧–૧૨–૧૨ સુધી કુલ ` ૨૩૩.૨૨ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**રાજયનું કુલ દેવું**

૬૮૭ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન વર્ષ ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકારનું કુલ કેટલું દેવું છે, અને

(૨) આ દેવા પેટે રાજ્ય સરકારને તે અન્વયે કેટલું વ્યાજ ચૂકવવાનું રહે છે અને આ વ્યાજની રકમ ચૂકવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) (` કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **કુલ દેવું** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૩૪૦૬ |
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધી અંદાજીત | ૧૩૩૬૭૯ |

(૨) (` કરોડમાં)

| **નાણાકીય વર્ષ** | **ચૂકવાયેલ વ્યાજ** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ |
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધી અંદાજીત | ૭૭૭૯ |

રાજ્ય સરકાર દેવા પરનું વ્યાજ તેની વાર્ષિક મહેસૂલી આવકમાંથી ચૂકવી આપે છે.

---------

**યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ**

૪૭૪ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને ૨૦૧૦–૧૧ માં ` ૮૬.૭૪ કરોડ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં ` ૮૭.૩૭ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી

(૨) આ સમય દરમ્યાન કુલ ખર્ચ ` ૧૩૮.૭૪ કરોડ થયેલ છે.

---------

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૪૬૩ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને

(૨) ઉકત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૪૨૩

(૨) ૩૪૫ નિકાલ.
બાકી કેસો ચકાસણી બાદ પૂર્ણ કરવાના થાય છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા**

૮૦૧ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં નવીન પ્રાથમિક સારવાર કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા સરકારે તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોકત તાલુકાના ક્યા ક્યા ગામે પ્રાથમિક સારવાર કેન્દ્ર તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ થનાર છે, અને<br>(૩) તે આરોગ્ય કેન્દ્રો ક્યાં સુધીમાં શરૂ થનાર છે ? | (૨) અને (૩) : દાંતા તાલુકામાં વર્ષોથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. જ્યારે અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

૪૪૮ **શ્રી કિશોરભાઇ ર. વાંકાવાલા (સુરત પશ્ચિમ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને વર્ષ ૨૦૧૧–૧૨ના વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) ` ૩૮૦૮.૨૧ કરોડ. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ની સ્થિતિએ કેટલો વધારો થયેલ છે, અને | (૨) ` ૪૨૨.૧૬ કરોડ. |
| (૩) જો, ઘટાડો થયેલ હોય તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર આર.ટી.ઓ. ચેક પોસ્ટની આવક**

૪૩૩ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર આર.ટી.ઓ. ચેકપોસ્ટને વર્ષ ૨૦૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) ` ૧.૯૨ કરોડ. |
| (૨) ગત વર્ષના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ` ૦૦.૧૯ કરોડનો ઘટાડો થયો છે. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલાં લેવાના પરીણામે ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાથી માંડવાળ ફીમાં ઘટાડો થવાથી. |

---------

**કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ**

૪૯૧ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્સર હોસ્પિટલ, અમદાવાદને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રાજ્ય સરકાર ધ્વારા કેન્સર હોસ્પિટલ, અમદાવાદને વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૩૮.૪૭ કરોડ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં ` ૫૮.૮૨ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) આ સમય દરમ્યાન કુલ–૧૬૦.૧૬ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

## જુનાગઢ ખાતે મેડીકલ કોલેજનું ખાત મુહર્ત

૧૧૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ ખાતે ૧૫૦૦ પથારીની હોસ્પીટલ તેમજ તબીબી શિક્ષણની સુવિધા આપવાના નિર્ધાર સાથે મેડીકલ કોલેજનું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યું, | (૧) જૂનાગઢ ખાતે ૮૮૦ પથારીની હોસ્પિટલ તેમજ તબીબી શિક્ષણની સુવિધા સાથેની મેડિકલ કોલેજનું ભુમી પૂજન તા. ૧૪–૮–૨૦૧૨ના રોજ કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે આ કામ કેટલા સમયમાં શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) મેડિકલ કોલેજ, સ્ટાફ ક્વાટર્સ, હોસ્ટેલ્સ ડીન અને તબીબી અધિક્ષકશ્રીના બંગલા અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો તા. ૨૭–૧–૧૩ થી વર્ક ઓર્ડર આપી હાથ ધરાયેલ છે. તેમજ નવી હોસ્પિટલનું બાંધકામ ટેન્ડર મંજૂર થયેથી વર્ક ઓર્ડર આપી શરૂ થઈ શકશે. આ કામો શરૂ થયા બાદ ૧૮ થી ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનો અંદાજિત ખર્ચ કેટલો થશે ? | (૩) સદર કામે પ્રથમ તબક્કામાં અંદાજીત ` ૨૭૭.૪૬ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. |

---------

## સુરત શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુના નોંધાયેલ કેસો

૮૧૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧–૧–૨૦૧૨ થી તા.૨૭–૧–૨૦૧૩ સુધીમાં સુરત શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુ તાવના કેટલા કેસો નોંધવામાં આવ્યા, | (૧) તા.૧–૧–૨૦૧૨ થી તા.૨૭–૧–૨૦૧૩ સુધીમાં સુરત શહેરમાં ૨૦૭ અને જિલ્લામાં ૧૧ ડેન્ગ્યુ તાવના કેસ નોંધવામાં આવેલ છે. |
| (૨) ડેન્ગ્યુ અન્વયે કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) સુરત જીલ્લામાં ડેન્ગ્યુ થી ૧ કન્ફર્મ મરણ નોંધાયેલ છે. |
| (૩) ડેન્ગ્યુના વધતા જતા ફેલાવાને રોકવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) હેલ્થવર્કરો દ્વારા તાવનું સર્વેલન્સ કરાવવું, અઠવાડીક ધોરણે પોરાનાશક કામગીરી કરવી, ડેન્ગ્યુના કન્ફર્મ તેમજ શંકાસ્પદ કેસના વિસ્તારોમાં પુખ્ત મચ્છરોના નાશ માટે ફોગીંગ કરાવવુ તેમજ આરોગ્ય વિષયક શિક્ષણ પ્રવૃત્તિ હાથ ધરવા જેવા વિવિધ પગલાં લેવામાં આવેલાં હતાં. |

---------

## જામનગર તથા જોડિયા તાલુકામાં આદિવાસી કુટુંબોના બાળકોને રસીકરણ તથા સગર્ભા સ્ત્રીઓને દેખભાળ તથા પ્રસુતિ યોજનાનો લાભ મેળવવા અંગે

૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગર તથા જોડીયા તાલુકામાં ખેત મજૂરી માટે વાડી વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોના બાળકો રસીકરણ તથા સગર્ભા સ્ત્રીઓ દેખભાળ તથા પ્રસુતિની યોજનાના લાભથી વંચિત રહે છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો ડિસે.–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બાળકો તથા સગર્ભા સ્ત્રીઓને સરકારી યોજનાનો લાભ મળેલ છે, અને | (૨) |

| **તા. ૧/૧/૨૦૧૧ થી તા. ૩૧/૧૨/૨૦૧૧** | | **તા. ૧/૧/૨૦૧૨ થી તા. ૩૧/૧૨/૨૦૧૨** | |
|---|---|---|---|
| **બાળકો** | **સગર્ભા સ્ત્રીઓ** | **બાળકો** | **સગર્ભા સ્ત્રીઓ** |

| | | | |
|---|---|---|---|
| ૫૨૧ | ૯૮૫ | ૫૪૨ | ૧૧૪૬ |

(૩) યોજનાના લાભથી વંચિત રહેતા હોય તેને આવરી લેવા શી વ્યવસ્થા થઇ છે ?

(૩) તમામને આવરી લેવામાં આવે છે. તેમ છતાં સેવાથી વંચિત રહેલા બાકી બાળકો અને સગર્ભા માતાઓ માટે સ્પેશ્યલ ઝુંબેશ કરી કેચ અપ રાઉન્ડનું આયોજન કરી સેવાઓ આપવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં સરકાર દ્વારા સંચાલિત કાર્યરત બ્લડ બેંકો**

૧૧૦૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ સરકાર દ્વારા સંચાલિત કેટલી બ્લડ બેન્કો કાર્યરત છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી બ્લડ બેન્કો બંધ કરવામાં આવેલ છે, અને

(૩) બંધ થયેલ બ્લડ બેન્ક બંધ કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવી તબીબી શિક્ષણની કોલેજો શરૂ કરવા અંગે**

૭૮૭ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં તબીબી શિક્ષણની નવી કોલેજો શરૂ કરવા સરકારે ડીસેમ્બર–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા તાલુકામાં એવી તબીબી શિક્ષણની કોલેજો શરૂ થનાર છે, અને

(૩) તે તબીબી શિક્ષણની કોલેજ ક્યાં સુધીમાં શરૂ થવાની શક્યતા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રને ફાળવેલ ગ્રાન્ટ**

૧૦૮૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર વાર નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી રકમનો ઉક્ત સ્થિતિએ ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ***પત્રક–અ** મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાર અને ***પત્રક–બ** મુજબ સામુહિક આરોગ્ય કેન્દ્ર વાર છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** | |
|---|---|---|
| | **પ્રા.આ.કે.** | **સા.આ.કે.** |
| ૨૦૧૧–૧૨ | ` ૮,૦૨,૧૬,૫૫૬ | ` ૧,૫૦,૦૭,૩૦૩ |
| ૨૦૧૨–૧૩ (તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ | ` ૭,૨૬,૬૯,૭૦૫ | ` ૯૬,૫૯,૯૫૨ |

(૨) તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ***પત્રક–અ–૧** મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ***પત્રક–બ–૧** મુજબ સામુહિક આરોગ્ય કેન્દ્ર વાર નીચે મુજબ રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ | |
|---|---|---|
| | પ્રા.આ.કે. | સા.આ.કે. |
| ૨૦૧૧-૧૨ | `૫,૯૨,૩૧,૦૫૦ | `૧,૦૭,૧૯,૨૮૬ |
| ૨૦૧૨-૧૩ (તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ | `૫,૧૩,૦૦,૭૮૬ | `૫૫,૩૬,૪૧૪ |

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદિક દવાખાનામાં મંજૂર થયેલ મહેકમ

૧૦૪૩ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૧૨ની સ્થિતિએ અબડાસા-લખપત અને નખત્રાણા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, મેલેરીયા કેન્દ્રો, સબ સેન્ટરો, આયુર્વેદિક દવાખાના સહિતના સેન્ટરવાર અને કેડરવાર મંજૂર મહેકમ શું છે,

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૧૨ની સ્થિતિએ અબડાસા-લખપત અને નખત્રાણા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જીલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, સબ સેન્ટરો અને આયુર્વેદિક દવાખાનાઓમાં કેડરવાર મંજુર મહેકમ નીચે દર્શાવેલ ***પત્રક-૧ થી ૫** માં દર્શાવ્યા મુજબનું છે.

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કે.નું કેડરવાર મંજૂર મહેકમ | પ્રા.આ.કે.નું કેડરવાર મંજૂર મહેકમ | જિ.પં. સંચાલીત દવાખાનાઓનું મંજૂર મહેકમ | સબ સેન્ટરો | આયુ. દવાખાના |
|---|---|---|---|---|---|---|
| ૧ | અબડાસા | પત્રક-૧ | પત્રક-૨ | પત્રક-૩ | પત્રક-૪ | પત્રક-૫ |
| ૨ | લખપત | | | | | |
| ૩ | નખત્રાણા | | | | | |

**પ્રશ્ન** (૨) કેડરવાર હાજર મહેકમ શું છે,

**જવાબ** (૨) કેડર વાર હાજર મહેકમના ***પત્રક નં. ૬ થી ૮** માં દર્શાવ્યા મુજબનું છે.

**પ્રશ્ન** (૩) આ જગ્યાઓ જગ્યાવાર ક્યારથી ખાલી છે,

**જવાબ** (૩) જગ્યાવાર ખાલી જગ્યાઓ ***પત્રક નં. ૯ થી ૧૨** માં દર્શાવ્યા મુજબ છે.

**પ્રશ્ન** (૪) આ જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શાં છે, અને

(૫) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં
આવશે ?

**જવાબ** (૪) અને (૫) પ્રા.આ.કેન્દ્રો અને સા.આ. કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વડોદરા જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં મંજુર થયેલ નર્સીંગ કોલેજનો ખર્ચ તેમજ વર્તમાન પરિસ્થિતિ

૮૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૧-૨૦૧૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓ પૈકી ક્યા તાલુકામાં નર્સીંગ કોલેજ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ કોલેજના મકાનો બનાવવા પાછળ કેટલા ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે, અને

(૩) હાલના તબક્કે નર્સીંગ કોલેજ શરૂ કરવા માટેની

**જવાબ**

(૧) તા. ૧૫-૧-૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં એક પણ નર્સિંગ કોલેજ મંજુર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલના તબક્કે નર્સિંગ કોલેજ શરૂ કરવા કોઈ

શી પરિસ્થિતિ છે ? | દરખાસ્ત મળેલ નથી.

---------

## સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે અપાતુ ભોજન

૯૮૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનુ પ્રમાણે ભોજન અપાતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે થયેલ તપાસની વિગતો શી છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે જ ભોજન આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનુ પ્રમાણે અપાતુ ભોજન

૮૨૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે ભોજન અપાતુ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે થયેલ તપાસની વિગતો શી છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે જ ભોજન આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજકોટ સિવિલ હોસ્પિટલને આધુનિક સાધનોથી સજજ કરવા પાછળ થયેલ ખર્ચ

૧૦૫૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ સિવિલ હોસ્પિટલને આધુનિક સાધનોથી સજજ કરવા તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કયા કયા સાધનો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજકોટ સિવિલહોસ્પિટલને આધુનિક સાધનોથી સજજ કરવા તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ` ૬૩,૨૪,૨૫૦/–ખર્ચ કરવામાં આવ્યો.

(૨) ૨૬ સાધનો પાછળ ` ૬૩,૨૪,૨૫૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે. (**પત્રક** સામેલ છે.)

**પત્રક**

| ક્રમ | સાધનનું નામ | રકમ (`) |
|---|---|---|
| ૧ | બ્લડ કલેકશન ઈક્વીપમેન્ટ | ૪,૦૬,૩૫૦/– |
| ૨ | ઓપ્ટીકલ લેટીનોસ્કોપ | ૨,૩૮,૨૦૦/– |
| ૩ | સ્કેનર | ૪,૭૦૦/– |
| ૪ | બી. પી. ઈન્સ્ટુમેન્ટ | ૫૪,૨૦૦/– |
| ૫ | ઓટોમેટેડ ડીફીબરીલેટર | ૨,૬૧,૩૬૭/– |
| ૬ | યુરોફેલોમેટ્રી મશીન | ૩,૦૪,૫૦૦/– |
| ૭ | થ્રી ફેઈઝ સર્વો વોલ્ટેઈઝ સ્ટેબીલાઈઝર | ૧,૬૫,૯૪૭/– |
| ૮ | સી–આર્મ એક્સ–રે મશીન | ૮,૯૧,૭૪૦/– |
| એચબી૯ ૬૬૩–૧ | સીંગલ ચેનલ ઈ.સી.જી મશીન | ૬૦,૯૦૦/– |
| ૧૦ | લેસર થેરાપી યુનિટ | ૧,૯૮,૦૦૦/– |
| ૧૧ | એલ.ઈ.ડી. ડિઝીટલ બી.પી. ઈન્સ્ટુમેન્ટ | ૧,૭૧,૩૦૮/– |
| ૧૨ | ઈન્કવીપમેન્ટ/ઈન્સ્ટુમેન્ટ એન્ટ્રોફ્યુઝ મશીન | ૧,૨૭,૫૫૦/– |

| ક્રમ | સાધનનું નામ | રકમ (`) |
|---|---|---|
| ૧૩ | પી.એમ.રૂમ ઈન્સ્ટુમેન્ટ | ૩,૬૬,૫૦૦/– |
| ૧૪ | પી. એમ. રૂમ ઈન્સ્ટુમેન્ટ | ૩,૧૬,૨૫૦/– |
| ૧૫ | પી.એમ. રૂમ ઈન્સ્ટુમેન્ટ | ૩૯,૯૦૦/– |
| ૧૬ | ટ્રાન્ઝેકશન યુનિટ | ૩૮,૫૦૦/– |
| ૧૭ | ઈન્સ્ટુમેન્ટ/ઈક્વીપમેન્ટ ઓટોકલેવ સપ્લાય | ૨,૩૫,૦૦૦/– |
| ૧૮ | બેન્કયુલર માઈક્રોસ્કોપ | ૩,૭૫,૦૦૦/– |
| ૧૯ | ઈલેકટ્રો એનાલાઈઝર | ૮૫,૨૩૯/– |
| ૨૦ | ડેન્ટ્રીસ ઈન્સ્ટુમેન્ટ | ૬૦,૩૯૫/– |
| ૨૧ | ડેન્ટ્રીસ ઈન્સ્ટુમેન્ટ | ૪૨,૩૭૫/– |
| ૨૨ | સર્વોમોટર ઓપરેટેડ કરેકટર્સ ૧ કે.વી.એ. | ૧,૨૦,૫૯૦/– |
| ૨૩ | સર્વોમોટર ઓપરેટેડ કરેકટર્સ ૨ કે.વી.એ. | ૧,૭૨,૨૭૨/– |
| ૨૪ | સેન્ટ્રોફ્યુઝ મશીન વીથ ૧૬ ટ્યુબ ડીઝિટલ | ૩૮,૨૦૦/– |
| ૨૫ | ઈ.એન.ટી. ઓપરેટીવ માઈક્રોપ વીથ સી.સી.ટી.વી. કેમેરા (કસ્ટમ ડ્યુટી સાથે) | ૯,૪૭,૯૪૪/– |
| ૨૬ | સાયટો સેન્ટ્રીફ્યુઝ મશીન | ૬,૦૧,૨૭૧/– |
| | **કુલ રકમ** | **૬૩,૨૪,૨૫૦/–** |

---------

**ગાંધીનગર જિલ્લામાં કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૭૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૨) આ કેન્દ્રોમાં ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ઉપર નિમણૂક કયારે આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં નીચે મુજબના ૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા ૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

| સી.એચ.સી.ના નામ | પી.એચ.સીના નામ | |
|---|---|---|
| (૧) અડાલજ | (૧) પ્રાંતિયા | (૨) ડભોડા |
| (૨) નારદીપુર | (૩) વડોદરા | (૪) સુઘડ |
| (૩) ચરાડા | (૫) ઉવારસદ | (૬) આદરજ |
| (૪) સાદરા | (૭) રૂપાલ | (૮) ઉનાવા |
| (૫) દહેગામ | (૯) કડાદરા | (૧૦) ઈટાદરા |
| (૬) છાલા | (૧૧) દેવ મુવાડા | (૧૨) સાપા |
| (૭) રખીયાલ | (૧૩) કડજોદરા | (૧૪) સાણોદા |
| | (૧૫) બહીયલ | (૧૬) સોજા |
| | (૧૭) સઈજ | (૧૮) રાંચરડા |
| | (૧૯) પાનસર | (૨૦) હાજીપૂર |
| | (૨૧) મોખાસણ | (૨૨) વરસોડા |
| | (૨૩) બીલોદરા | (૨૪) પૂંધરા |
| | (૨૫) મહુડી | |

(૨) ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક પણ ડોકટરની જગ્યા ખાલી નથી. સામુહીક આરોગ્ય કેન્દ્રો પૈકી સા.આ.કેન્દ્ર–અડાલજમાં તજજ્ઞ વર્ગ–૧ની ૧ તથા દંત સર્જન વર્ગ–૨ ની ૧ એમ કુલ–૨ ડોકટરની જગ્યા ખાલી છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતેની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે એડહોક વોક–ઈન–ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવે છે જેમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે.

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

---------

**સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે અપાતું ભોજન**

૭૪૫ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે ભોજન અપાતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દર્દીઓને ડાયેટ મેનું પ્રમાણે જ ભોજન આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ અંગે થયેલ તાપસની વિગતો શી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અકસ્માતમાં ઘવાયેલ દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સરકારી હોસ્પિટલમાં લઈ જવાને બદલે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાની મળેલ ફરિયાદો**

૭૮૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અકસ્માતમાં ઘવાયેલ દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સૌ પ્રથમ નજીકના સ્થળની સરકારી/ચેરીટેબલ હોસ્પિટલમાં લઈ જવાને બદલે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા હોવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને મળી છે, | (૧) રાજયમાંથી ૩ ફરિયાદો સરકારશ્રીને મળેલ છે. |
| (૨) આ બાબતમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) તપાસની કાર્યવાહી હાથ ઉપર છે. |
| (૩) જનતાને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ખાનગી હોસ્પિટલો સાથેના આવા ગુનાહીત સંબંધનો સાંઠ ગાંઠનો ભોગ બનતી અટકાવવા સરકારે શા પગલાં લીધા છે ? | (૩) તપાસ અહેવાલ મળ્યેથી ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું**

૧૧૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી છે અને માથાદીઠ દેવું કેટલું છે ? | રાજયની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજયની માથાદીઠ આવક ગણી શકાય નહીં.<br><br>રાજયની માથાદીઠ આવક વર્ષ ૨૦૧૧-૧૨ માટે ` ૮૯,૬૬૮/- (ચાલુ ભાવે) અંદાજવામાં આવેલ છે.<br><br>કોઈ ચોક્કસ તારીખે માથાદીઠ દેવાની ગણતરી માટે કોઈ માન્ય પદ્ધતિ પ્રસ્થાપિત નથી. |

---------

## રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું

૨૦૫ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે અને,

(૨) આ માથાદીઠ દેવામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો થયો છે ?

**જવાબ**

(૧) રાજયની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજયની માથાદીઠ આવક ગણી શકાય નહીં.

રાજયની માથાદીઠ આવક વર્ષ ૨૦૧૧–૧૨ માટે ` ૮૯,૬૬૮/– (ચાલુ ભાવે) અંદાજવામાં આવેલ છે.

કોઈ ચોક્કસ તારીખે માથાદીઠ દેવાની ગણતરી માટે કોઈ માન્ય પધ્ધતિ પ્રસ્થાપિત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો

૧૦૦૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૨) આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) ક્યા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટર લાંબા સમયથી રજા ઉપર છે, અને

(૪) તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે મુજબના કુલ–૧૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરતછે. (૧) સોજીત્રા (૨) તારાપુર (૩) ખંભાત (૪) રાસ (૫) ધર્મજ (૬) ઓડ (૭) ઉમરેઠ (૮) આંકલાવ (૯) સારસા (૧૦) મહેળાવ (૧૧) વાસદ

(૨) આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજુર મહેકમ પૈકી ભરાયેલ જગ્યાની વિગત દર્શાવતું ***પત્રક–અ** સામેલ છે.

(૩) ૧૧ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકીના સારસા જિ. આણંદના એક ડોકટર લાંબી રજા ઉપર છે.

(૪) મહિલા તબીબી અધિકારી પ્રસુતિ અને ત્યારબાદ બાળકની બિમારી સબબ રજા પર ગયેલ છે.

**પત્રક–અ**

તા.૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ભરાયેલ જગ્યાઓની ની વિગત

| ક્રમ | સંવર્ગ | સોજીત્રા | તારાપુર | ખંભાત | રાસ | ધર્મજ | ઓડ | ઉમરેઠ | આંકલાવ | સારસા | મહેળાવ | વાસદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી |
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩ | ૪ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૩ | ૨ | ૩ |
| ૩ | સીની. આસી. વર્ગ–૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૪ | સીની. કલાર્ક વર્ગ–૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૫ | લેબ. ટેક. વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૬ | જુની. ફાર્મા. વર્ગ–૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭ | એક્સ–રે. ટેક. વર્ગ–૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૮ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૬ | ૭ | ૪ | ૭ | ૨ | ૧ |
| ૯ | ઓપ્થ. આસી. વર્ગ–૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |

| ક્રમ | સંવર્ગ | સોજીત્રા | તારાપુર | ખંભાત | રાસ | ધર્મજ | ઓડ | ઉમરેઠ | આંકલાવ | સારસા | મહેળાવ | વાસદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી | ભરેલી |
| ૧૦ | ડ્રાઈવર વર્ગ–૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૨ | વોર્ડ સર્વન્ટ વર્ગ–૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૨ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૧૩ | વોર્ડ આયા વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | સ્વીપર વર્ગ–૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૫ | ડ્રેસર વર્ગ–૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | પાર્ટ. સ્વીપર વર્ગ–૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | પાર્ટ. વોચમેન વર્ગ–૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | એ. એન.એમ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | **૨૦** | **૨૪** | **૧૭** | **૧૯** | **૧૯** | **૧૫** | **૨૨** | **૧૩** | **૨૨** | **૮** | **૬** |

---------

**જૂનાગઢ જિલ્લામાં ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા વાહનો સામે આર.ટી.ઓ એ કરેલ કાર્યવાહી**

૨૦૮ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ.ની જાણકારી તથા રેકર્ડ મુજબ કેટલા વાહનો ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા માલુમ પડ્યા,

(૨) આ વાહનો કયા પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિ કરતા પકડાયા, અને

(૩) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા વાહનો સામે આર.ટી.ઓ દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) ૯૧૮૭ વાહનો.

(૨) આ વાહનો મોટર વાહન અધિનિયમની વિવિધ જોગવાઈઓનો ભંગ જેવી કે વાહનોમાં ઓવરલોડ, વાહનોના દસ્તાવેજો સાથે ન રાખવા, નિયમોનુસાર નંબર પ્લેટ ન લગાવવી, વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય, રેડીયમ પટ્ટી–રીફલેકટર લગાવેલ ન હોય, ભયજનક રીતે વાહન ચલાવતા હોય, ટ્રાફીકને અડચણરૂપ વાહન પાર્ક કરેલ હોય વગેરે ગુના કરતા પકડાયા.

(૩) ઉપર (૧) માં દર્શાવેલ વાહનો સામે ડિસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ મોટર વાહન અધિનિયમની વિવિધ કલમોના ભંગ બદલ આર.ટી.ઓ. જૂનાગઢ દ્વારા ૧૭૩ વાહનો મહત્તમ મર્યાદા કરતા વધુ પરંતુ ૨ ટનથી ઓછા ઓવરલોડ માલ વહન કરતા જણાતા તેવા વાહનોના માલિકો પાસેથી માંડવાળ ફી વસુલ લેવામાં આવેલ છે. જયારે ૨ ટનથી વધારે ઓવરલોડ માલ ભરેલા ૧૩૮ વાહનોનું રજીસ્ટ્રેશન ૯૦ દિવસ માટે મોકુફ કરવામાં આવેલ તેમજ ૮૮૭૬ વાહનો સંબંધમાં અલગ અલગ ગુના સબબ ` ૧.૪૩ લાખ માંડવાળ ફી વસુલ લેવામાં આવી. તથા વાહનોના માલિકોને નોટીસ આપવામાં આવી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સંસ્થાકીય પ્રસુતિ કરાવવા પાછળ થયેલ ખર્ચ**

૭૬૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સંસ્થાકિય પ્રસુતિ કરાવવામાં આવી, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

એસબી–૬૬૩–૧૪

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧,૨૮,૨૦૦ સંસ્થાકીય પ્રસુતિ કરાવવામાં આવી છે.

(૨) સંસ્થાકીય પ્રસુતિ પાછળ છેલ્લા બે વર્ષમાં કુલ ` ૫,૩૮,૭૭,૬૦૦/– નો ખર્ચ થયેલ છે.

---------

## મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજના હેઠળ સહાય મેળવવા માટે મળેલ અરજીઓ

૮૯૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧—૧—૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્ય મંત્રીશ્રી અમૃતમ યોજના હેઠળ સહાય મેળવવા માટે કુલ કેટલા ગરીબ કુટુંબોની અરજીઓ મળેલ , અને

(૨) આ પૈકી કેટલા ગરીબોને કેટલી રકમની સહાય આપવામાં આવી?

**જવાબ**

(૧) આ યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોએ અરજી કરવાની રહેતી નથી પરંતુ આ યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં કેશલેસ સારવાર માટે તા. ૪—૯—૧૨ (યોજનાની તારીખ)થી તા.૩૧—૧—૧૩ સુધીમાં કુલ ૧૧૯૧—બી.પી.એલ. કુટુંબના સભ્યોએ સારવાર પ્રાપ્ત કરેલ છે.

(૨) આ યોજના હેઠળ વ્યક્તિને સીધી સહાય આપવામાં આવતી નથી પરંતુ તેમણે લીધેલ સારવાર પેટેનાં નાણા સરકારશ્રી તરફથી યોજનામાં જોડાયેલ સંબંધિત હોસ્પિટલને સીધા ચુકવવામાં આવે છે. તદઅનુસાર તા.૩૧—૧—૧૩ સુધી વિવિધ હોસ્પિટલો તરફથી ` ૩,૨૬,૩૪,૮૭૯/— (અંકે રૂપિયા ત્રણ કરોડ છવીસ લાખ ચોત્રીસ હજાર આઠસો અગણ્યાએંસી પુરા) ના માંગણા રજુ થયેલ છે, જે ચકાસીને ચુકવણું કરવામાં આવે છે.

---------

## પેટ્રોલ, ડિઝલ અને કેરોસીનમાંથી વેટની આવક

૬૮૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા. ૩૧—૧૨—૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટની કેટલી આવક વર્ષવાર સરકારને મળી, અને

(૨) તે આવકમાંથી પેટ્રોલ—ડીઝલ અને કેરોસીનમાંથી વેટની કેટલી આવક મળી ?

**જવાબ**

(૧)

(રકમ ` કરોડમાં)

| | |
|---|---|
| **વર્ષ ૨૦૧૧** | ૩૦૧૭૩.૪૪ |
| **વર્ષ ૨૦૧૨** | ૪૦૩૨૪.૪૪ |

(૨)

| | **૨૦૧૧** | **૨૦૧૨** |
|---|---|---|
| **પેટ્રોલ** | ૧૭૩૪.૩૪ | ૧૯૧૩.૪૪ |
| **ડીઝલ** | ૩૬૬૦.૧૩ | ૩૯૫૨.૧૮ |
| **કેરોસીન** | ૨.૮૫ | ૦.૪૭ |

---------

## બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં નવી તબીબી શિક્ષણની કોલેજો શરૂ કરવા બાબત

૮૦૨ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં, નવીન તબીબી શિક્ષણની કોલેજો શરૂ કરવા સરકારે ડિસેમ્બર—૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ ?

(૨) જો હા તો કયા કયા તાલુકામાં એવી તબીબી શિક્ષણની કોલેજો શરૂ થનાર છે, અને

(૩) તે તબીબી શિક્ષણની કોલેજો કયાં સુધીમાં ચાલુ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં તાલાલા ખાતે સરકારી દવાખાનામાં આવેલ પોસ્ટ મોર્ટમ રૂમ**

૧૧૯ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલાલા ખાતે આવેલ પોસ્ટ મોર્ટમની રૂમ સરકારી દવાખાનાના કેમ્પસની બહાર આવેલ છે તે હકીકત સાચી છે ?

**જવાબ**

હા જી.

સામૂહિક આરોગ્ય કેન્દ્રના કંપાઉન્ડમાં પી.એમ. રૂમને લાયક જગ્યા ઉપલબ્ધ ન હોઈ, આમ જનતાને નડતરરૂપ ન હોય તેવી બહારની જગ્યામાં પી. એમ. રૂમની સુવિધા રાખેલ છે.

---------

**વાહન વ્યવહાર કમિશ્નર દ્વારા રીક્ષા ભાડામાં કરવામાં આવેલ વધારો**

૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧ તથા ૨૦૧૨ના વર્ષમાં વાહનવ્યવહાર કમિશ્નર દ્વારા કયારે ક્યારે રીક્ષા ભાડામાં વધારો કરવામાં આવ્યો, અને

(૨) ટુંકા સમયના અંતરે રીક્ષાના ભાડામાં વધારો કરવાના શા કારણો?

**જવાબ**

(૧) સરકારશ્રી દ્વારા નીચેના સમયગાળામાં રીક્ષા ભાડામાં વધારો કરવામાં આવ્યો.

| વર્ષ | તારીખ |
|---|---|
| ૨૦૧૧ | ૨૩–૧૧–૨૦૧૧ |
| | ૧૩–૧૨–૨૦૧૧ |
| ૨૦૧૨ | ૨૭–૦૪–૨૦૧૨ |

(૨) દિલ્હી અને મુંબઈના ભાવે ગુજરાતને ગેસ નહીં મળતો હોવાથી સી.એન.જી. ગેસના ભાવમાં વધારો થવાના કારણે તથા રીક્ષા ચલાવવામાં થતા ખર્ચને અસર કરતા વિવિધ પરિબળોની કિંમતમાં થતા વધારાને અનુલક્ષીને રીક્ષા ભાડામાં વધારો કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજૂર થયેલ મહેકમ**

૭૮૮ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ફીમેલ હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) મંજુર થયેલ આ મહેકમ પૈકી કયા તાલુકામાં કેટલી જગ્યા ભરવાની બાકી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| દાંતીવાડા | ૧૫ |
| ધાનેરા | ૨૩ |
| થરાદ | ૫૭ |
| વાવ | ૫૦ |

(૨)

| તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| ધાનેરા | બે જગ્યા ભરવાની બાકી છે. |
| થરાદ | એક જગ્યા ભરવાની બાકી છે. |
| વાવ | બે જગ્યા ભરવાની બાકી છે. |

(૩) આ ખાલી જગ્યા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં રૂપિયા બે કરોડથી વધુ વાણિજ્ય વેરો બાકી હોય તેવા ઉદ્યોગગૃહો અને એકમો**

૮૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૫–૧–૧૩ની સ્થિતિએ રાજ્યમાં રૂપિયા બે કરોડ થી વધુ વાણિજ્યક વેરો બાકી હોય તેવા ઉદ્યોગગૃહો અને એકમો કયા કયા છે,

**જવાબ**

(૧) ***પત્રક** મુજબ.

(૨) તે રકમ કેટલા સમયની બાકી છે, અને

(૨) જુદા જુદા ઉદ્યોગગૃહો અને એકમો પાસે જુદા જુદા સમયની રકમ બાકી છે.

(૩) આ રકમ વસુલાતમાં કેવા પ્રકારના પગલાં ભરાયા છે ?

(૩) બાકી વસુલાત વાળા કેસોમાં સંબંધિત કાયદા અનુસાર જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**કલોલ ખાતે ટ્રોમા સેન્ટર શરૂ કરવા બાબત**

૭૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કલોલ ખાતે ટ્રોમા સેન્ટર શરૂ કરવામાં વિલંબ થવાના કારણો શા છે, અને

(૧) કલોલ ખાતે નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ છે. આરોગ્ય વિભાગ દ્વારા કલોલ ખાતે ટ્રોમા સેન્ટર શરૂ કરવા કોઈ અનુદાન ફાળવવામાં આવેલ નથી.

(૨) આ ટ્રોમા સેન્ટર કયારે શરૂ કરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય સરકારની વેટની આવક**

૧૧૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ, અને

(૧)

(રકમ ` કરોડમાં)

| | |
|---|---|
| **વર્ષ ૨૦૧૧** | ૩૦૧૭૩.૪૪ |
| **વર્ષ ૨૦૧૨** | ૪૦૩૨૪.૨૬ |

(૨) તે પૈકી ડીઝલ–કેરોસીન અને પેટ્રોલમાંથી વેટની આવક કેટલી ?

(૨)

| | **૨૦૧૧** | **૨૦૧૨** |
|---|---|---|
| **પેટ્રોલ** | ૧૭૩૪.૩૪ | ૧૯૧૩.૪૪ |
| **ડીઝલ** | ૩૬૬૦.૧૩ | ૩૯૫૨.૧૮ |
| **કેરોસીન** | ૨.૮૫ | ૦.૪૭ |

---------

**વિરમગામ શહેર, વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ**

૨૦૬ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેર, વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેર, વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ **પત્રક–અ** મુજબ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ સંલગ્ન **પત્રક–બ**માં દર્શાવ્યા મુજબની છે.

(૩) ખાલી જગ્યાઓ રાજ્ય સરકારનું ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–અ**

**તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિરમગામ, માંડલ અને દેત્રોજની મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | સામુહિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી |
| ૧. | વિરમગામ | ૫ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૨૨ | ૧૫ | ૭ | ૨૦ | ૮ | ૧૨ |
| ૨. | માંડલ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૧ | ૧૪ | ૭ | ૭ | ૧૦ | ૨ | ૮ |
| ૩. | દેત્રોજ | ૧ | ૧ | ૦ | ૩ | ૨ | ૧ | ૧૩ | ૧૦ | ૩ | ૧૦ | ૪ | ૬ |
| | **કુલ** | **૭** | **૩** | **૪** | **૧૧** | **૮** | **૩** | **૪૯** | **૩૨** | **૧૭** | **૪૦** | **૧૪** | **૨૬** |

**તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી |
| ૧. | વિરમગામ | ૪ | ૪ | ૪ | ૦ | ૧૨ | ૫ | ૭ | ૧૬ | ૧ | ૧૫ |
| ૨. | માંડલ | ૩ | ૩ | ૩ | ૦ | ૯ | ૬ | ૩ | ૧૨ | ૦ | ૧૨ |
| ૩. | દેત્રોજ | ૩ | ૩ | ૩ | ૦ | ૯ | ૪ | ૫ | ૧૨ | ૦ | ૧૨ |
| | **કુલ** | | **૧૦** | **૧૦** | **૦** | **૩૦** | **૧૫** | **૧૫** | **૪૦** | **૧** | **૩૯** |

એચબી – ૬૬૩–૧૫

**પત્રક–બ**

| અ.નં. | તાલુકા નું નામ | પ્રા.આ. કેન્દ્રનું નામ | ત.અ. વર્ગ–૨ | જુનીયર ફાર્માસીસ્ટ | | લેબૉરેટરી ટેકનીશીયન | | ડ્રાયવર | | વોર્ડબોય | | વોર્ડઆયા | | પા.ટા સ્વીપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી | ખાલી | ક્યારથી ખાલી |
| **૧** | **૨** | **૩** | **૬** | **૧૨** | **૧૩** | **૧૮** | **૧૯** | **૩૦** | **૩૧** | **૩૬** | **૩૭** | **૪૨** | **૪૩** | **૪૮** | **૪૯** |
| ૧ | વિરમગામ | મણીપુરા | ૦ | ૦ | – | ૦ | – | ૧ | ૦૧–૦૪–૦૫ | ૧ | ૩૦–૮–૦૨ | ૧ | ૩૦–૮–૦૨ | ૨ | પાર્ટ ટાઇમની જગ્યા હોઈ જરૂરીયાત મુજબ ઉમેદવાર રાખી કામગીરી લેવામાં આવે છે. |
| ૨ | | કરકથલ | ૦ | ૦ | – | ૦ | – | ૧ | ૧/૧૦/૦૯ | ૦ | – | ૧ | ૦૧–૦૪–૦૫ | ૨ | |
| ૩ | | કુમરખાણ | ૦ | ૧ | ૨૧–૦૨–૧૨ | ૦ | – | ૧ | ૦૧–૦૪–૦૫ | ૧ | ૨–૧–૦૭ | ૧ | ૩૦–૧૧–૦૦ | ૨ | |
| ૪ | | ગૌરૈયા | ૦ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૨ | |
| ૫ | દેત્રોજ | રૂદાતલ | ૦ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૧ | ૧–૧–૧૧ | ૨ | |
| ૬ | | રામપુરા | ૦ | ૦ | – | ૦ | – | ૦ | – | ૧ | ૪–૧–૦૫ | ૧ | ૭–૧–૦૩ | ૨ | |
| ૭ | | કટોસણરોડ | ૦ | ૦ | – | ૦ | – | ૦ | – | ૧ | ૪–૧–૦૫ | ૧ | ૩૧–૧૨–૦૨ | ૨ | |
| ૮ | માંડલ | વિઠલાપુર | ૦ | ૧ | ૨૦–૩–૧૦ | ૦ | – | ૧ | ૨૦–૩–૧૦ | ૧ | ૨૦–૩–૧૦ | ૧ | ૨૦–૩–૧૦ | ૨ | |
| ૯ | | ટ્રેન્ટ | ૦ | ૧ | ૨૧–૧૧–૦૨ | ૦ | – | ૦ | – | ૧ | ૫–૧–૯૮ | ૧ | ૧–૫–૯૮ | ૨ | |
| ૧૦ | | સીતાપુર | ૦ | ૧ | ૨૨–૧૧–૦૨ | ૦ | – | ૧ | ૧૯–૬–૦૯ | ૧ | ૩૧–૭–૦૯ | ૧ | ૩૦–૬–૯૯ | ૨ | |
| | **કુલ** | | **૦** | **૬** | | **૨** | | **૭** | | **૯** | | **૧૦** | | **૨૦** | |

**પત્રક–બ**

| અ. નં. | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્રવાર ખાલી જગ્યાની તારીખ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વિરમગામ | | માંડલ | | દેત્રોજ | |
| | | સંખ્યા | તારીખ | સંખ્યા | તારીખ | સંખ્યા | તારીખ |
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૩ | ૨૯–૧૧–૧૨<br>૧–૫–૧૨ | ૧ | ૧૫–૨–૧૦ | ૦ | – |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૧ | ૧–૧–૧૩ | ૧ | ૨૧–૩–૧૧ | ૧ | ૧–૮–૧૨ |
| ૩ | એક્સ રે ટેકની. વર્ગ–૩ | ૦ | | ૧ | ૧૫–૨–૧૦ | ૦ | |
| ૪ | હેડ નર્સ વર્ગ–૩ | ૧ | ૨૦–૫–૧૦ | ૦ | | ૦ | |
| ૫ | સ્ટાફ નર્સ વર્ગ –૩ | ૪ | ૧–૬–૧૦<br>૧–૧–૧૧<br>૧–૨–૧૦ | ૪ | ૧૫–૨–૧૦ | ૧ | ૧૬–૮–૧૦ |
| ૬ | હેડ કલાર્ક વર્ગ–૩ | ૦ | | ૧ | ૧૫–૨–૧૦ | ૦ | |
| ૭ | સીનીયર કલાર્ક વર્ગ–૩ | ૨ | ૧૫–૨–૧૦ | ૧ | ૧૫–૨–૧૦ | ૧ | ૧–૨–૧૦ |
| ૮ | ડ્રાઇવર વર્ગ–૩ | ૦ | | ૦ | | ૧ | ૧–૧–૧૦ |
| ૯ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૩૧–૩–૦૭ | ૧ | ૧૫–૨–૧૦ | ૦ | |
| ૧૦ | પટાવાળા વર્ગ–૪ | ૦ | | ૧ | ૧૫–૨–૧૦ | ૦ | |
| ૧૧ | વોર્ડબોય વર્ગ–૪ | ૬ | ૪–૮–૦૯<br>૩૦–૧–૦૬<br>૧૦–૧૧–૦૮<br>૩૦–૯–૦૫<br>૩૧–૧૨–૦૪ | ૨ | ૧૫–૨–૧૦ | ૧ | ૯–૩–૯૫ |
| ૧૨ | આયા વર્ગ–૪ | ૧ | ૧૦–૧૧–૦૮ | ૦ | | ૧ | ૨૮–૪–૧૦ |
| ૧૩ | સ્વીપર વર્ગ–૪ | ૩ | ૨૦–૨–૦૨<br>૨–૮–૧૧<br>૨–૩–૦૮ | ૦ | | ૦ | |
| ૧૪ | ચોકીદાર | ૧ | ૯–૧૧–૦૬ | | | | |
| ૧૫ | પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ–૪ | ૦ | | ૨ | ૧૫–૨–૧૦ | ૨ | ૯–૩–૯૫ |
| ૧૬ | પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ–૪ | ૦ | | ૨ | ૧૫–૨–૧૦ | ૨ | ૯–૩–૯૫ |
| | કુલ | ૨૩ | | ૧૭ | | ૧૦ | |

-------

## આણંદ જિલ્લામાં બ્લોક હેલ્થ ઓફિસના વિભાજનની મળેલ દરખાસ્ત

૧૦૦૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં બ્લોક હેલ્થ ઓફિસનું વિભાજન કરી નવી બ્લોક હેલ્થ ઓફિસ ખોલવાની કોઇ દરખાસ્ત મળેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યારે દરખાસ્ત મળેલ છે, અને | (૨) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત આણંદના તા. ૨૯–૪–૨૦૧૦ તથા તા. ૨૯–૧૧–૧૦ના પત્રોથી વિગતવાર દરખાસ્ત મળેલ છે. |
| (૩) તે સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) આણંદ જિલ્લામાં તમામ તાલુકાઓમાં તાલુકા હેલ્થ ઓફીસર વર્ગ–૨ની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. જેથી બ્લોકનું વિભાજન કરવાનું રહેતુ નથી. |

---------

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરો અને મહેકમની ખાલી જગ્યાઓ**

૨૦૯ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં આધુનિક સુવિધા વધારવા સાથે રાહત દરે દવાઓ આપવા રાજ્ય સરકાર વિચારે છે, કે કેમ,

(૨) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આ બન્ને તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટર અને મહેકમની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) જે કેટલા સમયમાં રાજ્ય સરકાર ભરવા માગે છે ?

**જવાબ**

(૧) સુત્રાપાડાના સામુહિક આરોગ્ય કેન્દ્રનું સુવિધાયુક્ત નવું મકાન બાંધવા માટે જુનું જર્જરીત મકાન તોડી નવું મકાન બાંધવાનું આયોજન હાથ ધરેલ છે જ્યારે વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવું મકાન બાંધવાનું કામ પ્રગતિ હેઠળ છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વિના મૂલ્યે દવાઓ આપવામાં આવે છે.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર સુત્રાપાડા અને પ્રભાસપાટણની મંજુર, ભરેલ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક મહેકમની માહીતીનું ***પત્રક-૧** માં દર્શાવ્યા મુજબ છે.

(૩) સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-૧**

**સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના સામુહીક આરોગ્ય કેન્દ્રોની મંજુર, ભરાયેલ તથા ખાલી જગ્યાઓની વિગત**

| અ.નં. | જગ્યાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સુત્રાપાડા | | | પ્રભાસપાટણ | | |
| | | મંજુર જગ્યા | ભરેલી | ખાલી | મંજુર જગ્યા | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨ | મેડિકલ ઓફીસર વર્ગ-૨ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ૩ | ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૪ | લેબૉરેટરી ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૫ | એક્સ-રે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૬ | સ્ટાફ નર્સ | ૭ | ૨ | ૫ | ૭ | ૭ | ૦ |
| ૭ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૮ | સીની. આસી. વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૯ | સીની. કલાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | પટાવાળા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | આયા વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | વોર્ડ બોય વર્ગ-૪ | ૨ | ૦ | ૨ | ૨ | ૨ | ૦ |

| અ.નં. | જગ્યાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સુત્રાપાડા | | | પ્રભાસપાટણ | | |
| | | મંજુર જગ્યા | ભરેલી | ખાલી | મંજુર જગ્યા | ભરેલી | ખાલી |
| ૧૪ | સ્વિપર વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | પાર્ટ ટાઇમ સ્વિપર | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૨ |
| ૧૬ | પાર્ટ ટાઇમ ચોકીદાર | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૨ |
| | **કુલ** | **૨૭** | **૬** | **૨૧** | **૨૭** | **૧૭** | **૧૦** |

---------

**રાજ્યનું કુલ દેવું**

૮૯૭ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યનું કુલ કેટલું દેવું હતું,

(૨) આ દેવાના ચૂકવણા પાછળ વ્યાજ અને હપ્તાની પાછળ છેલ્લા ૨ વર્ષમાં કુલ કેટલું વાર્ષિક ચૂકવણું કરવામાં આવ્યું, અને

(૩) દેવું ઘટાડવા માટે રાજ્ય સરકાર કેવા પગલાંઓ લેવા માંગે છે ?

**જવાબ**

(૧) (` કરોડમાં)

| નાણાકીય વર્ષ | કુલ દેવું |
|---|---|
| ૨૦૧૨–૧૩<br>(તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધી અંદાજીત) | ૧૩૩૬૭૯ |

(૨) (` કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવાયેલ વ્યાજ | લોનનો ચૂકવાયેલ હપ્તો | કુલ વાર્ષિક ચૂકવણું |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૨ | ૩૮૧૭ | ૧૨૩૭૯ |
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ | ૫૨૭૫ | ૧૫૧૧૫ |

(૩) રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરિયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહે છે.

---------

**રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું**

૬૮૯ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે ?

**જવાબ**

રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક ગણી શકાય નહીં.

રાજ્યની માથાદીઠ આવક વર્ષ ૨૦૧૧–૧૨ માટે ` ૮૯,૬૬૮ /– (ચાલુ ભાવે) અંદાજવામાં આવેલ છે.

કોઈ ચોક્કસ તારીખે માથાદીઠ દેવાની ગણતરી માટે કોઈ માન્ય પધ્ધતિ પ્રસ્થાપિત નથી.

---------

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં મહિલા હેલ્થ વર્કરનું મંજૂર થયેલ મહેકમ**

૮૦૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ મહિલા હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| દાંતા | ૪૬ |
| અમીરગઢ | ૨૧ |

(૨) મંજૂર થયેલ આ મહેકમ પૈકી કયા તાલુકામાં કેટલી જગ્યા ભરવાની બાકી છે, અને

(૨)

| તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| દાંતા | બે જગ્યા ભરવાની બાકી છે. |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવનાર છે ?

(૩)ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવાનું આયોજન છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નવું મકાન બનાવવા અંગે**

૧૨૦ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ભાડાના મકાનમાં બેસે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવું મકાન બનાવવા માટેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) નવું મકાન બાંધવાનું થાય છે તે જગ્યાએ જુનું જર્જરીત મકાન છે તેને તોડવાની મંજુરી સક્ષમ કક્ષાએથી મેળવવા માટેની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) જૂનું મકાન પાડવા માટેની મંજૂરી આપવાની કાર્યવાહી કયા તબક્કે છે, ક્યારે આપવામાં આવશે ? | (૩) જુનું મકાન પાડવાની દરખાસ્ત સક્ષમ કક્ષાએ વિચારણામાં છે. |

---------

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

## સાબરમતી જેલમાં સુરંગ ખોદવા બાબત

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને તે અંગે નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘ તાજેતરમાં જ સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા ખૂંખાર ગુનેગારો દ્વારા જેલના તંત્રની નિષ્ક્રિયતાનો લાભ લઇ જેલમાંથી ભાગી જવા માટે ઘણી મોટી સુરંગ ખોદવાની બનેલી ગંભીર ઘટનામાં સુરંગ ખોદવા માટે જરૂરી સાધનો અને સગવડો પણ જેલમાંથી જ ઉપલબ્ધ થયા હોવાની શંકા છે. આ સંજોગોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે લોકોમાં ફેલાયેલ અજંપાભરી સ્થિતિ નિવારવા સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં.’’

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે તા. ૧૦–૦૨–૨૦૧૩ના રોજ ફરજ પરના સુબેદાર દ્વારા ફરજના ભાગરૂપે છોટા ચકકર યાર્ડ નં. ૪/૧માં રાઉન્ડ લેવામાં આવતા બેરેકના પાછળના ભાગે પક્ષીઓ પકડવા માટેની જાળ પાથરેલ હોવાનું જણાઇ આવેલ. જે સંદર્ભે તપાસ કરતાં બેરેકની પાછળના ભાગે પાણીની ટાંકી પાછળ જમીનના ભાગે એક ધાબળો તથા તે ઉપર સુકું ઘાસ નાખેલ હોવાનું જણાતાં ધાબળો હટાવી જોતાં એક ખાડો ખોદેલ હોવાનું જણાઇ આવેલ. આ અંગે ઉપરી અધિકારીઓને તે બાબતની જાણ કરેલ. ફરજ ઉપરના અધિકારી દ્વારા બનાવના સ્થળે ખાડાની તપાસ કરતા જમીનની અંદર ઉંડો ખાડો જણાઇ આવેલ. તપાસ કરતા યાર્ડ નં ૪/૧ આફટર નામની બેરેકમાં રાખવામાં આવેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ દ્વારા ભાગી જવાના નિષ્ફળ પ્રયાસરૂપ આ ખાડો ખોદવામાં આવ્યાનું જણાઇ આવતા બેરેકના આ ૧૪ કેદીઓ વિરૂધ્ધ

પ્રિઝન એક્ટની કલમ-૪૫ હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન, અમદાવાદના ગુના રજીસ્ટર નં. ૨૪/૨૦૧૩થી ધોરણસરની ફરિયાદ દાખલ કરી તપાસ કરવામાં આવી રહેલ છે.

આ કિસ્સામાં ક્રાઇમ બ્રાન્ચની પ્રાથમિક તપાસમાં મુખ્ય સુત્રધારો (૧) હાફિઝ હુશેન ઉર્ફે અદનાન (૨) સીબલી અબ્દુલ કરીમ અને (૩) સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલ કરીમ કે જેઓ નિષ્ણાત અને ઇજનેરની ડીગ્રી ધરાવે છે અને આરોપીઓને તેમની સામેનો કેસ મજબૂત હોવાનું જણાતાં હતાશા અનુભવતા તેઓએ એસ્બેસ્ટોસ શીટના ટુકડા, તૂટેલી પાઇપના ટૂકડા તથા લાકડાના અણીવાળા ભાગને ખોદવાના સાધન તરીકે ઉપયોગ કરી ૧૬ ફૂટ ઉંડી અને ૨૬ ફૂટ લાંબી સુરંગ ખોદેલ હતી. આરોપીઓને કોઇ પણ વસ્તુ બહારથી પહોંચાડવામાં આવી નથી. આરોપીઓ સુરંગના ખોદકામ દરમ્યાન ગૂંગળામણ અનુભવતા હતા તેથી વધુ સુરંગ ખોદવાનું શકય જણાયેલ નહીં. આમ, આવા સંજોગોમાં તેમનું ભાગવું અશકય જણાય છે તેમજ આ જેલ તોડવાનો નિષ્ફળ પ્રયાસ છે.

આ બનાવની જાણ થતા સરકાર કક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવેલ છે. બનાવ ધ્યાન ઉપર આવતા સમયસૂચકતા દર્શાવેલ સુબેદાર કર્મચારીને સરકાર તરફથી ખાસ ઇનામની જાણ કરવામાં આવેલ તથા બનેલ ઘટનાની પ્રાથમિક તપાસ પોલીસ મહાનિરિક્ષકશ્રી (જેલ)ને સોંપવામાં આવેલ તેમજ તાત્કાલિક ધોરણે જેલના છોટા ચકકર વિભાગના સલામતી જેલર તથા જેલર ગૃપ-૧ને ફરજમાં બેદરકારી માટે ફરજ મોકૂફી ઉપર ઉતારી દેવામાં આવેલ છે. બનાવ બાબતે ચાર એજન્સી (૧) એન્ટી ટેરરીસ્ટ સ્કવોડના અધિકારીઓ (૨) લોકલ ક્રાઇમ બ્રાન્ચ (૩) સીટી પોલીસ કમિશનર તથા (૪) ન્યાય સહાયક વિજ્ઞાન કચેરીના અધિકારીઓ દ્વારા સત્વરે સ્થળ તપાસ કરી અહેવાલ આપવા જણાવવામાં આવેલ છે, તેમજ તા. ૧૫-૦૨-૨૦૧૩ના રોજ ત્રણ અધિકારીઓની રાજયકક્ષાની એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરવામાં આવેલ છે.

અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ દ્વારા સુરંગ ખોદવાના નિષ્ફળ પ્રયાસના સંજોગોમાં જેલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જાળવવા સરકાર સજાગ અને કટિબદ્ધ છે. જે અંગે સરકારે લીધેલ તેમજ લેવા ધારેલ પગલાં નીચે મુજબ છે.

૧. સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસનાં આરોપીઓ દ્વારા સુરંગ ખોદવાના કરેલ પ્રયાસને જેલ તંત્રની સમયસૂચકતા અને સતર્કતા દ્વારા નિષ્ફળ બનાવવામાં આવેલ છે.

૨. તા. ૧૨-૦૨-૨૦૧૩ના રોજ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના તમામ આરોપીઓને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે તાજેતરમાં બનાવવામાં આવેલ હાઇ સિકયુરીટી જેલમાં તાત્કાલિક ખસેડવામાં આવેલ છે. આ જેલમાં ૨૦૦ કેદીઓને રાખવા માટેની જોગવાઇ છે. આ હાઇ સિકયુરીટી જેલનું બાંધકામ ચાલુ હોવાથી તે પૂર્ણ થયેથી આ કેદીઓને તેમાં શીફટ કરવાનું વિચારણામાં હતું.

૩. આ બનાવને ધ્યાનમાં રાખીને એસ. આર. પી. કમાન્ડોની એક પ્લાટુન તેમજ વધુ એક કંપની અને બોર્ડર વીંગની વધુ એક પ્લાટુન અને કંપની જેલમાં તહેનાત કરવામાં આવેલ છે.

૪. અમદાવાદ મધ્યસ્થ જેલ તથા રાજયની અન્ય જેલોમાં દરેક અઠવાડિયે એન્ટીસેબોટેજ ચેકીંગ કરવા માટે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રીઓ અને પોલીસ અધિક્ષકશ્રીઓને જણાવવામાં આવેલ છે.

૫. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા જેલોની ત્રિમાસિક વિઝિટ કરવા અને આકસ્મિક તપાસ હાથ ધરવા અને સુરક્ષા વ્યવસ્થાનું એસેસમેન્ટ કરવા તમામ પોલીસ કમિશ્નરશ્રી અને તમામ પોલીસ અધિક્ષકશ્રીને જણાવવામાં આવેલ છે.

૬. અમદાવાદ મધ્યસ્થ જેલની સલામતીના પરિપ્રેક્ષ્યમાં એકસ-રે સ્કેનિંગ મશીન, ડોરફ્રેમ મેટલ ડીટેકટર, હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટર, સેલફોન જામર, મોબાઇલ ફોન ડીટેકટર જેવા સલામતીના ઉપકરણો વસાવવામાં આવેલ છે. તથા મુખ્ય દિવાલ ઉપર હાઇ વોલ્ટેજ ડી.સી. લાઇવ વાયર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

૭. જેલોની સલામતી સાથે સંકળાયેલ સિપાઇ (પુરુષ) સંવર્ગની ખાલી ૭૫૦ જગ્યાઓ તથા સિપાઇ (મહિલા) સંવર્ગની ૬૩ જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા માટે જેલ સહાયક ભરતી બોર્ડ દ્વારા નિવિદા બહાર પાડી અરજીઓ મંગાવવામાં આવી છે.

આમ, અમદાવાદ મધ્યસ્થ જેલ તેમજ રાજયની અન્ય જેલોની સલામતી બાબતે સરકાર સંપૂર્ણ સજાગ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક પીકચરનો ડાયલોગ હતો કે હમારી જેલમે સુરંગ? આજે આ ગુજરાતની જેલમાં સુરંગ દેખાઇ છે એટલે એ ડાયલોગ સાચો પડયો છે.

અધ્યક્ષશ્રી : આમાં આપને એક જ સવાલ મળશે, આપના ૩ સભ્યો છે એટલે ત્રણેને એક એક સવાલની તક મળી શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : બે તો આપવા પડે ને સાહેબ.

અધ્યક્ષશ્રીઃ આપવા પડે તેવું ન હોય, કેટલા આપવા તે મારે જોવાનું છે. બધા એક એક પૂછો તો બધાને ચાન્સ મળે, નહિંતર પછી બીજાને ચાન્સ નહીં મળે,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે જ માહિતી લેવી છે. એક એ કે કેટલા ફૂટ ઉંડી અને લાંબી સુરંગ હતી અને કેટલા ફૂટ ઉંચી સુરંગ હતી તેનો ઉલ્લેખ નથી, અને જે રીતે તપાસ કમિટી નીમી છે તેમાં સરકાર દ્વારા ઉચ્ચ સ્તરની ધારાસભ્યોની કમિટી નીમી અને સરકાર આ બનાવની તપાસ કરાવવા માગે છે કે કેમ તે મારે જાણવું છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, એમાં આ સુરંગ ૧૬ ફૂટ જેટલી ઉંડી અને ૨૪ ફૂટ જેટલી લાંબી હતી. અને બીજો પ્રશ્ન છે કે આમાં તપાસ સમિતિની રચના કરવા માગે છે કે કેમ....

અધ્યક્ષશ્રી : ધારાસભ્યોની તપાસ સમિતિની રચના માટે એમણે પૂછયું છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : એ એમનું સૂચન છે. અત્યારે જે ઉચ્ચ કક્ષાના ૩ અધિકારીઓની તપાસ સમિતિની રચના કરવામાં આવેલ છે, એ તપાસ કરીને એમનો અહેવાલ આપશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે, તેમાં ૧૬ ફૂટ ઉંડી અને ૨૬ ફૂટ લાંબી સુરંગ ખોદવા માટે જે સાધનો વપરાયા છે, એમાં લાકડાના અણીવાળા ભાગનો અને એસ્બેસ્ટોસના શીટના ટૂકડાનો ઉપયોગ થયો હોવાનું જણાવ્યું છે. પરંતુ આનાથી આટલી લાંબી સુરંગ ખોદી શકાય ખરી? અને આમાં એમ લખ્યું છે કે બહારથી કોઇ વસ્તુ આવેલ નથી. તો આ ખોદકામથી કેટલી માટી નીકળે? આટલી લાંબી સુરંગ ખોદવામાં આવે તો કેટલી માટી નીકળે? અને એ માટી કયાં નાખી હશે? જેમ આજ દિવસ સુધી જેલમાં ઘણી બધી વસ્તુઓ સરકારના ધ્યાનમાં નથી આવતી તેમ આ પણ ધ્યાનમાં ન આવી?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે માટી કયા નાખી હશે, કેટલા ઘનમીટર નીકળી હશે. એના માટે તપાસ સમિતિ રચી છે અને ટૂંક સમયમાં એનો અહેવાલ આપશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પાસે જેટલી વિગત છે, એ કહે છે. કેટલા ઘન મીટર માટી નીકળી એ કંઇ નથી. ઉંડાઇ કેટલી છે, લંબાઇ કેટલી છે એ નક્કી છે, પહોળાઇ કેટલી છે એ નક્કી નથી, કારણ કે કયાંક પહોળાઇ ઓછી હોય, કયાંક પહોળાઇ વધારે હોય, પરંતુ અત્યારે માનનીય મંત્રીશ્રી પાસે એ વિગત નથી.

શ્રી જશુભાઇ ધા. બારડ : સાબરમતી જેલની અંદર સુરંગના મુદ્દા ઉપર ત્રણ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય રાજયકક્ષાની તપાસ સમિતિ બનાવવામાં આવી છે અને સિરિયલ બોમ્બ બ્લાસ્ટના માણસોને હાઇ સિકયુરીટી જેલમાં તાત્કાલિક ખસેડવામાં આવ્યા છે. જયારે જેલોની સલામતી નથી. જે કોઇ જવાનો, સિપાઇઓ મૂકવામાં આવે છે એનો સાત નંબરના કોલમમાં જવાબ આપ્યો છે કે ૭૫૦ જગ્યાઓ ખાલી છે અને મહિલા વર્ગની ૬૩ જગ્યાઓ ખાલી છે તો આ જગ્યાઓ કયારે ભરવામાં

આવશે? મારે એક બીજી વાત સરકાર પાસેથી જાણવી છે કે રજુદીન નામનો આતંકવાદી જેલમાં બંધ છે, એ આતંકવાદીને જે લોકો મળવા આવતા હતા, એના કોઇક એવા નામો રજીસ્ટરમાંથી મળ્યા છે કે હરેન પંડયા મર્ડર કેસમાં સંકળાયેલા માણસો મળવા આવ્યા હોય તેવું મળ્યું છે? મુલાકાતીઓના રજીસ્ટર ચેક કરવામાં આવ્યા છે, તો મુલાકાતીઓના નામ સરનામા ખોટા છે એવું મળે છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમારી પાસે માહિતી હોય તો આપો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ખાલી જગ્યાઓની વાત છે તો એ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે અને આગામી થોડા સમયમાં એ જગ્યાઓ ભરાઇ જશે એટલે માનનીય સભ્યશ્રીએ ખાલી જગ્યા અંગેનો પ્રશ્ન કર્યો એ પૂરો થશે. બીજી જે વાત કરી એ સાચી નથી.

શ્રી રાકેશ જ. શાહ : અમદાવાદ મધ્યસ્થ જેલની સુરંગની ચર્ચા ચાલે છે. સાબરમતી ખાતે હાર્ડકોર જેલ બનાવવામાં આવી છે ખરી? જો બનાવવામાં આવી હોય તો સિરિયલ બ્લાસ્ટના આ આરોપીઓને હાર્ડકોર જેલમાં પહેલેથી જ કેમ મૂકવામાં નહોતા આવ્યા એ મારે જાણવું છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : અમદાવાદની જેલની અંદર આ હાર્ડકોર જેલ બનાવવામાં આવી છે. એમાં ૨૦૦ જેટલા ગુનેગારોને રાખી શકાય તેટલી એ જેલની ક્ષમતા છે. આ જેલમાં ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. આ ચાર વિભાગો બનાવવા પૂરતુ કામ બાકી હતું એટલા માટે એમાં આ કેદીઓને ખસેડવામાં આવ્યા નહોતા. પરંતુ આ ઘટના પછી બે વિભાગોને કાર્યાન્વિત કરીને બધા કેદીઓને ત્યાં ખસેડવામાં આવ્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સુરંગ બનાવવાની પ્રક્રિયા સાબરમતી જેલમાં બની એ દુઃખદ બાબત છે. ઘણીવાર આપણા મુખ્યમંત્રીશ્રી બોલતા કે આતંકવાદીઓને અમે ચૂન ચૂન કર મારુંગા...

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજીભાઇ, શું બોલ્યા એ નહિ, તમારે શું કહેવું છે એ કહોને? આપ પોલિટિકલ સ્પીચમાં જાવ નહિ, ફેકટ ઉપર આવો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : ગુજરાતમાં જયારે આવી પરિસ્થિતિ ઉભી થઇ હોય ત્યારે ગુજરાતની વાહ વાહ કરવાવાળા ઘણા પોલીસ અધિકારીઓ આજે જેલમાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એનો આજે સવાલ નથી. ફકત સુરંગ વિશે વાત કરો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સુરંગ વિશે વાત કરું તો ગાંધીનગર મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાનથી સાબરમતી જેલ વચ્ચે ૨૦ કિલોમીટરનુ અંતર છે. જો કદાચ આ વાતની જાણ વહેલી ન થઇ હોત તો આ આતંકવાદીઓ કોને ભગાડી જવા માટે..

અધ્યક્ષશ્રી : આને લગતું પૂછો ને, તમે પાછા દિલ્હી પાર્લામેન્ટ સુધી પહોંચશો. તમારી સુરંગની લંબાઇ વાજબી રાખો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે આ બાબતની સર્વપક્ષીય ધારાસભ્યોની કમિટી, તેમણે સૂચનની વાત કરી. હું તેમને પૂછવા માગું છું કે તમામ પક્ષના ધારાસભ્યોની સર્વપક્ષીય કમિટી બનાવવા માગે છે કે કેમ? જે સુબેદારે જાણ કરી છે તેને કેટલું ઇનામ આપ્યું છે અને ઉચ્ચ અધિકારીઓને નિષ્કાળજી બદલ સસ્પેન્ડ કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : પહેલાં જે વાત કરી તેમાં કહીશ કે સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ જે સુરંગ ખોદવાનો પ્રયત્ન કરતા હતા. જેલના તંત્રની સમયસૂચકતા અને સતર્કતાને કારણે એ પ્રયાસ નિષ્ફળ બન્યો છે. એટલે એમણે જે વાત કરી એ પ્રશ્ન રહેતો નથી. બીજી વાત છે કે આ પ્રકારની ધારાસભ્યોની કોઇ સર્વપક્ષીય સમિતિ બનાવવા માગો છો કે કેમ? તો આ એમનું સૂચન છે અને આ પર્દાફાશ જે માણસ દ્વારા થયો તેને પ્રોત્સાહક ઇનામ ૩,૦૦૦ રૂપિયા આપવાની જોગવાઇ કરી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલિટિકલ પ્રશ્ન નથી. ગુજરાતની સલામતી, તેમાં પણ જેલની સલામતીમાં સાબરમતી, ભૂજની જેલ હતી તે સલામતી માટે પ્રખ્યાત જેલો છે. એ જેલને હું પોલિટિકલ ઇસ્યુ બનાવવા માગતો નથી. લગભગ છેલ્લા દોઢ-બે મહિનાથી આ કામ ચાલુ હશે એવું હું માનું છું. એ તો કબૂતરનું ભલું થજો કે કબૂતર ત્યાં પડયું અને પેલાના હાથમાં આવ્યું અને આ મેળ પડયો. કોઇ

સજાગતા એવું કંઇ નહીં, સ્ટાફ ઓછો છે, એ જાહેર છે. વહેલાં ભરતી કરવી જોઇએ. હું સરકાર પાસેથી અપેક્ષા રાખું છું કે પારદર્શક વહીવટની વાત કરતી આ સરકાર, ખાલી અધિકારીઓની કમિટી જરૂરી નથી. અધિકારીઓ રિપોર્ટ આપે, તમને કેવો રિપોર્ટ આપે, કેવો નહીં, આપણે સમજી શકીએ છીએ. જો પારદર્શક વહીવટની વાત હોય તો હું આગ્રહ કરીશ કે સરકાર તમામ પક્ષના એક એક ધારાસભ્ય, આપના વડપણ નીચે ત્યાં મુલાકાત લઇએ, જોઇએ, તપાસ કરીએ. ચારે બાજુથી એની માહિતી મેળવીને ભવિષ્યમાં આવું ન થાય એટલી ચિંતા કરીએ તો સારૂં અને આ રાજકીય ઇસ્યુ નથી માટે ધારાસભ્યોની કમિટીનો આપની પાસેથી હું આગ્રહ રાખું છું.

અધ્યક્ષશ્રી : ધારાસભ્યોની કમિટી કરવા માગો છો કે નહીં.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : તેમનું સૂચન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં સૂચન જ હોઇ શકે. એટલા માટે, ધારાસભ્યોની કમિટી કરવા માગો છો કે નહીં તેનો જવાબ હા કે ના માં મળે એવી અપેક્ષા પણ ન રખાય. એ એમ કહે છે કે સૂચન છે. સૂચન ઉપર એ વિચાર કરશે. સરકારને યોગ્ય લાગશે તો એ કરશે. (અંતરાય) ભાઇ, આટલા વર્ષો સુધીમાં અનેક બનાવો ગુજરાતમાં બન્યા છે. મને નથી લાગતું, કોઇ દિવસ ક્યારેય કોઇ ધારાસભ્યની કમિટી તપાસ માટે બની હોય. નથી બની. (અંતરાય) શેમાં બનાવી છે? કોઇ રીતે થઇ નથી અને છતાં પણ બની હોય તો એ એમ કહે છે કે તમારૂં સૂચન છે અને સરકાર એના ઉપર વિચાર કરશે. આ વિધાનસભા એને ફોર્સ ન પાડી શકે કે તમે આમ જ કરો. આપણે તેને સૂચન આપી શકીએ. એ સૂચન સ્વીકારવું કે શું કરવું એ કન્સીડર કરશે.(અંતરાય) નહીં, નહીં. એમ જ છે. હવે વધુ કંઇ કહેવાની જરૂર નથી. માઇક હોય ત્યારે બોલજો..

(આ તબક્કે વિરોધપક્ષના હાજર રહેલા તમામ માનનીય સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ રાત્રે ૯–૦૦ વાગે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે.

મંગળવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી અને બુધવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી–૨૦૧૩ના રોજ નીચે મુજબના સરકારી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક –૧–સન ૨૦૧૩નું ગુજરાત ટૂંકી સંજ્ઞા (સુધારા) સુધારતુ વિધેયક

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૩નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક

(૩) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૩મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઇ કુંડારીયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના કેટલાય વિસ્તારોમાં પ્રવર્તતી પીવાના પાણીની તીવ્ર તંગી અને તેના નિવારણનો તેમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવ્યો.**

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી.**

| અ.નં. | સુધારો | રજૂ કરનાર સભ્યશ્રી |
|---|---|---|
| | પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવાઃ– <br> " પરંતુ દિલગીર છીએ કે – | |
| **૧.** | **રાજયના કેટલાય વિસ્તારોમાં પ્રવર્તતી પીવાના પાણીની તીવ્ર તંગી અને તેના નિવારણનો તેમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી કેશુભાઇ પટેલ** <br> રજૂ |
| ***૨.** | **કલ્પસર યોજનામાં શકયતાદર્શી અહેવાલ અને વહિવટી ખર્ચ પાછળ કુલ કેટલો ખર્ચ થયો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી** | **શ્રી પુનમભાઇ પરમાર** |
| ***૩.** | **રાજયમાં અત્યાર સુધીમાં ૧,૩૭,૦૦૦ વિદ્યા સહાયકો અને ૫૦૦૦ મુખ્ય શિક્ષકોની ભરતી કરી હોવા છતાં શિક્ષકોની ઘટ નિવારવા કરેલ આયોજન બાબતે પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી** | **શ્રી મોહનસિંહ રાઠવા** |
| ***૪.** | **રાજયમાં ઓકટોબર–૨૦૧૨ સુધીમાં ૧,૪૩,૦૦૦ શ્રમયોગની નોંધણી કરવામાં આવી છે, તે પૈકી ૨૮,૦૦૦ શ્રમયોગીઓને સેફટી ટુલ્સની કીટ આપવામાં આવી છે. પરંતુ બાકીનાને સેફટી ટુલ્સની કીટ કેટલા સમયમાં અપાશે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** |
| ***૫.** | **ગરીબ કલ્યાણ મેળાઓમાં લાભાર્થીઓને અપાયેલ નાણાકીય સહાયમાં કેન્દ્ર સરકારની યોજનાઓ અંતર્ગત કેટલી રકમની નાણાકીય સહાય લાભાર્થીઓને આપવામાં આવી તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી બાવકુભાઇ ઉંધાડ** |
| ***૬.** | **મુખ્યમંત્રીશ્રીને ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જુદા જુદા વિભાગોમાં મોટી સંખ્યામાં મળેલ ફરિયાદોનો લાંબા સમયથી નિકાલ થતો નથી, તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી ઇશ્વરભાઇ પટેલ** |
| ***૭.** | **ગામ કક્ષએ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં નવેમ્બર–૨૦૧૨ સુધી તાલીમ પામેલ ૧,૭૨,૦૦૦ લાભાર્થીઓ પૈકી કેટલા તાલીમાર્થીઓને રોજગારી મળી તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી રમેશભાઇ ચાવડા** |
| ***૮.** | **ગુજરાતમાં સૌર ઉર્જા દ્વારા ઉત્પન્ન થતી વીજળી કયા દરે વેચાણ કરવામાં આવે છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી ગ્યાસુદ્દીન શેખ** |
| ***૯.** | **રાજયના અગરીયા માટે પીવાના પાણી, આરોગ્ય, આવાસ તેમજ તેઓના બાળકોના શિક્ષણ માટેની યોજનાઓ અંગેનો પ્રવચનમાં** | **ડાૅ. અનિલ જોષીયારા** |

**કોઈ ઉલ્લેખ નથી.**

| | | |
|---|---|---|
| ***૧૦.** | **રાજયમાં ચાલુ વર્ષે ૩૩૦ જેટલી નવી શરૂ કરવામાં આવેલ માધ્યમિક શાળાઓ પૈકી કેટલી શાળાઓ સરકારી અને કેટલી સેલ્ફ ફાઈનાન્સની છે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી સી. કે. રાઉલજી** |
| ***૧૧.** | **રાજયમાં રાજપીપળા તેમજ સિધ્ધપુર ખાતેના સરકારી હોમીયોપેથીક તેમજ ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતેની આયુર્વેદ કોલેજો કયારથી કાર્યરત થશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી પુનાભાઈ ગામીત** |
| ***૧૨.** | **રાજયમાં ગુટકા ઉપર પ્રતિબંધ પછી પણ ગુટકાનું વેચાણ અટકાવવા કરેલ કાર્યવાહીનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી મંગળભાઈ ગાવીત** |
| ***૧૩.** | **કપાસ–મગફળી અને દિવેલાના પાકમાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ હોવા છતાં રાજયની જનતાને પોષણક્ષમ ભાવે ખાદ્ય તેલ મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી પ્રહલાદભાઈ પટેલ** |
| ***૧૪.** | **રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૯૦,૫૦૦ વર્ગ ખંડો અને ૫૯,૦૦૦ સ્વચ્છતા સંકુલોનું બાંધકામ કરવામાં આવ્યું હોવા છતાં ખુલ્લામાં બેસી અભ્યાસ કરતાં બાળકો માટે શી વ્યવસ્થા કરવામા આવી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** |
| ***૧૫.** | **રેતી, ખનીજના ખોદકામ, સંગ્રહ અટકાવવા તેમજ ગેરકાયદેસર ખોદકામ કરતાં પકડાયેલા ઈસમો પાસેથી કરોડો રૂપિયાની રોયલ્ટી દંડ પેટેની રકમ વસુલ કરવા લીધેલા પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી છનાભાઈ ચૌધરી** |
| ***૧૬.** | **સાગરકાંઠાને પ્રવાસન તરીકે વિકસાવવાના પ્રયાસોથી દરિયાઈ અલભ્ય જીવસૃષ્ટિને થતું નુકસાન અટકાવવા કરેલ પ્રયાસોનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી ઈન્દ્રનીલ રાજગુરૂ** |
| ***૧૭.** | **પછાત વર્ગોના ૧ થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃતિ તથા ગણવેશ સહાયની રકમ ચૂકવવામાં થતો વિલંબ નિવારવાના ઉપાયાત્મક પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી નટવરસિંહ ઠાકોર** |
| ***૧૮.** | **સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના કયારે શરૂ કરવામાં આવશે અને કયારે પૂર્ણ કરી પાણી અપાશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી પુંજાભાઈ વંશ** |
| ***૧૯.** | **ઉત્તમ જળ વ્યવસ્થાપન, જળસંચય અને ઉપલબ્ધ જળસ્ત્રોતના કાર્યક્ષમ ઉપયોગ છતાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની જનતાને સિંચાઈ તથા પીવાના પાણી માટે પડતી મુશ્કેલીઓ નિવારવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી જશુભાઈ બારડ** |
| ***૨૦.** | **ભેળસેળ કે અપ્રમાણસર નમૂનાઓનો વપરાશ જાહેર પ્રજામાં અટકે તે માટે તાત્કાલિક અસરથી તમામ કેમીસ્ટોને એસ.એમ.એસ.થી જાણ કરાય છે પરંતુ આના ફળસ્વરૂપ ભેળસેળમાં કેટલો અટકાવ થયો તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી મહેન્દ્રસિંહ બારૈયા** |
| ***૨૧.** | **સમાજના પછાત વર્ગો માટે વિદેશમાં કોમ્પ્યુટર–આઈ.ટી., એમ.બી.એ. જેવા ઉચ્ચકક્ષાના અભ્યમસક્રમો માટે યુવાનોને લોન આપવાની યોજના અંતર્ગત કેટલા યુવાનોને આ યોજનાનો લાભ** | **શ્રી બળદેવજી ઠાકોર** |

| | | |
|---|---|---|
| | **આપવામાં આવ્યો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | |
| ***૨૨.** | **વનબંધુ કલ્યાણ યોજનાના પ્રથમ તબકકામાં ફાળવેલ રકમમાંથી કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી ધીરૂભાઇ ભીલ** |
| ***૨૩.** | **વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ કેટલા વ્યકિગત હકકદાવા અને સામૂહિક હકકદાવાઓ મંજૂર કરવાના બાકી છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી ગેંદાલભાઇ ડામોર** |
| ***૨૪.** | **શહેરી ગરીબો માટે શહેરી ગરીબ સમૃધ્ધિ યોજનામાં કેન્દ્ર સરકારનો કેટલો ફાળો છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી અમીત ચાવડા** |
| ***૨૫.** | **નિરાધાર વિધવા બહેનોને અપાતી સહાય સમયસર મળી રહે તે માટે કરવામાં આવેલા આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** |
| ***૨૬.** | **મિલ્કતની નોંધણી મહિલાના નામે કરવામાં આવે તો નોંધણી ફીમાંથી મુકિત આપવામાં આવે છે પરંતુ નોકરી વેપાર ધંધો ન કરતી મહિલાઓને મિલ્કત ખરીદવા લોન સરળતાથી મળે તે માટે કરેલ આયોજન અંગેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **ડાં. તેજશ્રીબેન પટેલ** |
| ***૨૭.** | **આંગણવાડીના બાળકોને ગરમ પૌષ્ટિક નાસ્તો યોગ્ય માત્રામાં મળી રહે તે માટેના ખર્ચના આયોજનનો અને ઉભા જરૂરી ઈન્ફાસ્ટ્રકચરનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી શૈલેષ પરમાર** |
| ***૨૮.** | **સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને રૂપિયા ૫૦,૦૦૦ની સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલી વિદ્યાર્થીનીઓને આ યોજના અંતર્ગત લાભ અપાયો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી મણીલાલ વાઘેલા** |
| ***૨૯.** | **ગરીબી રેખા નીચે જીવતા લોકોને હદયરોગ-મગજ-કેન્સરની સારવાર માટે મુખ્યમંત્રી અમૃત્તમ યોજના શરૂ થયા બાદ કેટલા લાભાર્થીઓને તેનો લાભ અપાયો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી મહમદ જાવેદ પીરઝાદા** |
| ***૩૦.** | **બાળ અને માતાના કુપોષણની સમસ્યાને નાથવા મિશન બલમ સુખમ યોજના અંતર્ગત કેટલા-બાળ-માતાઓને કુપોષણ મુકત કરવામાં આવ્યા અને આ યોજનામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા** |
| ***૩૧.** | **૧૦૮ એમ્બ્યુલન્સની યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારે આ સેવા માટે કેટલી રકમ ફાળવી છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી કરમશીભાઇ પટેલ** |
| ***૩૨.** | **ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમ અંતર્ગત ૯૭૧ મેળાઓ યોજાયા તેની પાછળ કુલ કેટલો વહીવટી ખર્ચ થયો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી બલવંતસિંહ રાજપૂત** |
| ***૩૩.** | **રાજયમાં મેડીકલ એજયુકેશન અને રીસર્ચ સોસાયટી હેઠળ શરૂ થયેલ પાંચ મેડીકલ કોલેજોમાં સામાન્ય વર્ગને પોષય તે મુજબનું ફીનું ધોરણ રાખવામાં કરેલ આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.** | **શ્રી હીરાભાઇ પટેલ** |

| | | |
|---|---|---|
| ***૩૪.** | **સરદાર સરોવર યોજના અન્વયેની માઈનોર, સબમાઈનોર કેનાલો અને ઢાળીયાના કામો કેટલા સમયમાં પૂર્ણ થશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી નિરંજન પટેલ** |
| ***૩૫.** | **આદિવાસી વિસ્તારોમાં ૧૫ લાખ કુટુંબો પૈકી ૬.૮૦ લાખ કુટુંબોને ઘરે નળ કનેકશન દ્વારા પાણી અપાય છે, બાકી રહેલા પરિવારોને કેટલા સમયમાં નળ કનેકશન દ્વારા પાણી અપાશે તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી પરભુભાઈ વસાવા** |
| ***૩૬.** | **કૃષિ યાંત્રિકીકરણ માટે વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ માં કુલ કેટલા ખેડૂતોને તેનો લાભ અપાયો તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રી પ્રવિણભાઈ રાઠોડ** |
| ***૩૭. .** | **ગૌવંશ હત્યા અટકાવવાના કાયદાનો અમલ હોવા છતાં દરરોજ ગૌમાંસ ભરેલા વાહનો પકડાય છે અને ગૌવંશની હત્યાઓ થાય છે તે નિવારવાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.** | **શ્રીમતી કામીનીબા રાઠોડ** |

* **આ સુધારા સભાગૃહમાં રજૂ થઈ શકયા નહીં.**

શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, તેરમી વિધાનસભાના આ પ્રથમ સત્રમાં મહામહિમ રાજ્યપાલશ્રીએ કરેલા સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ રજૂ કરવાનો ગૌરવવંતો પ્રસંગ મને આપવા બદલ આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો હું અત્યંત આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબકકે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને માન આપીને ગુજરાતની પ્રજાએ, ગુજરાતના મતદાતાઓએ, ગુજરાતની જનતાએ અનેક પડકારો વચ્ચે વોટબેંક, કોમવાદ, જ્ઞાતિવાદી રાજનીતિને ફગાવીને વિકાસની રાજનીતિને સમર્થન આપીને નરેન્દ્રભાઈ મોદીને ત્રીજી વખત હેટ્રીકથી વિજયી બનાવવા બદલ જનતા જનાર્દનનો અમે ખૂબ આભાર વ્યકત કરીએ છીએ અને તેમને લાખ લાખ અભિનંદન પણ આપીએ છીએ. ગુજરાતના શાંત ગુજરાત, સલામત ગુજરાત અને સમૃદ્ધ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદીને ગત ચૂંટણી માટે જબરજસ્ત સમર્થન ગુજરાતની પ્રજાએ આપ્યું છે એને પણ અમે અભિનંદન આપીએ છીએ. નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભામાં પ્રવચન કરીને આવતી કાલના ગુજરાતની કેવી કલ્પના હશે આ સરકાર કયા પ્રકારના કામો કરવા માગે છે આ સરકાર કઈ દિશામાં જવા માગે છે, આ સરકાર કયા પ્રકારના માર્ગે જવા માગે છે એનો એમના પ્રવચનમાં ઉલ્લેખ હોય છે. અગાઉના રાજયપાલશ્રીઓએ પણ હાઉસમાં આ રીતે પ્રવચનો કરીને હાઉસને માર્ગદર્શન આપ્યું છે ત્યારે હું ટૂંકમાં એમ કહીશ કે રાજયપાલશ્રીનું પ્રવચન એટલે આ સરકારનો છઠ્ઠીનો લેખ એમ કહીએ તો પણ ખોટું નથી.

મારે બીજી વાત કરવી છે કે સન્માનનીય રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં ગુજરાતની જનતાએ ગુજરાતના મતદાતાઓએ જે ઐતિહાસિક રીતે જંગી મતદાન કરીને ત્રીજી વખત ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને વિજય અપાવીને હેટ્રીક કરીને એમને અભિનંદન આપતી વાત પણ એમના પ્રવચનમાં વણી છે ત્યારે રાજયપાલશ્રીનો પણ આ તબકકે અમે આભાર માનીએ છીએ. ખાસ કરીને રાજયપાલશ્રીએ પોતાના પ્રવચનમાં જે વાત મૂકી છે, એમાં એમના શબ્દો એ છે કે આ સરકાર, 'સર્વજન સુખાય, સર્વજન હિતાય'ને વરેલી છે, ત્યારે આ સરકારની જે જે કામગીરીઓ છે, એ સામાન્ય જનતાને ધ્યાનમાં રાખીને, કોમન મેનને ધ્યાનમાં રાખીને એના પ્રશ્નોના નિરાકરણ માટે સતત મથતી આ સરકાર છે અને એવા સંજોગોમાં ગુજરાતના રાજયપાલશ્રીએ જે પ્રવચન, ગુજરાતના હાઉસમાં આવીને કર્યું છે ત્યારે એમને અમે અભિનંદન તો આપીએ છીએ, પણ જયારે આ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પછી રાજયપાલશ્રીના પ્રવચનમાં, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલથી માંડીને ઇન્દુચાચાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ઇન્દુચાચાની જયારે વાત આવી છે, ત્યારે આ ગુજરાતની રચના માટે મહાગુજરાતના આંદોલનના એક પ્રણેતા એવા ઇન્દુચાચાની આવતી કાલે જન્મજયંતિ છે, ત્યારે આ તબકકે હું એમને હાઉસ વતી શ્રદ્ધાસુમન અર્પણ કરુ છું.

મારે બીજી વાત એ કરવી છે કે અખંડ ભારતના શિલ્પી, એકતા અને અખંડિતતા માટે સમગ્ર રાષ્ટ્ર નહીં પણ દુનિયામાં જેમનું નામ બેજોડ છે, એવા સરદાર વલ્લભભાઇ પટેલના નામનું જયારે ગઇ કાલે અમારા નાણામંત્રીશ્રી વિધાનસભામાં જયારે એમની યોજનાઓ રજૂ કરી રહ્યાં હતા, ત્યારે લીબર્ટી ઓફ યુનિટીના નામે સરદાર વલ્લભભાઇ પટેલની સૌથી ઉંચી પ્રતિમા માટે સો કરોડ રુપિયા જેવી જંગી અને માતબર રકમ ગુજરાત વિધાનસભામાં ફાળવી ત્યારે એમને અભિનંદન આપીએ. સરદાર વલ્લભભાઇ પટેલ એ ગુજરાતના પનોતા પુત્ર હતા. સરદાર વલ્લભભાઇ પટેલ એ એકતા અને અખંડિતતા માટે જાણીતા હતા. જેમણે હિન્દુસ્તાનની એકતા અને અખંડિતતા જાળવી રાખી હતી. એના માટે સરકાર આવડી મોટી રકમ જયારે ફાળવે ત્યારે અમારી કમનસીબી છે કે એવા લોકો સામે બેઠા હતા કે જેમણે સરદાર વલ્લભભાઇ પટેલના નામે આ નાણા ફાળવણીને ક્યાંય કોઇ તબક્કે પાટલી થપથપાવીને અભિવાદન કરવાનો અભિગમ પણ ચૂક્યા છે. હું માનું છું કે ગુજરાતની છ કરોડની જનતા અને સરદાર વલ્લભભાઇ પટેલની અવગણના થઇ છે અને એનો આગામી દિવસોમાં ગુજરાતની પ્રજા જવાબ આપશે. (અંતરાય)

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહનું અવમાન થાય છે.

અધ્યક્ષશ્રી : આપણે કોઇ વિવાદ થાય એવું ન કરો. તમે પ્રવચન કરો.

શ્રી આત્મારામ મ. પરમાર : હાઉસમાં બનેલ બનાવને હું રજૂ કરું છું. I am submitting. આ કોઇ નવી વાત નથી. એ પ્રસંગે અમારા દિલમાં જે લાગણી ઉદભવી હોય એનું એક્સપ્રેશન નેચરલી આવવાનું છે.

અધ્યક્ષશ્રી : ગુજરાત પૂરતું રાખો. પાર્લામેન્ટમાં શું થયું છે એની વાત રહેવા દેજો. અહીં હાઉસમાં જે થયું હોય એનો ઉલ્લેખ કરો.

શ્રી આત્મારામ મ. પરમાર : હાઉસમાં થયું હોય એનો જ ઉલ્લેખ કરું છું. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને માનનીય રાજયપાલશ્રીએ ત્રીજી વારની હેટ્રીક બદલ અભિનંદન આપ્યા છે. એમના પ્રવચનની બહાર મારે ક્યાંય જવું નથી. હું કહીશ કે નરેન્દ્રભાઇ મોદી ફક્ત ચુંટણી નથી જીત્યા પણ છ કરોડ ગુજરાતીઓના દિલ જીતવાનું કામ એમણે કર્યું છે અને આજે એમના વિજયથી ગુજરાતમાં વિકાસનો સૂર્યોદય થયો છે. આજે ગુજરાત નરેન્દ્રભાઇ મોદીના નામથી ઘેલું છે. માત્ર ગુજરાત નહીં પણ એનો વ્યાપ ધીમે ધીમે વિસ્તરતો જાય છે. મારે વાત કરવી છે કે યુવાનોની આશા છે નરેન્દ્રભાઇ મોદી, મહિલાઓના રક્ષક છે નરેન્દ્રભાઇ મોદી, ખેડૂતોના મસીહા છે નરેન્દ્રભાઇ મોદી, ગરીબોના તારણહાર છે નરેન્દ્રભાઇ મોદી, ઉદ્યોગો માટે મશાલચી છે નરેન્દ્રભાઇ મોદી. ટૂંકમાં એમ કહી શકાય કે છ કરોડ ગુજરાતીઓના દિલની ધડકન છે નરેન્દ્રભાઇ મોદી. મારે સાથોસાથ એ કહેવું છે કે ગુજરાતની જનતાએ વિકાસની રાજનીતિને મંજૂરીની મહોર મારી છે. મોદી સાહેબની વિજય કૂચને રોકવાના પ્રયત્ન કરનારાઓને એનું સ્થાન બતાવી દેવાનું કામ ગુજરાતની જનતાએ કર્યું છે. Where are you એ બતાવી દેવાનું કામ જયારે ગુજરાતની પ્રજાએ કર્યું છે, ત્યારે હું કહીશ કે જે ઐતિહાસિક મતદાન થયું છે એનો મેસેજ ગુજરાતની સરકાર માટે, ગુજરાતની સરકારના વડા માટે કે Go ahead, We are with you for ever and for everywhere. એટલો એનો દિલાસો લઇ શકાય. મારે એટલા માટે કહેવું પડે છે કે નરેન્દ્રભાઇ મોદી ઉપર આજે સમગ્ર દેશ અને દુનિયાની મીટ છે. એટલા માટે કે ગમે તેવી ખરાબ કે વિકટ પરિસ્થિતિમાં પણ એ ક્યાંય રોકાવાનું નામ લેતા નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય તો એ પરિસ્થિતિને સરળતામાં પલટાવવાનું કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. મારે એ વાત એટલા માટે કહેવી છે કે દુનિયા આખી જયારે મંદીના વિકરાળ પંજામાં ફસાયેલી ત્યારે ગુજરાતના સી.એમ. નરેન્દ્રભાઇ મોદીએ મંદીના રાક્ષસી જડબામાંથી ઉદ્યોગોને બચાવવાના શરૂ કરેલ યજ્ઞમાંથી જે યોજનાનું અવતરણ થયું છે એ યોજનાનું નામ છે ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ. એ ફક્ત એક, બે, ત્રણ, ચાર નહીં આ છઠ્ઠી ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ

ગુજરાતમાં થઇ અને છેલ્લે એમ કહી શકાય કે અત્યાર સુધી આપણે ગુજરાત બહારની વાત કરતા હતા. અત્યાર સુધી ગુજરાતને બ્રાન્ડીંગ કરવાની વાત કરતા હતા. પરિસ્થિતિ એ આવી કે વિકાસનું બ્રાન્ડીંગ તો થયું છે પણ એનું બોન્ડીંગ થવાનું જે કામ થયું છે એના આપણે સૌ સાક્ષી છીએ. અમને આનંદ છે. આ જે છઠ્ઠી ગ્લોબલ સમિટ થઇ. એમાં કેટલા લોકો છે? આપણી અક્કલ કામ નહિ કરે. જે લોકો હાજર હતા. ૧૨૧ દેશના પ્રતિનિધિઓની હું વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧ દેશના પ્રતિનિધિઓમાંથી ૧૦% ના નામ આ લોકોને ખબર નહિ હોય કે આ દેશના નામ ક્યા છે? ૮૨૦ જેટલા મહાનુભવો પધાર્યા હતા. કેટલા ડેલિગેટો? ૫૮૦૦૦ ડેલિગેટોએ આ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં ભાગ લીધો હતો અને અલગ અલગ પ્રકારની મિટિંગો થઇ હતી. દરેક ઉદ્યોગ માટે અલગ અલગ પ્રકારની ઇન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા માટેની મિટિંગો યોજાઇ. અને આ પ્રકારની વન ટુ વન પ્રકારની મિટિંગો યોજાઇ. અને આવા લગભગ ૧૫૭ જેટલા કાર્યક્રમો અને બેઠકો આ છઠ્ઠી ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં થઇ. આ કાંઇ નાનીસૂની ઘટના નથી. દુનિયાના ઇતિહાસમાં જેની નોંધ લેવાય છે. અહીંયા જે લોકો આવ્યાં છે અને જેણે ભાગ લીધો છે એણે તો એના મોંફાટ વખાણ કર્યા છે. આ પ્રકારનું આયોજન ગુજરાત સરકારની રચના થયાને પાંચ-દસ દિવસ થયા હતા અને એવા સંજોગોમાં આવું સરસ મજાનું આયોજન કરવાનું કામ કોઇ નાના ગજાનો માણસ કરી શકે નહિ અને એ છાતીવાળાનું જ કામ છે અને એ અમે કરી શક્યા છીએ અને એ કોઇ નાનીસૂંની વાત નથી. મેં કહ્યું એ પ્રમાણે ગુજરાતની આન, બાન અને શાન વધારતી ઘટના છે. દેશવાસી માટે ગૌરવની ઘટના છે અને આજે પણ આપણે કહી શકીએ આ ૧૨૧ દેશના પ્રતિનિધિઓ જ્યાં પણ ગયા છે ત્યાં ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બની ગયા છે એવું કહેવામાં કોઇ શંકાને સ્થાન નથી. ગ્લોબલ સમિટની આખી વાત કરવા જઇએ તો ખૂબ લાંબી છે. કારણ કે, ૩ દિવસની ઘટના, ૧૨૧ દેશના પ્રતિનિધિઓ, ૧૨૭ જેટલી બેઠકો આ બધી વસ્તુને હાઉસના ટેબલ પર રજૂ કરી શકાય એમ નથી પણ જેને બ્રાન્ડ કહી શકાય જે બે-ચાર ઉદ્યોગપતિઓએ ગુજરાતની વાત કરી છે એ મારે હાઉસના ટેબલ પર મૂકવી છે. એણે એમ કહ્યું છે. આદિ ગોદરેજ, ટાટા ગૃપના અગ્રણીએ કહ્યું નરેન્દ્રભાઇની દીર્ઘ દ્દષ્ટિથી ભારતની જ નહિ. જે વાત કરી છે એ ઇમ્પોર્ટન્ટ છે. નરેન્દ્રભાઇ મોદીથી ફક્ત ભારતનું જ નહિ પણ સમગ્ર વિશ્વનું ધ્યાન કોણ ખેંચે છે? ગુજરાત ખેંચે છે. આ વાત આદિ ગોદરેજે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે. જાપાનના પ્રતિનિધિ મિ.ટીકેશ યાગીએ તો ત્યાં સુધી કહ્યું કે ગુજરાતનો વિકાસ એ બીજા પ્રદેશોની આંખો ખોલી નાખનારો વિકાસ છે આ વાત અમે નથી કહી, આ વાત અમારા કોઇ કાર્યકર્તાએ જાહેર સભામાં નથી કરી. આ વાત ડેલીગેટમાં આવેલા જાપાનના ઉદ્યોગપતિઓએ અને પ્રતિનિધિઓએ કરી છે. ચાઇનાથી પધારેલા મિ.જોતીસ્તુ, એમણે એમ કહ્યું હતું મલ્ટીનેશનલ કંપનીઓ માટે અહીંયા ખૂબ ઉદાર વાતાવરણ છે. એમણે ત્યાં સુધી કહ્યું કે દસ વર્ષ પહેલા ગુજરાતમાં જાપાનની ૬ કંપનીઓ હતી. કેટલી? ૬ કંપની. આજે ગુજરાતમાં જાપાનની ૬૦ કંપનીઓ છે એનું શ્રેય આ ગુજરાતના મુખ્યમંત્રીની દીર્ઘ દ્દષ્ટિ અને effective planning ને જાય છે. આમાં ઘણા લોકો કહે છે કે નરેન્દ્ર મોદીમાં પડેલી શક્તિને જેણે જાણી છે, જેણે પીછાણી છે, જેણે એનો અભ્યાસ કર્યો છે એવા રશિયાના અસ્ટાખાનના માર્કલોવે તો ત્યાં સુધી કહ્યું કે નરેન્દ્રભાઇ મોદીને ધારાસભામાં જેવી સફળતા મળી છે એવી સંસદમાં પણ સફળતા મળે. This is not political observation. ગ્લોબલ સમિટમાં સરકાર માટે રજૂ થયેલી વાત મારે કહેવી છે કે આનંદ મહિન્દ્રાએ એમ કહ્યું કે હવે ચાઇના મોડલ ઇન ગુજરાત નહિ પણ ગુજરાત મોડલ ઇન ચાઇના એવા દિવસો આવી રહ્યાં છે. આટલી વાત કરીને ગુજરાતના મુખ્યમંત્રીએ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી અને ઉદ્યોગ ઇન્વેસ્ટમેન્ટના સમિટથી haves and have nots વચ્ચે બ્રીજ બનવાનું કામ કરીને ગુજરાતને ગરીબીમાંથી બહાર કાઢવાનો મહાયજ્ઞ કર્યો છે એના પણ અમે આભારી છીએ.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં જે શ્રી આત્મારામભાઇએ દરખાસ્ત મૂકી છે, એમાં મેં ટેકો આપ્યો છે. ખાસ કરીને ગઇકાલે આપણે

ગુજરાતના નાણામંત્રી આદરણીય શ્રી નીતિનભાઇએ જે ગુજરાતનું બજેટ રજૂ કર્યું, માનનીય અધ્યક્ષશ્રી, એ બજેટ ઉપર ઘણાં લોકોએ ગઇકાલે ટીકાટિપ્પણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબતમાં એ વાત કરવાની છે કે, આપણા બજેટની અંદર સામાજિક સેવાઓ, માનનીય અધ્યક્ષશ્રી આજના પેપરમાં મેં વાંચ્યું કે ગઇકાલના બજેટની અંદર સામાજિક સેવાઓમાં ૪૨ ટકા રકમ ફાળવવામાં આવી છે, ત્યારે મારે આજે એ વાત કરવી છે કે, ૧૯૯૪–૯૫માં મારી સામેની પાટલી ઉપર બેઠેલા લોકોએ જયારે બજેટ રજૂ કર્યું હતું ત્યારે સામાજિક સેવાઓમાં ૨૯ ટકા ફાળવેલા હતા. મારે ગૌરવતાથી કહેવાનું છે કે, ૧૯૯૪–૯૫નું બજેટ ૨,૨૩૪ કરોડનું હતું, તો આજે ખાલી એક ગ્રામ વિકાસમાં જ આટલા રૂપિયા ફાળવેલા છે. ખાસ કરીને આ ગુજરાતની અંદર...

અધ્યક્ષશ્રી : મોહનભાઇ, આ વિપક્ષના લોકો એમ કહે છે કે, રાજયપાલશ્રીના પ્રવચનના બદલે આ બજેટના કાગળીયા નથી લઇ આવ્યાને ? છે તો ગર્વનરના પ્રવચનના જ કાગળ.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા: ના, ના. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયપાલશ્રીએ આ ગુજરાતની અંદર જે વિકાસ થઇ રહ્યો છે. આજે આપણે કહી શકીએ કે, ૪૦ વર્ષની અંદર ગુજરાતમાં આજે જ આપણે પ્રશ્નમાં સાંભળ્યું, ૪૦ વર્ષમાં ગુજરાતમાં જે વાહનોની ખરીદી કરવામાં આવી હતી, એટલા વાહનોથી વિશેષ વાહનોની ખરીદી આ દસ વર્ષમાં કરવામાં આવી છે. એના ઉપરથી આપણે કહી શકીએ કે ગુજરાતની અંદર સો ટકા વિકાસ થઇ રહ્યો છે અને એ આપણે નજરે જોઇ રહ્યા છીએ. એ સિંચાઇ ક્ષેત્ર હોય, કૃષિ ક્ષેત્ર હોય કે આરોગ્યનું ક્ષેત્ર હોય. ખાસ કરીને આ ગુજરાતની અંદર આપણું  જે ભાવિ છે, જે આપણું યુવાધન છે. આ યુવાધનને સારું શિક્ષણ મળે, સારું આરોગ્ય જળવાય એના માટે આ ગુજરાતમાં દરેક શાળામાં બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આરોગ્ય ચકાસણીની અંદર આ વર્ષે એક કરોડ, પચ્ચીસ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી અને ખાસ કરીને એમાં જે બાળકોને કોઇ પણ જાતની ગંભીર બિમારી હોય, કિડની જેવી બિમારી જણાઇ, એવા ૧,૩૬૭ બાળકોને રાજય સરકાર દ્વારા તમામ આરોગ્યની સુવિધા આપવામાં આવી. પછી કોઇપણ બાળકને હૃદયની બિમારી હોય, એવા ૪,૨૪૪ બાળકો હતા, આ તમામ બાળકોને આરોગ્યની તમામ સુવિધા પૂરી પાડવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગુજરાતની અંદર, ગુજરાત રાજય અને રાષ્ટ્રમાં પોતાનું યોગદાન આપી શકે એટલા માટે બહેનો માટે, ખાસ કરીને નવી ગૌરવ નીતિ નક્કી કરવામાં આવી અને એ ગૌરવ નીતિમાં બહેનો કઇ રીતે પગભર બને એના માટે 'મિશન મંગલમ્' નામની કંપનીની સ્થાપના કરવામાં આવી. ખાસ કરીને આ ગુજરાતની અંદર બે લાખ મંડળો આ બહેનો દ્વારા ચલાવવામાં આવે છે અને આમાં પચીસ લાખ બહેનોની સભ્ય સંખ્યા છે અને આ બહેનો બે હજાર કરોડ રૂપિયાનો વહીવટ કરે છે. ખાસ કરીને મારે એ વાત કરવાની છે કે, આ ગુજરાતમાં બહેનોનું ગૌરવભર્યું સ્થાન જળવાય એટલા માટે બહેનોના નામે કોઇપણ મિલકત ખરીદાય એના ઉપર રજીસ્ટ્રેશન ફી આ રાજય સરકારે જતી કરી. ૧૧ લાખ, ૭૩ હજાર દસ્તાવેજો આ ગુજરાતમાં બહેનોના નામે કરવામાં આવ્યા અને એમાં આ ગુજરાતની સરકારે ૪૧૪ કરોડ રૂપિયા નોંધણી ફીના જતા કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગુજરાતમાં જે ગામડાઓની અંદર ગરીબ માણસો વસતા હોય એના ઘરમાં ગંભીર પ્રકારનો કોઇ બનાવ બને ત્યારે એની પાસે કોઇ એવી સુવિધા ન હોય કે તાત્કાલિક એને હોસ્પિટલે લઇ જઇ શકે. ગુજરાતની અંદર ૧૦૮ની સુવિધામાં ૫૦૬ ગાડીઓ અત્યારે દોડી રહી છે અને નવી ૧૦૦ ગાડીઓ ખરીદવા માટે આ રાજય સરકારનું આયોજન છે. ગયા વર્ષે ૧,૮૯,૦૦૦ બહેનોને પ્રસુતિ માટે આ ૧૦૮ દ્વારા સલામત રીતે હોસ્પિટલ પહોંચાડવામાં આવી  છે. ખાસ કરીને કોઇ ઇમરજન્સી કેસ હોય, એક્સિડન્ટના કેસ હોય એમાં ૨,૨૯,૦૦૦ દર્દીઓને સલામત રીતે હોસ્પિટલમાં પહોંચાડવાનું કામ કરેલ છે. આ ગુજરાતની આ જે વિકાસયાત્રા છે એમાં ૧૦૮ એમ્બ્યુલન્સ છે.  આખા ભારતની અંદર  ગુજરાત જ એવું રાજય છે કે જેની અંદર આ વસાવવામાં આવી. એનાથી આપણે આગળ વધીએ. જે બહેનોને હોસ્પિટલમાં ડિલીવરી માટે લઇ જવામાં આવી હોય એને બાળકનો જન્મ થાય, ચોવીસ કલાક કે અડતાલીસ કલાકનું બાળક હોય, શિયાળાની ઠંડી હોય, ઉનાળાનો તાપ હોય કે ચોમાસાનો વરસાદ હોય જયારે હોસ્પિટલમાંથી

બહેનોને રજા આપવામાં આવે ત્યારે એને ઘરે જવા માટે રીક્ષાની અંદર કે બસની અંદર નાના બાળકને લઇને જવાનું થતું હતું. આવા બાળકને હોસ્પિટલમાંથી જયારે રજા આપે ત્યારે ઘરે જવા માટે ખિલખિલાટ નામની નવી ગાડી વસાવીને જયારે બાળકને ઘરે મુકવા જાય તો ગામના લોકોને પણ ખબર પડે કે આપણા ગામની અંદર નવા બાળકનો જન્મ થયો છે. ફલાણાભાઇને ઘેર હમણા ખિલખિલાટ ગાડી આવી હતી. બહેન અને બાળકને ઘરે મુકી ગઇ તો આવી તમામ યોજના આ ગુજરાતની અંદર કરવામાં આવી છે.

આપણે એનાથી પણ આગળ વધીએ સૌરાષ્ટ્ર માટે ગૌરવની વાત છે ‘સૌ’ની યોજના. આપણે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવના પ્રવચનની અંદર સાંભળ્યુ હતુ કે ‘સૌ’ની યોજના દ્ધારા ગુજરાત અને સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોમાં પાણી નાખવા માટે, ચાર લીંક કેનાલ દ્ધારા ૧૧૧૫ કિલોમીટર લાંબી કેનાલ દ્ધારા આ સૌરાષ્ટ્રના જળાશયો ભરવામાં આવ્યા છે. આજે આપણે ગૌરવથી કહી શકીએ મોરબીથી જયારે ગાંધીનગર આવતા હોઇએ તો વચ્ચે બ્રામણી ડેમ આવે છે. રોડ ઉપરથી નીકળીએ તો એમ થાય કે ચોમાસામાં જેટલો ડેમ ભર્યો હોય એટલો ડેમ આજે ભરેલો છે અને કેનાલ દ્ધારા સૌરાષ્ટ્રને પીવાનું પાણી આપવામાં આવે છે. એનાથી આપણે આગળ જઇએ હળવદના પાદરની અંદર જે જુનું તળાવ છે, નાના ડેમ જેવું તળાવ છે એમાં પણ પાણી હિલોળા લેતું હોય ત્યારે આપણને સ્વાભાવિક થાય કે સૌરાષ્ટ્રના જયારે ૧૧૫ જળાશયો ભરવામાં આવે ત્યારે સૌરાષ્ટ્રની અંદર દુષ્કાળ એ ભૂતકાળ બની જવાનો છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી.

ખાસ કરીને ઉર્જા ક્ષેત્રે જો સરખામણી કરવાની થાય તો એક બાજુ ચાલીસ વર્ષ રાખો અને એક બાજુ આ દસ વર્ષ રાખો. કોઇપણ યોજનાની અંદર આવું છે. મારે ઉર્જા ક્ષેત્રની વાત કરવી છે કે ૧૯૬૦થી ૨૦૦૧ એટલે ૪૦ વર્ષમાં આ ગુજરાતની અંદર વીજળીનું ઉત્પાદન હતું ૭૯૫૦ મેગાવોટ. ત્યારપછીના ૨૦૦૧ થી ૨૦૧૨ આ ૧૨ વર્ષમાં ૮૯૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ત્યાંથી આગળ જઇએ. આ ગુજરાતની અંદર ૧૯૬૦ થી ૨૦૦૧, આ ૪૦ વર્ષની અંદર ૬૪૨ સબસ્ટેશનો કરવામાં આવ્યા હતા. છેલ્લા ૧૨ વર્ષની અંદર આપણે ગણીએ તો ૫૯૦ સબસ્ટેશન ગુજરાતની અંદર ખેડૂતોને અને ગામડાંને સારી ગુણવત્તાની વીજળી મળે એના માટે આયોજન કરવામાં આવ્યું.

આગળ વાત કરું તો ખાસ કરીને આખા ગુજરાતની અંદર ૪૦ વર્ષની અંદર જી.ઇ.બી.ના ગુજરાતમાં ૬૭ લાખ ગ્રાહકો હતા અને ૧૨ વર્ષની અંદર ૫૬૦૦૦ નવા ગ્રાહક અને એક વર્ષની અંદર ૧૫૦૦ નવા કનેકશન અપાયા હતા અને આ ૧૨ વર્ષની અંદર એક વર્ષમાં ૫૦૦૦ કનેકશનો નવા આપવાનું કામ ગુજરાતના વિદ્યુત વિભાગે કર્યું છે. ત્યાંથી આગળ વધીએ તો ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં ૪૦ વર્ષની અંદર ૪૦ ૬૬ કે.વી. કરવામાં આવ્યા હતા. એક વર્ષે એક. બાર વર્ષની અંદર આદિવાસી વિસ્તારની અંદર ૮૦ ૬૬ કે.વી. કરવામાં આવ્યા હતા. એક વર્ષની અંદર ૧૦ ૬૬ કે.વી. થયા. એથી આગળ વધીને વાત કરવી છે. સાગર ખેડુ કોસ્ટલ એરિયા, આ કોસ્ટલ એરિયામાં ૪૦ વર્ષમાં ૧૧૨ ૬૬ કે.વી. કરવામાં આવ્યા હતા. ૧૨ વર્ષમાં ૧૦૨ ૬૬ કે.વી. કરવામાં આવ્યા. ત્યાંથી આગળ ખેડૂતોને જે કનેકશનો આપવાની વાત છે. એમાં પણ આદિવાસી વિસ્તારોમાં ખેતીવાડીના કનેકશનો ૪૦ વર્ષમાં ૨૦,૦૦૦ કનેકશનો આપવામાં આવ્યા હતા અને ૧૨ વર્ષમાં ૯૨૦૦૦ કનેકશનો આપવામાં આવ્યા. આના ઉપરથી નક્કી કરીએ કે ગુજરાતની અંદર ખેતીવાડી કનેકશનો કેટલા અપાયા. જનરલ કેટેગરીની વાત કરું તો ૪૦ વર્ષમાં ૬ લાખ ૬૦ હજાર કનેકશનો આપવામાં આવ્યા હતા. ૧૨ વર્ષમાં ૫ લાખ કનેકશનો આપવામાં આવ્યા છે. આ વર્ષમાં નવા એક લાખ કનેકશનો આપવાનું રાજય સરકારનું આયોજન છે. ખાસ કરીને ખેતીવાડીની અંદર જે ખેડૂતોને વીજળીના કનેકશનમાં સબસિડી આપવામાં આવે છે. અગાઉના વખતમાં દર વર્ષે ૬૦ કરોડ રૂપિયા સબસિડી આપવામાં આવતી હતી. આજે ગુજરાતમાં દર વર્ષે ખેતીવાડી કનેકશનમાં ૩૦૦૦ થી વધારે સબસિડી ગુજરાતની સરકાર આપે છે. જેથી કરીને આ ગુજરાતની અંદર વિકાસ થયો છે એ આપણે સૌ નજરે જોઇએ છીએ. કહેવત છે કે વરરાજા પરણવા આવે ત્યારે કન્યા પક્ષવાળા ફટાણા દે. ફટાણા એવી રીતે દે, જમાઇ એનો હોય, સ્વાભાવિક ગમતો હોય, પણ અગાઉના જમાનાથી ચાલ્યુ આવે, ફટાણા દેવા પડે. આજે વિરોધ પક્ષને પણ જે ગઇકાલનું બજેટ આવ્યું છે તે ૧૦૦ ટકા સારું લાગે છે.

અધ્યક્ષશ્રી : મોહનભાઇ, ફરી પાછા મૂળ વાત ઉપર આવો. ફટાણા રહેવા દો. સૌના ફટાણા સૌ પાસે રાખો. અહીયા ધારાસભામાં નહિ, જાહેરસભામાં કહેજો.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય આત્મારામભાઇ મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં હું સૂર અને ટેકો પુરાવું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું કે આપે મને રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર સરકારની બીજી સાઇડ રજૂ કરવા માટેની તક આપી છે. ભાષણના છેલ્લા બે વાક્યો આ સભાગૃહમાં દિવ્ય ગુજરાત, ભવ્ય ગુજરાતના જન પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું. તેવા દિવ્ય ગુજરાત, ભવ્ય ગુજરાત હું માનું ત્યાં સુધી પરિપ્રેક્ષ શરૂઆતના પેરામાં આપ સૌ સદસ્યો અને ખાસ કરીને રાજ્યને છેલ્લાં ૧૧ વર્ષો કરતા પણ વધારે સમયથી સતત કુશળ અને અડગ નેતૃત્વ આપી રહેલા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને હાર્દિક અભિનંદન પાઠવું છું. એનો અર્થ એ થયો કે ૨૦૦૨ પહેલા ગુજરાત હતું જ નહિ. છેલ્લાં ૧૧-૧૨ વર્ષથી ગુજરાતનો જન્મ થયો હોય તેવી એક વિચિત્ર ભ્રમણામાં આપણે જીવી રહ્યા છીએ. જેટલા ગવર્નરશ્રીના ભાષણના વખાણ કર્યા, એટલા માતૃતુલ્ય ગવર્નરને કહીને બહાર જ્યાં હોય ત્યાં પણ એમની ગરિમા સચવાય તો સારું. અહીયા પ્રણાલિકા પ્રમાણે આપણે એમના વખાણ કરીએ છીએ, પણ બહાર એ ગવર્નરને પાર્ટીના ચોકઠામાં ફીટ કરીએ છીએ. ગવર્નર ગવર્નર હોય છે. એના માટે એવું ન કરીએ તો સારું. હું માનું ત્યાં સુધી તો બેઠા છે, એના કરતા ભાજપને હું વધારે ઓળખું છું. આપ પણ ઓળખો છો. જે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) કાઢી નાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (xxxxxx) બોલવાની.

અધ્યક્ષશ્રી : સભ્ય પાછા ખેંચે એના કરતા હું જ કાઢી નાખું. (xxxxxx)નહિ, સત્યથી વેગળું ચાલે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (xxxxxx) પણ નહિ સત્યથી વેગળું, અર્ધ સત્ય.

અધ્યક્ષશ્રી : સમજાઇ ગયું બધાને. આગળ વધોને.

શ્રી શંકરસિંહ વાઘેલાઃ હું વિગતથી સમજાવવા માગું છું. કારણ કે ગળામાંથી બહાર કાઢવું પડશે ને મારે? એટલે એમણે જે ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એના ઢંઢેરાની નકલોનો જરાક અભ્યાસ કરવાની ટેવ હોય તો અભ્યાસ કરજો. જે સત્યથી વેગળું, ૨૦૦૨માં ઢંઢેરામાં જે મુદ્દા કહેલા ઢંઢેરામાં એ જ વાતો ૨૦૦૭, એ જ વાતો ૨૦૧૨. હું બે-ત્રણ મુદ્દા કહીશ. નર્મદા. ૨૦૦૨માં નર્મદાની નહેરો અને નેટવર્ક સમયબદ્ધ રીતે પૂર્ણ કરીશું. કયો સમય? ૨૦૨૦માં થાય તો આપણું નસીબ. ૨૦૦૭માં ૨૦૧૦ સુધીમાં સરદાર સરોવર નર્મદા યોજનાબદ્ધ અને કેનાલો સહિત પૂર્ણ કરવા પ્રયત્ન કરીશું. આ પણ સત્યથી વેગળું. કલ્પસર. ૨૦૦૨માં કલ્પસર. ખંભાતના અખાતને મીઠા પાણીનું સરોવર બનાવીશું. ૨૦૦૭માં કલ્પસર મુદ્દાના અભ્યાસો પૂરા કરી આ પ્રોજેકટને અગ્રતાના ધોરણે હાથ ધરાશે. તેવું વીજળી ખેડૂતોને ૧૪ કલાક આપવાનું વચન ૨૦૦૨માં, એવું જ ૨૦૦૭માં. રાજયની હાલની પ્રસ્થાપિત વીજશક્તિ આગામી પાંચ વર્ષમાં અંદાજે બમણી કરી ખાનગી તેમજ જાહેર ક્ષેત્રીય પ્રયાસ થકી ૨૦ હજાર મેગાવોટ કરાશે, જે રાજયને વીજ સરપ્લસ બનાવશે. પીવાનું પાણી, દરેક ગામ અને શહેરોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવીશું. આ પ્રાથમિકતા છે. ૨૦૦૭માં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને નળ દ્વારા ઘેર ઘેર પીવાનું શુદ્ધ પાણી આપીશું. હું આપનો બહુ સમય નથી લેવા માગતો, પણ ૨૦૦૭ અને ૨૦૧૨માં પણ લગભગ આવા જ મુદ્દાની નકલોનો પ્રજાને ગુમરાહ કરવા માટે મેનીફેસ્ટોના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીએ ઉપયોગ કર્યો.

સર, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ના ભાષણોનો તમે અભ્યાસ કરો. ૨૦૧૨ના ભાષણો આખા સમાજને, ગુજરાતને સામાજિક રીતે તોડી નાંખે, એમ કહું તો ખોટું નથી. ૨૦૦૨નો ભરપૂર લાભ તોફાનોનો, તે જ મુદ્દો, એકપણ વિકાસનું ભાષણ કોઇનું નહોતું. ૨૦૦૭માં મીયાં મુશરફ. એ જ મુદ્દો. ૨૦૧૨માં બાકી હતો તે અહેમદમીયાં પટેલ. એટલું જ નહીં લોકોને ભય નીચે રાખવા માટે હું છું તો ગુજરાત સલામત છે. હું

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નહીં હોઉં તો ગુજરાત સલામત નથી. તમારી પાસે ગાડી છે, બંગલા છે બધુ છે, પણ તમારો છોકરો સાંજે ઘેર પાછો નહીં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે જ કહ્યું મોહનભાઇ અને આત્મારામભાઇને, કે ગવર્નરના પ્રવચનને ધ્યાનમાં રાખી કહો. આ ગવર્નર સ્પીચનો કોઇ ઉલ્લેખ જ નથી કરતા અને રાજકીય ભાષણ હોય, જાહેર ભાષણ હોય તે રીતે માનનીય વિરોધપક્ષના નેતા પ્રવચન કરી રહ્યા છે તે સાહેબ આપ જોઇ લેશો.

અધ્યક્ષશ્રી : તમે બાકીના બેસો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સર, ઢંઢેરા પ્રમાણે લોકો મત આપતા હોય છે. મત આપ્યા પછી સરકાર બનતી હોય છે. સરકાર રાજયપાલના અભિભાષણના માધ્યમથી વિકાસની વાતો કરતી હોય છે.

અધ્યક્ષશ્રી : ગવર્નરશ્રીએ મુખ્યમંત્રીના વખાણ કર્યા હોય, પણ આપણે ધારો કે ટીકા કરી હતી તેવો કોઇ ભાવ આવવો ન જોઇએ તેવી માનનીય મંત્રીશ્રીની વાત છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : તે ભાવ નથી આવતો. હું તો તમારો છોકરો પાછો નહીં આવે તો બંગલાનું શું કરશો? તમે કહો કોનો છોકરો પાછો નહીં આવ્યો? ઘણા લોકોના ઘેર પંદર વીસ વર્ષના છોકરા છે. ૨૦૦૨માં ઘણા જન્મ્યા હશે. તમે પ્રજાને ભય નીચે, હું નહીં હોઉં તો આમ થશે, તેમ થશે તેવી વાતો કરીને ૨૦૦૧-૦૨માં જ ગુજરાત જન્મ્યું હોય, તેના પહેલાં જે કઇ એમ.એસ. યુનિવર્સિટી બની ગાયકવાડ વખતે. પાટણની રાણકી વાવ, પાટણનું સહસ્ત્રલીંગ તળાવ, વડનગરનું તોરણ, ગુજરાતની વડોદરાની રિફાઇનરી, આવા અનેક મુદ્દા છે. તમે ૨૦૦૨ પહેલાં ગુજરાત હતું જ નહીં. પાયામાં આ ભીષ્મ પિતા બેઠા, એમને કોઇક દિવસ તો યાદ કરો. તેમની મહેરબાનીથી તમે આજે અહીં બેઠા છો ઘણા બધા. કયારેક તો તેમને યાદ કરો. કયારેક તો મર્યાદા રાખો, તેમને તો યાદ કરો. તેમની ભાજપની સરકાર હતી. મારી સરકારને બાદ રાખો તમે. હમણાં સરદાર સાહેબને યાદ કર્યા. આ સરદાર સાહેબને ગયા બજેટમાં યાદ કરેલા, આટલા જ રૂપિયામાં. આ સરદાર સાહેબના ઇન્ટરનેશનલ એરપોર્ટનું નામાભિધાન થયું. દેવગૌડા પ્રધાનમંત્રી હતા. અમદાવાદના એરપોર્ટ ઉપર નામની વિધિની તકતી મૂકવા આવ્યા. આ ભાજપવાળા કાળા કપડાં પહેરીને, સરદાર પટેલના નામનો વિરોધ કરવા, •(xxxxxx)પ્રચાર કરવાવાળા લોકો સરદાર સાહેબની વાત લઇને આવ્યા છે. સરદાર સાહેબ હોત તો ના પાડતા કે રહેવા દો, આટલા રૂપિયાનું આંધણ ન કરશો. સર, ગુજરાતમાં જરૂર વિકાસ થયો છે. વિકાસ ટાટાનો થયો છે, વિકાસ બિરલાનો થયો છે, વિકાસ અંબાણી, અદાણી એસ્સાર, આ વિકાસની હું ના નથી પાડતો. કોના ભોગે, કઇ રીતે? ૧૦ થી ૧૫ વર્ષ પહેલાના ૨૦૦૨ પહેલાના એમના આર્થિક સરવૈયા, બજેટ સરવૈયા હોય એ જુઓ અને આજે શું સ્થિતિ છે એ જુઓ, તો એ કોની મહેરબાનીથી આટલા બધા રૂપિયા આવ્યા? એમનો જો વિકાસ થયો હોય તો એક માત્ર સરકારની મહેરબાની સિવાય કોઇ જુદા કારણો ન હતા એમના વિકાસ પામવાના.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ અંગે ગઇકાલે બહેને દાહોદમાં દારૂની વાત કરી, ખુલ્લેઆમ દારૂ અને શરાબમાં વિકાસ થયો છે, ચોરી-લૂંટફાટમાં વિકાસ થયો છે, મંદિરોમાં ભગવાનને ચોર છોડતા નથી એમાંય વિકાસ થયો છે, ગાય-વાછરડાની કતલ ગેરકાયદેસર ખુલ્લેઆમ ગુજરાતમાં અને અમદાવાદ-ગાંધીનગરમાં થાય છે એમાંય વિકાસ થયો છે, ગુજરાતના દેવામાં ૧.૬૮ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે એટલે એમાંય વિકાસ થયો છે, અને ખેડૂતોના આપઘાત, થોડો વરસાદ ઓછો આવ્યો એમાં સૌરાષ્ટ્રમાં ખેડૂતોને આપઘાત કરવો પડે એવી સ્થિતિ પેદા થઇ અને બીજા નાગરિકોને આર્થિક મુશ્કેલીના લીધે આપઘાત કરવો પડે છે આમ આપઘાતમાં પણ વિકાસ થયો છે. એટલું જ નહીં, બેકારીમાં વિકાસ થયો છે ડિટેલમાં હું પછી કહીશ. નમર્દાનું પાણી સાબરમતીમાં નાંખીને હોડીઓ ફેરવવામાં વિકાસ થયો છે જે પાણી સૌરાષ્ટ્રના લોકોને પીવા માટે આપવાનું હતું એનો આ રીતે ઉપયોગ કરીને વિકાસ કર્યો છે.

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હિન્દુસ્તાનમાં કોઇ રાજય એવું નહીં હોય જેના પૂર્વ ગૃહમંત્રીનો વિકાસ ગુજરાતની બહાર બીજા રાજયમાં થયો હોય. કોઇ રાજય એવું નહીં હોય કે જેના આઇ.પી.એસ. અને અન્ય પોલીસ અધિકારીઓ આટલા બધા જેલમાં હોય? એમાં પણ ગુજરાત નંબર વન છે અને આટલા બધા એન્કાઉન્ટર, અને હમણાં જ એક એન્કાઉન્ટરવાળો પકડાયો, એન્કાઉન્ટરમાં આઇ.પી.એસ. સિંઘલની ધરપકડ થઇ એવા સમાચાર મળ્યા છે, આ વિકાસ છે આપણો, આના નામે મત લેવાના છે? એક વખત એવો આવશે જયારે લોકો હિસાબ માગશે તમે સમાજને સમજીને જ તોડ્યો છે, તમારી જાત માટે તોડ્યો છે. સત્યથી વેગળું બોલીને. એવા બે ચાર મુદ્દા હું આપના ધ્યાન પર મૂકીશ.

૨૦૦૮માં શરૂ કરવામાં આવેલી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર આ પ્રકારની વિશ્વની પ્રથમ યુનિવર્સિટી છે. ફોરેન્સિક સાયન્સના અભ્યાસક્રમ ચલાવવામાં આવતી હોય એવી અમેરિકામાં ૧૦૦ કરતા વધારે યુનિવર્સિટીઓ છે. અમેરિકા વિશ્વમાં આવે છે એવું હું માનુ છું. એમાં ૧૦૦ કરતા વધારે આવી યુનિવર્સિટી છે. મધ્યપ્રદેશ રાજયમાં ૧૯૪૬માં સ્થાપવામાં આવેલી સાગર યુનિવર્સિટી એમાં પણ ફોરેન્સિક સાયન્સનો અભ્યાસક્રમ આજે પણ ત્યાં ચાલે છે. ૧૯૬૨માં પંજાબ યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સ વિભાગ આજે પણ અસ્તિત્વમાં છે. એજ રીતે દિલ્હીમાં પણ ફોરેન્સિક સાયન્સની સંસ્થા આજે પણ ૧૯૭૨થી કાર્યરત છે.

બીજું સત્યથી વેગળું, ૨૦૦૯માં અમદાવાદમાં સ્થાપાયેલ રક્ષા શક્તિ યુનિવર્સિટી. પોલીસ તાલીમનું કાર્ય કરતી હોય એવી એક માત્ર યુનિવર્સિટી છે. ના, આઝાદી પ્રાપ્ત થયા પછી તુરત જ હૈદરાબાદમાં સ્થાપવામાં આવેલી સરદાર વલ્લભભાઇ પટેલ અકાદમી એ પોલીસ સ્ટડી માટે શરૂ કરવામાં આવેલી પ્રથમ સંસ્થા પૈકીની એક હતી અને શિલોંગ ખાતે આજે પણ એ પ્રકારની સંસ્થા આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

ત્રીજુ અર્ધસત્ય, ૨૦૧૦માં શિક્ષકોના શિક્ષણ માટે ચાર વર્ષનો અભ્યાસ પૂરો પાડતી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ રીસર્ચ એજ્યુકેશન ગાંધીનગરની સંસ્થા એ શિક્ષકોના શિક્ષણ માટેની શરૂ થયેલી પ્રથમ સંસ્થા છે. ના, ૧૯૬૧માં સ્થાપવામાં આવેલી નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનની આ પ્રકારની ટ્રેનિંગ સંસ્થા અજમેર, ભોપાલ, ભુવનેશ્વર, મૈસુર આવા અનેક ઠેકાણે આજે પણ કાર્યરત છે. આવી સત્યથી વેગળી વાતો પ્રજા સમક્ષ મૂકીને કોણ જાણે કેમ કે આ લોકો માનશે. આવું સત્યથી વેગળું બોલેલું થોડા વખત માટે થોડા લોકો માને, લાંબા વખત માટે પણ થોડા લોકો માને પણ કાયમ માટે બધા લોકો માને એ મતનો હું નથી. એટલું જ નહીં, દિલ્હીનું મે ભાષણ સાંભળેલું કે ગુજરાતનું નમક દેશ ખાય છે. (અંતરાય) ગુજરાતનું નમક આખો દેશ ખાય છે, દૂધ, તમારી ચા માં મારા ગુજરાતનું દૂધ લોકો પીએ છે. અમારો કપાસ, કોઈ મધ્યપ્રદેશવાળાએ ક્યારેય નથી કહ્યું કે અમારી નર્મદાનું પાણી તમે આ નર્મદા કેનાલ દ્વારા સૌરાષ્ટ્રને આપો છો. કેરાલાવાળાએ નથી કહ્યું કે અમારી કોફી તમે પીવો છો અને અમારું રબ્બર તમે વાપરો છો, આ બાસમતી ચોખા આપવાવાળા લોકોએ એવું નથી કહ્યું કે અમારા બાસમતીના ચોખા તમે ખાઓ છો, અમારું નમક તમે ખાઓ છો એનો મતલબ શું છે? તમને ક્યાં તકલીફ પડી આ નમક પેદા કરવામાં, તમને દૂધ પેદા કરવામાં ક્યાં તકલીફ પડી? કો–ઓપરેટીવમાં ડો. કુરિયન હતા, આ રામસિંહભાઇ બેઠાં અહીંયા ચેરમેન છે તેઓ, એમને યશ જાય છે, દૂધ વધ્યું એનો. કપાસ તો ટેકનોલોજી મિશન ઓન કોટન, એના લીધે કપાસનું ઉત્પાદન વધ્યું છે, એક પૈસાની મદદ કપાસ ઉગાડતા ખેડૂતોને કરી હોય તો સરકાર મને બતાવે, એક રૂપિયો પણ. એમ.એસ.પી. વધારીને, ભારત સરકારે કપાસના ખેડૂતોને મિનિમમ સપોર્ટ પ્રાઇસ વધારીને આપેલ છે. જે સરકારના એવોર્ડ લેવા સારું લાગે છે અને કંઇક હોય તો પણ આ સરકારે આમ, આ સરકારે તેમ કર્યું. સરકાર, સરકાર હોય છે, એન.ડી.એ. વખતે પણ તે સરકાર હતી અને યુ.પી.એ. વખતે પણ તે જ સરકાર છે. હંમેશા કહેતા પહેલાં વિચાર કરવો જોઇએ કે આ હું શું કહી રહ્યો છું.

આ સરકાર જે રીતે અનાજની વાત કરે છે. એમણે જે સત્યથી વેગળી વાત કરી છે એ એમના જ આંકડાને આધારે હું કહીશ. જે એગ્રીકલ્ચરલ ગ્રોથ કહેવામાં આવે છે, આ જે હમણાં નંબર–વન, નંબર–વનની વાત કરે છે ટોટલ જી.ડી.પી, એગ્રીકલ્ચરલ ગ્રોથ અને એની સાથે સોશિયલ સર્વિસીસ અને બાકીની ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ ઇઝ ઇકવલ ટુ જી.ડી.પી. હવે તમે જો એગ્રીકલ્ચર ખાલી જોશો તો આ કોન્સ્ટન્ટ પ્રાઇસ

૦.૪૦૫ છે ઇકવીવેલન્ટ ટુ હન્ડ્રેડ એ આધારે જો ગણીએ તો ૨૦૦૫-૦૬માં ૩૩૯૮૨ કરોડ એ એનો બેઝ હું ગણું છું, ૨૦૦૬-૦૭માં આટલા રૂપિયાના ઉત્પાદનની સામે ૩૩૬૧૬ કરોડ, એટલે ૨૦૦૫-૦૬ કરતાં માઇનસ ૧૦૮ આ એનો ગ્રોથ ઓવર પ્રિવિયસ ઇયર એટલે કે જી.ઓ. પી.વાય. એ એના પહેલાં વરસ કરતાં, ૨૦૦૭-૦૮માં ૩૭૧૫૫ કરોડ જે ૧૦ ટકા પ્લસ છે, જે ૪.૬૬ એની એવરેજ આવે છે. ૨૦૦૮-૦૯માં અગેઇન ૩૩૯૨૦ કરોડ, જે માઇનસ ૦.૧૯ પર આવે છે, ૨૦૦૯-૧૦માં ૩૩૫૪૪ કરોડ એ માઇનસ ૧.૧૧ આવે છે, અને ૨૦૧૦-૧૧માં ૪૧૯૭૯ અગેઇન ૨૫નો જમ્પ છે, ૪.૭૦ અને ૨૦૧૧-૧૨માં આજે ૪.૦૮૫ એ ૫.૪૫નો જમ્પ છે, આનું એનાલીસીસ હું આપની સમક્ષ કરવા માગું છું. આ જે ફિગર છે ૨૦૧૧-૧૨ની ૪૫૦૮૫ કરોડ જે ૫.૪૫ એ ખરેખર એ નથી, બોલવામાં અને વાંચવામાં જે ફરક છે, એના આધારે હું આપને કહીશ કે જે આ સરકારે આંકડા ગણ્યા છે, ગ્રોથ ઓફ એગ્રીકલ્ચર ઇન ગુજરાત, કોન્સ્ટન્ટ પ્રાઇસ અગેઇન ૪૫ એના આધારે જે રિપિટ નહિ કરું પણ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં જે ૧૦-૧૧ના ૨૫.૧૪ એ ૪.૭૦ એવરેજ આવે છે એ અને ૨૦૧૧-૧૨ના ૪૫૦૮૫ છે જે ૧૬ ટકા લેસ છે, એનો બેઝ આપને સમજાવવા માગું છું કે, આ સરકારે જે જમીન ૧૪૫ એકર અમે ઇરીગેશનમાં લાવ્યા છીએ એની જે વાત કરી છે એના આધારે હું આ એગ્રીકલ્ચર પ્રોડક્શન જે છે એ આટલું ઓછું થયું છે, એના આધારે હું કહીશ કે આ સરકારનો હકીકતમાં તો માઇનસ ઉપર રેશિયો છે. આના જે ક્રુડ ગ્રેઇન્સ આખા છે એ ઓલ ક્રુડ ગ્રેઇન્સ ૮૦-૮૧, ૯૦-૯૧ અને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૨-૧૩ સુધી હું લઇ જાઉં છું, સર આ જે ચાર મેઇન ક્રોપ. એ કોટન, ટોબેકો, ઓઇલ સીડ્સ અને ઓલ ક્રુડ ગ્રેઇન્સ એ ૨૦૧૦-૧૧માં ૪૯.૦૫, ૨૦૧૧-૧૨માં ૪૭.૩૫, અગેઇન ૨૦૧૧-૧૨માં ૩૧.૩૦, આ બધા એવરેજ ગણતાં એમણે જે ટોટલ લેન્ડ કહી છે. તે ૧૦૭.૮૬ લાખ હેક્ટર.

હું નામદાર રાજયપાલશ્રીનું ભાષણનું જે તેમણે કહ્યું છે, તે ૧૪૫ લાખ હેકટરને મેં ઇરીગેશન આપ્યું અને પ્રોડકશન લીધું ૧૪૫ લાખ હેકટર આ ૧૪૫ લાખ હેકટર ખોટું છે. ૧૪૫ લાખ નથી, ના હોઇ શકે. એટલે એ જે ટોટલ છે ૧૦૭ તેમાંય બાકીના જે પાકો છે તેમાં શાકભાજી, ફ્રૂટ એ બધું ગણીએ તો ૩૨.૦૦ અથવા તો ૩૩. ગણી શકાય. એ બધું થઇને ૧૪૨.૧૬ થાય. એટલે તેમણે જે ૧૪૫ કહ્યું છે તેમાં વાત કરીએ તો બીજા ૨૪ લાખ એકર માઇનસ રહે છે. એ ૨૪ લાખ ઇકવલન્ટ ટુ ૧૫ લાખ હેકટર ઓછી જમીન ઇરીગેશનમાં આવી અને તેનાથી ઉત્પાદન કેટલું ઓછું થયું હોય તે આપણે કલ્પના કરી શકીએ છીએ.

આ એરિયા જે કહેવામાં આવે છે ટોટલ ગુજરાતની જે જમીન છે તેમાં ૧૮૧.૧ આટલા લાખ હેકટર ટોટલ ગુજરાતની જમીન તેમાં ૯૮.૭૭ તે એગ્રીકલ્ચરની લેન્ડ કે જેનો ખેડૂતો ઉપયોગ કરે છે. તેને પણ જે હોલ્ડીંગ છે ખેડૂતોનું તે ૧.૦૨ તેને પણ આપણે ગણીએ તો ટોટલ હું રિપિટ નહીં કરું તો પણ ૨૧.૮૭ અને ૧૧-૧૨ના ૨૪.૦૧ આ પણ ૧૫ ટકા ૬૩ અને ૧૬.૫૦ તે એવરેજ પર્સન્ટેજ ડાઉન આવે છે. હકીકતમાં એગ્રીકલ્ચર જે કંઇ છે તે સરકારે જે એગ્રીકલ્ચર સરવે કરાવવો જોઇએ, તેનું એનાલીસીસ કરાવવું જોઇએ તે કરાવ્યું નથી. તેમણે આ બધા આંકડા આશરે મૂકયા છે તેમાં ૧૪૫ લાખ હેકટરવાળું તે સત્યથી વેગળું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા માટે કહીશ નર્મદાનો ઉપયોગ રાજકીય રીતે નહીં થવો જોઇએ. નર્મદાનો ઉપયોગ હું માનું છું ત્યાં સુધી એ ૨૦૦૨ પહેલાં (અંતરાય)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : સાહેબ, ખૂબ દુઃખની સાથે કહેવું પડે છે કે, રાજયપાલનું ભાષણ છે, તેમાં જે વાત કરી છે વિરોધપક્ષના નેતાશ્રીએ એ કૃષિ મહોત્સવનો દર અમે એમ કહ્યો છે કે ૧૦ પોઇન્ટમાં તેની સામે જો કંઇ વાત કરતાં હોય તો બરાબર છે. એ કઇ રીતે વાત કરે છે તેનો ખ્યાલ નથી આવતો. કૃષિ મહોત્સવનો દર છે તેની વાત કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ બેસો પિયુષભાઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સર, આ ગુજરાત સરકારે છાપીને ગઇકાલે સરકયુલેટ કરેલું Socio-economic review 2012-13 budget publication તેમાં આંકડા જે છે તેનો મેં આધાર લીધો છે. હું માનું છું કે આને જો તમે ખોટું માનતા હો તો માનજો. આનો બેઝ અને આની કોપી પણ આપીશ તમારે વેરીફાઇ કરવી હોય તો કરજો.

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જી, સર. એવું નર્મદા, નર્મદામાં પણ જૂન ૦૮માં એમનાં કહેવા પ્રમાણે ટોટલ કેપેસિટી ૧૭.૯૨ લાખ હેકટર, એમાં નર્મદાની જે ક્રિએટેડ કેપેસિટી ૪.૬૬, યુટિલાઇઝ થઇ, સરકારે ઉપયોગ જે કર્યો, ૨.૫૩, અગેઇન જૂન–૦૯માં ૨.૫૩, અગેઇન જૂન ૨૦૧૦માં ૨.૫૩, અગેઇન જૂન ૨૦૧૧માં ૨.૫૩, જૂન ૨૦૧૨માં ૧.૯૩ સર. સરકાર ઉંઘતી હતી? આટલા બધા કેપેબલ અને આટલી બધી તમારી વાહ વાહ કરવી હોય તો આ ચાર વર્ષનો હિસાબ તો આપો તમે મને. એક ઇંચ નર્મદા બંધ તમે વધારી શકયા નથી ખેડૂતોને પાણી આપવા અને આખું સૌરાષ્ટ્ર આજે તરસ્યે મરે છે. વાહ વાહ કરવી હોય તો કાર્યક્ષમતા, કેપેસિટી એવી હોવી જોઇએને નર્મદા, જી.ડી.પી. અને એગ્રીકલ્ચર ગ્રોથમાં. સરકાર પાસે ઇરિગેશન માટે અને ડ્રીંકીંગ માટે જે હાઇટ જોઇએ એટલી હાઇટ તો છે જ. એટલે તેના માટે કોઇ પોલિટીકલ ઇશ્યુ ન બનાવે, જે કાંઇ ઇશ્યુ છે તે નર્મદા ઓથોરીટીનો છે. ભારત સરકારનો ઇશ્યુ નથી. ભારત સરકાર તો જામીન થઇ છે. ભારત સરકારના પ્રધાનમંત્રી તો જામીન થયા હતા. આપણા ગુજરાત સરકારના જામીન થયા હતા. ગુજરાતને પાણી મળે એટલા માટે સરકાર વતી જામીન થયા હતા, પણ હું એમાં બહુ નહીં પડું. પણ આ વાયબ્રન્ટનાં આંકડા કેમ જાહેર નથી કર્યા? આ વખતે કેટલા લોકોને નોકરી મળશે તે કેમ ન કહ્યું? કેટલા લોકો અહીં આવશે તે કેમ ન કહ્યું? કારણ કે એ ફલોપ શો છે. માટે આવા •(xxxxxx) કર્યા વગર પણ છતીસગઢ અને તામિલનાડુએ જે કર્યુ છે......

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપે વારંવાર કહ્યા પછી પણ આવી રીતે (xxxxxx) જેવા શબ્દોનો ઉપયોગ કરે છે તે બરાબર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, આવી રીતે વિક્ષેપ કરતા હોય તો અમે પણ વિક્ષેપ કરીશું.

અધ્યક્ષશ્રીઃ માનનીય શંકરસિંહજી,

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપની વાત સાચી છે, આપની સાથે સંમંત છું, કયાંક મારા એવા શબ્દો હોય તો આપ રદ કરી દેજો.

અધ્યક્ષશ્રીઃ એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપની પાસે ફકત બે મિનિટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ વાયબ્રન્ટમાં સાડા આઠ ટકાનું ઇમ્પ્લીમેન્ટેશન નથી થયું, અને આટલા મોટા ખર્ચા, આટલા બધા દેશના લોકો આવેલા, આફ્રિકાથી પણ આવેલા, આફ્રિકા ડેવલપ કન્ટ્રી છે**?** એ આપણને મદદ કરી અને કંઇ દેવા નહીં પણ લેવા આવ્યા હતા. અને (xxxxxx) તે તો બોલે જ, ગુજરાતની પ્રજાનો લાભ લેવો હોય, તેથી તેમને બોલવું પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અને મારો આની સામે ગંભીર પ્રકારનો વાંધો છે. વિદેશથી જે મહેમાનો, રાજદૂતો અને અધિકારીઓ આવ્યા હતા તેમના વિષે એવું બોલવું કે (xxxxxx) તો એ શબ્દો બરાબર નથી અને તેને રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ. હું માનનીય શંકરસિંહજી પાસે પણ અપેક્ષા રાખું છું કે તેઓ આવા નબળી કક્ષાના વાકયો ન બોલે.

અધ્યક્ષશ્રી : હું એ શબ્દો રેકર્ડ પરથી રદ કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા: આ તો એ લોકો મળે છે ત્યારે જે વાત કરે છે તેનો ઉલ્લેખ કરું છું. તે લોકો એમ કહે છે કે અમે તો બોલીએ છીએ એ ચીઠ્ઠી લખીને આપે માટે બોલીએ છીએ, અહીં આવી એક વ્યકિતને મેં પૂછેલું કે તમે આવું બોલેલા તો મને કહે કે મને ચીઠ્ઠી આપી માટે બોલેલો. હવે હું છેલ્લી વાત કરું છું. મારી પાર્ટીનો સમય હું વધારવા માગું છું. તમે ચિંતા નહીં કરો. સર, હું વીજળી માટે બે મિનિટ વાત કરીશ.

અધ્યક્ષશ્રી : બે મિનિટ નથી હવે, પા મિનિટમાં જે કહેવું હોય તે કહી દો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા: વીજળીમાં એમ કહે છે કે અમે સરપ્લસ છીએ, ૨૦૦૨ થી સરપ્લસ છે? અરે ગુજરાત તો ૧૯૯૫માં પણ સરપ્લસ હતું, ૧૯૯૬માં પણ સરપ્લસ હતું. આવું તો વર્ષો વર્ષ થયું છે, આજથી નહીં પણ ૧૯૯૫ પહેલા પણ ગુજરાત સરપ્લસ હતું. અને ખેડૂતોની હાલત શું છે? ડાર્ક ઝોન કેમ

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નથી કાઢતા? હજુ સુધી ડાર્ક ઝોન ૨૦૦૧-૦૨માં ૩૧ ટકા એગ્રીકલ્ચરમાં હતો તે આજે સાડા સત્તર ટકા કરી નાખ્યો છે. એટલે ખેડૂતોનું તો મોત છે. પાક વીમાની ચિંતા પણ સરકારે કરવી જોઇએ.

શ્રી ગણપતભાઇ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર આ ગૃહના માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને આ ગૃહના સભ્યશ્રી મોહનભાઇ કુંડારિયાએ ટેકો આપ્યો છે, તેમાં હું મારો સૂર પૂરાવુ છું.

મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનને આ ગુજરાત સરકારની ઉત્તમ કામગીરીનો અરીસો ગણી શકાય. ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના અથાગ પ્રયત્નો થકી ગુજરાતે આજે અનેક સિદ્ધિઓ હાંસલ કરીને માત્ર ગુજરાતનો જ નહિ, પરંતુ સમગ્ર દેશના વિકાસ માટે આજે ગુજરાત ગ્રોથ એન્જિન બન્યું છે, ત્યારે મારે વિરોધ પક્ષના મિત્રોને કહેવું છે કે જયારે સમગ્ર ભારત સ્વીકાર કરતું હોય કે ગુજરાત એ વિકાસનું ગ્રોથ એન્જિન છે, ત્યારે એમણે પણ સ્વીકાર કરવો જોઇએ. સન ૨૦૧૨માં માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણી મહાન વિભૂતી કહી શકાય, મહાન સંત કહી શકાય તેવા સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ સમગ્ર વર્ષ દરમિયાન ઉજવવાનું નક્કી કર્યુ, ત્યારે આ મહાન સંત સ્વામી વિવેકાનંદજીએ ૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩માં અમેરિકાની ધરતી ઉપર શિકાગો શહેરમાં વિશ્વધર્મ સંસદ સામે આ દેશનો હિન્દુ ધર્મ અને અને એક નવા ભારતનો પરિચય કરાવ્યો હતો. એમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ૧૧મી સપ્ટેમ્બર,૨૦૧૨ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર ગુજરાતમાં ગુટકા ઉપર પ્રતિબંધ મૂકીને કોઇપણ માના લાડકા દીકરા કે દીકરી કે કોઇ બહેનના ભાઇને ગુટકા ખાઇને મોતના મુખમાંથી બચાવવાનું ભગીરથ કામ કર્યુ છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા પણ ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. અમારા મુખ્યમંત્રીશ્રીનું ચોક્કસપણે માનવું છે કે દેશનો વિકાસ કરવો હોય તો આ દેશના યુવાનોમાં સારા સંસ્કાર અને વ્યસનમૂકત હશે તો જ આ દેશનો વિકાસ થઇ શકશે. ગુજરાતમાં ભૂતકાળમાં ઘણા રજવાડા થઇ ગયા. એમાંથી કેટલાક રાજાઓ એવા હતા કે જેમના હૈયે પ્રજાનું હિત હતું. તેઓએ પ્રજાની સુખ શાંતિ અને સલામતી માટે ખૂબ સારા કાર્યો કર્યા. આજે પણ ગુજરાતના વડવાઓ આ રાજાઓને યાદ કરે છે. એમાંથી આપણે વાત કરીએ તો વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ, ગોંડલના મહારાજા ભગવતસિંહજી, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી. એવી જ રીતે દેશની આઝાદી પછી ગુજરાતમાં અનેક સરકારો, અનેક શાસકો આવ્યા, પરંતુ નરેન્દ્રભાઇ મોદી સાહેબ કે જેમના હૈયે ગુજરાતની પ્રજાનું હિત છે, એવું કયારેય ભૂતકાળના કોઇ શાસકો કરી શકયા નથી. આજે માત્ર ગુજરાત જ નહિ, પરંતુ સમગ્ર દેશના કરોડો લોકોની આશાનું કિરણ માત્રને માત્ર નરેન્દ્રભાઇ મોદી છે. ભૂતકાળમાં આ દેશમાંથી અંગ્રેજોનો નિકાલ કરવા માટે મહાત્મા ગાંધીજી, આ દેશના અખંડ શિલ્પી કહી શકાય, તેવા સરદાર વલ્લભભાઇ પટેલના નામે ગુજરાત ઓળખાતું હતું. આજે સમગ્ર દેશમાં નરેન્દ્રભાઇ મોદીના નામે ગુજરાતની ઓળખ થઇ ગઇ છે. માનનીય વિપક્ષના નેતાશ્રી તેમનું પ્રવચન પૂરું કરીને કદાચ જવાબ સાંભળવા રોકાયા નથી, પરંતુ મારે તેમને કહેવું છે કે (અંતરાય) અત્યારે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ગઇ. અમારા વિપક્ષના મિત્રો વર્ષોથી સરકારની બહાર હતા. ચૂંટણી આવી એટલે એમને સરકાર રચવાના દીવાસ્વપ્ન પણ દેખાતા હતા. અનેક પ્રકારની જાહેરાતો કરી અને સરકાર બને એ પહેલાં, ચૂંટણી થાય તે પહેલાં અમારી ગામડાંની ભોળી, ભલી બહેનોને લલચાવવા માટે ઘરના ઘરના મકાનોના...(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, રાજયપાલના પ્રવચન ઉપર બોલવાનું છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા ઉપર..

અધ્યક્ષશ્રી : બોલવા દો, નહીંતર શંકરસિંહનું કંઇ નહીં રહે. (અંતરાય) આ પોલિટિકલ સ્પીચની છૂટ હોય છે. તમે આમ કરશો તો બધાના પ્રવચન રદ કરવા પડશે. આપ બોલો. શાંતિ રાખો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસે રક્ષણ માગું છું.

અધ્યક્ષશ્રી : કંઇ રક્ષણ આપવાની જરૂર નથી તમને, હટ્ટાકટ્ટા છો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : અમારી ગામડાંની બહેનોને ઘરના ઘરના ફોર્મ વિતરણ કરવામાં આવ્યા. ચૂંટણી થઇ તેમાં આપે બધાએ પરિણામો જોયા છે કે આ જ વિપક્ષના મિત્રો જે પ્રથમ હરોળમાં હતા એમને પ્રજાએ એમનું સ્થાન બતાવી દીધું. આજે શોધેલા મળતા નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સાંભળો, શાંતિ રાખો. તમે પણ બોલજો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે મારો સમય વ્યય કરવામાં આવે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ દસ વર્ષ પહેલાંના એજન્ડાની વાત કરતા હતા. એ હતું ગવર્નરના પ્રવચનમાં? આ તો હજી તાજા એજન્ડાની વાત કરે છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીના પરિણામો જાહેર થતાંની સાથે જ મોબાઇલ ઉપર એક એસ.એમ.એસ. પણ ફરતો થયો હતો કે ઘરનું ઘર વેચવાનું છે. આ ગુજરાતની પ્રજાએ નરેન્દ્રભાઇ મોદીને, ભારતીય જનતા પાર્ટીની સરકારને સતત ત્રીજી વાર હેટ્રીક અપાવી અને સત્યનો વિજય થયો છે અને સમુદ્રમાંથી મોતી શોધવાનું કામ આ ગુજરાતના મતદારોએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયમાં ભૂતકાળમાં અનેક સરકારો આવી અને ગઇ. મહારાષ્ટ્રથી ગુજરાત અલગ થયા બાદ આ રાજયમાં આપણે બધા જોઇ શકીએ છીએ કે આદિવાસી સમાજની અત્યાર સુધી જેટલા પણ શાસકો થઇ ગયા એમાં સૌથી વધારે જો કોઇએ ચિંતા કરી હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. અંબાજીથી લઇને ઉમરગામ સુધી ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા, ૭૫,૦૦,૦૦૦ જેટલો આદિવાસી સમાજ છે. દર સાત ગુજરાતીમાં એક આદિવાસી છે. ભૂતકાળની તમામ સરકારોનું બજેટનું ટોટલ મારવામાં આવે તો આદિવાસી સમાજના વિકાસ પાછળ માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. આ મુખ્યમંત્રીશ્રીએ પહેલાં જ પાંચ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી અને ૧૫,૦૦૦ કરોડ રૂપિયા વાપરવાની વાત કરી. જયારે પાંચ વર્ષ પૂરા થયા ત્યારે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાને બદલે રૂપિયા ૧૭,૮૦૦ કરોડનો ખર્ચ કર્યો. આવનારા પાંચ વર્ષ માટે આદિવાસી સમાજના વિકાસ માટે અન્ય સમાજની હરોળમાં સમાજ જઇ શકે એના માટે રૂપિયા ૪૦,૦૦૦ કરોડનું આયોજન રાજય સરકારે કર્યું છે. આ વનબંધુ કલ્યાણ યોજના, જેની વિપક્ષના મિત્રો ખૂબ ટીકા કરતા હોય છે, એમને મારે કહેવું છે કે અત્યારે ૧૪-૨-૨૦૧૩ના રોજ આ વનબંધુ કલ્યાણ યોજનાનો અભ્યાસ કરવા માટે કેન્દ્ર સરકારના આદિજાતિ વિભાગના અગ્રસચિવ તેમજ ગોવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ વગેરે રાજયો થોડા દિવસ પહેલાં એક દિવસ ગુજરાતમાં રોકાઇને સમગ્ર વનબંધુ યોજનાનો અભ્યાસ કરીને ગયા છે. આ સરકાર ગરીબો, પછાતો, દલિતોના વિકાસ માટે કટિબદ્ધ છે. શહેરોમાં ઉચ્ચ અભ્યાસ માટે, રહેવા માટે લગભગ ૩૬૦૦૦ની ક્ષમતા ધરાવતી છાત્રાલયોનું બાંધકામ છ કરોડ રૂપિયાના ખર્ચે ચાલી રહ્યું છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાત પેટર્ન હેઠળ અત્યારે ૬૩૯૨ કામો ગામડાઓની અંદર ચાલી રહ્યા છે. ભૂતકાળમાં કોઇપણ ગરીબ વ્યકિત, કોઇપણ મધ્યમવર્ગનો વ્યકિત સરકારી યોજનાનો લાભ લેવા માટે જો તાલુકા મથકે જાય તો તેના ફોર્મ ભરવાથી માંડીને યોજનાનો લાભ મંજૂર કરાવવા માટે વચેટીયાઓ એમનું કમિશન લેતા હતા. આ રાજ્યના લોકો આ સરકારને અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને લાખ લાખ વંદન કરે છે, આ વચેટીયાઓની પ્રથા નાબૂદ કરવા માટે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારના અધિકારીઓ ગામડે ગામડે જાય, લાભાર્થીઓના ફોર્મ ભરવામાં આવે, એક જ જગ્યાએ એક જ સમયે હજારો લાભાર્થીઓને એકત્ર કરવામાં આવે અને ત્યાં લાખો અને કરોડો રૂપિયાના ચેક અને સાધનોની સહાયનું વિતરણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ ૯૭૧ જેટલા ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવ્યા છે. એમાં ૭૪ લાખ જેટલા ગરીબ લાભાર્થીઓને અગિયાર હજાર કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતમાં આ પણ એક ઐતિહાસિક કામ થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાઓની ચિંતા કરી છે, ગામડાના વિદ્યાર્થીઓની ચિંતા કરી છે, ગરીબોની ચિંતા કરી છે, એ કદાચ કોઇએ પણ નહીં કરી હોય. વર્ષમાં ૩ દિવસ તમામ ગામડાઓમાં આઇ.એ.એસ., આઇ.પી.એસ. અને બીજા અધિકારીઓ જઇને લાભાર્થીઓનું ૧૦૦ ટકા નામાંકન કરવા માટે કન્યા કેળવણી રથ, કૃષિ રથ, વગેરે જેવા કાર્યક્રમો કરે છે. ભૂતકાળમાં ૨૦૦૧ની

આસપાસ લગભગ ૩૭ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો હતો. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આજે ૨.૭૩ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો રહી ગયો છે. અતિ પછાત તાલુકાઓમાં આપણે જોઇએ તો જ્યાં આદિવાસીઓના દિકરા દિકરીઓ ડોક્ટર બની શકે, એન્જિનિયર બની શકે એના માટે આજ દિન સુધી સાયન્સની સ્કૂલો નહોતી. તમામ અતિ પછાત તાલુકાઓમાં સાયન્સની સ્કૂલોની સગવડ કરીને, ગામડાના ગરીબ વિદ્યાર્થીઓની ચિંતા કરીને લગભગ ૯૫૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓના ઓરડા ગામડામાં બનાવવામાં આવ્યા છે. ૧૯૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓની અંદર સેનિટેશનની યોજના સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે અને ગામડાના વિદ્યાર્થીઓ પણ કમ્પ્યુટરથી પરિચિત થાય એના માટે ૨૦૫૦૦ શાળાઓમાં કમ્પ્યુટર લેબ ઉભી કરવામાં આવી છે. ગામડામાં પણ ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તેના માટે રાજ્ય સરકારે એક લાખ સાડત્રીસ હજાર જેટલા શિક્ષકોની ભરતી કરી છે, એ પણ ગુજરાતનો એક રેકોર્ડ છે. સાથે પાંચ હજાર જેટલા મુખ્ય શિક્ષકોની ભરતી કરી છે. આ સરકારે શાળાઓમાં ભણતા બાળકોના આરોગ્યની ચિંતા કરીને દર વર્ષે એક અભિયાન ઉપાડ્યું છે. એમાં પણ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હોય, એમની કોઇપણ બિમારીનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. જેના ગરીબ મા-બાપ બે લાખ, ત્રણ લાખના ઓપરેશન કરાવી શકતા નથી. કિડની, હૃદય રોગ જેવા ૫૬૧૧ જેટલા ઓપરેશનોનો કરોડોનો ખર્ચ રાજય સરકાર ભોગવે છે. એ જ પ્રમાણે આપણી જે ગરીબ વિધવા બહેનો છે એમની પણ રાજય સરકારે ચિંતા કરી છે. જયારે આ યોજનાઓની શરૂઆત થઇ ત્યારે માત્ર રૂ.૩૦/- હતા. હાલમાં રાજ્ય સરકારે સુધારો કરીને લગભગ રૂ.૭૫૦/- ચૂકવવામાં આવે છે અને એક લાખ રૂપિયાનું વીમાનું કવચ જે છે એનો ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળશે.

(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૧૫)

**અધ્યક્ષશ્રીઃ અધ્યક્ષસ્થાને**

બિન સરકારી વિધેયક

દાખલ કરવાના બિનસરકારી વિધેયકો

સન ૨૦૧૩નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૩નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક દાખલ કરુ છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર
પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત અમુક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો પર દોરીને બનાવાતા ફોટોગ્રાફ
અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો પર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પુનમભાઇ કા. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક**

**શ્રી અશોકકુમાર ર. પટેલ**(**ગાંધીનગર (ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોકકુમાર ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૧૩નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક**

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ**(**વિરમગામ) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૧૩નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક**

**શ્રી મણીલાલ જે. વાઘેલા**(**વડગામ) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મણીલાલ જે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક**

**શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરું છે.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩–૩૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૨–૨–૨૦૧૩ ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## શુક્રવાર તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩
## ફાલ્ગુન ૩, ૧૯૩૪ શાકે
## સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં વીજ સબસ્ટેશનો માટે જમીન આપવા બાબત

* ૫૯૦ શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબસ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે? | (૨) કુલ ૯૮૦૦-૦૦ ચો.મી. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં વીજ સબસ્ટેશનની અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં કુલ ૪૨ અરજીઓ આવી હતી. એમાંથી ૧૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, બે અરજીઓ મંજૂર કરી દીધી છે, બે અરજીઓ અરજદારોએ પાછી ખેંચી છે. એટલે એમણે જમીન નથી વેચી, દસ અરજીઓમાં આગોતરો કબજો આપી દેવામાં આવ્યો છે. પરંતુ રકમ ભરવાની બાકી છે, જીઇબી રકમ ભરી દેશે એટલે એને કબજો આપી દેવામાં આવશે. પાંચ અરજીઓમાં ગૌચરની જમીન છે એટલે નામંજૂર કરી છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપનીઓને જમીન આપવાની પદ્ધતિ શું છે અને કેટલી જમીન આપી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૪૯૦૦ ચો.મી. જમીન ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવા માટે આપવામાં આવે છે, જ્યારે કંપની જમીન માગે છે ત્યારે એમને આગોતરો કબજો આપી દેવામાં આવે છે અને જંત્રી પ્રમાણે મૂલ્ય ગણવામાં આવે છે. એ મૂલ્ય ભરે એટલે એને જમીન આપી દેવામાં આવે છે અને ત્યાર પછી જિલ્લા મૂલ્યાંકન સમિતિ મૂલ્ય નક્કી કરે છે અને પછી તે બાકીના પૈસા ભરે છે. આ પૈસા ભરવા માટે ૩ માસનો સમય આપવામાં આવે છે, એ સમય દરમિયાન પૈસા ન ભરે તો ૧૨ ટકાના દરે વ્યાજ લેવામાં આવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વીજ સબસ્ટેશનો સ્થાપવા માટે કેટલી અરજીઓ આવી? કેટલી મંજૂર કરવામાં આવી? કેટલી નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નામંજૂર થવાના કોઇ કારણો નથી. મેં કહ્યું તેમ સુપ્રીમ કોર્ટના તા.૨૮-૧-૨૦૧૧ના ચુકાદા પહેલાં ગૌચરની જમીન નહોતા આપતા. તા.૨૮-૧-૨૦૧૧ પછી પબ્લિક યુઝ માટે જમીન આપી શકીએ છીએ. તા.૪-૯-૧૨થી પબ્લિક યુઝ માટે ૬૬ કે.વી. વીજ સબસ્ટેશન સ્થાપવા માટે આપણે જમીન આપી શકીએ છીએ. જે અરજીઓ બાકી છે એમાં માત્ર બે અરજીઓ પાછી ખેંચી લીધી છે અને બાકીની બધી જ મંજૂર થઇ ગઇ છે, બાકી માત્ર ક્યાંક મૂલ્ય નક્કી કરવાનું છે ત્યાં જ બાકી છે. જયાં જમીન મળી ગઇ છે ત્યાં કામગીરી પણ શરૂ કરી દીધી છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી**,** આ જમીન સંપાદન કરી એ ખેડૂતોની હતી કે કેમ**?** અને ખેડૂતોની હતી તો તેઓને વળતર ક્યા ભાવથી ચૂકવવામાં આવ્યું છે**?**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** કોઇ જમીન સંપાદન થઇ નથી**,** આ બધી જ જમીન સરકારી હતી.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** ભાવનગર જિલ્લામાં વીજ સબ સ્ટેશનોને જમીન આપવાની હકીકત શું છે**?** એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે. ભાવનગર જિલ્લાના કયા ગામોમાં અને ભાવનગર જિલ્લાના ક્યા તાલુકાઓમાં વીજ સબસ્ટેશન સ્થાપવા માટેની જમીનની માગણી આવી છે**?**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** માંડવી ગામ**,** તાલુકો ગારીયાધાર એમાંથી એક અરજી આવી**,** ઘેટી તાલુકો પાલીતાણામાંથી એક માગણી આવી**,** મામસા તાલુકો ઘોઘામાંથી એક અરજી આવી**,** સમઢીયાળા તાલુકો બોટાદમાંથી આવી**,** નેસડા તાલુકો સિહોરમાંથી**,** વેળાવદર તાલુકો તળાજા**,** માખણીયા તાલુકો તળાજા**,** માલપર અને માનસર તાલુકો ઘોઘા**,** ઘારડી તાલુકો તળાજા**,** રતનપર તાલુકો બોટાદ**,** ગઢડા**,** માલપરા ઘોઘામાંથી**,** નથુગઢ ગામ**,** તાલુકો વલ્લભીપુર**,** પારડી તાલુકો ગારીયાધાર**,** પરવડી**,** પાલીતાણામાંથી પાલીતાણા શહેરમાંથી**,** તાલુકો ગારીયાધારમાંથી પરવડી, પાલીતાણામાંથી પાલીતાણા શહેરમાં, મહુવા તાલુકામાં બીલા, બોટાદ તાલુકામાંથી બોટાદ શહેરમાં મહુવા તાલુકામાં બેલમપુર, બોટાદ તાલુકામાંથી કેરીયા, તાલુકો શિહોરમાંથી મગલાણા, તાલુકો ગઢડા એમાંથી ગઢાળી, તાલુકો શિહોરમાંથી મગલાણા , આમ ૪ર છે સાહેબ કહો તો બોલી જાઉ?

અધ્યક્ષશ્રી : ના**,** બસ. આવી ગયું. સંતોષ છે ને?

## રાજય કેલીમીટી ફંડમાં જમા રકમ

શ્રી * ૬૯૬ શ્રી વજેસિંહભાઇ પા. પણદા**(**દાહોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડ હેઠળ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષની કેટલી રકમ જમા છે, | (૧) વર્ષ ૨૦૧૧–૧૨ની (તા. ૩૧–૦૩–૨૦૧૨ અંતિત) રૂ. ૫૨૭.૨૩ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ ની (તા. ૩૧–૧૨–૨૦૧૨ અંતિત) રૂ. ૨૭૬.૭૯ કરોડ મળી રૂ. ૮૦૪.૦૨ કરોડ. |
| (૨) આ રકમનો ઉપયોગ શા હેતુ માટે કરવામાં આવે છે, અને | (૨) કુદરતી આપત્તિઓથી થયેલ નુકસાનના સંજોગોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) તે અન્વયે વર્ષવાર આ ફંડમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨) રૂ. ૧૬૧.૪૬ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨) રૂ. ૧.૩૬ કરોડ. |

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વર્ષ ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં કેન્દ્ર સરકારે આપેલી રકમમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, રાજય સરકાર દ્વારા ૨૦૧૨–૧૩માં પાણીની તંગી માટે કેટલો ખર્ચ ૧૫–૨–૨૦૧૩ સુધીમાં કરવામાં આવ્યો, માવઠાના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે તો તે અંગે રાજય સરકારે આ રકમમાંથી કોઇ રકમની મદદ કરી છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧–૧૨માં જે સહાય ચૂકવવામાં આવી, એમાં માનવ મૃત્યુ પાછળ ૨૦૧૧–૧૨માં ૧૦૨ કેસ થયા એમાં રૂ.૧૦૨ કરોડ ચૂકવ્યા, કેશડોલ્સમાં ૯૯૧૧૬ લાભાર્થીઓને રૂ. ૭૨.૪૩ કરોડ ચૂકવ્યા, ઘરવખરી સહાય ૧૨૨૯૧ લાભાર્થીને રૂ. ૨૩૬.૫૯ લાખ ચૂકવ્યા, પશુમૃત્યુ સહાયમાં ૨૭૫ પશુઓને ૧૧.૧૪ પ્રમાણે ચૂકવ્યા, ઝૂંપડા કાચા, પાકા બધાયને ૩,૯૯૯ એમને રૂ.

૧૨૪.૧૪ કરોડ ચૂકવ્યા. ભૂકંપથી નાશ પામેલા ઘરો પાછળ રૂ. ૬૫.૬૩ ચૂકવ્યા. બચાવ પરિવહન ખર્ચ માટે રૂ. ૨૧ લાખ ૨૧ હજાર, કાદવ અને કીચડ વગેરેની સહાય રૂ. ૫૧ હજાર, જાહેર મિલકતોનું પુનઃસ્થાપન અને મરામતમાં રૂ. ૧૫૫ કરોડ અને અન્ય ખર્ચ રૂ.૩૩.૨૫ લાખ થયો. એમ ૧૬૧ કરોડ અને ૪૬ લાખ રૂપિયા એની પાછળનો ખર્ચ થયો છે. ૨૦૧૨-૧૩માં ૫૫ માનવમૃત્યુ થયા હતા, એમાં રૂ. ૮૨.૫૦ ખર્ચવામા આવ્યા. કેશડોલ્સ ૧૬,૪૪૬ લોકોને ચૂકવી, એમાં ૧૮ લાખ ૯૩ હજારનો ખર્ચ થયો, પશુમૃત્યુમાં ૧૧૭ પશુઓ પાછળ ૧૨ લાખ ૨૧ હજારનો ખર્ચ થયો. ઝૂંપડા કાચા અને પાકા ૯૧૩, એમાં પાછળ ૨૨ લાખ ૩૬ હજારનો ખર્ચ થયો, આમ કુલ ૧૩૬ લાખ રૂપિયાનો ખર્ચ આની પાછળ કર્યો છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેરમા નાણાપંચ પ્રમાણે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં કેટલી રકમો રાજય સરકારને આપેલ છે, અને મારો બીજો પ્રશ્ન, છેલ્લા ત્રણ વર્ષમાં અપૂરતા વરસાદને કારણે ખેડૂતોને નુકસાન થયેલ તે સમયે આ ફંડમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૦-૧૧માં કેન્દ્રનો ફાળો ૩૭૬.૫૯ કરોડ, રાજયનો ફાળો ૧૨૫.૫૩ કરોડ, ૨૦૧૧-૧૨માં ૩૯૫.૪૨ કરોડ કેન્દ્રનો ફાળો, રાજયનો ફાળો ૧૩૧.૮૧ કરોડ, ૨૦૧૨-૧૩માં કેન્દ્રનો ફાળો ૪૧૫.૧૯ કરોડ, રાજયનો ફાળો ૧૩૮.૪૦, ૨૦૧૩-૧૪માં ૪૩૫.૯૫ કરોડ કેન્દ્રનો ફાળો, ૧૪૫.૩૨ કરોડ રાજયનો ફાળો, ૨૦૧૪-૧૫માં ૪૫૭.૭૫ કરોડ કેન્દ્રનો ફાળો અને રાજયનો ફાળો ૧૫૨.૫૮ કરોડ, આમ ૨૦૮૦ કરોડ કેન્દ્રનો ફાળો ૭૫ ટકા પ્રમાણે અને રાજયનો ફાળો ૨૫ ટકા પ્રમાણેનો ૬૯૩.૬૪ કરોડ. આમાં જે વાત કરી કે કેન્દ્રએ એના પેરામીટર નકકી કરેલા છે કે આ જે ફંડ છે એ ફંડ જે હમણા મેં કહ્યું કે પશુ મૃત્યુ, માનવ મૃત્યુ, એની અંદર જ વાપરી શકાય છે. એટલે એ ફંડની અંદર આપણે આનો સમાવેશ નથી કર્યો, આપણે વારંવાર કેન્દ્ર સરકારને પણ ભલામણ કરી છે, કે આ ફંડ છે એનામાં પેરામીટર બદલવા જોઇએ કે જેથી કરીને એ ફંડનો ઉપયોગ થઇ શકે. કારણ કે આ ફંડ લેપ્સ નથી જતું. અને એનો ખર્ચ આપણે અમુક જ મુદ્દાઓમાં કરી શકીએ છીએ.

**શ્રી બચુભાઇ મ. ખાબડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨-૧૩માં કેલિમિટી ફંડમાંથી કોને કોને સહાય ચૂકવવામાં આવી અને કેટલી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** વર્ષ ૨૦૧૨-૧૩માં મેં હમણા જ કહ્યું કે માનવ મૃત્યુ, કેશડોલ્સ, ઘરવખરી સહાય, પશુ મૃત્યુ અને ઝૂંપડા કાચા-પાકા વિગેરેને નુકસાન થયું હોય એ બધાને મળીને કુલ ૧૩૬ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

## વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા કાયદા પંચની રચના કરવા બાબત

*** ૮૨૯ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તા. ૨૨-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત કાયદા પંચની રચના કરાઈ હતી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના તા. ૨૨-૬-૯૮ ના ઠરાવ ક્રમાંક એલએસી-૧૦૯૮-૨૭-ઈ થી ૧ વર્ષ માટે થયેલ, જેની મુદત વખતોવખત લંબાવવામાં આવી છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આ પંચના અધ્યક્ષ અને સભ્યો કોણ કોણ છે? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આ પંચના અધ્યક્ષ અને સભ્યોની જગ્યા ખાલી છે. |

**શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય કાયદા પંચની ૧૯૯૮માં એક વર્ષ માટે રચના થયેલ અને ત્યારબાદ દર વર્ષે એની મુદત લંબાવવામાં આવે છે. આ પંચના અધ્યક્ષ કોણ છે, સભ્ય કોણ છે એના જવાબમાં તો જગ્યા ખાલી છે તેમ જણાવેલ છે. આપના માધ્યમથી હું જાણવા માગું છું કે આ કાયદા પંચ પાછળ દર વર્ષે સરકાર કેટલી રકમનો ખર્ચ કરે છે, તેનું મહેકમ કેટલું છે અને દર વર્ષે પંચે કઇ

કઇ કામગીરી કરી છે? બીજું કે જે રીતે લોકાયુક્તની જગ્યા લાંબા સમયથી ખાલી છે તેમ આ પંચના અધ્યક્ષની જગ્યા પણ ખાલી રહેશે કે કેમ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક નિવૃત્ત જજ અને એક બિન સરકારી સભ્ય એમ બે લોકોની નિમણૂંક થયેલ હોય છે. એમણે જે વિગતો માગી છે કે સ્ટાફ કેટલો હોય છે તો એમાં એક સભ્ય સચિવ, એક નાયબ સચિવ, ૩ ઉપસિચવો, ર રિસર્ચ ઓફિસરો, ર સેકશન ઓફિસરો, ૩ નાયબ સેકશન અધિકારીઓ, ૩ અંગ્રેજી સ્ટેનોગ્રાફરો, ૧ કારકુન, ૧ અંગ્રેજી ટાઇપીસ્ટ, ૧ ગુજરાતી ટાઇપીસ્ટ, ૩ ડ્રાઇવરો, ૫ પટાવાળા અને ૧ સ્વીપર એમ કુલ ર૭ જેટલો સ્ટાફ આની અંદર હોય છે.

**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ :** ગુજરાત કાયદા પંચ દ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે વર્ષ ર૦૧૧માં કાયદા પંચના રિપોર્ટના આધારે કોઇ મહત્વના નિર્ણયો રાજ્ય સરકારે લીધેલા છે કે કેમ? જો લીધા હોય તો તેની વિગતો શું છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** હમણાં જ આપણે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરી. આ ઉજવણી વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારની અંદર ૫૦ વર્ષથી એવા કેટલાય કાયદાઓ હતા કે જે મુંબઇ નામથી ઓળખાતા હતા એમાં આપણે કાયદા પંચની મદદથી ધી ગુજરાત કોર્ટ એન્ડ ટાઇટલ્સ એમેન્ડમેન્ટ એક્ટ ર૦૧૧ અમલમાં મૂકીને ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તેવા બોમ્બે નામથી શરૂ થતા કુલ ૬૭ કાયદાઓને ગુજરાત એક્ટમાં રૂપાંતરિત કરી અને આ કાયદાઓ હવે મુંબઇના સ્થાને ગુજરાતના નામથી ઓળખવાનું કામ સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે આપણે આ પંચ દ્વારા કર્યું છે. એમણે જે ખર્ચની વાત કરી તો મેં કહ્યું એમ એ સ્ટાફ ઉપરાંત જે નિવૃત્ત જજની નિમણૂંક કરીએ છીએ. નિવૃત્ત જજને મળવાપાત્ર લાભો છે એ હું કહેવા માગું છું. એમાં હાઇકોર્ટના ચીફ જસ્ટિસને મળવાપાત્ર પગાર, હાઇકોર્ટના ચીફ જસ્ટિસને મળવાપાત્ર લાભો અને સગવડો, ભાડામૂક્ત મકાન, ટેલિફોન, મુસાફરી ભથ્થુ, ઘર માટે એટેન્ડન્ટ, મેડિકલ ટ્રીટમેન્ટ, પર્સનલ સિક્યોરિટી, કોમ્પ્યુટર (અંતરાય) આપણી પાસે વિગતો છે. આની અંદર ૫૪ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને બીજો સવાલ કર્યો કે લોકાયુક્તની નિમણૂંક તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આની સાથે રિલેવન્ટ નથી. કુલ ખર્ચ કેટલો થાય છે, એ કહો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** એ કહી દીધો. એમને લોકાયુક્તની વિગતો જોઇતી હોય તો આપવા તૈયાર છું.

### બનાસકાંઠા જિલ્લામાં પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત

*** ૫૬૮ ડો.નીમાબેન બી. આચાર્ય(ભુજ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–ર૦૧રની સ્થિતિએ સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (ર) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી સગડીઓ પૂરી પાડવામાં આવી, અને | (ર) ૭૫. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧ર–ર૦૧ર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૧૬.૫૦ લાખ. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા હરિયાળી ક્રાંતિ ગુજરાતમાં લાવવામાં આવી છે. પહેલા રસ્તા ઉપરથી નીકળતા તો એક ઝાડ નહોતુ દેખાતું. આજે કચ્છ અને બનાસકાંઠામાં ચારેબાજુ ગ્રીન કચ્છ, ગ્રીન બનાસકાંઠા તમે જુઓ છો. હું એ જાણવા માગુ છું કે વન વિભાગે જે આ સુધારેલ સ્મશાન સગડીની યોજના મૂકી છે, તો આ સુધારેલ સ્મશાન સગડી એટલે એમાં શું છે? અને આ કયા વિભાગમાંથી અને કેવી રીતે મેળવવામાં આવે છે? અને ત્રીજું, એક સુધારેલ

સ્માશન સગડીનો ખર્ચ કેટલો આવતો હોય છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવીશ કે સામાજિક વનીકરણ વર્તુળ મહેસાણા હસ્તકના બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના તથા ખાસ અંગભૂત યોજના એસ.સી., એસ.ટી.ના સુધારેલ કાર્યક્રમો હેઠળ ગ્રામ પંચાયતને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં ૭ સ્મશાન સગડી બેસાડવાનું આયોજન છે. સ્મશાન સગડી ખરીદવાની કાર્યવાહી ગતિમાં હોઇ દર્શાવવામાં આવેલ નથી. સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં પાવર ફાયનાન્સ કોરપોરેશન નવી દિલ્હી તરફથી મળેલી ૨૦ સ્મશાન સગડી બેસાડવામાં આવી છે, જેની કિંમત ૫,૧૩,૦૦૦/- છે. એક સ્મશાન સગડીની કિંમત આશરે ૩૦ થી ૩૫ હજાર ઇન્સ્ટોલેશન સુધીનો ખર્ચ થાય છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે તા.૩૧/૧૨/૨૦૧૨ ની સ્થિતિએ ૧૬.૫૦ લાખ ખર્ચ થયેલ છે તો આ સ્મશાન સગડી આપવાના ધોરણ શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્મશાન સગડી માટે વન વિભાગની ખાસ કોઇ યોજના નથી પણ બળતણ અને સંરક્ષણના કાર્યક્રમ હેઠળ મૃતદેહને બાળવા ઓછા લાકડાના વપરાશ માટે ગામડામાં મૃતદેહને બાળવા માટે ઓછા લાકડા વપરાય અને ગામડામાં સામૂહિક વન નિર્માણ, સામાજિક વનીકરણ હેઠળ ખાસ અંગભૂત યોજના અંર્તગત ગ્રામ પંચાયતને સ્મશાન સગડી આપવામાં આવે છે. સામુહિક વન નિર્માણ યોજના હેઠળ સ્મશાન સગડી આપવાના ધોરણોમાં વહેલા તે પહેલાના ધોરણે ગ્રામ પંચાયતને ફાળવવામાં આવે છે.

શ્રી વાઘજીભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગ્રામ પંચાયતોને વન વિભાગ સિવાય બીજા કોઇ વિભાગો સ્મશાન સગડી ફાળવે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગે સામાન્ય રીતે વન વિભાગ દ્વારા સ્મશાન સગડી આપવામાં આવે છે. આ સિવાય ધારાસભ્યો, સંસદ સભ્યો, સામાજિક સ્વયં સેવી સંસ્થાઓ દ્વારા આ પ્રકારની સ્મશાન સગડી આપવામાં આવતી હોય છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના કેટલા તાલુકાઓને આ સ્મશાન સગડી ફાળળવામાં આવેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં વડગામમાં ૮, અમીરગઢમાં ૪, ડીસામાં ૫, વાવમાં-૫, થરાદમાં ૩, દાંતીવાડા-૨, દિયોદરમાં-૨, ભાંભરમાં-૬, શિહોરી-૭, ધાનેરા-૮, દાંતા-૮, પાલનપુર-૧૭ કુલ ૭૫.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારાના વન વિભાગ દ્વારા જે સગડી આપવાનો કાર્યક્રમ કરવામાં આવેલ છે, એમાં સામાન્ય રીતે જે સ્મશાનમાં બાળતા હોઇએ એમાં અને આ સુધારેલ સ્મશાન સગડીથી એક વ્યક્તિ દીઠ કેટલા કિલો લાકડાનો બચાવ થતો હશે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જેવો માણસ તેવો લાકડાનો વપરાશ થાય છે, પણ સ્મશાન સગડી વગર જો મૃતદેહને ખૂલ્લામાં બાળવામાં આવે તો અંદાજે લગભગ એવરેજ ૪૦૦ કિલો લાકડાનો વપરાશ થાય છે. આ સુધારેલ સ્મશાન સગડીનો ઉપયોગ થાય તો લગભગ ૨૫૦ કિલોની આજુબાજુ લાકડાનો વપરાશ થાય છે એટલે લગભગ ૧૫૦ કિલો જેવો લાકડાનો બચાવ થાય છે.

## ગાંધીનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી.

શ્રી *૫૮૯ જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં જમીન માપણીનું કામ ક્યારથી શરૂ થયું, | (૧) ગાંધીનગર જિલ્લામાં જમીન માપણીનું કામ તા. ૦૧-૦૧-૨૦૧૧ થી શરૂ થયું. |
| (૨) કેટલા તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયું, અને | (૨) ત્રણ તાલુકાની માપણીનું કામ પૂર્ણ થયું. |
| (૩) બાકીના તાલુકાઓનું રીસર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે? | (૩) બાકીના એક તાલુકામાં રીસર્વેનું કામ માર્ચ ૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લાના કયા કયા તાલુકામાં અને કેટલા ગામોમાં માપણીનું કામ પૂર્ણ થયું, કેટલા ગામોમાં કામ બાકી છે અને ત્રીજો સવાલ કે કુલ કેટલો ખર્ચ થયો ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આ રિ-સરવેની જે કામગીરી છે એ આમ તો નિયમો એવા હતા કે, દર ત્રીસ વર્ષે રિ-સરવેની કામગીરી કરવી પડે પરંતુ પાછલા સો વર્ષથી રિ-સરવેની કામગીરી આખા દેશમાં થઇ નથી. ગુજરાત પહેલું રાજય એવું છે કે, જેણે રિ-સરવેની કામગીરીની શરૂઆત કરી છે અને આ કેટલી અગત્યની કામગીરી છે, કેટલા બધા તબક્કાઓમાંથી આપણે પસાર થવું પડે છે, એના પહેલા આખા દેશમાંથી ૧૩ રાજયો અત્યાર સુધીમાં આનો અભ્યાસ કરવા માટે આવ્યા, બે વર્લ્ડ બેન્કની ટીમો ગુજરાતમાં આ અભ્યાસ કરવા માટે આવી એનો મને આનંદ છે, ખુશી છે. સૌ સભ્યોને જણાવવાનું કે, આવતી ૨૬-૨૭મી એપ્રિલના રોજ ગુજરાતમાં સેમિનાર રાખવાનું સૂચન પત્ર દ્વારા ભારત સરકારે ગુજરાતને સોપ્યું છે. એમણે ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩ના દિવસે આપણને પત્ર પાઠવ્યો છે કે, Workshop of states at Gandhinagar, Gujarat for sharing the experience of Gujarat in survey and resurvey. આ અહીંયા આપણે બેસીને ટીકાઓ કરીએ છીએ, જયારે ભારત સરકાર અહીં શીખવા માટે આવી રહી છે અને આ એકલું રિ-સરવેની કામગીરી શીખવા માટે નહીં, પણ ગુજરાત જયારે મોડેલ રાજય બને છે ત્યારે અનેક નવી નવી યોજનાઓ જે સફળતાપૂર્વક સરકારે પાર પાડી છે અને સિદ્ધિઓ હાંસલ કરી છે એને જોવા અને શીખવા માટે ભારત સરકારના વિવિધ ડિપાર્ટમેન્ટસ અહીંયા આવે છે અને હવે તો પૂરું વિશ્વ અહીંયા આવી રહ્યું છે.

માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું કે, રિ-સરવેની કામગીરી કેટલી પૂરી થઇ ? સાહેબ, આમાં છ-સાત તબક્કા હોય છે અને એ તબક્કાઓ પ્રમાણે કામ થતું હોય છે. એમાં Ground Control Network Monumentation હદ-નિશાનો નક્કી કરવા, એમાં ગાંધીનગરના ૭૭ , માણસાના ૪૮ , દહેગામના ૯૪ અને કલોલના ૬૮ એ બધા જ ગામોની અંદર આ પહેલા તબક્કાની કામગીરી પૂરી થઇ છે. બીજા તબક્કામાં ગ્રામ સભાઓનું આયોજન કરવું પડતું હોય છે અને એમાં ૨૮૬ જેટલા ગામોમાં ગ્રામ સભાઓનું આયોજન પૂર્ણ કર્યું છે, ત્યાર પછી ત્રીજો તબક્કો છે ખેતરો, જમીનોની વિગતવાર માપણીની કામગીરી, એમાં ૨૮૬ ગામોનું કામ પૂરું કર્યું છે. એના પછીની છે નકશા સાથે નોટિસો તૈયાર કરવાની કામગીરી, જે ખેડૂતોને આપવી પડતી હોય છે. એમાં ૨૬૦ ગામોનું કામ આપણે પૂર્ણ કર્યું છે, ખાતેદારોને તેમના ખેતરના નકશાવાળી નોટિસ વિતરણ કરવી પડે છે એ વિતરણનું કામ પણ ૧૪૧ ગામોમાં આપણે પૂર્ણ કર્યું છે, ત્યારપછી નોટિસ બાદ દરેક ખેડૂતના વાંધાઓ સાંભળવા પડતા હોય છે, એ ખેડૂતોને બોલવીને વાંધાઓ સાંભળવાની કામગીરી ૬૩ ગામોમાં પૂર્ણ કરી છે. એવા ૩૯ ગામો છે જેમનું આપણે રિ-

સરવેના આધારે નવું રેકર્ડ તૈયાર કરવા માટેનો પ્લાન શરૂ થયો છે, આની પાછળ ૯૪ લાખનો ખર્ચ થયો છે, જેમાં પચાસ ટકા કેન્દ્ર સરકાર અને પચાસ ટકા રાજય સરકારનો ફાળો છે.

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રિ–સરવે કરવાથી ખેડૂતોને શું શું ફાયદા થયેલા છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સો વર્ષથી આ જમીનનો આપણે રિ–સરવે ન કર્યો, એના કારણે રાજયની અંદર જે પ્રશ્નો ઉભા થયા, એમાં નદીઓના પોતાના પટ બદલાઇ ગયા, નેશનલ હાઇ–વે અને સ્ટેટ હાઇવે વગેરે બને, એટલે પણ જમીનો જતી રહે, ખેડૂતો જમીનોની લે–વેચ કરે, એટલે પણ જમીનોનું ક્ષેત્રફળ વગેરે બદલાઇ જાય છે. આ બધાનું અદ્યતન રેકર્ડ તૈયાર કરવાની આવશ્યકતા હોય છે અને એ અદ્યતન રેકર્ડ જયારે તૈયાર કરીને ખેડૂતોના હાથમાં આવે ત્યારે જ ખેડૂતનું સાચું ક્ષેત્રફળ ૭X ૧૨માં એમને જાણવા મળતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક મહત્વનો ઐતહાસિક નિર્ણય લીધો છે કે, ૭X ૧૨ એક જ હોય છે, અહીં જયારે રિ–સરવેની કામગીરી આપણે કરી રહ્યા છીએ ત્યારે નંબર–૭, ગામ નમૂના નંબર–૭ને આપણે અલગ કરીએ છીએ અને નમૂના નંબર–૧૨ને આપણે અલગ કરવાના છીએ અને એ પ્રમાણેનો નિર્ણય પણ રાજય સરકારે લીધો છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે સો વર્ષ પછી આ સરવે કરવામાં આવ્યો છે. હું કદાચ ખોટો ન હોઉં તો અંગ્રેજો વખતે પણ સરવે થયો હતો અને આઝાદી પછી પણ સરવે થયો હતો. ૧૯૫૨ થી ૧૯૫૮ની સાલની અંદર સરવે થયો હતો અને તે વખતે સાંકળોથી સરવે કરવામાં આવતો હતો અને તે વખતે લેન્ડમાર્ક મૂકવામાં આવતા હતા. જે ખેડૂતોની કબજેદાર જેટલી જમીન હોય તેટલું એનું લેન્ડમાર્ક મૂકાતું હતું, તેથી દરેક ખેડૂતને ખબર પડે કે કેટલા એકરની જમીન છે. આ જે માપણી થાય છે એમાં લેન્ડમાર્ક નથી મૂકવામાં આવતા. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે લેન્ડમાર્ક મૂકવા માગો છો કે કેમ? જેથી ચોકકસ જે ખેડૂત હોય એને ખબર પડે કે તમારી જમીન આટલી છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ધારાસભ્યશ્રીને વિનંતી કરું છું કે સાબરકાંઠાની અંદર રીસરવેની કામગીરી ચાલી રહી છે. આપ જઇને જરા જોઇ લો કે કેવી રીતે કામગીરી થાય છે અને ખેડૂતોને સામે બોલાવીને એમની જમીનની માપણી કરવામાં આવે છે. એમને બતાવવામાં આવે છે કે તમે તમારો નકશો જોઇ લો અને ખુંટ પણ મુકવામાં આવે છે અને રીસરવે કર્યા પછી એની ચારેય દિશા બતાવીને પણ અદ્યતન રેકર્ડ આપવામાં આવે છે. આપણી પાસે એની માહિતી ન હોય તો જાતે જઇને જોવું જોઇએ અને આ માપણી જોવા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી પોતે બનાસકાંઠાની અંદર ગયા હતા કે કેટલી અગત્યની આ માપણી છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, સાંભળો. બેઠાબેઠા બોલવું એના કરતાં પછી ઉભા થઇને બોલજો.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે પહેલી જ વખત રીસરવે કરવામાં આવ્યો. હું આ ગૃહને ખાતરીપૂર્વક કહું છું કે ભૂતકાળમાં મેં ૧૯૭૪ થી ૧૯૮૩ સુધી સરવે ખાતામાં નોકરી કરી હતી. ૧૯૭૪ થી ૧૯૭૮માં રીસરવેની કામગીરી પંચમહાલ જિલ્લામાં...

અધ્યક્ષશ્રી : આ ગાંધીનગરની વાત છે.

શ્રી સી. કે. રાઉલજી : ગાંધીનગરની વાત છે એટલા માટે જ કહું છું કે રીસરવે પહેલી વખત થયું એના માટેની આ વાત છે. રીસરવે ભૂતકાળમાં પણ થઇ ગયું હતું.

અધ્યક્ષશ્રી : ગાંધીનગર જ ૧૯૭૪ પછી થયું છે.

શ્રી સી. કે. રાઉલજી : હા, એટલે પહેલી વખત દર વખત ગુજરાત કરે છે એવું નથી. ગુજરાતમાં પહેલી વખત પણ કોંગ્રેસની સરકારે રીસરવે કર્યું હતું મારો કહેવાનો મતલબ આ છે. બીજી વાત એ છે કે આ જે ત્રણ તાલુકામાં માપણી થઇ છે ગાંધીનગરમાં એમાં લાયસન્સવાળા સર્વેયરો જે આપીને એમાં કેટલા માણસો સરવેમાં રાખીને લાયસન્સવાળાએ માપણી કરી છે અને આજે સ્ટાફ ઓછો હોવાને કારણે દુરસ્તી

પણ નથી થતી અને એના કારણે આ પૈકી માપણીમાં ઘણાબધા ખેડૂતોને એનો ન્યાય નથી મળ્યો, તો આ ત્રણ તાલુકાની માપણી જે થઇ છે એની દુરસ્તી થઇ છે કે કેમ? મુળ માપણી જોડે રાખી અને સાતબારના ક્ષેત્રફળ જોડે એની દુરસ્તી થઇ છે કેમ? અને લાયસન્સવાળા જે સર્વેયરો રાખીને માપણી કરે છે, એમાં મોટાભાગની ભૂલો હોવાને કારણે ખેડૂતોને ભારે મોટું નુકસાન થાય છે, તો આ લાયસન્સવાળા માણસોને દૂર કરી રેગ્યુલર ભરતી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : બસ. બસ. હવે. દુરસ્તી આનાથી થાય છે કે નહીં? અને કરેલી છે કે નહીં? એટલો જ સવાલ છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી રાજયવ્યાપી માપણી થઇ રહી છે અને ૧૯૧૬ પછી તો થઇ જ નથી. જે કોઇ થઇ છે એ છૂટક છૂટક થઇ છે. કયાંક એક તાલુકામાં થઇ અને કયાંક અડધા તાલુકામાં થઇ. કયાંક દસ ગામમાં થઇ, કયાંક ટ્રાયબલમાં એ પ્રમાણે થઇ છે. આખી રાજયવ્યાપી આવી કોઇ માપણી અત્યાર સુધીમાં થઇ નથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ જવાબ આપે એ જુઓ. આખા રાજયની વાત કરે છે. (અંતરાય)

શ્રી સી. કે. રાઉલજી : મારો સીધો સવાલ છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : તો મારો તમને સીધો જવાબ પણ છે.

અધ્યક્ષશ્રી : માપણી થઇ હશે તો રેકર્ડ ઉપર હશે. તમે રેકર્ડ ઉપર બતાવજો અને એમ કહેજો કે આ જવાબ ખોટો છે. એ એમ કહે છે કે આટલા વર્ષ પછી માપણી શરૂ થઇ. છતાંય જવાબ ખોટો હોય તો આપ બતાવજો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આખા રાજયની અંદર ૧૯૧૬ પછી થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે સાંભળો પહેલાં. જવાબ આપવાને બદલે માનનીય રાઉલજી, તમે સાંભળો. (અંતરાય) બીજા કોઇ ન બોલો. રમણભાઇ, (અંતરાય) એક મિનિટ, આમાં ઘણીવાર સવાલ પૂછનારની પણ માપણી થાય છે અને જવાબ આપનારની પણ માપણી થાય છે. આ જમીનની માપણી છે. શાંતિ રાખો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આપનો સીધો પ્રશ્ન છે, તો મારો સીધો જવાબ પણ છે કે રાજયવ્યાપી માપણી ૧૯૧૬ પછી થઇ જ નથી. તૂટક તૂટક માપણી થઇ છે. ચેલેન્જ કરજોને તમે. આ માપણીમાં ગ્રાઉન્ડ કન્ટ્રોલ નેટવર્ક એવા પથ્થરો મૂકીને કરવામાં આવે છે અને બીજું આ સર્વેયરો દ્વારા માપણી થતી જ નથી. આઉટસોર્સીંગ દ્વારા માપણી થાય છે અને આખા દેશની અંદર આઠ કે એટલી જ કંપનીઓ છે કે જે આના નિષ્ણાતો છે. એ નિષ્ણાતો દ્વારા આ સરવે કરાવવામાં આવે છે.

## દાહોદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

*૫૩૮ શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ ૮૯૦ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૨૯૭ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૩૯૨ એમ કુલ ૬૮૯ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) પડતર ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજય સરકારની વિધવા સહાય યોજનાના ધોરણો શું છે? અને એમાં અત્યાર સુધી કયારે કયારે વધારો કરવામાં આવ્યો હતો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : હાલમાં વિધવા સહાયના ધોરણોમાં વિધવાને ૭૫૦ રૂપિયા અને એના બે બાળકો હોય તો ૧૦૦–૧૦૦ રૂપિયા એમ કુલ ૯૫૦ રૂપિયા આપવામાં આવે છે. એમનો પ્રશ્ન છે કે આ વધારો ક્યારે કયારે કરવામાં આવ્યો? ૧૯૮૭ માં ૬૦ અને ૫૦ રૂપિયા, ૧૯૯૦ માં ૧૦૦ અને ૮૦ રૂપિયા, ૧૯૯૫ માં ૨૦૦ અને ૮૦, ૧૯૯૭ માં ૪૦૦ અને ૮૦. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૧–૪–૧૨ થી વિધવા સહાયની રકમમાં ૫૦ ટકાનો વધારો કરી આ ૭૫૦ રૂપિયા અને ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દાહોદ તાલુકામાં કુલ વિધવા સહાયની કેટલી અરજીઓ આવી અને કેટલી નામંજૂર થઇ? આ ૨૦૧ અરજીઓ નામંજૂર કરવાનાં કારણો શાં?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : દાહોદ જિલ્લામાં દાહોદ તાલુકામાં કુલ ૨૩૦ અરજી આવી, એમાંથી ૪૨ નામંજૂર કરવામાં આવી. ગરબાડામાં ૯૦ અરજી આવી, એમાંથી ૧૬ અરજી નામંજૂર કરવામાં આવી. દેવગઢબારિયામાં ૧૨૫ અરજીઓ આવી એમાંથી ૪૧ નામંજૂર કરવામાં આવી. ઝાલોદમાં ૨૧૫ અરજીઓ આવી અને ૫૨ નામંજૂર કરવામાં આવી. લીમખેડામાં ૧૨૪ અરજીઓ આવી અને ૩૧ નામંજૂર કરવામાં આવી. ફતેપુરામાં ૭૮ અરજી આવી અને ૧૮ નામંજૂર કરવામાં આવી. ધાનપુરમાં ૨૮ અરજી આવી અને ૧ નામંજૂર કરવામાં આવી. કુલ ૮૯૦ માંથી ૨૦૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી. એના કારણોમાં કયાંક પુખ્ત ઉંમરનો પુત્ર હોય, એની સમય મર્યાદામાં અરજી ન કરવાનું પહેલા હતું. હવે સમય મર્યાદા રદ કરી છે. એવી કોઇ અરજી બાકી નથી રહી. વાર્ષિક આવક વધારે હોય, જો શહેરમાં ૩૬૦૦૦ અને ગ્રામ્યમાં ૨૭૦૦૦ કરતા વધુ આવક હોય તો અરજી નામંજૂર કરવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : વિધવા પેન્શનમાં વિલંબ બાબતમાં અવાર–નવાર રજૂઆતો મળતી હોય છે, તો રાજય સરકાર સીધી ટ્રાન્સફરથી R T G S મારફતે આનું ચુકવણું કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : વિધવા સહાય જ્યારે એમની આ મર્યાદા પૂરી થાય ત્યારે જ એને સીધુ પેન્શનમાં ડાયવર્ટ થઇ જતી હોય છે. કેન્દ્ર સરકારમાં નિયમ એવો હતો કે ૪૦ વર્ષે વિધવા સહાય મળતી અને ૫૯ વર્ષની ઉંમરે વિધવા પેન્શમાં ડાયવર્ટ થતી હતી. જ્યારે રાજય સરકારે ૧૮ વર્ષથી આજીવન આ સહાય જાહેર કરી, એટલે આ પ્રશ્ન હવે ઉપસ્થિત થતો નથી. સીધી વિધવા પેન્શનમાં કન્વર્ટ થઇ જાય છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું પૂછવા માગું છું કે ૨૦૧ અરજીઓ ખરેખર ગરીબ વિધવા બહેન છે, તેના માટે મંજૂર થતી નથી. આપણા રાજ્યમાં ઉદ્યોગપતિની અરજી હોય તો તરત જ મંજૂર થાય છે.

અધ્યક્ષશ્રી : આની સાથે રીલેવન્ટ નથી. આ વિધવા માટેનો પ્રશ્ન છે. ઉદ્યોગપતિ હોય એને વિધૂર કહેવાય. આ વિધવા માટેનો પ્રશ્ન છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ૫–૬ મહિના સુધી વિધવા બહેનોને ૭૫૦ રૂપિયાની રાહ જોવી પડે અને સમયસર ચૂકવણી થતી જ નથી.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ રાજ્ય સરકારે વૈષ્ણવજનની ભૂમિકામાં રહીને વિધવા સહાયનું કામ કર્યું છે. આજે કેન્દ્ર સરકાર વિધવા સહાયરૂપે માત્ર ૨૦૦ રૂપિયા આપે છે, તો અમારી સાથે આવેને...

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા બહેનો માટેની ડેપ્યુટી કલેકટર પાસે સત્તા હતી, એનો પરિપત્ર થયો છે અને એ સત્તા મામલતદારને આપવામાં આવી છે. એ છેલ્લા ૮–૯ મહિનાથી છે. એના કારણે સ્ટાફ ન હોવાના કારણે વિધવા બહેનોને મોટા ભાગે આ રાજકીય વાત નથી, આ ૬–૭ મહિનાની પરિસ્થિતિ છે. પોસ્ટવાળા કહે છે ડિપાર્ટમેન્ટ બદલાઇ ગયું. પૈસા નથી મળતા. આ ઝડપથી મામલતદારને મળી જાય. સ્ટાફ ન હોય તો તેની વ્યવસ્થા થાય એવું કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મામલતદાર દ્વારા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તમારા ધ્યાનમાં કોઇ કિસ્સો હોય તો અમને મૂકજો.

ભરૂચ જિલ્લામાં વીજ સબસ્ટેશનો માટે આપેલ જમીન

*૫૭૫ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે? | (૨) ૯,૮૦૦ ચો.મી. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં વિદ્યુત સબ સ્ટેશનો માટે કેટલી અરજીઓ આવી, તેમાંથી કેટલી અરજીઓ મંજૂર થઇ અને બાકીની અરજીઓ કયારે મંજૂર થશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ તાલુકામાં બોરી ગામમાં ૪૯૦૦ ચો.મી. જમીન ૬૬ કે.વી. સબ સ્ટેશન માટેની હતી, તેમાં ૧૭,૮૮,૫૦૦ રૂપિયા જંત્રીના દરથી તેમણે તા. ૮-૭-૨૦૧૦ના રોજ ભર્યા, એટલે ૧૭-૧-૨૦૧૧ના રોજ તેમને આ કબજો સોંપી દેવામાં આવ્યો છે. બીજું દત્તનગર, વાલીયા તાલુકામાં પણ તેમણે ૬૬ કે.વી. સબ સ્ટેશન માટે ૪,૫૫,૭૦૦ રૂપિયા ૧૩-૯-૨૦૧૨ના રોજ ભર્યા, એટલે તા.૨૬-૯-૨૦૧૨ના હુકમથી તેમને જમીન ફાળવી આપવામાં આવી છે. તા. ૧૮-૯-૨૦૧૨ની એક અરજી આવી, એ મહુજા તાલુકો વાલીયામાંથી. તે પણ ૪૯૦૦ચો.મી. જમીન ૬૬ કે.વી. સબ સ્ટેશન માટેની હતી. તેમણે ૭,૭૪,૨૦૦ રૂપિયા ભરવાના છે. ૨૮-૧-૨૦૧૩ના રોજ ભર્યા છે એટલે હવે તરત જ તેમને કબજો સોંપી દેવામાં આવશે. તા.૧૫-૯-૨૦૧૨ની આમોદ તાલુકાની કુરચણ ગામની અરજી છે. ૪૯૦૦ ચો.મી. જમીન, ૬૬ કે.વી. સબ સ્ટેશન માટેની અરજી છે. તેમાં પણ ૧૮,૬૨,૦૦૦ રૂપિયા ૧૭-૧-૨૦૧૩ના રોજ વસુલ કર્યા છે. આગોતરો કબજો આપી દીધેલ છે, પણ ઓફિસિયલી તેમને થોડાક સમયની અંદર તે જમીન આપી દેવામાં આવશે. હવે કોઇ અરજી બાકી નથી.

નર્મદા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

શ્રી *૫૪૧ મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ ૪૯૭ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૧૮૪ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૧૨૩ એમ કુલ ૩૦૭ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં જે નિરાધાર વિધવા બહેનો છે તેની વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં

આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? જે અરજીઓ નામંજૂર કરવામાં આવી તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં વિધવા સહાય માટે ૨૦૧૧માં નાંદોદ તાલુકામાં ૨૧૩ અરજીઓ આવી, તેમાં ૧૫૧ મંજૂર થઇ, ૩૬ નામંજૂર થઇ અને ૨૬ પડતર છે. ૨૦૧૨માં નાંદોદ તાલુકામાં ૧૭૨ અરજીઓ આવી, ૯૩ મંજૂર, ૩૧ નામંજૂર અને ૪૮ પડતર. આમ કુલ ૨૦૧૧, ૨૦૧૨માં નાંદોદ તાલુકામાં કુલ ૩૮૫ અરજીઓ આવી, તેમાંથી ૨૪૪ મંજૂર થઇ, ૬૭ નામંજૂર થઇ. ૭૪ પડતર છે. તે જ રીતે તિલકવાડા તાલુકામાં ૨૦૧૧માં ૯ અરજીઓ આવી તેમાંથી ૫ મંજૂર અને ૪ નામંજૂર અને ૨૦૧૨માં ૧૦ અરજીઓ આવી તેમાંથી ૭ મંજૂર, ૩ નામંજૂર. આમ કુલ ૧૯ અરજીઓ આવી, તેમાં ૧૨ મંજૂર અને ૭ નામંજૂર. દેડિયાપાડા તાલુકામાં ૨૦૧૧માં ૨૭ અરજીઓ આવી. ૨૦ મંજૂર, ૭ નામંજૂર થઇ. ૨૦૧૨માં ૩૪ અરજીઓ આવી તેમાંથી ૧૮ મંજૂર,૩ નામંજૂર અને ૧૩ પડતર . આમ કુલ ૬૧ અરજીઓ હતી તેમાંથી ૩૮ મંજૂર , ૧૦ નામંજૂર અને ૧૩ પડતર.જે ૯૯ અરજીઓ જિલ્લામાં પડતર હતી તેમાં આજની તારીખે એકપણ અરજી પડતર નથી. તેનો નિકાલ ગઇકાલ સુધી કરી દેવામાં આવેલ છે. નાંદોદ તાલુકામાં ૬૩ પડતર હતી તેમાં ૧૧ નામંજૂર થઇ છે અને કુલ ૭૪ અરજીઓનો નિકાલ થઇ ગયો છે. ડેડીયાપાડામાં ૧૩ અરજીઓ પડતર હતી, તેમાંથી ૧૨ મંજૂર થઇ છે, ૧ અરજી નામંજૂર થઇ છે. સાગબારા તાલુકામાં ૧૨ અરજીઓ પડતર હતી, તેમાંથી ૯ અરજીઓ મંજૂર અને ૩ અરજીઓ નામંજૂર થઇ છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વિધવા પેન્શનમાં મહિલા વિધવા થયા પછી ઘરની બહાર પાંચ-છ મહિના કે વર્ષ સુધી નીકળી શકતી નથી અને એની અરજી એકાદ બે વર્ષ પછી મંજૂર થાય છે, તો જ્યારથી જે મહિલા વિધવા થઇ હોય ત્યારથી પેન્શન આપવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન છે કે દર વર્ષે વિધવાને ધારાસભ્યશ્રીનો દાખલો રજૂ કરવાનો હોય છે કે તેઓએ પુનઃ લગ્ન કરેલ છે કે નહીં? આમાં અમને તો ખબર હોતી નથી કે એણે પુનઃ લગ્ન કર્યું છે કે કેમ? તો એમાં કોઇ સુધારો કરવો જોઇએ એવું મારું માનવું છે.

અધ્યક્ષશ્રી : વિધવા થાય ત્યારથી પેન્શન આપવા માગો છો કે કેમ? ભલે અરજી ૬ મહિના પછી કરે પણ વિધવા થાય, એ તારીખથી જ પેન્શન આપવા માગો છો?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એવું હતું કે વિધવા થાય પછી એણે અરજી કરવાની સમય મર્યાદા બે વર્ષ સુધીની હતી પણ માનનીય યોગશભાઇનો પ્રશ્ન છે કે ૬ મહિના સુધી બહેનો ઘરની બહાર નીકળી શકતી નથી. પણ આપણે એ સમય મર્યાદા સંપૂર્ણ નાબૂદ કરી છે. ૧૮ વર્ષથી વધારે હોય અને વિધવા બન્યા પછી ગમે તે વર્ષે અરજી કરી શકે છે, પણ જ્યારથી અરજી કરે ત્યારથી એને લાભ મળે છે.

અધ્યક્ષશ્રી : એમનું કહેવાનું એમ છે કે જ્યારથી વિધવા થાય ત્યારથી પેન્શન આપવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નહીં. અરજી કરે ત્યારથી.

અધ્યક્ષશ્રી : અત્યારે એમની વાત છે કે તમે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધવા સહાય મંજૂર થવામાં જે વહીવટી આંટીઘૂંટીઓ હતી, આ તમામ દૂર કરી અને સહાય વધારી અને જે વિધવા બહેનોના આંસુ લૂંછવાનું સરકારે સાચા અર્થમાં જે કામ કર્યું છે એને માટે અભિનંદન આપું છું. પણ મારો એક જ પ્રશ્ન છે. જે સમસ્યા થાય છે, હમણા જ બળવંતસિંહે કહ્યું એ પ્રમાણે એ પોસ્ટ વિભાગમાં થાય છે. એટલે પોસ્ટ વિભાગમાં સ્ટાફની સ્કેરસિટી છે. એટલે પોસ્ટ વિભાગમાં વ્યવસ્થિત સ્ટાફ પૂરવામાં આવે. બીજું કે આ સહાય એ બહેનોને ઝડપથી પોસ્ટ વિભાગમાંથી પ્રાપ્ત થાય એ જરૂરી છે કારણ કે આ સહાયની રકમ પોસ્ટ વિભાગમાં જમા થાય છે એ સારું એટલા માટે છે કે જે વચેટિયા અને કટકીવાળા હતા એ બધું બંધ થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : સવાલ જ પૂછો સીધો. પોસ્ટ વિભાગમાંથી તાત્કાલિક સહાય મળે એવી કોઇ કાર્યવાહી કરવા સરકાર વિચાર કરે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એવું હતું કે, આ અરજીઓ પ્રાન્ત કચેરીએ મંજૂર થતી હતી અને પ્રાન્ત કચેરી છેક જિલ્લા મથકે હતી. રાજય સરકારે ખૂબ સારો નિર્ણય કર્યો અને આ અરજી સ્વીકારવાની સત્તા, અરજી મંજૂર કરવાની સત્તા મામલતદારશ્રીને તાલુકા મથકે સોંપી દેવામાં આવી છે. બીજો પ્રશ્ન એમનો એ છે કે, પોસ્ટ વિભાગનો સ્ટાફ ભરવા માટે, એમની રજૂઆત સાચી છે પણ પોસ્ટ વિભાગ એ કેન્દ્ર સરકાર હસ્તક છે એટલે આપણને લાગુ પડતું નથી.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે નિરાધાર વિધવા આર્થિક સહાય મેળવવા માટેના પાત્રતાના ધોરણો શું છે? અરજીઓ નામંજૂર કરવાના કેવા પ્રકારના કારણો હોય છે અને આ યોજનાની સહાય કયા કારણોસર બંધ કરવામાં આવે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે સહાય મંજૂર થવાના ધોરણો શું છે? એમાં એક તો અરજદાર મહિલા વિધવા હોવા જોઇએ, અરજદારની વય મર્યાદા ૧૮ વર્ષથી ઉપરની હોવી જોઇએ, ગ્રામ્ય વિસ્તારના અરજદાર હોય તો એની આવક ૨૭૦૦૦ ની મર્યાદામાં હોવી જોઇએ અને શહેરી વિસ્તારના હોય તો એની આવક ૩૬૦૦૦ની મર્યાદામાં હોવી જોઇએ. પહેલા આ આવક મર્યાદા ૪૫૦૦ હતી એમાં આપણે છૂટછાટ કરી છે અને એમનો જે પુત્ર છે એ ૨૧ વર્ષથી નાનો હોવો જોઇએ. અપવાદ એવો છે કે, પુત્ર ભલે હોય, પણ એ જો શારીરિક રીતે સક્ષમ ના હોય, શારીરિક અપંગતા હોય, આજીવન કારાવાસમાં હોય, અથવા તો એનું મૃત્યુ થયું હોય તો એમને સહાય મળી શકે છે અને દર જુલાઇ માસમાં લાભાર્થી બહેને પુનઃ લગ્ન કર્યા નથી એવું મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. નામંજૂર કરવાના જે કારણો છે એમાં એક તો આવકમર્યાદા જે મેં કહી તેનાથી ઉપરની ના હોવી જોઇએ. ૨૧ વરસ કે તેથી વધારે ઉંમરનો પુત્ર ના હોવો જોઇએ, વિધવા બહેનની ૧૮ વરસથી ઓછી ઉંમર ના હોવી જોઇએ અને દસ વરસથી આપણા રાજયમાં રહેતા ના હોય તો એમને આપણે મંજૂરી આપી શકતા નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું કે, બાકી જે અરજીઓ હતી એનો ગઇકાલ સુધીમાં નિકાલ કરવામાં આવ્યો છે. મારે એ જાણવું છે કે આ બાકી જે અરજીઓ હતી એ પ્રશ્ન પૂછાયા પછી ૨૦૧૧ની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને વરસ ૨૦૧૨ની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? એટલા માટે કે કોઇપણ સભ્ય પ્રશ્ન પૂછે ત્યારપછી એનો નિકાલ કરવામાં આવે છે. વિધવા સહાયનો પ્રશ્ન છે. શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ પડતર હતી એ બે માસ સુધીની કુલ ૧૧ અરજીઓ પડતર હતી, ૪ માસ સુધીની ૧૯ અરજીઓ પડતર હતી, ૬ માસ સુધીની ૩૮ અરજીઓ પડતર હતી અને છ માસથી એક વરસ સુધીની સાત અરજીઓ પડતર હતી. એક વરસ ઉપરની ૧૭ અરજીઓ પડતર હતી.

અમદાવાદ શહેરમાં શહેરી ગરીબ સમૃદ્ધિ યોજનામાં થયેલ ખર્ચ

*૮૯૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં કયા કયા કામો કેટલી રકમના ખર્ચ કરવામાં આવ્યા, | (૧) **પત્રક** મુજબ. |
| (૨) તે પૈકી કયા કયા કામો શહેરની ઝુંપડપટ્ટી | (૨) **પત્રક** મુજબ. |

વિસ્તારમાં રહેતાં ગરીબો માટે કેટલા ખર્ચે કરવામાં આવ્યા, અને

(૩)ક્યા ક્યા કામો બાકી છે? (૩) **પત્રક** મુજબ.

**પત્રક**

**ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત જુદી જુદી યોજનાઓ અન્વયે અમદાવાદ શહેરમાં શહેરી ગરીબો માટે કરવામાં આવેલ કામો અને ખર્ચ કરેલ રકમની વિગતો**

* સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રસ્તા, પાણી, ગટર તથા આંગણવાડીના કુલ ૩૦૦ કામો રૂ. ૨૩.૫૪ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે કુલ ૯૨ કામો અંદાજીત રૂ. ૨૩.૭૯ કરોડના પ્રગતિમાં છે.
* સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત અર્બન સેલ્ફ એમ્પ્લોઈમેન્ટ પ્રોગ્રામ હેઠળ ૯૭૪ લાભાર્થીઓને બેંકેબલ યોજનાનો લાભ આપી રૂ. ૨.૧૬ કરોડની સબસીડી આપવામાં આવેલ છે. તેમજ મહિલા સ્વસહાય કાર્યક્રમ રીવોલ્વીંગ ફંડ હેઠળ ૧૦૨ લાભાર્થીઓને યોજનાનો લાભ આપી રૂ. ૦.૧૨૨ કરોડની સબસીડી આપવામાં આવેલ છે.
* ઉમ્મીદ યોજના અંતર્ગત બેરોજગાર ૨૦૫૫ યુવાધનને વ્યવસાય લક્ષી તાલીમ આપીને રોજગાર અપાવવા અંગેની કામગીરી કરવામાં આવે છે જે અતર્ગત રૂ. ૧.૨૨ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
* નિર્મળ અર્બન યોજનામાં વ્યક્તિગત શૌચાલય યોજના અંતર્ગત ૨૮૪૨૩ શૌચાલય રૂ. ૧૨.૭૯ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. અને ૧૧૨૯૯ શૌચાલય અંદાજીત રૂ. ૫.૦૮ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. નિર્મળ અર્બન યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ ૪૫ નાઈટ શેલ્ટર્સ રૂ. ૮.૮૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે.
* જે.એન.એન.યુ.આર.એમ. અંતર્ગત શહેરી ગરીબ આવાસ યોજના અન્વયે ૧૫૧૬૮ આવાસોની કામગીરી રૂ. ૩૬૬.૩૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જ્યારે ૪૯૯૨ આવાસોની કામગીરી અંદાજીત રૂ. ૧૫૬.૨૪ કરોડના ખર્ચ સાથે પ્રગતિમાં છે.
* માળખાકીય સુવિધાઓ પૈકીના કામો પૈકી ૨૦% કામો જેમાં જન ભાગીદારીથી રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટના ૧૭ કામો રૂ. ૧.૩૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. તથા અંદાજીત રૂ. ૧.૧૪ કરોડના ૭ કામો પ્રગતિમાં છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી હતી અને એમાંથી કેટલાને મંજૂરી મળી હતી અને કેટલી અરજી નામંજૂર કરવામાં આવી હતી, નામંજૂર કરવાના કારણો શું હતા?, શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ છેલ્લાં બે વરસમાં સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ માં કેટલા ગરીબોને આવાસ આપવાનો લક્ષ્યાંક રાખેલ છે, કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ સમૃદ્ધિ યોજનાના જે પેરામીટર્સ છે એમાં ગરીબ આવાસ બનાવવાના પેરામીટર્સ હોય છે એમાં કોઇ અરજી કરવાની હોતી જ નથી, રાજ્ય સરકાર પોતે જ ગરીબો માટે આવાસ બાંધે છે, ડ્રો કરે છે અને ડ્રો કર્યા પછી એ ગરીબોને આપી દેવામાં આવે છે, અને આ જે મકાનો છે એ એટલા સુંદર મકાનો બાંધવામાં આવે છે, પાકા મકાનો બનાવવામાં આવે છે, ઈંટ ચુનાના મકાનો બનાવવામાં આવતા નથી. એકલા મકાનો જ નહિ પરંતુ એની અંદર સંપૂર્ણ સુવિધા, એની અંદર બાગબગીચા, બાળકોની આંગણવાડી હોય છે અને નજીકમાં પ્રાથમિક શાળા ના હોય તો પ્રાથમિક

શાળા પણ બનાવવામાં આવે છે. એ પ્રમાણે એનો ખર્ચ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૭૦૦૦ કરતાં વધારે મકાનો રાજય સરકારે બાંધ્યા છે અને આ મકાનો ગરીબોને આપી પણ દેવામાં આવેલ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ યોજનામાં કેન્દ્ર સરકાર કોઇ ફંડ આપે છે કે કેમ અને આપતી હોય તો કેટલો ફાળો આપે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ આવાસ યોજનામાં કેન્દ્ર સરકાર કેટલું ફંડ આપે છે એનું એક ઉદાહરણ હું આપું છું કે આ ગુજરાતમાં ૩૬.૫૦ ચો.મી.ના મકાનો ગરીબો માટે બાંધવામાં આવ્યા, એમાં એક આવાસની કિંમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ૧ લાખ ૭૩ હજાર હતી, ટેન્ડર જ્યારે મંજૂર થયું ત્યારે એક આવાસની કિંમત ૨,૫૯,૯૨૦/– ની થઇ. ૨૦૧૬૦ આવાસો આપણે બાંધવાના હતા, એટલે એમાં ૫૨૪ કરોડ રૂપિયાનો ખર્ચ થાય. એમાં જે જમીન ઉપયોગમાં આપણે લીધી એમાં ૫,૦૦૦ પ્રતિ ચો.મી.ના ભાવની જમીન ઉપયોગમાં લીધી. એટલે ૨૭૩ કરોડ રૂપિયાની કિંમતી જમીન રાજય સરકારે આપી. તેનો સરવાળો આપણે જો કરીએ તો ૭૯૬ કરોડ રૂપિયા થાય છે આ ૨૦,૧૬૦ આવાસ બાંધવા માટે. (અંતરાય) હિસાબ બરાબર સાંભળો. જમીન સાથે આવાસોની કિંમત થઇ ૭૯૬ કરોડ. કેન્દ્ર સરકારનો કુલ ફાળો ૧૭૪ કરોડ, રાજય સરકારનો કુલ ફાળો ૫૫૨ કરોડ રૂપિયા. એટલે કેન્દ્ર સરકારનો ફાળો ૨૧.૯૦ ટકા થાય છે. બાકીનો તમામ ખર્ચ રાજય સરકારે ભોગવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર આપણે ગરીબો માટે આવાસ બાંધવાનું કામ પૂર્ણ કરેલું છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, ઓગસ્ટ અને સપ્ટેમ્બર–૨૦૧૨ ઘરનું ઘર એટલે અમદાવાદ શહેરની અંદર પાનના ગલ્લે, ચાની કિટલીએ...

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, સ્કીમો ચાલતી હતી કે એક ચા પીવો તો ઘરનું ઘર મળતું હતું. એવા સંજોગોમાં અમદાવાદ શહેર અને ગુજરાતને ઘેલું લગાવ્યું હતું ત્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અમદાવાદ શહેરમાં કેટલા મકાનો, કઇ કઇ જગ્યાએ બનાવવામાં આવ્યાં અને કેટલા બાંધવામાં આવ્યાં તે હું આપના માધ્યમથી જાણવા માંગુ છું.

શ્રીમતી આનંદીબેન મ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મહિલાઓને રક્ષાબંધનની ભેટ એવા શબ્દો સાથે ફોર્મ બહાર પાડવાનું કામ કોંગ્રેસે કર્યુ હતું (અંતરાય)

અધ્યક્ષશ્રી : હમણાં જવાબ જ આપોને..

શ્રીમતી આનંદીબેન મ. પટેલઃ જવાબ જ આપવા ઉભી થઇ છું.

અધ્યક્ષશ્રી : તેણે શું કર્યુ ...

શ્રીમતી આનંદીબેન મ. પટેલઃ ગુજરાતની નારીને તેમણે કેવી રીતે મુશ્કેલીમાં મૂકી હતી તે કોંગ્રેસના ધારાસભ્ય..

અધ્યક્ષશ્રી : હવે આનંદીબેન કોણે શું કર્યુ, તેના પરિણામે તો અહીંયા આવીને બેઠાં છો. તમે સીધો જવાબ આપો કે કેટલાં મકાન અમદાવાદમાં બનાવ્યાં ? અને કેટલા આપ્યાં ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં ૨૯ જગ્યાઓ ઉપર ૧૭,૧૪૮ આવાસો બાંધવામાં આવ્યાં. તેમાં બાગે ફિરદોસ અન્નપૂર્ણા હોટલ પાસે ૬૭૨ આવાસો, ગુજકોમાસોલ ઇસનપુર પાસે ૩૮૪, વટવા ખુરાના ટીપી સ્કીમ ઉપર અંબિકા ટયુબ પાસે ૨૪૬૪, વટવા ટીપી સિન્ટેક્ષ અંબિકા ટયુબ પાસે ૧૫૬૮, એ જ રીતે ત્યાં અંબિકા ટયુબ પાસે ૯૬૦, અંબિકા ટયુબ પણ ખુરાના તેમાં ૮૬૪, બહેરામપુર ટોરેન્ટ પાવર પાસે કેલિકો મીલ પાસે ૯૯૨, કેસર–એ– હિંદ મીલ કમ્પાઉન્ડ સારંગપુર તેમાં ૧૯૨, રૂસ્તમ મીલ કમ્પાઉન્ડ દૂધેશ્વર પાસે ૩૩૬, અમદાવાદ કોટન મીલ કમ્પાઉન્ડ પાસે ૨૨૪, ઓઢવ ગુજરાત વેપારી મહામંડળ પાછળ ૩૨૦, અજીત મીલ કમ્પાઉન્ડ હલ્દરવાસ ટોલનાકા ૭૦૪, રાયપુર મીલ કમ્પાઉન્ડ રખિયાલ મીલ પાસે ૪૧૬, વિવેકાનંદ મીલ કમ્પાઉન્ડ રખિયાલ ૨૮૮, ઓઢવ ગુજરાત વેપારી મહામંડળ પાછળ ૧૬૦, ઓઢવ ૭૦૪, ઓઢવ બરિયેલ ગ્રાઉન્ડ પાસે ૧૬૦, ઓઢવ વેપારી મહામંડળ એફવી–૨૩ ઉપર ૨૫૬, વાડજ ટીપી એફવી૩૩૮, બલોલનગર ૫૭૬, શાહવાડી વાસણા કેનાલ

પાસે ૧૪૪૦, વિજય મીલ કમ્પાઉન્ડ નરોડા રોડ ૮૦૦, નરોડા સેન્ટ મેરી સ્કૂલ પાસે ૧૯૨, નરોડા તળાવ પાસે ૨૫૬, સરસપુર મીલ કમ્પાઉન્ડમાં ૨૨૪, અંબિકા યુએલસી ૫૯૦, અંબિકા ફરી યુએલસી ૧૬૨, વટવા અંબિકા યુએલસી પાસે ૧૦૦૦ અને ઓઢવ ભરવાડ વાસ પાસે ૬૮ અને હિમાન્દ્રી મીલ કમ્પાઉન્ડ પાસે ૧૬૦ તેમ ૧૭,૧૪૮ મકાનો રાજય સરકારે બાંધ્યા.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી હતી ? અને એ અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે ? અને કેટલી રકમ તેમાં લોકોને આપવામાં આવી ? અને બીજું...

અધ્યક્ષશ્રી : બસ, બસ. તમે એક વખત પ્રશ્ન તો પૂછી લીધો તમારે રહી ગયેલું એટલા માટે મેં બીજી વખત તમને ચાન્સ આપ્યો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક જ નાનો પ્રશ્ન છે કે શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ જે મકાનો ફાળવવામાં આવ્યાં તે મકાનોમાં જે રિવર ફ્રન્ટના વિસ્થાપિતો હતા, તેમને પણ મકાનો ફાળવવામાં આવ્યાં છે? અને તે જવાબદારી રિવર ફ્રન્ટ ઓથોરિટીની હતી કે રાજય સરકારની હતી ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, રિવર ફ્રન્ટની જવાબદારી રાજય સરકારની હતી અને તેમાં મોટાભાગના રિવર ફ્રન્ટના બધાજ લાભાર્થીઓને લાભ પ્રાપ્ત થઇ ચૂકયો છે. તેમણે રોજગારની વાત કરી છે, એમાં ઉમ્મીદનો કાર્યક્રમ રાજય સરકારે શહેરોમાં શરૂ કર્યો છે. એટલે ઓછું ભણેલા હોય અથવા ન ભણેલા હોય તેવા યુવાનોને અને યુવતીઓને રોજગારી મળે એટલા માટે એમની સ્કીલ ડેવલપ કરવા માટે આ યોજનાની શરૂઆત કરી છે અને એન.જી.ઓ.ને એની કામગીરી પણ સોંપવામાં આવેલી છે. ૨૦૦૭ થી આ યોજના શરૂ કરવામાં આવેલ છે અને અત્યાર સુધીમાં એટલે કે ૨૦૦૭–૦૮, ૨૦૦૮–૨૦૦૯, ૨૦૦૯–૨૦૧૦, ૨૦૧૦–૨૦૧૧, ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ સુધીમાં ૨,૩૦,૪૨૧ જેટલા યુવાનોની રાજય સરકારે વગર અરજીએ ભરતી કરી અને તાલીમ આપી અને એમને એનરોલ કર્યા. એમાંથી ૧,૭૧,૩૨૭ યુવાનોને ટ્રેઇનિંગ આપી દીધી અને એમાંથી ૧,૧૩,૬૧૭ યુવાનોને નોકરી પણ મળી ગઇ છે. એટલે કે જોબ પણ આપી દેવામાં આવેલ છે અને તેઓ જોબ પણ કરી રહ્યા છે. રાજય સરકારે તેની પાછળ ૩૯૪૧ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

## કલોલ તાલુકાના સાંતેજ ગામે સરકારી પડતર જમીન નીમ થવા બાબત

*૭૩ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કલોલ તાલુકાના સાંતેજ ગામે સરકારી પડતર તથા સરકારી તલાવડી સદરે કયા કયા બ્લોક નંબરની કેટલી જમીન નીમ થયેલ છે, | (૧) કોઈ જમીન નીમ કરવામાં આવેલ નથી. |
| (૨) સદર બ્લોક નંબરો પૈકી કઈ જગ્યા ઉપર કેટલું ગેરકાયદે દબાણ કરવામાં આવેલ છે અને કોના દ્વારા કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સદર દબાણ દૂર કરવા સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ અને જો હા, તો ક્યારે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાંતેજમાં બ્લોક નંબર ૧૧૧૪, ૧૫૫૩, ૧૧૧૬ અને ૧૪૧ એ કયા સદર નીચે ચાલે છે, અને આ સર્વે નંબરમાં કોના દ્વારા દબાણ થયેલું છે.

અધ્યક્ષશ્રી : તમારો આ સવાલ દબાણનો નથી, સવાલ એ છે કે સરકારી પડતર તથા સરકારી તલાવડી સદરે કયા કયા બ્લોક નંબરની કેટલી જમીન નીમ થયેલ છે. કયાં કેટલું દબાણ છે, તે આમાં નહીં આવી શકે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : દબાણનું પણ છે, તમે વાંચો સાહેબ, મારો સવાલ દબાણનો પણ છે. સર્વે નંબર ૧૧૧૪, ૧૫૫૩ અને ૧૧૧૬ એ સર્વે નંબર કયા હેડે ચાલે છે? એ નીમ થયેલી જ છે. સરકારી તલાવડીઓ આવેલી છે અને એ તલાવડીઓ ઉપર કોના દ્વારા દબાણ થયેલું છે?

અધ્યક્ષશ્રી : આના માટે તમારે જુદો પ્રશ્ન આપવો જોઇએ, આમાં કયા સર્વે નંબરની જમીન શેના માટે નીમ થઇ છે તેનો પ્રશ્ન નથી, આના માટે નીમ થયેલી કોઇ જમીન નથી એ જવાબમાં આપેલું છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સર્વે નંબર ૧૧૧૪, ૧૫૫૩ અને ૧૧૧૬ આ જે બ્લોક નંબર છે એ સરકારી તલાવડીના નામે નીમ થયેલા છે અને સરકારી તલાવડીઓ ચાલે છે અને તેના ઉપર કોના દ્વારા દબાણ છે એ મેં પૂછયું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ જે સર્વે નંબર છે એ આ સરકારી તલાવડીના નામે નીમ થયેલ છે? બહેનશ્રી, આપે કહ્યું છે કે કોઇ સર્વે નંબર નીમ થયેલો નથી.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલોલમાં સાંતેજમાં સરકારી પડતર જમીન અને સરકારી તલાવડી સદરે કોઇ જમીન નીમ કરવામાં આવેલ નથી, ૪૭ બ્લોક નંબરની જમીન સરકારી પડતર હેડે અને ૨૪ બ્લોક નંબરની જમીન તલાવડી સદરે ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં ૪૭ બ્લોક નંબરોમાં ૨૬ બ્લોક નંબરની જમીનમાં ખાનગી ઇસમોએ ખેતી ઉપયોગી દબાણ કરેલા છે. બીજો જે ૨૪ નંબરનો બ્લોક છે, એમાં ૩૫ ઇસમોએ કાચા મકાનો બાંધ્યા છે અને તે ત્યાં મકાનો બાંધીને રહે છે. આ પ્રશ્ન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું આ ૩ સર્વે નંબરનો જવાબ માગું છું અને માનનીય મંત્રીશ્રી આ ૩ સર્વે નંબરનો મને જવાબ આપે.

અધ્યક્ષશ્રી : કયા સર્વે નંબર શેના માટે નીમ થયા છે તેના માટેનો તમારો સવાલ નથી, તમારો સવાલ છે કે આ ખેત તલાવડી સદરે કયા કયા બ્લોકમાં કેટલી જમીન નીમ થયેલી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : બ્લોક નંબર ૧૧૧૪, ૧૫૩૩ અને ૧૧૧૬ માટે મેં સવાલ પૂછેલો છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપને જવાબ મળે છે. બહેનશ્રી, આમાં કલોલ ખાતે આ કોઇ બ્લોક નીમ થયા છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આમાં કેટલાક ઇસમો ગેરકાયદેસર રીતે ખેતી કરે છે અને કેટલાક ગરીબોએ કાચા પાકા મકાનો આની ઉપર બાંધ્યા છે. આ બન્ને જગ્યાએ, એમાં ૧,૧૦,૪૭૪ ચો.મી. ના દબાણમાં આ જે ગરીબ લોકો હશે એ અત્યારે ખેતી કરી રહ્યા છે અને તેનો સર્વે આપણે કરાવી રહ્યા છીએ અને ૫૦૦૦ ચો.મી. જમીન એવી છે કે જેના ઉપર ખાનગી ઇસમોએ દબાણ કર્યુ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : *(xxxxx)

અધ્યક્ષશ્રી : નહીં નહીં, એવું તમે ન કહી શકો, બેસી જાઓ, આ જે શબ્દો છે તે વાજબી નથી, તે શબ્દો રેકર્ડ ઉપરથી હું કાઢી નાખું છું. તમારો પ્રશ્ન હોય તો પૂછો, આ કોઇ જમીન નીમ થયેલી નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : આ ત્રણ સર્વે નંબરો સરકારી તલાવડીના આવેલા છે....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરોનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**ડાંગ જિલ્લામાં ઈકોટુરીઝમની યોજનાનો અમલ**

૫૬૯ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) દેવીનામાળ, મહાલ, ગીરમાળ, દાવદહાડ, જાળસોળ, કાકરદા (માયાદેવી) સાપુતારા, કલમડુંગર, વાસુર્ણા અને અંજનકુંડ. |
| (૩) વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂપિયા ૧૮.૮૭ લાખ અને વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૧.૪૭ લાખ. |

---------

**રાજ્ય કેલીમીટી ફંડમાં જમા રકમ અને ઉપયોગ**

૮૧૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડ હેઠળ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષની કેટલી રકમ જમા છે, | (૧) ૨૦૧૧–૧૨ ની (તા. ૩૧–૦૩–૨૦૧૨ અંતિત) રૂ. ૫૨૭.૨૩ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ ની (તા. ૩૧–૧૨–૨૦૧૨ અંતિત) રૂ. ૨૭૬.૭૯ કરોડ મળી રૂ. ૮૦૪.૦૨ કરોડ. |
| (૨) આ રકમનો ઉપયોગ શા હેતુ માટે કરવામાં આવે છે, અને | (૨) કુદરતી આપત્તિઓથી થયેલ નુકશાનના સંજોગોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) તે અન્વયે વર્ષવાર આ ફંડમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૦૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨) રૂ. ૧૬૧.૪૬ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ (તા.૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨)<br>રૂ. ૧.૩૬ કરોડ. |

---------

**અમરેલી જિલ્લાને અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત પરિસ્થિતિ**

૧૧૦૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૨ની વરસાદી ઋતુમાં અનિયમિત અને ઓછા વરસાદના કારણે કેટલા તાલુકાઓને તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અછતગ્રસ્ત અને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય |
| (૨) ઉપરોક્ત અછતગ્રસ્ત તાલુકાઓમાં ઘાસચારો, પીવાના પાણીની વ્યવસ્થા, અને અછતને આનુસંગિક સમસ્યાઓના નિવારણ માટે સરકારશ્રી દ્ધારા શાં પગલાં ભરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસૂલ વિભાગ દ્વારા ખેડૂતોના સીધી લીટીના વારસદારો અંગે પરિપત્રથી ખેડૂતોને થઈ રહેલ નુકસાન**

૧૬૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા ખેડૂતોના સીધી લીટીના વારસદારો અંગે પરિપત્ર બહાર પાડી બીજી પેઢીના કાકા–બાપાનાની રેકર્ડમાં વહેંચણી અંગેની નોંધ થઈ શકે નહીં તેવો પરિપત્ર ક્યારે બહાર પાડ્યો, અને | (૧) મહેસૂલ વિભાગ દ્વારા આવો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવેલ નથી. |
| (૨) આ પરિપત્રથી ખેડૂત વર્ગને ભારે નુકસાન થઈ રહ્યું છે તેવી ફરિયાદના ઉકેલ માટે શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતમાં ઘાસચારો ખરીદવા બાબત**

૭૧૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતને કારણે પશુઓના ઘાસચારા માટે તા. ૨૭–૧–૨૦૧૩ સુધીમાં કેટલો ઘાસચારો કઈ કિંમતે ખરીદવામાં આવ્યો? | ઘાસચારો ખરીદવામાં આવેલ નથી. વન વિભાગ હસ્તકના ઘાસના અનામત જથ્થાનું વિતરણ કરવામાં આવેલ હતું. |

---------

**રાજ્ય કેલીમીટી ફંડમાં જમા રકમ અને ઉપયોગ**

૯૪૮ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડ હેઠળ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષની કેટલી રકમ જમા છે, | (૧) વર્ષ ૨૦૧૧–૧૨ ની (તા. ૩૧–૦૩–૨૦૧૨ અંતિત) રૂ. ૫૨૭.૨૩ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ ની (તા. ૩૧–૧૨–૨૦૧૨ અંતિત) રૂ. ૨૭૬.૭૯ કરોડ મળી રૂ. ૮૦૪.૦૨ કરોડ. |
| (૨) આ રકમનો ઉપયોગ શા હેતુ માટે કરવામાં આવે છે, અને | (૨) કુદરતી આપત્તિઓથી થયેલ નુકસાનના સંજોગોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) તે અન્વયે વર્ષવાર આ ફંડમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૦૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨) રૂ. ૧૬૧.૪૬ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ (તા.૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨) રૂ. ૧.૩૬ કરોડ. |

એચબી–૬૬૭–૨

---------

**ભાવનગર જિલ્લામાં વીજ સબસ્ટેશનો માટે જમીન આપવા બાબત**

૫૨૬ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબસ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે? | (૨) કુલ ૯૮૦૦–૦૦ ચો.મી. |

--------

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩

તારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૪૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૭૨૯ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧ માં ૩૪૩ અરજીઓ અને વર્ષ ૨૦૧૨ માં ૨૫૭ એમ કુલ ૬૦૦ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ |

---------

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ થયેલ વાવેતર**

૫૨૮ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૧૨ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ૭૭૩ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૩૫૯.૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૪૧૪.૦૦ |
| **કુલ** | **૭૭૩.૦૦** |

**પ્રશ્ન** (૨) તે પૈકી જૂનાગઢ શહેરમાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ** (૨) ૭ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન** (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ** (૩) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રૂ. ૩૦૧.૯૭ લાખ નો ખર્ચ કરવામાં આવેલ છે. અને જુનાગઢ શહેરમાં રૂ. ૯.૬૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૪૦ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૨૩ અરજીઓ. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧-૩૬૦<br>વર્ષ ૨૦૧૨-૫૦૦<br>**કુલ - ૮૬૦** |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવા રસ્તાઓના કામો હાથ ધરવા બાબત**

૭૬૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કિ.મી.ના નવા રસ્તાઓના કેટલા કામ હાથ ધરી પૂરાં કરવામાં આવ્યા, | (૧) ૩૧૦.૩૬ કિ.મી. લંબાઈના ૧૩૪ રસ્તાના કામો હાથ ધરી ૧૩૯.૩૭૦ કિ.મી.ના ૬૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામો ટેન્ડરની શરતો અનુસાર ન હોય અને નબળી ગુણવત્તાવાળા હોવાનું સરકારના ધ્યાને આવ્યું/ફરિયાદો મળી, | (૨) અને (૩) એક ફરિયાદ મળેલ છે, તપાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) નબળી ગુણવત્તાના કામો બદલ જવાબદાર ઠેકેદારો અને અધિકારીઓ સામે શું શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં, | |
| (૪) જે રસ્તાનાં કામો અધૂરાં છે તે અધૂરાં રહેવાનાં કારણો શું છે, અને | (૪)કોઈ કામ અધૂરૂં નથી, ૬૨ કામો પ્રગતિ હેઠળ. |
| (૫) તે ક્યાં સુધીમાં પૂરાં કરવામાં આવશે ? | (૫) ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**વૈધાનિક અને સંસદીય વિભાગ દ્વારા કાયદા પંચની રચના કરવા બાબત**

૮૪૭ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજયના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તા. ૨૨–૧૨–૨૦૦૯ના રોજ ગુજરાત કાયદા પંચની રચના કરાઈ હતી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના તા. ૨૨–૬–૯૮ના ઠરાવ ક્રમાંક એલએસી–૧૦૯૮–૨૭–ઈ થી ૧ વર્ષ માટે થયેલ, જેની મુદત વખતોવખત લંબાવવામાં આવી છે. |
| (૨) જો હા, તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આ પંચના અધ્યક્ષ અને સભ્યો કોણ કોણ છે ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આ પંચના અધ્યક્ષ અને સભ્યોની જગ્યા ખાલી છે. |

---------

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ**

૫૨૯ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે કેટલી એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ છે, અને | (૧) ૨ (બે). |
| (૨) તે પૈકી કેટલી શાળાઓ કાર્યરત છે ? | (૨) ૧ (એક). |

---------

**વડોદરા જિલ્લામાં પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત**

૫૮૮ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પુરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગડીઓ પૂરી પાડવામાં આવી, અને | (૨) ૨૫ |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૪.૪૯ લાખ |

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

---------

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૪૭ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૧૨ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૨૭૪૦ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૫૮૭ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૧૧૦૩ એમ કુલ ૧૬૯૦ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**ખેડા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૫૪૯ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના માટે તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૭ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે ? | (૨) આ ૭ યોજનાઓ માટે નીચે મુજબનો અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે. |

| ક્રમ | નગરપાલિકાનું નામ | વહીવટી મંજૂરી (રૂ. લાખમાં) |
| --- | --- | --- |
| ૧ | ડાકોર | ૧૪૫૦.૬૦ |
| ૨ | નડીયાદ | ૧૧૧૨૦.૬૦ |
| ૩ | મહુધા | ૫૫૨.૮૪ |
| ૪ | કપડવંજ | ૮૪૯.૪૮ |
| ૫ | કણજરી | ૧૩૨૪.૧૨ |
| ૬ | બાલાસિનોર | ૧૪૬૨.૮૮ |
| ૭ | કઠલાલ | ૧૮૭૭.૯૨ |
| | કુલ | ૧૮૬૩૮.૪૪ |

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા નીચે જમીનોની સનદો**

૧૪૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં તા. ૩૦–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વન અધિકાર કાયદા હેઠળ વન વિસ્તારમાં રહેતા લોકોને જંગલની કેટલી જમીનોની સનદો આપવામાં આવી, અને | (૧) વન અધિકાર કાયદા હેઠળ અધિકાર–પત્ર આપવાની જોગવાઈ છે. સનદ આપવાની જોગવાઈ નથી. |
| (૨) બાકી રહેતા અરજદારોને તેમની અરજીઓ અન્વયે કેટલા સમયમાં જમીનોની સનદો આપવામાં આવશે ? | (૨) વન અધિકાર કાયદા હેઠળ અધિકાર–પત્ર આપવાની જોગવાઈ છે. સનદ આપવાની જોગવાઈ ન હોવાથી પ્રશ્ન રહેતો નથી. |

---------

**અમદાવાદ શહેરની ટાઉનપ્લાનીંગ સ્કીમ માટેની દરખાસ્તો**

૬૮૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ટાઉનપ્લાનીંગ સ્કીમ માટે કેટલી દરખાસ્તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સરકારને છેલ્લા બે વર્ષમાં મોકલવામાં આવી, | (૧) ૬ (છ). |
| (૨) મોકલવામાં આવેલ દરખાસ્તો પૈકી કેટલી મંજૂર કરવામાં અને કેટલી પડતર છે, અને | (૨) ૪– મંજૂર અને ૨– પડતર. |
| (૩) દરખાસ્તો પડતર રહેવાનાં કારણો શાં છે ? | (૩) તાંત્રિક ચકાસણીના કારણે. |

---------

**સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન નીચે ચેકડેમના કામ**

૫૩૩ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | ચેકડેમ |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૯ |
| ૨૦૧૧–૧૨ | ૧૨ |

(૨) તે પૈકી કેટલા ચેકડેમના કામો પૂર્ણ થયા છે.

(૨)

| વર્ષ | ચેકડેમ |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૮ |
| ૨૦૧૧–૧૨ | ૧૦ |

(૩) કેટલા ચેકડેમના કામો પૂર્ણકરવાના બાકી છે,

(૩)

| વર્ષ | ચેકડેમ |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૦૧ |
| ૨૦૧૧–૧૨ | ૦૨ |

(૪) આ ચેકડેમના કામ બાકી રહેવાના કારણો શાં છે, અને

(૪) ટેન્ડર પ્રિક્રયામાં વિલંબ થવાથી.

(૫) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૫) જેમ બને તેમ જલદી.

---------

**રાજકોટ જિલ્લામાં કૂવા/ધોરીયા/પાઈપલાઈન નાખવા ખેડૂતોને જમીન આપવા બાબત**

૫૭૭ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં કૂવા/ધોરીયા/પાઈપલાઈન નાખવાના હેતુ માટે ખેડૂતોને તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ખેડૂતોને કેટલી જમીન | (૨) ૩૫૨ ખેડૂતોને ૭૧૧૮૩–૦૬ ચો.મી. જમીન અપાયેલી છે. |

અપાયેલી છે ?

---------

**જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી**

૫૭૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે સને ૧૮૯૦ થી સને ૧૯૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે. |
| (૨) નવેસરથી માપણી ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) નવેસરથી માપણી તા. ૨૦–૦૧–૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે. |

---------

**જામનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૧૩ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ ૧૬૭૪ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧ માં ૩૬૪ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૫૫૧ અરજીઓ એમ કુલ ૯૧૫ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**પાટણ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી**

૫૭૨ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) પાટણ જિલ્લામાં છેલ્લે માપણી સને ૧૮૮૮ થી સને ૧૯૫૯ દરમિયાન કરવામાં આવી છે. |
| (૨) નવેસરથી માપણી ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) નવેસરથી જમીન માપણીનું કામ સને ૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે અને હાલ ચાલુમાં છે. |

---------

**જામનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૨૫ **શ્રી અરવીંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ ૧૬૭૪ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧ માં ૩૬૪ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૫૫૧ એમ કુલ ૯૧૫ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**નવસારી જિલ્લામાં એકલવ્ય મૉડેલ નિવાસી સ્કુલો**

૫૦૫ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી માટે કેટલી એકલવ્ય મોડેલ નિવાસી સ્કૂલ ચાલે છે, | (૧) ૧ (એક). |
| (૨) આ નિવાસી સ્કૂલો કયા તાલુકામાં આવેલી છે, અને | (૨) વાંસદા તાલુકામાં. |
| (૩) આ એકલવ્ય મોડેલ સ્કૂલમાં કયા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે ? | (૩) ધોરણ–૬ થી. |

---------

**આમોદ અને જંબુસર તાલુકાના આદિવાસી ગામોનો ટ્રાયબલ પેકેજમાં સમાવેશ કરવા બાબત**

૩૯ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં કાકરીયા તથા જંબુસર તાલુકાના મદાપુરા, કુંઢળ તથા ગુલાલ ગામોમાં સો ટકા વસ્તી આદિવાસી હોવા છતાં તેમનો ગુજરાત ટ્રાયબલ પોકેટ હેઠળ સમાવેશ થયેલ નથી, અને | (૧) ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં કાકરીયા તથા જંબુસર તાલુકાના મદાપુરા, કુંઢળ તથા ગુલાલ ગામોની વસ્તી ૨૦૦૧ની વસતી ગણતરી સેન્સસ મુજબ ૧૦૦ ટકા આદિવાસી વસ્તી નથી, પરંતુ નિયત ધોરણ કરતાં ઓછી હોવાથી ટ્રાયબલ પૉકેટ હેઠળ સમાવવા પાત્ર નથી. |
| (૨)તે અંગે કોઈ આયોજન વિચારણા હેઠળ છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં વનબંધુ યોજનામાં એકલવ્ય મોડેલ શાળાને મંજૂરી**

૫૨૭ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ કેટલી એકલવ્ય મોડેલ શાળા મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કયા તાલુકામાં કેટલી એકલવ્ય શાળા મંજૂર કરવાની માગણી આવેલ છે ? | (૨) કોઈ માંગણી આવેલ નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં વીજ સબસ્ટેશનો માટે આપેલ જમીન**

૫૭૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે ? | (૨) હે.આરે. ૧૮–૧૧–૫૦ ચો.મી. |

---------

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩

તારાંકિત પ્રશ્નો

**કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતમાં ઘાસચારો ખરીદવા બાબત**

૮૫૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતને કારણે પશુઓના ઘાસચારા માટે તા. ૨૭–૧–૨૦૧૩ સુધીમાં કેટલો ઘાસચારો કઈ કિંમતે ખરીદવામાં આવ્યો ? | ઘાસચારો ખરીદવામાં આવેલ નથી. વન વિભાગ હસ્તકના ઘાસના અનામત જથ્થાનું વિતરણ કરવામાં આવેલ હતું. |

---------

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં પાકા રસ્તા બનાવવા બાબત**

૮૦૪ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : **માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં એક ગામને બીજા ગામ સાથે જોડતા પાકા રસ્તાઓ બનાવવા સરકારએ ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત તાલુકાના કયા કયા ગામોને કયા કયા ગામ સાથે જોડતા પાકા રસ્તાઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલી છે, અને<br>(૩) હાથ ધરાયેલ કામગીરી હેઠળના પ્રત્યેક રસ્તાની કામગીરી હાલ કયા તબક્કામાં છે ? | (૨) અને (૩) **પરિશિષ્ટ–૧** મુજબ |

**પરિશિષ્ટ–૧**

| **તાલુકા** | **કયા ગામથી કયા ગામ જોડાય છે.** | | **હાલની સ્થિતિ** |
|---|---|---|---|
| દાંતા | કુંવારસી | મોટાપીપોદરા | પુર્ણ |
| | જવારા | મહુડા | પુર્ણ |
| | મચકોડા | જવારા | પુર્ણ |
| | માંકડી | ઉંબરા | પુર્ણ |
| | રંગપુર | ભવાનગઢ | પુર્ણ |
| | કુકડી | થલવાડા | પુર્ણ |
| | ચોકીબોર | મોટાપીપોદરા | પુર્ણ |
| | માંકડી | સેંબલ | પુર્ણ |
| | રંગપુર | ગોઠડા | પ્રગતિ |
| | મોટા પીપોદરા | કોશીયાપરા | પ્રગતિ |
| | જીતપુર | પ્રજાપિત વાસ ઠાકોરવાસ | પ્રગતિ |
| | ભચડીયા | રબારીવાસ | પ્રગતિ |
| | રંગપુર | કાકરબોરાવાસ | પ્રગતિ |
| | પુંજપુર | નુરપુર | પ્રગતિ |
| અમીરગઢ | લક્ષ્મીપુરા | રબારીગોળીયા | પ્રગતિ |
| | ઢોલીયા | છાપરફળી | પ્રગતિ |
| | ઉપલાઘોડા | નીચલાઘોડા | પ્રગતિ |
| | વિરમપુર | મુળીવાસ | પ્રગતિ |

| તાલુકા | કયા ગામથી કયા ગામ જોડાય છે. | | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| | વિરમપુર | પડાણી | પ્રગતિ |

---------

**ભાવનગર જિલ્લામાં વીજ સબસ્ટેશનો માટે આપેલ જમીન**

૫૭૦ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબસ્ટેશનો માટે જમીન આપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે? | (૨) કુલ ૯૮૦૦–૦૦ ચો.મી. |

---------

**નર્મદા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૫૩૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ સંકલિત ડેરી વિકાસ યોજનાથી નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) કુલ–૨૯૨૨ |
| (૨) તેના થકી નર્મદા જિલ્લાના અનુસુચિત જનજાતિના લાભાર્થીઓની આવકમાં કેટલો વધારો થયો? | (૨) દૈનિક–રૂા. ૨,૮૫,૬૦૦/–<br>વાર્ષિક–રૂા. ૧૦,૪૨,૪૪,૦૦૦/– |

---------

**નવસારી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૪૨ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૯૨૪ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૩૫૬ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૩૮૪ અરજીઓ એમ કુલ ૭૪૦ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે એકલવ્ય મૉડેલ નિવાસી સ્કુલો**

૫૩૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી માટે કેટલી એકલવ્ય મૉડેલ નિવાસી સ્કુલો ચાલે છે, | (૧) ૧ (એક) |
| (૨) આ નિવાસી સ્કુલો કયા તાલુકા આવેલ છે, અને | (૨) વાંસદા તાલુકામાં |
| (૩) આ એકલવ્ય મોડેલ સ્કુલમાં કયા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે? | (૩) ધોરણ–૬ થી |

---------

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૮૬ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૨૭૪૦ અરજીઓ મળી.

(૨) વર્ષ ૨૦૧૧માં ૫૮૭ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૧૧૦૩ એમ કુલ ૧૬૯૦ અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા.

(૩) બનતી ત્વરાએ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં કિશાનપથ યોજનાના રસ્તાઓ**

૧૦૮૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કિશાનપથ યોજના હેઠળ કરેલા રસ્તાઓ કેટલી રકમના તાલુકાવાર મંજૂર કર્યા,

(૨) તે પૈકી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા અને કેટલા અધૂરા છે,

(૩) જે અધૂરા છે તે ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૪) તે ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ રસ્તાઓ મંજુર થયા.

| **તાલુકો** | **મંજૂર થયેલ રસ્તાઓની સંખ્યા** | **મંજુર કરેલ રકમ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| હિંમતનગર | ૯ | ૩૫૩.૯૧ |
| પ્રાંતિજ | ૪ | ૧૨૧.૪૮ |
| તલોદ | ૧ | ૩૯.૭૯ |
| | **મંજૂર થયેલ રસ્તાઓની સંખ્યા** | **મંજુર કરેલ રકમ (રૂા. લાખમાં)** |
| ઈડર | ૩ | ૧૭૯.૩૨ |
| ખેડબ્રહ્મા | ૧ | ૪૭.૮૯ |
| વિજયનગર | ૨ | ૧૧૮.૩૫ |
| ભિલોડા | ૩ | ૧૫૦ |
| મેઘરજ | ૨ | ૧૦૯.૮૯ |
| મોડાસા | ૧ | ૧૧૪.૪૧ |
| ધનસુરા | ૨ | ૧૩૭.૨૮ |
| માલપુર | ૧ | ૨૬.૬૩ |
| બાયડ | ૨ | ૧૬૮.૦૪ |
| **કુલ** | **૩૧** | **૧૫૬૬.૯૯** |

(૨)**,** (૩) અને (૪) : ૨૭ રસ્તાઓના કામો પુર્ણ થયા અને ૪ કામો પ્રગતિ હેઠળ છે જે બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજનામાં માળખાગત સુવિધામાં થયેલ પ્રોજેક્ટ**

૫૫૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મહાનગરોમાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ રાજ્યના શહેરોમાં માળખાગત સુવિધાઓ માટેની યુઆઈજી પ્રોજેક્ટ હેઠળ મહાનગરોમાં કેટલાં પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર માટે એક પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલો ફાળો આપવાનો થાય છે, અને | (૨) રૂા. ૨.૮૫ કરોડ |
| (૩) સંબંધિત મહાનગરપાલિકાએ કેટલો ફાળો આપવાનો થાય છે? | (૩) રૂા. ૯.૪૯ કરોડ |

---------

**નવસારી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૮૭ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૯૨૪ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૩૫૬ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૩૮૪ અરજીઓ એમ કુલ ૭૪૦ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૪૩ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ ૧૬૭૪ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૩૬૪ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૫૫૧ એમ કુલ ૯૧૫ અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**વડોદરા જિલ્લામાં વનબંધુ યોજનામાં એકલવ્ય મૉડેલ શાળાઓ**

૫૧૬ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ યોજના હેઠળ કેટલી એકલવ્ય મોડેલ શાળા મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલા તાલુકામાં એકલવ્ય શાળા મંજૂર | (૨) કોઈ માગણી આવેલ નથી. |

કરવાની માગણી આવેલ છે?

---------

**સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં નગરપાલિકાઓને પીવાનું પાણી આપવાની યોજના**

૫૧૮ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પાણી પુરવઠા પ્રોજેક્ટ અંતર્ગત નગરપાલિકાઓમાં પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે. | (૧) એક નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) એક પણ કામ પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | (૩) કનકપુર કનસાડ નગરપાલિકાના મંજૂર થયેલ કામ માટે ટેન્ડરો ફરીથી માંગવામાં આવેલ છે. |

---------

**આણંદ જિલ્લામાં મહેસૂલ વિભાગની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ**

૧૦૦૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહેસૂલ વિભાગની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કુલ–૫૫૧ નું છે. (બિડાણમાં સામેલ ***પત્રક** ૧ થી ૪ ના કોલમ–૪ મુજબ) |
| (૨) તે પૈકી કેટલી જગાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) અંદાજિત ૩ માસથી ૮ વર્ષ સુધીનાં સમયગાળાથી ખાલી છે. (બિડાણમાં ***પત્રક** ૧ થી ૪ નાં કોલમ–૫ મુજબ) |
| (૩) ખાલી જગાઓ કયારે ભરવાનું સરકારનું આયોજન છે? | (૩) પસંદગી/નિમણૂક અંગેની કાર્યવાહી/પ્રક્રિયા હાથ ધરાયેલ છે. બનતી ત્વરાએ જગ્યાઓ ભરવાનું આયોજન છે. બિડાણમાં ***પત્રક**–૧ થી ૪ ના કોલમ નં. ૭માં દર્શાવવામાં આવેલી વિગતો મુજબ) |

( *પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

---------

**રાજય કેલીમીટી ફંડમાં જમા રકમ અને ઉપયોગ**

૯૮૨ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં કેલીમીટી ફંડ હેઠળ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષની કેટલી રકમ જમા છે, | (૧) વર્ષ ૨૦૧૧–૧૨ની (તા. ૩૧–૦૩–૨૦૧૨ અંતિત) રૂ।. ૫૨૭.૨૩ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ની (તા. ૩૧–૧૨–૨૦૧૨ અંતિત) રૂ।. ૨૭૬.૭૯ કરોડ મળી રૂ।. ૮૦૪.૦૨ કરોડ. |
| (૨) આ રકમનો ઉપયોગ શા હેતુ માટે કરવામાં આવે છે, અને | (૨) કુદરતી આપત્તિઓથી થયેલ નુકસાનના સંજોગોમાં આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) તે અન્વયે વર્ષવાર આ ફંડમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૧–૧૨ (તા. ૦૧–૦૪–૨૦૧૧ થી તા. ૩૧–૦૩–૨૦૧૨) રૂ।. ૧૬૧.૪૬ કરોડ અને વર્ષ ૨૦૧૨–૧૩ની (તા. ૦૧–૦૪–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨) રૂ।. ૧.૩૬ કરોડ. |

---------

**સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પાણી પુરવઠા પ્રોજેક્ટ**

૫૫૦ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પાણી પુરવઠા પ્રોજેક્ટ અંતર્ગત પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે, | (૧) એક નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) એક પણ કામ પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | (૩) કનકપુર કનસાડ નગરપાલિકાના મંજૂર થયેલ કામ માટે ટેન્ડરો ફરીથી માંગવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી**

૫૭૬ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે કયારે કરવામાં આવી, અને | (૧) કચ્છ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે સને ૧૯૫૨–૫૩ થી સને ૧૯૬૯–૭૦ દરમિયાન કરવામાં આવી છે. |
| (૨) નવેસરથી માપણી કયારે કરવામાં આવનાર છે? | (૨) કચ્છ જિલ્લામાં નવેસરથી માપણી તા. ૦૧–૦૩–૨૦૧૧થી શરૂ કરેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૫૩૧ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૧)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૭૮.૨૭ |
| ૨૦૧૨.૧૩ | ૧૦૯.૪૬ |
| કુલ | ૪૮૭.૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે, અને

(૨)

| વર્ષ | સરેરાશ બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૨૭૬૦ |
| ૨૦૧૨.૧૩ | ૩૯૪૧૨ |
| કુલ | ૮૨૧૭૨ |

(૩) તેમાં બાળક દીઠ દૂધનું પ્રમાણ કેટલું છે?

(૩) ૨૦૦ મી.લી.

---------

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૫૮૫ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૭૨૯ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧માં ૩૪૩ અરજીઓ અને વર્ષ ૨૦૧૨માં ૨૫૭ એમ કુલ ૬૦૦ અરજીઓ મંજુર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા. |
| (૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**રાજકોટ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાતમાં શહેરી ગરીબોને પાકા આવાસોના એમ.ઓ.યુ.**

૧૦૬૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં શહેરી ગરીબોને આવાસો મળે તેમજ ઝુંપડપટ્ટીનાં રહેવાસીઓને પાકા આવાસો મળે તે માટે રાજકોટ જિલ્લાના કયા કયા શહેરો માટે કેટલા એમ.ઓ.યુ. થયા છે, | (૧) વર્ષ ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં શહેરી ગરીબોને આવાસો મળે તેમજ ઝુંપડપટ્ટીનાં રહેવાસીઓને પાકા આવાસો મળે તે માટે<br>• રાજકોટ જિલ્લામાં કોઈ એમ.ઓ.યુ. થયેલ નથી. |
| (૨) કેટલા આવાસો પ્રોજેક્ટ વાર બનાવવાનું આયોજન છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા કરોડના પ્રોજેક્ટ વાર એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ પ્રોજેક્ટ કયારે શરૂ કરી કયારે પૂરા કરવાનું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં મહિલાઓને સંપત્તિ ખરીદતી વખતે રજીસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ**

૮૭૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૧) ભરૂચ જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાઓમાં ગંદા પાણી નિકાલની સમસ્યા ને પહોંચી વળવા માટે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે.

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરેલ છે, અને

(૩) કેટલા કામો ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) કુલ ત્રણ નગરપાલિકાઓનો સમાવેશ કરેલ છે.

(૨) કામ પૂર્ણ થયેલ નથી.

(૩) એક

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં મહાનગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૮૫૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ માટે વિકાસના કામો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ડીસે-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) આંતરમાળખાકીય સુવિધા માટે રૂા. ૩૨૫/- કરોડ તથા જનભાગીદારીથી ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણીની પાઈપલાઈન અને સ્ટ્રીટલાઈટના કામો માટે રૂા. ૫૯૬/- કરોડ મળી કુલ રૂા. ૯૨૧/- કરોડની રકમ ફાળવવામાં આવી.

(૨) નીચેની વિગતે કુલ રૂા. ૩૯૦/- કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | મહા ન.પા. | આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂા. કરોડમાં | જનભાગીદારીથી સોસાયટીમાં કરવાના કામો માટે રૂા. કરોડમાં | કુલ ફાળવેલ રકમ રૂા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧૦૦.૦૦ | ૧૪૫.૦૦ | ૨૪૫.૦૦ |
| ૨ | રાજકોટ | ૨૮.૦૦ | ૭૫.૦૦ | ૧૦૩.૦૦ |
| ૩ | જૂનાગઢ | ૭.૦૦ | ૧૭.૦૦ | ૨૪.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪.૦૦ | ૧૪.૦૦ | ૧૮.૦૦ |
| | કુલ રૂા. | ૧૩૯.૦૦ | ૨૫૧.૦૦ | ૩૯૦.૦૦ |

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં રજીસ્ટર્ડ દસ્તાવેજો સ્થાવર મિલકતની તબદીલીઓની નોંધ રજીસ્ટરમાં ન થવા બાબત**

૮૦૬ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રજીસ્ટર્ડ દસ્તાવેજોથી થતી સ્થાવર મિલ્કતની તબદીલઓની નોંધો ગામ નમૂના નં.૬માં મિલ્કત રજીસ્ટરમાં કરવામાં આવતી નથી તે હકીકત ખરી છે,

**જવાબ**

(૧) ના. સબ રજીસ્ટાર કચેરીમાં ખેતીની જમીનના દસ્તાવેજોની નોંધણી થયા બાદ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે ગામના નમુના નં. ૬ માં ઓનલાઇન સીસ્ટમ મારફત કાચી નોંધો ઓટોમેટિક પડે છે.

(૨) જો ના, તો જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં સને ૨૦૧૨ના વર્ષમાં તાલુકા દિઠ સ્થાવર મિલ્કતની તબદિલીના કેટલા દસ્તાવેજો નોંધાયા છે,

(૨)

| તાલુકાનું નામ | સને ૨૦૧૨માં કુલ નોંધાયેલ સ્થાવર મિલ્કતના વેચાણ દસ્તાવેજો |
|---|---|
| અમીરગઢ | ૩૨૧ |
| દાંતા | ૪૨૪ |
| કુલ | ૭૪૫ |

(૩) રજીસ્ટાર દસ્તાવેજોથી થયેલ તબદીલીની નોંધો ગામ નમૂના નં.૬માં થયેલ છે કે કેમ,

(૩) હા. સબ રજીસ્ટાર કચેરીમાં ખેતીની જમીનના દસ્તાવેજોની નોંધણી થયા બાદ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે ગામના નમુના નં. ૬ માં ઓનલાઇન સીસ્ટમ મારફત કાચી નોંધો ઓટોમેટિક પડે છે.

(૪) જો નોંધો ન થયેલ હોય તો તેના શા કારણો છે, અને

(૪) ખેતીના રજિસ્ટર્ડ દસ્તાવેજોની નોંધો ઓનલાઈન પધ્ધતિથી થતી હોય જે દિવસે દસ્તાવેજ થાય તે દિવસે જ નોંધ ગામ નમુના નં. ૬ માં થાય છે.

(૫) આવી નોંધો કયાં સુધીમાં કરવામાં આવશે ?

(૫) આવી કોઈ નોંધો બાકીમાં નથી.

---------

**મોન્સાન્ટો કંપની દ્વારા અપાતા મકાઈના બિયારણ ઉપર પ્રતિબંધ મૂકવા બાબત**

૧૦૯૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) :** તા.૧૫-૩-૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્નક્રમાંકઃ ૨૮૭૯૧ (અગ્રતા-૬)ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મોન્સાન્ટો કંપનીના મકાઈના બીજ ઉપર પ્રતિબંધ મૂકવા જે અરજીઓ મળી હતી તેનો તાંત્રિક અભિપ્રાય કયારે મળ્યો, અને

(૧) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તા. ૨૧-૩-૨૦૧૨,
- નવસારી યુનિવર્સિટી તા. ૨૩-૩-૨૦૧૨,
- આણંદ યુનિવર્સિટી તા. ૪-૪-૨૦૧૨,
- ખેતી નિયામકશ્રી કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર. તા. ૧૭-૪-૨૦૧૨ના રોજથી તાંત્રિક અભિપ્રાય મળેલ છે.

(૨) આ અભિપ્રાય અંગે તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા ?

(૨) તાંત્રિક અભિપ્રાય અન્વયે બીજની ખરીદી બંધ રાખવામાં આવેલ છે.

---------

**કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશનમાં આપેલ ગ્રાન્ટ**

૧૦૦૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) કુલ રૂા. ૩૭૦.૫૯ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી આણંદ જિલ્લાની નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

(૨) તે પૈકી આણંદ જિલ્લાની નગરપાલિકાઓને કુલ રૂા. ૧૯.૩૭ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

---------

## આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત આશ્રમશાળાઓના ગૃહપતિઓનું માસિક ભથ્થું

૯૮૪ **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક કેટલું ભથ્થું ચૂકવવામાં આવે છે, | (૧) આશ્રમશાળામાં ગૃહપતિ રાખવાની જોગવાઈ નથી. ગૃહપતિની કામગીરી આચાર્ય અને શિક્ષકો પાસેથી લેવાની જોગવાઈ અન્વયે આચાર્યને માસિક રૂ. ૪૦/– અને શિક્ષકોને માસિક રૂ. ૩૦/– ચૂકવવામાં આવે છે. |
| (૨) આ ભથ્થાંમાં છેલ્લે કયારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૧૯૮૫–૮૬માં આચાર્યના ભથ્થામાં માસિક રૂ. ૧૫/– અને શિક્ષકોના ભથ્થામાં માસિક રૂ ૧૦/– નો વધારો કરવામાં આવ્યો. |
| (૩) આ ભથ્થામાં વધારો કરવા રાજ્ય સરકારે કોઇ હકારાત્મક નિર્ણય લીધો છે કે કેમ? | (૩) ના, જી. |

---------

## ગીધના સંરક્ષણ માટે લેવાયેલ પગલાં

૧૦૬૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ગીધના સંરક્ષણ માટે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા, અને | (૧) ૧. ગીધની વસ્તી અંદાજની કામગીરી કરવામાં આવી.<br>૨. પશુ સારવારમાં ડાયકલોફેનાક દવાનો વપરાશ બંધ કરવા તમામ પશુ ચિકિત્સકોને જણાવવામાં આવ્યું.<br>૩. માનવ માટે વપરાતી દવા ઉપર પશુ સારવાર માટે નથી તેવા લેબલ લગાડવા જાણ કરવામાં આવી.<br>૪. કમિશનર ફૂડ એન્ડ ડ્રગ કન્ટ્રોલર દ્વારા દવાના ઉત્પાદકોને આવી દવા ન બનાવવા જણાવવામાં આવ્યું.<br>૫. બિન સરકારી સંસ્થાના સહયોગથી લોક જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.<br>૬. ડાયકલોફેનાક ફ્રી ખોરાક મળી રહે તે માટે સુરત, કચ્છ અને ભાવનગર ખાતે ફીડીંગ સાઈટ ચાલુ કરવામાં આવી.<br>૭. ઉત્તરાયણ સમયે ઘાયલ ગીધ બચાવી રેસ્ક્યુ સેન્ટર ખાતે લાવી સારવાર કરવાની કામગીરી કરવામાં આવી.<br>૮. સક્કરબાગ ઝુ, જુનાગઢ ખાતે બ્રીડીંગ સેન્ટરની કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે. જેમાં સફેદ પીઠ ગીધનું બ્રીડીંગ થયેલ છે. જેમાં ૨૦૧૨માં એક બચ્ચાંનો તથા ૨૦૧૩માં એક બચ્ચાંનો જન્મ થયેલ છે. |
| (૨) કેટલો ખર્ચ કઇ કઇ બાબત પાછળ કરવામાં આવ્યો છે ? | (૨) ગીધ સંરક્ષણ માટે છેલ્લા બે વર્ષમાં કુલ રૂપિયા ૧૯,૬૯,૯૫૫/–નો ખર્ચ કરવામાં આવ્યો છે, જેમાં નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.<br>૧. જૂનાગઢ ખાતે બ્રીડીંગ સેન્ટરની જાળવણી, ખોરાક, દવા, મોનિટરીંગ સિસ્ટમ તથા મજુરોનો ખર્ચ.<br>૨. મૃત માલઢોરને ફીડીંગ સાઈટ સુધી પહોંચાડવાની, બિમાર ગીધ રેસ્કયુ કરી તેની સાચવણી તથા ખોરાક પાણી પુરૂં પાડવાની.<br>૩. ગીધની વસ્તી અંદાજની કામગીરી.<br>૪. ગીધ સંરક્ષણ અંગે જનજાગૃતિ કાર્યક્રમો કરવાની, બ્રોશર છપામણી. |

---------

**ગરબાડા અને ધાનપુર તાલુકામાં રીકારપેટીંગ થયાં વગરના રસ્તાઓ**

૮૭૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા અને ધાનપુર તાલુકાઓમાં છેલ્લા દસ વર્ષ કરતા વધુ સમયથી રીકારપેટીંગ ન થયા હોય તેવા નોન પ્લાન રસ્તાઓ કયા કયા છે, અને

એચબી–૬૬૭–૧૨

(૨) આવા રસ્તાઓને રીકારપેટીંગ કરવા ઉકત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) **પરિશિષ્ટ–૧** મુજબ

**પરિશિષ્ટ–૧**

**ગરબાડા તાલુકો**

દેવધા મોઢીયા ફળીયા એપ્રોચ રોડ.
ગાંગરડા તોરણ ફળીયા ગુલબાર રોડ.
ટુંકી અનોપ બાલવાડી થી સીમાડા રોડ.
ઝરીબુઝર્ગ ભુરીયા કુવા રોડ.
ભરસડા ઈટાવા એમ.પી. સ્ટેટ બોર્ડર રોડ.
પાંચવાડા બોરીયાલા રોડ થી બોરીયાલા ગામતળ રોડ.
મીનાકયાર ચંદલા જામલા ફળીયા રોડ.
જાંબુઆ પંચાયત ઘરથી હનુમાન મંદીર રોડ.
બીલવાલ ફળીયા એપ્રોચ જોઈનીંગ ગરબાડા ગુલબાર આગાવાડા રોડ.
બોરખેડી એપ્રોચ રોડ જોઈનીંગ ટુંકીવજુ રોડ.
અભલોડ ચાંદલીયા ફળીયા રોડ.
ઝરીબુઝર્ગ ભુરીયા કુવા થી જોહા ફળીયા રોડ.
ગરબાડા ગુલબાર રોડ થી ચંદુભાઈ ગણાવા ફળીયા રોડ. (સીમલીયા બુઝર્ગ માલ ફળીયા)

**ધાનપુર તાલુકો**

ધાનપુર પી.એચ.સી. પ્રા.શાળા રોડ થઈ સીમામોઈ રોડ.
ધાનપુર ગાંધી આશ્રમથી પ્રા. સ્કુલ રોડ.
દુધામલી ગોડાઉનથી હાઈસ્કુલ રોડ.
રામપુર થી મોઢવા આશ્રમ રોડ.
પીપેરો ગોડાઉન થી પ્રણામી મંદીર રોડ.
ખજુરી એપ્રોચ રોડ.
રાછવા એપ્રોચ રોડ.
રાછવા આમલી મેનપુર રોડ.
વાંસીયા ડુંગરી હરખપુર રોડ.
ખજુરી પ્રાથમિક સ્કુલ રોડ
નાકટી પ્રાથમિક સ્કુલ રોડ
શહીદ છગનસિંહ બારીયા હાઉસ રોડ.
અદલવાડા ઈરીગેશન ટેન્કથી મોઢવા આશ્રમશાળા રોડ.
પુનાકોટા એપ્રોચ રોડ.
ટોકરવા ઘડા થી ડભવા પ્રાથમિક સ્કુલ રોડ
નવાનગર બાટણપુરા રોડ.
નવાનગર ડોબણ ફળીયા રોડ
પીપેરો ખાબડ ફળીયા રોડ
આંબાકાચ ખડદા રોડ.
શક્કરપુરા એપ્રોચ રોડ.

(૨) હાલ પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

---------

**આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક ચૂકવવાનું ભથ્થું**

૮૩૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક કેટલું ભથ્થું ચૂકવવામાં આવે છે,

(૨) આ ભથ્થામાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) આ ભથ્થામાં વધારો કરવા રાજ્ય સરકારે કોઇ હકારાત્મક નિર્ણય લીધો છે કે કેમ ?

**જવાબ**

(૧) આશ્રમશાળામાં ગૃહપતિ રાખવાની જોગવાઈ નથી. ગૃહપતિની કામગીરી આચાર્ય અને શિક્ષકો પાસેથી લેવાની જોગવાઈ અન્વયે આચાર્યને માસિક રૂા. ૪૦/– અને શિક્ષકોને માસિક રૂા. ૩૦/– ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૧૯૮૫–૮૬માં આચાર્યના ભથ્થામાં માસિક રૂ. ૧૫/– અને શિક્ષકોના ભથ્થામાં માસિક રૂા. ૧૦/– નો વધારો કરવામાં આવ્યો.

(૩) ના, જી.

---------

**કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશનમાં શહેરી ગરીબો માટે આવાસો બાંધવા ફાળવેલ રકમ**

૯૯૨ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ના વર્ષ માટે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલી રકમ ફાળવી, અને

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો કેટલો છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ના વર્ષ માટે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૩૩૫.૭૨ લાખ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૭૭૯.૩૦ લાખ |

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૬૩૧.૯૫ લાખ |
| ૨૦૧૨–૧૩ | ૪૬૩૪.૩૪ લાખ |

---------

**કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશનમાં શહેરી ગરીબો માટે આવાસો બાંધવા ફાળવેલ રકમ**

૯૭૭ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ના વર્ષ માટે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ કેટલી રકમ ફાળવી, અને

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો કેટલો છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧–૧૨ તથા ૨૦૧૨–૧૩ના વર્ષ માટે તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૩૩૫.૭૨ લાખ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૭૭૯.૩૦ લાખ |

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨૬૩૧.૯૫ લાખ |
| ૨૦૧૨-૧૩ | ૪૬૩૪.૩૪ લાખ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં રજીસ્ટર્ડ દસ્તાવેજો સ્થાવર મિલકતની તબદીલીઓની નોંધ રજીસ્ટર્ડમાં ન થવા બાબત**

૭૯૧ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રજીસ્ટર્ડ દસ્તાવેજોથી થતી સ્થાવર મિલકતની તબદીલીઓની નોંધો ગામ નમૂના નં.૬માં મિલકત રજીસ્ટર્ડમાં કરવામાં આવતી નથી તે હકીકત ખરી છે,

(૨) જો ના, તો જિલ્લાના દાંતીવાડા, ધાનેરા થરાદ અને વાવ તાલુકામાં સને ૨૦૧૨ના વર્ષમાં તાલુકા દીઠ સ્થાવર મિલકતની તબદીલીના કેટલા દસ્તાવેજો નોંધાયા છે,

(૩) રજીસ્ટર્ડ દસ્તાવેજોથી થયેલ તબદીલીની નોંધો ગામ નમૂના નં.૬માં થયેલ છે કે કેમ,

(૪) જો નોંધો ન થયેલ હોય તો તેના શા કારણો છે, અને

(૫) આવી નોંધો કયાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના. સબ રજીસ્ટાર કચેરીમાં ખેતીની જમીનના દસ્તાવેજોની નોંધણી થયા બાદ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે ગામના નમુના નં. ૬માં ઓનલાઈન સીસ્ટમ મારફત કાચી નોંધો ઓટોમેટિક પડે છે.

(૨)

| તાલુકાનું નામ | સને ૨૦૧૨માં કુલ નોંધાયેલ સ્થાવર મિલ્કતના વેચાણ દસ્તાવેજો |
|---|---|
| દાંતીવાડા | ૭૩૬ |
| ધાનેરા | ૧૨૪૭ |
| થરાદ | ૨૯૬૬ |
| વાવ | ૭૮૧ |
| **કુલ** | **૫૭૩૦** |

(૩) હા, સબ રજીસ્ટાર કચેરીમાં ખેતીની જમીનના દસ્તાવેજોની નોંધણી થયા બાદ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે ગામના નમુના નં. ૬માં ઓનલાઈન સીસ્ટમ મારફત કાચી નોંધો ઓટોમેટિક પડે છે.

(૪) ખેતીના રજિસ્ટર્ડ દસ્તાવેજોની નોંધો ઓનલાઈન પધ્ધતિથી થતી હોય જે દિવસે દસ્તાવેજ થાય તે દિવસે જ નોંધ ગામ નમુના નં. ૬માં થાય છે.

(૫) આવી કોઈ નોંધો બાકીમાં નથી.

---------

**કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશનમાં શહેરી ગરીબો માટે આવાસો બાંધવા ફાળવેલ રકમ**

૭૦૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના વર્ષ માટે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ કેટલી રકમ ફાળવી, અને

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો કેટલો છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ શહેરી ગરીબોના આવાસો બાંધવા માટે ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના વર્ષ માટે તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૪૩૩૫.૭૨ લાખ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૭૭૯.૩૦ લાખ |

(૨) તેમાં રાજ્ય સરકારનો ફાળો નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨૬૩૧.૯૫ લાખ |
| ૨૦૧૨-૧૩ | ૪૬૩૪.૩૪ લાખ |

---------

**જૂનાગઢ જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ**

૧૯૬ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને

(૩) તાલાલા નગરપાલિકા ભૂગર્ભ ગટર યોજનાનું કામ ઉકત સ્થિતિએ કયા તબકકે છે?

**જવાબ**

(૧) વેરાવળ પાટણ, ઉના, કોડીનાર, માણાવદર, વિસાવદર, બાંટવા અને તાલાલા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) નીચે મુજબ ખર્ચ અંદાજવામાં આવેલ છે.

| નગરપાલિકા | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| વેરાવળ-પાટણ | ૧૧૦૦૬.૧૧ |
| ઉના | ૪૩૮૦.૩૯ |
| કોડીનાર | ૧૭૧૨.૯૫ |
| માણાવદર | ૩૦૧૭.૦૩ |
| વિસાવદર | ૧૨૪૦.૪૬ |
| બાંટવા | ૧૧૪૧.૫૫ |
| તાલાલા | ૧૩૯૬.૧૩ |
| **કુલ** | **૨૩૮૯૪.૬૨** |

(૩) ડ્રાફ્ટ ભાવપત્રકો બનાવવામાં આવી રહેલ છે.

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં મહાનગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૮૫૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ માટે વિકાસના કામો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ડીસે.૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) આંતરમાળખાકીય સુવિધા માટે ` ૩૨૫/- કરોડ તથા જનભાગીદારીથી ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણીની પાઈપ લાઈન અને સ્ટ્રીટલાઈટના કામો માટે ` ૫૯૬/- કરોડ મળી કુલ ` ૯૨૧/- કરોડની રકમ ફાળવવામાં આવી.

(૨) નીચેની વિગતે કુલ ` ૩૯૦/- કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | મહા.ન.પા. | આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂ. કરોડમાં | જનભાગીદારી થી સોસાયટીમાં કરવાના કામો માટે રૂ. કરોડમાં | કુલ ફાળવેલ રકમ રૂ. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧૦૦.૦૦ | ૧૪૫.૦૦ | ૨૪૫.૦૦ |
| ૨ | રાજકોટ | ૨૮.૦૦ | ૭૫.૦૦ | ૧૦૩.૦૦ |
| ૩ | જૂનાગઢ | ૭.૦૦ | ૧૭.૦૦ | ૨૪.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪.૦૦ | ૧૪.૦૦ | ૧૮.૦૦ |
| | કુલ ` | ૧૩૯.૦૦ | ૨૫૧.૦૦ | ૩૯૦.૦૦ |

---------

**આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક ચૂકવવાનું ભથ્થું**

૭૪૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક કેટલું ભથ્થું ચૂકવવામાં આવે છે,

(૨) આ ભથ્થામાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) આ ભથ્થામાં વધારો કરવા રાજ્ય સરકારે કોઇ હકારાત્મક નિર્ણય લીધો છે કે કેમ ?

**જવાબ**

(૧) આશ્રમશાળામાં ગૃહપતિ રાખવાની જોગવાઈ નથી. ગૃહપતિની કામગીરી આચાર્ય અને શિક્ષકો પાસેથી લેવાની જોગવાઈ અન્વયે આચાર્યને માસિક રૂ઼ા. ૪૦/– અને શિક્ષકોને માસિક રૂ઼ા. ૩૦/– ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૧૯૮૫–૮૬માં આચાર્યના ભથ્થામાં માસિક રૂ઼ા. ૧૫/– અને શિક્ષકોના ભથ્થામાં માસિક રૂ઼ા.૧૦/–નો વધારો કરવામાં આવ્યો.

(૩) ના, જી.

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં મહાનગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૯૪૦ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં ડીસે.–૨૦૧૨ ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ માટે વિકાસના કામો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) આંતરમાળખાકીય સુવિધા માટે રૂ઼ા. ૩૨૫/– કરોડ તથા જનભાગીદારીથી ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણીની પાઈપલાઈન અને સ્ટ્રીટલાઈટના કામો માટે રૂ઼ા. ૫૯૬ કરોડ મળી કુલ રૂ઼ા. ૯૨૧/– કરોડની રકમ ફાળવવામાં આવી.

(૨) નીચેની વિગતે કુલ રૂ઼ા. ૩૯૦/– કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | મહા ન.પા. | આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂ઼ા. કરોડમાં | જનભાગીદારીથી સોસાયટીમાં કરવાના કામો માટે રૂ઼ા. કરોડમાં | કુલ ફાળવેલ રકમ રૂ઼ા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧૦૦.૦૦ | ૧૪૫.૦૦ | ૨૪૫.૦૦ |
| ૨ | રાજકોટ | ૨૮.૦૦ | ૭૫.૦૦ | ૧૦૩.૦૦ |
| ૩ | જૂનાગઢ | ૭.૦૦ | ૧૭.૦૦ | ૨૪.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪.૦૦ | ૧૪.૦૦ | ૧૮.૦૦ |
| | કુલ રૂ઼ા. | ૧૩૯.૦૦ | ૨૫૧.૦૦ | ૩૯૦.૦૦ |

---------

એચબી–૬૬૭–૧૩

**માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં મહાનગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૯૫૮ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં ડીસે.–૨૦૧૨ ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ માટે વિકાસના કામો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) આંતરમાળખાકીય સુવિધા માટે રૂ઼ા. ૩૨૫/– કરોડ તથા જનભાગીદારીથી ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણીની પાઈપલાઈન અને સ્ટ્રીટલાઈટના કામો માટે રૂ઼ા. ૫૯૬ કરોડ મળી કુલ રૂ઼ા. ૯૨૧/– કરોડની રકમ ફાળવવામાં આવી.

(૨) નીચેની વિગતે કુલ રૂ઼ા. ૩૯૦/– કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | મહા ન.પા. | આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂ઼ા. કરોડમાં | જનભાગીદારીથી સોસાયટીમાં કરવાના કામો માટે રૂ઼ા. કરોડમાં | કુલ ફાળવેલ રકમ રૂ઼ા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧૦૦.૦૦ | ૧૪૫.૦૦ | ૨૪૫.૦૦ |
| ૨ | રાજકોટ | ૨૮.૦૦ | ૭૫.૦૦ | ૧૦૩.૦૦ |
| ૩ | જૂનાગઢ | ૭.૦૦ | ૧૭.૦૦ | ૨૪.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪.૦૦ | ૧૪.૦૦ | ૧૮.૦૦ |
| | કુલ રૂ઼ા. | ૧૩૯.૦૦ | ૨૫૧.૦૦ | ૩૯૦.૦૦ |

---------

**ધરમપુર તાલુકામાં વન અધિકાર અધિનિયમ નીચે જમીનોની સનદ આપવા બાબત**

૧૫૩ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ધરમપુર તાલુકામાં વન અધિકાર અધિનિયમ હેઠળ કેટલા અરજદારોને જમીનો ફાળવી સનદો આપવામાં આવી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને

(૩) તે જમીનોની સનદ કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ એક વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી.

વન અધિકાર કાયદા હેઠળ અધિકાર–પત્ર આપવાની જોગવાઈ છે. સનદ આપવાની જોગવાઈ નથી.

(૨) ૯,૯૮૫ (સમીક્ષા હેઠળ છે.)

(૩) સમીક્ષા હેઠળના દાવાઓનો નિકાલની કાર્યવાહી ચાલુમાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**છોટા ઉદેપુર તાલુકામાં ધોધાદેવથી કોલીગામના રસ્તાને ડામરકામ**

૯૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છોટા ઉદેપુર તાલુકામાં ધોધાદેવથી કોલી ગામનો રસ્તો ક્યારે ડામરનો બનાવવામાં આવેલો, અને

(૨) આ રસ્તો કેટલા કી.મી. નો અને કોની માલીકીનો છે?

**જવાબ**

(૧) અને (૨) : ૯.૨૦ કિ.મી. લંબાઈનો મેટલ સપાટી ધરાવતો આ રસ્તો જીલ્લા પંચાયત વડોદરાની માલિકીનો છે, જેને ડામર કરવાનું કામ પ્રગતિમાં છે.

---------

**ભિલોડા તાલુકામાં વર્ક ઓર્ડર અપાયેલ રસ્તાઓને ડામર કરવા બાબત**

૧૦૩૨ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્કઓર્ડર અપાયેલ હોય અને મુદત વીતી ગઈ હોવા છતાં રસ્તાઓ ઉપર ડામર કામ ન થયા હોય એવા કેટલા અને ક્યા ક્યા રસ્તાઓ છે,

(૨) આ રસ્તાઓની મુદત ક્યારે પૂર્ણ થઇ હતી,

(૩) આ રસ્તાઓ પર ડામર કામ ન થવાના કારણો

**જવાબ**

(૧), (૨) અને (૩) : ૩ રસ્તા

| રસ્તાનું નામ | ડામર કામ ન થવાના કારણો |
|---|---|
| બોરનાળા–ખાખલઘરો રોડ<br>ધંધાળણ–ઝાંઝરમાતા તબિયાર ફળીયા રોડ<br>બામણા–ફતેપુરા શણગાલ | વન અને પર્યાવરણની મંજુરી મળેલ ન હોઈ |

શા છે, અને

(૪) આ રસ્તાઓ પર ક્યાં સુધીમાં ડામર કામ કરવામાં આવશે ?

(૪) વન અને પર્યાવરણ વિભાગ તરફથી મંજૂરી મળ્યેથી બનતી ત્વરાએ ડામરકામ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં મહાનગરપાલિકાઓને ફાળવેલ રકમ**

૭૩૬ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં ડીસે–૨૦૧૨ની સ્થિતિએ માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ માટે વિકાસના કામો માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ડીસે–૨૦૧૨ ની સ્થિતિએ રાજકોટ, જૂનાગઢ, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) આંતરમાળખાકીય સુવિધા માટે રૂા. ૩૨૫/– કરોડ તથા જનભાગીદારીથી ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણીની પાઈપલાઈન અને સ્ટ્રીટલાઈટના કામો માટે રૂા. ૫૯૬ કરોડ મળી કુલ રૂા. ૯૨૧/– કરોડની રકમ ફાળવવામાં આવી.

(૨) નીચેની વિગતે કુલ રૂા. ૩૯૦/– કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | મહા ન.પા. | આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂા. કરોડમાં | જનભાગીદારીથી સોસાયટીમાં કરવાના કામો માટે રૂા. કરોડમાં | કુલ ફાળવેલ રકમ રૂા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧૦૦.૦૦ | ૧૪૫.૦૦ | ૨૪૫.૦૦ |
| ૨ | રાજકોટ | ૨૮.૦૦ | ૭૫.૦૦ | ૧૦૩.૦૦ |
| ૩ | જૂનાગઢ | ૭.૦૦ | ૧૭.૦૦ | ૨૪.૦૦ |
| ૪ | ગાંધીનગર | ૪.૦૦ | ૧૪.૦૦ | ૧૮.૦૦ |
| | કુલ રૂા. | ૧૩૯.૦૦ | ૨૫૧.૦૦ | ૩૯૦.૦૦ |

---------

**રાજકોટ–જામનગર અને વાડીનાર રોડ ઉપર સોયલ તથા બેડ ગામ ટોલ નાકા ઉપર ટોલટેક્ષ ઉઘરાવવા બાબતની ફરિયાદો**

૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જામનગર વાડીનાર રોડ ઉપર શરૂ કરવામાં આવેલ સોયલ તથા બેડ ગામના ટોલનાકા ઉપર અસહ્ય રકમનો ટોલટેક્ષ ઉઘરાવવામાં આવી રહ્યો છે, તે બાબતે સરકારને સન ૨૦૧૧ તથા ૨૦૧૨ માં કેટલી ફરિયાદો મળી છે, અને

(૨) ડીસેમ્બર ૨૦૧૨ ની સ્થિતિએ આ ફરિયાદો અંગે સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) સન ૨૦૧૧માં એક પણ નહી જ્યારે સન ૨૦૧૨માં ટોલમુક્તિ અથવા ટોલમાં રાહત આપવા માટે કુલ ૧૬ રજુઆતો મળેલ છે.

(૨) કન્શેશનર સાથેના કરારખતની જોગવાઈ મુજબ ટોલટેક્ષ ઉઘરાવવામાં આવતો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં અદાણી ગૃપને જમીન ફાળવવા બાબત**

૨૨૩ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી ગૃપની જુદી-જુદી કંપનીઓને કેટલા એકર જમીન ફાળવવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) આ જમીનો શા ભાવે ફાળવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક ચૂકવવાનું ભથ્થું**

૯૬૫ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ સંચાલિત આશ્રમશાળાના ગૃહપતિઓને માસિક કેટલું ભથ્થું ચૂકવવામાં આવે છે, | (૧) આશ્રમશાળામાં ગૃહપતિ રાખવાની જોગવાઈ નથી. ગૃહપતિની કામગીરી આચાર્ય અને શિક્ષકો પાસેથી લેવાની જોગવાઈ અન્વયે આચાર્યને માસિક રૂા. ૪૦/- અને શિક્ષકોને માસિક રૂા. ૩૦/- ચૂકવવામાં આવે છે. |
| (૨) આ ભથ્થામાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૧૯૮૫-૮૬માં આચાર્યના ભથ્થામાં માસિક રૂા. ૧૫/- અને શિક્ષકોના ભથ્થામાં માસિક રૂા.૧૦/-નો વધારો કરવામાં આવ્યો. |
| (૩) આ ભથ્થામાં વધારો કરવા રાજ્ય સરકારે કોઇ હકારાત્મક નિર્ણય લીધો છે કે કેમ ? | (૩) ના, જી. |

---------

**રાજ્યમાં કેલીમીટી ફંડની જમા રકમ**

૧૦૧૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડની કુલ કેટલી રકમ જમા છે, | (૧) રૂા. ૨૩૦૦.૭૫ કરોડ |
| (૨) આ રકમમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવી હતી, અને | (૨) વર્ષ-૨૦૧૧-૧૨ - રૂા. ૩૯૫.૪૨ કરોડ<br>વર્ષ-૨૦૧૨-૧૩ - રૂા. ૨૦૭.૫૯૫ કરોડ |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ફંડમાંથી ક્યા ક્યા કામો માટે કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) |

| વર્ષ ૨૦૧૧-૧૨માં થયેલ ખર્ચ (૦૧-૦૪-૧૧ થી ૩૧-૩-૧૨) | વર્ષ ૨૦૧૨-૧૩માં થયેલ ખર્ચ (૦૧-૦૪-૧૨ થી ૩૧-૧૨-૧૨) |
|---|---|
| કુલ રૂા. ૧૬૧.૪૬ કરોડ | કુલ રૂા. ૧.૩૬ કરોડ |
| પુર સદર-રૂા. ૧૬૦.૮૦ | અછત સદર-રૂા. ૦.૧૪ |
| ભુકંપ સદર-રૂા. ૦.૬૬ | પુર સદર-રૂા. ૧.૨૨ |

---------

**વડોદરા શહેરમાં અનુસૂચિત જનજાતિની નવી શરતની જમીનમાં થયેલ બાંધકામ**

૧૨૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં નવા સમાવિષ્ઠ થયેલા ગામો સહિત કેટલા અનુસૂચિત જનજાતિની જમીન નવી શરતની હોવા છતાં કેટલી જમીનોમાં મકાનોના બાંધકામ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયાં છે, | (૧) મોજે-બાપોદ, તા.જિ. વડોદરાના સ. નં. ૪૯૨ ની જમીનના ખાતેદારશ્રી વસાવા નર્મદાબેન હિંમતભાઈ વિગેરેના નામે ચાલતી ૪,૮૫૬ ચો.મી. જમીનમાં બાંધકામ થયેલ છે. |
| (૨) આ મકાનોના બાંધકામમાં શરતભંગ થયેલ છે કે કેમ, | (૨) હા. |

| | |
|---|---|
| (૩) જો હા, તો કેટલી જમીનમાં શરતભંગ થયેલ છે, અને | (૩) ૪,૮૫૬ ચો.મી. |
| (૪) આ બાબતે સરકારે શાં પગલાં લીધા છે ? | (૪) તપાસની કાર્યવાહી હાલ ચાલુમાં છે. |

---------

**વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં રસ્તા અને પુલના મંજૂર કામો**

૨૧૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં કુલ કેટલા રસ્તા અને પુલના કામો મંજૂર કરવામાં આવેલ છે,<br>(૨) તેમાં કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ, | (૧) અને (૨)<br>૩૯ રસ્તાના અને ૧૫ પુલના કામો રૂ઼ા. ૩૮૪૨.૫૯ ની રકમના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા રસ્તાઓના અને પુલના કામો પૂર્ણ થયેલ છે અને કેટલા રસ્તાઓ અને પુલના કામો બાકી છે, અને | (૩) ૧૩ રસ્તાના અને ૧૧ પુલના કામો પૂર્ણ<br>૧૯ રસ્તાના અને ૨ પુલના કામ પ્રગતિમાં,<br>૭ રસ્તાના અને ૨ પુલના કામો ટેન્ડર મંજુરીની પ્રક્રિયામાં |
| (૪) બાકી કામો ક્યારે પૂર્ણ થશે ? | (૪) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ, વડોદરા અને સુરત શહેર માટે શહેરી ગરીબોને માટે વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ.**

૧૦૪૫ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં શહેરી ગરીબોને આવાસો મળે તેમજ ઝુંપડપટ્ટીનાં રહેવાસીઓને પાકા આવાસો મળે તે માટે અમદાવાદ, સુરત અને વડોદરા શહેર માટે કેટલા એમ.ઓ.યુ. થયા છે, | (૧) અમદાવાદ શહેર માટે ૫ (પાંચ) એમ.ઓ.યુ. થયા છે.<br>-સુરત શહેર માટે ૧ (એક) એમ.ઓ.યુ. થયો છે.<br>-વડોદરા શહેર માટે ૧ (એક) એમ.ઓ.યુ. થયો છે. |
| (૨) કેટલા આવાસો પ્રોજેકટ વાર બનાવવાનું આયોજન છે, | (૨) ઉપરોક્ત એમ.ઓ.યુ. માં આવાસોની સંખ્યા દર્શાવવામાં આવેલ નથી. |
| (૩) કેટલી રકમના પ્રોજેકટ વાર એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે, અને | (૩) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૩માં મૂડી રોકાણને ધ્યાને લેવામાં આવેલ નથી. |
| (૪) આ પ્રોજેકટ ક્યારે શરૂ કરી ક્યારે પુરા કરવાનું આયોજન છે ? | (૪) આ પ્રોજેક્ટ વર્ષ-૨૦૧૩-૧૪ થી શરૂ થવાની સંભાવના છે, જે તબક્કાવાર પુરા થશે. |

---------

એચબી-૬૬૭-૧૪

**બનાસકાંઠા જિલ્લામાં જાહેર થયેલ જંગલ વિસ્તાર**

૭૬૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ કેટલા હેકટર વિસ્તાર જંગલ તરીકે જાહેર થયેલ છે, | (૧) કુલ ૧૧૦૬૯૨.૩૭ હેકટર |
| (૨) સરકારની નીતિ પ્રમાણે તેમાં કેટલા ટકા વૃક્ષો હોવા જોઈએ, અને | (૨) ૩૩ ટકા |
| (૩) જિલ્લાના મોટાભાગના વૃક્ષોવિહોણા જંગલ વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા વધારવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) વન વિભાગની જુદી જુદી યોજનાઓ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૮૪૨.૩૫ હેકટર વિસ્તારમાં કુલ ૧૦૭.૯૨ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |

---------

તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં ભૂદાનમાં મળેલ જમીનોનું વેચાણ થવા બાબત**

૧૦૯૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ભૂદાનમાં મળેલ જમીન વેચી દેવાના કેટલા કિસ્સા તાલુકાવાર સરકારને ધ્યાને આવેલ છે

(૨) ભૂદાનમાં મળેલ જમીન જેમને ફાળવવામાં આવી છે, તે લોકો આ જમીન વેચી શકે છે કે કેમ, અને

(૩) આ અંગે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧)

ઈડર તાલુકામાં – ૦૧
વડાલી તાલુકામાં – ૦૫
તલોદ તાલુકામાં – ૦૪
**કુલ – ૧૦**

(૨) ના, જી.

(૩) (૧) કુલ–૧૦ પૈકી નીચે દર્શાવેલ વિગતે ૦૭ કિસ્સામાં વેચાણ નોંધ નામંજૂર/રદ કરેલ છે.

ઈડર તાલુકામાં – ૦૧
વડાલી તાલુકામાં – ૦૫
તલોદ તાલુકામાં – ૦૧

(૨) તલોદ તાલુકામાં ૦૩ કિસ્સામાં નોંધ સુઓમોટો રીવીઝનમાં લેવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**દાહોદ જિલ્લામાં રાજ્ય હસ્તક અને પંચાયત હસ્તકના રસ્તાઓને ડામર કામ કરવા બાબત**

૮૭૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૨ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય હસ્તકના અને પંચાયત હસ્તકના કેટલા નવા રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા, અને

(૨) કેટલા રસ્તાના કામો અધૂરા છે ?

**જવાબ**

(૧) નીચે મુજબના નવા રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા.

| **તાલુકો** | **રસ્તાની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૫ |
| ગરબાડા | ૧ |
| લીમખેડા | ૩ |
| ધાનપુર | ૪ |
| ઝાલોદ | ૪ |
| ફતેપુરા | ૧૦ |
| દે.બારીયા | ૧૬ |
| **કુલ** | **૪૩** |

(૨) ૧૮૪ કામો પ્રગતિ હેઠળ છે.

---------

**તાલાલા અને સૂત્રાપાડા નગરપાલિકાઓને સહાય મળવા બાબત**

૧૯૭ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લાની તાલાલા નગરપાલિકા અને સુત્રાપાડા નગરપાલિકાને કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ચૂકવાયેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) **પત્રક** (અ) મુજબ

(૨) **પત્રક** (બ) મુજબ

(૩) **પત્રક** (ક) મુજબ

**પત્રક – (અ)**

**તલાલા નગરપાલિકા (રૂપીયા લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૦.૦૦ | ૧૧૫.૯૯ | ૧૨૯.૦૧ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૪૫.૦૦ | ૦.૦૦ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૮.૬૯ | ૮.૫૬ | ૯.૨૨ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૪.૦૬ | ૧.૦૨ | ૧.૦૪ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૨૪ | ૦.૪૮ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ૧૨મુ નાણાપંચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ૧૩મુ નાણાપંચ | ૧૨.૭૯ | ૨૨.૨૪ | ૨૮.૫૫ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૧.૮૩ | ૨.૦૦ | ૪.૩૦ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યકિતગત શૌ.ચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૨૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૧૦૭.૩૫ | ૧૧૫.૮૯ | ૧૧૭.૭૩ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦ | ૦ | ૦ |
| ૨૩ | પાણી પુરવઠા | ૦ | ૦ | ૬૨૫.૨૧ |
| | કુલ | ૧૫૯.૭૨ | ૩૩૫.૯૪ | ૯૧૫.૫૪ |

---------

**પત્રક – (અ)**

**સુત્રાપાડા નગરપાલિકાના (રૂપીયા લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૩૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૦૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૮.૬૨ | ૯.૪૬ | ૧૦.૩૦ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૦.૬૬ | ૧.૩૩ | ૧.૫૨ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૨ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | નાણાં પંચ ૧૨મુ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ |
| ૧૦ | નાણાં પંચ ૧૩મુ | ૨૫.૪૫ | ૮૨.૦૦ | ૬૪.૨૬ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૧.૮૩ | ૫.૪૯ | ૨.૩૦ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યક્તિગત શૌ.ચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૭૧.૧૯ | ૭૧.૧૧ | ૭૨.૨૪ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | પાણી પુરવઠા | ૦.૦૦ | ૨૮૯.૩૯ | ૦.૦૦ |
| | કુલ | ૪૦૭.૭૫ | ૫૦૭.૭૮ | ૧૫૪.૬૪ |

--------

**પત્રક – (બ)**

**તલાલા નગરપાલિકા** **(રૂપીયા લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ચૂકવેલ રકમ | ચૂકવેલ રકમ | ચૂકવેલ રકમ |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૦.૦૦ | ૧૧૫.૯૯ | ૧૨૯.૦૧ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૮.૬૯ | ૮.૫૬ | ૯.૨૨ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૪.૦૬ | ૧.૦૨ | ૧.૦૪ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૨૪ | ૦.૪૮ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ૧૨મુ નાણાપંચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ૧૩મુ નાણાપંચ | ૧૨.૭૯ | ૨૨.૨૪ | ૨૮.૫૫ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૧.૮૩ | ૨.૦૦ | ૪.૩૦ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યક્તિગત શૌ.ચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૨૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૧૦૭.૩૫ | ૧૧૫.૮૯ | ૧૧૭.૭૩ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦ | ૦ | ૦ |

| **ક્રમ** | **યોજનાનું નામ** | **૨૦૧૦** | **૨૦૧૧** | **૨૦૧૨** |
|---|---|---|---|---|
| | | **ચૂકવેલ રકમ** | **ચૂકવેલ રકમ** | **ચૂકવેલ રકમ** |
| ૨૩ | પાણી પુરવઠા | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૫૯.૭૨** | **૨૯૦.૯૪** | **૨૯૦.૩૩** |

---------

**પત્રક – (બ)**

**સુત્રાપાડા નગરપાલિકા (રૂપીયા લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ચૂકવેલ રકમ | ચૂકવેલ રકમ | ચૂકવેલ રકમ |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૦.૦૦ | ૪૮.૦૦ | ૧૯૭.૦૦ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૮.૬૨ | ૯.૪૬ | ૧૦.૩૦ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૦.૬૬ | ૧.૩૩ | ૧.૫૨ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૨ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ૧૨મુ નાણાપંચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ૧૩મુ નાણાપંચ | ૨૫.૪૫ | ૮૨.૦૦ | ૬૪.૨૬ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૧.૮૩ | ૫.૪૯ | ૨.૩૦ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યક્તિગત શૌચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૭૧.૧૯ | ૭૧.૧૧ | ૭૨.૨૪ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | પાણી પુરવઠા | ૨૯૫.૯૮ | ૧૪૮.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૫૦૭.૭૩** | **૩૯૦.૩૯** | **૩૫૧.૬૪** |

---------

**પત્રક – (ક)**

એચબી–૬૬૭–૧૫

**તલાલા નગરપાલિકા (રૂપીયા લાખમાં)**

| **ક્રમ** | **યોજનાનું નામ** | **૨૦૧૦** | **૨૦૧૧** | **૨૦૧૨** |
|---|---|---|---|---|
| | | **ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ** | **ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ** | **ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ** |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૧૫ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૦૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૨૮.૮૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ૧૨મુ નાણાપંચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ૧૩મુ નાણાપંચ | ૦.૦૦ | ૧૯.૨૮ | ૫૨.૧૩ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૦.૭૩ | ૪.૪૦ | ૦.૬૯ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યક્તિગત શૌ.ચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૧૨.૧૮ | ૮.૪૨ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૧૦૭.૩૫ | ૧૧૫.૮૯ | ૧૧૭.૭૩ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | પાણી પુરવઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૧૪૯.૦૭** | **૧૪૭.૯૯** | **૧૮૭.૭૦** |

---------

**પત્રક – (ક)**

**સુત્રાપાડા નગરપાલિકા (રૂપીયા લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ |
| ૧ | મોડલ ન. પા. ઘટક કાર્યક્રમ | ૦.૦૦ | ૪૫.૦૬ | ૧૯.૭૦ |
| ૨ | નગર સેવા સદન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ખાનગી સોસા. જનભાગીદારી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ચોમાસા નુકશાન રસ્તા યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૨૫.૦૦ |
| ૫ | મનોરંજન કર તથા કેબલ ટીવી | ૬.૦૦ | ૯.૪૬ | ૦.૦૦ |
| ૬ | પ્રોફેશનલ ટેક્ષ | ૦.૬૬ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | જમીન મહેસુલ (ઈરીગેશન) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | વાનવીયો – બીજો તબક્કો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ૧૨મુ નાણાપંચ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | ૧૩મુ નાણાપંચ | ૦.૦૦ | ૮૨.૦૦ | ૩૨.૩૯ |
| ૧૧ | શહેરી સ્વ. રોજગાર યોજના | ૪.૦૦ | ૦.૦૦ | ૩.૫૭ |
| ૧૨ | શહેરી મહિલા સ્વ. સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|
| | | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ | ચૂકવાયેલ રકમ અન્વયે થયેલ ખર્ચ |
| ૧૩ | શહેરી મહિલા (રીવો. ફંડ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શહેરી વેતન રોજગાર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | અમૃતધારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | નિર્મળ ગુજરાત વ્યક્તિગત શૌ.ચા. ૨૦૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | તળાવ બ્યુટીફિકેશન યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | ઓક્ટ્રોય વળતર યોજના | ૭૧.૧૯ | ૭૧.૧૧ | ૭૨.૨૪ |
| ૨૨ | શિક્ષણ ઉપકર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | પાણી પુરવઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૮૧.૮૫** | **૨૦૭.૬૩** | **૧૫૨.૯૦** |

---------

**કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતમાં ઘાસચારો ખરીદવા બાબત**

૯૫૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અછતને કારણે પશુઓના ઘાસચારા માટે તા.૨૭–૧–૨૦૧૩ સુધીમાં કેટલો ઘાસચારો કઈ કિંમતે ખરીદવામાં આવ્યો ?

**જવાબ**

ઘાસચારો ખરીદવામાં આવેલ નથી. વન વિભાગ હસ્તકના ઘાસના અનામત જથ્થાનું વિતરણ કરવામાં આવેલ હતું.

---------

**જોડિયા તાલુકાના ફડસર ગામે ભૂકંપગ્રસ્તોને મકાનોની સનદો ન સોંપવા બાબત**

૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ફડસર ગામના સન ૨૦૦૧ ના ભૂકંપ ગ્રસ્તોને કાસા સંસ્થાએ સન ૨૦૦૪ માં મકાનો સોંપ્યા છે તેની સનદો ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ અપાયેલ નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ આ બાબતે મોનેટેરીંગ કરવાની જવાબદારી ક્યા ક્યા અધિકારીની હતી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જનાર અધિકારીઓને શી શિક્ષા કરવામાં આવી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ અસરગ્રસ્તોને સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૨૨૪ **શ્રી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા તાલુકામાં કેટલાં બાળકો

**જવાબ**

(૧)

| ઘટકનું નામ | કુપોષણથી પીડાતા બાળકોની |
|---|---|

કુપોષણથી પીડાય છે, અને

| | સંખ્યા |
|---|---|
| ધોળકા | ૪૫૦૯ |
| વિરમગામ | ૪૮૪૦ |
| સાણંદ | ૪૦૧૮ |
| દશક્રોઇ | ૬૪૧૪ |
| બરવાળા | ૮૭૯ |
| બાવળા | ૪૧૨૬ |
| દેત્રોજ | ૨૧૮૨ |
| ધંધુકા | ૪૫૧૦ |
| માંડલ | ૧૫૫૯ |
| રાણપુર | ૧૪૨૩ |
| કુલ | ૩૪૨૮૦ |

(૨) બાળકોમાં કુપોષણની સમસ્યા હલ કરવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

(૨) (૧) ૬ માસથી ૩ વર્ષના બાળકોને દૈનિક ૧૨૫ ગ્રામ પ્રમાણે માસમાં ૨૮ દિવસ (વાર્ષિક ૩૦૦ દિવસ) પૂરક પોષણ આપવામાં આવે છે.

(૨) અતિકુપોષણથી પીડાતા બાળકોને દૈનિક ૧૮૫ ગ્રામ પ્રમાણે માસમાં ૨૮ દિવસ (વાર્ષિક ૩૦૦ દિવસ) પૂરક પોષણ તરીકે ‘‘બાલભોગ’’ દસ પેકેટ પ્રતિમાસ આપવામાં આવે છે.

(૩) ૩ થી ૬ વર્ષના બાળકોને રૂા. ૨ પ્રતિ લાભાર્થીદીઠ ગરમ આહાર આપવામાં આવે છે અને અતિશય ઓછા વજનવાળા બાળકોને આ ઉપરાંત દૈનિક ૭૫ ગ્રામ પુરક આહાર બાલભોગમાંથી મળી રહે તે માટે ૫૦૦ ગ્રામના ૪ પેકેટ એક માસમાં ટેક-હોમ-રેશન તરીકે આપવામાં આવે છે.

(૪) ૩ થી ૬ વર્ષના બાળકોને રૂા. ૧૦ પ્રતિ લાભાર્થીદીઠ માતૃમંડળો દ્વારા ફળ આપવામાં આવે છે.

(૫) ૩ થી ૬ વર્ષના બાળકોને દૂધ સંજીવની યોજના હેઠળ લાભાર્થી દીઠ રૂ. ૨.૪૫ પૈસાની જોગવાઇ અનુસાર અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે.

(૬) કુપોષિત બાળકોને સામાન્ય ગ્રેડમાં લાવવા માટે અમદાવાદ જિલ્લામાં ન્યુટ્રીશન મીશન હેઠળ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી વધારાનું પોષણ પુરૂ પાડવામાં આવે છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં દિપડા દ્વારા માનવો પર હુમલા અને મૃત્યુ**

૧૦૧૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકોના મૃત્યુ દિપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા થયા અને કેટલાને ઇજાઓ થઇ,

(૧) છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ દિપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા લોકોના મૃત્યુ તથા ઇજાના બનાવો બનેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | માનવ મૃત્યુની સંખ્યા | માનવ ઇજાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વિસાવદર | ૧ | ૭ |
| ૨ | મેંદરડા | ૦ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | માળીયા હાટીના | ૦ | ૧૦ |
| ૪ | તાલાલા | ૩ | ૫ |
| ૫ | કોડીનાર | ૧ | ૪ |
| ૬ | ઉના | ૧ | ૧૩ |
| ૭ | સુત્રાપાડા | ૩ | ૨ |
| ૮ | વેરાવળ | ૩ | ૦ |
| ૯ | જુનાગઢ | ૦ | ૩ |
| | કુલ | ૧૨ | ૪૮ |

(૨) મૃત્યુ પામેલ અને ઇજા પામેલ ઇસમોના પરિવારોને કેટલી આર્થિક સહાય અપાઇ, અને

(૨) મૃત્યુ પામેલ અને ઇજા પામેલ ઇસમોના પરિવારોને નીચે મુજબ સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

(૧) ૧૨ માનવ મૃત્યુના કિસ્સામાં રૂા. ૧૮.૦૦ લાખ

(૨) ૪૮ માનવ ઇજાના કિસ્સામાં રૂા. ૯૭,૫૦૦/-

(૩) દિપડાઓના વધતા જતા ત્રાસને રોકવા સરકારે શા પ્રયાસો કર્યા ?

(૩) દિપડાઓના વધતા જતા ત્રાસને રોકવા માટે સરકારશ્રી દ્વારા તાલીમબદ્ધ કર્મચારીઓની રેસ્કયુ ટીમ બનાવવામાં આવેલ છે. જેઓ દિપડાના ત્રાસની ફરિયાદ મળતાં ત્વરિત પગલા ભરે છે.

દિપડાનો ત્રાસ નિવારવા જનજાગૃતિ લાવવા સારૂ પ્રચાર અભિયાન ચલાવવામાં આવે છે, જેમાં બચવાના તમામ ઉપાયો સુચવવામાં આવે છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રી પાડવાની અરજીઓ**

૨૧૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વર્ષ-૨૦૧૧ અને ૨૦૧૨માં છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવા માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ વર્ષ-૨૦૧૧** | **મળેલ અરજીઓ વર્ષ-૨૦૧૨** |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૩૦૧ | ૩૧૪ |
| ૨ | વંથલી | ૧૪૮૧ | ૧૦૫૭ |
| ૩ | વિસાવદર | ૧૩૫૧ | ૩૯૭ |
| ૪ | ભેંસાણ | ૩૨૦ | ૨૨૦ |
| ૫ | માણાવદર | ૧૩૯૮ | ૧૧૫૧ |
| ૬ | વેરાવળ | ૮૬૩ | ૬૯૩ |
| ૭ | સુત્રાપાડા | ૧૫૯ | ૧૮૭ |
| ૮ | તાલાલા | ૫૯૧ | ૩૨૭ |
| ૯ | કોડીનાર | ૪૮૦ | ૪૮૦ |
| ૧૦ | ઉના | ૩૦૬૬ | ૩૮૬૭ |
| ૧૧ | કેશોદ | ૭૬૩ | ૩૯૬ |
| ૧૨ | માંગરોળ | ૧૪૯૩ | ૧૩૭૬ |
| ૧૩ | માળીયા | ૧૦૧૫ | ૧૧૩૭ |
| ૧૪ | મેંદરડા | ૫૬૬ | ૨૨૦ |
| | **કુલ** | **૧૩૮૪૭** | **૧૧૮૨૨** |

એચબી-૬૬૭-૧૬

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી એન્ટ્રીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ એન્ટ્રીઓ | નામંજૂર કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૫૪૮ | ૧૨ |
| ૨ | વંથલી | ૨૨૦૮ | ૭ |
| ૩ | વિસાવદર | ૧૨૬૩ | ૧૧ |
| ૪ | ભેંસાણ | ૪૭૨ | ૧ |
| ૫ | માણાવદર | ૨૪૪૦ | ૧૩ |
| ૬ | વેરાવળ | ૧૦૫૯ | ૩૧ |
| ૭ | સુત્રાપાડા | ૨૪૩ | ૧૨ |
| ૮ | તાલાલા | ૭૯૩ | ૪ |
| ૯ | કોડીનાર | ૭૬૨ | ૫ |
| ૧૦ | ઉના | ૫૩૨૨ | ૨૭ |
| ૧૧ | કેશોદ | ૧૦૧૦ | ૭ |
| ૧૨ | માંગરોળ | ૨૧૭૨ | ૩૦ |
| ૧૩ | માળીયા | ૧૫૭૯ | ૧૮ |
| ૧૪ | મેંદરડા | ૭૧૭ | ૧૯ |
| | **કુલ** | **૨૦૫૮૮** | **૧૯૭** |

(૩) બાકી રહેલી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) તકરારી એન્ટ્રીઓ અંગે સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ણય થયેથી તથા બાકીની એન્ટ્રીઓ નો સત્વરે નિકાલ કરવામાં આવશે.

(૪) નામંજૂર કરેલ અરજીઓના કારણો ક્યા છે ?

(૪) નિયમોનુસાર ન હોવાથી.

---------

**ગીધના સંરક્ષણ માટે ડાયકલોફનોક દવાનું વેચાણ બંધ કરવા બાબત**

૧૦૪૬ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ ગીધના સંરક્ષણ માટે સરકાર દ્વારા ડાયકલોફનોક દવાનું વેચાણ રાજ્યમાં સંપૂર્ણ બંધ કરાવેલ છે કે કેમ,

(૨) આ દવાનું વપરાશ અને વેચાણ બંધ કરવા કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે સૂચના આપવામાં આવી,

(૩) આ બાબતે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી. ગીધના સંરક્ષણ માટે સરકાર દ્વારા પશુ સારવારમાં વપરાતી ડાયકલોફનોક દવાનું વેચાણ બંધ કરાવેલ છે.

(૨) તા. ૧૨-૦૫-૨૦૦૬ના રોજ.

(૩) પશુ પાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા સને ૨૦૦૪માં બિમાર પશુની સારવારમાં ડાયકલોફનોક દવા ન વાપરતાં તેના બદલે અન્ય દવા વાપરવા પશુપાલન ખાતાના અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે. સને ૨૦૦૭માં કમિશનર ફૂડ અને ડ્રગ કન્ટ્રોલ દ્વારા પણ આ દવાનું ઉત્પાદન તથા વેચાણ બંધ કરાવવા કાર્યવાહી કરેલ છે.

(૪) શા પગલાં ભરવાનું આયોજન છે ?

(૪) ડાયકલોફનોક દવા પશુ સારવાર માટે વાપરવામાં ન આવે તે માટે ગીધ સંરક્ષણમાં જોડાયેલી નેચર ક્લબ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે છે જેને વધુ ઘનિષ્ટ બનાવવાનું આયોજન છે.

---------

## શોકદર્શક ઉલ્લેખ
## ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દલસુખભાઇ ગોધાણીના અવસાન અંગે

શ્રી નરેન્દ્ર દા. મોદી(સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દલસુખભાઇ જેરામભાઇ ગોધાણીનું તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગોધાણીનો જન્મ ૨૯મી જુલાઇ, ૧૯૩૪ના રોજ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના બુઢણા ગામે થયો હતો. તેઓશ્રીએ ખેતીવાડીના સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ ખેતી અને સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ગોધાણીએ ત્રીજી ગુજરાત વિધાનસભામાં પાલીતાણા, છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં શિહોર અને આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં બોટાદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ તા. ૧૨-૩-૧૯૯૦ થી તા. ૧૩-૩-૧૯૯૫ દરમિયાન ગુજરાત સરકારમાં મહેસૂલ, સહકાર, કૃષિ, ગ્રામીણ વિકાસ અને પશુપાલન વિગેરે વિષયોના મંત્રી પદે રહીને સુંદર કામગીરી કરેલ હતી તેમજ તા. ૯-૬-૧૯૮૦ થી તા. ૮-૩-૧૯૮૫ સુધી ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ રાજયના પૂર્વ મંત્રી સ્વ. દલસુખભાઇ ગોધાણીના અવસાન નિમિત્તે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. દલસુખભાઇ બહુ સાદા, સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હતા. તેઓ ગાંધી વિચારોથી બહુ સાદગીથી પોતાનું જાહેર જીવન જીવ્યા તેવું કહી શકાય. છેલ્લે થોડા મહિના પહેલા ભાવનગર જવાનું થયું, ત્યારે તેઓની તબિયત નાદુરસ્ત હતી તો પણ મળવા માટે આવ્યા હતા. સણોસરા ખાતે ગ્રામ ભારતી નામની સંસ્થા ગ્રામ વિસ્તારમાં ખેતીને ધ્યાનમાં રાખીને ચલાવવામાં આવે છે, ત્યાં છેલ્લા વરસોમાં નિવાસ કરીને રહેતા હતા. આ સંસ્થામાંથી તેઓ ખેતીના સ્નાતક પણ થયેલા. આજ ગૃહના એક વખત તેઓ વિરોધપક્ષના નેતા પણ હતા, એ વખતે સભ્યો ઓછા હતા તો પણ ઓળખ પૂરવાર કરીને માનનીય દલસુખભાઇને વિરોધપક્ષના નેતાનું બિરુદ આપેલું. તેઓએ કેબીનેટ મંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી. આવા સીધા સાદા અને સરળ માણસ આજે આપણી વચ્ચે નથી ત્યારે તેઓના આત્માને શાશ્વત શાંતિ મળે અને એમના પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતાશ્રી, સ્વ.દલસુખભાઇ ગોધાણીના અવસાન અંગેનો જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપેલ છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. દલસુખભાઇ મારા વતનના જિલ્લા ભાવનગરમાંથી આવતા હતા. અમે એમની સાથે કામ પણ કર્યુ છે અને એમની સામે પણ કામ કર્યુ છે. પરંતુ કયારેય સ્વ. દલસુખભાઇએ સામાજીક કામગીરી હોય ત્યારે રાજકીય વિચારસરણી વચ્ચે લાવવાનો પ્રયાસ નહોતો કર્યો.

સ્વ. દલસુખભાઇનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ હતું તેઓ રાજકીય પ્રવૃત્તિ સાથે સાથે સામાજીક પ્રવૃત્તિ, રચનાત્મક પ્રવૃત્તિ, સહકારી પ્રવૃત્તિ એવી અનેક પ્રવૃત્તિઓ કરતા હતા. તેઓનું સમગ્ર જાહેર જીવન ગ્રામ વિકાસને લક્ષમાં રાખીને ગ્રામોદ્ધારના કાર્યો સાથે જોડાયેલું હતું. ૧૯૯૫માં બોટાદ વિધાનસભા વિસ્તારમાં મારે તેમની સાથે પ્રતિસ્પર્ધી તરીકે ચૂંટણીની લડાઇ લડવાની બનેલી. પરંતુ ચૂંટણી પૂરી થઇ પછી કયારેય પણ રાજકીય ભેદભાવ કે દ્બેષ રાખ્યા વિના દલસુખભાઇ સાથેના અમારા સામાજીક સંબંધો હંમેશા ખૂબ સારા રહેલા, ખૂબ ઉજ્જવળ રહેલા. માનનીય શ્રી દલસુખભાઇનું અવસાન થયું છે, એમના પરિવારને આ વિધાનસભાના માધ્યમ દ્બારા, અધ્યક્ષશ્રીના માધ્યમ દ્બારા શોકસંદેશો પાઠવવાની વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સ્વ. દલસુખભાઇ ગોધાણીને માનનીય મુખ્યમંત્રીશ્રી, વિપક્ષના નેતા તથા શ્રી નાનુભાઇએ શોકાંજલિ અર્પી છે. અહીં બેઠેલાં માનનીય સભ્યશ્રીઓને એક વિગતમાં સ્ટડી કરવા માટે પણ કહીશ કે દલસુખભાઇ ગોધાણીએ જે લોકભારતી, સણોસરામાં તાલીમ લીધી હતી. ગ્રામ્ય વિસ્તારના ઉત્કર્ષ માટે થઇને વ્યક્તિ શું શું કરી શકે તેનો ઉત્કૃષ્ટ નમૂનો એ સણોસરા લોકભારતીમાંથી, પછી એ કરમશીભાઇ મકવાણા હોય, દલસુખભાઇ ગોધાણી હોય, ગાંધીયન વિચારધારા નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે એક માનવ બીજાને કેવી રીતે ઉપયોગી થાય અને એમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં કેવી રીતે કામ થાય તે રીતે ઉત્કૃષ્ટ આદર્શ જીવન જીવનાર એવા દલસુખભાઇ ગોધાણી હતા. દલસુખભાઇ ગોધાણી વિપક્ષમાં પણ હતા અને સત્તાધારી પક્ષમાં પણ હતા. એ તમામ સમયમાં કોઇ દિવસ તેમને તમે મળ્યા હોય ત્યારે અભિમાન જેવી કોઇ વાત ન હોય, તોછડાઇ જેવી કોઇ વાત ન હોય અને પોઝીટીવ સૂચન સિવાય કોઇ બીજી આડી–અવળી વાત ન હોય. એક સ્ટ્રેટ ફોરવર્ડ માણસ તરીકે અને સમાજને ઉપયોગી વ્યક્તિ તરીકે જયાં સુધી જીવ્યા ત્યાં સુધી રહ્યા છે. હમણાં એકાદ વર્ષ પહેલાં પણ હું એમને મળેલો. શરીર સાવ નબળું થઇ ગયું હતું, નબળું શરીર હોવા છતાં પણ વિચારની એટલી જ મક્કમતા અને સારી વાતને પ્રોત્સાહન આપવાની વાત જ એમના સ્વભાવમાં વણાયેલી હતી. એનો પણ આપણે પ્રત્યક્ષ અનુભવ કરેલ છે. આવું વિરલ વ્યક્તિત્વ ધરાવનાર એક સમાજ સેવકને આપણે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. તેમના માનમાં આપણે આપણાં સ્થાન ઉપર ઉભા રહીને મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

ઓમ શાંતિ. દિલસોજીનો આ સંદેશો તેમના પરિવારને આપણે મોકલી આપીશું.

તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)
રાજયમાં થયેલા કમોસમી વરસાદથી ખેતીના પાકને નુકસાન

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

'' તાજેતરમાં રાજયમાં થયેલ કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલ નુકસાનથી ખેડૂતોમાં પ્રસરેલ ચિંતાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ અને સહકાર) : કુદરતી આપત્તિઓના કારણે પાકને થતા નુકસાન માટે ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૭–૮–૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩ અનુસાર શહેરી વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીને આવી સહાય મંજૂર કરી ચૂકવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

જે મુજબ ખેડૂતોને થયેલ સંભવિત નુકસાન બાબતનો સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જે તે જિલ્લા સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતીવાડી નિયામકશ્રી મારફત કરાવી તેની વાજબી ચકાસણી ખરાઇ કરાવી આ ઠરાવના ધોરણો મુજબ મંજૂરી આપી મળવાપાત્ર સહાય લાભાર્થીઓને ચૂકવવાની રહેશે.

તાજેતરમાં રાજયમાં થયેલ કમોસમી વરસાદના કારણે બનાસકાંઠા, તાપી અને ડાંગ જિલ્લાઓમાં પાકને થયેલ નુકસાનના અહેવાલ મળેલ હતા. જેના અનુસંધાને પ્રાથમિક સર્વે કરતા ડાંગ અને તાપી જિલ્લાઓમાં સદરહુ ઠરાવની જોગવાઇ મુજબ ૫૦ ટકાથી ઓછું નુકસાન થયેલ હોવાથી કોઇ રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક સર્વેના અહેવાલ મુજબ ૩૭ ગામોના ૬૦૬૨ હેકટર વિસ્તારમાં કૃષિ પાકને નુકસાન થયેલ હોવાનું જણાયેલ છે. વિગતવાર સર્વેની કામગીરી હાલમાં ચાલુ છે. વિગતવાર સર્વેના અંતે ઉપરોક્ત ઠરાવની જોગવાઇઓ મુજબ સહાય આપવામાં આવશે.

ચાલુ વર્ષે રવિઋતુમાં કુલ ૧૨ પાક વીમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. સદર પાકોમાં જો કમોસમી વરસાદના કારણે નુકસાન થયેલ હશે તો આ પાકોમાં ગોઠવવામાં આવેલ પાક કાપણીના અખતરાઓના ઉત્પાદનના અંદાજોની ગણતરી વખતે તેના નિયત ધોરણ કરતા જો ઘટ જણાશે તો નિયમાનુસાર પાક વીમો ચૂકવવામાં આવશે.

કેટલાક વિસ્તારોમાં શેરડી, ઘઉં અને શાકભાજીના પાકોમાં આ વરસાદને કારણે જમીનમાં ભેજ વધવાથી ફાયદો પણ થવાની શકયતા છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવા સંજોગોમાં કમોસમી વરસાદથી ખેતી પાકોને નુકસાન થાય તો તે માટે સરકારશ્રી નાના અને સિમાન્ત ખેડૂતોને વળતર આપવા શું જોગવાઇ કરે છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : કમોસમી વરસાદથી ખેતીના પાકોને થતાં નુકસાન માટે સરકારશ્રીએ તેના વળતર માટે સી.આર.એફ. અને સી.આર.એ. ફંડમાંથી સહાય ચૂકવવાની જોગવાઇ કરેલી છે.અને કેલેમીટી રીલીફ ફંડ અને નેશનલ કેલેમીટી માટે સહાયના ધોરણો નીચે મુજબ છે.

ખેતી માટેની જમીનમાં કાંપ રેત માટે પ્રતિ હેક્ટર રૂ.૬૦૦૦ ચૂકવવામાં આવે છે, ખેતી માટે અને પર્વતાળ જમીનમાંથી કચરો દૂર કરવાની જરૂરિયાત ઉભી થાય તો પ્રતિ હેક્ટર રૂ.૬૦૦૦, પૂર કે નદીના પ્રવાહ બદલાવાથી થયેલા ધોવાણમાં રૂ.૧૫૦૦૦ પ્રતિ હેક્ટર સહાય ચૂકવવામાં આવે છે. ૫૦ ટકા કરતાં વધારે પાકને નુકસાન થાય તો બાગાયતી પાકો, વરસાદી પાકો અને પિયત માટે અલગ અલગ પ્રકારે સહાય ચૂકવવામાં આવે છે. વરસાદી પાકો માટે પ્રતિ હેકટર રૂ.૨૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે અને પિયત પાકો માટે પ્રતિ હેક્ટર રૂ.૪૦૦૦ ચૂકવવામાં આવે છે. નાના ખેડૂતોને સહાયમાં રૂ.૨૫૦થી ઓછી સહાય ન હોવી જોઇએ એવા ધોરણો નક્કી કરેલા છે. બહુ વરસાદ હોય ત્યારે પ્રતિ હેક્ટર રૂ.૬૦૦૦ સહાય નક્કી કરેલ છે અને નાના ખેડૂતોને સહાય માટે રૂ.૫૦૦થી ઓછી સહાય ન હોવી જોઇએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં પાકને જે નુકસાન થયું છે એનું વળતર ચૂકવવા માટે શું પગલાં લીધાં છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતોએ પાક વીમો લીધો હશે એમને આ યોજના હેઠળ પાક વીમા કંપનીઓ સરવેની કામગીરી પૂર્ણ કરશે એટલે વળતર ચૂકવી આપશે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રી પાસેથી એ જાણવું છે કે, કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનનો સરવે ક્યારે કરાવવામાં આવ્યો અને એનો કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો? આ

સરવે કરાવવાના ધોરણો શું છે? આજે ૭/૧૨ની નકલોની અંદર પાણી પત્રક થતું નથી તો કેવી રીતે નુકસાનીનો સરવે થશે? અને શેના આધારે નુકસાની ચૂકવવામાં આવશે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નમાં ૭/૧૨ ન આવે. ચૂકવણીની પદ્ધતિ શું છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં કુદરતી આફતોના કારણે થતી નુકસાની માટે રાજય કક્ષાએથી ચૂકવણી થતી હતી. આના બદલે રાજય સરકારે તા.૭-૮-૨૦૧૨ના રોજ એક ઠરાવ કર્યો છે અને જે કોઇ નુકસાની થતી હોય તો શહેરી વિસ્તારોમાં કલેકટર દ્વારા અને ગ્રામ્ય વિસ્તારોમાં નુકસાની થઇ હોય તો ડીડીઓ દ્વારા એનો સરવે કરાવવામાં આવે છે. જ્યારે ખેતીમાં નુકસાની થતી હોય તો જે તે જિલ્લાના ડીડીઓ અને સંબંધિત અધિકારીઓ એના સરવેની કામગીરી કરે છે અને જે નુકસાની થઇ હોય અને જે વળતર ચૂકવવાનું થાય તે ચૂકવી આપે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બીજીવાર પ્રશ્ન ન હોય, બેસો.

શ્રી સી. કે. રાઉલજી : મારો સવાલ એટલો જ છે કે, ગ્રામ્ય વિસ્તારમાં ડીડીઓ કરે છે અને શહેરી વિસ્તારમાં કલેકટર કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં જે તે સ્થળે જઇ બાગાયત ખેતી છે કે, ડાંગરની ખેતી છે કે ઘઉંની ખેતી છે એ પાણી પત્રકના આધારે નક્કી થતું હોય છે, તો તેઓ ક્યા આધારે સરવે કરે છે?

અધ્યક્ષશ્રી : શહેરી વિસ્તારમાં કલેકટર કરે છે અને ગ્રામ્ય વિસ્તાર હોય તો ડી.ડી.ઓ. કરે છે. તેઓ ધોરણો મુજબ જ કરે છે. એક કે બે પ્રશ્ન જ હોય. પૂછી લ્યો, માપમાં પૂછજો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં વિગતો આપી છે, ખેતીના પાકને થયેલ નુકસાન, જૂનાગઢ જિલ્લામાં કેરીના પાકને જબરજસ્ત નુકસાન થયું છે. ત્યાંના ખેડૂતો કેરીના બગીચા ધરાવે છે. એમનો આમાં સમાવેશ કર્યો છે કે કેમ? એમને વળતર આપવા માગો છો કે કેમ? અને બીજુ, લાભાર્થીઓને મળવાપાત્ર સહાય ચૂકવવાની રહેશે. તો આજની તારીખે જિલ્લાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સવાલ છે કમોસમી વરસાદનો, એમાં બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ તાલુકો છે ત્યાં કમોસમી વરસાદ થયેલ છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો
વાર્ષિક અહેવાલ

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯-૨૦૧૦નો ઓડિટ અહેવાલ

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯-૨૦૧૦નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો તેમજ નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત માહિતી આયોગના સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગના સન ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને સન ૨૦૧૦-૨૦૧૧ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**નાણા વિભાગની અધિસૂચના**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તાઃ૧૭-૯-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૧) વીએટી-૨૦૧૨- એસ-૫(૨) (૩૫)-ઠ

(૨) તાઃ૩-૧૦-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૨૩)વીએટી-૨૦૧૨-એસ-૫(૨) (૩૬)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શિક્ષણ વિભાગની અધિસૂચના**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ અન્વયેની

(૧) તાઃ૬–૮–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચ–એસએચ–૩૯–૨૦૧૨–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૨) તાઃ૨૭–૮–૨૦૧૨ની અધિસૂચન ક્રમાંકઃજીએચ–એસએચ–૪૧–૨૧૨–પીવીએસ–૧૦૨૦૦૮–૮૧૫–એસ

(૩) તાઃ૧૩–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃજીએચ–એસએચ–૪૬–૨૦૧૨–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫–એસ

(૪) તાઃ૨૬–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃજીએચ–એસએચ–૪૮–૨૦૧૨–પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૫) તાઃ૨૬–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ–એસએચ–૪૯–૨૦૧૨–પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૬) તાઃ૨૬–૯–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃજીએચ–એસએચ–૫૦–૨૦૧૨–પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩–એસ

(૭) તાઃ૧–૧૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ–એસએચ–૫૪–૨૦૧૨–પીઆરસી–૧૦૨૦૧૧–૧૩૫૮–એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની

(૧) તાઃ૧૭–૭–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–(જીએચટી–૨૦૧૨–૯) એમએનઆર –૨૦૧૨–૧૦૪૪–એ

(૨) તાઃ૮–૮–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–(જીએચટી–૨૦૧૨–૧૧)એમએનઆર –૨૦૧૨–૧૧૮૬–એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પુષ્પાંજલિ કાર્યક્રમના સમયમાં ફેરફાર અંગે.**

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની છે. આજરોજ સ્વ.શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના ૧૨૨ મા જન્મદિન પ્રસંગે પહેલા માળે આવેલ વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્રને સવારે ૧૧–૦૦ કલાકે પુષ્પાંજલિ અર્પવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો, તેમાં ફેરફાર કરીને હવે આ કાર્યક્રમ આજરોજ સભાગૃહના વિરામના સમય દરમિયાન રાખવામાં આવ્યો છે, તો સર્વે માનનીય સભ્યશ્રીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)**

**અધ્યક્ષશ્રી :** રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૩મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઇ કુંડારિયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.–

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પઠવવો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર તથા વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી માનનીય આત્મારામભાઇ પરમાર રાજ્યપાલશ્રીના સંબોધન બદલ જે આભાર પ્રસ્તાવ લઇને આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે, તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે વિપક્ષના નેતા માનનીયશ્રી શંકરસિંહજી વાઘેલાની રાજ્યપાલશ્રીના આભાર સંદર્ભમાં વિગતો હું સાંભળતો હતો. હમણાં જ ૨૦૧૨ની ચૂંટણીઓ થઇ અને આ ચૂંટણીઓમાં ગુજરાતની પ્રજાએ જે જનાદેશ આપ્યો અને ભારતીય જનતા પાર્ટીને, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં જે જન–સમર્થન આપ્યું, એના કારણે મને એમની ભાષામાં એમનું સત્તા સુખ ભોગવવાનું સ્વપ્ન ચકનાચૂર થઇ ગયું હોય એમ લાગે છે. (અંતરાય) હું સાચી વાત કરું છું. એમાં કોઇ બિનસંસદીય વાત નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કોઇ વ્યક્તિ ચકનાચૂર થઇ ગઇ એમ નથી કહેતા. સ્વપ્ન ચકનાચૂર થઇ ગયું એમ કહે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** આ ઘોર રાજકીય હતાશાનો પ્રતિસાદ એમના ભાષણમાં હતો. એમણે રાજ્યપાલશ્રીનો ઉલ્લેખ કર્યો. અમારે મન બંધારણીય સ્થાન ઉપર બેઠેલા બધા લોકો આદરણીય હોય છે. અમે ક્યારેય બંધારણીય સ્થાન ઉપર બેઠેલા લોકોનો દુરુપયોગ નથી કર્યો. ભૂતકાળમાં કોણે *(xxxxxx) સરકાર ઉથલાવવાનું કામ કર્યું હતું એ દિવસો યાદ કરાવવા માગું છું.

**અધ્યક્ષશ્રી :** સરકાર ઉથલાવવાનું કામ કોણે કર્યું એ બરાબર પણ (xxxxxx) એ સંસદીય બાબત વિરુદ્ધનું છે. એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** ઇતિહાસમાં બહુ ઓછા પ્રસંગો બન્યા છે કે વિપક્ષ સુધારા સૂચવે અને સુધારા સૂચવ્યા પછી એ સુધારા રજૂ કરવા માટે હાજર ન રહે. ગઇકાલે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર ૩૬ જેટલા સુધારા વિપક્ષ દ્બારા સૂચવવામાં આવ્યા હતા. પરંતુ આ ૩૬ સુધારામાંથી એક પણ સુધારો રજૂ કરવા માટે વિપક્ષે હાજર રહેવાની ચેષ્ટા કરી નથી. એવું કહેવામાં આવ્યું કે ગુજરાત ૨૦૦૧ પછી છે. હું એ વાત યાદ દેવડાવવા માગું છું કે હમણાં જ સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણી કરી. અત્યાર સુધીના તમામ ધારાસભ્યશ્રીઓને બોલાવ્યા, અત્યાર સુધીના તમામ સરકારોના રાજ્યપાલોના પ્રવચનોને એકત્રિત કરીને એ સરકારોની સિદ્ધિના દળદાર ગ્રંથો આપણે રજૂ કર્યા. ગુજરાત વિધાનસભાના પોડિયમમાં બધા જ મુખ્યમંત્રીશ્રીઓના ફોટા મૂકવામાં આવ્યા. ગુજરાતનો વિકાસ એ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીઓ, અત્યાર સુધીમાં ગુજરાતમાં સત્તાસ્થાને રહેલા, ગુજરાતના વહીવટના સ્થાને રહેલા તમામ લોકોને ફાળે જાય છે. એવી આ સ્વર્ણિમ વર્ષની ઊજવણી એ દિવસે થઇ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહજી, એ દિવસોમાં કોંગ્રેસે સ્વર્ણિમ જયંતિ પ્રસંગનો બહિષ્કાર કરેલો એ ગુજરાતની ઊજવણીની અંદર બહિષ્કાર કરેલો છે. એમણે યેનકેન પ્રકારે ગઇકાલે જે કશુભાઇ પટેલને ભિષ્મપિતામહ કહેતા હતા. જેમની આંગળીના સહારે રાજકારણમાં આવ્યાં હતા એ કેશુભાઇને એમની •(xxxxxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx) એ શબ્દ કાઢી નાખુ છું. ચાલો ભાઇ, ઘા કરેલો એ બરાબર છે. (અંતરાય) ભાઇ બેસો તમે કહો એ પહેલા હું જ કાઢી નાખુ છું. (અંતરાય) ભાઇ શાંતિ રાખો. બોલો તમારું પ્રવચન (અંતરાય) એક મિનિટ નીતિનભાઇ..

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગુજરાતની પ્રજા સાથે, ચૂંટાયેલી સરકાર સાથે વિશ્વાસઘાત કરીને (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાખ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વિપક્ષના નેતાશ્રી બોલતા હતા ત્યારે પણ આપ એમ કહેતા હતા કે રાજકીય રીતે અવલોકન ના થાય.

અધ્યક્ષશ્રી : ના કરવા. એક મિનિટ, તમે બેસો. આ રાજકીય રીતે અવલોકન નથી. તમે જે ગઇકાલે બોલ્યા એનો જવાબ છે. તમે જેને ભિષ્મપિતામહ ગણો છો એ જ ભિષ્મપિતામહને તમે હણ્યાં છે એમ એ કહે છે, એને બોલવા દો ને. કાંઇ બિનસંસદીય હશે તો હું સામેથી કાઢી નાખીશ. બિનસંસદીય શબ્દ આ હાઉસમાં કોઇને માટે એલાવ નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, એ ખજુરિયાકાંડ હજી પણ ગુજરાતની પ્રજા અને કેશુભાઇ પટેલ ભૂલ્યાં નથી. એ દિવસો હું યાદ કરાવવા માગુ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બોલવા દો. (અંતરાય) અહીંથી બધા બોલે અથવા એ એક બોલે. તમે બોલી લો એના ભાગનું. ચલાવો આગળ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કહેતા હતા અમારી ટનાટન સરકાર. એ ટનાટન સરકારના ફૂર્ચા બોલી ગયા હતા. માત્ર ૪ લોકો ચૂંટાયા હતા. અહીંયા બલવંતસિંહજી કહે છે, તો હું બલવંતસિંહજીને યાદ કરાવવા માગુ છું કે, જ્યારે રા.જ.પ.ની સરકાર હતી. (અંતરાય)

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકીય રીતે વાત કરે છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ તમે બેસો. આની અંદર રાજકીય છાંટ આવવાની. (અંતરાય) એક મિનિટ, આમાં રાજ્યપાલના પ્રવચનની અંદર જેવું નહોતું એવું જ આખું બોલાયુ છે. આમાં પોલિટિકલ છાંટ આવવાની છે પણ અસંસદીય શબ્દ ન આવે એની તકેદારી હું રાખીશ. બોલો બધા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રા.જ.પા.ની સરકાર વખતે અત્યારે જે બધા સાથે બેઠા છે ને? હું ૨૦મી ઓકટોબરનો એ દિવસ યાદ કરાવવા માગુ છું. એ દિવસે કોંગ્રેસના એ વખતના નેતા અમરસિંહ ચૌધરી, કોંગ્રેસના એ વખતના નેતા સી.ડી. પટેલ એમણે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ એણે જે આ ફેકટ છે ગવર્નરશ્રીને.. (અંતરાય) એક મિનિટ. વિરોધ નથી કરતા. એનો વિરોધ કે ટીકા કરતા હશે તો એ ધ્યાન રાખીશ. એ હોદ્દા પર હતા અને ગવર્નરને શું રજૂઆત કરી હતી. (અંતરાય) જે વ્યક્તિ આ હાઉસમાં હાજર નથી, એની ટીકા થતી હશે તો હું રોકીશ. તમે બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦મી ઓકટોબરે કોંગ્રેસે રા.જ.પા.ની શંકરસિંહજીની સરકારને ટેકો પાછો ખેંચી લીધો, એ સમયે આ બેઠેલા કોંગ્રેસના આગેવાનોએ રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરેલું શંકરસિંહ સામેનું તહોમતનામું છે. અત્યારે સાથે બેઠા છે. એમના તહોમતનામામાં એમણે લખ્યું હતું અણઘડ, બિનઅનુભવી લાગતાવળગતા ૨૪ સભ્યોને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ ગવર્નરશ્રીને રજૂ કરેલું રેકર્ડ છે. (અંતરાય) બળવંતસિંહભાઇ, ગવર્નમેન્ટ રેકર્ડ ઉપરની વાત છે. બોલવા દો પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નમેન્ટ રેકર્ડ ઉપરની વાત છે. તમે બધા સાથે હતા, ત્યારે જે વાત કરી છે એ કહું છું.

અધ્યક્ષશ્રી : રાજ્યપાલની ટીકા નથી, કોઇ વ્યક્તિની ટીકા નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમારો કોંગ્રેસ પક્ષ સાથે હતો એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : ખોટું હશે તો હું સામેથી રદ કરાવી દઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અંગત રસ લઇને •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ શબ્દો *(xxxxx)એ શબ્દો આપણે કાઢી નાખીએ છીએ. બાકીની વાત કરો, બેસો (અંતરાય) આ શબ્દો જ હું કાઢી નાખું છું.(xxxxxx) એ આક્ષેપાત્મક શબ્દો આપણે કાઢી નાખીએ છીએ. બાકીની વાત કરો, બેસો. (અંતરાય)આ શબ્દો જ હું કાઢી નાખું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાંભળવું પડે, સાંભળવું તો પડે ને સાહેબ. સાંભળવું તો પડે .

અધ્યક્ષશ્રી : આ આક્ષેપાત્મક શબ્દો જ કાઢી નાખું છું. આપણી સાંભળવાની તૈયારી હોવી જોઇએ. કાલે એક શબ્દ કોઇ નહોતા બોલ્યા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આક્ષેપો કરતી વખતે ધ્યાન રાખવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, હું બોલવાની ના નહીં પાડું. (અંતરાય) એક મિનિટ શાંતિ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બલવંતસિંહભાઇ, તમે તો બેસો. તમે તો કોંગ્રેસમેન છો, આ તો બધા પછીના આવેલા છે. તમે તો સાંભળો બલવંતસિંહભાઇ.

અધ્યક્ષશ્રી : તમારું પ્રવચન ચાલુ રાખો. કોઇને શિખામણ આપો નહીં, પ્રવચન ચાલુ રાખો. (આ તબકકે કોંગ્રેસ પક્ષના અમુક સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

અધ્યક્ષશ્રી : એક મિનિટ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જમીનોના અનેક કૌભાંડોમાં મુખ્યમંત્રી અને મંત્રીઓ સંડોવાયેલા હોવાનું (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે એનું ડીટેઇલમાં ઓછું કરી નાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, રેકર્ડ ઉપર તો લેવું પડે ને. સાહેબ, એ તો જે થયા છે, એ દસ્તાવેજ માટે કહું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ઓછું કરી નાખો એમ કહું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પણ મારા અગત્યના મુદ્દા આ છે સાહેબ. એ વખતની ભરતીઓમાં મોટા પાયા ઉપર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર થયેલો. રાજયના ઉચ્ચ હોદ્દા ઉપરના અધિકારીઓની વારંવાર બિનજરૂરી બદલીઓ અને પસંદગીઓના હોદ્દા માટે મોટી ગોઠવણો થતી હતી. અત્યારે જે કોંગ્રેસના લોકો બેઠા છે એમણે રાજયપાલશ્રીને આ પ્રમાણેના આક્ષેપો આપ્યા હતા. ગઇકાલના પ્રવચનમાં ગમે તે અનાબ–શનાબ ભાષામાં ગુજરાતના વિકાસશીલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સામે ગત પાંચ વર્ષમાં જે લોકોએ આક્ષેપો કર્યા છે. પ્રજાએ એની શું વલે કરી છે, આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. સામી પાટલીએ વિપક્ષના નેતા તરીકે બેસતા હતા શકિતસિંહ, માનનીય અધ્યક્ષશ્રી, * (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ શબ્દો કાઢી નાખો, (xxxxxx)ચલાવો આગળ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮,૦૦૦ જેટલા મતોથી એમનો પરાજય થયો. સાહેબ, અર્જુન મોઢવાડીયા.

અધ્યક્ષશ્રી : જે હાઉસમાં નથી એમનો વ્યકિતગત રીતે ઉલ્લેખ ન કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, આ તો ચૂંટણીના પરિણામોની વાત છે.

અધ્યક્ષશ્રી : અરે ભાઇ, ચૂંટણીના પરિણામ છે, તો જે અત્યારે ગૃહમાં હાજર નથી એમનો ઉલ્લેખ ગવર્નરના પ્રવચનમાં કરવાની જરૂરિયાત નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના ગયા વખતના જે આગેવાનો હતા, પ્રજાએ એમને ધરમૂળથી સાફ કરી નાખ્યા. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, હવે સ્વતંત્રતા મળી ગઇ છે. હવે આ (*xxxxxx)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ રાજયપાલશ્રીના પ્રવચનની અંદર, એક મિનિટ પ્રદિપસિંહ, પછી સાવ થોડું ગુજરાત પૂરતું મર્યાદિત હોય તો સારું. આ નેશનલ લેવલનો સવાલ છે. (xxxxxx) એણે કીધું શું કીધું, એ આને કોઇ રીલેવન્ટ નથી. પોલિટીકલ તમે ચોકકસ કહો, પણ મર્યાદાની અંદર કહો. ગુજરાતને લગતી હોય એ વાત કરો.(અંતરાય) એક મિનિટ, કાઢી નાખીએ છીએ એ શબ્દો. (અંતરાય) એક મિનિટ, એમને બોલવા દો. હજી કાંઇ બોલ્યા નથી ત્યાં પોઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ બોલ્યા, અમે સાંભળ્યુ સાહેબ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ એવું બોલ્યા કે ગાંધીજીએ કોંગ્રેસને એવું કીધું હતું કે, (xxxxxx)

અધ્યક્ષશ્રી : કાઢી નાખ્યું એ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (xxxxxx)

અધ્યક્ષશ્રી : કાઢી નાખ્યું એ. એટલે જ હું કહું છું, એ શબ્દો જ કાઢી નાખ્યા. (xxxxxx) આપણે એ તાળું પણ કાઢી નાખ્યું અને એ શબ્દો પણ કાઢી નાખ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને આપે કહ્યું છે, છતાં પણ જો એ વારે ઘડીએ આપની ટકોર છતાં પણ આ કરે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી હશે કે ગમે તેની ભૂલ થતી હશે તો હું હાઉસમાં એને વાત કરીશ. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એમ નહીં, પણ કેટલી વખત સાહેબ, પહેલી બેંચમાંથી આ લોકો કરશે, તો અમારા લોકો કેવું બોલશે.

અધ્યક્ષશ્રી : તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવો એ પહેલા જ હું કહું છું, આ કાઢી નાખીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય ખરાબ થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું વિનંતી કરું છું, સાંભળો સાહેબ. મારી ખાલી એક વિનંતી સાંભળો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક બોલે છે. પછી બધા બોલો નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ મારી આપને એટલી વિનંતી છે કે માનનીય મંત્રીશ્રી થઇને જો વારેઘડીયે ટકોર કરવી પડે અને છતાંય માને નહીં, તો આ લોકો બોલશે તો ઓરીજનલ પરિસ્થિતિ ગુજરાતના રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરની વાત જતી રહેશે. સાહેબ (અંતરાય) થોડું ઘણું હોય તો ચાલે, પણ(અંતરાય) અહીં તો આખી પરિસ્થિતિનું નિર્માણ જુદું થઇ જાય, એવી કોઇ કાલે વાત નહતી. હું રિયાલીટીમાં એ કહું છું, થોડું હોય તો બરાબર છે પણ આખે આખું પ્રવચન જો માનનીય મંત્રીશ્રીને આપ વારેઘડીયે કાઢયે જશો તો કોઇ અર્થ ખરો? પછી બીજી વારી આવશે એટલે આ શરૂઆત થશે, મારી આપને વિનંતી છે સાહેબ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બરાબર છે, હું વાત કરું છું બેસો, (અંતરાય) આપ પણ બેસો. માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન છે, એમાંથી એક-બે અવલોકન કરો તો એ બરાબર છે, પણ ટોટલ પોલિટીકલ લઇ જવું એના બદલે ગુજરાતની વાત તમે કરો, ચલાવો આગળ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે વિપક્ષના નેતાએ પોતાના પ્રવચનમાં

અધ્યક્ષશ્રી : જે કહ્યું એના જવાબ આવી ગયા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નથી આવ્યા સાહેબ, હજી તો સાચું રેકર્ડ બાકી છે સાહેબ. ગુજરાતના ઉદ્યોગો અને ઉદ્યોગપતિઓની બેલેન્સ શીટમાં વધારો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આવો આક્ષેપ કર્યો છે. સાચા અર્થમાં ઉદ્યોગકારો દ્વારા ઉદ્યોગ લાવવાના કારણે આજે ગુજરાતની અંદર છેલ્લા સાત વર્ષથી એમની આ કોંગ્રેસની રાષ્ટ્રીય કક્ષાએ કેન્દ્ર સરકાર દ્વારા જે આંકડા પ્રસિદ્ધ કરવામાં આવે છે એમાં ૭૨ ટકા રોજગારી આપવાની સાથે ગુજરાત સાત વર્ષથી દેશમાં પહેલા નંબરે છે. એમણે બેલેન્સ શીટની વાત કરી, હું સાહેબ એ

વાત કરવા માગુ છું કે, *(xxxxxx) ની બેલેન્સ શીટ કેવી રીતે વધારો થાય, (અંતરાય) કેવી રીતે વધારો થાય? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એ નામ કાઢી નાખો. જે વિધાનસભામાં હાજર નથી એની કોઇ ટીકા ન થઇ શકે. આ તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે. માનનીય પ્રદિપસિંહ, આ ગુજરાતની વિધાનસભા છે આને ગુજરાત પૂરતું મર્યાદિત રાખો, દિલ્હી સુધી કોઇએ જવાની જરૂર નથી. એણે જે ટીકા કરી એ ગુજરાતના ઉદ્યોગકારોની ટીકા કરી છે, દિલ્હીવાળાના કોઇના વખાણ કર્યા નથી કે ટીકા નથી કરી. એ શબ્દો કાઢી નાખું છું, રેકર્ડ ઉપરથી કાઢી નાખ્યા છે. (અંતરાય) ભાઇ, બાકીના સભ્યશ્રીઓ શાંતિ રાખો, એકને બોલવા દો.(અંતરાય) બેસો તમે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સરકારે કોલસાની દલાલીમાં કાળા હાથ નથી કર્યા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કોલસાની દલાલીમાં કાળા હાથ નથી કર્યા. આ ગુજરાતની સરકારે હેલિકોપ્ટરમાં કોઇ દલાલી નથી કરી,(અંતરાય) આ ગુજરાતની સરકારે આદર્શ સોસાયટીમાં કોઇ એમ.ઓ.યુ. નથી કર્યા. માનનીય અધ્યક્ષશ્રી. આ ગુજરાતની સરકારે ખેલ મહાકુંભ કર્યો છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એક મિનિટ (અંતરાય) એક મિનિટ પ્રદિપસિંહ, જે કાંઇ હોય એ ગુજરાતના પ્રસંગોને ટાંકીને કહેજો તમે, (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું ગુજરાતના રાજયપાલશ્રીના પ્રવચનનો ઉલ્લેખ કરું છું

અધ્યક્ષશ્રી : જો રાજયપાલશ્રીના પ્રવચન ઉપર તમારે ગુજરાતને લગતી (અંતરાય) ગુજરાતની જે કાંઇ પ્રગતિ અને કામગીરી છે એના માટેની વાત છે, એની સરખામણી કોંગ્રેસે કે ભૂતકાળની સરકારે જે ગુજરાતમાં કામગીરી કરી હોય, એટલા પૂરતું મર્યાદિત રાખો. આપણે દિલ્હીના કોલસાના કૌભાંડ કે એ બધું મર્યાદામાં રાખી અને આ ફક્ત ગુજરાત ઉપરની જ વાત કરો, ગુજરાત ઉપરની તમામ વાત કહેવાની તમને છૂટ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો એવું કહ્યું કે કોલસાની દલાલીમાં કોઇ હાથ કાળા નથી કર્યાં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ આને લગતું છે જ નહીં અહીંયા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભ યોજ્યો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, ખેલ મહાકુંભની વાત કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ખેલ મહાકુંભ યોજ્યો પુંજાભાઇ ( આ તકે કોંગ્રેસના સભ્યશ્રી પુંજાભાઇ વંશ તેમના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં) (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો, બેસો, (અંતરાય) કાંઇ નથી પોઇન્ટ ઓફ ઓર્ડર, ના ભાઇ, તમે ગમે ત્યારે ઉભા થાવ એટલે એવું નથી.(અંતરાય) એક મિનિટ, બોલો શું છે ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો મારો અધિકાર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ હોવું જોઇએ ને ? તમારો અધિકાર હું આપું છું પણ, એવું કાંઇ બોલ્યા નથી અને તમે શરૂ કરો છો. બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી માનનીય મંત્રીશ્રી જે બોલવા ઉભા થયા છે, એમના બોલવા ઉપરથી જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે. એના અનુસંધાને હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરું છું.

અધ્યક્ષશ્રી : કહોને. શું એ બોલ્યા અને શું સુસંગત નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમો..

અધ્યક્ષશ્રી : તમે શબ્દો કહોને મને. પછી નિયમ કહેજો, પહેલા શબ્દો કહેજો પછી નિયમ.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : હું વિધાનસભાના નિયમો ૩૪(૧) તરફ આપનું ધ્યાન દોરવા માગુ છું. વક્તવ્ય માટેની સમયમર્યાદા અને ચર્ચા પર મર્યાદા. માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચામાં માનનીય મંત્રીશ્રીએ ચર્ચા પર અસર પાડવાના હેતુ સારું રાષ્ટ્રપતિ કે રાજયપાલશ્રીના નામનો ઉપયોગ કરવો નહીં.

અધ્યક્ષશ્રી : પણ નથી કર્યો એમાં(અંતરાય)

અધ્યક્ષશ્રી : નથી કર્યો એમણે. એમણે રાજ્યપાલને, અરે એ ગુજરાતના રાજ્યપાલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : અગાઉ રાજ્યપાલશ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આપની સૂચના છતા માનનીય મંત્રીશ્રી આપની વાતને અવગણીને વારંવાર ઉલ્લેખ કરે છે, જે વાજબી નથી. જે આ ગૃહના સભ્ય નથી, એવી વ્યક્તિ ઉપર વ્યક્તિગત આક્ષેપ કરવા...

અધ્યક્ષશ્રી : તમે બેસી જાઓ પુંજાભાઇ. તમારી બે વાત છે. એક તો રાજ્યપાલ માટે અને વ્યક્તિગત આક્ષેપની વાત છે. બંને શબ્દો રેકર્ડ ઉપરથી કઢાવી નાખ્યા છે. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. તમારું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય) બેઠા બેઠા કોઇ બોલો નહિ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જ્યારે ચૂંટણી પરિણામ આવવાના બાકી હતા, ત્યારે કોંગ્રેસ પક્ષમાં ચર્ચા હતી. આ ખાતાના પ્રધાન તમે બનજો. આ ખાતાના પ્રધાન તમે બનજો. કેટલાકે તો નવા કપડાં પણ સિવડાવી દીધાં હતાં. આ કારમા પરાજયની હજુ કળ વળી નથી. એટલો બધો પ્રચાર કર્યો સાહેબ કે રોજ ટી.વી. ચાલુ કરીએ એટલે દશા બદલો, દિશા બદલો. દશા બદલો, દિશા બદલો. સાહેબ એવી દુર્દશા થઇ ગઇ છે કે કેટલાક તો અર્ધ પાગલ થઇ ગયા છે.

અધ્યક્ષશ્રી : બહુ બેન્ચ ખખડાવો નહિ. આ બધા લોકો તમને આખાને ખખડાવશે, ત્યારે તમે નારાજ થશો. રાજ્યપાલના પ્રવચન ઉપર આવો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ સરકાર પોતાનું બજેટ બનાવે અને બજેટમાં કેન્દ્ર સરકારની નીતિના આધાર ઉપર બજેટ બનતું હોય અને એના આધાર ઉપર રાજ્યનો વિકાસ થાય. એમણે કહ્યું હતું કે અમે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું. આટલા દિવસો થયા અને હવે એવું કહે છે કે અમારી પાસે જાદુઇ ચિરાગ છે?

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદીપસિંહજી પોલિટીકલ ચૂંટણી ઢંઢેરાની વાત રહેવા દો. તમે ગવર્નરશ્રીના પ્રવચનના આધારે જે કઇ કહેવું હોય તે કહો. સૌરભભાઇ, પ્લીઝ. આગળ ચલાવો. નટવરસિંહ બાપુ, ધીમે ધીમે. હશે હવે. તમે બોલજો. તમને બોલવાની બધી છૂટ છે. આ હાઉસમાં એક જ વ્યક્તિ એવી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીની અંદર અમે એટલું સાંભળ્યું છે ને કે અમારા કાન પાકી ગયા છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : હશે હવે. કાઇ વાંધો નહિ.(અંતરાય) કાન એના પાક્યા. તમે કેમ એવું કરો છો. એ દવા કરાવશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ભાજપને ફેંકું કહેવાવાળા ફેંકાઇ ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી ભારતીય જનતા પાર્ટીની માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આ સરકારને આજે ૪૧૫૫ દિવસ પૂરા થાય છે. ગુજરાતના ઇતિહાસમાં વિકાસના આધાર ઉપર સૌથી વધારે લાંબા સમય સુધી રાજ કર્યુ હોય અને સિદ્ધિની સુવાસ પહોંચાડી હોય તેવો કાર્યકાળ રહ્યો છે. આ કાર્યકાળ એમને એમ નથી રહ્યો. કેન્દ્ર સરકાર પાસેથી આપણી આપેક્ષા હોય કે તમે ગુજરાતને ક્રૂડ ઓઇલ રોયલ્ટી અને આસામને ક્રૂડ ઓઇલ રોયલ્ટીના પૈસા જે ચૂકવો છો, તો જે કોષ્ટકના આધાર ઉપર આસામને ક્રૂડ ઓઇલ રોયલ્ટીના પૈસા આપો છો, એ જ પ્રમાણે પૈસા ગુજરાતને મળવા જોઇએ, એવી આ સરકારની માગણી છે. તમે એ પ્રમાણે જો પૈસા આપો તો ગુજરાતને અત્યાર સુધીમાં રૂપિયા ૬૫૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ગુજરાતની ધરતી ઉપર કોઇ ઉદ્યોગપતિ ઉદ્યોગ કરવા આવે એ ઉદ્યોગ અહીંયા ન કરે. ગુજરાતમાં રોજગારીનું નિર્માણ ન થાય એટલા માટે તે ઉદ્યોગકારો ઉપર ઇન્કમટેકસની રેડ પાડો તેવી સૂચના આપવામાં આવે. ગુજરાતના પ્રસંગોની અંદર સી.બી.આઇ.નો દૂરુપયોગ કરવામાં આવે. આ સી.બી.આઇ. છે કે કોંગ્રેસ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન છે તે પ્રમાણે કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગરીબોને મળવાપાત્ર કેરોસીન. કોઇ રાજયમાં બે ટકા કેરોસીન કાપ્યું, કોઇ રાજયમાં પાંચ ટકા કેરોસીન કાપ્યું, ગુજરાતના ગરીબોને મળાપાત્ર કેરોસીનમાં ૩૩ ટકા

કેરોસીનનો કાપ કરીને ગુજરાતની પ્રજાની ક્રૂર મજાક કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે વિપક્ષના નેતાએ પોતાના ચાલુ પ્રવચનમાં જાહેરાત કરી કે હમણાં સી.બી.આઇ.એ કોઇ અધિકારીની ધરપકડ કરી છે. તેઓ વિપક્ષના નેતા છે કે સી.બી.આઇ.ના પ્રવક્તા છે? સભાગૃહની અંદર એમણે આવી રજૂઆત ન કરવાની હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તેઓ બોલ્યા છે, તેનો જવાબ આપે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પોલીસ, ગુજરાતની ધરતી ઉપર કોઇ આતંકવાદી..

અધ્યક્ષશ્રી : એક મિનિટ. સાંભળો. દંડક ઉભા થતા હોય તો બાકીના લોકો બેસો. બેસો તમે. અરે ભાઇ તમે બેસો. બલવંતસિંહે વાત કરી છે. તમે બેસો રામસિંહભાઇ. તમે બેસો. પ્રદિપસિંહ એક કાફી છે. હું એમ કહું છું કે એમણે જે વાત કરી છે, તેનો જવાબ આપે છે. નવી વાત નથી કરી. તમે બેસો. ચલાવો આગળ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કેસો કયા હતા?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે અમારા વિપક્ષના નેતા.. શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખુશ થઇને આપતા હોય તેમ ખુશી હતી તેમના મોંઢા ઉપર. ગુજરાતના પોલીસના અધિકારી ઉપર કેસ થાય અને તેમને ખુશી થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી વાત કરી હતી.

અધ્યક્ષશ્રી : તમે વારંવાર ઉભા થાઓ છો. એક મિનિટ. તમે તેમને બોલવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જુઓ તેમને જે રીતે બોલવું હોય, પછી આપ પણ એવું નકકી કરી દેજો કે સામા પક્ષે આ જ સ્થિતિમાં અને આ જ આવવાનું છે.

અધ્યક્ષશ્રી : નહીં. જુઓ ભાઇ. માનનીય વિપક્ષના નેતાશ્રી જે બોલ્યા છે તેનો જવાબ તેઓ આપે છે.

શ્રી પંકજ દેસાઇ : ગઇકાલે વિપક્ષના નેતાશ્રી જે બોલ્યા તેનો જવાબ આપે છે.

અધ્યક્ષશ્રી : બીજો નવો વિષય નથી છેડતા તે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નેતાશ્રીએ એક જ વાત કરી હતી કે આવું થયું છે એમ. બીજી કોઇ વાત નથી.

શ્રી પંકજ દેસાઇ : તેનો જવાબ આપે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બેસો ને.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ટાઇમ બગાડે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. સમય છે. બાકીનું આગળ ચલાવો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેશભરની અંદર દરેક રાજયોમાં રાજયના લોકોની શાંતિ, સુરક્ષા અને સલામતી માટે તેની પોલીસે આવશ્યકતાના આધાર ઉપર કડકમાં કડક પગલાં લીધા હોય. ત્યારે જ ગુજરાતની અંદર શાંતિ અને સલામતી સ્થપાતી હોય છે. જેના ઉપર ગુજરાતની.... (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ તમે...

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પોલીસે પગલાં લીધા છે તે કોઇના સગાવહાલાં કેમ થાય છે તેની મને ખબર નથી પડતી. શા માટે તેના ઉપરાણાં લેવા જોઇએ. ગુજરાતમાં દસ કે બાર એન્કાઉન્ટર થયા. એન.જી.ઓ.ના રવાડે પાછલા બારણેથી ગુજરાતની પોલીસે ગુજરાતની પ્રજાની શાંતિ, સલામતી માટે જે પગલાં લીધા છે તે તમામને કોર્ટની અંદર હેરાન-પરેશાન કરવામાં આવે છે. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટર દૂરથી કોલસો આપવામાં આવે છે. ગુજરાતની માગણી છે કે તેને ઇસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી જે કોલસો આપવામાં આવે છે તેની જગ્યાએ વેસ્ટર્ન કોલ ફીલ્ડમાંથી કોલસો આપવામાં આવે તો ગુજરાતની પ્રજાને વીજળી આપણે સારી રીતે સસ્તી આપી શકીએ. હમણાં, સૌરભભાઇ રહેવા દો. તાજેતરમાં કેગના વડા વિનોદ રાયે પોતે જયારે હાવર્ડમાં કેનેડા સ્કૂલના સેમિનારમાં પ્રવચન કરતા હતા ત્યારે કેન્દ્ર

સરકારની કામ કરવાની પદ્ધતિ અંગે સવાલો ઉઠાવતાં જણાવ્યું કે કેગ કે જે આપણા હિસાબોનું ઓડિટ કરે, તેણે કે કેન્દ્ર સરકાર....

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય પ્રદિપસિંહ, કેન્દ્ર સરકાર વિશે કોઇએ કંઇ કહ્યું હોય તેનો ઉલ્લેખ અહીં કરવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકાર વિશે કોઇએ કાંઇ કહ્યું હોય એનો ઉલ્લેખ અહીં કરવાની જરૂર નથી. ગુજરાત સરકાર વિશે કહ્યું હોય તો તમે ચોક્કસ કહી શકો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો કહેવાનો આશય એ છે કે ઉદ્યોગોને નહીં, કેન્દ્ર સરકાર ઉદ્યોગપતિઓને મદદ કરે છે. આ સરકારે પ્રજાના જન સમર્થનથી ૨૦૦૨માં ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્રભાઇ મોદીનું શાસન, ૨૦૦૭માં ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્રભાઇ મોદીનું શાસન, ૨૦૧૨માં ફરી એક વાર ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્રભાઇ મોદીનું શાસન આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, જમીનોની વાત કરે છે ત્યારે ઉદ્યોગપતિઓને અપાયેલ જમીનની વાત કરે છે જયારે આ વિપક્ષની સરકાર સત્તા સ્થાને હતી. ગોચરની વાતો કરનારા લોકોને હું યાદ દેવડાવવા માગુ છું કે, ૧૯૮૫ થી ૧૯૯૦ના પાંચ વર્ષના ગાળામાં જેટલા ઉદ્યોગોને જમીન ફાળવાઇ એમાં ૯૪ ટકા જમીન ગોચરની કોંગ્રેસના વખતમાં ફાળવાઇ. ભાજપે ૧૨ વર્ષની અંદર જે ઉદ્યોગોને જમીન ફાળવી, એમાં માત્ર પાંચ ટકા જમીન ગોચરની ઉદ્યોગોને આપી છે. સેન્ટ્રલ સ્ટેટેસ્ટીકલ ઓર્ગેનાઇઝેશને દેશના કૃષિ વિકાસનો દર ૧.૮ ટકા ગણ્યો છે અને ગુજરાતના કૃષિ વિકાસનો દર એ ૧૦.૮૦ ટકા ગણ્યો છે.

ગઇકાલે વિરોધ પક્ષના નેતાશ્રીએ ગૌવંશની હત્યાની વાત કરી. આ દેશની અંદર નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની આ સરકારે ગુજરાત એનિમલ પ્રિઝરવેશન એકટમાં ગયા વર્ષે સુધારો કરીને ગૌવંશની અનધિકૃત રીતે હેરફેર ઉપર પ્રતિબંધ મૂકયો છે, એના વાહનોની જપ્તીની જોગવાઇ કરી છે અને અગાઉ ન હતી તેટલી કડકમાં કડક સજાની જોગવાઇ કરી હોય તો આ નરેન્દ્રભાઇ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. સરદાર પટેલના સ્ટેચ્યુની વાત કરી હું એ યાદ દેવડાવવા માગુ છું (અંતરાય) કે, ગુજરાતના લોખંડી પુરુષ સરદાર સાહેબ માટે સમગ્ર ગુજરાતને માન હોય. વડાપ્રધાનને લાયક હતા, સર્વસ્વીકૃત હતા અને મહાત્મા ગાંધીજીના કહેવાના કારણે જ ગૃહ મંત્રી બન્યા હતા. આ •(xxxxxx) સરદાર સાહેબની સતત અવગણના કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : •(xxxxxx) એ શબ્દો હું કાર્યવાહીમાંથી દૂર કરું છું. તમે તમારું પ્રવચન ગુજરાત ઉપર જ આગળ વધારો. કોઇ પણ વ્યકિતની ટીકા નહીં, કોઇ સંસ્થાની ટીકા નહીં (અંતરાય)એ કાઢી નાંખ્યા છે. (અંતરાય) એનું આખું પ્રવચન કાઢી નાંખીશું એવું લાગશે તો માનનીય પ્રદિપસિંહ તમારું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, મારો તો કહેવાનો એટલો જ આશય હતો કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગુજરાત ઉપર જ બોલો, એમના પ્રવચન ઉપર કહો જે કહેવું હોય તે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાહેબ, કેવી રીતે પ્રવચન થઇ શકે.

અધ્યક્ષશ્રી : તમે તમારું પ્રવચન ચાલુ રાખો. તમારુ કેટલું પ્રવચન બાકી છે? (અંતરાય) શાંતિ રાખો તમે, એક મિનિટ.(અંતરાય) રાઘવજીભાઇ, એ અસંસદીય હશે તો બધા શબ્દો હું કાઢી નાંખીશ. એને બોલવા દો. નહીં તો આમાં બધાનો સમય કપાઇ જશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજય છે કે જેની અંદર (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આવી રીતે ન બોલવા દેવાની પદ્ધતિ બરાબર નથી. અસંસદીય બાબત બોલશે એ બધું હું કઢાવી નાંખીશ. બાકી બોલવા ન દેવા એ કોઇ વાજબી વાત નથી. એમના બોલેલા બધા અસંસદીય શબ્દો હું કાઢી નાંખું છું. આમાં બધાનો સમય કપાઇ જશે પ્રૉરેટા મુજબ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગુજરાત એક એવું રાજય છે, જેની અંદર લો યુનિવર્સિટી છે,

અધ્યક્ષશ્રી : કેમ ઉભાં થઇ ગયા તમે? આવી રીતે ન બોલવા દેવાની પદ્ધતિ બરાબર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય બગડે છે.

અધ્યક્ષશ્રી : અસંસદીય બાબત બોલશે તે બધું હું કઢાવી નાંખીશ. બાકી બોલવા ન દેવા એ કોઇ વાજબી વાત નથી. તમે બધા બેસો. એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી કઢાવી નાંખ્યા છે, પછી પાછા ખેંચવાની ક્યાં વાત છે? એક મિનિટ, જેટલા અસંસદીય શબ્દ કોઇપણ સભ્ય બોલશે, નિયમ વિરુદ્ધના શબ્દો કોઇપણ સભ્ય બોલશે, એવા શબ્દો હું રેકર્ડ ઉપરથી કાઢી નાંખીશ. એક મિનિટ, બલવંતસિંહને બોલવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને આપે પણ અવારનવાર સૂચના આપી અને એ શબ્દો આપે કાઢી નાંખ્યા છે, મારી આપને વિનંતી છે કે અવારનવાર આ શબ્દો બોલાતા હોય તો માનનીય મંત્રીશ્રી પોતે એમ કહી દે કે આ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. તો જ આ બરાબર ચાલી શકશે, નહિ તો વારેઘડીએ આપ કર્યા કરશો અને આ રીતે જ ચાલ્યે જશે. અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમામ મંત્રીશ્રી કે સભ્યશ્રીઓને સૂચના કે કોઇપણ વ્યક્તિ હાઉસમાં હાજર ના હોય એની કોઇએ ટીકા કરવી નહિ, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર તમારે જે વાત કરવાની હોય એ ગુજરાતને લગતી રિલેટેડ વાત જ કરો, દિલ્હી સાથે સરખાવવાની કોઇ જરૂર નથી. કોઇએ સરખાવ્યા હોય તો એનો જવાબ તમે આપી શકો છો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સાથે સરખાવવા માગું છું. હું એ વાત યાદ કરાવવા માગું છું, હું અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઉં છું. મને યાદ છે એ દિવસો જ્યારે કોંગ્રેસનું શાસન હતું, અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની હોય ત્યારે આખા શહેરની અંદર, આખા રાજયની અંદર ઉચાટ ભરેલું વાતાવરણ રહેતું હતું, પણ જ્યારથી ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યું છે, ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા સલામત રીતે નીકળે છે. હું એ દિવસો યાદ કરાવવા માગું છું કે કોંગ્રેસના શાસનમાં એવો વખત આવ્યો હતો કે પોરબંદરની જેલ બંધ કરવામાં આવી હતી. કોંગ્રેસના ૧૯૯૦ થી ૯૫ના શાસનમાં આખેઆખા નગરો ગુંડાઓના નામથી ઓળખાતા હતા. શહેરની શાંતિ અને સલામતીને ગુંડાઓ બાનમાં લેતા હતા. આજે નવનિર્માણના દિવસોમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે કોઇને ગુંડા કહ્યા નથી, ગુંડા લોકોના હાથમાં શાસન હતું એમ એમણે કહ્યું છે. એક મિનિટ, માનનીય બલવંતસિંહ, શાસનકર્તા ગુંડા હતા એવું નહિ, પણ ગુંડા લોકોના હાથમાં કન્ટ્રોલ હતો, કોઇ વ્યક્તિને ગુંડા ના કહી શકે, કોઇ વ્યક્તિને ગુંડા કહેલ હશે તો હું કાઢી નાંખીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ અને દેશના હતાશ યુવાનોનું આ રાષ્ટ્રના લોકોની આશાનું કિરણ કોઇ હોય તો એ નરેન્દ્રભાઇ મોદી છે. હમણાં ભારતની સરહદ ઉપર જ્યારે લાન્સ નાયક હેમરાજ અને લાન્સ નાયક સુધાકર સિન્હાના માથા કાપીને જ્યારે પાકિસ્તાનના લોકો લઇ ગયા, આપણને દેશની સલામતીની ચિંતા હોય, આપણે ગુજરાતના નાગરિક છીએ, આ દેશના લોકો કહેતા, સરહદ પરના જવાનો કહેતા અગર નરેન્દ્રભાઇ મોદી હોત, તો આ દેશની હાલત આવી ના થઇ હોત.

અધ્યક્ષશ્રી : તમારી પાસે એક મિનિટ છે, તમારે જે કહેવું હોય તે એક મિનિટમાં પૂરું કરી દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિથી, સબળ નેતૃત્વ અને સૌના સાથ અને સૌના વિકાસ સાથે તૃષ્ટીકરણની રાજનીતિને જાકારો આપીને વિકાસની રાજનીતિના નવા સંદેશ સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ દેશ અને દુનિયામાં આ ગુજરાતનું જે રીતે નામ ઉંચું કર્યું છે. ગુજરાતની વાત થાય ત્યારે ગમે ત્યાં આપણને કોઇપણ મળે તો ગુજરાતીઓને આ સફળ અને સબળ નેતૃત્વના આધાર ઉપર રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં જે સફળ અને સબળ નેતૃત્વની વાત કરી છે, એના આધાર ઉપર દેશના લોકો ઝંખી રહ્યા છે, દેશના સરહદના જવાનો ઝંખી રહ્યા છે, દેશના યુવાનો ઝંખી

રહ્યા છે. એવા રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ જે માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર લઇને આવ્યા છે તેને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**(વિરામ ૧૦ ૩૦ થી ૧૧-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા નામદાર રાજયપાલશ્રીના ૨૩-૧- ૨૦૧૩ના રોજ ગુજરાત વિધાનસભા સમક્ષ કરેલ પ્રવચન માટેના આભાર પ્રસ્તાવને એટલા માટે સમર્થન આપતો નથી કે ૨૯-૧-૨૦૧૩ના રોજ ગુજરાત સમાચારની બે જ લાઇનમાં એવું ટાઇટલ લખેલું હતું કે 'ચોર લૂંટારા આબાદ, પ્રજા બરબાદ, તોય સલામત અમદાવાદ.' માનનીય અધ્યક્ષશ્રી, એક જ દિવસમાં ૪૨ લાખ રૂપિયાની લૂંટ થાય અને તરત જ સાબરમતી જેલમાં સુરંગ અને તે પણ કેવી રીતે ૨૬ ફૂટની લંબાઇ અને ૧૬ ફૂટની પહોળાઇ વાળી આ...

અધ્યક્ષશ્રી : કાંઇક વાજબી રાખો. ૧૬ ફૂટ પહોળાઇ નહોતી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આખી તેની કાર્યવાહી થાય, પણ મારે આપના મારફતે એ કહેવું છે કે, આમાં કંઇક ગરબડ છે. આમાં કોઇ વ્હાઇટ કોલરને જેલમાં જવાનો વારો કદાચ હોય એટલે આગળથી સાંઠ-ગાંઠ કરી લીધી હોય કે આ સુરંગ ખોદાય તો બારોબાર નીકળી જવાય. આવી એક માનસિકતા આમાં દેખાય છે. માનનીય પ્રદિપસિંહભાઇએ ઘણી વાત કહી. રાજકીય અવલોકનનો મારે એક પણ શબ્દ બોલવો જ નહોતો, પણ તેઓ બોલ્યા છે અને બે સૈનિકોના ધડની વાત જયારે કરી છે, ત્યારે મારો પ્રદિપસિંહભાઇને એટલો જ જવાબ છે કે આ દેશની સર્વોચ્ચ પાર્લામેન્ટ ઉપર એટેક થયો ત્યારે સરકાર કોની હતી ? તે બાજપાઇ સાહેબની સરકાર હતી અને પાર્લામેન્ટ ઉપર જબરજસ્ત એટેક થયો..

અધ્યક્ષશ્રી : વળી પાછું દિલ્હી સુધી ન પહોંચો.

શ્રી જસાભાઇ ભા. બારડ : તેમણે દિલ્હીનું કહ્યું એટલે તેનો આ જવાબ છે. મારે આપના માધ્યમથી એ કહેવું છે કે આ દેશની કોંગ્રેસ તે ૧૨૭ વર્ષ જૂની કોંગ્રેસ છે. અને જેનો જન્મ નથી થયો એ લોકો તેની ટીકા કરે એ બિલકુલ વાજબી નથી. મારે એ કહેવું છે કે આ દેશમાં જયારે કોંગ્રેસની સ્થાપના થઇ મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, વલ્લભભાઇ પટેલ અને ગાંધીજીની રાહબરી નીચે આ કોંગ્રેસની સ્થાપના થઇ છે, તે કયારેય તૂટવાની નથી મિત્રો. મારે બીજી વાત એ કરવી છે કે કાઠમંડુથી કંદહાર સુધી હેલિકોપ્ટરમાં કોણ મૂકવા ગયુ હતું ? અફઝલ ગુરૂના ગુરૂ હમણાં ફાંસી આપી, તેમના ગુરૂને કોણ મૂકવા ગયું હતું? એ જ જશવંતસિંહ. એટલા માટે કહું છું કે તેમણે વાત કરી છે. મારા પિતાતુલ્ય કેશુબાપા બેઠા છે. કેશુબાપાની પણ વાત કરી. બેઠા છે. (અંતરાય) વાત કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મોહનભાઇ, શાંતિ રાખો.

શ્રી જસાભાઇ ભા. બારડ : વાત સાંભળવાની તૈયારી તો રાખવી પડે ને? મારે એ કહેવું છે કે શંકરસિંહ વાઘેલાએ આ ગુજરાતની અંદર જે સરકાર ચલાવી અને સરકાર ચલાવ્યા પછી તેની પાછળથી જે ખંજર ખોસવાની જે વાત કરી છે, તેનો મારો જવાબ છે કે કેશુબાપા નહીં, સુરેશ મહેતા, એ.કે.પટેલ, હરેન પંડયા એ બધાને કોણે ખંજર માર્યું છે એ આખું ગુજરાત જાણે છે મિત્રો. મારે એટલા માટે વાત કરવી છે કે આ ગુજરાતની આઝાદી ૨૦૦૨ પછી મળી હોય એવું મને લાગે છે. તે પહેલાં તો આઝાદી નહોતી કે લોકશાહી નહોતી. આ વાત જયારે મારા મિત્રો કરે છે ત્યારે મારે વાત એ કરવી છે ૨૦૦૨ પહેલા કોઇ સરકાર જ નહોતી અને લોકશાહી જ નહોતી? મારે એક વાત કહેવી છે કે આ ગુજરાતની જનતાએ સમજી વિચારીને તમને ૨૦૦૨માં મેન્ડેટ આપ્યો હતો, એ તમને કોઇ વિકાસના નામે નહોતો આપ્યો. સ્પષ્ટ શબ્દોમાં કહું તો ૧૨૭ બેઠકો એ વખતે ધાર્મિક લાગણી દૂભાવીને મળી હતી. ૨૦૦૭ ની ચૂંટણી આવી, એમાં તમારી બેઠકો ઘટી છે. ૧૧૭ બેઠકો થઇ છે અને ૧૨૧ થઇ એ તો પેટા ચૂંટણીઓમાં થઇ હતી. પણ પોણો ટકો મત તમારા ઘટયા હતા. પછી ૨૦૧૨ની ચૂંટણીઓ આવી, એમાં પણ તમને ગુજરાતની પ્રજાએ પોણા બે ટકા મત ઓછા આપ્યા છે. અને તમારી સીટો ઘટીને ૧૧૫ થઇ ગઇ છે. ભૂતકાળમાં કેશુબાપાના વખતમાં તમે નજર નાખશો તો તે

વખતે ૧૯૯૮માં લોકસભાની ચૂંટણીઓ આવી, અને ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર ૧૯ બેઠકો ભાજપને મળી હતી. ૧૯૯૯માં ચૂંટણીઓ થઇ તેમાં ૨૦ બેઠકો મળી હતી, અને આ તમારું પ્રગતિશીલ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત, એમાં કોઇ દિવસ ૧૪ અને ૧૩ બેઠકોથી વધુ બેઠકો મળી નથી. આ તમારો રેકોર્ડબ્રેક છે. એટલે પૂર્વ મુખ્ય મંત્રીશ્રી, અને આપણા બધાના વડીલ એવા કેશુભાઇની સરખામણી થઇ શકે એમ જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત પોલીસ બેડાની કરવાની છે. પોલીસ બેડામાં ચૂંટણીઓ પહેલા ભરતીનું કામ થઇ ગયું છે અને ૮૦૦૦ પોલીસોની ભરતી થઇ છે તેવું મને જાણવા મળ્યું છે. જો એ ચૂંટણી પહેલા ભરતી થઇ ગઇ હોત તો આજે પણ પોલીસ સ્ટેશનોમાં જે પરિસ્થિતિ છે એ એટલી બધી વણસી ગયેલી છે કે ત્યાં સ્ટાફ નથી, અને આજે સુરંગકાંડ અને બીજી જે પરિસ્થિતિ ઉભી થઇ છે તે આ સ્ટાફ નથી તેના હિસાબે ઉભી થયેલી છે. એટલે આ કામગીરી પણ થઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું એ કહેવા માગું છું કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને આ સભાગૃહના નેતાશ્રીએ ચૂંટણી દરમિયાન કહેલું કે ગુજરાતમાં નવા જિલ્લાઓ બનાવવામાં આવશે, અને એમણે નવા જિલ્લાઓ બનાવવાની જાહેરાત પણ કરેલી. છોટા ઉદેપુર, ગિર સોમનાથ, અરાવલી, બોટાદ, મહિ સાગર, અને દેવ ભૂમિ દ્વારકા,

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ બાકી છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : હોય સાહેબ,

અધ્યક્ષશ્રી : તો હું શું કરું? તમને ૧૦ મિનિટ ફાળવેલી છે અને ૮ મિનિટ પૂરી થઇ ગઇ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : તેમણે આ જિલ્લાઓ માટે પડકાર ફેંકીને વાત કરી હતી કે ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ આ નવા જિલ્લાઓ કાર્યરત થઇ જશે. ૨૬મી જાન્યુઆરી તો ગઇ. ભૂતકાળમાં માનનીય શંકરસિંહ વાઘેલાએ જિલ્લાઓ જાહેર કર્યા હતા. ખેડા, અને નડિયાદની વાત આવી, તોફાનો થયા, માથાકૂટ થઇ, પરંતુ કોઇની વાત સાંભળ્યા સિવાય તેમણે આ જિલ્લાઓ કાર્યરત કર્યા હતા. તેનો યશ એમને મળે છે. હવે આ જિલ્લાઓ જાહેર કર્યા છે તે કયારે કાર્યરત થશે તેની મને ખબર નથી. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારનો જિલ્લો આગલા વર્ષે જાહેર કર્યો છે તેવું મને આધારભૂત રીતે જાણવા મળ્યું છે. એ પણ કાર્યરત નથી થયો.

અધ્યક્ષશ્રી : બોલો, એક મિનિટ છે હજુ આપની પાસે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની બાબતમાં વાત કરીએ તો આજે આ ૨૧મી સદીમાં જે પરિસ્થિતિ ઉભી થઇ છે, એમાં આખું વાતાવરણ જે ઉભું થયું છે તેને કારણે હાર્ટની બિમારી, કેન્સરની બિમારી, કિડનીની બિમારી, આવી બિમારીઓ કે જેમાં મોટા ખર્ચ કરવા પડે છે, તેવી બિમારીઓનું પ્રમાણ પૂષ્કળ પ્રમાણમાં વધ્યું છે. ત્યારે આ જે બે લાખ રૂપિયાની મર્યાદાની વાત કરી છે, એ બે લાખની મર્યાદા પણ કાઢી નાખવી જોઇએ. આ ગુજરાતની ૬ કરોડની જનતા માટે આ દવાખાનાઓની મને ચિંતા છે. આજે સોમનાથમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. સાહેબ આપને કહેવા માગું છું કે ૧૨૭નું મહેકમ છે, એમાંથી ફકત ૧૨ જણા જ હાજર છે. સુત્રાપાડા તાલુકામાં ૨૭ના મહેકમ સામે ફકત ત્રણ જણા હાજર એટલે ૨૪ જણા ગેરહાજર અથવા તો ખાલી જગ્યા એટલે આ તો પાંજરાપોળ જેવી પરિસ્થિતિ કરી છે. આ શરમજનક બાબત છે. એના ઉપરથી જ ખ્યાલ આવે છે કે આરોગ્યનું તંત્ર કેટલું કથળેલ છે.

શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, મેં સુધારો મૂકયો છે એના અનુસંધાને પહેલા વાત કરી લઉં.

સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણી માટે ઘણું બધું આયોજન થયું છે. પરંતુ આજે વાસ્તવિકતા શું છે? વાસ્તવિકતા એ છે કે ચારે તરફ પાણીના પોકારો ઉઠયા છે અને હજી આવતા દિવસોમાં પરિસ્થિતિ વણસવાની છે. પાણી પહોંચાડવા માટે ટેન્કરની વ્યવસ્થા પણ કરવી પડશે, બોર પણ કરવા પડશે અને પાઇપ લાઇન નંખાઇ છે, એમાં પાણી આવતું જ નથી ત્યારે એમાં પાણી વહેલી તકે વહેવડાવવું પડશે. મારા મત વિસ્તારમાં હું ફરતો હતો ત્યારે જોવા મળ્યું કે દસ

વરસ પહેલા નાખેલી પાઇપ લાઇન એમાં આજ સુધી પાણી આવ્યું જ નથી. પાણી નથી આવ્યું એના કારણે ખેડૂતોએ કયાંક પાઇપો ખેડી નાખી છે, કયાંક પાઇપ લાઇનો નીકળી ગઇ છે તેથી એ પાઇપ લાઇનો પહેલા ઠીક કરીને એમાં પાણી વહેવડાવાની જરૂર છે. જયાં એ વ્યવસ્થા ન થઇ શકે ત્યાં ટેન્કર દ્વારા અને એ પણ ન થઇ શકે તેમ હોય ત્યાં બોર કરીને પણ પાણી આપવું જોઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમોમાં એક મિલિયન એકર ફીટ પાણી આપીને ભરીશું એને હું ચોક્કસ આવકારુ છું. પરંતુ સવાલ એ છે કે ચૂંટણી આવતી હતી એ પહેલા જાહેરાત થઇ, મારી પાસે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન આયોજનની ચોપડી છે, સરકારની પ્રસિદ્ધ થયેલી પુસ્તિકા છે, કન્સલ્ટન્ટને કામગીરી સોંપવામાં આવે અને એના ખર્ચના આધારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દસ હજાર કરોડ રૂપિયાનું આયોજન કર્યુ. કોઇપણ વસ્તુ થાય તે વખતે ઇન્વેસ્ટીગેશન સરવે થાય ત્યારે અંદાજ થાય ત્યાં સુધી અંદાજ આવતો નથી. ત્યારબાદ ટેકનિકલ સેંકશન મળે અને એ ટેકનિકલ સેંકશન મળ્યા પછી વહીવટી મંજૂરી મળે. આ ત્રણમાંથી એકેય જગ્યામાંથી આ યોજના પસાર થઇ છે કે કેમ, જો થઇ હોય તો મને જણાવવામાં આવે. સાહેબ મે મહિનાની અંદર આ દસ હજાર કરોડની વાત કરી અને ઓકટોબરમાં ચૂંટણી આવી રહી હતી ત્યારે મે મહિનામાં ચૂંટણીને વાર હતી ત્યારે બોટાદની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી જાહેરાત કરી કે સૌરાષ્ટ્રની અંદર ૭૭ ડેમો હું નર્મદાના વધારાના પાણીથી ભરી આપીશ. નર્મદાના વધારાના પાણીથી ભરવાની વાત કરી એમાં એમણે એમ કહ્યું કે ૫૮ હજાર કરોડ રૂપિયા અને ૭૭ ડેમો, ચાર મહિના પછી ફરી ગયા અને દસ હજાર કરોડ રૂપિયાનું આયોજન અને ડેમ ભરવાની સંખ્યા ૧૧૫ થઇ ગઇ, એટલા માટે મારા મનની અંદર શંકા પેદા થઇ કે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ બોટાદમાં ભાષણ કર્યુ એનું અક્ષરશઃ ભાષણ વાચું છું. મારી પાસે વિડિયો કલીપીંગ છે, એની સાબિતી છે. નર્મદા ડેમ બનાવવા માટે તથા કેનાલ બનાવવા માટે ૪૦ થી ૪૫ વરસમાં જેટલો ખર્ચ થયો, આ મારા શબ્દો નોંધી રાખજો. એ બધા લોકોને કહે છે ૪૦-૪૫ વર્ષમાં સરદાર સરોવર ડેમ બાંધવા માટે જેટલો ખર્ચ થયો તેના કરતા ડબલ ૫૮ હજાર કરોડ રૂપિયા ખર્ચીને પાઇપલાઇનથી આ પાણી સૌરાષ્ટ્રમાં વિતરિત કરી રહ્યા છે, તેનું કામ ચાલી રહ્યું છે. ૭૭ ડેમ સૌરાષ્ટ્રના આ પાણીથી ભરાવવાના થાય છે. ચાર મહિનામાં ઘટી ગયા. રકમ જ ઘટી ગઇ અને ડેમોની સંખ્યા વધી ગઇ. આ ઉપરટપકે જાહેરાતો છે તેને કોંક્રીટ સ્વરૂપ આપો. અમે ઇચ્છી રહ્યા છીએ કે ૧૧૫ ડેમ ભરાય અને અમને એની હકીકત આપો કે ક્યારે ટેકિનકલ સેંકશન મળી? ક્યારે વહીવટી મંજૂરી મળી? કેટલું સરવે ઇન્વેસ્ટીગેશન પહોંચ્યું છે અને કયારથી કામ શરૂ કરવા માગો છો, અમે એને આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી સરદાર સરોવર ડેમને નિસ્બત છે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કેટલીક વાતો ગઇ કાલે કરી છે, પણ મારું એ કહેવાનું છે કે માનનીય રાજપાલશ્રીના પ્રવચનમાં એમ કહેવાયું કે જૂન-૨૦૧૩ સુધીમાં મોટા ભાગની કેનાલોનું કામ પૂર્ણ થશે જ. જૂન-૨૦૧૩ એટલે ત્રણ મહિના પછી. બાકી કેટલી છે? ૪૮,૦૦૦ કિલોમીટર લંબાઇની કેનાલ કરવાની બાકી છે. જે આટલા ૧૦-૧૨ વર્ષે તમે નાની મોટી સહિત માત્ર ૨૦,૦૦૦ કિલોમીટરની લંબાઇ કરી શક્યા અને આ ત્રણ મહિનામાં ૪૮,૦૦૦ કિલોમીટરની કરી નાખવાના છો? માનનીય અધ્યક્ષશ્રી, આ વિવિધ વાતો તો જૂઓ. નર્મદા નિગમની ૩૧-૩ના રોજ મળેલ ૧૫૩મી બોર્ડ મિટિંગમાં એજન્ડા ઉપર કહ્યું એ મુજબ અમે ૧૮થી ૨૪ મહિના લેવાના છીએ. આ નર્મદા નિગમ કહે છે. એટલું નહીં, નર્મદાનું આ પુસ્તક છે. આ હમણાં જ પ્રસિદ્ધ થયું છે. એમાં એમણે એમ કહ્યું છે પ્રગતિ હેઠળના કામો આગામી બે-ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. નર્મદાનું કોર્પોરેશન એક વાત કરે છે. બીજા લોકો બીજી વાત કરે છે અને સરકાર કહે છે કે ત્રણ મહિનામાં અમે પૂરું કરી નાખીશું. આ વાત આવી રીતે કહેવી કેટલે અંશે વાજબી છે, આ હકીકત હું રેકર્ડ ઉપરથી જો કોઇને જોઇતું હોય તો સાબિત કરવા માટે થઇને તૈયાર છું. જયાં ૪૮,૦૦૦ કિલોમીટર લંબાઇની કેનાલ

કરવાની બાકી છે એ કેનાલ તમે ત્રણ મહિનામાં પૂરી કરશો અને પછી કેવા • (xxxxxx) કારણો બતાવે છે કે ..

અધ્યક્ષશ્રી : એક (xxxxxx) શબ્દ કાઢી નાખો.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અસંસદીય નથી. અસંસદીય શબ્દોનું લિસ્ટ છે..

અધ્યક્ષશ્રી : ચલાવો તમે, એ જોઇને કાઢીશું.

શ્રી કેશુભાઇ સ. પટેલ : એમાં (xxxxxx) શબ્દ અસંસદીય નથી. છતાં તમે કહો છો, તો કાઢી નાખજો.

અધ્યક્ષશ્રી : એ તો મેં જ કાઢી નાખ્યા, આપે પાછા ખેંચવાની જરૂર નથી.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની ધીમી પ્રગતિના કારણો બતાવે છે. પડતર જમીનોની મુશ્કેલી, પડતર જમીનો જે સરકારે આપવાની હોય અને પાણીનો ભરાવો. પાણીનો ભરાવો થયો, પંપ મૂકીને પાણી કાઢી નાખો. ઉભા પાકને કારણે સંપાદન કરેલ જમીન ન મળી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે. આઠને બદલે દસ મિનિટ આપું છું. (અંતરાય)

શ્રી કેશુભાઇ સ. પટેલ : ઉભો પાક તો એક સીઝનનો હોય. ૧૦-૧૨ વર્ષ સુધી..(અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : પાર્ટીના સંખ્યા બળના આધારે સમય ફાળવવામાં આવે છે, તો આ સમય કોંગ્રેસનો..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇનો સમય કોઇને ફાળવવાનો નથી. તેમને અધ્યક્ષ તરફથી ઇન્ડીવીજ્યુઅલ સમય મળશે. ચાલો, ચલાવો. નહીંતર એ પ્રિસિડન્ટ પડી જાય કે અમારો સમય આને ફાળવો. આ પાર્ટી કે આ પાર્ટી, કોઇ કોઇને સમય ન ફાળવી શકે.

શ્રી કેશુભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુભવી મજૂરોની અછત. માટે આ મોડું થયું. આ ૧૨ વર્ષ નીકળી ગયા, ૧૨ વર્ષ સુધી સરકારને અનુભવી મજૂરો નથી મળ્યા. પછી એથી વિશેષ કહે છે, મેટલ, રેતી, કપચીના ભાવમાં આવેલ ઉછાળો. મેટલ, કપચી અને રેતી તો કોન્ટ્રાક્ટરોએ આપવાના હોય, એમણે એના કારણો બતાવ્યા છે, એના ભાવમાં ઉછાળો હોય તો કોન્ટ્રાક્ટરોએ ભોગવવાનો હોય. સરકારની ઇચ્છા શક્તિ જ નથી. ઇચ્છા શક્તિ વગરની આ સરકાર છે. આના પરિણામે સ્થિતિ એ ઉભી થઇ છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય ગૃહને જે સંબોધન કર્યું અને મારા સાથી સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર જેનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું. કર્મ એ જ જીવન છે અને છ કરોડની જનતાએ જેનામાં શ્રદ્ધા અને વિશ્વાસ મૂક્યો છે તેવા..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ ૧૧-૧૦ વાગ્યે પ્રવચન શરૂ કર્યું હતું અને ૧૧-૨૦ ઉપરાંત અડધી મિનિટ થઇ છે. હું આ બૂકમાં દરેકનો સમય નોંધું છું. બોલવાનો ચાન્સ પછી આપીશ, અત્યારે ન હોય.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, જે રાજયના મુખ્યમંત્રીનો 'કર્મ એ જ જીવન' મંત્ર છે, છ કરોડની જનતાએ જેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ મૂક્યો છે. એવા જનપ્રિય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. એમની ઇચ્છા શક્તિના કારણે આમજનતાને અનેકવિધ યોજનાઓ આપીને રાજ્યના છેવાડાના માણસોની સેવા થાય એવા એક નહીં અનેક આયામો કરીને રાજય સરકારે ગુડ ગવર્નન્સનું બિરુદ પ્રાપ્ત કર્યું છે, એના થકી રાજયને ગુડ ગવર્નન્સની નામના મળી છે, ખ્યાતિ મળી છે, આ માત્ર ભાષણોથી નથી મળી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે. આ રાજય સરકારના અનેકવિધ સારા કામોને કારણે ૧૫૮ કરતાં વધારે શ્રેષ્ઠ કામગીરીના એવોર્ડો આ રાજય સરકારને પ્રાપ્ત થયા છે અને એમાંય અનેક એવોર્ડ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કેન્દ્ર સરકાર તરફથી આપણને મળ્યા છે. બધા સભ્યશ્રીઓ જુદી જુદી વાતો કરે છે, પણ હું એ કહેવા માગું છું કે આ રાજયના મુખ્યમંત્રીની ઇચ્છા આમજનતાની સેવા કરવાની છે. આમજનતાની સેવા કરવાવાળા અનેક વિભાગો છે. એના દ્વારા સેવાકીય કામગીરી થાય છે. એમાં અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહક અને તોલમાપ વિભાગ છે. એ વિભાગ બાબતમાં મારે વિચારો રજૂ કરવા છે. આ વિભાગને જે સપ્લાય કરવામાં આવે છે એ મોટા ભાગનો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા સપ્લાય કરવામાં આવે છે. તેનું વિતરણ બધા રાજ્યોમાં થાય છે. ગુજરાતમાં જે સપ્લાય થાય છે એ બાબતમાં મારે ધ્યાન દોરવું છે કે, એમાં આ જથ્થાનો સંગ્રહ કરવાની બાબત છે. આપણે ટી.વી. અને પેપરમાં અનેક જગ્યાએ કેન્દ્ર સરકારે મોકલેલું અનાજ ક્યાંક રેલવે ઉપર, ક્યાંક બંદરો ઉપર, ક્યાંક હેરાફેરીમાં સડી ગયેલું આપણે જોઇએ છીએ. આ કેન્દ્રે મોકલેલા અનાજનું સુવ્યવસ્થિત રીતે સાચવણીનું આયોજન થાય, એને રાખવાની વ્યવસ્થા છે એ રાજય સરકાર દ્વારા ઉભી કરવામાં આવી છે. એના માટે અનેક જગ્યાએ ગોદામોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, એના સંગ્રહના સ્થાનો ઉભાં કરવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારે મોકલેલ જથ્થાને પ્રજા સુધી પહોંચાડવા માટે સુઆયોજન, એની વ્યવસ્થા અને પારદર્શકતા ન હોય તો એ છેવાડાના માનવ સુધી પહોંચતું નથી. અને એટલા માટે આ રાજયએ આ પુરવઠા વિભાગની અનેક એવી યોજનાઓ છે કે જે આમજનતા સુધી પહોંચે અને પારદર્શકતાથી પહોંચે એના માટેના ઘણા એવા એમણે પગલા લીધા છે. એવી બે–ત્રણ બાબતો આપના ધ્યાન પર મૂકવા માગુ છું. આ અનાજ પહોંચાડવા માટે ફેર પ્રાઇઝ શોપ, સસ્તા ભાવની દુકાનો, એના દ્વારા આની વિતરણ વ્યવસ્થા થાય છે. એની અંદર ઘઉ, ચોખા, કેરોસીન, આયોડીનયુકત મીઠું, ખાંડ તેલ આવી ચીજવસ્તુઓ ગામડાના ગરીબ સુધી, શહેરના છેવાડાના માણસ સુધી પહોંચાડવાનું કામ થતું હોય છે. મારે એ બાબત તરફ ધ્યાન દોરવું છે કે આ પહોંચાડેલી વસ્તુઓ ગરીબ સુધી પહોંચે એના માટે કેન્દ્ર સરકારે આ રાજય સરકારને અભિનંદન અને ધન્યવાદ એટલા માટે આપ્યા છે કે નેવું ટકા કરતા વધારે જથ્થો લોકોને સીધો અને સારી રીતે પહોંચે છે એવું કામ આ રાજય સરકાર દ્વારા થઇ રહ્યું છે. આખા દેશની અંદર એક અલગ જાતનું એક ધ્યાન દોરે એવું હોય તો એ છે મૉડેલ ફેર પ્રાઇઝ શોપ. પહેલા એવું હતું કે આ દુકાનદારો આ ગણેલી ચીજો જ વેચી શકતા હતા. આજે તમે જોતા હશો તો આ ચીજવસ્તુ સિવાય વધારે રાખવાથી દુકાનદારોની જે ઇચ્છા હતી કે અમારું કમિશન વધારો, કમિશન વધારો, પોસાતું નથી. આજે એ પ્રશ્નનું નિરાકરણ થઇને દુકાનદારોએ આ જથ્થો રાખીને એનું વિતરણ પણ વધારે થાય અને એમના પ્રશ્નોનું પણ નિરાકરણ થાય એના માટેની યોજના પણ આમાં કરવામાં આવી છે. મારે બીજી એક વાત કેરોસીનની બાબતમાં કરવી છે, આ એક મુદ્દો કહીને મારી વાતને પૂરી કરીશ કે કેન્દ્ર સરકાર તફરથી પહેલા કેરોસીનનો જથ્થો જે આપણને મળતો હતો એ ૭૬,૭૧૨ કિલોલિટર મળતો હતો. અત્યારે આ જ કેન્દ્રની સરકાર ગરીબોની મસીહા થવાની વાતો કરે છે. એ જથ્થામાં અત્યારે કાપ મૂકીને ૫૬,૧૩૨ કિલોલિટરનો જથ્થો કરી દેવામાં આવ્યો છે. આ કેરોસીનમાં ૨૭ ટકા કાપ મૂકયો છે, આવો અન્યાય કેમ કરવામાં આવે છે કે અહીંયા નરેન્દ્રભાઇની સરકાર છે અને એટલા માટે આ કેરોસીનની જે ડીલીવરી થાય છે, આ અનાજની જે ડીલીવરી થાય છે એની ડો સ્ટેમ ડીલીવરીની વ્યવસ્થા આ રાજય સરકારે પહેલી વખત કરીને લોકો સુધી ઝડપથી પહોંચે, ઓન લાઇન પરમિટની વ્યવસ્થા અને વેબસાઇટ ઉપર આ બધી જ વ્યવસ્થા કરવાને કારણે આમજનતાને જે મુશ્કેલીઓ પડે છે, કેટલો જથ્થો દુકાનદારે ઉપાડયો છે, કેટલા જથ્થાની પરમિટ લીધી છે આ તમામ બાબતો આ વેબસાઇટ ઉપર જોઇ શકાય એવી વ્યવસ્થા રાજય સરકારે કરી છે ત્યારે હું એમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. વિભાગના મંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું અને આપશ્રીએ મને બોલવાની તક આપી તે બદલ આભાર.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**(**રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇએ રાજયપાલશ્રીના અભિભાષણ પર જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું મારો હૃદયપૂર્વકનો ટેકો આપુ છું. તીવ્ર ઇચ્છાશકિત આ ગુજરાતની છ કરોડ જનતાની છે, માટે આ સરકાર ફરી વખત અહીંયા ચૂંટાઇને આવી છે. જનજનની સુરક્ષા માટે આ સરકાર અત્યંત સંવેદનશીલ અને જાગૃત છે. ગૃહવિભાગના આયોજનને જોઇશું તો ૩૮૯૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને આ સરકારે શાંતિ, સુરક્ષા માટે મકકમ નિર્ધાર જાહેર કરેલ

છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉત્તમ રહે એ માટે ૧૭ નવા પોલીસ સ્ટેશન, ૮ પોલીસ સ્ટેશન અપગ્રેડની સ્થિતિમાં હથિયારનું આધુનિકરણની સ્થિતિ, ટ્રાફીક વ્યવસ્થામાં એક હજાર પોલીસના જવાનો, આદિજાતિ વિસ્તારની અંદર પોલીસ આવાસ, આવું તો ઘણું ઘણું અને આપણે સૌ જાણીએ છીએ કે પ્રગતિનો આધાર એ નિતાંત શાંતિ છે. શાંતિ હોય તો પ્રગતિ દેશમાં અને રાજયમાં પ્રગટી શકે છે. આજે આપણે જોઇએ છીએ કે ગુજરાતની બહાર અનેક ઠેકાણે અશાંતિ છે. જ્યારે ગુજરાતમાં નિતાંત શાંતિ છે. આપણે જોઇશું કે લો એન્ડ ઓર્ડરની જે સ્થિતિ છે એમાં છેલ્લા ૧૦ વર્ષથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના રાજમાં, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એક દિવસનો પણ કરફ્યુ નથી એ એનું પ્રમાણ છે. ૧૦ વર્ષમાં ઔદ્યોગિક અશાંતિ ક્યાંય જોવા મળી નથી અને તે વિકાસનું કારણ અને પ્રમાણ છે. મહિલા અને બાળકોની સુરક્ષા માટે ૧૩૦૦ જેટલા મહિલા કર્મચારીઓની એકીસાથે નિયુક્તિ થતી હોય એવું ગુજરાત આખા દેશમાં પ્રથમ રાજ્ય છે અને આ દ્રષ્ટાંત અન્ય રાજ્યો સ્વીકારશે એવું મને લાગે છે. જિલ્લાવાર મહિલા પોલીસ મથકો સ્થાપવાનો મક્કમ નિર્ધાર માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે અને એને અમલમાં મૂક્યો છે. અમદાવાદમાં બે મહિલા પોલીસ સ્ટેશનો છે. નવરાત્રી હોય કે અન્ય કોઇ તહેવાર હોય ત્યારે રાત્રિના ૧૨ – ૧ વાગ્યા સુધી મહિલા એકલી જઇ શકે છે. કોઇને એમાં શંકા હોય તો પોતાની ધર્મપત્નિ, મા–બહેન કોઇને પણ પૂછી શકે છે અને જે જવાબ મળે એ આપના હૃદયમાં રાખીને બોલજો. કોંગ્રેસની બહેનો કંઇક બોલી રહી છે એટલા માટે મારે એમને કહેવું છે કે આ દેશનું પાટનગર દિલ્હી છે. દિલ્હીના મુખ્યમંત્રી માનનીય શ્રીમતી દિક્ષિતજી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શીલા દિક્ષિતજીની વાત મૂકી દો. ગુજરાતની વાત કરો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એમણે એમ કહ્યું કે દિલ્હીમાં મહિલાઓ સુરક્ષિત નથી. ગુજરાત, શાંતિ અને મહિલાઓની સુરક્ષા માટેનું બેરોમિટર છે. સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો ગુજરાતને મળ્યો છે. એની સુરક્ષા કેન્દ્ર હસ્તક છે. તેમ છતાં રાજ્યની સરકારે આ દરિયાઇ સુરક્ષા માટે ૧૨ ટનની ૨૦ સ્પીડ બોટો અને ૬ ટનની ૧૦ સ્પીડ બોટો અત્યારે કોસ્ટગાર્ડની સાથે ખભેખભા મિલાવીને કામ કરી રહી છે. ૨૨ મરીન પોલીસ સ્ટેશનો ઉભા કર્યા છે. કાયદો અને વ્યવસ્થા માટે આ સરકારનો ત્રિપાંખિયો વ્યૂહ છે. રક્ષા શક્તિ યુનિવર્સિટી, એમાં કહેવાયું કે રક્ષા શક્તિની યુનિવર્સિટી તો અન્ય કોઇ જગ્યાએ હતી, પણ આટલા વર્ષોમાં ગુજરાતમાં તો ઓછામાં ઓછું રક્ષા શક્તિ યુનિવર્સિટી ઉભી કરવામાં આવી એનો તો જશ તો તમે આપો મિત્રો. ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, એમાં સાઇબર ક્રાઇમનો અભ્યાસ અને ગુનાખોરીને ડામવા માટે વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરીને જનતાની સારામાં સારી સુરક્ષા કરી શકાય તે માટેના ગુણાત્મક સુધારાઓ આ સરકારે કર્યા છે. નીઠારી હત્યાકાંડમાં જ્યારે સુરેન્દ્ર કોહલીનો ટી.વી. પર નાર્કો એનાલિસિસ ટેસ્ટનો ઈન્ટર્વ્યુ બતાવવામાં આવ્યો ત્યારે સમગ્ર હિન્દુસ્તાનને ખબર પડી કે ગાંધીનગરનું એફ.એસ.એલ. કેટલું સક્ષમ છે. રાષ્ટ્રીય મિડિયાએ પણ આ વાતને વખાણી છે. વૈજ્ઞાનિક ઢબની તપાસ સમજી શકાય, જોઇ શકાય એનો પર્યાપ્ત દાખલો આ ગુજરાતમાં છે. અમદાવાદના સિરિયલ બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીઓને સ્કોટલેન્ડ યાર્ડની પોલીસ હોય, ઈન્ટરપોલની પોલીસ હોય, ઝડપથી ગુજરાતની પોલીસે એ આરોપીઓને પકડી બતાવ્યા છે. ન્યાયની પ્રક્રિયામાં વિલંબ ન થાય એ માટે પણ રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. ૫–૫૦ નહીં ૭૦૦ અદાલતો સ્થાપવાનો નિર્ધાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ સરકારે રજૂ કર્યો છે એટલું જ નહીં જે વર્ષમાં કેસ દાખલ થાય તે જ વર્ષમાં એનો નિકાલ થાય એવા પ્રયત્નો કરેલા છે. વકિલાતની પ્રેક્ટિસના મારા ૩૫ વર્ષના અનુભવ ઉપરથી હું કહેવા માગું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા માગું છું કે સાંધ્ય કોર્ટો સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાતમાં પ્રથમ શરૂ થઇ અને આ કોર્ટોથી નાગરિકોના સમય અને નાણાનો બચાવ કરવામાં આવ્યો. ૮ લાખ ૮૭ હજાર પડતર કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે અને એ પણ રાજ્ય સરકારે આર્થિક ભારણ માથે લીધું. સામાજિક રીતે કાયદો ઘડવામાં આવે. તમાકુ અને ગુટખા અંગે આપણે સૌ જાણીએ છીએ કે ત એટલે તમારું, મા એટલે મારું, કુ એટલે કુટુંબ બરબાદ ના થાય એ માટે આ કાયદો ઘડવામાં આવ્યો. સમરસ ગ્રામપંચાયત એ ઉત્તમ ઉદાહરણ છે. ઈ–

લાયબ્રેરી માટે ૨ કરોડ ૨૨ લાખ સમગ્ર ગુજરાતના તાલુકા અને જિલ્લા મથકોના બાર એસોસિએશનને આ સરકારે ફાળવી આપ્યાં અને એની કાર્યવાહી ચાલુ થઇ ગઇ છે.

એક છેલ્લી વાત, કાંકરીયા કાર્નિવલ જે કર્ણદેવ સોલંકીએ કર્ણ સાગર તળાવ બનાવ્યું. પરંતુ ત્યારબાદ ૧૪૫૨માં અહેમદ શાહના પુત્ર કુત્તુબ્બુદીને કાંકરીયાનું નિર્માણ કરાવ્યું અને એણે હોઝે કુતુબ એવું નામ આપ્યું. પરંતુ એ જ્યારે જોવા ગયા ત્યારે પગમાં કાંકરી વાગી એટલે એનું નામ કાંકરીયા પડ્યું અને એના ૫૦૦ વર્ષ બાદ પંચ શતાબ્દી નિમિતે ૧૯૫૨માં અમદાવાદના મેયરશ્રી ચીનુભાઇ શાહે ૨ લાખ ૮૭ હજાર રૂપિયા આપી, એ જમાનામાં ખર્ચી એમાં સુધારા વધારા કર્યા અને ત્યારબાદ ૧૦ કરોડનું હિલિયમ બલુન એ રોજ અમદાવાદમાં ૧૦૦૦ પ્રવાસીઓ અમદાવાદનું દર્શન કરે છે. દર્શન કરવા માટે હું તમામ મિત્રોને ભલામણ કરું છું.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ (લાઠી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સામેના સત્તાપક્ષના આગેવાનોએ વાત કરી છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારને ૧૧ વર્ષ, ૧૨ વર્ષ થયા. કેશુભાઇ ૧૯૯૦–૯૧માં નાયબ મુખ્યમંત્રી બન્યાં, ૧૯૯૫માં મુખ્યમંત્રી બન્યાં, સુરેશભાઇ મહેતા મુખ્યમંત્રી બન્યાં. ૧૯૯૮માં કેશુભાઇ મુખ્યમંત્રી બન્યાં. આ ભાજપની સરકાર ગણાતી નથી? આ ૧૧–૧૨ વર્ષની જ ભાજપની સરકાર ગણાય. હમણાં પ્રદિપસિંહ વાત કરતા હતા કે સામેના લોકોએ એવી વાત કરી કે(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, શાંતિ રાખો. અંદરોઅંદર રહેવા દો.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** પ્રદિપસિંહભાઇ વાત કરતા હતા કે ચૂંટણીની અંદર કોને ક્યું ખાતુ લેવું એનું આયોજન કરી રહ્યાં હતા. અમે એવું આયોજન કર્યુ નથી. માનનીય અધ્યક્ષશ્રી, પેલી •(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** તમારી મૂળ વાત કરોને ગરોળીને રહેવા દો. દાખલા આપવાની અહીંયા મનાઇ છે.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** •(xxxxxx) એમ અમુક લોકોને વડાપ્રધાન થવા માટે •(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** આ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આ કાંઇ એની સાથે રિલેવન્ટ નથી. (અંતરાય) રહેવા દો. (અંતરાય) એક મિનિટ નીતિનભાઇ.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હમણા પ્રદિપસિંહ જે ગાંધીજીની, કોંગ્રેસની વાત કરતા હતા. આ રાજ્યમાં કે દેશમાં કોઇ (xxxxxx) બાકી કોઇને કીધું નથી. (અંતરાય) મેં કોઇનું નામ લીધું નથી.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ પ્રદિપસિંહ (અંતરાય)

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** હું કોઇનું નામ નથી બોલ્યો.

**અધ્યક્ષશ્રી :** અહીંયા નામ ના બોલો પણ જેના બોલવાથી એનું મથાળું બંધાય એવું પણ ના બોલી શકાય. (અંતરાય) બોલવા દો.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કાયદો અને વ્યવસ્થા, આ રાજયમાં મુખ્યમંત્રી આવ્યા પછી સલામતીની ખૂબ બધી વાત થઇ. હમણાં જૂનાગઢના ડી.આઇ.જી.ના બંગલામાં ચંદનના વૃક્ષની ચોરી થઇ. વૃક્ષ કપાઇ ગયું, એના કટકા કરીને લઇ ગયા. રાજ્યના ડી.આઇ.જી.ના મકાન સલામત ના હોય અને આખા રાજ્યની સલામતીની વાત કરે છે? રાજ્યના કેબિનેટ મંત્રી •(xxxxxx) એમનોય બંગલો સલામત ના હોય અને આખા રાજ્યની સલામતીની વાત થાય છે.(અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યાં.

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, નામ લઇને કોઇનો ઉલ્લેખ નહિ, તમે એમને એમ કહો કે મંત્રીના બંગલાની આ રીતે છે.

**શ્રી બાવકુભાઇ ના ઉંધાડ :** નામ કાઢી નાખો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર કલમ-૬૬માં સ્પષ્ટ લખવામાં આવેલ છે કે, આવી ચર્ચા માત્ર સરકારની સામાન્ય નીતિઓ ઉપર જ કરવામાં આવે. આ બધી ચર્ચાઓ વિભાગની માગણીઓ ઉપર કરવી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપ બેસો. ભાઇ, આ નિયમ પણ છે અને આટલા વર્ષોનો પ્રિસિડન્ટ છે. પ્રિસિડન્ટના આધારે રાજકીય અવલોકન થતા હોય છે અને એલાવ આટલા વર્ષોથી કર્યું છે. એમાં કોઇ વ્યકિતગત ટીકા કે એવું ના થાય, નામ લીધા વગર તમે વાત કરો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વાત થઇ કે આ રાજયની અંદર ઉદ્યોગો સલામત છે. થાનમાં અઢીસો ઉદ્યોગો છે. આ અઢીસો ઉદ્યોગોના ઉદ્યોગપતિઓને ત્યાંના જે લુખ્ખાઓ, ગુંડાઓ છે, સાપોલીયાઓ, ફણીધર થઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ હજાર લોકોએ રેલી કાઢી, આ અસામાજિક લોકોને હપ્તા ના આપવામાં આવે તો એમને હેરાન કરવામાં આવે છે અને અહીંયા કાયદો અને વ્યવસ્થાની વાત કરવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) એક મિનિટ, (અંતરાય) ભાઇ જયંતિભાઇ,

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇનું નામ નથી આપ્યું

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેસો જયંતિભાઇ. (અંતરાય)

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : એક પણનું નામ નથી આપ્યું, તમને આ લુખ્ખાઓને સાચવવાની ચિંતા કેમ થાય છે ? (અંતરાય) તમને કેમ ચિંતા થાય છે લુખ્ખાઓને સાચવવાની? (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાવકુભાઇ, તમારું પ્રવચન ચાલુ રાખો. તમે આડીઅવળી વાત કરો નહીં (અંતરાય) તમે બેસો જયંતિભાઇ, કોઇએ ઉભું થવું હોય તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવજો, અંદરો અંદર વાત કરવાની કોઇએ જરૂર નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમરેલીમાં બે જગ્યાએ બળાત્કાર થયો. એક સાવરકુંડલામાં અને બીજો બાબરા તાલુકાના ઉંટવડ ગામમાં અને આ બળાત્કારીઓના કુટુંબીજનોને કલેકટર ઓફિસે અઠવાડિયા સુધી ઉપવાસ ઉપર બેઠા. ત્યાર પછી એની એફ.આઇ.આર. ફાડવામાં આવી, એક અઠવાડિયુ બેઠા ત્યાર પછી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, પ્રજાને ચોર-લૂંટારાઓની બીક છે પણ સરકાર કે પોલીસની બીક નથી. અમરેલીમાં રાજકીય ઓથ નીચે બેફામ ડુપ્લીકેટ દૂધ વેચાય, મુખ્યમંત્રીને અમે પત્રો લખીએ એની કાર્યવાહી ન થાય. હમણા ચાર દિવસ પહેલા અમે એક પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો, એક ખેડૂતની બે ભેંસો અને એક પાડી કોઇક ચોરી ગયું. એ ખેડૂત પોલીસ સ્ટેશને ગયો, ચાર કલાક બેઠો એની એફ.આઇ.આર. કે ફરિયાદ લેવાય નહીં પછી મેં પી.એસ.આઇ.ને ફોન કર્યો.(અંતરાય) એટલે એ મને કહે કે, એ ભેંસનું(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એને વાત કરવા દોને, એ ઇન્સીડન્ટની વાત કરે છે, કાયદો અને વ્યવસ્થા માટે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થા અને પોલીસ કેવું ધ્યાન રાખે છે એનો આ નમૂનો છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એના ભેંસ અને પાડા ખોવાઇ ગયા છે, હમણાં મળી જાશે. તમે વાત કરોને. શાંતિ રાખો તમે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : તમે ચિંતા કરો નહીં. તો પી.એસ.આઇ.એ એવું કહ્યું કે ભેંસનો ફોટો લાવો, આઇ.કાર્ડ લાવો, ભેંસને ફોટા અને આઇ.કાર્ડ સરકારે આપ્યા છે?

અધ્યક્ષશ્રી : જન્મ તારીખ નહોતી માંગીને ?

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : બધું માગ્યું હોય, એ કહે કે તમે દાખલો લાવો. ત્યાર પછી આવા કેસમાં એસ.પી.ને ફોન કર્યા પછી આ કેસ હાથમાં લેવામાં આવ્યો. આ બહુ ગંભીર વાત છે અને આમ છતાંય માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સલામતીની વાત થાય, પાટણની અંદર દલિત પી.ટી.સી. કન્યાઓ ઉપર બળાત્કાર થાય અને મુખ્યમંત્રી સલામતીની વાત કરતા હોય. એમના જ નિવાસસ્થાનની બાજુમાં અક્ષરધામ ઉપર ત્રાસવાદીઓ હુમલો કરે (અંતરાય) (માનનીય મંત્રી શ્રી નીતિનભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં) એને તકલીફ કયાં થાય છે?

અધ્યક્ષશ્રી : આ જે બનાવ બન્યા એ નીતિનભાઇ વાત કરે છે (અંતરાય) એક મિનિટ (અંતરાય) એક મિનિટ તમે, નીતિનભાઇ. એ જે કાંઇ તમે જવાબ આપજોને, ભાઇ તમે જવાબ આપજો ને. ભાઇ બંને પક્ષને કહું છું કે, કોઇ પણ સભ્યશ્રી જે કાંઇ બોલે એનો જવાબ આપવાનો બધાને અધિકાર છે કે, આ વાત સત્યથી વેગળી છે એ તમે કહેજો. ચલાવો, એનો ટાઇમ પૂરો કરો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. સૌરાષ્ટ્રમાં પાણી પીવાનું મળતું નથી. દારૂ દરરોજ દસ કરોડ રૂપિયાનો રાજયમાં વેચાય છે, બેફામ દારૂ વેચાય છે, એની વ્યવસ્થા કરોને, પાણી મળતું નથી, દારૂ જોઇએ એટલો મળે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : શું છે? બોલો ઝડપથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : સાહેબ, આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર શેનો થાય? પાણી નથી આપતા.

અધ્યક્ષશ્રી : ભાઇ, એક મિનિટ. ઝડપથી કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ આપના નમ્ર ધ્યાને મુકવાનું છે કે સૌરાષ્ટ્રમાં રોજનો દસ કરોડનો દારુ વેચાય છે આ પ્રમાણેના આક્ષેપો ન કરી શકાય.

અધ્યક્ષશ્રી : પણ જવાબ આપજોને પ્રદિપસિંહ, આગળ ચલાવો તમે. દોઢ મિનિટ બાકી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, કેગના રિપોર્ટની અંદર ૪૨૦૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેગનો રિપોર્ટ હાઉસમાં મૂકયો હોય તો જ કહેજો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : સાહેબ, આ હાઉસમાં મૂકેલા છે એની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : હાઉસમાં એનું નિરીક્ષણ થયા પછી મૂકયા હોય.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : એના મારી પાસે પુરાવા છે. કેગે રિપોર્ટ મૂકયા છે અને આ રાજયની અંદર ભ્રષ્ટાચારના મહાસાગરો થઇ ગયા છે. સુપરમોલ ખુલી ગયા છે, એની વાત કરું છું. અગાઉ અહીંયા વાત થઇ કે અમારા મુખ્યમંત્રી ત્રણ ત્રણ વખત ચુંટાયા છે. હિમાચલ પ્રદેશમાં છ વખત આવ્યા. દિલ્હીમાં ત્રણ વખત આવ્યા. દેશની અંદર કેટલાય મુખ્યમંત્રીઓ એવા છે કે જે ચાર-ચાર, પાંચ-પાંચ વખત ચુંટાયા છે. હિમાચલ પ્રદેશમાં છ વખત મુખ્યમંત્રી આવ્યા. આ અગિયાર વર્ષમાં જ આ રાજયનો વિકાસ થયો. અગિયાર વર્ષમાં જ આ કામગીરી થઇ. બાકી કાંઇ થયું જ નથી? આ મુખ્યમંત્રી ન હોત તો આ રાજયની પ્રજા જીવી જ ન શકત. આ રાજયમાં વિકાસ જ ન થાત. આ રાજયના લોકોની સલામતી ન રહેત. આ રાજયની પરિસ્થિતિની વાત થઇ છે ત્યારે એક જ છેલ્લી વાત હું કરી દઉં. અહીંયા ભ્રષ્ટાચારની વાત થઇ.

અધ્યક્ષશ્રી : એ પુરું થઇ ગયું તમારું. મેં તમને બે મિનિટ અગાઉ કીધું હતું. ભૂષણભાઇ.

શ્રી ભુષણ અ. ભટ્ટ**(**જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ આ સભાગૃહના સિનિયર સભ્યશ્રી આત્મારામભાઇ જે લઇને આવ્યા છે અને મોહનભાઇએ જેને ટેકો આપ્યો છે એને હું મારું અનુમોદન આપું છું. આ રાજયની અંદર ૪૩ થી ૪૫ ટકા જેટલા લોકો આજે શહેરમાં રહે છે. એક સમય એવો હતો કે લોકો ગામથી શહેર તરફ નોકરી, રોજગાર, ધંધા માટે અને સ્થાયી થવા માટે આવતા હતા. એવા સંજોગોની અંદર ગામનો વિકાસ નહોતો થતો અને શહેરનો વિકાસ થતો હતો. ભલે કોઇને ખરાબ લાગતું હોય તો લાગવા દેવાય, પણ આ દસ વર્ષની અંદર શહેરના વિકાસની સાથેસાથે ગામનો વિકાસ પણ થયો. શહેરીકરણ અટકયું. ગામની અંદર ભૂગર્ભ ગટર યોજના, લાઇટ, ગૌરવ

પથ યોજના, રસ્તાઓ, પાણી આ બધી સુવિધાઓ મળવાને કારણે શહેરીકરણ અટકયું. (અંતરાય) ગામડાંમાંથી આવીએ છીએ. ગામડાં સાથે સબંધ છે.

અધ્યક્ષશ્રી : તમારું બોલવાનું ચાલુ રાખોને.

શ્રી ભુષણ અ. ભટ્ટ : ગામડાંના લોકોએ પણ મત આપ્યા છે. જે વાત આભાર પ્રસ્તાવની અંદર છે. લોકો પણ હવે સ્વીકારતા થયા છે અને શહેરનો પણ વિકાસ થયો છે પાછલા પાંચ–દસ વર્ષની અંદર કોઇને નવાઇ લાગે. બીજા લોકો પણ સત્તા ઉપર હતા. અમદાવાદ શહેરની અંદર હું રહું છું. અમદાવાદ શહેરની મધ્યમાં હું રહું છું. એક વખત એવું બન્યું હતું કે આદરણીય વિવેકાનંદજીની પ્રતિમાનું લોકાર્પણ આદરણીય બાજપાઇજીના હસ્તે કરવાનું હતું અને અટલજીએ કદાચ પંદર દિવસ, એક મહિનો ટાઇમ મોડો આપ્યો હતો, ત્યારે શહેરના કેટલાક લોકો ત્યાં બોર્ડ લઇને ઉભા રહ્યાં હતા કે અમને કોથળામાંથી કાઢો. આવા બોર્ડ લઇને મહાનગરપાલિકા સામે ઉભા હતા, પણ તમારા શાસનની વાત કરીએ તો શહેરમાં આજે પણ ૧૦, ૧૨ વર્ષથી રૂપાલી સિનેમા પાસે આવેલી પ્રતિમા સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધી અને ઇન્દિરા ગાંધીજીની પ્રતિમા આજે પણ બંધ કોથળામાં છે. આ તમારા શાસનનો ઉત્તમ નમૂનો છે. તમારા શાસનમાં બનેલી વાત છે. એ સમયની અંદર તમારા શાસનમાં બનેલી ઘટનાની વાત કરું છે. અને આ વાતમાં તમે (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે રીતે ભૂષણભાઇએ વિવેકાનંદજીના સ્ટેચ્યુની વાત કરી અને રાજીવ ગાંધી અને ઇન્દિરાજીના સ્ટેચ્યુની વાત કરી. ભૂષણભાઇ આ સભાગૃહને ખોટી માહિતી આપી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા આ સ્ટેચ્યુ શિલ્પકાર દ્વારા જે રીતે બનવું જોઇએ એ બરાબર બન્યું ન હોવાના કારણે... (અંતરાય) એ હટાવવામાં આવ્યું નથી.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

શ્રી ભુષણ અ. ભટ્ટ : જે કહેવાય છે ને અમારું કોંગ્રેસ એ દિલ્હીના હાઇકમાન્ડના કહેવાથી ચાલે છે. ઉદ્‌ઘાટન કરવા માટે આદરણીય સોનિયાજીએ ટાઇમ ન આપ્યો, એના કારણે આ અહીંયા પડી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : સ્ટેચ્યુની વાત જવા દો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : મારે એ વાત કહેવી હતી...

અધ્યક્ષશ્રી : સન્માનનીય વ્યક્તિનું સ્ટેચ્યુ જેવા સ્વરૂપમાં થવું જોઇએ એવા સ્વરૂપમાં નથી, એટલે ઢાંકેલું પડ્યું છે. આ કોઇ મહાન પુરુષોના સ્ટેચ્યુ માટેની સરખામણી કરો નહિ. બીજી વાત કરો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : મારી વાત એવી છે કે ટાઇમ ન આપ્યો એની વાત હતી. પણ કાલે કહેવાયું કે નરેન્દ્રભાઇ આવ્યા એટલે જ ગુજરાત આવ્યું. હમણા રાજેન્દ્રભાઇએ પ્રવચનમાં પાછળથી કહ્યું કર્ણ રાજાએ બનાવેલ કાંકરિયા એ કાંકરિયા કર્ણ રાજાથી આજસુધી કોઇ શાસનકર્તાને ન દેખાયું? કાંકરિયાનો વિકાસ કરીએ? ડેવલપ કરીએ? આજે એ કાંકરિયાનો આટલાં વર્ષો પછી નરેન્દ્રભાઇ મોદીની સરકારેમાં શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ અને પ્રભારી મંત્રીશ્રી આનંદીબેનના નેતૃત્વ હેઠળ વિકાસ થયો છે. એ કાંકરિયા માત્ર ગુજરાત, અમદાવાદ શહેરમાં નહિ, કાંકરિયા દેશ અને વિદેશમાં પણ પ્રખ્યાત થયું છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : હજી તો શરૂઆત છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : હું એ વાત કહેવા માગતો હતો કે આ કોંગ્રેસવાળાએ છેલ્લી ચૂંટણીમાં કયાંક રોટીના નામે મત માગ્યા, ક્યાંક કપડાંના નામે મત માગ્યાં તો ક્યાંક મકાનના નામે વોટ માગ્યા. એક ચૂંટણીમાં કોંગ્રેસે કહ્યું હતું કે આધી રોટી ખાએંગે, ઇન્દીરાજીકો લાએંગે. એક ચૂંટણીમાં કહ્યું હતું ગુજરાતકી જનતા, આપ હમે હમે મત દીજીએ. હમ બંધ મિલકે દરવાજે ખોલ દેંગે. અને આ ચૂંટણીમાં ગુજરાતની ૬ કરોડની પ્રજાને છેતરવા માટે ભોળી પ્રજાને મકાન આપવાની વાત કરી, ત્યારે અમને કેટલીક કોંગ્રેસના નેતાની બહેનો કહેવા આવતી હતી કે આ અમારા ભાઇઓ અમને રક્ષાબંધને ૧૦૦ રૂપિયા ન આપે, એ તમને મકાન શું આપવાના? આવું અમને કહેવા આવતા હતા. અને એનું પરિણામ તેમણે જોઇ લીધું.

અધ્યક્ષશ્રી : હવે તમને કહેવા આવે તો એની પાસે મોકલી દેજો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : ગુજરાતના વિકાસની વાત, ગુજરાતને બદનામ કરવાની વાત માત્ર ગુજરાતમાં નહિ, ૧૦-૧૦ વર્ષથી એકેએક જગ્યાએ ગુજરાતને બદનામ કરવાનું, ગુજરાતના વિકાસને બદનામ કરવાનો પ્રયત્ન આ લોકોએ કર્યો છે. ગુજરાતમાં નહિ, દેશમાં નહિ અને બાકી હતું તો અમેરિકાની અંદર જઇને પણ ગુજરાતને બદનામ કર્યુ છે. મારે એ જ કહેવું છે કે ગુજરાતનો જે વિકાસ થયો છે. એના વિકાસનો કોઇ સાક્ષી હોય તો હું સાક્ષી છું. આજે ગુજરાત, અમદાવાદની અંદર હું તમને કહેવા માગું છું. તમે એ વાતને સ્વીકારશો કે ગુજરાતમાં જે સીટ ઉપરથી હું વિજયી બન્યો, ત્યાં લોકો કહેતા થયા કે અમે નાતને વોટ નથી આપતા, અમે જાતને વોટ નથી આપતા. અમે વોટ વિકાસને આપ્યો છે. એનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતની પ્રજાએ પર-જમાલપુર ખાડિયામાં બતાવી આપ્યું છે અને એટલે હવે લોકો કહેતા હશે...

અધ્યક્ષશ્રી : ચૂંટાઇ ગયા તમે હવે પૂરું થઇ ગયું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજુ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગના સભ્યો વિકાસ વિકાસની વાતો કરે છે. મારે એ કહેવું છે કે, મુખ્યમંત્રીએ સદભાવના ઉપવાસમાં ૪૨ હજાર કરોડની જાહેરાત કરી હતી. આમાં કોઇ જગ્યાએ તેનો ઉલ્લેખ નથી. આ પૈસા ખરેખર ફાળવ્યા છે કે કેમ તે કોઇ જગ્યાએ દેખાતું નથી. બીજું મારે એ કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી હું તો એમ કહું છું કે તેનો વિકાસ પાછળ ધકેલાઇ ગયો છે. આદિવાસીઓનો વિકાસ નથી થયો પણ તે દસ વર્ષ પાછળ ગયા છે. તેના એક એક આંકડા સાથે હું કહેવા માગું છું. તેમાં શિક્ષણ હોય, સિંચાઇ હોય, પીવાનું પાણી હોય, રસ્તા હોય કે આરોગ્ય. દરેકે દરેક બાબતમાં આ સરકારમાં પૈસાની ફાળવણી થઇ નથી. ખાસ કરીને શિક્ષણની વાત કરીએ તો સર્વશિક્ષા અભિયાન અને રાઇટ ટુ એજયુકેશનના લીધે આઠમું ધોરણ પ્રાઇમરીમાં આવ્યું, અપર પ્રાઇમરીમાં આવ્યું. જે બાળકને વિષય પ્રમાણે જ્ઞાન મળતું હતું તેમાં આજે પ્રાઇમરીમાં જવાથી વિષય પ્રમાણે શિક્ષકોની ભરતી ન થવાને કારણે તેને શિક્ષણ મળી શકતું નથી. આજે ટેટ અને ટાટની પરીક્ષાને લીધે તથા સરકારને જે કંઇ વાંધા હોય તેના લીધે શિક્ષકોની ભરતી થતી નથી. આજે આશ્રમશાળાઓમાં, આદિવાસી વિસ્તારમાં લગભગ ૪૦૦ જેટલી આશ્રમશાળાઓ છે. ત્યાં પણ શિક્ષકોની ભરતી થતી નથી. સરકારે કયારેય આવું વિચાર્યુ છે કે વગર શિક્ષકે આ બાળકો કેવી રીતે ભણતા હશે? આના સિવાય પણ ઘણી એવી સ્કૂલો છે કે જયાં ચોમાસામાં અમુક વિસ્તારમાં છોકરાઓ ભણવા જઇ શકતા નથી, શિક્ષકો પણ જઇ શકતા નથી. મારા મોટા કંથારીયા વિસ્તારમાં નાદરાની અંદર અઠવાડિયું અઠવાડિયું સ્કૂલ બંધ રહે છે. કારણ કે ત્યાં વાગું આવે અને વાગામાં પાણી ભરાઇ જાય એટલે જવાતું નથી. ઘણી વખત પાણી ઓછું થાય એટલે શિક્ષકો કપડાં કાઢી, સામે નાંખી શાળાએ જાય છે. આ પરિસ્થિતિ છે આજે. સરકાર રસ્તાઓની વાત કરતી હતી. ગામડે ગામડે, ફળિયે ફળિયે બારમાસી પાકા રસ્તાઓ કરીશું. મારે આજે કહેવું છે કે અઢી હજાર કરોડનો ખર્ચ થયો હોવા છતાં રસ્તા નથી. સરકાર અઢી હજાર કરોડની વાતો કરે છે અને રસ્તાની વાતો કરે છે. તો આ રસ્તાઓ થયા કયાં? કઇ જગ્યાએ થયા સાહેબ? સરકાર એકબાજુ રસ્તાની વાતો કરી અને બીજી બાજું રોડાં નાંખી દે છે. તેના માટે નિયમ મૂકી દે કે નોન પ્લાન રસ્તાઓ અમે તમારા વિસ્તારમાં નહીં કરીએ. શાના માટે? કોંગ્રેસનું શાસન હતું ત્યારે નોન પ્લાન હોય કે પ્લાન હોય પ્રજાને જરૂરિયાત હતી તેવા રસ્તાઓ થતા. આજે નોન પ્લાન રસ્તાઓ બંધ કરી દીધા છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે નોન પ્લાન કે પ્લાન તમારા રેકર્ડ ઉપર ગમે તે હોય, પણ પ્રજાના હિતમાં તમારે વિચાર કરવો જોઇએ. અહીંથી જનતા જાય છે અને તેને આ રસ્તાની જરૂર છે તો આ રસ્તો કરવો જોઇએ હું એમ કહેવા માગું છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીમાં પણ ગઇકાલે ખૂબ ચર્ચા ચાલી હતી. ઘરે ઘરે, રસોડા સુધી નળથી પાણી આપીશું તેમ કહ્યું હતું. આજે ૧૫૦૦ કરોડ રૂપિયા વપરાઇ ગયા. આદિવાસી વિસ્તારમાં પાણી મળ્યુ ખરું? હું આપને કહેવા માગું છું કે અમારા વિસ્તારમાં તપાસ કરો. એકપણ ઘર એવું નહીં મળે કે જેના રસોડા સુધી નળથી પાણી આપતા હોય. તેના માટે અત્યારે હેન્ડ પંપ ચાલુ છે. હેન્ડપંપ પણ ૩૦૦ ફૂટ કરીએ છીએ. તેમાં ૨૦૦ કે ૨૫૦ ફૂટે પાણી મળે છે. પાણીના તળ નીચા

ગયા છે. નવી ટેકનિકથી ૩૦૦ ફૂટે હેન્ડપંપ કરેલો હોય અને તે ચલાવી પાણી કાઢી બતાવે. બહેનોની શું હાલત થતી હશે તે સમજવાની જરૂર છે. આજે ગમે તેટલો હેન્ડ પંપ ચલાવો, પાણી નીકળી શકતું નથી. તેમાં પાછા અત્યારે રોડાં નાંખે છે. બીજો નિયમ કર્યો. ૨૦-૧-૨૦૧૧એ સરકારે કહ્યું કે જે કોઇ આદિવાસીને ત્યાં હેન્ડપંપ કરવો હોય તો ૦.૫ ગુંઠા જમીન સરકાર હેડે જમા કરાવો. કોઇ આદિવાસી વિસ્તાર, ૭૩ એએ ની જમીન છે, નથી કરતા. અગાઉની સરકારમાં આ કરતા હતા. આ સરકારને એમ કહેવાય કે અમે હેન્ડપંપ કરીએ છીએ અને બીજી બાજું આવો નિયમ લાવી દે. એટલે હેન્ડપંપ પણ નથી થઇ શકતા. સિંચાઇ માટે પણ આ હાલત છે. અમને મોહનભાઇએ ૨૦૦૩માં કહેલું, મેં તે વખતે પ્રશ્ન ઉઠાવેલો અને મોહનભાઇ સામે જ બેઠા છે. અમારા વિસ્તારમાં નર્મદાનું પાણી કયારે મળશે? ત્યારે તેમણે એમ કહેલું કે તમારા અમરસિંહભાઇની આખી ગાડી નીકળી જશે એટલી મોટી કેનાલથી તમને પાણી આપીશું. આજે આટલા વર્ષો થઇ ગયા, દસ વર્ષ ઉપર થઇ ગયા. કેનાલ તો ઠીક છે પણ એક ટીંપુ પાણી નથી આવ્યું. પૈસા જરૂર વપરાઇ ગયા હશે સાહેબ. આવી ખોટી વાતો. રેકર્ડ ઉપર એમ કહે છે કે ૪૫.૫ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લીધો છે. તપાસ કરો કયો કયો વિસ્તાર આવરી લીધો છે. ખેડૂતોને વીજળીની વાત કરે છે. પહેલાં તો સરકારે હાથકડીઓ પહેરાવી. હવે તેમને ખબર પડી કે હાથકડીઓ પહેરાવવાથી કદાચ ખેડૂતોમાં અવળી અસર થશે. એટલે હાથકડીઓ કાઢી નાંખી પણ બે નિયમો લાવી દીધા ૨૬ અને ૩૫. એના લીધે આજે સાહેબ, એટલી બધી મુશ્કેલી છે અને રાત્રે ચાર ચાર વાગે રેડો પડાવે છે આદિવાસી વિસ્તારમાં અને સાહેબ, તમે તપાસ કરાવો. આદિવાસી વિસ્તારમાં આજે પીવાનું પાણી નથી. પીવાના પાણી માટે મુશ્કેલી છે. તમે રેડ પાડો. ઉદ્યોગો પર કેમ રેડ નથી પાડતા ઉદ્યોગો? પેલો બિચારો પાણી માટે વલખા મારે છે. (અંતરાય) સાહેબ, જેને પીવાનું પાણી જોઇએ છે એને પાણી નથી મળતું અને ઉદ્યોગોને જોઇએ તેટલું પાણી આપે છે. થોડુંક તો વિચાર કરો આપ. વીજળીની વાત કરી તો મારે કહેવું છે કે, તમારા મુખ્યમંત્રી બેઠા ૨૦૦૨માં ત્યારે આપણે જે પહેલા કોંગ્રેસનું શાસન હતું ત્યારની વાત કરું છું. આપણે જે વીજળી આપતા હતા એની ખબર છે, એ વખતે ખેડૂતોને ૧૫૬૯૫ મિલિયન યુનિટ વીજળી આપતા હતા, અને અત્યારે કેટલી આપીએ છીએ? ૧૩૯૫૫ મિલિયન યુનિટ. આટલી વીજળી ઘટી ગઇ. તમે કહો છો ને ખેડૂતોને કે ઉત્પાદન વધી ગયું છે, તો તમે તો ખેડૂતોને વીજળી ઓછી આપો છો. આ ઓન રેકોર્ડ છે. તમારો આ જે સામાજિક આર્થિક સર્વે છે, એ રિપોર્ટ કહે છે કે તમે વીજળી ઓછી આપો છો. એની સામે ઉદ્યોગોને કેટલા સાચવે છે? ઉદ્યોગો માટે પહેલા ૨૦૦૨માં ૯૮૧૭ મિલિયન યુનિટ વીજળી આપતા હતા, આજે કેટલી આપો છો? આજે ૨૭૬૦૬ મિલિયન યુનિટ વીજળી આપવામાં આવે છે. આટલો બધો વધારો? એટલે જ એમ કહેવામાં આવે છે કે આ ઉદ્યોગપતિઓની સરકાર છે, ખેડૂતોની નથી. ખેડૂતોને તો મારી નાંખ્યા છે. નથી પાણી મળતું ખેડૂતોને કે નથી ખાતર મળતું. ખાતર માટે જે આખા દેશમાં વેટ નથી એ વેટ આ ખાતર પર તમે નાંખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કૃષિ મેળા કરે છે. કૃષિ મેળા કરતા તો તમે ખાતર આપો, બિયારણ આપો તો ખેડૂતોને ફાયદો થાય. ખેડૂતો એટલા સજાગ છે. અત્યારે ખેડૂતો માટે નવી કોઇ ટેકનોલોજીની જરૂરિયાત નથી. અત્યારે તમે એને જે જરૂરિયાત છે એ પૂરી પાડો. તમે જે કૃષિ મેળા કરો છો અને એની પાછળ જે ખર્ચાઓ કરો છો એ ૨૫-૨૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. આ ખર્ચા કરો છો એના કરતા એટલી સહાય બીજી રીતે ખેડૂતોને આપો તો કદાચ સારું પરિણામ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ પહેલા જે એસ.ટી. બસો આપણી હતી તે ૮૫૭૩ જેટલી હતી આજે પોપ્યુલેશન વધ્યુ છે તો બસો વધવી જોઇએ. વાહન વ્યવહાર વધ્યો છે, તો બસો વધવી જોઇએ પણ આજે બસો ઘટતી ગઇ છે અને ૧૯૧૩ જેટલી બસો ઘટી ગઇ છે. હમણા સલામતીની વાત થતી હતી. બહેનોની સલામતીની વાત થતી હતી. અહીંયા હમણા આ બાજુથી પણ આ વાત આવી. ચોરી-લૂંટફાટ અને મંદિરો પણ સલામત નથી. મારા ભિલોડા તાલુકાનો એક દાખલો આપું. હમણા ૧૫ દિવસ પહેલા એક બહેન અને એની દિકરીનું ખૂન થયું છે. એ બહેનના ૧૩ ટૂકડા કર્યા છે અને એની દિકરીના ૧૫ ટૂકડા કર્યા છે. એ ટૂકડા કરીને એને કોથળામાં પૂરીને પીપમાં નાંખીને કૂવામાં નાંખી દીધા છે. આજે પંદર દિવસ થયા ત્યાં સુધી એ ખૂનીનો કોઇ પત્તો નથી લાગ્યો. કોણ છે ખૂની, એ માણસ પકડાતો નથી. સાહેબ, પોલીસો પણ સલામત

નથી. અમારા વિસ્તારનો એક પોલીસ મળતો નથી, પોલીસ પણ ખોવાઇ ગયો છે. એની લાશ સુદ્ધા મળતી નથી આજે એને બે મહિના થઇ ગયા છે. પોલીસની લાશ તો મળવી જોઇએ ને? આ જાતનું શાસન આ સરકારમાં ચાલ્યું છે. ગરીબ કલ્યાણ મેળાઓની વાતો કરી રહ્યા છે, ત્યારે મારે કહેવું છે કે કામદાર કલ્યાણ માટેનો જે સેસ સરકારમાં જમા થાય છે, અત્યારે લગભગ ૫૦૦ કરોડ રૂપિયા જેટલો જમા થાય છે. શા માટે આ સેસ વાપરવામાં નથી આવતો? કેમ આ સેસનો ઉપયોગ નથી થતો સાહેબ? આ કામદાર માટે, એના વેલફેર માટેનો સેસ હોય છે. એ કાળી મજૂરી કરીને કામદારોએ જમા કરાવેલો છે. પણ છતાં આ પૈસા વપરાતા નથી. આપણે ૨૦૧૩માં હમણા જ વાઇબ્રન્ટ ગુજરાત સમ્મિટ કરી હતી, ત્યારે મારે કહેવું છે કે જે લોકો ઉદ્યોગોની વાતો કરે છે, પણ ફોરેનથી ડાયરેકટ રોકાણ કેટલું આવ્યું? એમાંથી આપણને ખાસ કંઇ મળતું નથી. આટલા મેળા કરવા છતાં આપણે ઉદ્યોગોમાં હજુ પણ પાછળ છીએ અને નાના અને મધ્યમ ઉદ્યોગોની પાછળ કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. મારે તો એ કહેવું છે કે, જે દિવસે આ વાઇબ્રન્ટ ગુજરાતનો મેળો પતી ગયો, એ દિવસે એક આદિવાસી બહેન કચડાઇને મરી ગઇ હતી. શું કર્યું સરકારે? એની મદદ કરી સરકારે? આની પાછળ કોઇએ તપાસ ન કરી અને ન તો એને કોઇ સહાય આપી છે. આવું આ સરકારનું શાસન છે, એટલે મારે કહેવું છે કે આ સરકાર મિનિમમ વેઇજ પણ નથી આપી શકતી. અત્યારે સાહેબ, મોંઘવારી અને ફુગાવો કેટલો વધી ગયો છે? તો કમસેકમ મજૂરોને મિનિમમ વેઇજ તો મળવો જોઇએ. નરેગામાં અત્યારે ૧૨૪ રુપિયા મળે છે, તમે કમસેકમ ૧૨૪ રુપિયા તો આપો. કામદારોને મિનિમમ વેઇજ આપો. એ લોકો કાળી મજૂરી કરે છે અને પરસેવો પાડીને કમાય છે એનું તો કંઇક વિચારો.

ડો. નીમાબેન બી. આચાર્ય**(**ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ જે રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થઇ છું. અહીંયા આજે હું જોતી હતી કે ખૂબ બધી સત્યથી વેગળી વાતો સામેથી આવતી હતી, પણ મારે એટલું જ કહેવું છે કે, ત્રીજી વખત લોકોએ ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપીને નરેન્દ્રભાઇને મુખ્યમંત્રીશ્રીના સ્થાને બિરાજમાન કર્યા છે. એ જ બતાવે છે કે એમણે લોકોની અંદર વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે, લોકોની વિશ્વસનીયતા એ જ રાજકારણનો પાયો હોય છે. આજે હું આપને કહીશ કે લોકો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને હૃદયસમ્રાટના નામથી ઓળખે છે. હૃદયસમ્રાટ કંઇ એમને એમ નથી થવાતું. વિશ્વાસ પ્રાપ્ત કરો ત્યારે હૃદય સમ્રાટ થવાય છે. અનેક જુઠ્ઠાણાં અહીંયાથી નીકળ્યા, અનેક આક્ષેપો થયાં, છતાં પણ લોકો ટસના મસ નથી થયાં. લોકોનો વિશ્વાસ નથી ડગ્યો અને લોકોએ સમર્થન આપ્યું છે. હું એટલું કહીશ કે જ્યારે હું ભુજમાં ચુંટણી પ્રચારમાં ફરતી હતી ત્યારે એક જગ્યાએ સભા ભરી. ત્યાં એક ભાઇએ કહ્યું કે બહેન ઇ.વી.એમ., ઇ.વી.એમ. મને સમજ ના પડી, ઇ.વી.એમ. શું? મેં કહ્યું કે ચુંટણીમાં ઇ.વી.એમ. મશીન જ વપરાશે. મને એમ કે મને એમણે પૂછ્યું કે મતદાન ઇ.વી.એમ. મશીનમાં થશે? એ ભાઇ કહે કે બહેન, એમ નહિ. ઇ.વી.એમ. મશીનનો અર્થ હું કહેવા માગું છું કે બેન, અહીંયા એવું છે કે, Each vote for Modi. એ કહે કે એવું ચાલે છે. બહેન, તમે ચિંતા ના કરો, જ્યારે પ્રજામાંથી આવા ઉદગારો નીકળતા હોય, E એટલે Each એટલે કે દરેક. Each vote for Modi. એક એક વોટ નરેન્દ્રભાઇ મોદીને આપવાનો છે, એવું જ્યારે પ્રજા કહેતી હોય ત્યારે એક વિશ્વસનીયતાનું પ્રકટ પ્રમાણ આપણને પ્રાપ્ત થતું હોય છે. હું આજે અહીંયા કહીશ કે જે રીતે વિકાસની રાજનીતિને લોકોએ અહીંયા સમર્થન આપ્યું છે. ભાગલા પાડો અને રાજ કરો એ જે રાજનીતિ હતી ને, એનો લોકોએ મૃત્યુઘંટ વગાડી દીધો છે. સૌનો સાથ સૌનો વિકાસ, એ જે વાત મુખ્યમંત્રીશ્રીએ પહેલાં દિવસે કરી છે, એ એમણે આ અગિયાર વરસની અંદર સાબિત કરીને બતાવ્યું છે. સૌનો સાથ સૌનો વિકાસ. તમામનો સર્વાંગી વિકાસ, ગામડાંઓનો વિકાસ. એની અંદર આપણે જોઇ શકીએ છીએ કે સરપંચોને બોલાવીને સમરસ ગ્રામ પંચાયતો કરી ગામની અંદર સંપ થાય, ગામની અંદર બધાય ભેગા મળીને ગામડાંનો વિકાસ કરે, એ માટે એ.ટી.વી.ટી. લાવવામાં આવ્યું. 'આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો', અને એમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું કે જેથી કરીને ગામડાનો સરપંચ એ તાલુકામાંથી જ પોતાની યોજના મંજૂર કરાવીને એ વિકાસના કામો કરી શકે. એ.ટી.વી.ટી.ની યોજનામાં જે રૂપિયા આપવામાં આવ્યા છે, એના લીધે ગામડાઓમાં ગટર, પાણી, લાઇટ,

રસ્તાઓ આ તમામ કામો ખૂબ સારી રીતે ગામના સરપંચ અને ગામના લોકો પોતાની ઇચ્છાથી કરાવી શકે એ જાતનો ગામડાઓનો વિકાસ થયો છે. ગામડાઓ ધબકતા થયાં છે, ગામડાઓ સમૃદ્ધ બન્યા છે અને એની સાથે સાથે શહેરોનો પણ એટલો જ વિકાસ કરવામાં આવ્યો છે.

ગરીબ સમૃદ્ધિ યોજના મૂકી અને જે સ્લમ એરિયા છે એની અંદર પણ રસ્તા, પાણી, ગટરની વ્યવસ્થા કરી અને પહેલી વખત એ ઝુંપડપટ્ટીના લોકોએ પાકા રસ્તાઓના દર્શન કર્યા છે. એ વિસ્તારના વિકાસની પણ ચિંતા કરીને પંદર હજાર કરોડ રૂપિયાની યોજના – શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના મૂકી છે કે જેથી કરીને શહેરી વિસ્તારની અંદર સ્લમ એરિયામાં રહેતા લોકોના પણ કામો થયાં છે. આજે હું કહીશ કે અહીંયા જે રીતે મહિલાઓ અને યુવાનોના વિકાસની વાત જે મુખ્યમંત્રીશ્રીએ કરી છે અને આ ભા.જ.પ.ની સરકારે આ જે કાર્યક્રમ આપ્યા છે, તેને લીધે હું કહીશ કે મહિલાઓ માટે નારી ગૌરવ નીતિ બનાવી અને નારીઓનું સન્માન ઉભું કર્યુ છે. નારી ગૌરવ નીતિની અંદર જે સૌથી અગત્યનું કામ કર્યુ છે તે એ છે કે મહિલાઓના નામે સંપત્તિ લેવામાં આવે તો તેની રજિસ્ટ્રેશન ફી માફ કરવામાં આવે છે. ૪૧૪ કરોડ રૂપિયા જેવી રકમ સરકારે જતી કરીને મહિલાઓને સંપત્તિની માલિક બનાવી અને ગૌરવ અપાવ્યું છે. તેની સાથે મહિલા પોલીસ સ્ટેશનો બનાવ્યાં, જેથી કરીને મહિલાઓ ન્યાય મેળવવા પોલીસ સ્ટેશન ઉપર જઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા માટે જે મિશન મંગલમની યોજના લાવવામાં આવી, જેને પરિણામે સખી મંડળ દ્વારા ૨૫ લાખ બહેનોને રોજગારી આપી અને તે લોકો આર્થિક રીતે પગભર થાય તે જાતનું આયોજન પણ કરવામાં આવ્યું. અને આજે મહિલાઓ સ્વમાનભેર જીવતી થઇ છે. જયારે આ બાજુ યુવાનોના વિકાસ માટે સ્વામી વિવેકાનંદની આ દોઢસોમી જન્મ જયંતિની અંદર...

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : જે રીતે યુવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ અને સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે જે યુવાનોના ઉત્કર્ષના કાર્યક્રમો આપવામાં આવ્યાં છે, જેને લીધે યુવાનોને સારા સંસ્કાર પ્રાપ્ત થશે, યુવાનો સારા માર્ગે વળશે અને એક સારા વાતાવરણની અંદર યુવાનોની શકિતનો સાચો ઉપયોગ તે આપણે આપણાં રાજયના વિકાસ માટે કરી શકીએ તે નેમ તેની પાછળ રહેલી છે. હું એટલું જ કહીશ કે અહીંયા જે રીતે વાત કરવામાં આવી છે. ઉદ્યોગોની જે ચિંતા કરે છે, ઉદ્યોગોને જમીન આપી, ઉદ્યોગપતિઓનો વિકાસ થઇ ગયો. બહુ ભયંકર ચિંતા મારી સામેના લોકોને છે, ત્યારે મારે એટલું જ કહેવું છે કે, કેન્દ્ર સરકારના આંકડા છે કે આખા દેશની અંદર જે રોજગારી પ્રાપ્ત થઇ છે, તેના ૭૨ ટકા લોકોને માત્ર ગુજરાતે રોજગારી આપી છે, ત્યારે એ આંકડા બતાવે છે કે ઉદ્યોગોના વિકાસને લીધે સાચા અર્થની અંદર યુવાનોનો વિકાસ થયો છે, રોજગારી પ્રાપ્ત થઇ છે. દેશની આર્થિક સમૃદ્ધિ વધી છે, રાજયની આર્થિક સમૃદ્ધિ વધી છે, ત્યારે હું એટલું કહીશ કે જે ઉદ્યોગપતિએ પોતાના રૂપિયા એ બંજર જમીનની અંદર નાંખ્યા અને ઉદ્યોગો નાખવાની હિંમત કરી, ત્યારે એ ઉદ્યોગપતિએ માત્ર અને માત્ર વિશ્વાસ ઉપર પોતાના રૂપિયા નાંખ્યા છે. આ સરકારમાં નરેન્દ્રભાઇએ જે રીતે ગ્લોબલ સમ્મિટ કરી અને તેની અંદર જે ખાતરીઓ આપી હતી, તેનું પૂરેપૂરું પાલન કર્યુ છે અને એટલા માટે આટલો જબરજસ્ત ઔદ્યોગિક વિકાસ થયો છે. ઉદ્યોગપતિઓને અહીંયા પાણી આપવામાં આવે છે તેની ચિંતા કરવામાં આવે છે, પણ ઉદ્યોગોથી ૭૨ ટકા રોજગારી મળે છે તેનો કોઇને આનંદ નથી. પાણી જે લોકોને આપવાનું છે તે અલગ છે અને ઉદ્યોગોને આપવાનું છે તે અલગ છે. આજે હું કહીશ કે જે રીતે મારા કચ્છનો વિકાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું બધાને આમંત્રણ આપું છું કે આપ જોવા આવો કે ઉદ્યોગોનો વિકાસ કોને કહેવાય અને ત્યાર પછી આવા સ્ટેટમેન્ટો તમે અહીંયા કરો. હું એટલું જ કહીશ કે ૨૫૨ જેટલાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો જયારે આ રાજય સરકારને પ્રાપ્ત થયા હોય ત્યારે એ નિશ્ચિત વાત છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના આ ગૃહમાં પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ પર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી સામી બાજુએ બેઠેલાં સન્માનનીય સભ્યશ્રીઓના વકતવ્યો બહુ ધ્યાનથી સાંભળ્યા છે. કોઇએ કહ્યું છે કે ‘હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.’

કોઇ પણ સારું થયુ તો કહે અમારા નરેન્દ્રભાઇએ કર્યુ. એટલું જ નહીં અમારા સૌરાષ્ટ્રમાં તો ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સારો વરસાદ થાય તો પણ એમ કહે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી છે, ત્યાં સુધી સારો વરસાદ થશે. સાહેબ, હું તેને કહેવા માંગુ છું. (અંતરાય) સાંભળો તો ખરા. આ વર્ષે સાહેબ દુષ્કાળ પડયો, ગુજરાતના મુખ્યમંત્રી કોણ છે? હમણાં સન્માનનીય બહેનશ્રી નીમાબેને વાત કરી ઇવીએમની. ઇચ વોટ ફોર મોદી. બહુ સારી વાત છે જો આ હોય તો. પણ સાહેબ હમણાં તેની જ બાજુની ભચાઉ નગરપાલિકાની ચૂંટણી થઇ. ભારતીય જનતા પાર્ટીના મોટાભાગના સભ્યોની ડિપોઝીટ ગઇ અને કોંગ્રેસને બહુમતી મળી. નીમાબેન કાંઇક તો સાચું બોલો. ભગવાનને સામે રાખીને. સાહેબ, મારા સન્માનનીય મિત્ર શ્રી નીતિનભાઇ બેઠા છે, વારંવાર કહેતા કે હવે ટેન્કર ભૂતકાળની બાબત બની ગઇ છે. કોંગ્રેસના રાજયમાં ટેન્કરો આવતા અને ભ્રષ્ટાચાર થતો હતો. હું પૂછવા માગું છું કે આજે મારા એકલા જામનગર જિલ્લામાં કેટલા ટેન્કરો ચાલે છે? મને જવાબ આપે. પાણી છે પણ વિતરણનું આયોજન કરી શકયા નથી. જાહેરાતો કરે છે, અમલ કરી શકતા નથી. તેને પરિણામે મારા જામનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની પ્રજા, ગામડાંના લોકોને પીવાના પાણી વગર હેરાન થવું પડે છે. સરકારે એવી વાત કરી કે ૧૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે નર્મદા અવતરણ યોજના કરી અને અમે સૌરાષ્ટ્રમાં ૧૧૧૫ કિલોમીટરની લાંબી કેનાલ બનાવી અને વધારાના ૧ લાખ મિલીયન એકર ફૂટ પાણી વડે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો ભરીશું. તેને અમે આવકારીએ છીએ, પણ આ વાત તો હું આ ગૃહમાં આવ્યો તે દિવસથી સાંભળતો આવ્યો છું. અને છેલ્લા ૧૦ વર્ષથી મારી સામેની પાટલીના મિત્રો વારંવાર કહે છે. સૌરાષ્ટ્રના ડેમો ભરવાને બદલે આ પાણી સાબરમતી નદીમાં વહેડાવવામાં આવે છે અને તેના ઉપર બોટો ફરે છે અને ઉત્સવો કરવામાં આવે છે. બીજી બાજુ અમારી સૌરાષ્ટ્રની જનતા પાણી વગર તરસે ટળવળે છે તેનો મને અફસોસ છે.

માનનીય અધ્યક્ષશ્રી અમારા સૌરાષ્ટ્રના ખેડૂતોને ચાલુ વર્ષની દુષ્કાળની પાક વીમા યોજનાની રકમ પણ હજુ મળી નથી. શા માટે નથી મળી? તો રાજય સરકાર સમયસર રેકોર્ડ તૈયાર કરી અને કેન્દ્રને મોકલાવી શકી નથી અને તેના પરિણામે આજ સુધી ખેડૂતો આ વીમા યોજનાથી વંચિત રહ્યા છે. આ સરકારે હજુ આનાવારી પણ જાહેર કરી નથી. તેના પરિણામે અમારા વિસ્તારમાં જયાં દુષ્કાળ છે, ત્યાં આજે લોકોને રોજી રોટીના, ઘાસચારાના અને પીવાના પાણીના પ્રશ્નો ઉભા થયા છે. વાતો મોટી મોટી કરવામાં આવે છે, અમે આમ કર્યુ, અમે તેમ કર્યુ, પણ આ પાણીનો પ્રશ્ન જે ખેડૂતોને, ખેત મજૂરોને અને ગામડાંની પ્રજાને સતાવે છે તે ઉકેલવામાં આ સરકાર ઉણી ઉતરી છે.

સાગરકાંઠા વિસ્તાર માટે મોટી મોટી વાતો કરવામાં આવી છે. ૧૩ જિલ્લાઓના ૩૮ તાલુકાઓની ૬૦ લાખની વસતિ ધરાવતા વિસ્તાર માટે ૧૧૦૦૦ કરોડની યોજનાની વાત કરી. મારા મત વિસ્તારમાં મોટો સાગરકાંઠો આવેલો છે. સાગરકાંઠા વિસ્તારના માછીમારોની દશા આજે શું છે? અમે જઇને પૂછીએ છીએ કે સાગરકાંઠા વિકાસ યોજનાનો લાભ તમને કોઇને મળ્યો છે? તો તેઓ કહે છે કે એક પણ લોકોને આ વિકાસ યોજનાનો લાભ આજે મળેલ નથી. માત્ર જાહેરાત કરીને પ્રસિદ્ધિ કરવી અને •(xxxxxx) અને લોકોને ગુમરાહ કરવાનું કામ કરે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. પણ સાહેબ ખેડૂતો માટે સન્માનનીય ઉર્જા મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે ચાલુ વર્ષ એ અછતનું વર્ષ છે, એટલા માટે જે ખેડૂતોના બોરમાં પાણી હોય તેમને અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપવામાં આવશે. આજે આઠ મહિના થઇ ગયા છે, આજ સુધી અછતના કારણે એક પણ ખેડૂતને અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપવામાં આવેલ નથી. તેના પરિણામે પાણી હોવા છતાં ખેડૂતો ઘાસચારો ઉગાડી શકતા નથી, પાક લઇ શકતા નથી. અહીં મંત્રીશ્રી મોટી મોટી વાતો કરે છે કે ૧૪ કલાક વીજળી આપવામાં આવશે, પણ ૮ કલાક વીજળી પણ ખેડૂતોને મળતી નથી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અડધી વીજળી દિવસે અને અડધી રાત્રે આપવામાં આવે છે, તેના પરિણામે ખેડૂતો કેટલા હેરાન થાય છે, તે કલ્પનાનો વિષય છે.

બીજી ઘણી બધી વાતો મારા મિત્રોએ કરી છે, હું એમાં પડવા માગતો નથી. હું એટલું ચોકકસ કહીશ કે માત્ર વાતો કરીને પ્રસિદ્ધિ કરી અને જાહેરાતો કરવામાં આવે છે, પણ અમલવારીના નામે મીંડુ, એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું કામ છે. એટલા માટે નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવને હું ટેકો આપી શકતો નથી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર બોલતા પહેલા ગઇકાલે હૈદરાબાદમાં આતંકવાદી ઘટના બની છે એના મૃતકોને નત મસ્તકે શ્રદ્ધાંજલિ આપું છું.

આ સન્માનનીય સભાગૃહની અંદર રાજયપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ લઇને સન્માનનીય સભ્યશ્રી આત્મારાભાઇ પરમાર આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઇ કુંડારિયાએ ટેકો આપ્યો છે એને હું સમર્થન કરુ છું.

અહીંયા ઘણી બધી વાત અમારા વિરોધપક્ષના સાથીઓએ કરી છે. આ સભાગૃહ એક ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું છે. સતત ત્રીજીવાર ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારને જનતાએ બેસાડી છે. જયારે હું બહારથી આવતો હતો, ત્યારે ગાંધીનગરના રસ્તા ઉપર જોઇ રહ્યો હતો. બહાર કેસુડો ખીલ્યો હતો. ફકત ગુજરાતની જનતા જ ખીલે એવું નહિ, ગાંધીનગરની વનરાજી પણ માનનીય નરેન્દ્રભાઇનું સ્વાગત કરતી હોય તેવી સ્થિતિનું નિર્માણ જોઇ રહ્યા છીએ. અહીંયા ઘણી બધી વાતો કરી. કોઇને વધારે મિનિટો આપવાની વાત કરી. અહીંયા કોઇએ ચૂંટણીઓની વાત કરી, ગુજરાતની જનતાએ પહેલા કોઇકની હારે લડ્યા પછી સામસામે લડ્યા. અહીંયા મિનિટો નહિ, એમણે તો ઘણું બધું આપ્યું તોય ગુજરાતની જનતાએ નકાર્યા છે. ખાનગીમાં ઘણું બધું થયું છે, તો પણ ગુજરાતની જનતાએ નકાર્યા અને નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અહીંયા શાસનની ધૂરા સોંપી છે. અહીંયા કાયદો અને વ્યવસ્થાની વાતો થઇ છે. કોઇપણ રાજયની સામાજીક સાંસ્કૃતિક અને આર્થિક વિકાસની કોઇ જીવાદોરી હોય તો એ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ છે. એટલા માટે અહીંયા ગુજરાતમાં સુલેહ શાંતિ જાહેર સુરક્ષાની જાળવણી એ વિકાસનું પીઠબળ બનીને કાયદો અને વ્યવસ્થા પૂરું પાડે છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ભાજપના શાસનમાં વહીવટી તંત્રને કર્મયોગીની કક્ષાએ લઇ ગયા છે અને સર્વાંગી વિકાસ બક્ષ્યો છે. સુરક્ષાને લગતી વિશેષ બાબતોને કારણે ગુજરાત વધુને વધુ શાંત અને સુરક્ષિત બન્યું છે. અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતનો ક્રાઇમ રેઇટ આજે પણ ઘટ્યો છે. કાયદો અને વ્યવસ્થાની દુહાઇ આપીને અહીંથી વિરોધપક્ષના નેતા શંકરસિંહજીના વાતોના વખાણ જશાભાઇ બારડે કર્યા છે. અહીંયા અમારા પ્રદિપસિંહજી જાડેજા વાત કરતા હતા ત્યારે એ કોંગ્રેસના આગેવાનોએ જયારે શંકરસિંહજી વાઘેલાનું શાસન હતું, ત્યારે એને ઉતારી પાડવા માટે ભ્રષ્ટાચાર માટેનું એક મોટું તહોમતનામું કર્યું હતું આજે કોંગ્રેસના મિત્રો એના વખાણ કરે છે. કયા કાયદો અને વ્યવસ્થાની વાતો કરે છે? અહીંયા શંકરભાઇ ચૌધરીની રાધનપુરની ચૂંટણીમાં હું સાક્ષી રહ્યો છું. જયારે એમનું શાસન હતુ. કાયદો અને વ્યવસ્થા જેવું કોઇ નામનિશાન નહિ. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ એ પેટા ચૂંટણીમાં ગયેલા ત્યારે અમે માર ખાધેલો. એ કાયદો અને વ્યવસ્થાની આજે વાત કરે છે. હું એ કહેવા માગું છું. અહીંયા એફ.આઇ.આર. ની વાત કરી છે. જયારે જયારે ભૂતકાળમાં કોંગ્રેસનું શાસન હોય કે અન્ય લોકોનું શાસન હોય, લુખ્ખાઓ અને આવારા તત્વો પોલીસ સ્ટેશનનો કબજો લઇને બેઠા હતા. એટલા માટે ત્યારે એફ.આઇ.આર. તો શું કોઇ ચકલુંયે ફરકી ન શકે, આ સ્થિતિનું નિર્માણ ગુજરાતની જનતાએ જોયું છે. એવા વખતે ફરી વખત જેટલી જેટલી જુઠ્ઠાણાની વાતો કરી છે, એ બધી જ વાતો એ પ્રજા સમક્ષ લઇ ગયા હતા, બધી જ બાબતો લઇ ગયેલા, નરેન્દ્રભાઇ આમ છે, સરકાર આમ છે, ભાજપ આમ છે, છતાં કેટલાકની ભેગા રહ્યા, કેટલાકની સામે રહ્યા. કેટલાકને ખાનગીમાં બધું આપ્યું, તો પણ આ ગુજરાતની શાણી જનતાએ

માનનીય નરેન્દ્રભાઇ મોદીમાં ફરી વિશ્વાસ વ્યકત કર્યો છે, ત્યારે તેઓ કયો કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે? આજે જે પ્રકારે રાજયમાં કાયદો અને વ્યવસ્થા માટેની વ્યવસ્થાઓ ઉભી થઇ છે, એ કુશળ નેતૃત્વ, ગુડ ગવર્નન્સ, ઝડપી નિકાલ, પોઝિટીવ રોલ, તમામ શ્રેષ્ઠ નીતિઓ, શાંતિ સલામતી, સુખાકારી માટે સૌથી અગત્યની બાબત હોય તો છ કરોડની ગુજરાતની જનતાએ આ કાયદો અને વ્યવસ્થાને મહોર મારી છે. મારે એ પણ કહેવું છે કે આ રાજયની વસતિમાં એક કરોડ જેટલો વધારો થયો, છતાં નેતૃત્વ, શિસ્ત, શાંતિ અને સદ્ભાવનાનું વાતાવરણ છે. મારે એ પણ વાત કરવી છે, આજે નરેન્દ્રભાઇની જે સ્થિતિ છે, નરેન્દ્રભાઇએ જે પ્રજાવત્સલ મુખ્યમંત્રી તરીકેનું બિરુદ લીધું છે, અમે હમણાં જ ઇન્દુચાચાના તૈલચિત્રની પુષ્પાંજલિમાં ગયા ત્યારે અમારા વિરોધપક્ષના સાથીઓ પણ ત્યાં હતા. દેશના કોઇ એવા રાજનેતા નહીં હોય, નરેન્દ્રભાઇની સાથે ફોટા પડાવવા હોય, આવતીકાલનું ભવિષ્ય એવા બાળકો ત્યાં હતા, એ નરેન્દ્રભાઇના ફોટા લઇને આવ્યા, કમળ ચીતરીને આવ્યા. એમની સાથે ફોટા પડાવ્યા, સહીઓ કરાવી. આવો માહોલ ન તો ભૂતકાળમાં કયારેય દેશમાં હતો અને ન તો ગુજરાતમાં હતો. આ સ્થિતિનો હું સાક્ષી રહ્યો છું.

શાંતિ અને સલામતી માટે સદ્ભાવનાનું વાતાવરણ માનનીય નરેન્દ્રભાઇએ પેદા કર્યું ત્યારે એ મિશનમાં હું સાક્ષી રહ્યો છું. ગુજરાતની જનતા એ સદ્ભાવના મિશનમાં દરેક કોમના લોકો નરેન્દ્રભાઇની સદ્ભાવનાને માથે ચડાવવા માટે, વધાવવા માટે, મેં નીચે પણ પૂછ્યું અને સદ્ભાવના વખતે પણ અનેક લોકોને પૂછ્યું હતું. તમે નરેન્દ્રભાઇને મળીને શું અહેસાસ કરો છો? નાનું બાળક જે આવતીકાલના ભારતનું ભવિષ્ય છે, એમણે કહ્યું કે કેવી ફીલીંગ અમને થાય છે એ જ અમને ખબર પડતી નથી, અમને ખૂબ મજા આવે છે. આ પ્રકારનું વ્યક્તિત્વ મળ્યું છે,ત્યારે એને વધાવવાના બદલે આ લોકો જે પ્રકારે અહીં વાતો કરી રહ્યા છે તેના માટે શરમ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં અહીં એવી પણ વાતો થઇ કે ૨૦૦૧ પહેલાં, ૨૦૦૨ પહેલાં કોઇની સરકાર નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારો તો હતી પણ સરકારોને વિકાસની પાંખો નહોતી. એ પાંખો નરેન્દ્રભાઇ લાવ્યા. એટલા માટે આજે ગુજરાતની જનતા નરેન્દ્રભાઇને માથે ચડાવે છે. કાયદો અને વ્યવસ્થાની બાબત કહું તો આજે અદ્યતન વાહનો એ લાવ્યા છે. અહીં ભરતીની વાત થઇ. ભૂતકાળમાં ભરતીઓમાં મળતીયાઓ દ્વારા પૈસા લઇને ભરતી થતી હતી. આજે સારા અધિકારીઓ છે,તેનું ભરતી બોર્ડ બનાવ્યું. આજે ૨૬,૦૦૦ જેટલા પોલીસ કર્મીઓ, આજે યુવા પોલીસ બેડો અહીંયા છે. હું પોલીસ અધિકારીઓને અભિનંદન આપું છું કે જે પ્રકારે હમણાં વાઇબ્રન્ટ સમિટ થઇ એ સમિટમાં ઉદ્યોગો એટલા માટે આવતા હોય છે કે અહીં સલામતી અને સુરક્ષા છે એટલા માટે આ લોકોને ઈર્ષ્યા આવે છે. બીજાં રાજયોમાં આ પ્રકારની સ્થિતિનું નિર્માણ નથી થતું. અદ્યતન હથિયારો એ પહેલી વખત ગુજરાતની જનતા જોઇ રહી છે.(સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૦૦ કિલોમીટરનો દરિયાઇ પટ્ટો, તેમાં મરીન પોલીસ સ્ટશનો, ચોરી, લૂંટફાટ એ ભૂતકાળ બની ગયેલ છે.

અધ્યક્ષશ્રી : પૂરું, પૂરું ભાઇ. માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગવર્નરશ્રીના પ્રવચનમાં એવું લખ્યું છે કે છેલ્લા ૧૧ વર્ષમાં ગુજરાતને ૨૫૨ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે એ માટે તમને અભિનંદન આપું છું. પણ હજી ઘણા એવોર્ડ આ સરકારને લેવાના બાકી છે એવું હું કહેવા માગું છું. •(xxxxxx)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સીધો આક્ષેપ છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : કોઇનું નામ કયાં દીધું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ સીધો આક્ષેપ છે. જનરલ વાત નથી. આ શબ્દો કાઢી નાખવામાં આવે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે, કારણ કે તેના માટે થઇને પંચની સ્થાપના છે. પંચનો હજી કોઇ રિપોર્ટ આવ્યો નથી. આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) આપવાનો બાકી છે.

અધ્યક્ષશ્રી : આ વિષય સબજયુડિશ છે, એટલે કાઢી નાંખું છું. સબ જયુડિશ બાબતની કોઇ વાત નથી કરી. આપ બીજા મુદ્ધા ઉપર આવી જાઓ. (અંતરાય) આ બનાવને લગતા તમામ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. સભ્યશ્રીનો ટાઇમ જાય છે. બેઠાં બેઠાં કોઇએ ન બોલવું. તમે ત્યાંથી બોલશો નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : આ સરકાર મહોત્સવ પ્રિય સરકાર છે. આ સરકારે કૃષિ મહોત્સવ કર્યો અને એના દ્વારા ખેત ઉત્પાદન વધ્યું. છતાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ રાજયના કૃષિ મંત્રીશ્રી ચૂંટણી હારી ગયા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બોલવાનું ચાલુ રાખોને ભાઇ, કોણ હાર્યું અને કોણ જીત્યું, એ બધું રેકર્ડ ઉપર છે જ. અહીંયાંથી હાર્યા અને ત્યાંથી હાર્યા છે. નવા આવ્યા છે એને આવકારોને ભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રાજયની અંદર જે હારી ગયા છે એ જુઓ, જે મંત્રીઓ દ્વારા મહોત્સવો ઉજવવામાં આવ્યા હતા, મહોત્સવ ઉજવવામાં આવ્યા હોય ત્યારે એ મંત્રી આખા રાજયમાં ફર્યા હોય અને પ્રજાને વિશ્વાસમાં લીધી હોય અને એના કારણે સરકારને લાગ્યું હોય કે ગુજરાતનો વિકાસ થયો છે. હું એટલા માટે કહેવા માગું છું કે, ખેલ મહોત્સવ કર્યો અને ખેલ મંત્રી ગાયબ થઇ ગયા, શિક્ષણ મહોત્સવ કર્યો અને શિક્ષણ મંત્રી ગાયબ છે. કાયદો અને વ્યવસ્થાની વાત કરી. (અંતરાય) કાયદાની વાત કરી, આ દેશમાં સૌથી સલામત રાજય હોય તો એ એક માત્ર ગુજરાત રાજય છે, આજે ગૃહમંત્રી ગાયબ થઇ ગયા છે. જે રીતે આરોગ્યની બાબતમાં વાત કરી, આ દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે જે આરોગ્યની બાબતમાં નંબર વન છે, તો આરોગ્ય મંત્રી ગાયબ થઇ ગયા છે. આ એવોર્ડો એ સારું કામ કર્યું હોય એના માટે આપવામાં આવે છે. આજે એના મંત્રીઓ જ ગાયબ થઇ ગયા છે.

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર બોલો, કોઇને શ્રદ્ધાંજલિ આપવાની વાત નથી. મૂળ વાત ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : ચૂંટણીઓની અંદર દરેક રાજકીય પાર્ટીઓ વચનો આપતી હોય છે. કાલે બહેન વાત કરતા હતા. રક્ષાબંધનની વાત કરી. ગુજરાતની અંદર જો કોંગ્રેસની સરકાર આવશે તો ઘરનું ઘર આપવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીએ શું કર્યું? એમણે મંગલસૂત્ર આપ્યા, કોઇપણ સ્ત્રી હોય તો એ એના પતિના હાથે આપેલ મંગલસૂત્ર સ્વીકારે, ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીની અંદરએ સ્ત્રીને મંગળસૂત્ર આપવાની વાત કરીને સ્ત્રીઓનું અપમાન કર્યુ છે એ હું આપના દ્વારા કહેવા માગું છું. જે રીતે.. (અંતરાય)

શ્રી રમણલાલ ઇ. વોરા : એમણે જે મંગળસૂત્રની વાત કરી છે, કોંગ્રેસના શાસનમાં મંગળસૂત્ર આપવાની યોજના રાજયમાં એમના શાસનમાં હતી, એ વાત માનનીય સભ્યશ્રીને કહેવી જોઇએ. એટલા માટે આ શબ્દો એમણે પાછા ખેંચવા જોઇએ.

અધ્યક્ષશ્રી :કાંઇ વાંધો નહીં તમે જવાબ આપજો.

શ્રી શૈલેષ મ. પરમાર : હું મંગળસૂત્ર યોજનાની ટીકા નથી કરતો માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીની અંદર ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ બહેનોને જે મંગળસૂત્ર આપ્યા છે એ મંગળસૂત્ર આપવાનો એકમાત્ર અધિકાર એના પતિને જ છે કોઇ આલતુ ફાલતુ કે બીજા માણસને અધિકાર નથી. હું એ વાત કહેવા માગુ છું. (સમય સૂચક ઘંટડી)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હજી ત્રણ મિનિટ થઇ છે.

અધ્યક્ષશ્રી : તમારી ઘણી વાત બાકી હશે, અહીં સમય પ્રમાણે હોય, નવ મિનિટ ફાળવી હતી, નવ મિનિટ થઇ. છેલ્લી એકાવન સેકન્ડ વધુ આપેલી છે. મેં પેલો સમય આપ્યો એ બીજાનો કટ કર્યો છે.

